# સ્વાધ્યાય

COMPLIMENTARY COPY

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

NO-056961 Lo-42·16

અક્ષયતૃતીયા
અને
જન્માષ્ટમી
વિ. સં. ૨૦૪૩

પુસ્તક ૨૪

અંક ૩-૪




આંખિ નિનૌરે સદાચિત ચૌરે,
તિહિમતિ કંચનખંભ હિડૌરે :
કુંજકે મધ્ય બિરાજ પિયા પિયા,
દામિનીમુખ પરૈ કરૈ ભોરૈ :
નાગરિ નારિ અનેક ઝુલાવત,
રાગ બિલાસ નિતૈ મનુ છૌરૈ :
યા બિધિ રાગ હિડોલ કહાવત,
જાનિ બટૈ અભિલાષ ન ધારૈ ॥ ૧૩ ॥

[પ્રા.વિ. મં. હ.પ્ર. નં. ૧૧૦૬ (એક જ ચિત્ર) 'ડોલોત્સવ']

સંપાદક
રામકૃષ્ણ તુ. વ્યાસ

નિયામક
પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા




[ પ્રા.વિ. મં. હ. પ્ર. ૭૬૫૫, જ્યોતિષપત્રિકા ]


મુદ્રક: શ્રી પ્રહ્લાદ નારાયણ શ્રીવાસ્તવ, મૅનેજર, ધી મ. સ. યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક: ડૉ. રામકૃષ્ણ તુ. વ્યાસ, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, માર્ચ, ૧૯૮૮.

# સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, જન્માષ્ટમી — પુસ્તક ૨૪ : અંક ૩, ૪

વિ. સં. ૨૦૪૩ — મે, ઑગસ્ટ ૧૯૮૭

## અનુક્રમ


| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧ | ઉપનિષદોમાં વિજ્ઞાન—રામકૃષ્ણ વ્યાસ | ... ૨૨૫ |
| ૨ | વૈશેષિકદર્શનમાં–'અભાવ' પદાર્થ અને તેનું જ્ઞાન—એસ. ડી. ઝાલા | ... ૨૩૩ |
| ૩ | उत्तरार्धं तु परिशेषादनुदात्तम्—નારાયણ મ. કંસારા | ... ૨૩૯ |
| ૪ | યાજ્ઞવલ્ક્યસ્મૃતિનો ગણપતિકલ્પ–એક સમીક્ષા—ડી. જી. વેદિયા | ... ૨૪૭ |
| ૫ | સંસ્કૃત ભાષાની પ્રવાહિતાના અનુમોદક ભટ્ટોજિ દીક્ષિત—ભગવતીપ્રસાદ પંડ્યા | ... ૨૫૩ |
| ૬ | પાણિનીય વ્યાકરણ અને સારસ્વતવ્યાકરણનાં સ્વરસંધિવિષયક સૂત્રો–તુલનાત્મક અધ્યયન—જયદેવ અ. જાની | ... ૨૬૭ |
| ૭ | વર્ણસમામ્નાયમાં ऌકારોપદેશ—વસન્તકુમાર મ. ભટ્ટ | ... ૨૭૧ |
| ૮ | સંસ્કૃતમાં સંખ્યાપૂર્વપદ સામાસિક શબ્દોનાં સ્વરૂપો—ભાલચન્દ્ર ભટ્ટ | ... ૨૮૩ |
| ૯ | 'ન્યાયભૂષણ'માં त्रिविधम् पूर्ववत् વગેરે સૂત્રપદોનાં અર્થઘટનો—લક્ષ્મેશ વ. જોશી | ... ૨૮૭ |
| ૧૦ | શાંકરભાષ્ય ૨·૨·૧૦માં દર્શાવેલો સાંખ્ય આચાર્યોનો મતભેદ—અ. દે. શાસ્ત્રી | ... ૩૦૧ |
| ૧૧ | દ્વારકા–શારદાપીઠના તામ્રપત્રને આધારે આદ્યશ્રી શંકરાચાર્યના સમયની વિચારણા—મણિભાઈ ઈ. પ્રજાપતિ | ... ૩૦૫ |
| ૧૨ | આચાર્ય જિનસમુદ્રસૂરિવિરચિત રઘુવંશટીકા—તપસ્વી નાન્દી | ... ૩૧૩ |
| ૧૩ | મહાકવિ શ્રીપાલ, સિદ્ધપાલ, વિજયપાલ અને એમનો ધર્મ—શાંતિકુમાર એમ. પંડ્યા | ... ૩૧૯ |
| ૧૪ | જૈન અનેકાંતવાદ–આધુનિક પરિપ્રેક્ષ્યમાં—નીતિન જયંતિલાલ વ્યાસ | ... ૩૨૫ |

| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૫ | 'વિમર્શિની'કારમાં આચાર્યની પ્રતિભાનો ઉન્મેષ—અજિત ઠાકોર ... | ૩૩૧ |
| ૧૬ | રાઘવભટ્ટની 'અર્થદ્યોતનિકા' ટીકાનો નાટ્યશાસ્ત્રની દૃષ્ટિએ વિમર્શ—નીલાંજના સુ. શાહ ... | ૩૩૭ |
| ૧૭ | વૈષ્ણવ રસશાસ્ત્ર–એક દૃષ્ટિપાત—ચિત્રા પી. શુક્લ ... | ૩૪૯ |
| ૧૮ | શ્રીવલ્લભાચાર્યમત–એક પરિચય—ભગવત્પ્રસાદ પનાલાલ પંડયા ... | ૩૫૩ |
| ૧૯ | વિશ્વામિત્રીમાહાત્મ્યઃ પરિચય—જયન્ત પ્રે. ઠાકર ... | ૩૫૯ |
| ૨૦ | સદ્બોધશતકમ્–એક વિહંગાવલોકન—જી. કે. પંડયા ... | ૩૭૧ |
| ૨૧ | મધુપર્કમાં માંસ ગ્રાહ્ય કે વર્જ્ય ?—જયંત કે. ભટ્ટ ... | ૩૭૫ |
| ૨૨ | અનંત પંડિતનું સ્વાનુભૂતિનાટક—ઉમા દેશપાંડે ... | ૩૮૩ |
| ૨૩ | ગદ્યચિન્તામણિનાં કથાઘટકો—જે. એસ. પટેલ ... | ૩૮૭ |
| ૨૪ | ભારતીય સંસ્કૃતિ અને વિજ્ઞાન—રમેશ જી. શાહ ... | ૩૯૫ |
| ૨૫ | ગુજરાતના વિદ્વાન શિવરામ શુક્લની સામવેદીય કૃતિઓ—પુરુષોત્તમ હ. જોષી ... | ૪૦૯ |
| ૨૬ | વ્યાકરણનૌકા–એક દુર્લભ અને અપ્રકાશિત ગ્રન્થ—સિદ્ધાર્થ ય. વાકણકર ... | ૪૧૫ |
| ૨૭ | સત્યની ખોજ—ઉમાકાન્ત પી. શાહ ... | ૪૩૭ |
| ૨૮ | નિવાપાંજલિ—સત્યવ્રત શાસ્ત્રી, સિદ્ધાર્થ ય. વાકણકર ... | ૪૪૫ |
| ૨૯ | ગ્રન્થાવલોકન ... | ૪૫૫ |
| ૩૦ | સાભાર સ્વીકાર ... | ૪૭૮ |

# સંપાદકીય

ઝડપથી બદલાતા શૈક્ષણિક પરિવેશની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખી કેટલાંક વર્ષો પહેલાં ગુજરાતમાં ઉચ્ચતર કક્ષાએ સંસ્કૃતના અધ્યાપન–કાર્યમાં જોડાયેલા પ્રાધ્યાપકો, વ્યાખ્યાતાઓ તેમજ પ્રવાચકોનું એક સંગઠન "ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળ"ના નામે રચવામાં આવ્યું હતું. ઈતર હેતુઓ પૈકી આ સંગઠનના મુખ્ય બે હેતુઓ હતા. એક, બધી કક્ષાઓએ સંસ્કૃતશિક્ષણનાં હિતોની અને અધ્યાપનમાં વ્યાપૃત શિક્ષકોનાં હિતોની રક્ષા જેથી સંસ્કૃતશિક્ષણ વ્યાપક તેમ જ છાત્રોમાં પ્રિય બનાવી શકાય. બીજું, ઉચ્ચતર કક્ષાએ સંસ્કૃત–અધ્યાપનને સઘન બનાવવા તે તે ક્ષેત્રે અનુસંધાનની પ્રક્રિયા દૃઢમૂળ અને વધુ વેગવતી બને. આજ સુધીમાં મંડળે પોતાના આ બે પ્રમુખ હેતુઓ સાધવામાં કરેલી નોંધપાત્ર પ્રગતિ જોતાં, મંડળના પ્રણેતાઓની દીર્ઘદર્શિતા અને સમયસૂચકતા બિરદાવવાં ઘટે.

વિદ્યાકીય દૃષ્ટિએ સંસ્કૃત ભાષા અને સાહિત્યથી સંબંધિત વિવિધ વિષયો પર શોધપત્રો તૈયાર કરી વાર્ષિક અધિવેશન પ્રસંગે વાંચવા–ચર્ચવાનું કાર્ય સ્તુત્ય હોઈ એને પ્રોત્સાહન મળી રહે એ માટે પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરાના સંશોધન–ત્રૈમાસિક 'સ્વાધ્યાય'માં એ શોધપત્રો પ્રકાશિત કરવાનો નિર્ણય તે વખતના નિયામક ડૉ. અરુણોદય જાનીએ લીધો હતો. આમ આ સંસ્થા મંડળના જ્ઞાનયજ્ઞમાં સક્રિયપણે સંકળાઈ હતી. પોતાની આન્તરિક મૂલ્યવત્તાને કારણે આ સ્વસ્થ પરિપાટી જળવાઈ રહી છે. આ પહેલાં મંડળનાં કેટલાંક વાર્ષિક અધિવેશનોના તત્ત્વાવધાનમાં રજૂ થયેલાં શોધપત્રો પ્રસિદ્ધ થયાં હતાં. તેનો ક્રમશઃ હેવાલ નીચે મુજબ છે :

| ક્રમ | સ્થાન | સમય | 'સ્વાધ્યાય' પુસ્તક તથા અંકસંખ્યા |
|---|---|---|---|
| ૧ | નારેશ્વર | ૩૧–૧૨–'૭૮, ૧–૧–'૭૯ | પુસ્તક ૧૬, અંક ૩, વિ. સં. ૨૦૩૫, અક્ષયતૃતીયા અંક, (મે ૧૯૭૯) |
| ૨ | સંતરામમંદિર, નડિયાદ | ૨૪–૨૬, જાન્યુ., ૧૯૮૧ | પુસ્તક ૧૮, અંક ૪, વિ. સં. ૨૦૩૭, જન્માષ્ટમી અંક, (ઑગસ્ટ ૧૯૮૧) |
| ૩ | જેતલપુર | ૪–૬, એપ્રિલ, ૧૯૮૨ | પુસ્તક ૨૦, અંક ૨, વિ. સં. ૨૦૩૯, વસંતપંચમી અંક, (એપ્રિલ ૧૯૮૩) |
| ૪ | વલ્લભવિદ્યાનગર | ૧૯, ૨૦ માર્ચ, ૧૯૮૩ | પુસ્તક ૨૨, અંક ૩, વિ. સં. ૨૦૪૧, અક્ષયતૃતીયા અંક, (એપ્રિલ ૧૯૮૫) |

મંડળનું અગિયારમું વાર્ષિક અધિવેશન મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરાના વિનયન–સંકાયના સંસ્કૃત, પ્રાકૃત, પાલી વિભાગના તત્ત્વાવધાનમાં, એ સંકાયના મધ્યવર્તી

સભાખંડમાં મંગળવાર, બુધવાર, તા. ૨૪ અને ૨૫ ડિસેમ્બર, ૧૯૮૫ના દિવસોમાં યોજવામાં આવ્યું હતું. ગુજરાતભરના જુદા જુદા ભાગોમાંથી આવેલા સભ્યોની સંખ્યા ઉત્સાહપ્રેરક હતી. લગભગ તેતાળીસ જેટલાં શોધપત્રો રજૂ થયાં હતાં. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ. સ્વાગત-પ્રવચન વિનયન સંકાયના ડીન ડૉ. એ. પી. રાણાએ કર્યું હતું. અધિવેશનનું ઉદ્ઘાટન તે વખતના ઉપકુલપતિ ડૉ. એમ. એન. દેસાઈએ દીપ પ્રગટાવીને કર્યું હતું. તેમના ઉદ્ઘાટનપ્રવચનમાં ડૉ. દેસાઈએ આવાં સંમેલનો અને ગોષ્ઠીઓનું આયોજન આવકાર્ય હોવાનું જણાવી તેમને જરૂરી સવલતો અને પ્રોત્સાહન આપવાની ખાતરી આપી હતી. અતિથિવિશેષ તરીકે પધારેલા ગોસ્વામી શ્રી ચંદ્રગોપાલજી મહારાજે સંસ્કૃત-અધ્યાપનની ખામીઓ દર્શાવી તેમને દૂર કરવાનાં વ્યવહારુ સૂચનો કર્યાં. ડૉ. યુ. પી. શાહે વિષયની ભૂમિકા બાંધી આપતું મુખ્ય પ્રવચન કરતાં ભારતીય-સંસ્કૃતિના બંધારણમાં સંતનું અનોખું સ્થાન દર્શાવી તેની વિશિષ્ટ વિભાવના ઉપર વિદ્વત્તાપૂર્ણ વિચારો રજૂ કર્યા. આ પ્રસંગે મંડળના પ્રમુખ ડૉ. તપસ્વી નાન્દીએ અને મંત્રી ડૉ. શાન્તિકુમાર એમ. પંડ્યાએ મંડળની ગતિવિધિઓ તેમ જ તેના ઉદ્દેશોની સિદ્ધિ અર્થે લીધેલાં પગલાં અંગેની વિગતવાર માહિતી આપી હતી.

આ પ્રસંગે સંસ્કૃત શિક્ષણકાર્યથી નિવૃત્ત થતા, વડોદરાના વિશ્વવિદ્યાલયમાં સંસ્કૃતના વ્યાખ્યાતા તરીકે સેવાઓ આપી ચૂકેલા શ્રી. એસ. એમ. દવે અને ગાંધીનગર કૉલેજના સંસ્કૃતના પ્રાધ્યાપક શ્રી બી. જી. પંડ્યાનું સન્માન કરવામાં આવ્યું હતું.

તા. ૨૪મીની સાંજે અને ૨૫મીની સવારે યોજાયેલાં જ્ઞાનસત્રોમાં ડૉ. એ. ડી. શાસ્ત્રી, અને ડૉ. ચિત્રાબેન શુક્લના પ્રમુખપણા નીચે શોધપત્રવાચન તેમ જ ચર્ચા થયાં હતાં.

આ અધિવેશનની બે વિશિષ્ટતાઓએ સૌ પ્રતિનિધિઓનું ધ્યાન ખેંચ્યું હતું. એક, રજૂઆત પામનાર શોધપત્રોનો સારાંશ પુસ્તિકારૂપે છાપીને સૌ પ્રતિનિધિઓને આપવામાં આવ્યો હતો. આ પ્રણાલીના આરંભનો યશ વડોદરા વિશ્વવિદ્યાલયના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. એસ. જી. કાંટાવાળાને ફાળે જાય છે. બીજું, પ્રતિનિધિઓના લાભાર્થે પ્રાચ્યવિદ્યા મંદિરના હસ્તપ્રતવિભાગમાં આવેલાં, પ્રાચીન લેખન-સામગ્રી અને મૂલ્યવાન, વિરલ હસ્તપ્રતો, સ્ક્રોલ્સ વગેરેના કાયમી પ્રદર્શનમાં, અધિવેશનમાં આવેલા વિદ્વાનોને ખાસ રસ પડે એવી કેટલીક હસ્તપ્રતો અને ઈતર વસ્તુઓ ઉમેરી, પ્રદર્શનને આકર્ષક બનાવવામાં આવ્યું હતું.

તે ઉપરાંત ઐતિહાસિક અને ધાર્મિક દૃષ્ટિએ મહત્ત્વના, વડોદરા નજીક આવેલા કાયાવરોહણતીર્થની યાત્રા પણ તા. ૨૪મી ડિસેમ્બરની સાંજે ગોઠવવામાં આવી હતી, જેમાં લગભગ બધા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

બુધવાર તા. ૨૫ ડિસેમ્બરે ૧૧-૩૦ના સુમારે ઉપસંહારાત્મક પ્રવચન આપતાં વડોદરા વિશ્વવિદ્યાલયના વિનયન-સંકાયના ડીન ડૉ. એ. પી. રાણાએ, સંસ્કૃતભાષાસાહિત્યના અધ્યાપન-કાર્યને તેમ જ તે અંગેની સંશોધનપ્રક્રિયાને વધુ સત્ત્વશીલ બનાવવા વર્તમાન યુગની આવશ્યકતાઓના સંદર્ભમાં નવીન પ્રારૂપ આપવાની હિમાયત કરી હતી જેથી વિદ્યાકીય પરંપરાનો સામાજિક પરિવર્તન સાથે મેળ બેસાડી શકાય.

અગાઉ નોંધેલી પરિપાટી મુજબ આ અધિવેશનપ્રસંગે રજૂ થયેલા લેખોમાંથી સત્તાવીશ લેખો આ વિશેષાંકમાં સમાવી લેવાયા છે. અવશિષ્ટ લેખોનો યથાવકાશ હવે પછીના ‘સ્વાધ્યાય’ના અંકોમાં સમાવેશ કરવામાં આવશે.

આ લેખોના પ્રકાશન અંગેની આવશ્યક કામગીરી પૂર્ણ કરવા માટે સહકાર આપવા બદલ ડૉ. અનંતરાય રાવળ, પ્રવાચક, સંસ્કૃત વિભાગ, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, અને મંત્રી, ગુ. રા. યુ. કૉ. સં. અ. મંડળ, ડૉ. દેવદત્ત જોષી, સંશોધન અધિકારી, પ્રાચ્યવિદ્યા મંદિર અને શ્રી બી. સી. ચૌહાણ, તાંત્રિક મદદનીશ, પ્રાચ્યવિદ્યામંદિરનો આભાર માનું છું. યુનિવર્સિટીના પ્રેસ ઉપર વધતા જતા ઈતર કાર્યભારના કારણે ‘સ્વાધ્યાય’નું પ્રકાશન સમયસર થઈ શકતું ન હોવા છતાં, અન્ય આવશ્યક કાર્યોને બાજુએ મૂકી શક્ય એટલું વહેલું છાપકામ કરવા માટે, વડોદરા વિશ્વવિદ્યાલયના પ્રેસમેનેજર શ્રી પ્રહલાદ નારાયણ શ્રી વાસ્તવનો અને તેમના સહકાર્યકર્તાઓનો પણ આભાર માનું છું.

અધિક જ્યેષ્ઠ પૂર્ણિમા,
વિક્રમ સંવત્, ૨૦૪૪

**રામકૃષ્ણ વ્યાસ**
સંપાદક

# સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, જન્માષ્ટમી વિ. સં. ૨૦૪૩ પુસ્તક ૨૪

મે, ઑગસ્ટ ૧૯૮૭ અંક ૩-૪


## ઉપનિષદોમાં વિજ્ઞાન


**રામકૃષ્ણ વ્યાસ***


કેવળ ઇન્દ્રિય-પ્રત્યક્ષથી કરેલા નિરીક્ષણ, વર્ગીકરણ, નિગમન અને સિદ્ધાન્ત-સ્થાપનની પ્રક્રિયા વડે નિપજતા નિશ્ચત જ્ઞાનને જ પ્રામાણિક કે સત્ય-જ્ઞાનનું ગૌરવ મળવું જોઈએ એવું વલણ છેલ્લી ત્રણ-ચાર સદીઓમાં માનવીય જ્ઞાન-ક્ષેત્રે પ્રબળથી પ્રબળતર બનતું ચાલ્યું છે. ભારતમાં પ્રાચીન કાળથી જ પ્રમા કે પ્રામાણિક જ્ઞાનને પ્રમાણાધીન માનવામાં આવતું. પ્રત્યક્ષ ઉપરાંત અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ અને અનુપલબ્ધિને[૧] જુદા જુદા વિચારકોએ પ્રમાણ પદવી આપી છે, પરંતુ એ સૌને આધાર પ્રત્યક્ષ પ્રમાણ છે તેથી એ શ્રેષ્ઠ અને પ્રબળતમ પ્રમાણ[૨] મનાયું છે. પશ્ચિમમાં દેકાર્તના સમયથી નિશ્ચિત જ્ઞાન મેળવવાની આ પદ્ધતિ વધુને વધુ સ્પષ્ટ, સુરેખ અને વ્યવસ્થિત બનતી ગઈ અને એ સિવાયની જ્ઞાન સંપાદનની કોઈ પદ્ધતિ મનુષ્ય માટે ઉપલબ્ધ નથી એવો વિશ્વાસ સાર્વત્રિક અને અવિવાદિત બન્યો. પરિણામે ભૌતિક સત્તા અંતિમ સત્ય છે એમ માનતો વૈજ્ઞાનિક ભૌતિકવાદ વિકસ્યો. આ પદ્ધતિથી મેળવેલા વ્યવસ્થિત અને નિશ્ચિત જ્ઞાન માટે ભારતની પ્રમુખ ભાષાઓમા વિજ્ઞાન શબ્દ પ્રયોજાય છે. પરંતુ આ શબ્દનો તેમજ તેના અર્થમાં થયેલા પરિવર્તનોનો ઇતિહાસ રસપદ છે. અહીં ખાસ કરીને ઉપનિષદોમાં પ્રયોજાયેલ વિજ્ઞાન શબ્દના વિવિધ અર્થોનો તેમજ તેમના વૈચારિક પૃષ્ઠભૂમિનો આછો ખ્યાલ આપવાનો પ્રયાસ છે.

વિજ્ઞાન શબ્દ વિશિષ્ટ કે વિવિધ એવા અર્થવાળા 'વિ' ઉપસર્ગ સાથે 'જ્ઞાન' શબ્દના સંયોગથી બન્યો છે. તેથી તેના અર્થનો નિર્ણય જ્ઞાન શબ્દના અર્થને જાણ્યા વિના થઈ ન શકે.

---


**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૩-૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭-ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૨૨૫-૨૩૨.



* પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા.


૧ ચાર્વાકો ફક્ત પ્રત્યક્ષને, વૈશિષિકો અને બૌદ્ધો પ્રત્યક્ષ તથા અનુમાનને, સાંખ્યો આ બે ઉપરાંત શબ્દને, નૈયાયિકો આ ત્રણ ઉપરાંત ઉપમાનને, મીમાંસકો (પ્રાભાકરો) આ ચાર ઉપરાંત અર્થાપત્તિને તેમજ ભાટ્ટમતાનુયાયી પૂર્વમીમાંસકો અને અદ્વૈત વેદાન્તીઓ આ પાંચ ઉપરાંત અનુપલબ્ધિ મેળવીને છ પ્રમાણો સ્વીકારે છે.

2 Dutt, D. M., *The Six Ways of Knowing*, University of Calcutta, 1960, p. 109.

જ્ઞાનના સ્વરૂપ તથા તેની શકયતા વિષે ભારતમાં ગંભીર ચિન્તન થયું છે. સૌ પ્રથમ એક હકીકત નોંધવી જરૂરી છે કે વૈદિક સમયમાં જ્ઞાન માટે વિદ્યા શબ્દ પણ વપરાતો તેમજ જ્ઞાનના બે વિભાગો પાડવામાં આવતા જે પરાવિદ્યા અને અપરાવિદ્યાના નામે ઓળખાતા. વિદ્ = જાણવું એ ધાતુમાંથી નિષ્પન્ન થયેલો વેદ શબ્દ પણ વિદ્યાની જેમ જ્ઞાન અર્થ દર્શાવે છે. આ કારણે વિશુદ્ધજ્ઞાનદેહવાળા વેદપુરુષની પ્રકલ્પના પણ થઈ. જ્ઞાનરૂપ વેદ અનાદિ તેમજ અપૌરુષેય છે એટલે કે જ્ઞાનની ઉત્પત્તિ વિશેષ સમયે કે કોઈ વિશેષ પુરુષવડે થઈ નથી. જ્ઞાન અનાદિ અને અપૌરુષેય હોવાનું કારણ એ છે કે તેના મૂળ રૂપમાં તે સત્ Being જે ચેતન પણ છે તેનું બીજું નામ છે. આવું સત્ એક અને અનાદિ છે. અપરાવિદ્યાની કક્ષામાં આવતા જ્ઞાનના સ્વરૂપ કરતાં પરાવિદ્યાનું વિષયભૂત જ્ઞાન ભિન્ન છે તેમજ જ્ઞાતા, જ્ઞેય કે પ્રમાતા અને તેના જ્ઞાનનો વિષય અહીં અપેક્ષિત નથી. પરાવિદ્યાથી ઓળખાતા જ્ઞાનની વિશેષતા એ છે કે તે એક જ્ઞાન મેળવ્યાથી સર્વનું જ્ઞાન થાય છે. મુંડકોપનિષદ્‌માં આ બાબત રજૂઆત પામી છે. શૌનક ઋષિ વિધિપૂર્વક અંગિરા ઋષિને શરણે આવીને પ્રશ્ન કરે છે: 'ભગવન્' શેને જાણ્યાથી સર્વ કાંઈ જાણવામાં આવે છે?' ઉત્તર આપતાં તેમણે કહ્યું: 'બ્રહ્મજ્ઞો કહે છે કે બે વિદ્યાઓ જાણવી જરૂરી છે, એક પરા અને બીજી અપરા. તેમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છન્દ અને જ્યોતિષ અપરા વિદ્યાના વિષયો છે. અને જેનાથી તે અક્ષરતત્ત્વ પ્રાપ્ત થાય એ પરાવિદ્યા છે. છાન્દોગ્ય ઉપનિષદમાં પણ આ વિષય જરા જુદી રીતે પ્રસ્તુત કર્યો છે. "મને શીખવો" એમ કહેતા નારદ સનત્કુમાર પાસે આવ્યા. "તમે જે જાણતા હો તે મને કહો, તેનાથી આગળ હું તમને ભણાવીશ."

"ભગવન્, હું ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, ઇતિહાસ–પુરાણ, વ્યાકરણ, પિતૃવિદ્યા, ગણિત, શકુનવિદ્યા, નિધિવિદ્યા, તર્કશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, રાજનીતિ, દેવવિદ્યા, બ્રહ્મવિદ્યા, ભૂતવિદ્યા, ક્ષત્રવિદ્યા, નક્ષત્રવિદ્યા, સર્પવિદ્યા અને લલિતકળાઓ, આ બધું ભણ્યો છું. છતાં હું મંત્રવિદ્ છું, આત્મવિદ્ નહી; કેમ કે આત્મવિદ્ શોકસાગર તરી જાય છે, જ્યારે હું હજુ શોક છોડી શકયો નથી. આપ મને શોકથી પર બનાવો."

"તમે જે કાંઈ જાણો છો તે નામ છે."

નામથી શરૂ કરી વાણી, મન વગેરેના શ્રેષ્ઠતાના ક્રમમાં અન્તમાં સુખનું રહસ્ય સમજવું જોઈએ અને સુખ ભૂમામાં કે અદ્વૈત અનન્તસત્તામાં છે, જ્યાં અન્યને જાણવા કે વિચારવાનું રહેતું નથી. જ્યાં અન્યની હયાતિ છે તે અલ્પ છે, મર્ત્ય છે, જ્યારે ભૂમા અમૃત છે એમ સનત્કુમારે ઉપદેશ કર્યો.[3]

છાન્દોગ્યમાં સદ્રૂપ આત્માને જાણ્યાથી સર્વનું જ્ઞાન થાય છે એ વાત મૃત્પિંડને જાણ્યાથી સર્વ મૃણ્મયનું જ્ઞાન થાય એ દૃષ્ટાન્તથી સમજાવ્યું છે. બૃહદારણ્યકમાં વીણાના બહાર ફેલાતા સૂરને અન્ય કોઈ ઉપાયથી નહીં પણ સ્વયં વીણાને અથવા વીણા–વાદકને પકડવાથી ગ્રહણ કરી શકાય છે એ દાખલો આપી આત્માને જાણ્યાથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા કરી છે.

---

૩ છાન્દોગ્ય ઉપનિષદ્, ૭.૧–૨૩.

ઉપરનાં અવતરણો દર્શાવે છે કે વેદ–શાસ્ત્રાદિ તેમજ લલિતકળાઓનું અને વ્યાવહારિક જ્ઞાન અવશ્ય મેળવવું જોઈએ કેમ કે તેનાથી જ વ્યષ્ટિ–સમષ્ટિનું જીવન સુખમય, પ્રગતિશીલ બને છે. પરંતુ સાથે સાથે લક્ષમાં લેવાની વાત એ છે કે પરાવિદ્યાથી મળતું જ્ઞાન સર્વનું જ્ઞાન સિદ્ધ કરે છે તેમજ મનુષ્યને પરમ સુખ આપે છે, તેથી તેની અવગણના મનુષ્યની જ્ઞાન–સાધનાને અધૂરી રાખે છે. પરાવિદ્યા એક અને અદ્વિતીય, અનન્ત અને અમૃત સત્તાનું જ્ઞાન આપે છે. સ્વભાવથી જ સત્તા કે હયાતિ ( Being ) એક જ હોઈ શકે છે. વિશ્વના સમસ્ત વ્યક્તાવ્યક્ત ભાવોનું એ મૂળ છે. આ સત્તા ચેતન પણ છે. એમ ન હોત તો જડપદાર્થની હયાતિ જેમ જ્ઞાન નિપજાવી ન શકે તેમજ મૌલિક અનન્ત સત્તા પણ જડ, અચેતન અને અપ્રગટ રહેવા પામી હોત. જ્ઞાનની શકયતાની પહેલી શરત એ છે કે સત્તા કે સત્ ચેતન પણ હોય.

વિશ્વની મૂળભૂત અનન્તસત્તા એક અને સ્વયં ચેતન હોય તેનું જ્ઞાન અપરાવિદ્યાના વિષય બનતા જ્ઞાનની જેમ જ્ઞાતા–જ્ઞાન–જ્ઞેયની ત્રિપુટીની સહાયતાની અપેક્ષા રાખતું નથી. જે સત્તા જ્ઞાનરૂપ હોય, જે અસ્તિત્વ અને ચેતના અભિન્ન હોય એ મનુષ્યની હયાતિનું અન્તરતમ બિન્દુ છે અને સ્વયંસિદ્ધ છે. તેને અનાવૃત કરીને, તદ્રૂપ બનીને જ જાણી શકાય, તેની પ્રાપ્તિમાં ઈતર પદાર્થોના જ્ઞાનની જેમ અન્ય કોઈ સાધન કે સામગ્રીની આવશ્યકતા નથી, આવશ્યકતા હોય છે માત્ર બાહ્ય જ્ઞેય પદાર્થોમાં વિખરાયેલી મનોવૃત્તિને સંકેલીને સ્વ–સત્તાને તેની જ ચેતનાના પ્રકાશથી સ્વમાં પામવાની તત્પરતાની, ધૃતિની અને શાન્ત સભાનતાની.

ઋગ્વેદમાં વિશ્વની ઉત્પતિ અસત્‌માંથી ( ૧૦·૭૨ ), સત્ તેમજ અસત્‌માંથી ( ૧૦·૫·૭ ) સત્ અને અસત્‌થી વિલક્ષણ તત્ત્વમાંથી ( ૧૦·૧૨૯·૧ ) વર્ણવી છે. પરંતુ છાન્દોગ્ય ઉપનિષદમાં અસત્‌માંથી સત્ નિપજી ન શકે એમ તર્કનો આશ્રય લઈ, નિર્ણય તારવ્યો છે કે કેવળ એક, અદ્વિતીય સત્ સૃષ્ટિના આદિમાં હતું. તેમાં સ્વાભાવિક રીતે રહેલી ઈક્ષણશક્તિના ( ચૈતન્યના ) બળે તે અનેક, અનન્ત રૂપોમાં વ્યક્ત થયું. તે સત્ સર્વનું મૂળ, આયતન અને આધાર છે.[૪] એને જ આત્મા કહે છે અને તે આત્મા તું છે એવો ઉપદેશ અનેક દૃષ્ટાંતો વડે આરુણિ તેના પુત્ર શ્વેતકેતુને કરે છે.

આ સત્ સ્વયંચેતન આત્મા તરીકે ઓળખાતું હોવાથી આત્માને ચૈતન્યમય કે વિજ્ઞાનમય કહ્યો છે.[૫] ચૈતન્ય માટે વિજ્ઞાન સિવાય, સંજ્ઞાન, પ્રજ્ઞાન વગેરે અનેક નામો આપ્યાં છે[૬] જેમ સમગ્ર સૃષ્ટિ સન્મૂલક કહી છે તેમ પ્રજ્ઞાનમૂલક પણ કહી છે કેમ કે સત્ સ્વયંચેતન છે.[૭]

---

૪ सन्मूलाः सोम्येमाः प्रजाः सदायतनाः सत्प्रतिष्ठाः । —છાન્દોગ્ય ઉપનિષદ, ૬.૮.૪

૫ कतम आत्मेति—योऽयं विज्ञानमयः प्राणेषु हृद्यन्तर्ज्योतिः पुरुषः ।

—બૃહદારણ્યક ઉપનિષદ, ૪.૩.૭

૬ संज्ञानमाज्ञानं विज्ञानं प्रज्ञानं मेधा दृष्टिर्घृतिर्मतिर्मनीषा जूतिः संकल्पः क्रतुरसुः कामो वश इति सर्वाण्येतानि प्रज्ञानस्य नामधेयानि भवन्ति । —ઐતરેયોપનિષદ, ૩.૨

૭ एष ब्रह्मा । एष इन्द्रः । एषः प्रजापतिः । एते सर्वे देवाः । इमानि च पञ्च-महाभूतानि । यत्किञ्चेदं प्राणि जङ्गमं च पतत्रि च यच्च स्थावरम् । सर्वं तत्प्रज्ञानेत्रम् । प्रज्ञाने प्रतिष्ठितम् । प्रज्ञानेत्रो लोकः । प्रज्ञा प्रतिष्ठा । प्रज्ञानं ब्रह्म । —ઐતરેયોપનિષદ, ૩.૩

આમ ઉપનિષદો જગતને સન્મૂલક અને પ્રજ્ઞાનમૂલક કહે છે તેમજ તે સત્–પ્રજ્ઞાન હૃદયમાં સ્વયંજ્યોતિ આત્મારૂપે વિરાજે છે; તેને જાણવાથી સર્વનું જ્ઞાન થઈ શકે છે, એવો અનુભવજન્ય નિર્ણય સ્પષ્ટપણે જાહેર કરે છે.

શ્રી રમણ મહર્ષિ કહે છે કે વિશ્વની બધી પ્રજાઓમાં પરમાત્મા સત્ Being અને વિજ્ઞાન Consciousness એ બેની એકાત્મતાના રૂપ પ્રગટ થાય છે; પોતાની સત્તામાં એને શોધ્યા વિના જે બહાર એને શોધે છે એ હાથમા દીપક લઈને અંધકારની શોધમાં નીકળે છે..[૮]

ઋગ્વેદ વિષ્ણુના પરમપદને સૂરિઓવડે સદા નિહાળાતું વર્ણવે છે[૯] અને કઠોપનિષદ્ એને વિજ્ઞાનસારથિ, મનઃપ્રગ્રહવાળો ધીર પુરુષ ઇન્દ્રયાશ્વોને સંયમમાં લઈ અન્તર્યાત્રા દ્વારા પામે છે એમ કહે છે[૧૦] વિષ્ણુપુરાણ વિષ્ણુના વિશુદ્ધ સ્વરૂપને ઇન્દ્રિયગમ્ય ન હોય એવા કેવળ અસ્તિત્વરૂપ વર્ણવે છે.[૧૧] પરાવિદ્યારૂપ જે જ્ઞાન છે તેનો વિષય સ્વયંચેતન સત્તામાત્ર હોવાથી એ જ્ઞાનને પામવા ઇચ્છનાર પ્રારંભમા ભલે એને પોતાનાથી ભિન્ન માનીને ચાલે, પરંતુ એક તબક્કે જાણવું અને બનવું એ બેની ભેદરેખા લુપ્ત થાય છે. બ્રહ્મજ્ઞાની બ્રહ્મરૂપ બની રહે છે. પછી તે જગત્ના પદાર્થોની વિવિધતામા અનુસ્યૂત એક સત્તાને પરખીને વ્યામોહમાં પડતો નથી, પરિણામે શોકમુક્ત બની સર્વોત્તમ અવિનશ્વર સુખ અનુભવે છે. આ કારણે અપરાવિદ્યામાં પારંગત પુરુષો પરાવિદ્યા ખાતર તત્ત્વદર્શી મુનિઓના શરણે જતા.

પરાવિદ્યાનિષ્ઠ પુરુષો જેને એક માત્ર પરમાર્થ–સત્તા જાણે છે તેમાં અપરાવિદ્યાઆગ્રહીઓ જ્ઞાતાની હયાતિ અને જ્ઞેય–પદાર્થની હયાતિ એમ ભેદ પાડે છે. પરંતુ કોઈ પણ પ્રકારના જ્ઞાનમાં જ્ઞાતા, પદાર્થ સાથે જેટલો તાદાત્મ્યભાવ સાધે એટલા ઊંડાણથી એને જાણી શકે એવો સાર્વત્રિક અનુભવ હોવાથી તેમજ અપરાવિદ્યાના ક્ષેત્રે એ બેનું આત્યંતિક તાદાત્મ્ય થઈ શકતું ન હોવાથી

---

8 To look for God, while ignoring Thee who art Being and Consciousness, is like going with a lamp to look for darkness. Only to make Thyself known as such, thou dwellest in different religions under different forms.

—Śrī Ramana in his *Aruṇācalāṣṭakam.*

૯ तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः ।

—ઋગ્વેદ, ૧.૨૨.૨૦

૧૦ विज्ञानसारथिर्यस्तु मनःप्रग्रहवान्नरः । सोऽध्वनः पारमाप्नोति तद्विष्णोः परमं पदम् ।

—કઠોપનિષદ, ૩.૯

૧૧ नमस्तस्मै नमस्तस्मै नमस्तस्मै महात्मने ।
नामरूपं न यस्यैको योऽस्तित्वेनोपलभ्यते ॥

—વિષ્ણુપુરાણ, ૧.૧૯.૭૯

निर्व्यापारमनाख्येयं व्याप्तिमात्रमगोचरम् ।
आत्मसंबोधविषयं सत्तामात्रमलक्षणम् ॥
प्रशान्तमभयं शुद्धं दुर्विभाव्यमसंश्रयम् ।
विष्णोर्ज्ञानमयस्योक्तं तज्ज्ञानं परमं पदम् ॥

—એજન, ૧.૨૨.૪૮–૪૯

વસ્તુસત્તાના યથાર્થ કે પરિપૂર્ણ જ્ઞાનની શકયતા જ આ પદ્ધતિથી મળતા જ્ઞાનમાં નથી. આવા આંશિક જ્ઞાનમાં પૂર્ણજ્ઞાનનો અભાવ નથી પણ તેનો સંકોચ, અલ્પતા છે, તેને ઇશોપનિષદમાં અવિદ્યા નામ આપ્યું છે. આ શબ્દમાં યોજેલ "અ" નિષેધાર્થ નથી અલ્પાર્થ છે. નઞના છ અર્થો છેઃ સાદૃશ્ય, અભાવ, અન્યતા, અલ્પતા, અપ્રશસ્તિ અને વિરોધ. આ કારણે પતંજલિ પોતાના યોગસૂત્રમાં ચિત્તવૃત્તિઓના સદંતર નિરોધ પછી જેમાં બ્રહ્મરૂપ પરમ પદાર્થમાત્રનો નિર્ભાસ થાય એવા જ્ઞાનનો માર્ગ ચીંધે છે. પ્રાચીનકાળે ભારતમાં જ્ઞાન[12] શબ્દ આવા અર્થમાં યોજાતો અને કદાચ પશ્ચિમમાં પણ તેનો આ અર્થ[13] પ્રચલિત હતો. સંભવ છે કે આવા ગંભીર અર્થમાં અંગ્રેજીનો "નૉલેજ" શબ્દ રૂઢ થઈ ચૂકેલો હોવાથી સત્તરમી સદી પછી પ્રવર્તમાન થયેલ, અને ક્રમશઃ વધુને વધુ દઢમૂલ થયેલ જ્ઞાતાની સત્તાને તેના મૌલિકરૂપમાં જાણવાની અપેક્ષા રાખ્યા વિના, વસ્તુમાત્રકેન્દ્રી (objective) જ્ઞાન–પ્રક્રિયા માટે "સાયન્સ" શબ્દનો પ્રયોગ આવશ્યક બન્યો હશે. ભારતીય ભાષાઓમાં સાયન્સ શબ્દના અનુવાદ માટે વિજ્ઞાન શબ્દ જ્યારે પ્રયોજાય છે ત્યારે તેનો વિશાળ મહિમા ન ભૂલાય એ માટે નીચેનો શ્રુતિમંત્ર ઉપયોગી થશે :

विज्ञानं यज्ञं तनुते कर्माणि तनुतेऽपि च
विज्ञानं देवा: सर्वे ब्रह्म ज्येष्ठमुपासते ॥
विज्ञानं ब्रह्म चेद्वेद तस्माच्चेन्न प्रमाद्यति
शरीरे पाप्मनो हित्वा सर्वान्कामान्समश्नुते ॥

"વિજ્ઞાન યજ્ઞને તેમ જ સર્વકર્મોને વિસ્તારે છે, સમ્પન્ન કરે છે. બધા દેવો વિજ્ઞાનને આદિકારણ જ્યેષ્ઠ બ્રહ્મ તરીકે ઉપાસે છે. વિજ્ઞાનને બ્રહ્મરૂપ જાણી તેની સાધનામાં જે પ્રમાદ કરતો નથી તે શરીરજન્ય દોષોને શરીરમાં જ હણીને સર્વકામનાઓ પ્રાપ્ત[14] કરે છે."

આધુનિક સમયમાં વિજ્ઞાન સર્વકર્મોનું, દુન્યવી સુખસામગ્રી મેળવવાનું સાધન બન્યું છે એ ખૂબ ઉચિત છે. ભવિષ્યમાં જે પ્રકૃતિના બધા કાર્યકલાપોનું, અને સઘળા પ્રયાસોનું લક્ષ છે

---

૧૨ मोक्षे धीर्ज्ञानमन्यत्र विज्ञानं शिल्पशास्त्रयोः ।

—અમરકોશ, ૧.૬

यथा स देवो भगवान् विद्यते यत्र विद्यते ।
साक्षादेव महादेवस्तज्ज्ञानमिति कीर्तितम् ॥

—કૂર્મપુરાણ, ઉપવિભાગ, ૧૪.૩૬

૧૩ ગ્રીક શબ્દ 'ગ્નોસીસ', (Gnosis) અંગ્રેજી શબ્દ 'નો' (know) અને સંસ્કૃત ધાતુ 'જ્ઞા' એક ધ્વનિ તેમજ અર્થવાળા મૂળમાંથી નિષ્પન્ન થયા છે એ નિર્વિવાદ છે. સરખાવો :

Gnosis = Knowledge of spiritual mysteries.
Gnostic = Having esoteric spiritual knowledge.
Agnostic = One who holds that nothing is known or likely to be known of the existence of God or anything beyond material phenomena.

—Oxford Dictionary.

૧૪ તૈત્તિરીય ઉપનિષદ્, ૨.૩.૫

એ માનવની હયાતિનું રહસ્ય પામવામાં પણ વિજ્ઞાન અવશ્ય સફળ થશે એવી આસ્થા અસ્થાને નહીં ગણાય. કારણ કે આધુનિક નેચરલ સાયન્સ ' નેચર ' શબ્દના અર્થના વિશાળતર વ્યાપમાંથી મનુષ્યના સાંગોપાંગ બંધારણને અને તેના અસ્તિત્વના રહસ્યને પોતાના અનુસંધાન-ક્ષેત્રથી બહાર રાખવાનો આગ્રહ સેવે છે એ ઉચિત જણાતું નથી. પ્લેન્ક કહે છે :

" Science cannot solve the ultimate mystery of nature. And that is because, in the last analysis, we ourselves are part of nature and therefore part of the mystery that we are trying to solve...... Every advance in knowledge brings us face to face with the mystery of our own being. "[૧૫]

પશ્ચિમના કેટલાક અગ્રગણ્ય વૈજ્ઞાનિકો અને વિચારકો પણ અદ્યતન વૈજ્ઞાનિક અનુસંધાન પ્રક્રિયામાં એટલે કે વૈજ્ઞાનિક નિરીક્ષણક્ષેત્રે નિરીક્ષકની સ્થિતિ અને દ્રષ્ટિકોણ લક્ષમાં લેવાં આવશ્યક છે એમ કહેવા લાગ્યા છે. આ વિષે આજના પ્રમુખ ભૌતિકશાસ્ત્રીઓમાંના એક કાપ્રા જણાવે છે :

" It ( modern physics ) has made a great step toward the world-view of Eastern mystics in atomic theory. Quantum theory has abolished the notion of fundamentally separated objects, has introduced the *concept of the participator to replace that of the observer*, and may even find it necessary to include the *human consciousness* in its description of the world. "[૧૬]

પશ્ચિમના મહાન તત્ત્વચિન્તક કાન્ટના વિચારોની ગહન મીમાંસા કરનાર કેસાર્ઇરર કહે છે કે નેચરલ સાયન્સના વસ્તુગતસત્તાના જ રહસ્યને પામવાના આગ્રહને પરિણામે માનવીય જ્ઞાન-શાસ્ત્રના ક્ષેત્રે ઉત્પન્ન થયેલ અસંતુલનને નિવારવા માટે વસ્તુગતસત્તાના સત્યને વૈજ્ઞાનિક રીતે પામવાના પ્રયત્નને, વ્યવસ્થિત રીતે આત્મ-ગત-સત્તાના સત્યને પામવાના અભિગમને અપનાવીને, સંતુલિત બનાવવો અનિવાર્ય છે.[૧૭]

માનવની સત્તાનાં, તેની ચેતનાનાં ગહનતમ સ્તરોને કે અવસ્થાઓને વ્યવસ્થિત પદ્ધતિથી અનુસંધાનનો વિષય બનાવવાની શરૂઆતનું શ્રેય ફ્રોઇડ, યુંગ, એડલર, વિલિયમ જેમ્સ જેવા મનોવૈજ્ઞાનિકોને ફાળે જાય છે. પરંતુ અન્યનાં સ્વપ્નોના આ હેવાલ, કે અન્યની અવચેતન મનની સ્થિતિનું નિરીક્ષણ, પરીક્ષણ કરવામાત્રથી આ ભગીરથ કાર્ય સમ્પન્ન થઇ શકશે એ શક્ય જણાતું નથી. એ માટે પૂર્વના સૂરિઓએ વિકસાવેલી અને મહર્ષિ પતંજલિએ પૂર્ણ

---

15 Max Plank, *Where is Scienee Going ?* George Allen and Unwin, London, 1933, p. 217.

16 Capra, Fritjof, *The Tao of Physics*, Bantam Books, New York, 1984, p. 129.

17 Cassirer, Ernst, *The Philosophy of Symbolic Forms*, Vol., I. preface, Yale University, New Haven, 1953.

પરાકાષ્ઠાએ પહોંચાડેલી. માનવ પોતે જ પોતાની ચેતનાનાં ઊંડાણોને માપવા, પરખવા પ્રાણ-સંયમન કરીને, મનોવૃત્તિનિરોધ કરીને, માનવીય ચેતનાનું રૂપાન્તર સાધી આપનાર, પરમ સત્તા (Absolute Being) સાથે તાદાત્મ્ય સિદ્ધ કરનાર ધ્યાન–સમાધિની, સૌને માટે અનુભવગમ્ય બની શકે એવી અને તેથી જ વૈજ્ઞાનિક કહી શકાય એવી પદ્ધતિ અખત્યાર કરવી જોઈએ.

ભૌતિકસત્તાનું જ્ઞાન ઇન્દ્રિયોના માધ્યમથી ચેતસિક બિમ્બોના (Psychic images) રૂપમાં થતું હોવાથી અનુમાનની કક્ષામાં આવે, જ્યારે ચૈતસિક સત્તા કોઈ પણ માધ્યમની આવશ્યક્તા વિના સદ્ય ગ્રાહ્ય બનતી હોવાથી મૌલિક સત્તા છે તેથી કેવળ ભૌતિક અસ્તિત્વને જ અસ્તિત્વ (Existence) તરીકે માન્ય રાખનારા, આંધળા પૂર્વગ્રહનો ભોગ બનેલ છે એમ સ્પષ્ટપણે જાહેર કરનાર યુંગ ભારતીય મનીષીઓ સાથે સહમત થતાં જણાવે છે :

"Science and medical knowledge is in no sense sufficient to grasp the nature of Soul, nor does the psychiatric understanding of pathological processes help to integrate them into the totality of the psyche. Similarly mere rationalization is not an adequate instrument.[૧૮]

---

18 Jung, C. G., *Symbols of Transformation*, Routledge and Kegan Paul, London, 1956, Foreword, p. XXVII.

## પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

| | | રૂ. પૈ. |
|---|---|---|
| ૧ | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૧૦=૫૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ | ૬=૫૦ |
| ૨ | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભો. જ. સાંડેસરા | ૯=૫૦ |
| ૩ | **ભાલણકૃત નલાખ્યાન** (ત્રીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૧૧=૫૦ |
| ૪ | **ઉદયભાનુકૃતવિક્રમચરિત્રરાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૫૦ |
| ૫ | **ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી (૧૯૭૧) | ૮=૦૦ |
| ૬ | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા | ૧૦=૫૦ |
| ૭ | **પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૨૪=૦૦ |
| ૮ | **સિંહાસનબત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ | ૧૫=૫૦ |
| ૯ | **હમ્મીરપ્રબન્ધ**—સં. : ડૉ. ભો. જ. સાંડેસરા અને ડૉ. સો. પારેખ | ૬=૦૦ |
| ૧૦ | **પંચદંડની વાર્તા**—સં. ડૉ. સોમાભાઈ ધૂ. પારેખ (૧૯૭૪) | ૩૧=૦૦ |
| ૧૧ | **વાગ્ભટાલંકાર બાલાવબોધ**—સં. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા | ૧૨=૦૦ |

## સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

| | | |
|---|---|---|
| ૧ | વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧ | ૨=૫૦ |
| ૨ | ,, ,, ,, ૨ | ૨=૫૦ |
| ૩ | ,, ,, ,, ૩ | ૬=૫૦ |
| ૪ | નિરુત્તમા | ૨=૫૦ |
| ૫ | વિક્રમોર્વશી—(અનુવાદ : મનનિકા સહિત) | ૨=૫૦ |
| ૬ | પ્રવેશકો, ગુચ્છ પહેલો | ૪=૫૦ |
| ૭ | પ્રવેશકો, ગુચ્છ બીજો | ૩=૦૦ |
| ૮ | અંબડ વિદ્યાધર રાસ | ૪=૦૦ |
| ૯ | મ્હારાં સૉનેટ (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૦ | આપણી કવિતાસમૃદ્ધિ (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૧ | નવીન કવિતા વિષે વ્યાખ્યાનો (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૨ | પ્રો. બ. ક. ઠાકોર ડાયરી, ભાગ ૧—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી | ૨=૦૦ |
| ૧૩ | પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ | ૧૫=૫૦ |
| ૧૪ | પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૨—સંપાદક : ડૉ. હર્ષદ ત્રિવેદી | ૬=૭૫ |
| ૧૫ | વિવેચક—પ્રો. બલવન્તરાય ઠાકોર | ૨૫=૦૦ |

પ્રાપ્તિસ્થાન : યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧

# વૈશેષિકદર્શનમાં–'અભાવ' 'પદાર્થ અને તેનું જ્ઞાન

એસ. ડી. ઝાલા*

વૈશેષિકદર્શન બાહ્યવસ્તુવાદી છે એટલું જ નહીં તે આત્યંતિક બાહ્ય વસ્તુવાદી છે. તે વસ્તુઓને જ્ઞાનબાહ્ય માને છે. એટલું જ નહિ પણ તે પ્રતીતિભેદે વસ્તુભેદ કે પદાર્થભેદ માને છે. આમ જેટલા પ્રતીતિઓના પ્રકાર તેટલા જ બાહ્ય જગતમાં પદાર્થોના પ્રકાર તે સ્વીકારે છે. તેથી જ્ઞાનમાત્ર જેમ પોતાનાથી બાહ્ય એવા વિષયને સૂચવે છે તે જ રીતે અભાવનું જ્ઞાન પણ પોતાનાથી બાહ્ય એવા અભાવ પદાર્થને સૂચવે છે. બીજા શબ્દોમાં કહીએ તો વસ્તુનો અભાવ અને તે વસ્તુના અભાવનું જ્ઞાન એ બે જુદાં છે. આમ અભાવને પણ એક સ્વતંત્ર પદાર્થ તરીકે સ્વીકૃતિ મળે છે. છતાં અભાવને એક સ્વતંત્ર પદાર્થ કહી શકાય કે નહિ એ વિશે સર્વસંમત એવો કોઈ એક મત નથી. જો પદાર્થ શબ્દથી કેવળ ભાવરૂપ વસ્તુઓનું જ ગ્રહણ થતું માનીએ તો અભાવને પદાર્થ કહી શકાય નહિ. પરંતુ જો પદાર્થ શબ્દથી જ્ઞેયમાત્રનું ગ્રહણ થતું માનીએ તો અભાવ પણ પદાર્થ છે. અભાવ ભાવરૂપ પદાર્થ નથી. પરંતુ અભાવનું બાહ્ય અસ્તિત્વ તો છે જ કારણ કે જેની પ્રતીતિ થાય છે તે વસ્તુનું બાહ્ય (સ્વતંત્ર) અસ્તિત્વ ન્યાયવૈશેષિક મત સ્વીકારે છે. માટે અભાવને પણ પદાર્થ કહી શકાય.

વૈશેષિકદર્શનમાં અભાવને સ્વતંત્ર પદાર્થ તરીકે નવમી સદી પછી તો સ્પષ્ટ માન્યો છે અને અભાવની સ્વતંત્ર પદાર્થ તરીકે ગણના કરી ભાવરૂપ પદાર્થોના વિવેચન વખતે અભાવનું વિવેચન પણ કરવામાં આવ્યું છે.[1] પરંતુ અભાવની સ્વતંત્ર પદાર્થ તરીકેની કલ્પના કેટલી પ્રાચીન છે તે વિશે વિચારવું જરૂરી છે કારણ કે કણાદના વૈશેષિકસૂત્રમાંના ઉદ્દેશસૂત્રમાં[2] છ જ પદાર્થો ગણાવ્યા હોઈ, કણાદને સાતમો અભાવ પદાર્થ સ્વતંત્ર પદાર્થ તરીકે સ્વીકૃત ન હતો એવો પણ એક મત પ્રવર્તે છે.[3] જો કે, જેને આધારે આ મત રજૂ કરવામાં આવ્યો

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭ ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૨૩૩–૨૩૮.

* સંસ્કૃતવિભાગ, આર્ટ્સ કૉલેજ, પાટણ.

૧ प्रमितिविषया: पदार्था: । ते च द्रव्य, गुण, कर्म, सामान्य, विशेष, समवायाऽभावाख्या: सप्तैव । —सप्तपदार्थी पृ. ४, ५

—द्रव्यगुणकर्मसामान्यविशेषसमवायाभावाः सप्त पदार्था: । त. सं., पृ. २

—न्या. सि. मुक्तावली का. २

२ धर्मविशेषप्रसूताद् द्रव्यगुणकर्मसामान्यविशेषसमवायानां पदार्थानां साधर्म्यवैधर्म्याभ्यां तत्त्वज्ञानान्नि:श्रेयसम् । वै. सू., १–१–४

3 The original aphorisms of Kaṇāda mention only six categories and the Seventh abhāva is added by Commentators—Tarkasaṁgraha, p. 76–Bodas,

છે તે ઉદ્દેશસૂત્ર પાછળથી ઉમેરાયેલું હોઈ શકે કારણ કે ચન્દ્રાનન્દસંમત વૈશેષિકસૂત્રપાઠમાં અને અવિજ્ઞાતકર્તૃકવૃત્તિને સંમત વૈશેષિકસૂત્રપાઠમાં આ ઉદ્દેશસૂત્ર નથી.[૪] વળી કણાદને અભાવ પદાર્થ સર્વથા અસ્વીકૃત હતો એમ કહી શકાય નહિ કારણ કે, નીચેના સૂત્રોમાં કણાદે અભાવનો ઉલ્લેખ કર્યો છે :

૧ ઉત્પત્તિની પહેલાં (ઘટાદિ કાર્ય) અસત્ હોય છે કારણ કે એ સમયે એમના સંબંધમાં ક્રિયા તથા ગુણનો વ્યવહાર થતો નથી.[૫]

૨ અસ્તિત્વમાં આવેલ ઘટાદિ કાર્ય પ્રધ્વંસ (નાશ) પછી અસત્ હોય છે. કારણ કે નાશ પછી તેમના સંબંધમાં ક્રિયા–ગુણનો વ્યવહાર થતો નથી.[૬]

૩ પ્રધ્વંસની પૂર્વે અને ઉત્પત્તિની પછી અસતથી ભિન્ન એવી વસ્તુ સત્ કહેવાય છે. કારણ કે તેમના સંબંધમાં ગુણ ક્રિયાદિનો વ્યવહાર થાય છે.[૭]

૪ સત્ એવી વસ્તુને વિશે પણ 'ગાય અશ્વ નથી' એવા નિષેધ દ્વારા અસત્ શબ્દ ઉપચારાર્થે (ગૌણ અર્થમાં) પ્રયુક્ત થાય છે.[૮]

૫ સત્ એવી વસ્તુના અત્યન્તાભાવરૂપ એવા અને પ્રાગ્ અને પ્રધ્વંસાભાવના અવિષય એવા જે શશવિષાણાદિ છે તે પણ અસત્ છે.[૯]

આ સૂત્રોને સમજાવતા વૈશેષિકસૂત્રના ત્રણેય ટીકાકારો ચન્દ્રાનન્દ, વૃત્તિકાર અને શંકરમિશ્ર–જણાવે છે કે આ પાંચ સૂત્રોમાંથી ત્રીજા સૂત્રમાં અભાવને દ્રવ્યાદિ છ પદાર્થોથી ભિન્ન પદાર્થ તરીકે દર્શાવવામાં આવ્યો છે. અને બાકીના ચાર સૂત્રોમાંથી પહેલા સૂત્રમાં પ્રાગભાવનું, બીજા સૂત્રમાં પ્રધ્વંસાભાવનું, ચોથા સૂત્રમાં અન્યોન્યાભાવનું અને પાંચમા સૂત્રમાં અત્યંતાભાવનું નિરૂપણ કરવામાં આવ્યું છે. અને આ ઉપર્યુક્ત સૂત્રો પછીના સૂત્રમાં તે તે પ્રકારના અભાવનું જ્ઞાન કેવી રીતે થાય છે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ સૂચવે છે કે કણાદ અભાવને સ્વીકારે છે જ.

હવે એ પ્રશ્ન ઊઠે કે કણાદે અભાવનું નિરૂપણ તો કર્યું જ છે તો પછી પ્રશસ્તપાદભાષ્ય એ વૈશેષિકસૂત્રને આધારે રચાયેલ વૈશેષિકની પ્રમાણભૂત કૃતિ હોવા છતાં તેમાં

---

—Kaṇāda did not admit abhāva, or non-existence as an independant category—Vol-II, p. 219

—Radhākrishnan–Indian Philosophy.

૪ જુઓ–ફૂટનોટ નં. ૨

५ क्रियागुणव्यपदेशाभावात् प्रागसत् । वै. सू. ९–१–१

६ सदसत् । वै. सू., ९–१–२

७ असतः क्रियागुणव्यपदेशाभावादर्थान्तरम् । वै. सू. ९–१–३

८ सच्चासत् । वै. सू., ९–१–४

९ यच्चान्यदसदतस्तदसत् । वै. सू., ९–१–५

પ્રશસ્તપાદે કેમ છ જ પદાર્થોનો ઉદ્દેશ કર્યો છે અને તે છ પદાર્થોનું જ નિરૂપણ કર્યું છે? પ્રશસ્તપાદનું ભાષ્ય સમવાયપદાર્થના નિરૂપણ પછી સમાપ્ત થાય છે. તો પ્રશસ્તપાદે અભાવનું નિરૂપણ કેમ નહિ કર્યું હોય? આ પ્રશ્નની ચર્ચા પ્રશસ્તપાદભાષ્યની ટીકાઓમાં મળે છે.

પ્રશસ્તપાદભાષ્યના ટીકાકાર વ્યોમશિવ જણાવે છે કે અભાવની પ્રતીતિ ભાવના ઉપસર્જન[૧૦] તરીકે થતી હોય છે. અભાવને સમજવા માટે ભાવપરિજ્ઞાનની અપેક્ષા હોઈને, અભાવને અલગ ગણાવ્યો નહિ હોય. કેમ કે, કોઈ વસ્તુના ભાવનું જ્ઞાન થતાં તે વસ્તુના અભાવનું જ્ઞાન પણ થઈ જાય છે.[૧૧] શ્રીધર પણ જણાવે છે કે પદાર્થોના ઉદ્દેશ વખતે અભાવનો ઉલ્લેખ પ્રશસ્તપાદે અલગ કર્યો નથી, કારણ કે, અભાવને જાણવા માટે ભાવના જ્ઞાનની અપેક્ષા છે. પણ એનો અર્થ એવો નથી કે અભાવનું અસ્તિત્વ જ નથી.[૧૨] અને શ્રીધર તો અભાવના પ્રાગભાવાદિ ચારેય પ્રકારોનું વિસ્તૃત નિરૂપણ પણ કરે છે.[૧૩] ઉદયનાચાર્ય પણ જણાવે છે કે અભાવ સ્વરૂપવાન હોવા છતાં એનો અલગ ઉદ્દેશ કર્યો નથી કારણ કે અભાવનું નિરૂપણ પ્રતિયોગીના નિરૂપણને અધીન હોય છે. છતાં એવું નથી કે અભાવનું અસ્તિત્વ જ નથી. કારણ કે ઉત્પત્તિ અને વિનાશની ચર્ચા કરતી વખતે પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવનું તથા પદાર્થોના વૈધર્મ્યની ચર્ચા કરતી વખતે ઈતરેતરાભાવ અને અત્યંતાભાવનું નિરૂપણ કરવામાં આવશે[૧૪] અને ઉદયનાચાર્યે પણ અભાવના પ્રકારનું વિસ્તારથી નિરૂપણ કર્યું છે.[૧૫]

આમ ટીકાકારો જણાવે છે તેમ પ્રશસ્તપાદે અભાવનું નિરૂપણ કર્યું નહિ હોવાથી પ્રશસ્તપાદને અભાવનું અસ્તિત્વ અભિપ્રેત નથી એમ કહી શકાય નહિ. તેથી કણાદ અને પ્રશસ્તપાદ બંનેને અભાવ પદાર્થ તરીકે સ્વીકૃત હતો જ. કણાદનાં સૂત્રો અભાવનું નિરૂપણ કરે જ છે એ આપણે ઉપર જોયું છે. પ્રશસ્તપાદને અભાવ પદાર્થ તરીકે માન્ય હશે એમ ટીકાકારોના મંતવ્ય પરથી જણાય છે અને પ્રશસ્તપાદભાષ્યના ટીકાકારો પણ અભાવનું નિરૂપણ કરે છે. પરંતુ અભાવને સૌ પ્રથમ બાહ્ય સ્વતંત્ર પદાર્થ તરીકેનું સ્થાન સ્પષ્ટ રીતે કોણે સમાર્પ્યું? એ વિશે જોઈએ તો, જણાય છે કે છઠ્ઠી સદીના ચંદ્રમતિએ 'દશપદાર્થશાસ્ત્ર'માં સૌ પ્રથમ સ્પષ્ટપણે અભાવને પદાર્થની કોટિમાં ગણાવ્યો હોય તેમ લાગે છે.[૧૬] દ્રવ્યાદિ પદાર્થોની જેમ જ એ

---

10 उपसर्जन=(1) Pouring on (2) Any thing subordinate to another.
—Sanskrit-English Dictionary, Apte p. 114.

११ अथाभावः कस्मान्नोपसंख्यायते । भावोपसर्जनतया प्रतिभासनात् ।...ज्ञाते हि भावे तदभावः प्रतीयत एव । —व्योमवती, पृ. ज–२०

१२ अभावस्य पृथगनुपदेशो भावपारतन्त्र्यात्, न त्वभावात् ।—कन्दली, पृ. १८

१३ कन्दली, पृ. ५५६, ५५७

१४ किरणावली, पृ. ४, ५

१५ किरणावली, पृ. २२०, २२१

16 Candramati is the first to recognize absence as a distinct kind of being with categorial status.
—Encyelopedia of Indian Philosophy, Vol-II, P. 143.
See also, The Navya-Nyāya Doctrine of Negation, p. 101—B. K. Matilal.

અભાવને પણ સ્વતંત્ર પદાર્થ તરીકે ગણાવી એનું નિરૂપણ કરે છે.[૧૭] જો કે આમ તો અભાવનું નિરૂપણ સૂત્રસાહિત્યથી માંડીને શરૂ તો થઈ જ ગયું હતું.

હવે આપણે અભાવનું જ્ઞાન શી રીતે થાય છે તે વિશે જોઈએ.

અભાવ એ ભાવથી ભિન્ન એવો પદાર્થ છે. એના વિરોધી એવા ભાવનું જ્ઞાન આપણને હોય તો જ તેનું જ્ઞાન થઈ શકે. જેમ કે ઘટનો અભાવ આપણે તો જ જાણી શકીએ કે જો આપણને ઘડાનું જ્ઞાન હોય એટલે ઘડો એ ઘટાભાવનો પ્રતિયોગી કહેવાય.

ન્યાયવૈશેષિક ચિંતકો અભાવને બાહ્ય અસ્તિત્વ ધરાવતી વસ્તુ માને છે. એટલું જ નહિ પણ તેને પ્રત્યક્ષગ્રાહ્ય પણ માને છે. ભાટ્ટમીમાંસકો ન્યાયવૈશેષિકોની જેમ અભાવને સ્વતંત્ર પદાર્થ માને છે છતાં તેઓ તેને પ્રત્યક્ષ ગણતા નથી. તેને ગ્રહણ કરનારું સ્વતંત્ર પ્રમાણ (અનુપલબ્ધિ પ્રમાણ) તેઓ સ્વીકારે છે.[૧૮]

અભાવને પ્રત્યક્ષગ્રાહ્ય માનવા માટે કેટલીક દલીલો શ્રીધરે આપી છે. તે જણાવે છે કે જ્યારે ઇન્દ્રિયસંનિકર્ષથી ભૂતલનું જ્ઞાન થાય છે ત્યારે 'ભૂતલ ઘટરહિત છે' એવા આકારનું ઘટાભાવનું જ્ઞાન પણ થાય છે. તો પછી ભૂતલની જેમ ઘટાભાવને પણ પ્રત્યક્ષ કેમ ન ગણવો ?[૧૯] વળી જેમ ભાવ ઇન્દ્રિયગ્રહણ યોગ્ય છે. તેમ અભાવ પણ ઇન્દ્રિયગ્રહણ યોગ્ય છે. ઇન્દ્રિય અભાવનું જ્ઞાન કરાવે છે તે હકીકત છે એટલે ઇન્દ્રિય અને અભાવ વચ્ચે કોઈ સંબંધ (સંનિકર્ષ) પણ કલ્પવો જોઈએ. ન્યાયવૈશેષિકોએ અભાવના પ્રત્યક્ષ માટે વિશેષણભાવરૂપ સંનિકર્ષ માન્યો છે. ઘટાભાવને ભૂતલનું વિશેષણ ગણવામાં આવ્યું છે. ઘટાભાવ જેનું વિશેષણ છે તેવા ભૂતલ સાથે ઇન્દ્રિયનો સંયોગસંનિકર્ષ થતાં ઘટાભાવનું તે ઇન્દ્રિયથી પ્રત્યક્ષ થાય છે. આમ અહીં ઇન્દ્રિયનો ઘટાભાવ સાથે સંયુક્ત વિશેષણ ભાવ સંનિકર્ષ થાય છે.[૨૦]

આમ ન્યાયવૈશેષિકના મતે અભાવ પ્રત્યક્ષગ્રાહ્ય છે. જો કે વાચસ્પતિ મિશ્ર જણાવે છે કે અભાવ પ્રત્યક્ષ છે પણ અભાવનું પ્રત્યક્ષજ્ઞાન થવા માટે પ્રતિયોગીનું સ્મરણ આવશ્યક છે. આની સામે કોઈ એવો આક્ષેપ કરી શકે કે પ્રતિયોગીના સ્મરણથી ઇન્દ્રિયનો વ્યાપાર બાધા પામતો હોઈ ઇન્દ્રિય અભાવનું જ્ઞાન કરાવવા સમર્થ નથી. અર્થાત્ અભાવનું જ્ઞાન પ્રત્યક્ષ નથી. આ આક્ષેપના ઉત્તરમાં વાચસ્પતિમિશ્ર જણાવે છે કે સવિકલ્પ પ્રત્યક્ષમાં શબ્દસ્મરણ અને પૂર્વગૃહીત પિંડના અનુસંધાન વગેરેથી ઇન્દ્રિયવ્યાપાર બાધા પામતો ન હોય તો પછી અભાવના પ્રત્યક્ષજ્ઞાનમાં પ્રતિયોગીના સ્મરણથી ઇન્દ્રિયવ્યાપાર બાધા શા માટે પામે ? આની સામે કોઈ કહે કે સવિકલ્પ પ્રત્યક્ષમાં શબ્દસ્મરણ વગેરે તો મદદ કરનારા છે. અને શબ્દસ્મરણાદિ સવિકલ્પ પ્રત્યક્ષના અંગરૂપ છે તેથી તે વ્યવધાનરૂપ નથી. પરંતુ 'ભૂતલમાં ઘટાભાવ' એમ કહેતાં ઘટાભાવના

---

17 Vaiśeṣika Philosophy, H. VI., p. 101, 118.

૧૮ मीमांसाश्लोकवार्तिक, सं. रामशास्त्री, चौ. सं. सीरीज, पृ. ४७३

१९ कन्दली पृ. ५४४

२० न्यायवार्तिकतात्पर्यटीका, १–१–४

—न्यायभूषणम्, सं. स्वामी योगीन्द्रानन्द, वाराणसी, पृ. ४३२

પ્રતિયોગી ઘટનું સ્મરણ થાય તો એના અભાવનું જ્ઞાન શી રીતે થાય ? અર્થાત્ પ્રતિયોગીનું સ્મરણ અભાવમાં બાધક બને છે આવો આક્ષેપ કરનારને તે પૂછે છે કે ઘટ કોનો પ્રતિયોગી છે ? ન્યાય–વૈશેષિકોના મતે તે ઘટાભાવનો પ્રતિયોગી છે. પરંતુ ઘટાભાવના જ્ઞાનનો પ્રતિયોગી નથી. ઘટાભાવના જ્ઞાનની ઉત્પત્તિમાં ઘટનું (પ્રતિયોગીનું) સ્મરણ હેતુ છે. અભાવનો પ્રતિયોગી અભાવના અનુભવો (પ્રત્યક્ષનો) પ્રતિયોગી (વિરોધી) નથી પણ અનુયોગી છે.[૨૧]

અભાવનું પ્રત્યક્ષ થવામાં પ્રતિયોગીના સ્મરણ ઉપરાંત બીજો માનસવ્યાપાર જરૂરી છે તે છે તર્ક–તર્ક પોતે પ્રમાણ નથી. પરંતુ પ્રમાણને પોતાનું કાર્ય કરવામાં તે સહાયક છે. ન્યાય–વૈશેષિકો જણાવે છે કે અભાવના પ્રત્યક્ષના સમર્થનમાં તર્ક ઉપસ્થિત થાય છે કે જો ઘટ ભૂતલ પર હોત તો તે પણ ભૂતલની જેમ પ્રત્યક્ષ થાત. કારણ કે જે કારણસામગ્રીમાંથી ભૂતલ પ્રત્યક્ષ થવા યોગ્ય છે તે જ કારણસામગ્રીથી ઘટ પણ પ્રત્યક્ષ થવા યોગ્ય છે અને ઘટનું પ્રત્યક્ષ તો અત્યારે અહીં થતું નથી માટે તે અત્યારે અહીં નથી.[૨૨]

ન્યાય–વૈશેષિકો માને છે કે ઘટાભાવના જ્ઞાનમાં ઘટનું સ્મરણ જરૂરી હોવા છતાં તે સ્મરણ કરતાં ઇન્દ્રિયવ્યાપારનું પ્રાબલ્ય વિશેષ હોવાથી તે જ્ઞાન પ્રત્યક્ષજ્ઞાન છે. ભાટ્ટમીમાંસકો ઇન્દ્રિય-વ્યાપારનિરપેક્ષ માનસજ્ઞાનને અભાવનું ગ્રાહક ગણે છે. જ્યારે ન્યાય–વૈશેષિકો માનસવ્યાપાર સાપેક્ષ ઐન્દ્રિયક જ્ઞાનને અભાવનું ગ્રાહક માને છે.[૨૩]

આમ, ન્યાયવૈશેષિકોના મતે અભાવ ભાવપ્રતિયોગિક એવો સ્વતંત્ર પદાર્થ છે. તેના મુખ્યત્વે પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અત્યંતાભાવ અને અન્યોન્યાભાવ એવા ચાર પ્રકાર છે અને અભાવ તેમના મતે પ્રત્યક્ષગ્રાહ્ય છે. અભાવનું સ્વતંત્ર પદાર્થ તરીકેનું અસ્તિત્વ ન્યાયવૈશેષિકોના બાહ્યાર્થવાદને અત્યંત સુદૃઢ બનાવે છે. શક્ય છે કે દર્શનની પ્રારંભિક અવસ્થામાં અભાવને આટલું મહત્ત્વ નહીં મળ્યું હોય. પરંતુ તે સર્વથા અસ્વીકૃત પદાર્થ તો નહોતો જ. પરિણામે બાહ્યાર્થવાદને પરિપૂર્ણ બનાવવા વૈશેષિકદર્શનના સિદ્ધાંતોના વિકાસની સાથે અભાવનો સિદ્ધાંત પણ વિકસ્યો અને પછીના ચિંતકોએ એને અન્ય પદાર્થોની સાથે જ બાહ્ય અસ્તિત્વ ધરાવનાર સ્વતંત્ર પદાર્થ તરીકેનું સ્થાન આપ્યું.

---

૨૧ न्यायवार्तिकतात्पर्यटीका, १–१–४

૨૨ न्यायवार्तिकतात्पर्यटीका, १–१–१

૨૩ मीमांसाश्लोकवार्तिक, सू. पू., का. २७

# THE GAEKWAD'S ORIENTAL SERIES

*GOS. Nos.*

30 TATTVASANGRAHA—Vol. I (Sanskrit Text)—Edited by Pandit Embar Krishnamacharya (Reprinted; 1984) Rs. 165.00

156 GAṄGADĀSA-PRATĀPAVILĀSA-NĀṬAKAM—by Gaṅgādhara—Edited by B. J. Sandesara and Pandit Amritlal M. Bhojak (1973) Rs. 12.00

157 ZAFAR UL WĀLIH BĪ MUZAFFAR WA ĀLIHI—An Arabic History of Gujarat Vol. II—by Abdullāh Muhammad Al-Makki Al-Āṣafi Al-Ulughkhāni Ḥajji Ad-Dabir, Translated into English by M. F. Lokhandwala (1974) Rs. 50.00

158 A DESCRIPTIVE BIBLIOGRAPHY OF THE PRINTED TEXTS OF THE PĀÑCARĀTRĀGAMA, Vol. I—by Daniel Smith (1975) Rs. 50.00

159 SATYASIDDHIŚĀSTRA—of Harivarman, Vol. I—Sanskrit Text from Chinese translation by N. A. Sastri (1976) Rs. 65.00

160 ĀGAMAPRĀMĀṆYA—of Yāmunācārya—Edited by M. Narasimhachary (1976) Rs. 18.00

161 SMṚTICINTĀMAṆI—of Gaṅgāditya—Edited by Ludo Rocher (1976) Rs. 26.00

162 VṚDDHAYAVANAJĀTAKA—of Mīnarāja, Vol. I—Edited by David Pingree (1976) Rs. 94.00

163 VṚDDHAYAVANAJĀTAKA—of Mīnarāja, Vol. II—Edited by David Pingree (1977) Rs. 64.00

164 SOḌHALA-NIGHAṆṬU (Nāmasaṅgraha and Guṇasaṅgraha) of Vaidyācārya Soḍhala—Edited by Priya Vrat Sharma (1978) Rs. 53.00

165 SATYASIDDHI ŚĀSTRA—of Harivarman—Vol. II (English translation)—by N. A. Sastri (1978) Rs. 92.00

166 ŚAKTISAṄGAMA TANTRA—Vol. IV : CHINNAMASTĀ KHAṆḌA—Edited by Late B. Bhattacharyya & Pandit Vrajavallabha Dvivedi (1978) Rs. 49.00

167 KṚTYAKALPATARU—of Bhaṭṭa Laxmīdhara : PRATIṢṬHĀKĀṆḌA Vol. IX—Edited by Late K. V. Rangaswami Aiyangar (1979) Rs. 53.00

168 A DESCRIPTIVE BIBLIOGRAPHY OF THE PRINTED TEXTS OF THE PĀÑCARĀTRĀGAMA—Vol. II—AN ANNOTATED INDEX TO SELECTED TOPICS by H. Daniel Smith (1980) Rs. 41.00

169 NYĀYĀLAṄKĀRA—of Abhayatilaka Upādhyāya Edited by A. L. Thakur & Late J. S. Jetly (1981) Rs. 143.00

170 TṚCABHĀSKARA by Bhāskararāya Edited by R. G. Sathe (1982) Rs. 53.00

171 ŚRĪ GAṆEŚAVIJAYAKĀVYAM Edited by B. N. Bhatt Rs. 46.00

*Can be had of :*

MANAGER, UNIVERSITY PUBLICATIONS SALES UNIT, University Press Premises, Near Palace Gate, Palace Road, Baroda-390 001, Gujarat, India.

# उत्तरार्धं तु परिशेषादनुदात्तम् ।

**નારાયણ મ. કંસારા***

ભગવાન પાણિનિએ અષ્ટાધ્યાયીના પ્રથમ અધ્યાયના બીજા પાદમાં સ્વરવર્ણોની હ્રસ્વ, દીર્ઘ અને પ્લુતસંજ્ઞાઓ નિર્દેશી, સ્થાનિનિયમાર્થ ફરીથી એક સૂત્ર રચ્યું **अचश्च** (૧.૨.૨૮) અને ત્યારબાદ ત્રણ સૂત્રોમાં ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત સંજ્ઞાઓની સમજૂતી આપી. સ્વરિત સંજ્ઞા માટે સૂત્ર આપ્યું **समाहारः स्वरितः** (૧.૨.૩૧). આ સૂત્રની વૃત્તિમાં કાશિકાકારે નોંધ લીધી કે **सामर्थ्याच्चात्र लोकवेदयोः प्रसिद्धौ गुणावेव वर्णधर्माबुदात्तानुदात्तौ गृह्येते, नाचौ ।** અને પછી સમજાવ્યું કે **तौ समाह्रियेते यस्मिन्नचि तस्य 'स्वरितः' इत्येषा संज्ञा विधीयते ।** કાશિકાકારે ઉદાત્તાદિને વર્ણધર્મરૂપ ગુણ ગણ્યા તેનું કારણ છે **सिद्धं त्वच्समुदायस्याभावात्तद्गुण सम्प्रत्ययः** એ સમાધાનવાર્તિક (સૂત્ર ૧.૨.૩૧ના મહાભાષ્યનો) મહાભાષ્યકારે આ વાર્તિક ઉપરના ભાષ્યમાં **नैतद् गुणापेक्षम् । किं तर्हि ? अजपेक्षमेतत्... ।** એમ કહીને પછી ઉમેર્યું કે **तद्यथा शुक्लगुणः शुक्लः कृष्णगुणः कृष्णः य इदानीमुभयगुणः स तृतीयामाख्यां लभते–कल्माष इति वा सारङ्ग इति वा । एवमिहापि उदात्त उदात्तगुणः, अनुदात्तोऽनुदात्तगुणः, य इदानी-मुभयगुणः स तृतीयामाख्यां लभते स्वरित इति । समाहारः स्वरितः ।** આ રીતે સ્વરિતમાં ઉદાત્ત અને અનુદાત્તનું સંમિશ્રણ થાય છે એટલું સિદ્ધ થયું.

પછી આ સંમિશ્રણમાં કયા અંશમાં ઉદાત્ત છે? કયા અંશમાં અનુદાત્ત છે? કેટલો ભાગ ઉદાત્ત છે? કેટલો ભાગ અનુદાત્ત છે એની સ્પષ્ટતા કરવા ભગવાન પાણિનિએ સૂત્ર આપ્યું **तस्यादित उदात्तमर्धह्रस्वम्** (૧.૨.૩૨). આ સૂત્રમાં **ह्रस्व** પદાંશ હોવાથી શંકા થાય કે દીર્ઘ અને પ્લુતને આ લાગુ પડી શકે નહીં, તેનું સમાધાન આપતાં મહાભાષ્યકારે કહ્યું કે **मात्रचोऽत्र लोपो द्रष्टव्यः । अर्धह्रस्वमात्रमर्धह्रस्वमिति ।** અને વધુ સ્પષ્ટતા કરતાં ઉમેર્યું કે **आमिश्रीभूतमिवेदं भवति ।......तदाचार्यः सुहृद्भूत्वान्वाचष्टे इयदुदात्तमियदनुदात्तमस्मिन्नवकाश उदात्तम् अस्मिन्नवकाशेऽनुदात्तमिति ।** અને છેવટે આ ચાર સૂત્રોની જરૂરિયાત અંગે કહ્યું છે કે **अन्वाख्यानमेव तर्हीदं मन्दबुद्धेः ।** આનું કારણ મહાભાષ્યકારે આ ચર્ચા દરમિયાન આપી દીધું છે જ કે **व्याकरणं नामेयमुत्तरा विद्या । सोऽसौ छन्दःशास्त्रेष्वभिविनीत उपलब्ध्याधिगन्तुमुत्सहते ।** અર્થાત્ વ્યાકરણશાસ્ત્ર એ છંદઃશાસ્ત્રની પછી આવતી વિદ્યા છે તેથી તેની પહેલાં શિક્ષાશાસ્ત્ર ભણીને સ્થાન, કરણ ઇત્યાદિમાં પારંગત થયા બાદ જ આ શાસ્ત્રમાં પ્રવેશ થાય છે અને તેથી ઉદાત્તાદિ સંજ્ઞાઓ સમજાવવાનું ભગવાન પાણિનિએ જરૂરી માન્યું છે. આ સૂત્રના મહાભાષ્યમાં મહાભાષ્યકારે કોઈ પણ ઠેકાણે સૂત્રકારના '**ह्रस्व**' શબ્દ પ્રયોગને **अतन्त्र** અર્થાત્ અવિવક્ષિત

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૨૩૯–૨૪૬.

* મહર્ષિ એકેડેમી ઑફ વેદિક સાયન્સ, અમદાવાદ–૧૫.

ગણાવ્યો નથી. પ્રદીપકારે કે ઉદ્યોતકારે પણ આવું કર્યું નથી. પ્રદીપકારે 'ह्रस्व' શબ્દનું સ્વારસ્ય સમજાવતાં કહ્યું છે કે **अर्धह्रस्वशब्दः प्रमाणवाची रूढिशब्दः । व्युत्पत्त्यर्थं तु ह्रस्वस्योपादानम्, अर्धमात्रात्वेनाभिधीयते ।...तत्र यथा ह्रस्वे बुद्धयार्धमात्रा विभज्यते एवं दीर्घप्लुतयोरपीति ।** એની વધુ સ્પષ્ટતા કરતાં ઉદ્યોતકારે કહ્યું છે કે **रूढयाऽर्धमात्रारूपप्रमाणविशेषोऽनेनोच्यते न ह्रस्वस्य अर्धमित्यर्थ इति भावः ।** આ રીતે ભાષ્યકાર, પ્રદીપકાર અને ઉદ્યોતકાર સુધી તો ભગવાન પાણિનિના સૂત્રમાંનો ભાવ જરા પણ વિકૃત થયા વગર સ્પષ્ટ થતો આવ્યો.

પરંતુ સૌ પહેલાં કાશિકાકારે આ સૂત્રમાંના 'ह्रस्व' પદાંશ અંગે કહ્યું છે કે **ह्रस्वग्रहणमतन्त्रम् ।** છતાં કાશિકાકારને સૂત્રાર્થ બાબત કશી જ શંકા ન હતી, તેથી આ મુદ્દાની સ્પષ્ટતા કરી કે **सर्वेषामेव ह्रस्वदीर्घप्लुतानां स्वरितानामेष स्वरविभागः । 'शिक्य॑म्' इत्यत्रार्धमात्रा आदित उदात्ता अपरार्धमात्रा अनुदात्ता, एकश्रुतिर्वा । 'कन्या॑' इत्यार्धमात्राऽऽदित उदात्ता, अध्यर्धमात्रा अनुदात्ता । 'माणवका ३ माणवका' इत्यत्रार्धमात्राऽऽदित उदात्ता, अर्धतृतीयमात्रा अनुदात्ता ।** કારણ કે મહાભાષ્યકારને અનુસરીને કાશિકાકારે પણ અહીં '**मात्र**' પદ અધ્યાહાર્ય હોવાનું સ્વીકારીને '**अर्धह्रस्वम्' इति चार्धमात्रोपलक्ष्यते** એમ કહી દીધું છે.

હવે, કાશિકાકારે આ **अतन्त्रम्** શબ્દ પ્રયોજ્યો તેનો શું અર્થ ? એની સ્પષ્ટતા કરતાં પદમંજરીકારે કહ્યું કે **ह्रस्वग्रहणमतन्त्रमिति । अप्रधानम् उपलक्षणत्वाद्–यथा काकेभ्यो दधि रक्ष्यतामित्यत्र काकाः ।** અર્થાત્ 'અતન્ત્ર' પદ અપ્રધાનતા દર્શાવવા પ્રયોજ્યું છે, તેને ચુસ્ત રીતે પકડી રાખવાનું નથી. ન્યાસકારે આ અંગે વધુ સ્પષ્ટતા કરી કે **तेन सर्वेषामेव ह्रस्वादीनामेष स्वरविभागो भवति ।...न चायं विधिः, किं तर्हि ? तस्य विहितस्य विभागाख्यानार्थः ।** અહીં સુધીના વૈયાકરણો આ સૂત્રના વ્યાખ્યાન અંગે બહુ જ સ્પષ્ટ હતા તે આપણે પૂર્વભૂમિકારૂપે જોયું.

કૌમુદીકારે સંજ્ઞાપ્રકરણનાં આરંભનાં સૂત્રોમાં આઠમા સૂત્ર તરીકે આ સૂત્ર (૧.૨.૩૨)ને સમજાવતાં વૃત્તિમાં કહ્યું કે **ह्रस्वग्रहणमतन्त्रम् । स्वरितस्यादितोऽर्धमुदात्तं बोध्यम् । उत्तरार्धं तु परिशेषादनुदात्तम् ।** આ કથન કરતી વખતે ભટ્ટોજી દીક્ષિતે પ્રથમ વાક્ય તો સીધું કાશિકામાંથી જ ઉછીનું લઈ લીધું. પણ એટલેથી જ અટકી ગયા અને પછી સૂત્રાર્થની સમજૂતી આપતાં જરા થાપ ખાઈ ગયા, કેમ કે '**मात्र**' પદ અધ્યાહાર છે એવું કાશિકાકારનું વિધાન લેવાનું તે ચૂકી ગયા. કદાચ કાશિકાકારને તે મુનિત્રયવાદી નહોતા ગણતા ! પણ જ્યાં ખુદ મહાભાષ્યકાર, પ્રદીપકાર અને ઉદ્યોતકારે આ સ્વીકાર્યું હતું ત્યાં એમને પણ એ સ્વીકારતાં વાંધો ન હોતો આવવો જોઈ તો. પણ ત્રિમુનિવાદી હોવા છતાં એમણે થાપ ખાધી. એમના પગલે તત્ત્વબોધિનીકારે કહ્યું કે **अतन्त्रमिति । अविवक्षितमित्यर्थः ।** બાલમનોરમાકારે શરૂઆતમાં તો કહ્યું કે **तन्त्रं प्रधानम् । 'तन्त्रं प्रधाने सिद्धान्ते' इति कोशः । न विद्यते तन्त्रं वाच्यार्थलक्षणं प्रधानं यस्य तद् अतन्त्रम् अविवक्षितार्थकमित्यर्थः ।** અહીં સુધી બાલમનોરમાકાર રસ્તો ચૂક્યા નથી, કેમ કે **अविवक्षितार्थम्**નો અર્થ **प्रधानत्वेन अविवक्षितार्थकम्** એમ સમજીને આપણે તેમને શંકાનો લાભ આપી શકત. પણ પછી એમણે થાપ ખાઈને કહી દીધું કે **ह्रस्वग्रहणं न कर्तव्यमिति यावत् ।** અને કારણ આપતાં ઉમેર્યું કે **दीर्घस्वरितेऽप्युत्तरभागस्य वेदेऽनुदात्तत्वदर्शनादिति भावः ।** બાલમનોરકારે થાપ ખાધી એમાં કારણભૂત છે ભટ્ટોજીનું વિધાન કે **उत्तरार्धं तु परिशेषाद् अनुदात्तम् ।**

આપણી પ્રસ્તુત ચર્ચાનો વિષય મુખ્યત્વે આ વિધાન પરત્વે જ છે, કારણ કે એ અર્થઘટન મહાભાષ્યકાર, પ્રદીપકાર, ઉદ્યોતકાર અને કાશિકાકારની વિરૂદ્ધ જાય છે. ભટ્ટોજીને પણ આપણે શંકાનો લાભ આપતાં કહી શકીએ કે કૌમુદી એ તો માત્ર વૃત્તિગ્રંથ છે અને એમાં શકય તેટલો સંક્ષેપ કરવાનું જરૂરી હોવાથી તેમણે સંક્ષેપમાં અર્થઘટન દર્શાવ્યું હશે. પણ એમના અર્થઘટનનો અભિપ્રેતાર્થ તત્ત્વબોધિનીકાર કે બાલમનોરમાકારે પકડ્યો જણાતો નથી.

ભટ્ટોજીને આ મુદ્દા પરત્વે સ્પષ્ટતા કરવી જરૂરી લાગી હતી તેથી જ તેમણે પ્રૌઢમનોરમામાં तस्यादित...સૂત્ર ઉપરની વૃત્તિનું વિવરણ કરતાં अतन्त्रमिति એમ પ્રતીક નિર્દેશીને ઘણા વિસ્તારપૂર્વક ચર્ચા આરંભી છે. પ્રથમ તો अतन्त्रम् શબ્દનો अविवक्षितम् એમ અર્થ દર્શાવી કહ્યું : उपेयिवान् (૩.૨.૧૦૯) इत्यत्र उपसर्ग इव अविवक्षितमित्यर्थः । અર્થાત્ उपेयिवाननाश्वाननूचानश्च (૩.૨.૧૦૯) એ સૂત્રમાં ભગવાન પાણિનિએ उपेयिवान्, अनाश्वान् અને अनूचान् એ શબ્દોનું નિપાતન કર્યું છે ત્યાં જેમ પ્રથમ શબ્દમાં उप એ ઉપસર્ગ પ્રધાનતયા વિવક્ષિત નથી કેમ કે બીજો ઉપસર્ગ પણ ત્યાં આવી શકે છે (જેમ કે समेयिवान्માં) અથવા ઉપસર્ગ વિના પણ (જેમ કે ईयिवान्માં) ચાલી શકે છે, તે રીતે અહીં પણ उप ઉપસર્ગને ચુસ્તપણે વળગી રહેવાનું પાણિનિને અભિપ્રેત નથી. પછી આ પ્રકારની 'અવિવક્ષા' અંગે પ્રમાણ આપતાં ભટ્ટોજીએ પ્રૌઢમનોરમામાં લક્ષ્ય અર્થાત્ ભાષાપ્રયોગનો નિર્દેશ કર્યો છે : इह तु अविवक्षायां प्रमाणं किम ? इति चेत्, लक्ष्यदर्शनं, प्रातिशाख्यादिकं चेति गृहाण । પછી સ્વરતનો અર્ધો ભાગ ઉદાત્ત હોય છે એના પ્રમાણ તરીકે ભટ્ટોજીએ ઋક્પ્રાતિશાખ્યમાંથી एकाक्षरसमावेशे पूर्वयो: स्वरित: स्वर: (૩.૩), तस्योदात्ततरोदात्तादर्धमात्रार्धमेव वा (૩.૪), अनुदात्त: पर: शेष: स उदात्तश्रुति: (૩.૫) અને न चेत्, उदात्तं वोच्यते किञ्चित् स्वरितं वाऽक्षरं परम् ૩.૬) એ વિધાનો શ્લોકો રૂપે ટાંકયા છે, અને સમજાવ્યું છે કે ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ એક જ સ્વરમાં સમાવિષ્ટ થાય ત્યારે બંનેનો મળીને સ્વરિત સ્વર થાય છે. તેમાની અર્ધમાત્રા જેટલો ભાગ કે અર્ધો ભાગ સામાન્ય ઉદાત્ત કરતાં વધુ તીવ્ર ઉદાત્ત હોય છે. પછી પ્રાતિશાખ્યના પાંચમા સૂત્રાત્મક વિધાન અંગે સમજૂતી આપતાં કહ્યું છે કે 'अनुदात्त' इत्यादि परिशेषसिद्धार्थकथनम् । અર્થાત્ अनुदात्त: पर: शेष: એ શબ્દો દ્વારા બાકીના ભાગનો સિદ્ધ થતો અર્થ કહ્યો છે. પછી શાકલ્યનું વચન ટાંક્યું છે કે अप्राकृतस्तु य: स्वार: स्वरितोदात्तपूर्वग: । उदादायार्धमस्याथ शिष्टं निघ्नन्ति कम्पितम् ॥ અને એના ઉપર ટિપ્પણ કર્યું છે કે अर्धह्रस्वशब्देन अर्धमात्रा लक्ष्यते इति हरदत्तादिग्रन्थास्तु मतान्तरपरतया कथंचिन्नेया: । અર્થાત્ 'अर्धह्रस्व' શબ્દ દ્વારા 'अर्धमात्रा'નું સૂચન થાય છે એવું હરદત્ત વગેરેએ પોતાના ગ્રંથોમા સમજાવ્યું છે તે અન્યમતને અનુલક્ષીને છે એમ ગમે તેમ કરીને બંધ બેસાડવું ! અહીં ભટ્ટોજી પોતાની કૌમુદીમાંના उत्तरार्धं तु परिशेषादनुदात्तम् એ કથનને વળગી રહેતા જણાય છે, અને તે પોતે તેમાં થાપ ખાઈ ગયા છે તે જાણતા લાગે છે.

ભટ્ટોજીના उत्तरार्धं तु परिशेषादनुदात्तम् એ વિધાનને બરાબર ચકાસીએ તો અર્થ એમ થાય કે હ્રસ્વની ½ + ½ માત્રા એવા બે અર્ધા વિભાગોમાંથી પ્રથમ ½ ઉદાત્ત અને બાકીની ½ અનુદાત્ત હોય; દીર્ઘની ૧ + ૧ માત્રા એવા બે ભાગોમાની પ્રથમ એકમાત્રા ઉદાત્ત અને બાકીની

એક માત્રા અનુદાત્ત હોય; અને પ્લુતની ૧½ + ૧½ એમ બે અર્ધા વિભાગોમાંથી પ્રથમ દોઢમાત્રા ઉદાત્ત અને બાકીની ૧½ માત્રા અનુદાત્ત હોય. ઋક્પ્રાતિશાખ્યના ઉપર નિર્દેશેલા तस्योदात्ततरोदात्तादर्धमात्रार्धमेव वा (૩.૪)નો અર્થ સમજાવતાં ભટ્ટોજીએ કહ્યું છે કે 'अर्धं वा' इति दीर्घाभिप्रायम् । अनेनैव ह्रस्वस्यापि संग्रहात्, व्यापकत्वात् इदमेव आदर्तव्यमिति सूचयितुम् 'एव'–कार: । અર્થાત્ 'अर्धं वा' એ વિધાન દીર્ઘને અનુલક્ષીને છે, કેમ કે એની દ્વારા જ હ્રસ્વનો પણ સમાવેશ થઈ જાય છે, અને એ રીતે વ્યાપકતા સધાય છે તેથી આ જ મત આદરપાત્ર છે એવું સૂચવવા સૂત્રમાં एव પદ મૂક્યું છે. આ ઉપરથી દીર્ઘમાં હ્રસ્વ + હ્રસ્વ એમ એક એક માત્રાના બે ભાગ પડે છે તેનો આડકતરો નિર્દેશ ભટ્ટોજીએ અહીં કર્યો છે. આ અર્થ ઉવટભાષ્યને અનુસરતો છે, કેમકે ઉવટે ઋક્પ્રાતિશાખ્યની વૃત્તિમાં 'अर्धमेव वा'નો અર્થ સ્પષ્ટ કરતાં કહ્યું છે કે द्विमात्रस्य स्वरस्यायमुदात्तांश: कथित: ।

આમ છતાં મહાભાષ્યકાર, પ્રદીપકાર અને ઉદ્યોતકાર તથા પદમંજરીકારથી તો ભટ્ટોજી વિરુદ્ધ પડી જાય છે જ. પાણિનિએ તો શાકલ્યની પરંપરાને અનુસરીને ઉપર નિર્દેશેલ અવતરણમાંના उदादायार्धमस्य, અર્થાત્ अस्य अर्धम् उदात्तं कृत्वा એ વિધાનને અનુસરીને જ સૂત્રમાં अर्धह्रस्वम् પદ મૂક્યું જણાય છે અને મહાભાષ્યકાર વગેરેને અનુસરીને જ કાશિકાકાર વગેરેએ અર્થઘટનમાં 'मात्र' શબ્દને અધ્યાહાર ગણ્યો છે. આનો સ્વીકાર ન કરતાં ભટ્ટોજીએ ઉવટાચાર્યનું અનુસરણ અભીષ્ટ માન્યું છે, અને આ મુદ્દા પરત્વે મહાભાષ્યકાર તથા કાશિકાની પરંપરાથી અલગ ચીલો ચાતર્યો છે.

પણ આ ચર્ચા એ જમાનામાં ઘણી જોરદાર ચાલી હશે એવું લાગે છે કારણ કે ભટ્ટોજી જેવા ત્રિમુનિવાદી મહાભાષ્યકારથી અલગ મત માંડે તે વણનોધ્યું જવું સંભવિત ન હતું. આના પડઘા પ્રૌઢમનોરમા ઉપરની ટીકાઓમાં પડેલા છે. તેથી જ હરિ દીક્ષિતે 'બૃહચ્છબ્દરત્ન'માં ભટ્ટોજીનું एवकार इति। એ પ્રતીક લઈને તેના ઉપર ટિપ્પણી કરતાં કહ્યું કે वा शब्दस्तु पादपूरणार्थ: । પછી સ્વરિતમાંના ઉદાત્ત–અનુદાત્ત ભાગની ભટ્ટોજીસૂચિત વહેંચણી લૌકિક ભાષાને લાગુ પડે છે એવું સમાધાન આપવા પ્રયત્ન કર્યો હશે તેનો અસ્વીકાર કરીને હરિ દીક્ષિતે અંતે કહ્યું કે अर्द्धशब्दस्य लेशवाचकत्वेन सर्वसिद्धेश्चेत्यास्तां तावत् । અર્થાત્ ઉપર નિર્દેશેલા પ્રાતિશાખ્યવચનમાંનો 'अर्धम्' શબ્દ લેશવાચક છે એમ માનો અને હવે આ ચર્ચા પડતી મૂકો! એ જ રીતે નાગેશ ભટ્ટે પણ પ્રૌઢમનોરમા પરની 'લઘુશબ્દરત્ન'માં एवकार ઉપર ટિપ્પણી કરી કે तच्छाखायां दीर्घादिष्वपि समांशोदात्तकस्वरितस्यैव पाठादिति भाव: । एतेन एतौ पक्षौ वैकल्पिकौ इत्यपास्तम् । 'वा' शब्दस्तु पादपूरणायेति बोध्यम् । અર્થાત્ ઋક્પ્રાતિશાખ્યકારની કે ભટ્ટોજીની શાખામાં દીર્ઘ વગેરેમાં બરાબર અર્ધો ભાગ ઉદાત્ત તરીકે પાઠ થતો હશે એમ તાત્પર્ય છે. આ ઉપરથી સ્વરિતમાંના ઉદાત્ત–અનુદાત્તની વહેંચણી અંગેના આ બે પક્ષો વૈકલ્પિક છે એવું મંતવ્ય ખોટું ઠરે છે. 'વા' શબ્દ તો પાદપૂરણ માટે જ છે એમ જાણવું! આ રીતે ભટ્ટોજીના અનુયાયીઓને ભટ્ટોજીના મંતવ્ય સાથે બાંધછોડ કરીને ચર્ચાનો અંત લાવવો પડ્યો હતો તે હકીકતના મૂળમાં પણ મહાભાષ્યકારના અર્થઘટન સાથેનો ભટ્ટોજીના અર્થઘટનનો વિરોધ કારણભૂત જણાય છે.

ભટ્ટોજીએ આ વિરોધ વહોરીને પણ મૂળ પ્રાતિશાખ્યોના ભાષ્યકારોના અર્થઘટનને સ્વીકારવાનું વલણ અપનાવ્યું છે. ઋગ્વેદ પ્રાતિશાખ્યનું વચન અને એના ઉપરના ઉવટભાષ્યનું અવતરણ આપણે ઉપર જોયું જ છે. શુક્લયજુર્વેદના વાજસનેયિપ્રાતિશાખ્યના પ્રથમ અધ્યાયમાં આ અંગેનું સૂત્ર છે तस्यादित उदात्तं स्वरार्धमात्रम् (૧·૧૨૬). આ જ સૂત્રના ભાષ્યમાં ઉવટાચાર્ય કહે છે કે स्वरितस्य स्वरस्य आदौ उदात्तं ज्ञातव्यम् । तच्च स्वरार्धमात्राकालम् । यद्येकमात्रो यदि द्विमात्रो यदि त्रिमात्रः स्वरस्तथाप्यर्धमुदात्तं परमनुदात्तम् । अयं तु स्वरिते उदात्तानुदात्तप्रविभागो द्रष्टव्यः । પછી સ્વરિતની આ મિશ્રીભાવની ખાસિયત સમજાવવા તાંબા અને જસતના મિશ્રણથી બનેલ કાંસાનું અને ગોળ તથા દહીં ભેળવવાથી બનેલ 'માર્જીક' નામની વાનગીનું ઉદાહરણ આપતાં કહ્યું છે કે यथा त्रपुताम्रयोः संयोगे धात्वन्तरस्य कांस्यस्योत्पत्तिः यथा च गुडदध्नोरेकीभावे मार्जिकोत्पत्तिः एवमुदात्तानुदात्तसंयोगे स्वरितोत्पत्तिः । અનંતભટ્ટે પણ વાજસનેયિપ્રાતિશાખ્યના ભાષ્યમાં ઉવટાચાર્યના શબ્દો ઉતાર્યા છે.

પરંતુ, આશ્ચર્યની બીના એ છે કે આ બંને ભાષ્યકારો સૂત્રમાંના स्वरार्धमात्रम्નો શબ્દાર્થ તો અનુક્રમે स्वरार्धमात्राकालम् અને तच्चार्धमात्राकालम् કહીને બરાબર સમજાવી દે છે. પણ પછી એનું વિવરણ કરતી વખતે 'मात्रा' પદ પ્રત્યે દુર્લક્ષ્ય કરીને મૂળ સૂત્રમાંના अर्धमात्रम्નો સ્થૂળ અર્થ અનુસરીને अर्धमेव જેવો કરીને એકમાત્રિકની અર્ધી, દ્વિમાત્રિકની આખી, અને ત્રિમાત્રિકની દોઢ માત્રા જેટલો ભાગ ઉદાત્ત છે એમ સમજાવે છે. પાણિનિએ પોતાના સૂત્રની રચના કાત્યાયનકૃત ઉપર નિર્દેશેલા વાજસનેયિપ્રાતિશાખ્યને અનુસરીને કરી હોય તેમ જણાય છે, કેમ કે બંનેનાં સૂત્રો એકબીજાને ખૂબ મળતાં આવે છે અને પ્રાતિશાખ્યકાર કાત્યાયન પાણિનિના પુરોગામી હશે એમાં ખાસ શંકાને સ્થાન નથી. વળી વૈદિકસ્વરનો વિષય હોવાથી અને 'કાત્યાયનના પ્રાતિશાખ્ય'નું વચન સૂત્રાત્મક હોવાથી પાણિનિને એ શૌનકના વચન કરતાં વધુ સ્વીકારવા અનુકૂળ જણાયું હશે. કાત્યાયનના આ વાજસનેયિપ્રાતિશાખ્યના સૂત્રમાં स्वरार्धमात्रम् એમ શબ્દપ્રયોગ છે. શૌનકના ઋગ્વેદપ્રાતિશાખ્યમાં अर्धमात्रा પદ છે. 'શૌનકીય–ચતુરાધ્યાયિકા' તરીકે ઓળખાતા અથર્વવેદ પ્રાતિશાખ્યમાં સ્વરિતના આ આંતરિક વિભાજનનો કશો જ ઉલ્લેખ નથી. તૈત્તિરીય પ્રાતિશાખ્યમાં પણ સ્વરિતના આંતરિક વિભાજન અંગે तस्यादिरुच्चैस्तरानुदात्तादनन्तरे यावदर्धं ह्रस्वस्य (૧·૪૧) એવું સૂત્ર છે, જેને 'માહિષેય છન્દોભાષા', નામની વ્યાખ્યામાં આ રીતે સમજાવવામાં આવ્યું છે. तस्य स्वरितस्यादिरुच्चैस्तरां भवति; उदात्तादन्तरे यावत् ह्रस्वार्धकालम् । અહીં સ્પષ્ટ રીતે ह्रस्वार्धकालम् કહ્યું છે. સામવેદ સાથે સંકળાયેલા 'ऋक्-तन्त्रम्' નામે પ્રસિદ્ધ પ્રાતિશાખ્યમાં દ્વિતીય પ્રપાઠકના ષષ્ઠ દશકના ત્રીજા સૂત્રમાં આ વિષય ચર્ચ્યો છે. સૂત્ર છે, आद्यार्धमात्रा स्वरितम् (૨·૬·૩) જેને તેની વ્યાખ્યામાં आद्यार्धमात्रा उत्संज्ञां भवति । तत् स्वरितं नाम । એમ સમજાવ્યું છે. પ્રથમ સૂત્રમાં જ उदात्तमुत् (૨·૬·૧) અર્થાત્ उदात्तमुत्संज्ञं भवति । उच्चमित्यर्थः એમ વિધાન હોવાથી સ્પષ્ટ જ છે કે ઋક્તન્ત્રકારના મતે સ્વરિતની આદ્ય અર્ધીમાત્રા ઉદાત્ત હોય છે. આ બધાં પ્રાતિશાખ્યોનાં સ્વરિતના આંતરિક બંધારણને લગતાં સૂત્રો જોતાં સ્પષ્ટ જણાય છે કે પાણિનિએ પોતાનું સૂત્ર કાત્યાયનના વાજસનેયિપ્રાતિશાખ્યને આધારે જ રચ્યું હશે. પરંતુ આ બધાં પ્રાતિશાખ્યોએ સ્પષ્ટ રીતે अर्धमात्रा, स्वरार्धमात्रम्, अर्धं ह्रस्वस्य, आद्यार्धमात्रा એવાં વિધાન કર્યાં છે, તેથી જ પાણિનિએ

'અર્ધમાત્રા'નો બોધ કરાવવા વાજસનેયિપ્રાતિશાખ્યમાંના **स्वरार्धमात्रम्** પદને સ્થાને બીજા પ્રાતિશાખ્યોના શબ્દપ્રયોગોનું સામંજસ્ય સાધીને **अर्धह्रस्वम्** શબ્દપ્રયોગ સૂત્રમાં સ્વીકાર્યો જણાય છે. અહીં '**ह्रस्व**' એ પદ એકમાત્રિક સ્વરવર્ણનો બોધ કરાવે છે, તેથી પ્રાતિશાખ્યોની પરંપરાની પૂરેપૂરી જાણકારી ન ધરાવનારા વામન-જયાદિત્યે **ह्रस्वग्रहणमतन्त्रम्** કહ્યું છતાં મહાભાષ્યકારના અર્થથી વિરુદ્ધ વ્યાખ્યાન ન કર્યું.

પરંતુ ભટ્ટોજીએ માત્ર ઋગ્વેદપ્રાતિશાખ્યના ઉવટભાષ્ય તેમજ શુક્લયજુર્વેદના વાજસનેયિ-પ્રાતિશાખ્યના ઉવટભાષ્યને વધુ મહત્ત્વનું લેખીને પોતાના અર્થઘટનમાં કાશિકાકારનું **ह्रस्वग्रहण-मतन्त्रम्** વચન સ્વીકારી '**मात्र**' શબ્દને અધ્યાહાર ન લેખી, મૂળ પ્રાતિશાખ્યની પરંપરા તથા પાણિનીય સૂત્રના મહાભાષ્યગત વ્યાખ્યાનને ઉવેખીને કાશિકાકારના વચનના તાર્કિક ફલિતાર્થરૂપે વિધાન કર્યું કે **उत्तरार्धं तु परिशेषादनुदात्तम** । 'અમરકોષ' વગેરે સર્વમાન્ય કોશગ્રંથોમાં **अर्धं समेंऽशके** (१.०.१६) અર્થાત્ **समप्रविभागेऽर्धशब्दः क्लीबमेव** (રામાશ્રયી) એ રીતે બે સરખા ભાગ પડે ત્યારે દરેક ભાગને 'અર્ધ' કહી શકાય એવો નિર્દેશ હોવાથી '**अर्धह्रस्वम्**'નો અર્થ **अर्धंह्रस्वमात्रम्** અર્થાત્ 'શરૂઆતની અર્ધી માત્રા' એમ થઈ શકે પણ 'હ્રસ્વ'ને 'અતંત્ર' કે અવિવક્ષિત કહ્યા વગર 'ઉત્તરાર્ધ'માં એક આખી કે દોઢ માત્રાનો સમાવેશ કેવી રીતે થઈ શકે આ પ્રશ્ન ઉદ્ભવ્યો અને આ ચર્ચાના આખરી સમાધાન માટે જ હરિ દીક્ષિતને 'બૃહચ્છબ્દરત્ન'માં **अर्धशब्दो न समांशवाची, अपि तु लेशवाची** । અને **कस्यांचिच्छाखायां समांशः, कस्यां चिच्छाखायामर्धमात्रेति व्यवस्थापनीयम् । अत एव 'अर्धग्रहणं व्यर्थम्'. 'समं स्यादश्रुतत्वाद् इति परास्तम्** । (પૃ. ૩૬) એમ કહીને ભટ્ટોજીના '**अतन्त्रम्**'ની પીંજણ કરવી પડી. એ જ રીતે નાગેશને 'લઘુશબ્દરત્ન'માં '**अनुपात्तमपि अर्धमात्रारूपं प्रमाणमेवोपलक्ष्यते' इत्यर्थं तस्य हेलाराज आह । एवं च लोके, अन्यशाखासु च दीर्घादिष्वपि अर्धमात्रैव उदात्तेति भावः** । (પૃ. ૩૯) એમ કબૂલ કરીને ભટ્ટોજીની પ્રૌઢમનોરમામાં કરેલી જીદમાં બાંધછોડ કરવી પડી.

## સંદર્ભસૂચિ


૧ **वैयाकरणसिद्धान्तकौमुदी**–'**बालमनोरमा**' અને '**तत्त्वकौमुदी**' સહિત (કારકપ્રકરણાન્ત) પ્રથમ ભાગ સંપાદક મ. મ. પં. ગિરિધર શર્મા ચતુર્વેદ અને મ. મ. પં. પરમેશ્વરાનંદ શર્મા વિદ્યાભાસ્કર, પ્રકાશક: મોતીલાલ બનારસીદાસ, દિલ્લી, ૧૯૬૧; પૃ. ૧૨–૧૪.

૨ **प्रौढमनोरमा** (ભટ્ટોજી દીક્ષિતકૃત), હરિ દીક્ષિતકૃત '**बृहच्छब्दरत्न**' અને નાગેશકૃત '**लघुशब्दरत्न**' સહિત પ્રથમ ભાગ, સંપાદક: ડૉ. સીતારામ શાસ્ત્રી, પ્રકાશક: કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી, ૧૯૬૪; પૃ. ૩૬–૪૦.

૩ **काशिकावृत्तिः** (વામન–જયાદિત્યકૃત) જીતેન્દ્રબુદ્ધિકૃત '**न्यास**' (=કાશિકાવિવરણ-પંજિકા) અને હરદત્તમિશ્ર વિરચિત '**पदमञ्जरी**' વ્યાખ્યા સહિત ભાગ ૧, સંપાદક: સ્વામી દ્વારિકાદાસ શાસ્ત્રી અને આચાર્ય કાલિકાપ્રસાદ શુક્લ પૃ. ૩૧૨–૩૧૪; ભાગ ૨, એ જ સંપાદકો પ્રકાશક: સુધી પ્રકાશન, વારાણસી, ૧૯૮૩; પૃ. ૬૨૦–૬૨૩.

४ **ऋग्वेद–प्रातिशाख्यम्** (**उवटभाष्य** સહિત) સંપાદક : હિન્દી અનુવાદક, ટિપ્પણીકાર ડૉ. વીરેન્દ્રકુમાર વર્મા, પ્રકાશક : કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી, ૧૯૭૦; પૃ. ૨૧૫–૨૧૯.

५ **ऋग्वेद–प्रातिशाख्य** (**एक परिशीलन**) લેખક–ડૉ. વીરેન્દ્રકુમાર વર્મા, પ્રકાશક : કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી, ૧૯૭૨; (હિન્દી); પૃ. ૨૨૦–૨૨૨.

६ **शुक्लयजुर्वेदप्रातिशाख्यम्** અથવા **वाजसनेयिप्रातिशाख्यम्** (ઉવટ અને અનન્તભટ્ટનાં ભાષ્યો સહિત). સંપાદક અને વ્યાખ્યાકાર ડૉ. વીરેન્દ્રકુમાર વર્મા, પ્રકાશક : જ્ઞાનપ્રકાશ પ્રતિષ્ઠાન, વારાણસી, ૧૯૭૫; પૃ. ૭૧.

७ **तैत्तिरीयप्रातिशाख्यम्** (માહિષેયકૃત '**पदकषसदन**' ભાષ્ય સહિત) સંપાદક : વી. વેંકટરામ શર્મા, પ્રકાશક : પાણિનિ, નવી દિલ્હી, ૧૯૮૨; (અંગ્રેજીમાં); પૃ. ૧૧.

८ **ऋक्तन्त्रम्** અર્થાત્ **सामप्रातिशाख्यम्** '**ऋक्तन्त्रविवृति**' અને '**सामवेद सर्वानुक्रमणी**' સહિત, સંપાદક : ડૉ. સૂર્યકાન્ત, પ્રકાશક : મહેરચંદ લચ્છમનદાસ, દિલ્હી, ૧૯૭૦; (અંગ્રેજીમાં); પૃ. ૧૨–૧૩.

९ **अथर्ववेदप्रातिशाख्य** સંપાદક : વિલિયમ ડી. વ્હીટની, પ્રકાશક : ચૌખંબા, સંસ્કૃત સિરીઝ ઑફિસ, વારાણસી, ૧૯૬૨; (અંગ્રેજીમાં); પૃ. ૨૦.

---

OUR LATEST MONUMENTAL PUBLICATIONS

**RAJPUT PAINTING : 2 Vols.**—ANAND K. COOMARASWAMY,
—with a Foreword by KARL J. KHANDALAVALA
*pp.* 108 *text.* 7 *Multi-coloured plates,* 96 *plates, Delhi,* 1976 *Cloth Rs.* 500
A valuable guide to understand Rajput Painting of the 14th Century A.D.; the book portrays the popular religious motifs and offers information on Hindu Customs, Cstumes and Architecture.

**A HISTORY OF INDIAN PHILOSOPHY : 5 Vols.**—S. N. DASGUPTA
*pp.* 2,500: *Delhi,* 1975: *Rs.* 200
A comprehensive study of Philosophy in its historical perspective. The author traces the origin and development of Indian Philosophy to the very beginnings, from Buddhism and Jainism, through monistic dualistic and pluralistic systems that have found expression in the religions of India.

**THE HINDU TEMPLE : 2 Vols.**—STELLA KRAMRISCH
*pp.* 308, 170 ( *text* ) + 81 *plates, Delhi,* 1976, *Cloth Rs.* 250
The work explains the types of the spiritual significance of the Hindu Temple architecture, traces the origin and development of the same from the Vedic fire altar to the latest forms, discusses the superstructure, measurement, proportion and other matters related to temple architecture.

**TAXILA : 3 Vols.**—SIR JOHN MARSHALL
*pp.* 420, 516, 246 *plates, Delhi,* 1975, *Cloth Rs.* 400
The book records the political and cultural history of N. W. India ( 500 B.C.—A.D. 500 ), the development of Buddhism, the rise and fall of political powers—Aryans, Greeks, Sakas etc. and illustrates the archaeological remains by 246 photographs.

**JAIN AGAMAS : Volume 1 Acaranga and Sutrakrtanga ( Complete )**
Ed. by MUNI JAMBU VIJAYAJI, *pp.* 786: *Delhi,* 1978, *Cloth Rs.* 120
The volume contains the Prakrit Text of the two agamas, Exposition by Bhadrabahu in Prakrit, the Sanskrit Commentary by Śilāṅka, Introduction Appendices etc. by Muni Jambu Vijayaji Maharaja.

**ANCIENT INDIAN TRADITION AND MYTHOLOGY** ( in English translation ) ( Mahāpurāṇas )—General Editor: PROF. J. L. SHASTRI. *App. In Fifty Volumes Each Vol. Rs.* 50 *Postage Extras pp.* 400 *to* 500 *each Vol.*: *Clothbound with Gold Letters and Plastic Cover.* In this series 12 Vols. have been published: Clothbound with Gold letters. Vols. 1-4 Śiva Purāṇa; Vols. 5-6 Liṅga Purāṇa, Vols. 7-11 Bhāgavata Purāṇa, Vol. 12 Garuda Purāṇa ( Part I ).

**INDIA AND INDOLOGY:** Collected Papers of PROF. W. NORMAN BROWN—Ed. by PROF. ROSANE ROCHER: *pp.* 38 + 304, *Cloth Rs.* 190
The book contains important contributions of Prof. W. Norman Brown to Indology: Vedic Studies and Religion, fiction and folklore, art and philology, the book contains a biographical sketch of Prof. Norman Brown and a bibliography of his writings.

**ENCYCLOPAEDIA OF INDIAN PHILOSOPHIES:** Ed. KARL H. POTTER *Vol. I Bibliography. pp.* 811, *Rs.* 80, *Vol. II Nyāya Vaiseṣika, pp.* 752, *Rs.* 150
This is an attempt by an international team of scholars to present the contents of Indian Philosophical texts to a wider public. Vol. I contains the Bibliography of the works on Indian Philosophies. Vol. II gives a historical resume, nature of a philosophical system and summaries of works beginning from Kāṇāda.

**SERINDIA :** *Demy Quarto, Vols. I-III Text, Appendices, Indices, Illustrations* 545, ( *pp.* 1-1580 ): *Vol. IV Plates* 175, *Vol. V Maps* 94 ( Shortly )
This book is based on a report of explorations carried out by Sir Aurel Stein in Central Asia and Western most China and contains scholarly analysis of the finds by experts in their respective fields.

PLEASE WRITE FOR OUR DETAILED CATALOGUE
**MOTILAL BANARSIDASS**
*Indological Publishers and Booksellers*
**Bungalow Road, Jawahar Nagar, DELHI-110007 ( INDIA**

# યાજ્ઞવલ્કયસ્મૃતિનો ગણુપતિકલ્પ–એક સમીક્ષા★

**ડી. જી. વેદિયા***

ધર્મશાસ્ત્રસાહિત્યમાં યાજ્ઞવલ્કયસ્મૃતિનું એક વિશિષ્ટ સ્થાન છે. તેના ઉપર રચાયેલી મિતાક્ષરા નામની ટીકા તો ભારતના બંધારણમાં હિન્દુઓને લગતા લગ્ન અને અન્ય બાબતોના કાયદાઓની મૂળ આધારશિલા બની છે. મનુસ્મૃતિ અને અન્ય સ્મૃતિઓ સાથે યાજ્ઞવલ્કય-સ્મૃતિની તુલના કરતાં ગણુપતિકલ્પ, ગ્રહશાંતિ વગેરે બાબતો તેની આગવી વિશિષ્ટતારૂપ બન્યાં છે. આ સ્મૃતિના આચારઅધ્યાયના શ્લોક ૨૭૧થી ૨૯૨માં ગણુપતિકલ્પ નિરૂપાયો છે.

આ ગણુપતિકલ્પના આરંભમાં કહ્યું છે તેમ રુદ્ર અને બ્રહ્માએ ગણુપતિને કર્મોમાં વિઘ્નો ઊભાં કરવા માટે નિયુક્ત કર્યા છે.[1] આ કલ્પની શરૂઆતમાં ગણુપતિથી ગ્રસાયેલી વ્યક્તિના જ્ઞાપક હેતુરૂપ વિવિધ સ્વપ્નોની વિગતો ૨½ શ્લોકોમાં આપી છે. અગાધ જળમાં સ્નાન, મુંડિત પુરુષો અને કાષાય વસ્ત્રધારી લોકો સાથે નિવાસ, માંસભક્ષી પક્ષીઓ ઉપર સવારી, ચાંડાલ–ગધેડાં તેમજ ઊંટો સાથે નિવાસ અને શત્રુઓ દ્વારા થતો પીછો ગણુપતિએ કરેલા ગ્રસનના જ્ઞાપક હેતુરૂપ સ્વપ્નો છે.[2] ગણુપતિના નડતરનાં પ્રત્યક્ષ ચિહ્નો વિષે આગળના ૨½ શ્લોકોમાં જણાવ્યું છે તેમ આવા વ્યક્તિનાં કાર્યોનો આરંભ નિષ્ફળ થાય છે. કારણ વગર તે બેચેની અનુભવે છે. કુમારિકાને પતિ મળતો નથી, પરિણીત સ્ત્રીને ગર્ભ રહેતો નથી કે બાળક થતું નથી. શ્રોત્રિયને આચાર્યત્વ મળતું નથી. શિષ્યને અધ્યયન કરવાની તક મળતી નથી. વેપારીને વેપારમાં લાભ થતો નથી. ખેડૂતની ખેતી સફળ થતી નથી.[3] તેના ઉપાય તરીકે સરસવનો કલ્ક બનાવી તેમાં ઘી સાથે ઔષધિઓ મેળવી વ્યક્તિના માથા ઉપર તેનો લેપ કરી ભદ્રાસન ઉપર બેસાડી

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૨૪૭–૨૫૨.

★ તા. ૨૪-૧૨-૮૫ અને તા. ૨૫-૧૨-૮૫ના રોજ મ. સ. યુનિવર્સિટી, વડોદરાની વિનયન વિદ્યાશાખાના સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત વિભાગના ઉપક્રમે ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના અગિયારમા અધિવેશનમાં રજૂ થયેલો નિબંધ.

* એ-૪, નિગમ સોસાયટી, અંબિકા ટયુબ કોલોની પાછળ, વટવા–૩૮૨ ૪૪૫.

૧ विनायकः कर्मविघ्नसिद्धयर्थं विनियोजितः ।
गणानामाधिपत्ये च रुद्रेण ब्रह्मणस्तथा ॥ याज्ञवल्क्यस्मृति १/२७१.

सं. उमेशचन्द्र पाण्डेय, याज्ञवल्क्यस्मृतिः, चौखम्भा संस्कृत संस्थान, वाराणसी, तृतीय संस्करण, वि. सं. २०३९, पृ. १२६.

(આ લેખમાં આ આવૃત્તિનો સંદર્ભ માટે ઉપયોગ કર્યો છે.)

२ तेनोपसृष्टो यस्तस्य... ॥ याज्ञ० १/२७२–२७४, ab पृ. ३२७.

३ याज्ञ० १/२७४, cd २७६, पृ. १२७.

બ્રાહ્મણો દ્વારા સ્વસ્તિપુણ્યાહવાચન કરાવી વિનાયક સ્નાપનવિધિથી સ્નાન કરાવવું[૪] આવા સ્નાન માટે ધરામાંથી એક જ વર્ણના ચાર ઘડામાં પાણી ભરી લાવી તેમાં હયશાળા, ગજશાળા, સર્પનો રાફડો, નદીના સંગમ, અને ધરામાંથી લાવેલી માટી, ગોરોચન, ગંધ અને ગૂગળ નાખી રાતા બળદના ચામડા ઉપર મૂકેલા ભદ્રાસનની ચારે દિશામાં ઘડા મૂકી અભિષેકના ત્રણ મંત્રોથી (યાજ્ઞ. ૧/૨૮૧–૨૮૩) ક્રમશઃ પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં મૂકેલા ઘડાના જળથી એક એક મંત્ર ભણી અભિષેક કરી ત્રણે મંત્રો સાથે ભણી ઉત્તરના કળશથી અભિષેક કરવો. અભિષેક પછી ડાબા હાથે કુશની ઝૂડી મસ્તક ઉપર ફેરવી ઉદુમ્બરના સ્રુવથી આચાર્યે मित, सम्मित, शाल, कङ्कट, कूष्माण्ड અને राजपुत्रને ઉદ્દેશીને સરસવના તેલનો હોમ કરવો. લૌકિક અગ્નિમાં સ્થાલીપાક હોમી દશ દિક્પાલને બલિદાન આપવું.[૫-૬]

સ્નાનવિધિ પછી ચતુષ્પથે સૂપડામાં બધે કુશ વેરી કાચા–પાકા ભાત, પલલ, ઓદન, કાચાં–પાકાં માછલાં, કાચું–પાકું માંસ, રંગબેરંગી ફૂલ, ગૌડી–માધ્વી અને પૈષ્ટી એ ત્રણ પ્રકારની સુરા, ઉંદેરકની માળા, દહીં–અન્ન, પાયસ, ગોળ ભાત અને લાડુનું બલિદાન આપી ધરો, સરસવ અને ફૂલની અંજલિ ભરી અર્ઘ્ય આપવો.[૭] ત્યારબાદ રૂપ, યશ, ભાગ્ય, પુત્ર અને સર્વ કામનાઓની પૂર્તિ માટે ઉપસ્થાન કરવું.[૮] સફેદ વસ્ત્રો અને સફેદ પુષ્પોની માળા પહેરવાં. શ્વેત ચંદનનો લેપ કરવો. બ્રહ્મભોજન કરાવી ગુરુ અને બ્રાહ્મણોને વસ્ત્રોની જોડ આપવી.[૯]

આ કલ્પના અંતે ગ્રહપૂજા, આદિત્ય, સ્કંદ અને ગણપતિની પૂજાને સિદ્ધિદાયક ગણાવી છે.[૧૦]

---

४ स्नापनं तस्य कर्तव्यं पुण्येऽह्नि विधिपूर्वकम् ।
गौरसर्षपकल्केन साज्येनोत्सादितस्य च ॥
सर्वौषधैः सर्वगन्धैर्विलिप्तशिरसस्तथा ।
भद्रासनोपविष्टस्य स्वस्ति वाच्या द्विजाः शुभाः ॥
(याज्ञ० १/२७७-२७८) पृ. १२८.

("...सर्वौषधैः प्रियङ्गुनागकेसरादिभिः सर्वगन्धैश्चन्दनागुरुकस्तूरिकादिभिर्विलिप्तशिरसो वक्ष्यमाणभद्रासनोपविष्टपुरुषस्य द्विजा ब्राह्मणा शुभा श्रुताध्ययनवृत्तसम्पन्नाः शोभनाकृतयश्चत्वारः "अस्य स्वस्ति भवन्तो ब्रुवन्तु" इति वाच्याः । अस्मिन् समये गृह्योक्तमार्गेण पुण्याहवाचनं कुर्यादित्यर्थः ।" (એજન, याज्ञ० मिताक्षरा, पृ. १२८).

५ याज्ञ० १/२८४, पृ. १३०.

६ याज्ञ० १/२८५–२८६, ab पृ. १३१.

७ याज्ञ० १/२८६–२९०, पृ. १३१–१३२.

८ रूपं देहि यशो देहि भगं भवति देहि मे ।
पुत्रान् देहि धनं देहि सर्वकामांश्च देहि मे ॥ याज्ञ० १/२९१, पृ. १३२.

९ याज्ञ० १/२९२, पृ. १३३.

१० आदित्यस्य सदा पूजां तिलकं स्वामिनस्तथा ।
महागणपतेश्चैव कुर्वन्सिद्धिमवाप्नुयात् ॥ याज्ञ० १/२९, ४, पृ. १३४.

આમ ગણપતિ કલ્પમાં ગણપતિનો આવેશ અને તેની અસરો દૂર કરવાનો ઉપાય બતાવ્યો છે.

ગણેશપુરાણ, મુદ્દગલપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ ગણેશખંડ, ભવિષ્યપુરાણના બ્રાહ્મખંડ જેવા પુરાણસાહિત્યના ગ્રંથોમાં મળતાં ગણપતિના સ્વરૂપ, તેમની ઉત્પત્તિકથાઓ, અવતાર-કથાઓ, તેમના વિવિધ પૂજોપચાર તેમજ ગણેશતાપિની અને ગણેશ હેરમ્બોપનિષદ્, અને ગણપત્યથર્વશીર્ષમાં નિરૂપિત બ્રહ્મસ્વરૂપથી[11] ભિન્ન બાબત યાજ્ઞવલ્ક્યસ્મૃતિનો ગણપતિ-કલ્પ રજૂ કરે છે.

ગણપતિનું એક રૂપ 'નિકુંભ' છે. વારાણસીમાં નિકુંભની આરાધનાથી દિવોદાસની પત્ની સુયશાને પુત્ર ન થતાં દિવોદાસે નિકુંભના મંદિરને નષ્ટ કર્યું. નિકુંભે વારાણસી ઉજ્જડ થવાનો દિવાદાસને શાપ આપ્યો. તાલજંઘ વગેરે હૈહયોએ વારાણસીને ઉજ્જડ કરી દિવાદાસને ભગાડ્યો. અંતે વારાણસીમાં નિકુંભની પુનઃ સ્થાપના થઈ. આ કથામાં વર્ણવાયેલ 'નિકુંભ' જ ગણપતિ છે. ગણેશ, ગણપતિ, ગણેશ્વર બહુભોજી અને કામપૂરક નામો નિકુંભના વર્ણનમાં મળે છે.[12] કાલિદાસે રઘુવંશ કે કુમારસંભવમાં ગણપતિનો સીધો ઉલ્લેખ કર્યો નથી પરંતુ રઘુવંશમાં નિકુંભનો નિર્દેશ કર્યો છે.[13] મતલબ કે કાલિદાસના સમયમાં ગણપતિનું મહત્ત્વ પ્રસ્થાપિત નહીં થયું હોય પરંતુ યાજ્ઞવલ્ક્યસ્મૃતિનો ગણપતિકલ્પ તે સ્મૃતિના રચનાકાળે ગણપતિના સ્વરૂપ અને તેમને મળેલી મહત્તાની સાક્ષી પૂરે છે.

વાજસનેયી સંહિતા (૨૨/૩૦; ૨૩/૧૯ વગેરે)માં 'ગણપતિ' શબ્દ રુદ્ર માટે પ્રયોજાયેલ છે. રુદ્ર અને ગણપતિ 'વ્રાતપતિ' અને 'પ્રમથપતિ' છે. અર્થાત્ સંઘ જૂથ કે સમુદાયના દેવ છે. તેમની અવગણના અનેક આફતો નોતરનાર છે.

સૂત્રગ્રંથોમાં માનવ ગૃહસૂત્રનો ગણપતિકલ્પ (૨/૧૪) અને યાજ્ઞવલ્ક્યસ્મૃતિના ગણપતિકલ્પ (૧/૨૭૧-૨૯૨) સાથે ઘણું સામ્ય ધરાવે છે. ગણપતિનો ભૂત-પ્રેતની માફક આવેશ, આવિષ્ટ વ્યક્તિને આવતાં સ્વપ્ન, આવેશની પ્રત્યક્ષ અસર[14] આવેશનાં પ્રત્યક્ષ

---

११ म. म. सिद्धेश्वर शास्त्री चित्राव, प्राचीन चरित्रकोश, भारतीय चरित्रकोश मंडल, पूना-४, प्रथम संस्करण, वि. सं. २०२९ 'गणपति', पृ. १८०-१८१.

૧૨ એજન, પૃ. ૧૮૧. ઉપર ઉલ્લેખિત વાયુપુરાણ ૯૨/૩૬-૫૧નો સંદર્ભ.

१३ अवेहि मां किङ्करमष्टमूर्तेः कुम्भोदरं नाम निकुम्भमित्रम् ॥ (रघुवंश २/३५).
Gopal Raghunath Nandargiker, The Raghuvaṁs'a of Kālidāsa, Motilal Banarasidas, 3rd Edition, New Delhi, 1982, P. 48.

१४ "अथातो विनायकान् व्याख्यास्यामः । शालकटंकटश्च कूष्माण्डराजपुत्रश्चोत्स्मितश्च देवयजनश्चेति । एतैरधिगतान् इमानि रूपाणि भवन्ति । लोष्ठं मन्द्राति । तृणानि छिनत्ति । अङ्गेषु लेखान् लिखति । अपस्वप्नं पश्यति । मुण्डान् पश्यति । जटिलान् पश्यति । काषायवाससः पश्यति । उष्ट्रान् सूकरान् गर्दभान् दिवाकीर्त्यादीनन्यांश्चाप्रयतान् स्वप्नान् पश्यति । अन्तरिक्षं क्रामति । अध्वानं व्रजन्मन्यते पृष्ठतो मे कश्चिदनुव्रजति ॥

श्रीमैत्रायणीमानवगृह्यसूत्रभाष्यम् २/१ ४/१-१३, pp. 180-181.

ચિહ્ન,[૧૫] શાંતિ માટેનો વિનાયકસ્નાપનવિધિ,[૧૬] બલિદાન,[૧૭] ઉપસ્થાન[૧૮] વગેરેમાં ખૂબ સામ્ય જોવા મળે છે.

બૌધાયન ગૃહ્યસૂત્ર (૩/૩/૧૦)માં વિનાયકનું આરાધન કાર્યોની સિદ્ધિ, ધન, ઐશ્વર્ય અને પશુઓની પ્રાપ્તિ માટે કરવા જણાવાયું છે.[૧૯] અહીં ગણપતિનાં 'વિઘ્ન' અને 'વિઘ્નેશ્વર' નામો સૂચક છે.[૨૦] ગણપતિ 'વિઘ્નેશ' તેમજ 'વરદ' પણ છે. ગણપતિને અપૂપ, કરંભક અને પાયસનો હોમ, ભૂતબલિ તેમજ પંચસૂત્રનું કંકણબંધન[૨૧] વગેરે વિધિ વિઘ્નોની શાંતિ અને ગણપતિની પ્રસન્નતા માટે છે. ગણપતિના આરાધના સ્રોતની એક કડીરૂપ છે.

---

Ramkrishna Harshaji Sastri, Mānavagṛhyasūtra of the maitrāyaṇi śākhā, Panini, New Delhi, 1982 (Reprint) First Published in 1926, A. D. in Gaekwad Oriental Series.

१५ "एतैः खलु विनायकैराविष्टा राजपुत्रा लक्षणवन्तो राज्यं न लभन्ते । कन्याः पतिकामाः लक्षणवत्यो भर्तॄन् न लभन्ते । स्त्रियः पतिकामा लक्षणवत्यः प्रजा न लभन्ते । स्त्रीणामाचारवतीनामपत्यानि म्रियन्ते । श्रोत्रियोऽध्यापक आचार्यत्वं न प्राप्नोति । अध्येतॄणामध्ययने महाविघ्नानि भवन्ति । वणिजां वाणिज्यपथो विनश्यति । कृषिकराणां कृषिरल्पफला भवति । मानवगृह्यसूत्रम् । २/१४/१४-२१, એજન, પૃ. १८१.

१६ मानवगृह्यसूत्रम् २/१, ४/२२-२७, એજન, પૃ. ૧૮૨-૧૮૩.

१७ मानवगृह्यसूत्रम् २/१ ४/२८-२९, એજન, પૃ. ૧૮૩-૧૮૫.

१८ 'अधिष्ठितेऽर्द्धरात्र आचार्यो गृहानुपतिष्ठते । भगवति भगं मे देहि, वर्णवति वर्णं मे देहि, रूपवति रूपं मे देहि, तेजस्विनि तेजो मे देहि, यशस्विनि यशो मे देहि, पुत्रवति पुत्रान् मे देहिं, सर्ववति सर्वान् कामान् मे प्रदेहीति ॥ मानवगृह्यसूत्रम् २/१ ४/३०, એજન, પૃ. ૧૮૫.

(अवस्थिते अर्द्धरात्रेच्चार्या (?) गृहानुपतिष्ठते...तदा भगवतीत्याद्यया...अम्बिका गृहानुपतिष्ठते ततो (त) आचार्याणां गृहानुपतिष्ठति...इति मध्यरात्रे चत्वरपूजा-એજન पूरणव्याख्याने पृ. १८५).

१९ "अर्थातो विनायककल्पं व्याख्यास्यामः मासि मासि चतुर्थ्यां शुकलपक्षस्य पञ्चम्यां वाऽभ्युदयादौ सिद्धिकामः ऋद्धिकामः पशुकामो वा भगवतो विनायकस्य बलिं हरेत् ॥ बोधायनगृह्यसूत्रम् (३/३/१०/१), पृ. २९६.

R. Shama Sastri, Bodhayana Gṛhyasūtra, Panini Vaidika Granthamala-3, 1982, (Reprinted from 1920 edlition).

२० विघ्न विघ्नेश्वरागच्छ विघ्नेत्येव नमस्कृत ।
अविघ्नाय भवान् सम्यक् सदाऽस्माकं भव प्रभो ॥
(बोधायनगृह्यसूत्रम् ३/३/१०/२, पृ. २९७).

२१ अथ पञ्चसूत्रं कङ्कणं हस्ते व्याहृतिभिः बध्नाति विनायक महाबाहो विघ्नेश भवदाज्ञया । कामा मे साधितास्सर्वे इदं बध्नामि कङ्कणम् ॥
बोधायनगृह्यसूत्रम्, એજન, પૃ. ૨૯૮.

આ બંને ગૃહ્યસૂત્રોમાં ગણપતિના આરાધનની વિગતો સૂત્રસમયમાં ગણપતિની મહત્તા પ્રસ્થાપિત કરે છે. મનુએ જે વિગતો નથી આપી તે વિગતોને યાજ્ઞવલ્કયે સ્મૃતિમાં સ્થાન આપી ગૃહ્યસૂત્રોમાં નિરૂપિત અને આમ જનતાની દૃષ્ટિએ મહત્ત્વની મનાયેલી બાબતને પ્રસ્થાપિત કરી છે. સંભવ છે કે મનુસ્મૃતિના અંતિમ સંસ્કરણપ્રસંગે મનુસ્મૃતિના સંપાદકે સમાજના ધર્મ નીતિ, કાયદા વગેરે બાબતોને સમાવી ગણપતિકલ્પ જેવી અનેક વિગતોને પડતી મૂકી હશે. માનવગૃહ્યસૂત્ર અને મનુસ્મૃતિની ગૃહસૂત્રોક્ત બાબતોની તુલના આ વિષે ઉપકારક બને તેમ છે.

બોધાયનીય ગૃહ્યસૂત્રના ગણપતિકલ્પમાં વિનાયકશાંતિ સાથે અંબિકાની પૂજા-સ્તુતિ નથી. પરંતુ માનવ ગૃહ્યસૂત્રમાં છે[૨૨] અને યાજ્ઞવલ્કયસ્મૃતિ પણ તેનો ઉલ્લેખ કરે છે.[૨૩] મિતાક્ષરાકાર વિજ્ઞાનેશ્વર ગણપતિ અને અંબિકાની ગાયત્રીમંત્રથી[૨૪] પ્રાર્થના કરવાનું પણ વિનાયક સ્નપનવિધિમાં જણાવે છે. આમ વિજ્ઞાનેશ્વરના સમયમાં માનવગૃહ્યસૂત્રોક્ત વિનાયક-શાંતિ સુપ્રસિદ્ધ છે જ. માનવગૃહ્યસૂત્ર અને યાજ્ઞવલ્કયસ્મૃતિના ગણપતિકલ્પોની તુલના ઉપરથી ફલિત થાય છે કે યાજ્ઞવલ્કય માનવગૃહ્યસૂત્રને વધુ વફાદાર રહ્યા છે.

બોધાયન ગૃહ્યસૂત્ર, માનવગૃહ્યસૂત્ર અને અન્ય ગૃહ્યસૂત્રોમાં આવતા કલ્પો તેમજ વિવિધ પ્રકારની શાંતિવિધિઓનાં મૂળ અથર્વવેદમાં હોવાની સંભાવના છે. અથર્વવેદપરિશિષ્ટમાં મળતી ગોશાંતિ, અદ્‌ભુત શાંતિ, ભાર્ગવીય, ગાર્ગ્ય, બાર્હસ્પત્ય, ઔશનસાદ્‌ભુત, મહાદ્‌ભુત જેવી શાંતિવિધિઓ અને તેમાં ઈન્દ્ર, વરુણ, યમ, વૈશ્રવણ, સ્કંદ વગેરેના ઉલ્લેખો ‘ કલ્પ ’ નામાભિધાન વગેરે[૨૫] ગણપતિકલ્પો જેવા કલ્પોનો આદિસ્રોત હશે.

વૈદિક સમયના આખુપતિ, વ્રાતપતિ અને ગણપતિ રુદ્ર ગૃહ્યસૂત્રોના સમયમાં વિનાયક બને છે. તે લોકમાન્યતા પ્રમાણે અભદ્ર દર્શનવાળા છતાં શક્તિશાળી દેવતા બન્યા છે. તેમનું પ્રમુખ કાર્ય માંગલિક કાર્યોમાં વિઘ્નો ઊભાં કરવાનું કે થતાં કાર્યને બગાડવાનું હતું. મંડપ માતૃકાના પૂજન પહેલાં અવિઘ્નપૂજનમાં મોદ, પ્રમોદ, સુમુખ, દુર્મુખ, અવિઘ્ન અને વિઘ્નકર્તા

---

૨૨ अधिस्थितेऽर्द्धरात्रे अम्बिका गृहानुपतिष्ठते । ततो आचार्याणां गृहानुपतिष्ठति ।... इति मध्यरात्रे चत्वरपूजा ॥ मानवगृह्यसूत्रपूरणव्याख्याने ।

मानवगृह्यसूत्रम्, એજન, પૃ. ૧૮૫.

૨૩ विनायकस्य जननीमुपतिष्ठेत्ततोऽम्बिकाम् ॥ (याज्ञ० १/२९०), पृ. १३१.

૨૪ "कृताकृताद्युपहारद्रव्यजालं विनायकस्योपाहृत्य संनिधानात्तज्जनन्याश्च शिरसा भूमिं गत्वा—'तत्पुरुषाय विद्महे वक्रतुण्डाय धीमहि । तन्नो दन्ती प्रचोदयात्' इत्यनेन मन्त्रेण विनायकं—'सुभगायै विद्महे काममालिन्यै धीमहि । तन्नो गौरी प्रचोदयात्' इत्यनेनाम्बिकां च नमस्कुर्यात् । (याज्ञवल्क्यस्मृति मिताक्षराटीकायाम्) याज्ञ० १/२९०, ab p. १३१.

૨૫ વિગતો માટે જુઓ : अथर्ववेदपरिशिष्ट, ६६–७२, पृ. ३९८–३६८.

Ed. by George Melvilie Bolling Julius Von Negelein, The Pariśiṣtas of the Atharvaveda, Chaukhambha Orientalia, Varanasi, First Edition, 1976.

એ છ ગણપતિનાં નામો પણ આ બાબતનું સમર્થન કરે છે.[૨૧] વૈદિક દેવતા રુદ્ર કે ગણપતિ સિવાય અન્ય કોઈ વૈદિક દેવતાને અમંગલ કરનાર કે હાનિ પહોંચાડનાર માનવામાં આવ્યા નથી. આથી પ્રત્યેક મહત્ત્વના કાર્યના આરંભમાં તેમની પ્રસન્નતા પામવા આરંભમાં ગણપતિનું સ્મરણ કે ગણપતિનું પૂજન અનિવાર્ય મનાયું છે.

ઋગ્વેદનું બ્રહ્મણસ્પતિ સૂક્ત (૨/૨૩) ગણપતિનું સૂક્ત છે. યાજ્ઞવલ્ક્ય નામ ગોત્રજ નામ છે. 'યજ્ઞવલ્કય' ગોત્રનામ છે. પૌરાણિકોના મતે 'યજ્ઞવલ્કય' એ બ્રહ્મ છે.[૨૧] ब्रह्मणस्पति એ ગણપતિનું જ નામ છે. સંભવ છે કે યાજ્ઞવલ્કય ગાણપત્યસંપ્રદાયના અનુયાયી, અને પ્રચારક હોય. પરંતુ એટલું તો ચોક્કસ કે ગણપતિના આરાધનનું વિશિષ્ટ સ્વરૂપ માનવગૃહ્યસૂત્રને આધારે આલેખ્યું છે.

---

२६ "याज्ञवल्क्यो ब्रह्म इति पौराणिकाः । तदपत्यं याज्ञवल्क्यः ।

(याज्ञवल्क्यस्मृत्तौ विश्वरूपः)

"ब्रह्मणोऽङ्गात्समुत्पन्नः । (वायु० ६०/४२); अथान्यस्तत्र वै विद्वान् ब्रह्मणस्तु सुतः कविः ॥ (ब्रह्माण्डपुराण ३ ४/४४).

યાજ્ઞવલ્કય વિષે વિશેષ વિગતો માટે જુઓ : प्राचीनचरित्रकोश, पृ. ६८५, ६८६, ६९३.

# સંસ્કૃત ભાષાની પ્રવાહિતાના અનુમોદક ભટ્ટોજિ દીક્ષિત

ભગવતીપ્રસાદ પંડ્યા*

કોઈ પણ ભાષાને જીવંત કે પ્રવાહી રાખવામાં યથાસમય પરિવર્તન અને પરિવર્ધન થતું રહેતું હોય છે, પણ આ પરિવર્તન–પરિવર્ધન વ્યાકરણશાસ્ત્રથી નિયંત્રિત હોવું જોઈએ એમ શબ્દશાસ્ત્રીઓ માને છે. પાણિનિવ્યાકરણપરમ્પરામાં આ રીતના મંતવ્યના અનુસરણનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પ્રયત્ન એ દિશામાં હતો કે પાણિનિવ્યાકરણને જ વફાદાર રહીને અષ્ટાધ્યાયીના સ્વરૂપ તથા ગૌરવને અક્ષુણ્ણ રાખીને તે તે પૂર્વેથી ચાલ્યા આવતા કે નવા શબ્દોનું પણ પાણિનીય વ્યાકરણ દ્વારા સાધુત્વ સિદ્ધ કરીને, અનુમોદન આપીને તેમનો પ્રવાહ ચાલુ રાખવો.

પાણિનિએ પોતાની અષ્ટાધ્યાયીની સુનિયન્ત્રિત રચના દ્વારા શબ્દોનું અનુશાસન કર્યું છે, પણ સમય જતાં અનેક શબ્દો આ નિયંત્રણની બહાર જતા રહ્યા છે. આમાં બે કારણ છે : (૧) જેમ જેમ સમયનો પ્રવાહ વહેવા માંડ્યો તેમ તેમ કેટલાક શબ્દોમાં પરિવર્તન થયું, (૨) તો કેટલાક નવા શબ્દો પણ ભાષાનું અંગ બનવા માંડ્યા. આ રીતની સ્થિતિ હોવા છતાં સંસ્કૃતમન્દાકિનીનો પ્રવાહ તો અજસ્ર રીતે ચાલુ રહ્યો.

આ રીતનો જ પરિવર્તન–પરિવર્ધનનો પ્રવાહ સંસ્કૃત વાઙ્‌મયમાં પ્રાચીન મહાકવિઓની કૃતિઓમાં તેમણે કરેલા તે તે શબ્દપ્રયોગોમાં નજરે પડે છે. આ કૃતિઓમાં કરવામાં આવેલા શબ્દપ્રયોગો રસ અને પદસંનિવેશની દૃષ્ટિએ ઉચિત છે, છતાં ત્યાં એ કાવ્યકૃતિઓમાં કેટલાક એવા પ્રયોગો જોવા મળે છે કે જે ઉપર ઉપરથી તો પાણિનિવ્યાકરણના નિયમો (સૂત્રો)થી વિરુદ્ધ હોય તેવા જણાય છે, પણ તે પ્રયોગો વ્યાકરણશાસ્ત્રથી વિરુદ્ધ નથી, એ રીતનો શબ્દ-શાસ્ત્રીય ઊહાપોહ ભટ્ટોજિ દીક્ષિતે તેમની 'સિદ્ધાન્તકૌમુદી'માં કર્યો છે.

આ રીતનો ઊહાપોહ બહુ જ પ્રાચીન કાલથી સંસ્કૃત અલંકારશાસ્ત્રમાં પણ થયેલો છે. જો વ્યાકરણશાસ્ત્ર મોટે ભાગે શબ્દોના સાધુત્વ અને અસાધુત્વનો નિશ્ચય કરે છે, તો અલંકારશાસ્ત્ર તે તે શબ્દોની પ્રયોગ–યોગ્યતા નક્કી કરી આપે છે. વ્યાકરણે √मृज् (मृजू शुद्धौ) અદાદિગણ (રજો ગણ); વર્તમાન૦ તૃ. પુ. બ. વ.માં 'मृजन्ति' અને 'मार्जन्ति'

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૨૫૩–૨૬૬.

* ૧ એ, ગોપાલકુંજ સોસાયટી, મણિનગર, અમદાવાદ.

એ રૂપ બતાવ્યાં છે, પણ કાવ્યમાં પ્રયોગયોગ્ય રૂપ તો '**मार्जन्ति**' છે એમ ભામહ માને છે,[1] કારણ કે '**मार्जन्ति**' એ ઉચ્ચારણમાં એક જાતની કોમલતા છે, વળી રીસાવાના કારણે અશ્રુપાત કરતી પ્રિયતમાનાં મનામણાં કરનાર પ્રિયતમ કવિની ઉક્તિમાં એ વધારે શોભે છે.

કાવ્યોપયોગી શબ્દોની પ્રયોગયોગ્યતાની ચર્ચા 'ભરતનાટ્યશાસ્ત્ર' અ. ૧૪માં તથા કાલાન્તરે તે ઉપર લખાયેલ અભિનવગુપ્તની 'અભિનવભારતી'માં, ભામહના કાવ્યાલંકાર પરિશિષ્ટ ૬માં, વામનના 'કાવ્યાલંકારસૂત્રવૃત્તિ ગ્રંથ' (અધિકરણ ૫, અધ્યાય ૨)માં, રાજશેખરની 'કાવ્યમીમાંસા' (અધ્યાય ૬)માં, ભોજના 'શૃંગારપ્રકાશ' (૧ થી ૮ પ્રકરણો)માં વ્યાકરણની સ્વતંત્રરૂપે ચર્ચા કરવામાં આવી છે.

અલંકારશાસ્ત્રમાં ભામહે અને વામને સ્વતંત્રરૂપે કાવ્યોપયોગી શબ્દોની શુદ્ધિ તથા પ્રયોજનીયતા વિષે નોંધપાત્ર વિચારો દર્શાવ્યા છે, પણ પછીથી સમય જતાં અલંકારશાસ્ત્રીઓએ શબ્દસાધુત્વની બાબત શબ્દ દોષપ્રકરણ કે ગુણપ્રકરણમાં સમાવવાની ચેષ્ટા કરી છે.

વ્યાકરણશાસ્ત્રમાં પણ આ રીતના કાવ્યપ્રયોગોની સાધુતા કે અસાધુતા બતાવવાના જે પ્રયત્નો થયા છે, તેમાં ભટ્ટોજિનું પ્રદાન નોંધપાત્ર છે. આ પ્રદાનની પ્રશસ્યતાને બિરદાવવા માટે શબ્દાનુશાસનના ઇતિહાસનું વિહંગાવલોકન આવશ્યક જણાય છે.

પાણિનિનિર્દિષ્ટ શબ્દોના પરિવર્ધન–પરિવર્તનના શ્રીગણેશ કાત્યાયનના વાર્તિકો દ્વારા થયા છે. વાર્તિકની[2] પ્રસિદ્ધ વ્યાખ્યા પ્રમાણે ઉક્ત, અનુક્ત કે અસ્પષ્ટ રીતે ઉક્ત વિધાનોની જેમાં વિચારણા કરવામાં આવે છે તે ગ્રન્થને 'વાર્તિક' કહેવામાં આવે છે.

વાર્તિકકાર પછી ભાષ્યકાર પતંજલિએ કાત્યાયનનાં અનેક વાર્તિકોમાં સંશોધન કર્યાં; વળી પાણિનિસૂત્રોથી નિર્દિષ્ટ નિયમો માટે '**अत्यल्पमिदमुच्यते**' (આ તો બહુ ઓછું કહેવામાં આવે છે) એમ કહી તે તે સૂત્રોમાં અપઠિત અન્ય પ્રયોગોમાં પણ સૌત્ર કાર્ય કરવાનો પરામર્શ આપ્યો; અને એ રીતે સંસ્કૃતનો પ્રવાહ ચાલુ રહ્યો.

ત્યારબાદ આગળ વધતાં કાશિકાકારે પોતાની સ્વતંત્ર ચિંતનશક્તિ દ્વારા આ પરિવર્તન-પરિવર્ધનપ્રણાલીને આગળ વધારી, તે માટે કેટલાંક નવાં વાર્તિકો કે ઇષ્ટિઓ (લોકવ્યવહારમાં થતા ઇષ્ટ રૂપોની ઇષ્ટ સિદ્ધિ કરવા માટેના નિયમો)ની રચના કરી. 'કાશિકા'માં ઉપરથી અસાધુ જણાતા એવા કેટલાય પ્રયોગોની સાધુતા માટે અનેક વાર્તિકો રચાયાં છે. દા. ત.

---

૧ मार्जन्त्यधरराग़ं ते पतन्तो बाष्पबिन्दवः ।

(ભામહ: કાવ્યાલંકાર; ૬/૧૩).

૨ उक्तानुक्तदुरुक्तानां चिन्ता यत्र प्रवर्तते ।
तं ग्रन्थं वार्तिकम्प्राहुः संस्कृतज्ञा मनीषिणः ।

(A Dictionary of Sanskrit Grammar; મ. મ. કાશીનાથ અભ્યંકર; પ્રથમ સંસ્કરણ; પૂના, ૧૯૬૧, પૃ. ૩૨૩.

મહાભારતમાં પ્રચલિત '**मणीवोष्ट्रस्य लम्बेते प्रियौ वत्सतरौ मम**'માં આવેલ **मणी** (પ્રથમા વિ. દ્વિ. વ.) અને સાદૃશ્યાર્થક **इव** (**मणी + इव**)માં '**ईद्देद्द्विवचनं**' (દીર્ઘ ઈકારાન્ત દીર્ઘ ઊકારાન્ત તથા એકારાન્ત દ્વિવચનની પ્રગૃહ્યસંજ્ઞા થાય છે) સૂત્રથી[3] પ્રગૃહ્ય સંજ્ઞા અને તત્પ્રયુક્ત પ્રકૃતિવદ્ભાવ થતાં (એટલે કે દીર્ઘસંધિ ન થતાં) **मणी + इव** એમ વ્યસ્ત પ્રયોગ થવો જોઈએ છતાં મહાભારતના આ પ્રચલિત પ્રયોગમાં દીર્ઘસંધિ થયેલ છે. તેથી આવી સંધિનું–પ્રયોગનું સમર્થન કરવા માટે કાશિકાકારે એક વાર્તિક બનાવ્યું.[4]

આમ છતાં કાશિકાકારે રચેલા આ વાર્તિકને વાર્તિકકાર કાત્યાયન કે ભાષ્યકારનું સમર્થન મળતું ન હોવાથી, કાશિકાકારનું આ વાર્તિક ગ્રાહ્ય નથી એમ માનીને '**मणीव**'માં '**मणी + इव**' એમ નથી પણ '**मणी + व**'માં '**व वा यथा तथैवैवं साम्ये**' એ અમરકોશના વાક્યના આધારે '**व**' સાદૃશ્યાર્થક અવ્યય છે, તેથી 'બે મણિ જેવા' એવો અર્થ સ્વભાવતઃ પ્રાપ્ત થઈ જાય છે એમ માન્યું છે. અને એ રીતે **मणीव** પ્રયોગનું સમર્થન કરવામાં આવ્યું છે. આ રીતે આવી જાતના પ્રયોગોનો ઊહાપોહ કરીને સંસ્કૃતની પ્રવાહિતાને સુરક્ષિત રાખવામાં આવી છે.

અહીં એ પણ જોવું આવશ્યક છે કે સંસ્કૃત ભાષાની પ્રવાહિતા સુરક્ષિત રાખવા માટે લોક–રૂઢ કે ભાષામાં પ્રચલિત શબ્દપ્રયોગોની રક્ષા માટે પ્રકૃતિ અને પ્રત્યયની યોજના ઉપર ભાર મૂક્યા વગર, એવા શબ્દોને ભાષામાં ગોઠવી દેવી માટે 'નિપાતન'ની યુક્તિનો આશ્રય લેવામાં આવ્યો છે. એ જ રીતે કેટલાક પ્રયોગોની સિદ્ધિ માટે '**बहुल**' (**बहून् अर्थान् लाति आदत्ते इति बहुलम्** કે **बाहुलकम्** (**बहुल + वुञ्**)ની યોજના પણ પાણિનિ–પરમ્પરામાં પૂર્વેથી સ્વીકારવામાં આવી છે.[5] આ '**बहुलम्**'ની યોજનાથી કોઈક અભીષ્ટ ઉદાહરણ કે પ્રયોગમાં નિયમ (સૂત્ર)ની પ્રવૃત્તિ થાય છે, તો અનભીષ્ટ પ્રયોગમાં એ નિયમની અપ્રવૃત્તિ કરાવવામાં આવે છે. આ જ યુક્તિ વ્યવસ્થિત વિભાષાના રૂપે પણ કેટલાક ઓળખાવે છે. આ જ રીતે 'જ્ઞાપક સિદ્ધ' એટલે કે કોઈ એક સૂત્રમાં અમુક પદ કેમ રાખવામાં આવ્યું એવો પ્રશ્ન કરી તેની વ્યર્થતા બતાવી પછી તે દ્વારા કરાતા જ્ઞાપનની યુક્તિ, તો પછી ચારે બાજુથી વિચાર કરીને જે અર્થવ્યવસ્થા માટેનું નિરૂપણ કરે છે તે પરિભાષાની[6] યુક્તિ, તો પછી કોઈક પ્રયોગની સિદ્ધિ માટે સૂત્રકાર કે વક્તાને આ પ્રમાણે કહેવાનું તાત્પર્ય છે એવી વિવક્ષા અને અનભીષ્ટ પ્રયોગોમાં એવું તાત્પર્ય નથી એમ

---

૩ ईदूदेद्द्विवचनं प्रगृह्यम् ।
(પાણિનિ; (પા૦) (૧/૧/૧૧) સિદ્ધાન્ત કૌમુદી; સ્વરસન્ધિ; સૂત્રાંક ૧૦૦.

૪ ईदादीनां प्रगृह्यत्वे मणीवादानां प्रतिषेधो वक्तव्यः ।
(પા૦, કાશિકા; ૧/૧/૧૧).

૫ क्वचित् प्रवृत्तिः क्वचिदप्रवृत्तिः क्वचिद्विभाषा क्वचिदन्यदेव ।
विधेर्विधानं बहुधा समीक्ष्य चतुर्विधं बाहुलकं वदन्ति ॥
(વાજસનેયી પ્રાતિશાખ્ય; ૩/૧૮).

૬ परितः सर्वतो भाष्यन्तेऽर्था आभिरिति परिभाषाः ।
(પરિભાષાસંગ્રહ : સંપા. મ. મ. કે. વી. અભ્યંકર; દુર્ગસિંહકૃત 'કાતંત્ર પરિભાષા–વૃત્તિ', પૃ. ૪૯).

બતાવતી અવિવક્ષાની યુક્તિ પણ શાસ્ત્રોમાં સ્વીકારવામાં આવી છે. અલંકારશાસ્ત્રમાં વામને[૭] આ યુક્તિનો પણ સ્વીકાર કર્યો છે. કોઈક ઠેકાણે પ્રયોગવિશેષની સિદ્ધિ માટે અહીં અમુક વર્ણ જોડાયેલો કે ઉમેરાયેલો છે એ રીતની 'પ્રશ્લેષ' યુક્તિ તો પછી અમુક અર્થનો વાચક શબ્દ ક્યાંક ખૂટતો હોય તો તેની પૂર્તિ માટે કોઈક પદ ઉમેરવાની 'અધ્યાહાર' યુક્તિ, જ્યારે કોઈ બીજો માર્ગ જ ન હોય ત્યારે તેવા પ્રયોગની સિદ્ધિ માટે અન્ય વ્યાકરણના આશ્રયની યુક્તિ, અને જે પ્રયોગમાં કોઈ નિયમ જ પ્રવૃત્ત ન થઈ શકતો હોય, છતાં તેવો પ્રયોગ થયો હોય તો એને માટે આ ભૂલ છે તે બતાવવા પ્રમાદ કે 'ચિન્ત્ય' એવા શબ્દોનો પણ પ્રયોગ કરવામાં આવ્યો છે.

આ રીતે વ્યાકરણશાસ્ત્રના આચાર્યો લક્ષ્ય કે ઉદાહરણની સિદ્ધિ માટે નજર ધરાવતા હોવાથી લક્ષ્યૈકચક્ષુષ્ક હોવા છતાં તેમણે અમુક નિયમ, લક્ષણ કે સૂત્રથી સિદ્ધિ થવી જોઈએ એ રીતની લક્ષણૈકચક્ષુષ્કતા પણ સ્વીકારી છે.

કાશિકા પછી રામચંદ્ર શેષની 'પ્રક્રિયા–કૌમુદી', વિમલસરસ્વતીની 'રૂપમાલા'; ધર્મકીર્તિના 'રૂપાવતાર' ગ્રન્થમાં તે તે મહાકવિકૃત–પ્રયોગોની મીમાંસા કરવામાં આવી નથી. આમ છતાં નારાયણ ભટ્ટે તેમના 'પ્રક્રિયા–સર્વસ્વ' ગ્રન્થમાં તે તે વિશિષ્ટ પ્રયોગોની સિદ્ધિ દર્શાવી છે, પણ ત્યાં પાણિનિ સિવાયની અન્ય વ્યાકરણપરમ્પરાઓનો પણ આધાર લેવામાં આવ્યો છે, એ સ્થિતિમાં ભટ્ટોજિ દીક્ષિત જ એક એવા વિદ્વાન છે જેમણે એક બે અપવાદ સિવાય પાણિનિને વફાદાર રહીને તે તે પ્રયોગોના સાધુત્વનો વિચાર કર્યો છે.

અહીં ઉપર જણાવેલ વિવિધ યુક્તિઓનો આશ્રય અલંકારશાસ્ત્રમાં વામને લીધો છે. કાવ્યાલંકારસૂત્રવૃત્તિમાં ઉપરની દૃષ્ટિએ અસાધુ જણાતા પ્રયોગોની તેમણે આ જ યુક્તિઓનો આધાર લઈને મહાકવિ કાલિદાસના નાટ્ય તથા કાવ્ય વિભાગમાંથી એવા સોળ પ્રયોગો[૮] સાધુત્વની સિદ્ધિ માટે રજૂ કર્યા છે. તો ભટ્ટોજીએ કાલિદાસના આવા સત્તર પ્રયોગોની સાધુત્વ–મીમાંસા કરી છે.

મહાકવિ કાલિદાસ સિવાય ભટ્ટોજિએ ભારવિના 'કિરાતાર્જુનીયમ્'માંથી પાંચેક પ્રયોગો ભટ્ટિકાવ્યમાંથી આઠ, માઘના 'શિશુપાલવધમ્'માંથી સાત, ભવભૂતિના ઉત્તરરામચરિતમાંથી એક, મુરારિના અનર્ઘરાઘવમાંથી બે, પ્રયોગોની આ રીતે સાધુત્વ–મીમાંસા કરી છે, તો 'પંચતંત્ર'માંથી અને હલાયુધ કૃત કવિરહસ્ય તથા 'અમરકોશ'માંથી અન્ય પ્રયોગોના સમર્થન માટે એકેક પ્રયોગ આપેલો છે. એ સિવાય પણ દેવીમાહાત્મ્ય (સપ્તશતી)માંથી એક, અને આ સિવાય પણ 'कथं तर्हि' એ રીતનો પ્રશ્ન ઊઠાવી સિદ્ધ કરેલા લગભગ નાના મોટા ૬૫ પ્રયોગો સિદ્ધાન્તકૌમુદીમાં મળી આવે છે.

---

૭ क्वचिद् विवक्षा, क्वचिदविवक्षा, क्वचिदुभयमिति ।

(વામનઃ કાવ્યાલંકારસૂત્રવૃત્તિ, (૫/૨/૪૨).

૮ જેમકે 'मदोदग्राः ककुद्मन्तः (रघुवंश. ४/२२) 'न तद्यशः शस्त्रभृतां क्षिणोति (रघु. २/४०), 'तं तस्थिवांसं नगरोपकण्ठे' ।

(રઘુ. ૫/૬૧); વગેરે.

પ્રસ્તુત લેખમાં કાલિદાસના પ્રયોગો વિષે ભટ્ટોજિએ કરેલ મીમાંસા મેં અન્યત્ર કરેલ હોવાથી અહીં તે સિવાયના અન્ય પ્રયોગોની વિચારણા કરી છે.

હવે આમાં સૌ પ્રથમ ભારવિના પ્રયોગથી શરૂઆત કરીશું.

**आजघ्ने विषम विलोचनस्य वक्षः**[९]

'કિરાતાર્જુનીયમ્'ના આ શ્લોકાંશનો અર્જુને વિષમવિલોચન (શિવ)ના વક્ષઃસ્થલને પ્રાપ્ત કરી પ્રહાર કર્યો એવો અર્થ છે. '**आजघ्ने**' (**हन्** ધાતુનું **आ + हन्** રુંજોગણ; પરસ્મૈ (પણ અહીંઆ આત્મનેપદ) **लिट्**) પરોક્ષ ભૂતકાળ; તૃ. પુ. એ. વ.નું રૂપ છે.

અહીં પ્રશ્ન એ થાય છે કે **हव्** ધાતુ જો **आ** (**आङ**) પૂર્વકનો હોય તો '**आङो यमहनः**' (પાણિનિ (પા.) ૧–૩–૨૮) સૂત્રથી (**आङ्** ની પૂર્વે છે તેવા **यम्** અને **हन्** ધાતુને, જો આ ધાતુઓ અકર્મક હોય અથવા સ્વાંગકર્મક હોય તો) આત્મનેપદ થાય છે; પણ પ્રસ્તુત પ્રયોગમાં અર્જુન શિવની છાતીમાં પ્રહાર કરે છે, પોતાની છાતીમાં નહીં, તો આ સ્થિતિમાં સ્વ–અંગ–કર્મકત્વ કે અકર્મકત્વ ન હોવાથી આત્મનેપદ કેવી રીતે થયું ?

આના જવાબમાં ભટ્ટોજિએ 'અધ્યાહાર'ની યુક્તિનો આશ્રય લઈ એક કરતાં વધારે સમાધાન આપ્યાં છે. તેમાં સૌ પ્રથમ જોઈએ તો ભટ્ટોજિ કહે છે તેમ (૧) 'ભાગવૃત્તિ' નામના ગ્રંથ અનુસાર આવો પ્રયોગ એક ભૂલ જ છે. (૨) આ પછી બીજી રીતે વિચાર કરતાં આ પ્રયોગમાં 'પ્રાપ્ય' એ રીતનો અધ્યાહાર કરીને અહીં આત્મનેપદ થઈ શકે એમ સૂચવે છે. અર્થાત્ '**विषमविलोचनस्य वक्षः प्राप्य अर्जुनः (गाण्डीवी) स्वीयं वक्षः आजघ्ने**' એટલે 'શિવનું વક્ષઃસ્થલ પ્રાપ્ત કરી (તેની સામે જઈ) અર્જુને પોતાની છાતી ઠોકી.' આ રીતે અહીં સ્વાંગકર્મક તાડન હોવાથી **हन्** ધાતુને આત્મનેપદ થઈ શકે છે. (૩) જો કે અહીં એક અવાન્તર પ્રશ્ન ઊભો થાય છે કે '**प्राप्य**' (**प्र + आप् + त्वा** (**य = ल्यप्**) પદનો અધ્યાહાર કરવામાં આવે તો '**ल्यब्लोपे कर्मण्यधिकरणे च**' એ સિ. કૌમુદીના કારકપ્રકરણાન્તર્ગત વાર્તિકથી '**प्राप्य**'નો યોગ સંબંધ થતાં '**वक्षस्**' પદની પંચમી વિભક્તિ થવી જોઈએ; આનો જવાબ ભટ્ટોજિ આપે છે તેમ પ્રસ્તુત સ્થલમાં '**प्राप्य**' એ લ્યબન્ત રૂપનો અધ્યાહાર કરાતો હોવાથી, અહીં લ્યબન્તરૂપ જ છે, '**ल्यप्**'નો લોપ થયો નથી; તેથી પંચમી વિભક્તિનો સવાલ જ રહેતો નથી. (૪) અથવા અહીં ભટ્ટોજિ એક બીજો માર્ગ સૂચવે છે તે પ્રમાણે **तुमुन्** (**तुम्**) જેને અન્તે છે તેવા હેત્વર્થકૃદન્ત '**भेत्तुम्**'નો પ્રયોગ સમજવો જોઈએ; તેથી પણ **ल्यप्** અને તે પછી લ્યબન્તના લોપનો પ્રશ્ન જ રહેતો નથી; તેથી પણ અહીં 'પંચમી' વિભક્તિનો પ્રશ્ન રહેતો નથી. (૫) અથવા ભટ્ટોજિ કહે છે તેમ અહીં '**समीपमेत्य**' 'શિવની સમીપમાં આવીને અર્જુને

---

९ **उन्मज्जन्मकरइवामरापगाया वेगेन प्रतिमुखमेत्य बाणनद्याः ।**
**गाण्डीवी कनकशिलानिभं भुजाभ्याम्, आजघ्ने विषमविलोचनस्य वक्षः ॥**
(કિરાતાર્જુનીયમ્; ૧૭/૬૩.

પોતાના વક્ષઃસ્થલનું તાડન કર્યું એ રીતનો અર્થ લેતાં સ્વાંગકર્મક તાડન હોવાથી આત્મનેપદ થવામાં કોઈ વાંધો આવતો નથી. આ રીતે ભટ્ટોજિએ અહીં સમાધાન આપ્યાં છે.[૧૦]

પ્રસ્તુત 'आजघ्ने' પ્રયોગમાં 'समीपमेत्य'ના સંદર્ભમાં સિ. કૌમુદી ઉપર 'બાલ મનોરમા' ટીકાના લેખક વાસુદેવ પણ જણાવે છે કે 'વિષમવિલોચન (શિવ)'ની પાસે સમીપમાં આવી વીરતાનો આવેશ થયેલો હોવાથી (અર્જુને), પહેલવાનની માફક પોતાની છાતી ઠોકી એ રીતના અર્થની યોજના કરતાં અહીં આત્મનેપદ નિર્બાધ બને છે.[૧૧]

અહીંજ કિરાત.ના પ્રસ્તુત શ્લોકની ટીકા 'ઘંટાપથ'માં મલ્લિનાથ 'आजघ्ने'ના આત્મનેપદ માટે અપાયેલી યુક્તિનો વિરોધ કરતાં કહે છે કે યુદ્ધ માટે તૈયાર થયેલા કુશલ મલ્લો પોતાની છાતી ઠોકતા નથી, પણ પોતાના હાથને ઠોકતા હોય છે; તેથી અહીં સ્વાંગકર્મકત્વ નહીં હોવાથી આત્મનેપદ થઈ શકે નહીં. વળી અહીં મલ્લિનાથ જેમ માને છે તેમ અર્જુન પોતાની છાતીમાં નહીં પણ શિવની છાતી પર જ પ્રહાર કરે છે; અને આ રીતે કરાયેલા અવિનયને મહાદેવ સહી લે છે એ બાબત કિરાત૦ના પ્રસ્તુત 'उन्मज्जन्' (૧૭/૬૩) પછી આવેલા બીજા શ્લોકના વાક્યથી સિદ્ધ થાય છે. આ સ્થિતિમાં સ્વાંગકર્મકત્વ ન હોવાથી અહીં કોઈ અન્ય વ્યાકરણ જોવાની સલાહ આપે છે.

આમ છતાં ભટ્ટોજિએ જે અધ્યાહારસરણિનો આશ્રય લીધો છે તે દાદ માગી લે તેવો છે.

**हिताम्न यः संशृणुते सकिम्प्रभुः**[૧૨]

કિરાત૦ની આ પંક્તિમાં 'संवृणुते'ના આત્મનેપદત્વ માટે 'અવિવક્ષા' નામની યુક્તિનો આશ્રય લેવામાં આવ્યો છે.

અહીં પ્રશ્ન એ થાય છે કે 'समो गमि.'[૧૩] સૂત્રના સંદર્ભમાં આવેલ 'अर्ति श्रुदृशिभ्यश्चेति वक्तव्यम्' વાર્તિકથી અકર્મક 'श्रु' ધાતુને આત્મનેપદ થાય છે, જ્યારે 'श्रु' ધાતુ તો સકર્મક છે તો આત્મનેપદત્વનું ઉપપાદન કેવી રીતે કરી શકાય? આના જવાબમાં ભટ્ટોજિ 'જ્યારે ધાતુ તેના અર્થથી જુદા અર્થમાં વપરાયો હોય, જ્યારે કર્મધાતુના અર્થમાં સમાઈ જતું હોય, કે જ્યારે તે (કર્મ) પ્રસિદ્ધ હોય, અથવા જ્યારે તે કર્મની અવિવક્ષા કરવામાં

---

૧૦ प्रमाद एवायमित्ति भागवृत्तिः। प्राप्येत्यध्याहारो वा। ल्यब्लोपे पञ्चमीत्ति ल्यबन्तं विनैव तदर्थावगतिर्यत्र तद्विषयम्। भेत्तुमित्यादितुमुन्नन्ताध्याहारो वा। समीपमेत्येति वा।
(ભટ્ટોજિ દીક્ષિત: સિ૦ કૌ૦ આત્મનેપદપ્રક્રિયા; આકેયમ૦ સૂત્રાંક, ૨૬૯૫ની વૃત્તિ).

૧૧ विषमविलोचनस्य समीपमेत्य वक्षः स्वीयमेव वक्षो मल्लइव वीरावेशाव् आस्फालयाञ्चक्रे। तथा च स्वाङ्गकर्मकत्वादात्मनेपदं निर्बाधमित्यर्थः।
(એજન; બાલમનોરમા ટીકા).

૧૨ स किं सखा साधु न शास्ति योऽधिपं हिताम्न यः संशृणुते स किम्प्रभुः।
(કિરાત; ૧/૫).

૧૩ समो गम्यृच्छिभ्याम्।
(પા૦ ૧/૩/૨૯); (સૂત્રાંક: ૨૬૯૯).

આવે તો (ધાતુ વડે દર્શાવાતી) ક્રિયા અકર્મક બને છે, એ રીતની ભર્તૃહરિની કારિકાના[૧૪] આધારે પ્રસ્તુત સ્થલમાં 'हिताद् (वचनं)न संशृणुते'માં 'वचन' રૂપ કર્મની અવિવક્ષા માનીને संशृणुतेમાં આત્મનેપદત્વ સિદ્ધ કરવામાં આવ્યું છે.

આ રીતે સ્થાલીપુલાક ન્યાયે ભારવિના બે પ્રયોગો જોઈને ભટ્ટિના 'રાવણવધ' મહાકાવ્યમાં થયેલ કેટલાક શબ્દપ્રયોગોની સાધુતા વિષે ભટ્ટોજિનું ચિંતન કરતાં પહેલાં એટલું જોવું આવશ્યક છે કે ભટ્ટિ કવિ પોતે એક સમર્થ વૈયાકરણ પણ છે. તેથી ભટ્ટિ તરફ સન્માન ધરાવીને ભટ્ટોજિએ ભટ્ટિના અમુક પ્રયોગોની સાધુતા તો બતાવી જ છે, પણ તે ઉપરાંત ભટ્ટિના આધારે કેટલાક ધાતુઓનાં અર્થઘટન પણ કરીને તે રીતે અનુમોદન આપીને ભટ્ટોજિએ સંસ્કૃતની પ્રવાહિતાની રક્ષા કરી છે. પ્રથમ તો ભટ્ટિના એક બે શબ્દપ્રયોગો જોઈએ :

**हा पितः क्वासि हे सुभ्रु :[१५]**

સીતાના વિરહથી પીડિત રામ, સીતાને ખોળતાં કહે છે કે હે સુંદર ભવાંવાળી સીતે તું કયાં છે? આ વાકયમાં सुभ्रू શબ્દના સંબોધન એકવચનમાં सुभ्रु એવો હ્રસ્વ ઉકારાન્ત પ્રયોગ યોગ્ય છે કે નહીં તેની ચર્ચા કરતાં, સૌ પ્રથમ એ પ્રશ્ન થાય છે કે પ્રસ્તુત શબ્દ (सुभ्रु)ની નદી સંજ્ઞા થતી હોવાથી એક સૂત્ર 'अम्बार्थ'થી[१६] હ્રસ્વત્વ થવાથી આ પ્રયોગ યોગ્ય છે; જ્યારે કેટલાક વિદ્વાનો આવો પ્રયોગ ભૂલ–પ્રમાદ છે તેમ માને છે.[१७] આ પ્રમાદ પાછળ કેટલાક વિદ્વાનો માને છે તેમ 'यूस्त्र्याख्यौ नदी' (પા. ૧/૪/૩) સૂત્રથી નદીસંજ્ઞા પ્રાપ્ત થાય છે, પણ તેનો નિષેધ 'नेयङुवङ्स्थानावस्त्री' (પા. ૧/૪/૪) સૂત્રથી થાય છે. તેથી નદીસંજ્ઞક શબ્દને થનારું હ્રસ્વત્વ અહીં થઈ શકે નહીં, તેથી આ પ્રયોગ પ્રમાદજન્ય છે. આમ છતાં આ જ પ્રયોગની સિદ્ધિ 'તત્ત્વબોધિની' ટીકામાં કેટલાક વિદ્વાનોના મત અનુસાર દર્શાવવામાં આવી છે, તો કેટલાક વિદ્વાનો એમ માને છે કે 'સીતાની વિરહાવસ્થાથી સંતપ્ત રામની વ્યાકુલતા બતાવવા માટે ભટ્ટિકવિએ જાણી જોઈને રામની પાસે આવો ભૂલવાળો પ્રયોગ કરાવ્યો છે. ભટ્ટોજિ તો અહીં અન્યોના મતે પ્રમાદ છે એમ કહીને અટકી જાય છે.

ભટ્ટિકાવ્યની 'જયમંગલા' ટીકામાં 'सुभ्रु' પ્રયોગને શુદ્ધ બતાવવામાં આવ્યો છે.

---

૧૪ धातोरर्थान्तरे वृत्तेर्धात्वर्थेनोपसंग्रहात् ।
प्रसिद्धेरविवक्षातः कर्मणोऽकर्मिका क्रिया ॥
(ભર્તૃહરિ; વાકયપદીય; ૩.૭.૮૮).

१५ आः कष्टं बत ही चित्रं हे मातर्दैवतानि धिक् ।
हा पितः क्वासि हे सुभ्रु बह्वेवं विललाप सः ॥
(ભટ્ટિ; ६/११).

१६ आचार्थनद्योर्ह्रस्वः ।
(પા. ७/३/१०); સૂત્રાંકઃ २६७.

१७ कथं तर्हि 'हा पितः क्वासि हे सुभ्रु' इति भट्टिः । प्रमाद एवायमिति बहवः । 'ऋन्नेभ्योङीप्' (४/१/५).
(સિ. કૌમુદી; અજન્ત સ્ત્રીલિંગ; સૂત્રાંક : ૩૦૬નો વિવેચન સંદર્ભ.)

**विनसा हतबान्धवा :**[१८]

શૂર્પણખા કે જેનું નાક કપાઈ ગયું છે તે માટે અહીં '**विनसा**' (**विगता नासिका**[१९] અર્થનો દર્શક) પ્રયોગ કરવામાં આવ્યો છે. અહીં ખરી રીતે કાત્યાયનનાં બે વાર્તિકો પ્રમાણે '**नासिका**'ના સ્થાન '**ग्र**' આદેશ થતાં '**विग्रा**' અથવા '**ख्य**' આદેશ થતાં '**विख्या**' પ્રયોગ થવો જોઈએ; '**विनसा**' કેવી રીતે?

આનું સમાધાન ભટ્ટોજિ 'અધ્યાહાર'ની યુક્તિનો આધાર લઈને જે કહે છે.[२०] તે રીતે જોતાં અહીં **वि + नासिका + टा** (તૃ. વિ. એ. વ.નો પ્રત્યય)ની અવસ્થામાં '**पद्दन्नोमास्**' (પા. ૬/૧/૬૩) સૂત્રથી **नासिका**ના સ્થાનમાં '**नस्**' આદેશ થાય છે, અને તે રીતે અહીંનું સાધુત્વ ઉપપન્ન થાય છે; વળી અહીં '**उपलक्षिता**' (જણાતી) એવા પદનો 'અધ્યાહાર' કરવામાં આવે છે એમ ભટ્ટોજિ સૂચવે છે. આ સૂચનને ભટ્ટિની જયમંગલા ટીકા, તો તત્ત્વબોધિની અને બાલમનોરમાકારનો પણ ટેકો છે.

આ રીતે ભટ્ટોજિ પૂર્વકવિઓએ પ્રયોગોનું કેવલ સમર્થન કે અનુમોદન જ નહીં પરંતુ એ સાથે સાહિત્યમાં જે કંઈ પરિવર્તન કે પરિવર્ધન થાય છે તેની પણ નોંધ લે છે અને તે રીતે સંસ્કૃતને પ્રવાહી રાખવામાં ભટ્ટોજિ સહાયક બને છે.

**वावृत्यमानासौ रामशालां न्यविक्षत :**[२१]

'રામનું વર્ણન કરનાર શૂર્પણખાએ રામની પર્ણશાલામાં પ્રવેશ કર્યો' એ આશયને સૂચવતી આ પંક્તિમાં વરણ કે પસંદગીનો અર્થ ધરાવતો '**वृतु**' ચોથાગણ (દૈવાદિક)નો ધાતુ છે. તેથી **वृत् + य + माना** (**वृत् + य +** વર્તમાન કૃદ. સ્ત્રી. પ્ર. એ. વ.નું રૂપ) એવો પ્રયોગ થવો જોઈએ; પણ પ્રસ્તુતમાં તો '**वावृत्**' ધાતુનો વર્ત. કૃદન્ત સ્ત્રી.નો પ્રયોગ કરવામાં આવ્યો છે, અને 'વરણ કરવું' એવો અર્થ ધરાવતો '**वावृत्**' ધાતુ પણ ભટ્ટોજિએ મંજૂર રાખ્યો છે.[२२]

---

१८ यद्यहं नाथ नायास्यं विनासा हतबान्धवा ।
नाज्ञास्यस्त्वमिदं सर्वं प्रमाद्यंश्चारदुर्बल: ॥
(ભટ્ટિ; ૫/૮).

१९ (अ) 'वेर्ग्रो वक्तव्यः' (ब) 'विख्यश्च' ।
(સિ. કૌમુદી; બહુવ્રીહિ પ્રકરણ; 'उपसर्गाद् बहुलम्' પા. ૮/૪/૨૮); સૂત્રાંકઃ ૮૬૧ની વૃત્તિ.

२० कथं तर्हि विनसा हतबान्धवेति भट्टिः । विगतया वासिकयोपलक्षितेति व्याख्येयम् ।
(એજન; સૂત્રાંકઃ ૮૬૧ની વૃત્તિ).

२१ ततो वावृत्यमानासौ रामशालां न्यविक्षत ।
मामुपायंस्त रामेति वदन्ती सादरं वचः ॥
(ભટ્ટિ; ૪/૨૮).

२२ वृतु वरणे । वृत्यते । पक्षान्तरे वावृत्यते ततो वावृत्य...विक्षतेति भट्टिः ।
(સિ. કૌમુદી; દિવાદિગણ; जनिवध्योश्च (પા. ૭/૩/૩૫); સૂત્રાંકઃ ૨૫૧૨ની વૃત્તિ).

અહીં પંડિતપ્રવર શ્રી બાલકૃષ્ણ પંચોલીજી : (૧) '**वावृत्यमाना**'માં '**वा**'ને '**इव**' અર્થમાં જુએ છે. **वा (इव) वृत्यमाना = कामयमाना** અર્થાત્ શૂર્પણખા રામને વરણ કરવા નહીં પણ જાણે કે વરણનો દેખાવ કે વંચના કરનારી તેણે પ્રવેશ કર્યો.[૨૩] (૨) અહીં એ પણ સંભાવના છે કે અસલમાં તો વરણ અર્થ ધરાયતો આ '**वृत्**' ધાતુ (ધાતુસંખ્યા: ૧૨૩૬) છે, છતાં આ ધાતુની પહેલાં આવનાર '**तप ऐश्वर्ये वा**' (ધાતુસંખ્યા: ૧૨૩૪), અને પછી **वृतु** ધાતુ (ધાતુસંખ્યા: ૧૨૩૫) આવે છે. આથી અસલ (મૂળ) ધાતુપાઠમાં '**तप पत ऐश्वर्ये वा वृतु वरणे**' એવા સળંગ લખાણમાં વિકલ્પાર્થક '**वा**'ને '**वृतु**'ની સાથે વાંચતાં '**वावृतु**' ધાતુ પણ 'વરણ' એવા અર્થમાં પ્રયુક્ત થઈ ગયો હોય.[૨૪] (૩) જો કે અહીં એક પ્રશ્ન ઊભો જ રહે છે કે આવો મોટો **वावृतु** ધાતુ ભટ્ટિએ કયા આધારે અને કઈ રીતે પસંદ કર્યો હશે. (૪) ભલે, અહીં ગમે તે બાબત હોય પણ ભટ્ટોજિએ આ રીતના ધાતુઓને પણ ધાતુત્વની મહોર મારી એ પ્રવાહ ચાલુ રાખી જે અનુમોદન આપ્યું છે આ પણ એમનું એક પ્રદાન છે.

**पितॄनताप्र्सीत् :**[૨૫]

ભટ્ટિકાવ્યમાં દશરથના ગુણોનું વર્ણન કરતાં તે પિતૃઓનું તર્પણ કરતો હતો એમ પણ બતાવ્યું છે. અહીં ખરી રીતે √**तृप प्रीणने** ચોથો દૈવાદિક પ્રીતિ પામવી; કે તૃપ્ત થવું. પ્રીતિના અર્થમાં ભટ્ટોજિએ '**वाग्निस्तृप्यति**'.[૨૬] પંક્તિ આપી છે આમ છતાં. √**तृप्**નો તર્પણ એવા અર્થમાં પણ ભટ્ટિકાવ્યમાં પ્રયોગ થયો છે તેથી ભાષામાં પરિવર્ધન અને પરિવર્તનના સમર્થક ભટ્ટોજિએ '**तृप प्रीणने**' (ધાતુસંખ્યા ૧૨૭૨) લખીને પછી ત્યાંજ **तृप्**નો અર્થ પ્રીણન એટલે પ્રીતિ અને તર્પણ એમ બંને છે એમ બતાવ્યું છે.[૨૭]

આ રીતે ધાતુઓનો સમૂહ વધતો જ રહે છે એવું વામને કરેલું વિધાન[૨૮] પણ અહીં નોંધવા જેવું છે.

---

૨૩ દ્રષ્ટવ્ય: 'હિન્દી વૈયાકરણ સિ. કૌમુદી' પં. શ્રી બાલકૃષ્ણ પંચોલી; તૃતીયભાગ, પ્રથમ સંસ્કરણ, પૃષ્ઠ. ૧૭૦).

૨૪ **केचित्तु वा ग्रहणं वृतुधातोराद्यावयवमिच्छन्ति ।**
(સિ. કૌમુદી, દિવાદિગણ).

૨૫ **सोऽध्यैष्ट वेदांस्त्रिदशानयष्ट–पितॄनपारीत् (or) पितॄनताप्र्सीत्० सममंस्त बन्धून् ॥**
(ભટ્ટિકાવ્ય; ૧/૨).

૨૬ **नाग्निस्तृप्यति काष्ठानां नापगानां महोदधिः ।**
**नान्तकः सर्वभूतानां न पुंसां वामलोचनाः ॥**
(પંચતંત્ર; ૧/૧૩૭).

૨૭ **प्रीणनं तृप्तिस्तर्पणं च ।**
(સિ. કૌમુદી, દિવાદિગણ; **तृप प्रीणने** ધાતુસંખ્યા; ૧૨૭૫).

૨૮ **वर्धते धातुगणः इति हि शब्दविद आचक्षते ।**
(વામન; કાવ્યાલંકારસૂત્રવૃત્તિ; ૫/૨/૨).

હવે ભટ્ટિના કેટલાક પ્રયોગો વિષે વિચારણા કરી અહીં 'માઘ' કવિના બે પ્રયોગો લઈ તે વિષે ભટ્ટોજિએ કરેલા ચિન્તનને જોઈએ :

**प्रभुर्बुभूषुर्भुवनत्रयस्य** :[૨૯]

માઘ કવિના આ પદ્યમાં, વ્યાકરણશાસ્ત્ર પ્રમાણે તો **नमः स्वस्ति स्वाहास्वधालंवषड्योगाच्च**' (પા. ૨/૩/૧૬) એ સુપ્રસિદ્ધ કારકસૂત્ર વડે '**अलम्**' અને તેના જેવી અર્થચ્છાયા ધરાવતા શબ્દોના યોગમાં ઉપપદ, અહીં આ શ્લોકમાં '**भुवनत्रय**' પદની ચતુર્થી વિભક્તિ થવી જોઈએ. તો પ્રસ્તુત પ્રયોગમાં ષષ્ઠી વિભક્તિ કેવી રીતે થઈ તેવા પ્રશ્નના જવાબમાં ભટ્ટોજિ બે સૂત્રો નોંધે છે, જેમાં એક સૂત્રમાં **तस्मै०**[૩૦] એવો ચતુર્થી, અને બીજા એક '**स एषां**' સૂત્રમાં[૩૧] આવેલ '**ग्रामणी**' પદનો પણ મુખી; પ્રભુ એવો અર્થ થતો હોવાથી આ નિર્દેશ દ્વારા અલમર્થ ધરાવતા પ્રભુના યોગમાં **भुवनत्रयस्य** એવી ષષ્ઠી વિભક્તિ થવામાં પણ વાંધો આવતો નથી. ભટ્ટોજિએ અહીં 'નિર્દેશ' યુક્તિનો આશ્રય લીધો છે.[૩૨]

**उदयति विततोर्ध्वं** :[૩૩]

સૂર્યનો ઉદય અને ચંદ્રનો અસ્ત દર્શાવતા માઘના આ પદ્યમાં '**उदयति**' (સૂર્ય ઊગી રહ્યો છે ત્યારે) उद् + **अय्** + **अत्** (**शतृ**) (**अय गतौ**; **ल्वादि**; ૧લો ગણ, આત્મનેપદ વર્ત. કૃદ. સપ્તમી, એ. વ.)માં **उदयति**ને બદલે '**अय्**' ધાતુ આત્મનેપદ હોવાથી '**उदयमाने**' પ્રયોગ થવો જોઈએ, તો '**अय्**'ને પરસ્મૈપદ માની '**उदयति**' એ સતિ સપ્તમ્યન્ત પ્રયોગ કેવી રીતે કરવામાં આવ્યો ? એ રીતનો પ્રશ્ન ઉઠાવી ભટ્ટોજિ તેનું સમાધાન આપે છે.[૩૪]

આ માટે તેમણે બે યુક્તિઓ આપી છે. (**अ**) **ल्वादि** (૧લા) ગણમાં 'ગતિ' અર્થ ધરાવતા '**इट, किटी, कटी**' આ ત્રણ ધાતુઓ પરસ્મૈપદમાં છે. આમાં છેલ્લા '**कटी**' (**कटति**) ધાતુમાં '**इ**'નો પ્રશ્લેષ કરવામાં આવ્યો છે અને પછી સવર્ણદીર્ઘ કરવામાં આવ્યો છે. આ

---

૨૯ प्रभुर्बुभूषुर्भुवनत्रयस्य शिरोऽतिरागाद् दशमं चिकर्तिषुः ।
(શિશુપાલવધ; ૧/૪૯).

૩૦ तस्मै प्रभवति सन्तापादिभ्यः ।
(પા. ૫/૧/૧૦૧) સૂત્રાંક; ૧૭૬૫).

૩૧ स एषां ग्रामणीः ।
(પા. ૫/૨/૭૮) સૂત્રાંક; ૧૮૭૮.

૩૨ प्रभ्वादियोगे षष्ठ्यपि साधुः । तस्मै प्रभवति, स एषां ग्रामणीरिति निर्देशात् ।
(સિ. કૌમુદી, नमः स्वस्ति (પા. ૨/૩/૧૬) સૂત્રાંક; ૫૮૪ની વૃત્તિ).

૩૩ उदयति विततोर्ध्वरश्मिरज्जावहिमरुचौ हिमधाम्नि याति चास्तम् ।
(શિશુ; ૪/૨૦).

૩૪ अथ कथं उदयति...रज्जाविति माघः । इट किट, कटीत्यत्र प्रश्लिष्टस्य भविष्यति । यद्वा अनुदात्तेत्वलक्षणमात्मनेपदमनित्यमिति चक्षिङो ङित् करणाज्ज्ञापकात् ।
(સિ. કૌમુદી; 'उपसर्गस्थाबतौ' (પા. ૮/૨/૧૯; સૂત્રાંક : ૨૩૨૬ની વૃત્તિ; ભ્વાદિપ્રકરણ).

સ્થિતિમાં આ ત્રણ ધાતુઓ પરસ્મૈપદ હોવાથી, અને कटी + इમાં 'इ' પણ પ્રશ્લિષ્ટ થયેલ હોવાથી 'इ' ધાતુ પણ પરસ્મૈપદી હોવાથી તેના ઉપરથી 'उद् + इ (अय्) + शतृ' કરી આખરે 'उदयति' પ્રયોગ થવામાં કોઈ વાંધો આવતો નથી. (ब) અથવા અહીં ભટ્ટોજિ બીજો રસ્તો સૂચવે છે તે પ્રમાણે 'अय' ધાતુનો યકારોત્તરવર્તી 'अ' અનુદાત્તસ્વરથી ચિહ્નિત હોઈ, અને પછી તેની ઇત્સંજ્ઞા થયેલી હોવાથી આવા 'અનુદાત્તેત' ધાતુને 'अनुदात्त'૰ સૂત્રથી[૩૫] આત્મનેપદ થાય છે. હવે આવી રીતે થતું આત્મનેપદ '(કોઈ પ્રયોગ–સિદ્ધિ કરવી હોય ત્યારે) 'અનુદાત્તેત્' અને 'ङित्' ધાતુને થતું આત્મનેપદ અનિત્ય છે એ આશયની એક પરિભાષા[૩૬] હોવાથી, તે પ્રમાણે જોતાં માઘના પ્રસ્તુત પ્રયોગ 'उदयति' એ પરસ્મૈપદ પ્રયોગ થવામાં કોઈ વાંધો આવતો નથી.

આ રીતે ભટ્ટોજિએ અહીં પ્રશ્લેષ તથા પરિભાષારૂપ યુક્તિનો આશ્રય લીધો છે.

**नमो वाकं प्रशास्महे :**[૩૭]

આ રીતે માઘ પછી ભવભૂતિમાં જોતાં તેમણે કરેલા 'नमो वाकं प्रशास्महे' प्र + शास् અદાદિ (૨જો) ગણ, આત્મને. વર્ત. પ્ર. પુ. બ. વ.) પ્રયોગમાં પ્રશ્ન એ થાય છે કે ખરી રીતે તો જ્યારે ઇચ્છા કરવી એવો અર્થ ધરાવનાર शास् ધાતુ જો તેની आ· (आङ) હોય તો આત્મનેપદ લે છે; નહીં કે 'प्र' ઉપસર્ગ; એ સ્થિતિમાં અહીં આત્મનેપદ કેવી રીતે થયું ?

આનો ઉત્તર આપતાં ભટ્ટોજિએ કહ્યું છે તેમ[૩૮] 'મોટે ભાગ शास्‌ની પૂર્વે आङ આવતો હોય છે; તેનો અર્થ એમ નહીં કે ત્યાં 'प्र' ઉપસર્ગ ન આવી શકે. તેથી હવે 'प्रशास्महे'ના આત્મનેપદત્વ માટે શંકાને સ્થાન નથી.

અહીં ભટ્ટોજિએ ભવભૂતિના સમર્થન માટે પ્રાયિકત્વ (optional)ની યુક્તિનો આધાર લીધો છે.

**क्रव्यादोऽस्त्रप आशर :**[૩૯]

હવે ભવભૂતિની આ ચર્ચા બાદ 'અમરકોશ'માં કાચા માંસનું ભક્ષણ કરનારને માટે 'क्रव्यात्' શબ્દનો પ્રયોગ થાય છે. આ તકારાન્ત શબ્દની સિદ્ધિ તો 'क्रव्ये च'

---

૩૫ अनुदात्तङित आत्मनेपदम् ।
(પા. ૧૧/૩/૧૨; સૂત્રાંક; ૨૧૫૭).

૩૬ अनुदात्तेत्त्वलक्षणप्रयुक्तमात्मनेपदमनित्यम् ।
(પરિભાષેન્દુશેખર; ૯૩.૪).

૩૭ इदं कविभ्यः पूर्वेभ्यो नमोवाकं प्रशास्महे ।
(ઉત્તરામચરિત; ૧/૧).

૩૮ आङ्पूर्वकत्वं प्रायिकम् । तेन नमोवाकं प्रशास्महे इति सिद्धम् ।
(સિ. કૌમુદી; અદાદિ પ્રકરણ 'आङः शासु इच्छायाम्', ધાતુસંખ્યાઃ ૧૦૮૨).

૩૯ क्रव्यादोऽस्त्रप आशरः ।
(અમરકોશ; સ્વર્ગવર્ગ; પંક્તિ: ૧૧૮).

(પા. ૩/૨/૬૯), સૂત્રથી થઈ શકે છે; પણ પક્વમાંસને ખાનાર '**क्रव्याद**' (**क्रव्य + अद् + अ** (**अण्**) કહેવામાં આવ્યો છે. તો હવે આ અકારાન્ત **क्रव्याद** શબ્દ કેવી રીતે બન્યો ? એ પ્રશ્ન કરીને ભટ્ટોજિએ તેનું જે સમાધાન કર્યું; છે[૪૦] તેનો આશય એ છે કે **पक्वमांस** શબ્દને ઉપપદ તરીકે રાખીને તે પછી આવેલ **अद्** ધાતુને એટલે કે **पक्वमांस + अद् + अण्** એ સ્થિતિમાં '**क्रव्याद**' શબ્દનો પૃષોદરાદિ[૪૧] ગણમાં પાઠ હોવાથી, **पक्वमांस** શબ્દને સ્થાને **क्रव्य** આદેશ, તથા ધાતુને **अण्** પ્રત્યય કરી '**क्रव्यादः**' એવા અકારાન્તરૂપની સિદ્ધિ 'નિપાતન'થી કરવી જોઈએ. અહીં ભટ્ટોજિએ વ્યાકરણશાસ્ત્રની બહુ જ પ્રાચીન 'નિપાતન' નામની યુક્તિનો આશ્રય લીધો છે.

**ज्योत्स्नाकरम्भमुदरम्भरयश्चकोराः**[૪૨]

મુરારિ કવિના 'અનર્ઘરાઘવ' નાટકની આ શ્લોકપંક્તિનો અર્થ છે 'પેટભરાં ચકોર પક્ષીઓ ચંદ્રિકારૂપ દધિમિશ્રિત સાથવાનું પાન કરો'. આ પંક્તિમાં આવેલા '**उदरम्भरि**' શબ્દપ્રયોગના સમર્થન માટે પાણિનિ પરંપરાને જ અનુસરીને નિયમો દર્શાવનારા ભટ્ટોજિએ ચાન્દ્ર વ્યાકરણ પ્રમાણે આ રૂપની સિદ્ધિનો નિર્દેશ કર્યો છે.[૪૩] જો કે **फलेग्रहिः** (= સફળ); **आत्मम्भरिः** (= પોતાની જાતનું જ પોષણ કરનાર) જેવા પ્રયોગોની સિદ્ધિ માટે તો પાણિનિનું '**फलेग्रहिरात्मम्भरिश्च**' (પા. ૩/૨/૨૬) સૂત્ર છે; પણ '**उदरम्भरिः**' જેવા મુરારિએ કરેલા પ્રયોગની સિદ્ધિ માટે કોઈ સૂત્ર મળતું નથી, તેથી ભટ્ટોજિને તે સિદ્ધિ માટે ચાન્દ્ર વ્યાકરણનો નિર્દેશ કરવો પડ્યો છે.

ચાન્દ્ર વ્યાકરણ પ્રમાણે **आत्म, उदर,** અને **कुक्षि** શબ્દ જેમાં ઉપપદ છે તેવા '**भृ**' (**भृञ्**) ધાતુને '**इन्**' પ્રત્યય (અને '**म्**' (**मुम्**) આગમ) થતાં '**उदरम्भरिः**' જેવો પ્રયોગ સિદ્ધ થઈ શકે છે.

'**उदरम्भरिः**' પ્રયોગની સિદ્ધિ અંગે વિવિધ વૈયાકરણોનાં મંતવ્યો જોતાં સૌ પ્રથમ (૧) '**फलेग्रहिरात्मम्भरिश्च**' (સૂત્રાંકઃ ૨૯૪૦) (પા. ૩/૨/૨૬) સૂત્રના ભાષ્યમાં '**भृञः कुक्ष्यात्मनोर्मुम् च**' આ રીતના વાર્તિકથી **कुक्षिम्भरिः** જેવા પ્રયોગની સિદ્ધિ બતાવી છે; પણ '**उदरम्भरिः**'ની બાબતમાં કંઈ કહેવામાં આવ્યું નથી. (૨) કાશિકાકારે આ વાર્તિકનો સ્વીકાર કર્યો નથી, પણ **फलेग्रहि**...એ સૂત્રમાં આવેલા '**च**' (ચકાર)થી જે પ્રયોગ અહીં કહેવામાં

---

૪૦ पक्वमांसशब्दे उपपदेऽण् । उपपदस्य क्रव्यादेशः, पृषोदरादित्वात् ।
(સિ. કૌમુદી; પૂર્વકૃદન્ત પ્રકરણ; '**क्रव्येच**' સૂત્રાંકઃ ૨૯૭૮ની વૃત્તિ).

૪૧ पृषोदरादीनि यथोपदिष्टम् ।
(પા. ૬/૩/૧૦૯; સૂત્રાંકઃ ૬૬૮).

૪૨ आः सर्वतः स्फुरतु कैरवमापिबन्तु, ज्योत्स्ना...चकोराः ।
(મુરારિ; અનર્ઘરાઘવ; ૨/૪૪), પંચમ સંસ્કરણ; નિર્ણયસાગર પ્રેસ; મુંબઈ, ૧૯૩૭).

૪૩ चान्द्रास्तु आत्मोदरकुक्षिष्विति पेठुः ।
(સિ. કૌમુદી; '**फलेग्रहि**',...સૂત્રાંકઃ ૨૯૪૦ની વૃત્તિ).

આવ્યો નથી, તેમનો પણ સંગ્રહ થાય એ માટે સૂત્રમાં '**चकार**'નું ગ્રહણ કર્યું છે (**चकारोऽनुक्तसमुच्चयार्थः**) (૩) કાતંત્ર વ્યાકરણમાં '**आत्मोदरकुक्षिषु भृजः खि:**' (કાતંત્રઃ ૪/૧/૩૯) સૂત્રથી '**उदरम्भरिः**' પ્રયોગની સિદ્ધિ કરવામાં આવી છે. (૪) ભાષાવૃત્તિ તથા પ્રક્રિયા-કૌમુદીમાં '**चात् कुक्षिम्भरिः**' કહીને આ પક્ષનો સ્વીકાર કરવામાં આવ્યો છે. (૫) ભટ્ટોજિ દીક્ષિતે પણ '**उदरम्भरिः**' પ્રયોગની સિદ્ધિ તો બતાવી છે, પણ તે ચન્દ્ર વ્યાકરણ પ્રમાણે '**आत्मोदरकुक्षिषु**' એ રીતની પંક્તિ ટાંકીને બતાવી છે. હવે અહીં હકીકતમાં જોઈએ તો ચાન્દ્ર વ્યાકરણમાં આવું કોઈ સૂત્ર નથી, ત્યાં તો '**फलेग्रहिरात्मम्भरिकुक्षिम्भरिः**' (ચાન્દ્રઃ ૧/૨/૧૦) સૂત્ર છે. તેથી સંભવ છે કે ભટ્ટોજિએ કાતંત્રના '**आत्मोदरकुक्षिषु**' એ સૂત્રને જ 'ચાન્દ્ર' એવા નામે ઉદ્ધૃત કરેલું હોય.

આ રીતે '**उदरम्भरिः**' જેવા નાનકડા પ્રયોગની સિદ્ધિ માટે વૈયાકરણોએ કરેલી ઝીણવટભરી ચર્ચા દાદ માગી લે તેવી છે. ભટ્ટોજિએ અહીં અપવાદરૂપ ગણાય તેવી ચાન્દ્ર વ્યાકરણ પદ્ધતિનો આશ્રય લીધો છે.

આ રીતે ભટ્ટોજિ દીક્ષિતે પૂર્વતન કવિઓએ કરેલા કાવ્યપ્રયોગોના સાધુત્વના અનુમોદન માટે પાણિનિપરમ્પરાની જ નિપાતન–પ્રશ્લેષ–અધ્યાહાર વગેરે યુક્તિઓ કે મર્યાદાને અધીન રહીને સંસ્કૃત ભાષાને પ્રવાહી રાખવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે. વળી પાણિનિનાં સૂત્રો કે નિયમો ભાષાને જકડી દે છે તેવા આક્ષેપને પણ તેમણે આ રીતની યુક્તિઓને દર્શાવી, નિર્મૂલ બનાવ્યો છે. કાશિકામાં દર્શાવેલ યુક્તિઓ કરતાં સિ. કૌમુદીમાં અપનાવેલ યુક્તિઓનું પ્રમાણ વધુ છે; તેનું કારણ એ પણ હોઈ શકે કે કાલક્રમે સંસ્કૃત ભાષામાં દૃષ્ટિગોચર થતા પ્રયોગોની માત્રા વધવા પામી હોય, અને તેથી ભટ્ટોજિએ જુદી જુદી યુક્તિઓનો આશ્રય લેવો પડ્યો હોય. આ રીતે વિવિધ યુક્તિઓ દ્વારા વ્યાકરણશાસ્ત્રનાં સૂત્રોથી તે તે પૂર્વતન કવિઓના પ્રયોગોને અનુમોદન આપવા માટે અને તે દ્વારા સંસ્કૃતભાષાને પ્રવાહી રાખવા માટે ભટ્ટોજિ દીક્ષિતે કરેલું ચિંતન, વ્યાકરણશાસ્ત્રમાં અમૂલ્ય પ્રદાનરૂપે છે.

---

**OUR NEW RELEASES**

| | Rs. |
|---|---|
| Discipline : The Canonical Buddhism of the Vinayapitaka—John C. Holt | 50 |
| Encyclopedia of Indian Philosophies—Karl H. Potter | |
| Vol. I : Bibliography 2nd rev. edn. | 250 |
| Vol. II : Introduction to the Philosophy of Nyaya Vaisesika | 150 |
| Vol. III : Advaita Vedanta. Part I | 175 |
| Fragments from Dinnaga—H. N. Randle | 40 |
| Fullness of the Void—Rohit Mehta | 85 (Cloth)<br>60 (Paper) |
| Global History of Philosophy 3 Vols—John C Plott. | 195 |
| Hindu Philosophy—Theos Bernard | 50 (Cloth)<br>30 (Paper) |
| History and the Doctrines of the Ajivikas—A. L. Basham | 75 |
| History of the Dvaita School of Vedanta—B. N. K. Sharma | 200 |
| History of Indian Literature Vol. I—M. Winternitz | 100 |
| History of Pre-Buddhistic Indian Philosophy—B. Barua | 125 |
| Indian Sculpture—Stella Kramrisch | 60 |
| J. Krishnamurti and the Nameless Experience—Rohit Mehta | 55 (Cloth)<br>45 (Paper) |
| Language and Society-Michael C. Shapiro and Harold F. Schiffman | 130 |
| Life of Eknath—Justin E. Abbott. | 50 (Cloth)<br>35 (Paper) |
| Madhyamaka Buddhism: A Comparative Study—Mark Macdowell | 50 |
| Nyaya Sutras of Gotama—Tr. by Nand Lal Sinha | 80 |
| Peacock Throne : The Drama of Mogul India—Waldemar Hansen | 120 |
| Philosophy of Nagarjuna—K. D. Prithipaul | 65 |
| Prapancasara Tantra—Ed. by Arthur Avalon | 100 (Cloth)<br>75 (Paper) |
| Select Inscriptions. Vol. II—D. C. Sircar | 200 |
| Serindia 5 Vols—Sir Aurel Stein | 3000 |
| Sexual Metaphors and Animal Symbols in Indian Mythology—Wendy Doniger O'Flaherty | 100 |
| Siksha Samuccaya : A Compendium of Buddhist Doctrine—Cecil Bendall & W.H.D. Rouse | 60 |
| Suresvara on Yajnavalkya—Maitreyi Dialogue ( Brhadaranyakopanisad 2 : 4 and 4 : 5 )—Shoun Hino | 125 |
| Tantraraja Tantra—Ed. by Arthur Avalon & Lakshaman Shastri | 120 (Cloth)<br>100 (Paper) |
| Vedic Mythology, 2 Vols—Alfred Hillebrandt; tr. by Sreeramula Rajeswara Sarma | 220 |

*For Detailed Catalogue, please write to :—*

MOTILAL BANARSIDASS

Bungalow Road, Jawahar Nagar, Delhi-110007 ( India )

# પાણિનીય વ્યાકરણ અને સારસ્વતવ્યાકરણનાં સ્વરસંધિવિષયકસૂત્રો-તુલનાત્મક અધ્યયન★

જયદેવ અ. જાની*

પાણિનીય વ્યાકરણ અને સારસ્વત વ્યાકરણના સ્વરસંધિવિષયક સૂત્રોનું તુલનાત્મક અધ્યયન સંસ્કૃત ભાષાના સરળ અભ્યાસ માટે મહત્ત્વ ધરાવે છે. સંસ્કૃત ભાષાનું રક્ષણ પાણિનીય વ્યાકરણને લીધે શક્ય બન્યું છે. પરંતુ તદુપરાંત સંસ્કૃત વ્યાકરણના અધ્યયનને વધુ સરળ અને સહેલું બનાવવા માટે ઘણા પ્રયાસો થયા છે. આવો જ પ્રશસ્ય પ્રયાસ સારસ્વત સૂત્રકાર શ્રી અનુભૂતિસ્વરૂપાચાર્યે[1] કર્યો છે.

સારસ્વતસૂત્રો (સા. સૂ.) અન્ય વ્યાકરણશાખાઓ (schools of grammar) કરતાં સરળ છે. પરંતુ સાથે સાથે પાણિનીય વ્યાકરણ માટે પ્રવેશદ્વાર છે.

સા. સૂ.ની ખાસ વિશિષ્ટતાઓ નીચે પ્રમાણે છે :

૧ પાણિનીય વ્યાકરણનાં પ્રત્યાહારસૂત્રો માહેશ્વર–શિવ પાસેથી પ્રાપ્ત થયાં છે, જ્યારે સારસ્વત વ્યાકરણનાં બધાં જ સૂત્રો સરસ્વતી દેવી પાસેથી પ્રાપ્ત થયાં છે.

૨ જે રીતે પાણિનીય વ્યાકરણમાં માહેશ્વરસૂત્રોને લઈને અંત્ય इत् વર્ણો વડે પ્રત્યાહારો બનાવવામાં આવે છે; તે જ પ્રમાણે પ્રત્યાહાર સા. સૂ.[2]માં બનાવાય છે. પરંતુ સા. સૂ.માં અંત્ય વર્ણ इत् નથી–તે સમગ્ર સંજ્ઞાનો જ એક ભાગ છે.

૩ માહેશ્વરસૂત્રોની સંખ્યા ૧૪ છે, જ્યારે પ્રત્યાહાર માટેના વર્ણો એક જ સૂત્રના નવ ભાગ છે, જુદાં સૂત્રસ્વરૂપે નથી.[3]

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૨૬૭–૨૭૦.

★ ગુજરાત યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત શિક્ષણ સંમેલનના તા. ૨૪–૨૫ ડીસે. ૮૫ના અધિવેશમાં વાંચેલો લેખ.

* સંસ્કૃત વિભાગ, ફૅકલ્ટી ઑવ્ આર્ટ્સ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા–૩૯૦ ૦૦૨.

૧ સા. સૂત્રોના રચયિતા નરેન્દ્રાચાર્ય અને વૃત્તિકાર અનુભૂતિસ્વરૂપાચાર્ય અલગ અલગ છે તેમ ઘણા ટીકાકારો માને છે. પરંતુ સા. વ્યાકરણ પરની સુબોધિકા ટીકામાં મુનિ ચન્દ્રકીર્તિએ આપેલી ઉદ્ભવ-કથાને આધારે સૂત્રકાર અને વૃત્તિકાર એક જ છે તેમ જણાય છે.

૨ अ इ उ ऋ ऌ **समानाः** ।१। ए ऐ ओ औ **सन्ध्यक्षराणिः** ।३। ह–य–व–र–ल–ञ ण न ङ म–झ ढ ध घ भ–ज ड द ग ब–छ ढ थ ख फ–च ट त क प–श ष स आद्यन्ताभ्याम् ।६।

૩ જુઓ : પાદટીપ ૨, સૂત્ર ૬.

૪ પા. વ્યાકરણમાં સ્વરને માટે **अच्** અને વ્યંજનને માટે **हल्** એવી પ્રત્યાહારપ્રાપ્ત સંજ્ઞાઓ છે, જ્યારે સા. વ્યાકરણમાં અનુક્રમે **स्वर**[૪] અને **हस** એવી સંજ્ઞાઓ સ્વીકારી છે. **हस** પ્રત્યાહારમાં **ह** થી **स** સુધીના બધા વર્ણો લેવામાં આવે છે. તે પ્રમાણે પાણિનીય વ્યાકરણના **अक्**ને બદલે **समान** અને **एच्**ને બદલે **सन्ध्यक्षर** એવી સંજ્ઞાઓ છે, કારણ કે સા. વ્યાકરણના વર્ણોમાં અંત્ય **हल्** છે જ નહિ, જેને **इत्** કરાય.

૫ પાણિનીય વ્યાકરણમાં **अ** સિવાયના બધા સ્વરોને માટે **इच्** પ્રત્યાહાર છે, જ્યારે સા. વ્યાકરણમાં **नामिन्**[૫] સંજ્ઞા પ્રયોજાઈ છે.

૬ માહેશ્વરસૂત્રોની સરખામણીમાં સરસ્વતીસૂત્રોમાં આંતરિક યોજનામાં પણ મહત્ત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે.

અ માહેશ્વરસૂત્રોના-વાર્ત્તિકકારે પ્રયોજેલા **चय्** પ્રત્યાહારના[૬] (च, ट, त, क, प) ક્રમ મુજબ બધા વ્યંજનોના ક્રમને બદલીને चु, टु, तु, कु અને पु ક્રમ કરવામાં આવ્યો છે.

બ **स्वर** અને **सन्ध्यक्षर** જેવી સંજ્ઞાઓને પ્રાતિશાખ્યમાંથી ગ્રહણ કરીને વ્યંજનો માટે સંધિપ્રકરણમાં **हस** એવી સંજ્ઞા પ્રયોજાઈ છે, જ્યારે અન્ય કેટલીક સંજ્ઞાઓ પાણિની, કાતંત્ર અને હેમચંદ્રાચાર્યના વ્યાકરણમાંથી સ્વીકારાઈ છે.

જેમ કે: **गुण, वृद्धि, संयोग, लघु, गुरु, लोप, उपधा, टि** વગેરે સંજ્ઞાઓ પાણિનીય વ્યાકરણમાંથી તે જ અર્થમાં લીધી છે.

પરંતુ **लोपः शाकल्यस्य** (૮.૩.૧૯)નું પ્રયોજન **लोपश्**[૭] સંજ્ઞા વડે **पूर्वत्रासिद्धम्** (૮.૨.૧)ની જેમ અસિદ્ધ કરવા **लोपशि पुनर्न सन्धिः** (प्र. सूत्रानु–૫૦) એમ શાકલ્યમત ન સ્વીકારતાં પાણિનનો મત સ્વીકાર્યો છે.

**तपरकरण**ને માટે વિશેષ સૂત્ર કે વાર્તિક સુદ્ધાં ન હોવા છતાં તે કાર્યનો સ્વીકાર કર્યો છે.

કાંતત્ર વ્યાકરણમાંથી **ल** કારોની **अद्यतनी (लट्), (ह्यस्तनी (लङ्), परोक्षा (लिट्)** વગેરે પ્રસિદ્ધ સંજ્ઞાઓ લેવામાં આવી છે.

હેમચંદ્રાચાર્યજીના સિદ્ધહૈમશબ્દાનુશાસનમાંથી **नामिन्** (**इच् = अ** સિવાયના સ્વરો) અને **लोक**[૮] (અન્ય વ્યાકરણો) એમ બે સંજ્ઞાઓ લીધી છે.

---

૪ **उभये स्वराः । ४ । हसा व्यञ्जनानि । ८ ।**
સમાન અને **सन्ध्यक्षर** માટે જુઓ ટિપ્પણ ૨.

૫ **अवर्जा नामिनः । ५ ।**

૬ **चयो द्वितीयाः पौष्करसादेरिति वाच्यम्** (વા० ૩૦).

૭ જેવી રીતે પા. સૂત્રોમાં **लोपः, लुक्, श्लु** અને **लुप्** એવી ચાર સંજ્ઞાઓ છે તેમાં લોપથી લોપ થાય ત્યારે **प्रत्ययलोपे प्रत्ययलक्षणम्** (૧.૧.૬૨) લાગુ પડે છે. બાકીની ત્રણ સંજ્ઞાઓથી લોપ થયો હોય ત્યારે પ્રત્યયલક્ષણ પ્રાપ્ત થતું નથી. પરંતુ વિશિષ્ટ પ્રયોજન ત્રણેયને લાગુ પડે છે.

૮ **लोक्यन्ते विलोक्यन्ते शब्दा अनेन इति ।** —ચંદ્રકીર્તિ મુનિ.

૭ સ્વરસંધિનાં ૧૯ સૂત્રોમાં પા. વ્યાકરણની જેમ संहितायाम् (૬.૧.૭૨)નો અધિકાર નથી, પરંતુ अथ सन्धिप्रकरणम् એમ પ્રકરણનિર્દેશ કરીને ચલાવી લેવામાં આવ્યું છે.

આ[૯] સંધિસૂત્રોને ચાર વિભાગમાં વહેંચી શકાય.

**અ** પ્રથમ વિભાગમાં સૂત્ર ૭–૧૪ આવે છે, જેમાં स्वरे (पा. अचि)ની અનુવૃત્તિ છે અને પા. સૂત્રો इको यणचि (૬.૧.૭૭) અને एचोऽयवायाव: (૬.૧.૭૮)ને તોડીને આઠ સૂત્રો બનાવાયાં છે જેમ કે :

इ यं स्वरे । ७ । उ वम् । ८ । ऋ रम् । ९ । વગેરે અને ए अय् । ११ । વગેરે.

**બ** બીજા વિભાગમાં સૂત્ર ૧૫–૧૭ આવે છે. તેમાં સૂત્ર ૧૫ના पदान्तेની અનુવૃત્તિ છે. य्वोर्लोपश् वा पदान्ते (૧૫) વડે પાણિનીય સૂત્રો व्योर्लघुप्रयत्नतर: शाकटायनस्य (૮.૩.૧૮), लोपो व्योर्वलि (૬.૧.૬૬) અને लोप: शाकल्यस्य (૮.૩.૧૯)નું પ્રયોજન સિદ્ધ કર્યું છે.

સોળમું સૂત્ર एदोतोऽत: એ પાણિનીય સૂત્ર एङ: पदान्तादति (૬.૧.૧૦૯)નું કાર્ય કરે છે અને સત્તરમું સૂત્ર ङस्स्य એ अ કારાન્ત શબ્દના ङस્નો स्य આદેશ કરવા માટેનું છે. તે સૂત્રને अत: = अ કારાન્તાત્ પદની અનુવૃત્તિ મળે તે માટે અહીં ગ્રહણ કર્યું લાગે છે.

**ક** ત્રીજા વિભાગમાં દીર્ઘ ભાવ કરવા માટેનું એક જ સૂત્ર सवर्णे दीर्घ: सह (૧૮) આવે છે. જે પાણિનીય સૂત્ર अक: सवर्णे दीर्घ: (૬.૧.૧૦૧)નું કાર્ય કરે છે.

**ડ** ચોથા વિભાગમાં ગુણવૃદ્ધિ કરનારાં પાણિનીય સૂત્રો आद् गुण: (૬.૧.૮૭) અને वृद्धिरेचि (૬.૧.૮૮)ને તોડીને આઠ સૂત્રો કરવામાં આવ્યાં છે. જેમ કે :

अ इ ए (१९) उ ओ (२०) વગેરે. ए ऐ ऐ । २३ । ओ औ औ । २४ । ओष्ठोत्वोर्वौ । २५ । વગેરે કેવળ अની જ અનુવૃત્તિ છે.

સ્વરસંધિપ્રકરણનું છેલ્લું સૂત્ર ओष्ठोत्वोर्वौ (૨૫) છે તે પાણિનીય વ્યાકરણના વાર્તિક ओत्वोष्ठयो: समासे वा (૧૭)નું કાર્ય કરે છે. જો કે ओ औ औ (૨૪)ના औને અનુવૃત્ત કરીને ओष्ठोत्वोर्वा એવી સૂત્રરચના વધુ સારી થાત.

સારસ્વતવ્યાકરણનાં સ્વરસંધિવિષયકસૂત્રો અને પાણિનીય સૂત્રોના તુલનાત્મક અધ્યયનની ત્રણ વાત સ્પષ્ટ થાય છે.

---

९ इ यं स्वरे । ७ । उ वम् । ८ । ऋ रम् । ९ । लृ लम् । १० । ए अय् । ११ । ऐ आय् । १२ । ओ अव् । १३ । औ आव् । १४ । य्वोर्लोपश् वा पदान्ते । १५ ।

एदोतोऽत: । १६ । ङस्स्य । १७ । सवर्णे दीर्घ: सह । १८ । अ इ ए । १९ । उ ओ । २० । ऋ अर् । २१ । लृ अल् । २२ । ए ऐ ऐ । २३ । ओ औ औ । २४ । ओष्ठोत्वोर्वौ । २५ ।

इति स्वरसन्धि: । २ ।

૮ પાણિનીય વ્યાકરણની અપેક્ષાએ સારસ્વતવ્યાકરણ દ્વારા સંસ્કૃત વ્યાકરણનો પ્રારંભિક અભ્યાસ વધુ સરળતા, સહેલાઈ અને શીઘ્રતાથી થઈ શકે છે.

૯ સારસ્વતવ્યાકરણનો ઉદય અનુભૂતિસ્વરૂપાચાર્ય કે જેઓ સૂત્રો પ્રાપ્ત કરનાર અને તેના પર વૃત્તિ રચનાર છે તેમના વિકટ પ્રસંગને લીધે થયો છે. ચંદ્રકીર્તિ મુનિ તેમની સુબોધિકા ટીકામાં (પાન ૧) જણાવે છે કે '**पुंस्**' (પુરુષ) શબ્દના સપ્તમી બહુવચનમાં **ભૂલથી** પુંક્ષુ પ્રયોગ થઈ ગયો. તેથી તે પુંક્ષુ પદ સિદ્ધ કરવા તેમણે સરસ્વતીદેવીની આરાધના કરી. સરસ્વતીએ માહેશ્વરસૂત્રોની જેમ ૧૪ પ્રત્યાહારસૂત્રો જ ન આપતાં સમગ્ર વ્યાકરણસૂત્રો આપ્યાં અને પુંક્ષુ પદ **कक्** આગમ વડે સિદ્ધ કરનારું સૂત્ર **असम्भवे पुंसः कक्सौ** (૩૦૦) આપ્યું.

૧૦ સારસ્વતવ્યાકરણ સમગ્રાંગ નથી, પરંતુ પાણિનીય વ્યાકરણના અભ્યાસ માટેનો પ્રાથમિક (Preliminary) ગ્રંથ છે. તે વાત સારસ્વતવ્યાકરણના અંતિમસૂત્ર **लोकाच्छेषस्य सिद्धिर्यथा मातरादेः** (૫૯૨)થી સિદ્ધ થાય છે. તે સૂત્રમાં **लोक**[૧૦] શબ્દનો અર્થ **लोकात् अन्य व्याकरणात्** એમ સૂત્રવૃત્તિકાર અનુભૂતિસ્વરૂપાચાર્યે કર્યો છે.

---

૧૦ જુઓ : પાદટીપ ૮.

# વર્ણસમામ્નાયમાં ઌકારોપદેશ*

**વસન્તકુમાર મ. ભટ્ટ***

૦.૦ સંસ્કૃત ભાષામાં કેવળ એક જગ્યાએ જ ઌ સ્વરનો પ્રયોગ થયો છે. જેમ કે: **√क्लृपि अवकल्कने–चिन्तने (चुरादिगण:) > कल्पयति । सामर्थ्ये च (भ्वादिगण:) > कल्पते ।** ધાતુમાં. આમ આ ઌકારનો પ્રયોગવિષય અત્યલ્પ છે. આથી પાણિનિ પછીના સમયમાં, વાર્તિકકાર કાત્યાયને આ ઌ વર્ણના પરંપરાગત પ્રયોજનોની અન્યથા–સિદ્ધિ સૂચવીને ઌકારોપદેશનું ખંડન કરવાનો પ્રયત્ન કર્યો છે. 'વ્યાકરણ–મહાભાષ્ય'માં પતંજલિએ વાર્તિકકારના આ પ્રયત્નનો ઉપહાસ કર્યો છે અને ઌકારોપદેશની જરૂરિયાત સ્વીકારી છે. પ્રસ્તુત લેખમાં 'વ્યાકરણ–મહાભાષ્ય'ને આધારે વર્ણસમામ્નાયમાં કરવામાં આવેલા ઌકારોપદેશના પ્રયોજનની ચર્ચા કરવામાં આવી છે.

૦.૧ अकारादि અન્ય વર્ણોના ઉપદેશનું પ્રયોજન પૂછવામાં આવતું નથી; પણ કેવળ ઌકારોપદેશનું જ પ્રયોજન એટલે પૂછવું પડે છે કે–કેવળ **√क्लृपि** ધાતુમાં જ ઌકારનો પ્રયોગ થયેલો જોવા મળે છે. વળી, તે **√क्लृप्** ધાતુમાં પણ **लत्व** અસિદ્ધ છે.[1] પરિણામે ઌકારને બદલે ऋકારને જ अच्કાર્યો (= अच् સ્થાનિક અને अच् નિમિત્તક કાર્યો) થશે. આ દૃષ્ટિએ અમને–પૂર્વપક્ષીને–ઌકારોપદેશની જરૂર લાગતી નથી.

**૧.૦ યદૃચ્છાશબ્દાર્થ** (પ્રયોજન ૧):

યદૃચ્છા પ્રકારના શબ્દોને માટે[2] ઌકારોપદેશની જરૂર છે.

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૨૭૧–૨૮૨.

★ સંસ્કૃત–વિભાગ, મ. સ. યુનિ. ઑફ બરોડા, વડોદરાના ઉપક્રમે યોજાયેલા 'ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળ'ના અગિયારમા અધિવેશન (૨૪, ૨૫ ડિસેમ્બર ૧૯૮૫)માં રજૂ કરેલો લેખ.

* ભાષાસાહિત્યભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.

૧ कृपो रो लः । ૮–૨–૧૮ સૂત્રથી √कृप् ધાતુના ऋકારની र् શ્રુતિને ल् શ્રુતિ થાય છે: √कृप् > क्लृप् । આ સૂત્ર ત્રિપાદીનું હોઈને, તેનાથી કહેવામાં આવેલું लत्वકાર્ય, પૂર્વત્ર (= સપાદ સપ્તાધ્યાયીની દૃષ્ટિએ) અસિદ્ધ રહેશે.

૨ लृकारोपदेशो यदृच्छा–ऽशक्तिजानुकरण–प्लुत्याद्यर्थः । (वार्त्तिक १)

અહીં द्वन्द्वान्ते श्रूयमाणम्पदम्प्रत्येकमभिसम्बद्ध्यते ।

એ નિયમાનુસાર अर्थ શબ્દનો પ્રત્યેકમાં અન્વય છે. જેમકે, 'યદૃચ્છાશબ્દાર્થ', 'અશક્તિજાનુકરણાર્થ' અને 'પ્લુત્યાદ્યર્થ'.

૧.૧.૦ "ભાષામાં ચાર પ્રકારના–જાતિવાચક શબ્દો, ગુણવાચક શબ્દો, ક્રિયાવાચક શબ્દો અને યાદચ્છિક–શબ્દો હોય છે". એમ માનીએ તો लृतक જેવાં યાદચ્છિક નામોમાં अच् નિમિત્તક કાર્યો, દા. ત.:

(क) दध्यृलृतकाय देहि । અહીં इको यणचि । ૬–૧–૭૭ સૂત્રથી,[3] ऌ સ્વર-अच्-પરમાં રહેતાં दधि > इના સ્થાનમાં यण् આદેશ થાય છે.

(ख) उदङ्ङ्लृतकोऽगमत् । અહીં ङमो ह्रस्वादचि ङमुण्नित्यम् । ૮–૩–૩૨ સૂત્રથી, ऌ સ્વર પરમાં રહેતાં ङ આગમ થયો છે. થઈ શકે એટલા માટે વર્ણસમામ્નાયમાં ऌકારોપદેશ હોવો જોઈએ. આવું પ્રયોજનવાદી સિદ્ધાન્તી જાહેર કરે છે.

૧.૧.૧ ઉપર્યુક્ત પ્રયોજનનો અસ્વીકાર કરતાં વાર્તિકકાર કહે છે કે न्याय्यभावात्कल्पनं संज्ञादिषु । (વા. ૨) "ન્યાય્ય એવો ऋतक શબ્દ જ્યાં સુધી ભાષામાં મળતો હોય ત્યાં સુધી (યદચ્છા પ્રકારના =) સંજ્ઞાદિ શબ્દોમાં તેનું જ કલ્પન કરવું ઉચિત ગણાશે". (૧) તદનુસાર ऋतक શબ્દ જ ન્યાય્ય છે, लृतक નહીં. આમ लृतक શબ્દને બદલે ऋतक શબ્દ કલ્પીને, दध्यृतकाय देहि । જેવાં ઉદાહરણોમાં अच् (નિમિત્તક) કાર્યો કરી લેવાં. આ સ્થિતિમાં ऌકારોપદેશની જરૂર રહેશે નહીં.

અહીં 'ન્યાય્ય' શબ્દનો અર્થ 'શિષ્ટો દ્વારા પ્રયોજાતો શબ્દ' એવો કરવો જોઈએ એમ લાગે છે. આવો 'ન્યાય્ય' શબ્દ અવ્યુત્પન્ન પણ હોઈ શકે. આવા અવ્યુત્પન્ન, પણ ન્યાય્ય અર્થાત્ શિષ્ટપ્રયુક્ત ऋतक શબ્દને યદચ્છા પ્રકારના સંજ્ઞા શબ્દ તરીકે સ્વીકારવાથી लृतक શબ્દ અપ્રસ્તુત બની જશે અને ऌકારોપદેશની જરૂર રહેશે નહીં.

* * *

અથવા, ઉપર્યુક્ત વાર્તિકમાં વપરાયેલા 'ન્યાય્ય' શબ્દને ભાષ્યકારે अपर आह । કહીને બીજી રીતે ઘટાવ્યો છે: "ન્યાય્ય ऋतक શબ્દ શાસ્ત્રાન્વિત છે.[4] માટે સંજ્ઞાદિ શબ્દોમાં 'સાધુ–શબ્દ' તરીકે તેની (જ) કલ્પના કરવી જોઈએ; लृतकની નહીં". (૨) અહીં 'ન્યાય્ય' શબ્દનો 'શાસ્ત્રાન્વિત અર્થાત્ વ્યુત્પન્ન' એવો અર્થ અભિપ્રેત છે.[5] આમ વાર્તિકકાર કહે છે કે ન્યાય્ય ऋतक શબ્દનું જ કલ્પન કરવું, लृतक શબ્દનું નહીં. આ રીતે ऌકારોપદેશની જરૂર રહેતી નથી.

---

૩ અહીં ઉદ્ધૃત કરેલાં તમામ સૂત્રોના અર્થો માટે જુઓ : પરિશિષ્ટ ૧.

૪ √ऋति ધાતુ સૌત્ર (પાણિનિનિર્દિષ્ટ) છે. તેને क्वुन् शिल्पिसंज्ञयोरपूर्वस्यापीति । (૨–૨૦૦) ઉણાદિ સૂત્રથી/-क्वुन्/એવો ઔણાદિક પ્રત્યય લાગીને ऋतक શબ્દ બન્યો છે.

૫ न्याय्यभावात्कल्पनं संज्ञादिषु । (વા. ૨) આ વાર્તિકને ભાષ્યકારે બે રીતે સમજાવ્યું છે:

(१) न्याय्यस्य ऋतकशब्दस्य भावात्कल्पनं संज्ञादिषु साधु मन्यन्ते । ऋतक एवासौ, न लृतक इति । (२) अपर आह–न्याय्य ऋतकशब्दः शास्त्रान्वितोऽस्ति, स कल्पयितव्यः साधुः संज्ञादिषु । ऋतक एवासौ, न लृतक इति ॥ ( व्याकरणमहाभाष्ये प्रथमः खण्डः, पृ. ७३ )

**૧.૨.૦** પૂર્વપક્ષી વાર્તિકકારે ' ન્યાય્ય ' = વ્યુત્પન્ન **ऋतक** શબ્દનું જ કલ્પન કરવાનું સૂચવ્યા પછી, પ્રયોજનવાદી સિદ્ધાન્તી બીજા એક યદચ્છા પ્રકારના શબ્દને ઉદાહરણ તરીકે રજૂ કરે છે : लृफिड: । लृफिड्डः । આ યાદચ્છિક નામો–સંજ્ઞાવાચક શબ્દો અપરિહાર્ય છે. તેમને **अच्** કાર્યો થાય એટલા માટે વર્ણસમામ્નાયમાં ऌકારોપદેશ હોવો જોઈએ.

**૧.૨.૧** પરંતુ પૂર્વપક્ષીને આ શબ્દ પણ અવ્યુત્પન્ન = યદચ્છા શબ્દ તરીકે માન્ય નથી. તેમના મતે लृफिड: અને लृफिड्डः શબ્દો પણ **ऋफिड:** અને **ऋफिड्ड:** જ છે. તેમાં √**ऋ** ધાતુને ઉણાદિના/–फिड/અને/–फिड्ड/પ્રત્યયો લાગ્યા છે. એટલે કે આ બે શબ્દો પણ વ્યુત્પન્ન–ક્રિયાશબ્દો ( = કૃદન્ત નામ ) છે એમ નક્કી થાય છે. પૂર્વપક્ષી વિશેષમાં ઉમેરે છે કે ( અવ્યુત્પન્ન ) યદચ્છા પ્રકારના શબ્દો ભાષામાં છે જ નહીં. જાતિશબ્દો, ગુણશબ્દો અને ક્રિયાશબ્દો એવા ત્રણ પ્રકારના શબ્દો જ ભાષામાં છે.

**૧.૩.૦** પ્રયોજનવાદી સિદ્ધાન્તી પોતાની વાત સ્વીકારાવવા માટે બે મુદ્દા રજૂ કરે છે :

(क) ' યદચ્છા પ્રકારના શબ્દો હોય છે ' એ પક્ષ સ્વીકારીને અમે પ્રયોજન રજૂ કર્યું છે. જ્યારે તમે ( પૂર્વપક્ષી ) ' ત્રણ પ્રકારના જ શબ્દો હોય છે ' એમ કહીને અમે કહેલા પ્રયોજનનું ખંડન કરો છો.

(ख) વળી, સમાન અર્થની અવગતિ થતી હોય ત્યારે (જ) શાસ્ત્રાન્વિત શબ્દ અશાસ્ત્રાન્વિત શબ્દની નિવૃત્તિ કરી શકે છે. દા. ત. देवदत्त: અને देवदिण्ण બન્ને શબ્દોનો અર્થ એકસરખો છે. તે સ્થિતિમાં શાસ્ત્રાન્વિત देवदत्तः શબ્દ, અશાસ્ત્રાન્વિત देवदिण्णની નિવૃત્તિ કરી શકે છે; પણ તે देवदत्त શબ્દ गव्यादिની નિવૃત્તિ કરી શકતો નથી. કેમ કે તે બન્ને શબ્દોના અર્થો જુદા જુદા છે. એવી જ રીતે, યાદચ્છિક–અવ્યુત્પન્ન **लृफिड**

---

આમાંથી પહેલા અર્થઘટનને સમજાવતાં કૈયટે ' પ્રદીપ 'માં લખ્યું છે કે :

**न्याय्यभावादिति । ऋतकशब्दो न्याय्य: ' कृदन्तं नाम कुर्यादिति ' स्मृतावुक्तत्वात् । ऋति: सौत्रो धातु:, तत औणादिक: क्वुन्शिल्पिसंज्ञयोरपूर्वस्यापीति क्वुन् प्रत्यय: ॥ संज्ञादिष्विति । आदिशब्देनैतद्दर्शयति–जातिगुणक्रियानिमित्ता अपि शास्त्रान्विता एव प्रयोक्तव्या इति ॥ (तत्रैव, पृ. ७३)**

અર્થાત્, અહીં ' ન્યાય્ય 'નો અર્થ કૃદન્ત–નામ ( = વ્યુત્પન્ન નામ ) એવો કર્યો છે. બીજા અર્થઘટનને સમજાવતાં કૈયટે ' પ્રદીપ 'માં લખ્યું છે કે :—

**अपर आहेति । पूर्वमुक्तम् ऋतक एव न्याय्यत्वात् प्रयोक्तव्यो न तु लृतकशब्द इति, इदानीं तु ऋतकशब्दस्यैवायपभ्रंशोऽशक्तिजत्वाद् लृतक इत्युच्यते ॥ (तत्रैव, पृ. ७३)**

અહીં પણ ' ન્યાય્ય 'નો અર્થ શાસ્ત્રાન્વિત–વ્યુત્પન્ન એવો કર્યો છે અને **लृतक** શબ્દને અપભ્રંશ–અશક્તિજ કહ્યો છે, પરંતુ ભાષ્યોક્ત બન્ને અર્થઘટનોમાં ' ન્યાય્ય 'નો જો ' વ્યુત્પન્ન ' એવો જ અર્થ થતો હોય તો બે અર્થઘટનો આપવાનું કોઈ સ્વારસ્ય રહેતું નથી. આથી મેં ' પ્રદીપ ' ( અને ઉદ્દ્યોત)થી જુદા પડીને પહેલા અર્થઘટનમાં ' ન્યાય્ય 'નો અર્થ ' શિષ્ટપ્રયુક્ત પણ અવ્યુત્પન્ન ' એવો કર્યો છે. અને अपर आहથી નોંધાયેલા બીજા અર્થઘટનમાં ' ન્યાય્ય 'નો અર્થ ' વ્યુત્પન્ન ' કર્યો છે. ( જેને ભાષ્યકારે शास्त्रान्वित કહીને સમજાવ્યો છે. )

કે लृफिड्डु શબ્દોના જે અર્થો છે તે શાસ્ત્રાન્વિત–વ્યુત્પન્ન ऋफिड કે ऋफिड्डु શબ્દોના અર્થોથી જુદા છે. એટલે કે ऋफिड અને ऋफिड्डु શબ્દો ક્રિયાશબ્દો–ધાતુસાધિત નામ– છે; અને लृफिड તથા लृफिड्डु શબ્દો યદૃચ્છા પ્રકારના શબ્દો છે. આથી ऋफिड અને ऋफिड्डु શબ્દો लृफिड અને लृफिड्डुની નિવૃત્તિ કરી શકશે નહીં.

**૧.૩.૧** પરંતુ પૂર્વપક્ષી કહે છે કે ઉપર (**ख**)માં રજૂ કરવામાં આવેલી દલીલ દોષરૂપ બનતી નથી. કેમકે અમારા મતે તો 'ત્રણ પ્રકારના જ શબ્દો હોય છે' એવા પક્ષાન્તરથી જ लृफिड અને लृफिड्डु જેવા યદૃચ્છા શબ્દોનો અસ્વીકાર થઈ જાય છે. પરિણામે વર્ણસમામ્નાયમાં ऌકારોપદેશની જરૂર રહેતી નથી.

* * *

વાર્તિકકારે વ્યુત્પત્તિપક્ષનું આશ્રયણ કરીને જાહેર કર્યું છે કે "શબ્દોની ત્રિવિધ પ્રવૃત્તિ જ જોવા મળે છે. જેમકે, જાતિવાચક શબ્દો, ગુણવાચક શબ્દો અને ક્રિયાવાચક શબ્દો તરીકે. આ સિવાય, ચોથા પ્રકારના (અવ્યુત્પન્ન) યદૃચ્છા–શબ્દો હોતા (જ) નથી."[૬] વળી, અભિનિવેશબુદ્ધિથી ઉમેર્યું કે પક્ષાન્તરનું આશ્રયણ કરીને પણ સામા પક્ષનું ખંડન થઈ શકે છે.[૭]

## ૨.૦ અશક્તિજાનુકરણાર્થ (પ્રયોજન ૨):

અશક્તિથી કોઈ સ્ત્રી ऋકારને બદલે ऌકારનું ઉચ્ચારણ કરે અને તે ऌકારનું અનુકરણ કરી બતાવવા માટે અર્થાત્ અનુકરણાવસ્થામાં ऌકાર ઉચ્ચારવા માટે, (દા. ત. **ब्राह्मण्यॢतक इत्याह ।** આ ઉદાહરણમાં ऌને સ્વર–**अच्**–માનીને **यण्** આદેશ થયો છે.) વર્ણસમામ્નાયમાં ऌકારનો ઉપદેશ હોવો જોઈએ.

**૨.૦.૧** ઉપર્યુક્ત દ્વિતીય પ્રયોજનનો પરિહાર કરવા માટે વાર્તિકકાર એક વાર્તિક રજૂ કરે છે: **अनुकरणं शिष्टाशिष्टाप्रतिषिद्धेषु, यथा लौकिकवैदिकेषु ॥** (वा. ३).

* * *

લોકમાં દેવદત્ત દાન કરે છે, યજન કરે છે અથવા વિદ્યાભ્યાસ કરે છે. તેનું અનુકરણ કરતો યજ્ઞદત્ત પણ જો તે ક્રિયાઓ કરે તો તેનો અભ્યુદય થાય છે. અથવા તો વેદમાં દેવદત્ત વિશ્વસૃજ્નો યજ્ઞ કરે છે અને યજ્ઞદત્ત પણ તેનું અનુકરણ કરીને તે યજ્ઞ કરે છે. તો તેનો પણ અભ્યુદય થાય છે. આ ઉદાહરણથી 'અભ્યુદયજનક–અનુકરણ'ને સ્પષ્ટ કરવામાં આવ્યું.

**૨.૦.૨** કોઈ વ્યક્તિ હેડકી ખાય છે, હસે છે કે ખંજવાળે છે. તો તેનું અનુકરણ કરતી કોઈ વ્યક્તિ હેડકી ખાય, હસે કે ખંજવાળે તો તે અનુકરણક્રિયા અભ્યુદયજનક પણ નથી અને દોષજનક પણ નથી.

---

६ **त्रयी च शब्दानां प्रवृत्तिः—जातिशब्दा गुणशब्दा क्रियाशब्दा इति । न सन्ति यदृच्छाशब्दाः ॥ ऋलृक् । मा. सू. र. इत्यत्र भाष्यम् । (तत्रैव पृ. ७३)**

७ **पक्षान्तरैरपि परिहारा भवन्ति ॥ (तत्रैव पृ. ७४)**

૨.૧.૦ પરંતુ કોઈ વ્યક્તિ બ્રાહ્મણને હણે છે કે મદિરા પીએ છે. આનું અનુકરણ કરતી બીજી જે કોઈ વ્યક્તિ બ્રાહ્મણને હણશે કે મદિરા પીશે તો તે બન્ને દોષિત ઠરશે. અનુકરણના આ ત્રીજા ઉદાહરણથી પૂર્વપક્ષી વાર્તિકકાર એવું સૂચવવા માંગે છે કે 'અનુકાર્ય જો દૂષિત હશે તો અનુકરણ પણ દૂષિત ગણાશે.' અર્થાત્ કોઈ સ્ત્રી અશક્તિથી ऋतकને બદલે ऌतक બોલી હોય અને તેનું અનુકરણ કરી બતાવવા કોઈ જ્ઞાની પુરુષ ब्राह्मण्यऌतक इत्याह । એમ બોલે તો તે અનુકરણ પણ દૂષિત જ ગણવું. આમ જો અનુકાર્યનું અસાધુત્વ અનુકરણમાં પણ સંક્રાન્ત થતું હોય તો, તેવા અનુકરણાત્મક શબ્દોને માટે ऌકારોપદેશ ન કરવો જોઈએ.

૨.૧.૧ પ્રયોજનવાદી સિદ્ધાન્તી કહે છે કે કોઈ વ્યક્તિ બ્રાહ્મણને હણે છે. બીજી વ્યક્તિ તેનું અનુકરણ કરીને બીજા કોઈ બ્રાહ્મણને હણી કાઢે છે. તો આવા પ્રસંગે તે બન્ને દોષિત થાય છે. એ જ પ્રમાણે, જે વ્યક્તિ અપશબ્દનો પ્રયોગ કરે તે દોષિત થાય છે; તથા તેની જેમ જ બીજી કોઈ વ્યક્તિ પણ જો અપશબ્દ વાપરે તો તે પણ દોષિત થાય છે. પરંતુ બ્રાહ્મણનું હનન કરનાર વ્યક્તિનું અનુકરણ કરીને કોઈ કદલીવૃક્ષનું છેદન કરી નાખે; કે સુરાપાન કરનાર વ્યક્તિનું અનુકરણ કરીને કોઈ પયઃપાન કરે તો તે દોષિત થતો નથી. એવી રીતે અપશબ્દનો પ્રયોગ કરનાર વ્યક્તિનું અનુકરણ કરી બતાવનાર વ્યક્તિ દોષિત થતી નથી. અર્થાત્ સિદ્ધાન્તીના મતે 'અનુકાર્ય દૂષિત હોવા છતાંય અનુકરણ દૂષિત ગણાતું નથી.' અનુકાર્યનું અસાધુત્વ અનુકરણમાં સંક્રાન્ત થતું નથી.

સિદ્ધાન્તી પોતાની વાત જરા વધારે વિશદ કરે છે: 'અપશબ્દ છે અર્થ જેનો' એવા (અનુકરણાત્મક અપશબ્દ) શબ્દને માટે ऌકારોપદેશ કરવો જોઈએ. અહીં એ સમજી લેવાની જરૂર છે કે 'અપશબ્દ છે અર્થ જેનો' એવો (અનુકરણાત્મક) શબ્દ અપશબ્દ ગણાતો નથી. કેમકે "અપશબ્દ છે અર્થ જેનો' એવો (અનુકરણાત્મક) શબ્દ પણ અપશબ્દ છે" એવું જે માને છે તેને માટે તો अपशब्दः શબ્દ પોતે જ અપશબ્દ બની જશે. પરંતુ अपशब्दः પોતે અપશબ્દ (અસાધુ) શબ્દ નથી એ તો સુવિદિત છે. આમ અશક્તિથી ઉચ્ચારાયેલા અપશબ્દોના અનુકરણને માટે ऌકારોપદેશ કરવાની જરૂર છે જ.

૨.૧.૨ 'અપશબ્દોના અનુકરણ માટે ऌકારોપદેશની જરૂર છે' એવું કહ્યા પછી પ્રયોજનવાદી સિદ્ધાન્તી બીજા એક અપશબ્દ નહીં એવા શબ્દના અનુકરણને માટે ऌકારોપદેશની જરૂર છે એમ દર્શાવે છે: કોઈ એક વ્યક્તિએ √क्लृपि ધાતુમાંના ऌકારનું ઉચ્ચારણ કરી બતાવ્યું. હવે તે ઉચ્ચારણ કેવું હતું તે કહેવા માટે જે વાક્ય બોલશે साधु 'लृकारम्' अधीते । मधु 'लृकारम्' अधीते । તેમાં તેણે પૂર્વોચ્ચરિત ऌકારનું અનુકરણ કરવું પડશે. આવા (અપશબ્દ નહીં તેવા) √क्लृपि ધાતુમાંના–ऌકારના ઉચ્ચારણનું અનુકરણ કરવા માટે વર્ણસમામ્નાયમાં ऌકારોપદેશની જરૂર છે.

૨.૨.૦ પ્રયોજનવાદીના મતે '√क्लृपि ધાતુના ऌકારનું અનુકરણ કરવા માટે જો ऌકારોપદેશની જરૂર હોય' તો પૂર્વપક્ષી કહે છે કે √क्लृपि ધાતુનું लत्व તો અસિદ્ધ છે. આથી √क्लृप् ધાતુના ऋકારને જ अच् કાર્યો થશે.

**૨.૨.૧** સિદ્ધાન્તી કહે છે કે "√क्लृप् ધાતુના लृकारને માટે જ જો વર્ણસમામ્નાયમાં लृकारोपदेश કરવાની જરૂર હોત તો, (તો પૂર્વપક્ષી કહે છે તે દૃષ્ટિએ) लृकारोपदेश કરવાની જરૂર રહેતી નથી.[૮] પણ '√क्लृप् ધાતુનો लृकार છે અર્થ જેનો' એવા (અનુકરણાત્મક) लृकारને માટે વર્ણસમામ્નાયમાં लृकारोपदेश કરવાની જરૂર છે એમ અમારું કહેવું છે. અર્થાત્ અનુકાર્ય શબ્દના અર્થથી અનુકરણાત્મક શબ્દોનો અર્થ ભિન્ન હોય છે. આમ જો અર્થભેદ થતો હોય તો તે–અનુકાર્ય અને અનુકરણ–એમ બન્ને શબ્દો જુદા જુદા છે એવું સિદ્ધ થાય છે. આવા અનુકરણાત્મક શબ્દોને માટે लृकारोपदेशની જરૂર છે જ.[૯]

**૨.૩.૦** ઉપરની ચર્ચામાં 'અપશબ્દ છે અર્થ જેનો એવો શબ્દ પોતે અપશબ્દ નથી' એવું કહીને સિદ્ધાન્તીએ (૨.૧.૧માં) **ब्राह्मण्यलृतक इत्याह ।** જેવા ઉદાહરણને માટે लृकारोपदेशની જરૂર છે એવું સિદ્ધ કર્યું હતું. હવે પૂર્વપક્ષી એ મુદ્દાને શિથિલ કરવાનો પ્રયત્ન કરી જુએ છે: સિદ્ધાન્તીએ **प्रकृतिवदनुकरणं भवति ।** 'પ્રકૃતિની જેમ અનુકરણ થાય છે. અર્થાત્ પ્રકૃતિના ધર્મોનો અનુકરણદશામાં અતિદેશ થાય છે' એવી એક પરિભાષા સ્વીકારી છે. એનું સ્મરણ કરાવીને પૂર્વપક્ષી કહે છે કે **कुमारी 'लृतक' इत्याह । ब्राह्मणी 'लृतक' इत्याह ।**માં મૂળ–અનુકાર્ય–શબ્દ **लृतक** જો અપશબ્દ હોય, તો તે અપશબ્દત્વ અનુકરણાવસ્થામાં પણ આવી જશે. કેમકે, પૂર્વોક્ત પરિભાષા દ્વારા પ્રકૃતિના ગુણધર્મોનો અનુકરણમાં અતિદેશ જાહેર કરવામાં આવ્યો છે. આમ અનુકરણાત્મક શબ્દો પણ જો અપશબ્દ હોય તો તેને માટે लृकारोपदेश કરવાની જરૂર રહેતી નથી.

**૨.૩.૧** સિદ્ધાન્તી કહે છે કે હા, **प्रकृतिवदनुकरणं भवति ।** એવી પરિભાષા છે અને તેનો અમે સ્વીકાર પણ કર્યો છે. પરંતુ **જે પ્રકૃતિ હોય** તેના જ ધર્મોનો અનુકરણમાં અતિદેશ થાય છે. અપશબ્દો કોઈ દિવસ **प्रकृति** હોતા નથી, કેમકે પાણિનિએ અપશબ્દોનો કદાપિ ઉપદેશ કર્યો નથી, અને જેનો ઉપદેશ કર્યો નથી એવા શબ્દો **प्रकृति** ગણાતા નથી. આમ અશક્તિને કારણે ઉચ્ચારાયેલા (**लृतक**) શબ્દમાં શાસ્ત્રીય પ્રકૃતિત્વનો અભાવ રહે છે. અને તે કારણે તેવા અશક્તિજ શબ્દોના અનુકરણમાં પૂર્વોક્ત (**प्रकृतिवदनुकरणं भवति ।**) અતિદેશની પ્રવૃત્તિ થતી નથી. પરિણામે **ब्राह्मण्यलृतक इत्याह ।** એવા અનુકરણાત્મક વાક્યમાં વપરાયેલા '**लृतक**' શબ્દમાં અપશબ્દત્વનો અભાવ રહે છે. આથી ત્યાં **अच्** નિમિત્તક કાર્યોની સિદ્ધિ–**ब्राह्मणी 'लृतक' इत्याह** > **ब्राह्मण्यलृतक इत्याह ।**–ને અર્થે વર્ણસમામ્નાયમાં लृकारोपदेशની જરૂર છે.[૧૦] આમ સિદ્ધાન્તીએ ૨.૧.૧ અને ૨.૧.૨માં નોંધેલાં બન્ને ઉદાહરણોને માટે लृकारोपदेशની જરૂર છે એવું સિદ્ધ કર્યું.

---

૮ भवेत्तदर्थेन नार्थः स्यात् ॥ (तत्रैव पृ. ७५)

૯ ૨.૧.૨, ૨.૨.૦ અને ૨.૨.૧માં એક મુદ્દો સિદ્ધ થયો. હવે ૨.૧.૧માં કહેલ **ब्राह्मण्यलृतक इत्याह** જેવા ઉદાહરણને માટે लृकारोपदेशની જરૂર છે એમ ૨.૩.૦ અને ૨.૩.૧ની ચર્ચાથી સિદ્ધ કરવામાં આવે છે.

१० अशक्तिजस्य शास्त्रीयप्रकृतित्वाभावात्, न तदनुकरणेऽतिदेशप्रवृत्तिः इति (अनुकरणस्य) अपशब्दत्वाभावात अच्कार्यसिद्धयर्थं लृकारोपदेश इत्यर्थः ॥ वार्तिक-२ इत्यत्र उद्द्योतः । (तत्रैव, पृ. ७६)

### ૩.૦ પ્લુત વગેરે કાર્યો કરવા અર્થે (પ્રયોજન ૩):

**૩.૦.૧** क्लृ३प्तशिख । આ ઉદાહરણમાં, गुरोरनृतोऽनन्त्यस्याप्येकैकस्य प्राचाम् । ૮–૨–૮૬ સૂત્રથી (अनृतः =) ऋકાર ભિન્ન अच्–ऌકાર–ને પ્લુતાદેશ થયો છે.

**૩.૦.૨** क्लृप्प्तः । આ ઉદાહરણમાં, अनचि च । ૮–૪–૪૭ સૂત્રથી अच्–ऌકાર–ની પરમાં આવેલા यर्–प्કાર–નું (વિકલ્પે) દ્વિત્વ થયું છે.

**૩.૦.૩** प्रक्लृ॑प्तः । આ ઉદાહરણમાં, गतिरनन्तरः । ૬–૨–૪૯ સૂત્ર મુજબ प्र ઉપસર્ગનો પ્રકૃતિસ્વર–ઉદાત્ત–છે; તેને શેષનિઘાત થતાં, उदात्तादनुदात्तस्य स्वरितः । ૮–૪–૬૬ સૂત્રથી क्लृ (સ્વર) સ્વરિત થાય છે.

* * *

અહીં ऌ વર્ણનો જો अच्માં ઉપદેશ નહીં હોય તો ૧ પ્લુત, ૨ દ્વિર્વચન અને ૩ સ્વરિત જેવાં કાર્યો નહીં થઈ શકે. (આમાંથી દ્વિર્વચનરૂપ કાર્ય अच् નિમિત્તક છે અને બીજાં બે કાર્યો अच्ને આશ્રિત છે.)

**૩.૧.૦** પૂર્વપક્ષી વાર્તિકકાર ઉપર્યુક્ત ત્રણેય કાર્યોની અન્યથા સિદ્ધિ દર્શાવવા માટે એક વાર્તિક રજૂ કરે છે:

एकदेशविकृतस्यानन्यत्वात् प्लुत्यादयः । (वा० ४) અહીં एकदेशविकृतमनन्यवद् भवति । 'કોઈ સ્થાનિન્–વસ્તુ–પ્રાણીના એકદેશમાં વિકાર ઉત્પન્ન થવાથી તે સ્થાનિન્–વસ્તુ–પ્રાણી અન્ય બની જતું નથી! (દા. ત. કૂતરાની પૂંછડી કપાવા છતાંય તે અશ્વ કે ગર્દભ બની જતો નથી; પણ કૂતરો જ રહે છે.) આવી પરિભાષાનું આશ્રયણ કરવાથી પૂર્વોક્ત પ્લુતાદિ કાર્યો થઈ જશે. જેમ કે, ऋકારની એકદેશ રૂપા र् શ્રુતિમાં વિકાર આવવાથી ल् શ્રુતિ સંભળાય છે–ऌકાર બન્યો છે–એમ માનીશું તો તે ऌકાર ऋકાર જ છે એમ માની શકાશે. અને તે ऋકારનો अच्માં ઉપદેશ છે જ, તેને આધારે પ્લુતાદિ કાર્યો કરી લઈશું. માટે ऌકારોપદેશની જરૂર નથી.

**૩.૧.૧** પૂર્વપક્ષીએ एकदेशविकृतम्० । પરિભાષા આગળ ધરીને પ્લુતાદિ પ્રયોજનોની અન્યથા સિદ્ધિ થશે એવું સૂચવ્યું છે. પરંતુ સિદ્ધાન્તી કહે છે કે આ પરિભાષાની राजकीयम् । જેવા ઉદાહરણમાં અતિપ્રવૃત્તિ થશે.[११] જેમ કે, अल्लोपोऽनः । ૬–૪–૧૩૪ સૂત્રથી राजक्માં अन्નો એકદેશ વિકૃત થયો છે એમ માનીને) क्નો લોપ થવા આવે છે.

આ અતિપ્રવૃત્તિરૂપ દોષની નિવૃત્ત્યર્થે પૂર્વપક્ષીએ પૂર્વોક્ત પરિભાષામાં एकदेशविकृत-मनन्यवद् भवति षष्ठीनिर्दिष्टस्य । ('એકદેશમાં વિકૃત સ્થાનિન્ અનન્યવત્ થાય છે, જો તે

---

११ राजन् + छ । < वृद्धाच्छ । ४–२–११४ थी शैषिक तद्धित छ ।
राजन् > क् + छ । < राज्ञः क च । ४–२–१४० थी न् > क् ।
राजक् + छ > ईय । < टिड्ढाणञ्० । ४–१–१५ थी छ > ईय ।
राजक् + ईय > राजकीय ॥ તદ્ધિતાન્ત પ્રાતિપદિકની સિદ્ધિ થાય છે.

સ્થાનિન્‌ને ષષ્ઠી વિભક્તિ લગાવીને કોઈ કાર્ય કહ્યું હોય તો ') એવો ઉમેરો સૂચવ્યો છે. આ ઉમેરાથી એવું નક્કી થાય છે કે **अल्लोपोऽनः** । ६–४–१३४ સૂત્રમાં આવેલા **अनः** એવા ષષ્ઠ્યન્ત પદથી **अन्**ના **अ**કારનો લોપ કરવાનો કહ્યો છે. પરંતુ **राजन्** શબ્દમાં **अन्**ના **न्**કારને **क्**નું વિધાન થયું નથી, પણ **राजन्**ના **न्** ને **क्**નું વિધાન થયું છે (૪–૨–૧૪૦). તેથી **अन्**નો એકદેશ વિકાર પામીને **अक्** બન્યો છે એમ કહેવાશે નહીં. (એટલે કે **अन्**માં **अक्** બુદ્ધિ થશે નહીં.) આથી **राजक् + ईय**માં **अल्लोपोऽनः** । ६–४–१३४થી લોપ થવા નહીં આવે.

**૩.૧.૨** પ્રયોજનવાદી સિદ્ધાન્તી કહે છે કે પૂર્વોક્ત પરિભાષામાં **०षष्ठीनिर्दिष्टस्य** । એવો ઉમેરો કરશો તો **क्लृप्तशिख** । ઉદાહરણમાં પ્લુતની સિદ્ધિ થશે નહીં. કેમ કે **कृपो रो लः** । ८–२–१८ સૂત્રથી **र्** શ્રુતિને સ્થાને **ल्** શ્રુતિનું વિધાન થયું છે. એટલે કે આ સૂત્રમાં **रोः** પદથી **रेफ़** ષષ્ઠી વિભક્તિમાં નિર્દેશેલ છે, **ऋ**કાર નહીં. આથી '**ऋ**નો એકદેશ વિકૃત થઈને **ऌ** થયો છે; અને તે **ऋ**નું **अच्त्व** **ऌ**માં પણ છે' એવો અતિદેશ થઈ શકશે નહીં અને પરિણામે **अच्** આશ્રિત પ્લુતકાર્ય પણ થઈ શકશે નહીં.

**૩.૧.૩** પૂર્વપક્ષી વાર્ત્તિકકાર કહે છે કે **कृपो रो लः** । ८–२–१८ સૂત્રમાં **ऋ** પણ ષષ્ઠીમાં નિર્દેશેલો છે. જેમ કે, આ સૂત્રમાં અવિભક્તિક નિર્દેશ માનીને **कृप उः रः लः** । ८–२–१८ એવો પદચ્છેદ કરીશું. તો **ऋ**કાર પણ ષષ્ઠી વિભક્તિમાં નિર્દિષ્ટ છે એવું સિદ્ધ થશે. અને તે રીતે **क्लृप्तशिख** ।માં પ્લુતની સિદ્ધિ થઈ જશે.

**૩.૨.૦** પૂર્વપક્ષી કહે છે કે **एकदेशविकृतमनन्यवद् भवति** । પરિભાષામાં કોઈ ઉમેરો નહીં કરીએ તો પણ **अल्लोपोऽनः** । ६–४–१३४ સૂત્રની **राजकीयम्** ।ની સિદ્ધિમાં અતિપ્રવૃત્તિ થવા નહીં આવે. કેમ કે **श्वयुवमघोनामतद्धिते** । ६–४–१३३ સૂત્ર ઉપર એ સ્પષ્ટ કરવામાં આવવાનું જ છે કે–"**श्वन्**, **युवन्** આદિ શબ્દોને સમ્પ્રસારણકાર્યનું વિધાન કરતી વખતે '**न**કારાન્તને' એવા પદનું વિશેષ ગ્રહણ એટલા માટે કરવામાં આવ્યું છે કે 'અનકારાન્ત'નું સમ્પ્રસારણ ન થાય."[१२] આ ઇષ્ટિવચન **अल्लोपोऽनः** । ६–४–१३४માં પણ અનુવૃત્ત થશે. પરિણામે, **राजक् + ईय**માં **राजक्** નકારાન્ત નથી, તેથી અકારલોપની પ્રાપ્તિ જ થશે નહીં.

**૩.૨.૧** પ્રયોજનવાદી સિદ્ધાન્તી કહે છે કે–તો પછી **एकदेशविकृतमनन्यवत् भवति** । એવી જ પરિભાષાથી તમારે પ્લુતાદિ કાર્યો સિદ્ધ કરવાનાં રહેશે અને આમ કરવા જતાં **क्लृप्तशिख** । ઉદાહરણમાં તમે પ્લુતકાર્ય સિદ્ધ નહીં કરી શકો. કેમ કે **क्लृप्तशिख** ।માં **ऋ**કારનો એકદેશ વિકૃત થઈને **ऌ** રૂપે સાંભળવાં મળે છે, માટે **ऌ**કાર એ **ऋ**કાર જ છે એમ માનવાથી તો **गुरोरनृतः०** । ८–२–८६ સૂત્રોક્ત **अनृतः** = '**ऋ**કાર સિવાયના' **अच्**ને પ્લુત થાય છે–એવો નિષેધ લાગુ પડવા આવશે અને પ્લુતકાર્ય થશે નહીં.

**૩.૨.૨** પૂર્વપક્ષી વાર્ત્તિકકાર કહે છે કે તો અમે '**गुरोररवतः०**' એવો સૂત્રન્યાસ કરીને (= પાણિનિના સૂત્રમાં **गुरोरनृतः०**ને બદલે **गुरोररवतः०** એવો ફેરફાર કરીને)

---

१२ **श्वादीनां सम्प्रसारणे नकारान्तग्रहणमनकारान्तप्रतिषेधार्थम्** । ६–४–१३३ **इत्यत्र वार्त्तिक–१** ॥ (**व्याकरणमहाभाष्ये द्वितीयः खण्डः**, पृ. ९५९)

क्लृ३प्तशिख ।માં પ્લુતની સિદ્ધિ કરી બતાવીશું (रवत्प्रतिषेधाच्च । [वा. ५) જેમ કે, 'गुरोररवतः०' એવો સૂત્રન્યાસ કરવાથી 'જે રેફવાળો ગુરુ અક્ષર ના હોય તેને પ્લુત થાય છે' એવો સૂત્રાર્થ થતાં क्लृના લૃસ્વરને પ્લુત થઈ શકશે.

* * *

પ્રયોજનવાદી સિદ્ધાન્તી કહે છે કે गुरोः अनृतः० । ૮–૨–૮૬ સૂત્રમાં જો अरवतः એવો ફેરફાર કરશો તો होतृ + ऋकार ।માં સવર્ણ–દીર્ઘ થયા પછી होतॄ३कार ।માં દીર્ઘ ॠકારને પ્લુત નહીં થાય. તે ॠકાર રેફવાન્ છે, તેથી તેમાં अरवतः એવો નિષેધ પ્રવૃત્ત થવા આવશે. (પાણિનિનું સૂત્ર જ જો યથાવત્ હશે તો अनृतः એવા પદથી હ્રસ્વ ऋકારમાં જ પ્લુતકાર્યનો નિષેધ થશે; દીર્ઘમાં નહીં.)

૩.૨.૩ પૂર્વપક્ષી વાર્તિકકાર પ્લુતકાર્યની સિદ્ધિ કરવા માટે ઝનૂની બને છે! गुरोरनृतोऽनन्त्यस्यापि एकैकस्य प्राचाम् । ૮–૨–૮૬ સૂત્રને બદલે गुरोररवतो ह्रस्वस्य० । એવું સૂત્રાન્તર કરીને ('રેફવાન્ હ્રસ્વ ऋકારને પ્લુતકાર્ય થતું નથી; પણ દીર્ઘ ॠકારને તો પ્લુતકાર્ય થાય છે' એવું ઉમેરીને) होतॄ ३ कार ।માં પ્લુત કરી બતાવવા તૈયાર થાય છે.

૩.૩.૦ પૂર્વપક્ષી વાર્તિકકારે પ્લુતાદિ કાર્યોની અન્યથાસિદ્ધિ દર્શાવવા માટે एकदेशविकृतमनन्यवद् भवति । પરિભાષાનું આશ્રયણ કર્યું. અને તેના પરિણામે ઉપસ્થિત થતી આપત્તિઓ દૂર કરવા માટે ત્રણવાર સૂત્રભેદ કરવાનો ઉપાય હાથ ધર્યો. જેમ કે :

(૧) क्लृ३प्तशिख ।માં પ્લુત સિદ્ધ કરવા कृपो रो लः । ૮–૨–૧૮ને બદલે कृप उः रः लः । કરવાનું કહ્યું.

(૨) क्लृ३प्तशिख ।માં ०अनृत० । ૮–૨–૮૬ નિષેધને નિવૃત્ત કરી, પ્લુત સિદ્ધ કરવા માટે गुरोरनृतोऽनन्त्यस्य० ।ને બદલે गुरोररवतः० । સૂત્રભેદ કરવાનું કહ્યું.

(૩) होतॄ३कार ।માં પ્લુત કરવા માટે પોતે જ ફેરવેલા गुरोररवतः० પદમાં નવું ह्रस्वस्य પદ ઉમેરવાનું કહ્યું.

આખરે પ્રયોજનવાદી સિદ્ધાન્તીને કહેવું પડે છે કે આટલી બધી જગ્યાએ પાણિનિનાં સૂત્રોમાં તોડફોડ કરવા કરતાં ऋलृक् । मा. सू. २માં જે લૃકારોપદેશ છે, તે જ સ્વીકારી લેવો તે લાઘવપૂર્ણ ઉપાય છે! કોઈ વ્યક્તિ મોટો વાંસડો લઈને (જંગલમાં આખો દિવસ રખડીને) એક બોર કે ચકલી પાડી લાવે તો તે–બહ્વાયાસ સાધ્ય અલ્પફળ જેમ ઉપહાસપાત્ર છે તેમ આ પ્લુતાદિ–કાર્યોને માટે પાણિનિએ જે ऋलृक् । मा. सू. २માં લૃકારોપદેશ કર્યો છે; તેનું સૂત્રભેદ કરી કરીને ખંડન કરવાનો તું પૂર્વપક્ષી વાર્તિકકાર જે પ્રયત્ન કરે છે તે પણ ઉપહાસપાત્ર છે.[૧૩]

---

१३ स एष सूत्रभेदेन लृकारोपदेशः प्लुत्याद्यर्थः सन् प्रत्याख्यायते । सैषा महतो वंशस्तम्बाल् लट्वानुकृष्यते ॥ ऋलृक् । मा. सू. २, इत्यत्र भाष्यम् । (व्याकरणमहाभाष्ये प्रथमः खण्डः, पृ. ७७)

૪.૦ નિષ્કર્ષ : આમ સિદ્ધાન્તીએ વર્ણસમામ્નાયમાં ऌકારોપદેશનાં ત્રણ પ્રયોજનો છે એમ સિદ્ધ કર્યું છે. આમાંથી 'યદચ્છા પ્રકારના–અવ્યુત્પન્ન–શબ્દોમાં વપરાતા ऌકારને **अच्** કાર્યો થાય એટલા માટે વર્ણસમામ્નાયમાં તેના ઉપદેશની જરૂર છે (પ્રયોજન ૧).' એવું પ્રયોજનવાદી સિદ્ધાન્તીએ કહ્યું છે. આનો પરિહાર કરવા માટે પૂર્વપક્ષીએ પક્ષાન્તર (**चतुष्टयी शब्दानां प्रवृत्तिः**–ને બદલે **त्रयी च शब्दानां प्रवृत्तिः**–પક્ષ)નો આશ્રય કર્યો હતો. તે પક્ષાન્તર મુજબ 'ભાષામાં યદચ્છા પ્રકારના (એટલે કે અવ્યુત્પન્ન શબ્દો) હોતા જ નથી' એવો દુરાગ્રહ દાખવ્યો હતો. પરંતુ આચાર્ય પાણિનિએ જ **अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम्** । ૧–૨–૪૫ સૂત્રમાં **अर्थवद्** શબ્દ મૂકીને ભાષામાં વપરાતા અવ્યુત્પન્ન યદચ્છા પ્રકારના શબ્દો, કે જે અર્થવાન્ હોય છે) તેમને પ્રાતિપદિક–સંજ્ઞક બનાવીને પોતાના વ્યાકરણક્ષેત્રની મર્યાદામાં સમાવી લીધા છે. આવા શબ્દોનો અસ્વીકાર કરવો પાણિનિને પણ ઉચિત લાગ્યો નથી. બીજું સંસ્કૃત ભાષામાં માત્ર √**क्लृपि** ધાતુમાં જ સચવાઈ રહેલા ऌકારનું, એક ક્ષણ માટે માની લઈએ કે કોઈ જ પ્રયોજન નથી, તો પણ તેનો વર્ણસમામ્નાયમાં ઉપદેશ કરીને આપણે સાચવી રાખવો જોઈએ. કેમકે 'તેના પારાયણમાત્રથી અદષ્ટની ઉત્પત્તિ થાય છે' એવું વૈયાકરણપરંપરાનું માનવું છે. આ જ વાતને બીજા શબ્દોમાં કહીએ તો આ ऌકારને એક museum Piece તરીકેય સાચવી રાખવા જેવો છે! કેમકે ૧૯મી સદીમાં વિકસેલા comparative philology–ભાષાશાસ્ત્ર આપણને કહે છે કે ભારત–યુરોપીય ભાષામાં પણ આવો ऌસ્વર હશે;[૧૪] અને આમાંથી જ તે સ્વર (માત્ર) સંસ્કૃતમાં ઉતરી આવ્યો છે.

આમ ઐતિહાસિક દૃષ્ટિએ સંસ્કૃત ભાષાના ધ્વનિસમૂહમાં–phonologyમાં–ऌસ્વરનું સ્થાન અતિ મહત્ત્વનું છે. આવો ऌસ્વર ભાષામાં હોય તો, તેની સાહાય્યથી ઘડાતા યદચ્છા પ્રકારના શબ્દોમાં–સંજ્ઞાવાચક morpheme–માં અન્ય સન્ધિવિષયક morphophonemic rules–સૂત્રોની પ્રવૃત્તિ અનાયાસે–તાન્ત્રિક દૃષ્ટિએ થાય એટલા માટે પાણિનિએ તેને વર્ણ-સમામ્નાયમાં મૂકવો જ પડે.

## પરિશિષ્ટ ૧

(આ લેખમાં વપરાયેલાં સૂત્રો અને તેમના અર્થો)

१ **अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम्** । पा. सू. १–२–४५.

(काशिका) **अर्थवच्छब्दरूपं प्रातिपदिकसंज्ञं भवति, धातुप्रत्ययौ वर्ज्जयित्वा । डित्थः, कपित्थः, कुण्डम्, पीठम्** ॥

२ **टिड्ढाणञ्द्वयसज्दघ्नञ्मात्रच्तयप्ठक्ठञ्कञ्क्वरप्** । ४–१–१५.

(का०) **टिदादिभ्यः प्रातिपदिकेभ्यः स्त्रियां ङीप् प्रत्ययो भवति** ॥

---

૧૪ ભારત-યુરોપીય *Wlkw O-H*માંથી સંસ્કૃતમાં *Vṛka 'wolf'*, અવેસ્તામાં *Vdhrka*. લિથુઆનિયનમાં *Viikas* અને ગોથિકમાં *Wulfs* શબ્દો ઉતરી આવ્યા છે. (જિજ્ઞાસુએ *T. Burrow, The Sanskrit Language*માં પૃ. ૧૦૩ અને પૃ. ૨૩૧ જોવાં).

३ वृद्धाच्छः । ४–२–११४.

(का०) वृद्धात्प्रातिपदिकाच्छः प्रत्ययो भवति शैषिकः ॥

४ राज्ञः क च । ४–२–१४०.

(का०) राज्ञः ककारश्चान्तादेशो भवति छश्च प्रत्ययः ॥

५ इको यणचि । ६–१–७७.

(का०) अचि परत इको यणादेशो भवति ॥

६ गतिरनन्तरः । ६–२–४९.

(का०) कर्मवाचिनि क्तान्त उत्तरपदे गतिरनन्तरः पूर्वपदं प्रकृतिस्वरं भवति ॥

७ श्वयुवमघोनामतद्धिते । ६–४–१३३.

(का०) श्वन् युवन् मघवन् इत्येतेषामङ्गानामतद्धिते प्रत्यये परतः सम्प्रसारणं भवति ॥... श्वादीनामेतत् सम्प्रसारणं नकारान्तानाम् इष्यते ॥

८ अल् लोपोऽनः । ६–४–१३४.

(का०) अनित्येवमन्तस्य भस्य अकारलोपो भवति ॥

९ कृपो रो लः । ८–२–१८.

(का०) कृपेर्धातो रेफस्य लकारादेशो भवति । र इति श्रुतिसामान्यमुपादीयते । तेन यः केवलो रेफो, यश्च ऋकारस्थस्तयोर्द्वयोरपि ग्रहणम् । ल इत्यपि सामान्यमेवोपादीयते । ततोऽयं केवलस्य रेफस्य स्थाने लकारादेशो विधीयते, ऋकारस्याप्येकदेशविकारद्वारेण लृकारस्तथा लृटि च क्लृप इत्येवमादयो निर्देशा उपपद्यन्ते ॥

१० गुरोरनृतोऽनन्त्यस्याप्येकैकस्य प्राचाम् । ८–२–८६.

(का०) ऋकारवर्जितस्य गुरोरनन्त्यस्य, अपिशब्दादन्त्यस्यापि टेरेकैकस्य सम्बोधने वर्त्तमानस्य प्लुतो भवति प्राचामाचार्याणां मतेन ॥

११ ङमो ह्रस्वादचि ङमुण्नित्यम् । ८–३–३२.

(का०) ह्रस्वात्परो यो ङम् तदन्तात्पदादुत्तरस्याचो ङमुडागमो भवति नित्यम् ॥

१२ अनचि च । ८–४–४७.

अच उत्तरस्य यरो द्वे वा भवतोऽनचि परतः ॥

१३ उदात्तादनुदात्तस्य स्वरितः । ८–४–६६.

उदात्तादुत्तरस्यानुदात्तस्य स्वरितादेशो भवति ॥

१४ क्वुन् शिल्पिसंज्ञयोरपूर्वस्यापि । (उणादिसूत्र २–२००).

## ગ્રંથ–સૂચિ

१ **काशिका :** काशी संस्कृत ग्रन्थमाला ३७, चौखम्बा संस्कृत सीरीज आफिस, वाराणसी–१, १९५२.

२ **वैयाकरणसिद्धान्तकौमुदी :** सं. शर्मा वासुदेवः, निर्णयसागर प्रेस, मुंबई, १९२९.

३ **व्याकरण–महाभाष्यम् :** (प्रथमः खण्डः, द्वितीयः खण्डः), मोतीलाल बनारसीदास, दिल्ली, १९६७.

4 Burrow T., *The Sanskrit Language*; Faber and Faber, 24 Rusell Square, London ( date; not mentioned. )

# સંસ્કૃતમાં સંખ્યાપૂર્વપદ સામાસિક શબ્દોનાં સ્વરૂપો

ભાલચંદ્ર ભટ્ટ*

સંસ્કૃત ભાષામાં સમાસ અતિમહત્ત્વનું સ્થાન ધરાવે છે. વિવિધ શબ્દો એકબીજા સાથે આવીને ચોક્કસ નિયમોને અધીન જોડાઈને વિવિધ સમાસો બનાવે છે. આવા મુખ્ય સમાસો ચાર છે: (૧) દ્વંદ્વ, (૨) તત્પુરુષ, (૩) બહુવ્રીહિ અને (૪) અવ્યયીભાવ. આ બધાના અનેક પેટાપ્રકારો સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રીઓએ દર્શાવ્યા છે. આ લઘુલેખમાં સંખ્યાપૂર્વપદ સામાસિક શબ્દોનાં સ્વરૂપો તપાસવાનો સીમિત ઉપક્રમ રાખ્યો છે. સમાસનું પ્રથમ પદ જ્યારે સંખ્યાવાચક હોય ત્યારે જે સમાસ બને છે તે સામાન્યતઃ દ્વિગુ સમાસ ગણાય છે અને એનો અંતર્ભાવ કર્મધારય (જે તત્પુરુષનો એક પેટાપ્રકાર જ ગણાયો છે)માં કરવામાં આવે છે. આ સિવાય બીજા કેટલાક કિસ્સામાં સંખ્યાપૂર્વપદવાળા સમાસો તત્પુરુષ યા બહુવ્રીહિ પણ હોઈ શકે અને તેનાં સ્વરૂપોનું તુલનાત્મક અધ્યયન તથા નિદર્શન રસપ્રદ થઈ પડે એવું છે.

સંખ્યાપૂર્વપદવાળો દ્વિગુ સમાસ ઐક્યસૂચક છે અને તે જ્યારે સમાહારસૂચક હોય ત્યારે **સામાન્ય** રીતે **એકવચનમાં**[1] અને **નપુંસકલિંગમાં**[2] વપરાય છે.

દા. ત. **पञ्चगवम् = पञ्चानां गवां समाहार:** (પાંચ ગાયોનો સમૂહ).

**पञ्चगव्यम् = पञ्चानां गव्याणां समाहार:** (પાંચ ગાયથી ઉત્પન્ન વસ્તુઓનો સમૂહ).

[3]**द्विनावम् = द्वयो: नावो: समाहार:** (બે નાવોનો સમૂહ).

**त्रिनावम् = तिसृणां नावां समाहार:** (ત્રણ નાવોનો સમૂહ).

પણ જો **पञ्चभि: नौभि: क्रीत:** એવો તત્પુરુષ સમાસ બનાવીએ તો **पञ्चनौ:** થાય. તેજ પ્રમાણે પાંચ ગાયો વડે ખરીદેલું' અથવા 'બે ગાયો વડે ખરીદેલું' એમ જો સમાસ બનાવીએ તો **पञ्चगु:** અને **द्विगु:** એમ તત્પુરુષ સમાસ બને અને ત્યારે **गो** શબ્દના **ओ**નું **उ**માં પરિવર્તન થઈ જાય.[4]

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૨૮૩–૨૮૬.

* એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સૂરત.

૧ **द्विगुरेकवचनम्** પાણિનિના, ૨.૪.૧.

૨ **स नपुंसकम्** એજન, ૨.૪.૧૭.

૩ **नावो द्विगो:......**એજન, ૫.૪.૯૯.

૪ **गोस्त्रियोरुपसर्जनस्य** એજન, ૧.૨.૪૮.

पञ्चभिः गोभिः क्रीतः = पञ्चगुः

द्वाभ्यां गोभ्यां क्रीतः = द्विगुः

द्वायुषम् = द्वयोः आयुषोः समाहारः ( દ્વિગુ, બે જિંદગીનો સમૂહ )

त्र्यायुषम् = त्रयाणां आयुषां समाहारः ( ,, ત્રણ જિંદગીનો સમૂહ )

[5]द्विरात्रम् = द्वयोः रात्र्योः समाहारः ( ,, બે રાત્રિનો સમૂહ )

नवरात्रम् = नवानां रात्रीनां समाहारः ( ,, નવ રાત્રિઓનો સમૂહ )

આવા દ્વિગુ સમાસમાં रात्रिનું रात्र થાય.

[6]एकाह = एकं च तद् अहः ( કર્મધારય )

द्व्यहः = द्वयोः अह्नोः समाहारः ( દ્વિગુ, બે દિનનો સમૂહ )

त्र्यहः = त्रयाणां अह्नां समाहारः ( ,, ત્રણ દિનનો સમૂહ )

सप्ताहः = सप्तानां अह्नां समाहारः ( ,, સાત દિનનો સમૂહ )

नवाहः = नवानां अह्नां समाहारः ( ,, નવ દિનનો સમૂહ )

दशाहः = दशानां अह्नां समाहारः ( ,, દશ દિનનો સમૂહ )

આવા સમાસોમાં अहन्નું अह થાય.

પણ આ રીતે બનેલા આખા સમાસને તદ્ધિત अ લાગે તો अहन्નું अह्न થાય અને તે વિશેષણ રૂપે વપરાય.

[7]द्व्यह्नः = द्वयोः अह्नोः भवः ( બે દિવસનું )

सप्ताह्नः = सप्तानां अह्नां भवः ( સાત દિવસનું )

नवाह्नः = नवानां अह्नां भवः ( નવ દિવસનું )

અકારાન્ત ઉત્તરપદવાળો દ્વિગુ સમાસ સ્ત્રીલિંગમાં ઇષ્ટ છે[8] અને તેમાંના ઉત્તર પદને સ્ત્રીલિંગનો ई પ્રત્યય લાગે છે.[9]

त्रयाणां लोकानां समाहारः = ( દ્વિગુ ) **त्रिलोकी**

દા. ત. शतस्य अद्वानां समाहारः = ( દ્વિગુ ) **शताब्दी**

---

૫ अहः सर्वैकदेशसंख्यातपुण्याच्च रात्रेः એજન, ૫.૪.૮૭.

૬ राजाह सखिभ्यष्टच् એજન, ૫.૪.૯૧.

૭ अह्नोऽह्न् एतेभ्यः એજન, ૫.૪.૮૮.

૮ अकारान्तोत्तरपदो द्विगुः स्त्रियामिष्टः પાણિનિના, ૨.૪.૧૭, પરનું પ્રથમ વાર્તિક.

૯ द्विगोः પાણિનિ, ૪.૧.૨૧.

दशानां पूलानां समाहारः = ( દ્વિગુ ) **दशपूली**

नवानां कुलानां समाहारः = ( દ્વિગુ ) **नवकुली**

चतुर्णां पादानां समाहारः = ( દ્વિગુ ) **चतुष्पदी**

[૧૦]તેજ પ્રમાણે બહુવ્રીહિ સમાસમાં પણ पादनुं पद् થઈ ને સ્ત્રીલિંગનો ई પ્રત્યય લાગે છે.

દા. ત. शतं पादाः यस्याः सा = ( બહુવ્રીહિ ) **शतपदी**

सप्त पादाः यस्यां सा = ( બહુવ્રીહિ ) सप्तपदी

[૧૧]પણ જો દ્વિગુ સમાસનું ઉત્તરપદ **अजादि** વર્ગનું હોય તો દ્વિગુ સમાસ આકારાન્ત સ્ત્રીલિંગી બને છે.

દા. ત. त्रयाणां फलानां समाहारः = ( દ્વિગુ, **त्रिफला** )

शतस्य पुष्पाणां समाहारः = ( દ્વિગુ, **शतपुष्पा** )

તેજ પ્રમાણે બહુવ્રીહિ સમાસ પણ બને :

एकं पुष्पं **यस्याः** सा = **एकपुष्पा**

शतं पुष्पाणि यस्याः सा = **शतपुष्पा**

[૧૨]દ્વિગુ સમાસનું ઉત્તરપદ અજાદિ વર્ગનું ન હોય પણ આકારાન્ત સ્ત્રીલિંગ હોય તો આખો સમાસ નપુંસકલિંગ અથવા સ્ત્રીલિંગ ગણાય. દા. ત. पञ्चानां खट्वानां समाहारः = **पञ्चखट्वम्** અથવા पञ्चखट्वी ( પાંચ ખળલાનો સમૂહ ).

[૧૩]દ્વિગુ સમાસના ઉત્તરપદને અન્તે જો अन् આવતો હોય તો આખો સમાસ વિકલ્પે સ્ત્રીલિંગ બને છે અને તે વખતે છેલ્લો न् ઊડી જાય છે. દા. ત. **पञ्चतक्षम्** અથવા **पञ्चतक्षी** ( પાંચ સુથારોનો સમૂહ ) पञ्चयज्वम् અથવા पञ्चयज्वी ( પાંચ યાજ્ઞિકોનો સમૂહ ).

[૧૪]કેટલાક કિસ્સામાં સમાસનું ઉત્તરપદ અકારાન્ત હોવા છતાં દ્વિગુ સમાસ ફક્ત નપુસક લિંગમાં જ વપરાય છે.

દા. ત. पञ्चपात्रम् = पञ्चानां पात्राणां समाहारः

चतुर्युगम् = चतुर्णां युगानां समाहारः

---

૧૦ कुम्भपदीषु च એજન, ૫.૪.૧૩૯.

૧૧ अजाद्यतष्टाप् એજન, ૪.૧.૪, તથા તેના પરનું વાર્તિક, सदच्काण्डप्रान्तशतैकेभ्यः पुष्पात्.

૧૨ वाऽऽबन्तः स्त्रियामिष्टः પાણિનિના, ૨.૪.૧૭, પરનું બીજું વાર્તિક.

૧૩ अनो नलोपश्च वा च द्विगुः स्त्रियाम् પાણિનિના, ૨.૪.૧૭, પરનું ત્રીજું વાર્તિક.

૧૪ पात्रादिभ्यः प्रतिषेधो भवति પાણિનિના, ૨.૪.૧૭, પરનું ચોથું વાર્તિક.

त्रिभुवनम् = त्रयाणां भुवनानां समाहारः

त्र्यम्बकम् = त्रयाणां अम्बकानां समाहारः

[15]નીચેના કિસ્સાઓમાં પણ દ્વિગુ સમાસ થાય છે.

(૧) તદ્ધિત પ્રત્યયનો અર્થ આખા સમાસ દ્વારા વ્યક્ત થતો હોય, જેમ કે, पञ्चेषु कपालेषु संस्कृतः = पञ्चकपालः (પાંચ યજ્ઞ પાત્રોમાં સંસ્કૃત કરેલું) त्रिषु वर्णेषु वर्णितः = त्रिवर्णः (ત્રણ રંગોમાં રંગેલું) આ બન્ને ઉદાહરણોમાં તદ્ધિત પ્રત્યય अ લાગીને તેનો લોપ થયેલો છે પણ શબ્દો તદ્ધિતાર્થ છે તે તેમના અર્થ ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૨) પ્રથમ દ્વિગુ સમાસ પછી બીજો વધારાનો શબ્દ પાછળ લાગે.

દા. ત. पञ्चनावप्रियः = પાંચવહાણનો ચાહક

द्विनावरूप्यम् = બે વહાણ (ભરીને) આપેલા પૈસા

त्रिक्षेत्ररक्षकः = ત્રણ ખેતરોનો રખેવાળ

---

૧૫ संख्यापूर्वो द्विगुः પાણિનિ, ૨.૧.૫૨.

# 'ન્યાયભૂષણ'માં ત્રિવિધમ્, પૂર્વવત્ વગેરે સૂત્રપદોનાં અર્થઘટનો[1]

લક્ષ્મેશ વ. જોષી*

અનુમાનનું લક્ષણ આપતા ન્યાયસૂત્રનાં પ્રાચીનકાળથી વિભિન્ન અર્થઘટનો થતાં રહ્યાં છે. ભાષ્યકાર વાત્સ્યાયનનાં તથા વાર્તિકકાર ઉદ્યોતકરનાં વૈકલ્પિક અર્થઘટનો ઉપરાંત, વાર્તિક ઉપર મનાતી રુચિટીકાના લેખક અધ્યયન (સમયઃ ઉદ્યોતકર અને જયન્ત ભટ્ટની વચ્ચે)[2] ન્યાયમંજરીના લેખક જયન્ત ભટ્ટ (ઈ. સ. ૯૧૦) અને ન્યાયભૂષણના કર્તા ભાસર્વજ્ઞ (ઈ. સ. ૯૫૦) સૂત્રપદોનાં વિવિધ અર્થઘટનો આપે છે. આમાં ભાસર્વજ્ઞનું અર્થઘટન બીજાં કરતાં મહદંશે જુદું પડે છે.

લગભગ ૧૧મી સદીમાં થઈ ગયેલા અભયદેવસૂરિ[3] તેમની, આચાર્ય સિદ્ધસેન દિવાકરના 'સંમતિ તર્કપ્રકરણ' ઉપર લખેલી તત્ત્વબોધ-વિધાયિની નામની ટીકામાં ગૌતમ-મુનિના અનુમાનસૂત્રોનાં અર્થઘટનોની સવિસ્તર નોંધ આપે છે. તદનુસાર અનુમાનસૂત્રમાં तत्पूर्वकम् अनुमानम्–આટલો જ ભાગ અનુમાનના લક્ષણ માટે છે એમ કેટલાક માને છે. બીજા કેટલાકના મતે तत्पूर्वकम् त्रिविधम् अनुमानम्–આ પદો લક્ષણ માટે છે. કેટલાક વિદ્વાનોના મતે 'तत्पूर्वं त्रिविधं पूर्ववत् शेषवत् सामान्यतोदृष्टं च अनुमानम्'–આ પદોમાં અનુમાનનું લક્ષણ છે.[4]

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૩-૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે, ૧૯૮૭–ઓગસ્ટ ૧૯૮૭, પૃ. ૨૮૭–૩૦૦.

* સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૧ अथ तत्पूर्वकं त्रिविधम् अनुमानं पूर्ववत् शेषवत् सामान्यतोदृष्टं च ॥ १/१/५ ॥ न्यायदर्शनम् न्यायचतुर्ग्रन्थिकासमलङ्कृतम्, प्रथमो भागः, सं. श्री. अनन्तलाल ठक्कुर दरभंगा, १९३७, पृ. २९१.

2 Forgotten Naiyāyikas (2) Ācārya Adhyayana, Solomon E. A. (Dr.) Vidyā, January, 1974, p. L6/11.

3 Sanmati Tarka—Malvania (Pt.) Dalsukh, ed. Bombay, 1939, p. 110.

૪ अत्र च सूत्रे "तत्पूर्वकम् अनुमानम्" इत्येतावद् अनुमानलक्षणम् इत्येके । "तत्पूर्वकम् त्रिविधमनुमानम्" इति चान्ये । "तत्पूर्वं त्रिविधं पूर्ववत् शेषवत् सामान्यतोदृष्टं चानुमानम्" इत्यपरे ॥

—તત્ત્વબોધવિધાયિની, લે. અભયદેવસૂરિ, સંપા. પં. સુખલાલ સંઘવી અને પં. બેચરદાસ દોશી, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, સંવત ૧૯૮૫, ચતુર્થ વિભાગ પૃ. ૫૬૦.

અભયદેવસૂરિ નોંધે છે કે આમાંનું પ્રથમ વ્યાખ્યાન અધ્યયન વગેરેને અભિમત છે.[૫] વ્યાખ્યાન બીજા અને ત્રીજા વિષે ટીકાકારે આવો કોઈ વિશેષ નિર્દેશ કર્યો નથી.

અભયદેવસૂરિની પહેલાં થઈ ગયેલા ભાસર્વજ્ઞે અનુમાનલક્ષણના આ ત્રણે ય વ્યાખ્યાનો 'ન્યાયભૂષણ'માં **एके**, **अन्ये** અને **अपरे** શબ્દો સાથે પ્રસ્તુત કર્યાં છે અને તેમનું ક્રમશઃ ખંડન કરેલું છે. આમાંથી પ્રથમ વ્યાખ્યાનનું ભાસર્વજ્ઞે કરેલું ખંડન મારા એક લેખમાં ચર્ચેલું છે.[૬] વળી, ભાસર્વજ્ઞના મતે અનુમાનસૂત્રમાં **तत्पूर्वकम्** પદનું પ્રયોજન પણ મારા એક શોધપત્રમાં ચર્ચાઈ ગયું છે.[૭]

આ લેખમાં આગળ દર્શાવેલાં અનુમાનસૂત્રના બીજા અને ત્રીજા વ્યાખ્યાનનું ખંડન ચર્ચેલું છે. એ ખંડનમાં જ **त्रिविधम्**, **पूर्ववत्** વગેરે સૂત્રપદોનાં અર્થઘટનો સમાવિષ્ટ છે. ત્યારબાદ પરંપરાગત અર્થઘટનોની અપેક્ષાએ ભાસર્વજ્ઞે પોતે રજૂ કરેલાં **त्रिविधम्**, **पूर्ववत्** વગેરે સૂત્રપદોનાં અર્થઘટનો અંગે આ લેખમાં મુખ્યત્વે પરામર્શ કરેલો છે.

ભાસર્વજ્ઞ 'ન્યાયસાર' નામના પ્રકરણગ્રંથમાં અનુમાનનું પોતાનું સ્વતંત્ર લક્ષણ આપે છે.[૮] તે લક્ષણ વિષે પોતાની (સ્વોપજ્ઞ) ટીકા 'ન્યાયભૂષણ'માં ચર્ચા કરે તેની પહેલાં ભાસર્વજ્ઞ ગૌતમમુનિના અનુમાનસૂત્રનાં અર્થઘટનો સવિસ્તર ચર્ચે છે.

ન્યાયભૂષણમાં સૂત્રપદોની ચર્ચાના પ્રસંગમાં ભાસર્વજ્ઞ કહે છે કે બીજા કેટલાક વિદ્વાનો **तत्पूर्वकम् त्रिविधम् अनुमानम्**–આટલા સૂત્રાંશને અનુમાનનું લક્ષણવાક્ય માને છે. પછી ભૂષણકાર એનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે કે પ્રત્યક્ષ વગેરે પ્રમાણપૂર્વક કેવલાન્વયી વગેરે ત્રણ પ્રકારનાં લિંગના આલંબનવાળું જ્ઞાન તે અનુમાન.[૯]

આ વ્યાખ્યાનનું ખંડન કરતાં ભાસર્વજ્ઞ કહે છે કે આ મત પણ યોગ્ય નથી. આ વ્યાખ્યાનમાં જ્ઞાનને જ અનુમાન માનવામાં આવ્યું છે. પરંતુ જ્ઞાન જ પ્રમાણ બની શકે એ મત સ્વીકાર્ય ન ગણાય; કારણ કે અનુમિતિના સાધનને અનુમાન કહે છે–પછી તે સાધન જ્ઞાનરૂપ

---

૫ अत्र च सूत्रत्रये प्रथमसूत्रव्याख्यानम् एव अभिमतम् अध्ययनप्रभृतीनाम् ।

—તદેવ, પૃ. ૫૬૭.

6 Sambodhi, L. D. Institute of Indology, Ahmedabad, Silver Jubilee volume, pp. 180–192.

7 Bhāsarvajña's Fresh Approach to "Tatpūrvakam" (N. S. 1. i. 5)–Aioc, Ahmedabad, 1985, Summary vol. P. 347.

૮ सम्यग् अविनाभावेन परोक्षानुभवसाधनम् अनुमानम् ।

—ન્યાયસાર, ન્યાયભૂષણ લે. ભાસર્વજ્ઞ, સં. સ્વામી યોગીન્દ્રાનંદ, ષડ્દર્શન પ્રકાશન પ્રતિષ્ઠાન, વારાણસી ૧૯૬૮, પૃ. ૧૯૪.

૯ अन्ये तु तत्पूर्वकम् त्रिविधम् अनुमानम् इत्येतावत् लक्षणवाक्यं वर्णयन्ति । अस्यार्थः–प्रत्यक्षादिप्रमाणपूर्वकं केवलान्वयि–आदिलिङ्गत्रयालम्बनं ज्ञानम् अनुमानमिति ।

—ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૬૧.

હોય કે અ-જ્ઞાન અર્થાત્ જ્ઞાનથી ભિન્ન હોય.[૧૦] વળી, પ્રત્યક્ષાદિપૂર્વક, અન્વયી વગેરે ત્રિવિધ લિંગના આલંબનવાળું જ્ઞાન તે અનુમાન એમ લક્ષણ માનીએ તો આ લક્ષણ અતિવ્યાપ્ત બની જાય; કારણ કે એવું જ્ઞાન તો સંશયાદિને પણ ઉત્પન્ન કરી શકે. એ જ્ઞાન માત્ર સમ્યક્ અનુમતિને જ ઉત્પન્ન કરે તેમ સૂચિત કરવા લક્ષણમાં કોઈ પદ નથી. ઉપર કહ્યું તેમ જ્ઞાનભિન્ન અનુમિતિ-સાધનનો સમાવેશ લક્ષણમાં થતો નથી એટલે લક્ષણ અવ્યાપ્ત બને છે. હવે જો અનુમાનસૂત્રમાં કેટલાંક પદોને અધ્યાહૃત માનીને અવ્યાપ્તિ-અતિવ્યાપ્તિના દોષોને દૂર કરવા જશો તો અધ્યાહાર-પદોથી અનુમાન-લક્ષણ સિદ્ધ થઈ જશે; અને ગૌતમમુનિનું અનુમાનસૂત્ર નિરર્થક બની જશે.[૧૧]

હવે ભાસર્વજ્ઞે નામનિર્દેશ વગર આપેલું ઉપરનું સૂત્રવ્યાખ્યાન ભાસર્વજ્ઞની પહેલાં કોઈ રજૂ કર્યું હતું તે અંગે વિચારીએ. એક વાત એ નોંધવી જોઈએ કે આ વ્યાખ્યાનમાં **त्रिविधम्** એ સૂત્ર-પદનો અર્થ છે: ત્રણ પ્રકારનાં લિંગ-કેવલાન્વયી લિંગ, કેવલવ્યતિરેકી લિંગ અને અન્વયવ્યતિરેકી લિંગ. પછી લક્ષણથી **त्रिविधम्**નો અર્થ થયો-લિંગત્રયના આલંબનવાળું (જ્ઞાન) (કે જે પ્રત્યક્ષાદિ પ્રમાણપૂર્વક થતું હોય તે અનુમાન).

પ્રથમ તો **त्रिविधम्** પદનું આવું અર્થઘટન ઉદ્યોતકરના વાર્તિકમાં એક વિકલ્પરૂપે જોવા મળે છે. ત્રિવિધ એટલે અન્વયવ્યતિરેકી, અન્વયી અને વ્યતિરેકી હેતુઓ (લિંગો).[૧૨] આને સમજાવતાં વાચસ્પતિ મિશ્ર નોંધે છે કે **त्रिविधम्** એ સૂત્ર-અવયવને, સૂત્રના અર્થગૌરવ પ્રત્યે આદર હોવાથી વાર્તિકકાર ન્યાયભાષ્યમાં આપેલા **त्रिविधम्** પદના અર્થને બાજુએ મૂકીને (**उद्भाष्यम्**) પોતે નવા અર્થની કલ્પના કરે છે.[૧૩]

પછી ન્યાયમંજરીમાં જયન્ત ભટ્ટ આવા એક મતને ટાંકે છે અને તેનું ખંડન કરે છે આ મત પ્રમાણે સૂત્રમાં **त्रिविधम्** પદ મૂકવાનું પ્રયોજન એ છે કે સૂત્રમાં આપેલું અનુમાનનું

---

૧૦ न एतदपि युक्तम्, ज्ञानस्य एव प्रमाणत्व-अनभ्युपगमात् । सर्वं हि अनुमितिसाधनं ज्ञानम् अज्ञानं च अनुमानम् इष्यते ।

—ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૯૧.

સરખાવો : ये तु बोधस्य एव प्रमाणत्वम् आचक्षते, न सूक्ष्मदर्शिनः ते । (पृ. १३)... सकलजगद्विदितबोधेतरस्वभावशब्दलिङ्गदीप-इन्द्रियादिपरिहारप्रसङ्गात् ।

—ન્યાયમંજરી, પ્રથમ આહ્નિક, લે. જયન્ત ભટ્ટ, સંપા. અને અનુવાદક નગીન જી. શાહ, પ્ર. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૫, પૃ. ૩૨.

૧૧ अध्याहारैः अव्याप्ति-अतिव्याप्तिनिवृत्तौ तत एव लक्षणसिद्धेः अनर्थकं सूत्रं स्याद् इति ।

—ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૯૧.

૧૨ त्रिविधमिति अन्वयव्यतिरेकी, अन्वयी व्यतिरेकी चेति ।

—વાર્તિક, લે. ઉદ્યોતકર, સંપા. અનંતલાલ ઠક્કુર, પ્ર. દરભંગા, ૧૯૬૭, ન્યાયદર્શન (ભાષ્ય, વાર્તિક, તાત્પર્યટીકા, પરિશુદ્ધિ) ન્યાયચતુર્ગ્રન્થિકા, પૃ. ૨૯૪.

૧૩ त्रिविधम् इति सूत्रावयवम् अर्थगौरवादरात् वार्तिककार उद्भाष्यं व्याचष्टे ।

—તાત્પર્યટીકા, તદેવ, પૃ. ૩૧૩.

લક્ષણ ઉપમાનાદિ પ્રમાણને પણ લાગુ ન પડી જાય. **तत्पूर्वकम्** એટલે પ્રત્યક્ષાદિપૂર્વક તો ઉપમાનાદિ પ્રમાણ પણ હોય છે. ગાયને પ્રત્યક્ષ જુએ, પછી વનમાં ગવયને પ્રત્યક્ષ જુએ, પછી 'ગાય જેવું ગવય પશુ હોય છે' એવા આરણ્યકપુરુષના વાક્યનું સ્મરણ કરતો મનુષ્ય ગાય અને ગવય વચ્ચેના સાદૃશ્યને પ્રત્યક્ષ જુએ છે. પરિણામે તેને જ્ઞાન થાય છે કે–આ પશુ ગવય છે. આમ ઉપમાન પ્રમાણ પણ પ્રત્યક્ષપૂર્વક જ સંપન્ન થાય છે. લક્ષણની આવી અતિવ્યાપ્તિ દૂર કરવા માટે સૂત્રકાર ગૌતમમુનિએ સૂત્રમાં **त्रिविधम्** પદ મૂક્યું.[૧૪] એટલે પક્ષધર્મતા, સપક્ષ–સત્ત્વ અને વિપક્ષવ્યાવૃત્તિ એમ ત્રણરૂપવાળા **ત્રિવિધ** લિંગના આલંબનવાળું પ્રત્યક્ષાદિપૂર્વક જ્ઞાન તે અનુમાન જ હોય, ઉપમાનાદિ ન હોઈ શકે.

પછી જયન્ત ભટ્ટ ઉપરના જ મતના સંદર્ભમાં સૂત્રગત **પૂર્વવત્**નો અર્થ કરે છે પક્ષધર્મતા. પૂર્વ એટલે પક્ષ; કારણ કે વાદ, જલ્પ, વિતણ્ડા એ કથાત્રયમાં પક્ષનું પૂર્વે ગ્રહણ કરવામાં આવે છે. પૂર્વ અર્થાત્ પક્ષ જેનો આશ્રય છે એવું લિંગ તે પૂર્વવત્ લિંગ. એટલે લિંગની પક્ષધર્મતા.[૧૫] શેષવત્ એટલે લિંગની સપક્ષમાં વૃત્તિ. સામાન્યતોદૃષ્ટ એટલે વિપક્ષમાં વિશેષ રીતે તો નહીં જ પરંતુ સામાન્ય રીતે પણ લિંગનું ન દેખાવું તે (સામાન્યતઃ અદૃષ્ટ). આમ પૂર્વવત્ શેષવત્, સામાન્યતોદૃષ્ટ એટલે અનુક્રમે પક્ષધર્મતા, સપક્ષમાં વૃત્તિ, વિપક્ષમાંથી વ્યાવૃત્તિ એમ **ત્રિવિધ** લિંગના આલંબનવાળું પ્રત્યક્ષાદિપૂર્વક જ્ઞાન તે અનુમાન.

આ મતનું ખંડન કરતાં જયન્ત ભટ્ટ લખે છે કે આમ આખા યે ન્યાયસૂત્રને (–**अथ तत्पूर्वकम् त्रिविधम् अनुमानम् पूर्ववत् शेषवत् सामान्यतोदृष्टं च**–) અનુમાનના માત્ર લક્ષણના અર્થમાં જ કોઈકે જોડી દીધું છે. પરંતુ આવું અર્થઘટન કરવામાં આવે તો તેમાં સૂત્રકારનું કૌશલ પ્રગટ થયું નહીં ગણાય. એટલે કે કુશલ સૂત્રકારને એવું અર્થઘટન અભિપ્રેત ન હોઈ શકે.[૧૬]

અહીં એ ખાસ ઉલ્લેખનીય છે કે ભાસર્વજ્ઞ અને તેના પછી થઈ ગયેલા અભયદેવસૂરિ જે બે મતોને ભિન્ન મતો તરીકે ગણાવે છે; તે બે મતોને જયન્ત ભટ્ટ એક જ મત ગણીને નિરૂપે છે. માત્ર **तत्पूर्वकम् अनुमानम्**–એ અનુમાન–લક્ષણ તે પ્રથમ વ્યાખ્યાન. તેમાં

---

૧૪ अन्ये पुनः उपमानादि–अतिव्याप्तिव्युदासाय त्रिविधपदग्रहणं व्याख्यातवन्तः,...... पक्षधर्मादिरूपत्रययोगात् वा त्रिरूपं त्रिविधम् उच्यते, लिङ्गे च त्रिविधे सति तदालम्बनज्ञानम् उपचारात् त्रिविधम् अभिधीयते ।

—ન્યાયમંજરી, લે. જયન્ત ભટ્ટ, સં. અનુ. નગીન જી. શાહ, પ્ર. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ, દ્વિતીય વિભાગ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૮, પૃ. ૧૪૧.

૧૫ अत्राहुः वादादिकथात्रयेऽपि पूर्वम् उपादीयमानत्वात् पक्षः पूर्वशब्देन उच्यते, सः अस्ति आश्रयत्वेन इति पूर्ववत् लिङ्गम् इत्येवम् अनेन पदेन पक्षधर्मत्वम् उक्तं भवति ।

—ન્યાયમંજરી, તદેવ, પૃ. ૧૪૧.

૧૬ तदेवं लक्षणे कश्चित् सर्वं सूत्रमयोजयत् ।
एवं तु ख्यापितं न स्यात् सूत्रकारस्य कौशलम् ॥

—ન્યાયમંજરી, તદેવ, પૃ. ૧૪૨.

**त्रिविधम्** ઉમેરતાં બીજું વ્યાખ્યાન બને. તેમાં યે પૂર્વવત્, શેષવત્ અને સામાન્યતોદૃષ્ટ જોડીને અનુમાન–લક્ષણ રચીએ તો તે ત્રીજું વ્યાખ્યાન બને.[૧૭]

માત્ર જયન્ત ભટ્ટે જ નહીં, પરંતુ તેમની પહેલાં ઉદ્યોતકરે પણ વ્યાખ્યાન બીજા–ત્રીજાને એક સાથે જોડવાનો પ્રયત્ન કર્યો છે.

ઉદ્યોતકર એક વિકલ્પ આપતાં કહે છે કે અથવા ત્રિવિધ હેતુને પૂર્વવત્ વગેરે સાથે જોડીએ તો હેતુનાં ત્રણ લક્ષણો સિદ્ધ થાય. પૂર્વ એટલે સાધ્ય. જે લિંગ સાધ્ય સાથે વ્યાપ્તિથી જોડાયેલું હોય તે લિંગને પૂર્વવત્ કહેવાય. શેષવત્ એટલે સાધ્યના સમાન સ્થાનમાં (અગ્નિના સમાન સ્થાન રસોડામાં) રહેતું હોય તે લિંગ. સામાન્યતઃ અદૃષ્ટ એટલે જે લિંગ વિપક્ષમાં સામાન્ય રીતે ન દેખાય તે. ઉદ્યોતકર સૂત્રના च–શબ્દથી "જે લિંગ પ્રત્યક્ષ અને આગમને વિરુદ્ધ નથી તેવું લિંગ" એવો અર્થ તારવે છે. આમ ચાર અથવા પાંચ લક્ષણોવાળું બનતું લિંગ એ અનુમાન.[૧૮]

ઉદ્યોતકરના ઉપરના નિરૂપણને સ્પષ્ટ કરતાં વાચસ્પતિ મિશ્ર કહે છે કે પહેલાં **त्रिविधम्** પદને જુદું કરીને સમજાવીને હવે વાર્તિકકાર પૂર્વવત્ વગેરે પદોની સાથે ત્રિવિધ પદની એક–વાક્યતા સાધીને વ્યાખ્યાન કરે છે.[૧૯] વળી, સૂત્રસ્થ च–શબ્દ સૂચવે છે કે લિંગ પ્રત્યક્ષ–વિરુદ્ધ ન હોય એટલે બાધિતવિષય ન હોય; અને આગમવિરુદ્ધ ન હોય એટલે સત્પ્રતિપક્ષ ન હોય. હવે અબાધિતવિષય, અસત્પ્રતિપક્ષ અને પૂર્વવત્–આ ત્રણને ધ્રુવ (સ્થિર) બનાવીને તેમાં શેષવત્ ઉમેરો તો ચાર લક્ષણવાળું કેવલાન્વયી અનુમાન બને. ધ્રુવપદોમાં શેષવત્‌ને બદલે સામાન્યતોદૃષ્ટ ઉમેરો તો ચાર લક્ષણવાળું કેવલવ્યતિરેકી અનુમાન બને. પ્રથમનાં ત્રણ ધ્રુવપદોમાં શેષવત્ અને સામાન્યતોદૃષ્ટ એ બન્ને ઉમેરો તો પાંચ લક્ષણવાળું અન્વયવ્યતિરેકી અનુમાન બને. આમ ત્રણ પ્રકારનાં અનુમાન થાય. તેમાં બે અનુમાનો ચાર લક્ષણોવાળાં; અને એક પાંચ લક્ષણોવાળું અનુમાન બને.[૨૦]

---

૧૭ જુઓ : ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૮૯, ૧૯૧.
સરખાવો : અભયદેવસૂરિરચિત તત્ત્વબોધવિધાયિની વ્યાખ્યા, વિભાગ ચતુર્થ, સં. પં. સુખલાલ સંઘવી અને પં. બેચરદાસ દોશી, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, સંવત ૧૯૮૫, પૃ. ૫૬૦.

૧૮ अथ वा त्रिविधमिति पूर्ववत् शेषवत् सामान्यतोदृष्टं चेति ।......पूर्ववत् नाम साध्यव्यापकम् । शेषवत् इति तत्समानेऽस्ति । सामान्यतश्चादृष्टम् । च शब्दात् प्रत्यक्षआगमविरुद्धं चेति । एवं चतुर्लक्षणम् पञ्चलक्षणमिति ।

—વાર્તિક, તદેવ, પૃ. ૨૯૪.

૧૯ तदेवं त्रिविधम् इति अवच्छिद्य व्युत्पाद्य संप्रति पूर्ववत् इत्यादिना एकवाक्यतया व्याचष्टे ।......सूत्रस्थेन च शब्देन अबाधितविषयत्वम् असत्प्रतिपक्षत्वमपि रूपद्वयं समुच्चितम् इत्युक्तं भवति ।

—તાત્પર્યટીકા, તદેવ, પૃ. ૩૧૫.

૨૦ एतदुक्तं भवति अबाधितविषयम् असत्प्रतिपक्षं पूर्ववत् इति च ध्रुवं कृत्वा शेषवत् इत्येका विधा, सामान्यतोदृष्टमिति द्वितीया, शेषवत्–सामान्यतोदृष्टं चेति तृतीया । तदेवं त्रिविधम् अनुमानम् । तत्र चतुर्लक्षणं द्वयम् । एकं पञ्चलक्षणमिति ॥

—તાત્પર્યટીકા, તદેવ, પૃ. ૩૧૫.

આમ ભાસર્વજ્ઞની પહેલાં ઉદ્યોતકર અને જયન્ત ભટ્ટ ત્રિવિધ પદની સાથે પૂર્વવત્ વગેરે પદો જોડીને લિંગના પક્ષધર્મતાદિ લક્ષણો સિદ્ધ કરે છે. બન્નેના નિરૂપણમાં ભેદ એ છે કે ઉદ્યોતકર પૂર્વવત–ના પૂર્વ શબ્દનો અર્થ સાધ્ય કરે છે; જ્યારે જયન્ત ભટ્ટ પૂર્વ શબ્દનો અર્થ પક્ષ લે છે. બીજું, ઉદ્યોતકર સૂત્રના **च** શબ્દથી અબાધિતવિષયત્વ અને અસત્પ્રતિપક્ષત્વ એ બે લિંગ–લક્ષણોને સૂચિત સમજીને, પૂર્વવત્ એટલે લિંગની પક્ષધર્મતા (સાધ્યવ્યાપકતા–વ્યાપ્તિ-વિશિષ્ટ પક્ષધર્મતા); શેષવત્ અર્થાત્ લિંગની સપક્ષવૃત્તિ; સામાન્યતોઽદૃષ્ટ એટલે લિંગની વિપક્ષમાંથી વ્યાવૃત્તિ–એમ અર્થો કરીને લિંગનાં પાંચ લક્ષણો તારવે છે; જ્યારે જયન્ત ભટ્ટ પક્ષધર્મતા, સપક્ષવૃત્તિ અને વિપક્ષવ્યાવૃત્તિ એમ ત્રિરૂપ લિંગને સમજાવે છે. વળી, જયન્ત તો કહે છે કે શાસ્ત્રમાં તો લિંગને પાંચ લક્ષણવાળું સ્વીકાર્યું છે. તેથી લિંગને ત્રિરૂપ વર્ણવવું ઉચિત નથી. લિંગને ત્રિરૂપ વર્ણવવાથી કાલાત્યય–અપદિષ્ટ (બાધિત વિષય) અને પ્રકરણસમ (સત્પ્રતિપક્ષ) એ બન્ને હેતુદોષોથી લિંગ મુક્ત થશે નહીં. તેથી **तत्पूर्वकम्** પદ જ અનુમાન–લક્ષણના પ્રતિપાદન માટે છે એમ માનવું દોષ વગરનું છે.[२१]

આમ **तत्पूर्वकम् त्रिविधम् अनुमानम्**–એ અનુમાનના લક્ષણ માટેનાં પદો છે એ મત એક વિકલ્પ તરીકે ઉદ્યોતકરે અને પૂર્વપક્ષ તરીકે જયન્ત ભટ્ટે રજૂ કરેલ છે. આ લક્ષણ–વ્યાખ્યાનનું ભાસર્વજ્ઞે ન્યાયભૂષણમાં કરેલું ખંડન આપણે જોઈ ગયા.

હવે, આગળ દર્શાવ્યું તેમ, અનુમાનસૂત્રનું ત્રીજું વ્યાખ્યાન આપણે વિચારીએ. ભાસર્વજ્ઞ અને અભયદેવસૂરિ ક્રમશઃ જે ત્રણ લક્ષણ–વ્યાખ્યાનો આપે છે તેમાંનું આ છેલ્લું લક્ષણ–વ્યાખ્યાન. આ વ્યાખ્યાન પ્રમાણે, આખું ન્યાયસૂત્ર એ અનુમાનના માત્ર લક્ષણ માટે જ છે.

ભાસર્વજ્ઞ આ મતને પૂર્વપક્ષ તરીકે રજૂ કરીને પછી તેનું તે ખંડન કરે છે. ભૂષણકાર નોંધે છે કે બીજા કેટલાક વિદ્વાનો સૂત્રનાં પૂર્વવત્ વગેરે પદોને અનુમાનના વિભાગ માટે નહીં, પરંતુ અનુમાનના માત્ર લક્ષણ માટે જ પ્રયોજાયેલાં માને છે. આ મત પ્રમાણે પક્ષનું, અનુમાન–વાક્યમાં પૂર્વે ગ્રહણ કરવામાં આવતું હોવાથી પૂર્વ એટલે પક્ષ. પૂર્વવત્ એટલે પક્ષવ્યાપક લિંગ. શેષવત્ એટલે સપક્ષવાળું લિંગ. સામાન્યતો અદૃષ્ટ અર્થાત્ વિપક્ષમાં સામાન્ય રીતે નહીં દેખાતું લિંગ. સૂત્રનો **च** શબ્દ લિંગનાં બાકીનાં બે લક્ષણો સૂચવે છે–અસત્પ્રતિપક્ષત્વ અને અબાધિતવિષયત્વ. આમ પૂર્વવત્ વગેરે પદોથી પાંચ લક્ષણોવાળું લિંગ સૂચિત થાય છે. હવે અસત્–પ્રતિપક્ષત્વ, અબાધિતવિષયત્વ અને પક્ષવ્યાપકતા (=પક્ષધર્મતા) (પૂર્વવત્ ચ)–આ ત્રણ લક્ષણોની સાથે સપક્ષેવૃત્તિ (શેષવત્) અને વિપક્ષ–વ્યાવૃત્તિ (સામાન્યતો અદૃષ્ટ) એ બન્ને લક્ષણો લઈએ તો લિંગ અન્વયવ્યતિરેકી બને. પ્રથમ ત્રણ લક્ષણોમાં શેષવત્

---

२१ किं च पञ्चलक्षणमिह शास्त्रे अभ्युपगम्यते इति त्रिरूपे तस्मिन् वर्ण्यमाने कालात्ययापदिष्टप्रकरणसमयोः प्रसंङ्गो न व्यावर्त्तेत .इति, तस्मात् तत्पूर्वकपदमेव लक्षणप्रति-पादनार्थम् अनवद्यम् ।

—ન્યાયમંજરી, લે. જયન્ત ભટ્ટ, સં. અનું. નગીન જી. શાહ, દ્વિતીય આહ્નિક, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૮, લા. દ. ભા. સં. મંદિર, અમદાવાદ.

(સપક્ષવૃત્તિ)નું લક્ષણ ન ગણીએ તો કેવલાન્વયી લિંગ બને. આનાથી ઊલટું, પ્રથમ ત્રણ લક્ષણોમાં શેષવત્ (સપક્ષવૃત્તિ)ને ન ઉમેરીએ અને સામાન્યતો અદૃષ્ટ (વિપક્ષવ્યાવૃત્તિ)ને જ ઉમેરીએ તો લિંગ કેવલવ્યતિરેકી બને.[22]

હવે, આ મતનું ખંડન કરતાં ભાસર્વજ્ઞ કહે છે કે ભલે ઉપરની ક્લિષ્ટ કલ્પનાની મદદથી ત્રિવિધ (અન્વયવ્યતિરેકી, કેવલાન્વયી, કેવલવ્યતિરેકી) લિંગ સિદ્ધ થતું હોય. પરંતુ અહીં આ સૂત્રમાં સૂત્રકારને અનુમાનનું લક્ષણ વિવક્ષિત છે; લિંગનું લક્ષણ વિવક્ષિત નથી. એટલે પ્રસ્તુત અનુમાન-લક્ષણને છોડીને અપ્રસ્તુત લિંગ-લક્ષણ કહે તો સૂત્રકાર ઉપર 'અપ્રસ્તુતને વર્ણવનાર'નો દોષ આવી પડે.[23] વળી, લિંગ એ જ કાંઈ અનુમાન ન કહેવાય. અનુમિતિના સાધક સર્વકરણસમુદાયને અનુમાન કહેવાય. તેમ જ જે લિંગ અનુમિતિને બદલે સંશયાદિને ઉત્પન્ન કરે તેને અનુમાન ન કહેવાય. વળી, અતીતાદિ પદાર્થના લિંગનું જ્ઞાન પણ અનુમિતિને ઉત્પન્ન કરે છે. તેથી લિંગના લક્ષણને અનુમાનનું લક્ષણ તો ન જ કહેવાય. એટલે આ મત સ્વીકાર્ય ન ગણાય.

પૂર્વવત્ વગેરે પદોથી લિંગનાં પાંચ લક્ષણો તારવવાં અને પછી લિંગને ત્રિવિધ સિદ્ધ કરવું એ પ્રકારનું નિરૂપણ જોતાં ભાસર્વજ્ઞે રજૂ કરેલો ઉપરનો મત, જયન્ત ભટ્ટે પૂર્વપક્ષ તરીકે રજૂ કરેલા મત કરતાં તેની પહેલાં ઉદ્યોતકરે એક વિકલ્પ તરીકે પ્રસ્તુત કરેલા મતને વધુ મળતો આવે છે.

હવે આપણે त्रिविधम्, पूर्ववत् વગેરે પદોનાં પરંપરાગત અર્થઘટનો સંક્ષેપમાં તપાસીએ. પરંપરા પ્રમાણે तत्पूर्वकम् પદ અનુમાનના લક્ષણ માટે છે. त्रिविधम् પદ અનુમાન-પ્રકારોનું નિયમન કરવા માટે છે. પૂર્વવત્ વગેરે ત્રણ પદો અનુમાનના પ્રકારોનાં નામ છે. સૂત્રમાં त्रिविधम् પદની સામે એવો આક્ષેપ ઊભો કરવામાં આવ્યો છે કે પૂર્વવત્, શેષવત્ અને સામાન્યતોદૃષ્ટ એમ નામ આપીને ત્રણ પ્રકારો આપેલા જ છે. તો પછી त्रिविधम् સૂત્રમાં ન મૂક્યું હોત તો ચાલત. આનું સમાધાન ભાષ્યકાર વાત્સ્યાયન આ રીતે આપે છે: અનુમાન (ન્યાય) એ મહાન એટલે ત્રણ પ્રકારનાં છે; અને તે મહાવિષયવાળું એટલે અતીત-અનાગત-

---

૨૨ अपरे तु पूर्ववदादिपदानि लक्षणार्थत्वेन वर्णयन्ति किल...पूर्ववत् पक्षव्यापकं लिङ्गमुच्यते...शेषवत् इति सपक्षवत् ।...सामान्यतो अदृष्टम् विपक्षे अध्याहार्यम् ।...च शब्दः असत्प्रतिपक्षत्व-अबाधितविषयत्वे समुच्चिनोति । एवं च पंचरूपलिङ्गमुक्तं भवति । केवला-व्यतिरेकिकेवलान्वयिनोः लक्षणं शेषवत्-सामान्यतोदृष्टपदयोः अन्यतरलोपेन व्याख्येयमिति ।

—ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૯૧.

૨૩ भवतु एवं विलष्टकल्पनया त्रिविधं लिङ्गलक्षणम् । तथापि अनुमानलक्षणं प्रस्तुतम् अनभिधाय अप्रस्तुतम् लिङ्गलक्षणमेव अभिदधतः अप्रस्तुताभिधायित्वं स्यात् । न हि लिङ्गमेव अनुमानम्, सर्वकरणग्रामस्य अनुमितिसाधकस्य अनुमानत्वात्, संशयादिजनकस्य च लिङ्गस्य अननुमानत्वात् ।.

—ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૯૨.

વર્તમાન ત્રણેયને વિષય બનાવનારું છે. આવા મહાન તથા મહાવિષયવાળા અનુમાનને સૂત્રકારે એક નાના સૂત્ર દ્વારા વર્ણવી દીધું. તેથી વાક્યલાઘવમાં આદર હોવા છતાં સૂત્રમાં **त्रिविधम्** પદને પણ દૂર કરવું પડે તેમ સૂત્રકારે અતિશય લાઘવમાં આદર દર્શાવ્યો નથી. પ્રકારોની શબ્દથી જ સ્પષ્ટતા કરવા માટે સૂત્રકારે સિદ્ધાન્ત, છલ વગેરેનાં લક્ષણોમાં પણ અનુક્રમે **स चतुर्विधः** અને **तत् त्रिविधम्** એમ શબ્દો સૂત્રમાં મૂકીને પ્રકારો ગણાવેલા છે.

વાચસ્પતિ મિશ્ર **त्रिविधम्** પદના સંદર્ભમાં આક્ષેપને જુદી જ રીતે રજૂ કરે છે. **त्रिविधम्** પદથી જ પૂર્વવત્, શેષવત્ અને સામાન્યતોદૃષ્ટ એ પ્રકારો સિદ્ધ થઈ જાય છે તો પછી સૂત્રમાં **पूर्ववत्** વગેરે પદો મૂકવાની શી જરૂર હતી ? આ આક્ષેપનું સમાધાન તો ઉપરના જેવું જ છે.[२४]

હવે વાચસ્પતિ મિશ્રની પહેલાં ઉદ્યોતકરે કહ્યું કે સૂત્રનું **त्रिविधम्** પદ એમ સૂચવે છે કે અનેક પ્રકારનાં અનુમાનો ત્રણ પ્રકારોમાં જ સમાઈ જાય છે. આવો નિયમ દર્શાવવા માટે સૂત્રમાં **त्रिविधम्** પદ મૂકેલું છે.[२५]

ભાસર્વજ્ઞ પણ આવો જ મત આપતાં કહે છે કે દેશકાલ–જાતિ–અવસ્થા વગેરેના ભેદથી અનંત પ્રકારનાં અનુમાનો બને તો પણ તે બધાં ત્રણ પ્રકારોમાં સમાઈ જાય છે. એ ત્રણ પ્રકારો, ગમે તે ત્રણ પ્રકારો હોવાની કોઈ શંકા ન કરે તે માટે સૂત્રમાં પૂર્વવત્, શેષવત્, સામાન્યતોદૃષ્ટ એમ અનુમાન–પ્રકારોનાં સ્પષ્ટ નામ આપી દીધાં.[२६]

હવે પૂર્વવત્ વગેરે પદોના પરંપરાગત અર્થો જોઈએ. ભાષ્યકાર વાત્સ્યાયન પ્રમાણે પૂર્વ એટલે કારણના લિંગવાળું અનુમાન તે પૂર્વવત્. આમાં કારણને લિંગ તરીકે જોઈને કાર્યનું અનુમાન કરવામાં આવે. ચડેલાં વાદળને જોઈને વૃષ્ટિ થશે એવું અનુમાન તે પૂર્વવત્. શેષવત્ આનાથી ઊલટું એટલે કે કાર્ય પરથી કારણનું અનુમાન. શેષ એટલે કાર્યના લિંગવાળું અનુમાન તે શેષવત્. નદીનું પૂર જોઈને ઉપરવાસમાં થયેલી વૃષ્ટિનું અનુમાન. સામાન્યતોદૃષ્ટ એટલે કોઈક સામાન્ય નિયમથી બે ઘટનાઓને સાથે થતી જોઈને એકને જોઈને બીજી ઘટનાનું

---

२४ त्रिविधमिति विभागवचनादेव त्रिविधे पूर्ववदादौ सिद्धे किमर्थं पूर्ववदाद्युपादानं सूत्रेणेति । तत्र समाधानं त्रिविधवचनं त्रिविधस्य पूर्ववदादेः वचनम् उक्तिः । महतः त्रिविधस्य महाविषयस्य अतीतानागतवर्तमानविषयस्य लघीयसा सूत्रेण तत्पूर्वकम् इति एतावता एव उपदेशे...अन्यस्मिन् वाक्यलाघवेऽनादरः सूत्रकारस्य इति शिष्यान् व्युत्पिपादयिषोः ।

—તાત્પર્યટીકા, તદેવ, પૃ. ૩૨૩.

२५ अथ वा त्रिविधमिति नियमार्थम् । अनेकधा भिन्नस्य अनुमानस्य त्रिविधेन पूर्ववदादिना संग्रह इति नियमं दर्शयति ।

—વાર્તિક, ન્યાયચતુર્ગ્રન્થિકા, તદેવ, પૃ. ૨૯૬.

२६ त्रिविधग्रहणं नियमार्थम्–देशकालजात्यवस्थादिभेदात् अनन्तमपि अनुमानं त्रिविधमेव इति । प्रकारान्तरेण त्रैविध्याशंकानिवृत्त्यर्थम्–पूर्ववदादिग्रहणम् ।

—ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૯૦.

અનુમાન કરવું. એક સ્થળે જોયેલા પદાર્થને અન્યત્ર જોઈએ ત્યારે તે પદાર્થે ગતિ ( સ્થળાંતર ) કરેલ છે તેવું અનુમાન થાય. સવારે સૂર્યને પૂર્વમાં જોયો, સાંજે પશ્ચિમમાં જોયો. તેથી સૂર્યની અપ્રત્યક્ષ ગતિનું અનુમાન થાય.

ભાષ્યકાર પૂર્વવત્ વગેરેનાં બીજાં અર્થઘટનો આપે છે. પૂર્વવત્ એટલે પૂર્વે જોયું તેમ. પહેલાં ધૂમ–અગ્નિને સાથે જોયાં. પછી એકલા ધૂમને જોઈને અપ્રત્યક્ષ અગ્નિનું અનુમાન તે પૂર્વવત્. શેષવત્ એટલે પરિશેષ. નજીકની સંભાવનાઓનો પ્રતિષેધ કરવામાં આવે; અને અમુકમાં સંભાવના જ ન હોય તેમ જોઈને બાકી રહે તેમાં અમુકનું અનુમાન તે શેષવત્. શબ્દ સત્ અને અનિત્ય છે. હવે આપણે જાણવું છે કે દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય– આમાંથી કયા પદાર્થમાં શબ્દને સમાવવો યોગ્ય છે. સામાન્ય વગેરે છેલ્લા ત્રણ પદાર્થો નિત્ય છે તેથી તેમાં તો શબ્દને સમાવવાની સંભાવના નથી. બાકી રહ્યા તે પદાર્થોમાં ગુણને સમાવવાની સંભાવના છે. પરમાણુઓ પોતે એક દ્રવ્યરૂપ છે તેમને બાદ કરતાં ઘટપટાદિ બધાં દ્રવ્યો અનેક દ્રવ્યાશ્રિત છે. પણ શબ્દ તો આકાશરૂપી એક જ દ્રવ્યનો આશ્રિત છે. તેથી શબ્દ એ દ્રવ્ય નથી. બીજું એક કર્મ કદી બીજા કર્મને ઉત્પન્ન કરતું નથી; જ્યારે એક શબ્દ તો બીજા શબ્દને ઉત્પન્ન કરે છે. તેથી શબ્દ એ કર્મ પણ નથી. હવે દ્રવ્યાદિ છ પદાર્થોમાંથી પરિશેષ રહ્યો તે પદાર્થ એ ગુણ છે. તેથી શબ્દ એ ગુણ–પદાર્થ છે.

સામાન્યતોદૃષ્ટ એટલે સામાન્યત: અદૃષ્ટનું અનુમાન. લિંગ–લિંગીનો સંબંધ જ્યારે અદૃષ્ટ હોય ત્યારે કોઈક સામાન્ય નિયમથી અદૃષ્ટ લિંગીનું અનુમાન તે સામાન્યતોદૃષ્ટ. ઈચ્છાદિ ગુણો એ લિંગ અને આત્મા–દ્રવ્ય લિંગી–આ બન્ને વચ્ચેનો ( સમવાય ) સંબંધ પ્રત્યક્ષ થતો નથી. હવે ગુણો હંમેશાં દ્રવ્યાશ્રિત જ હોય એ સામાન્ય નિયમ છે. તેથી ઈચ્છા વગેરે લિંગ ઉપરથી તેના આશ્રયરૂપ દ્રવ્ય આત્માનું અનુમાન તે સામાન્યતો અદૃષ્ટ અનુમાન.

વાર્તિકકાર પૂર્વવત્ વગેરેના નિરૂપણમાં પ્રાય: વાત્સ્યાયનને અનુસરે છે. છતાં ઉદ્યોતકર કેટલુંક નવું પણ કહે છે. તે, કારણ પરથી કાર્યના અનુમાનમાં, એ વસ્તુ પર ભાર મૂકે છે કે વિશિષ્ટ કારણ પરથી કાર્યનું અનુમાન થાય છે. આ મેઘો વૃષ્ટિ કરશે જ, કારણ કે ગંભીર ગર્જના થાય છે, આ મેઘની પાસે ઘણાં બલાકા પક્ષીઓ છે, આ મેઘમાં વીજળી થાય છે અને આ મેઘ ઊંચે ચડેલા છે.[૨૭]

વળી, ઉદ્યોતકર કાર્ય પરથી કારણના ઉદાહરણમાં એક સ્પષ્ટતા કરે છે કે નદીનું પૂર ( કાર્ય ) એ લિંગ એક સ્થળે અને વૃષ્ટિવાળો ઉપરવાસનો પ્રદેશ એ ભિન્ન સ્થળે છે એમ અહીં વ્યધિકરણ લિંગ–લિંગી નથી. પણ પૂર એ જેમ એક નદીધર્મ છે તેમ ઉપરવાસ સાથેના સંબંધવાળું હોવું એ નદીનો બીજો ધર્મ છે. આમ નદીના એક ધર્મ પૂર પરથી ઉપરવાસના પ્રદેશનું નહીં પણ તે પ્રદેશ સાથેના નદીના સંબંધનું અનુમાન કરવામાં આવે છે.

---

૨૭ वृष्टिमन्त एते मेघाः, गम्भीरध्वानवत्त्वे सति, बहुबलाकावत्त्वे सति अचिरप्रभावत्त्वे सति उन्नतत्वात् ।

—વાર્તિક, ન્યાયચતુર્ગ્રન્થિકા, તદેવ, પૃ. ૨૯૫.

વાર્તિકકાર સામાન્યતોદષ્ટનું ભાષ્યકારે આપેલું સૂર્યગતિનું ઉદાહરણ સ્વીકારતા નથી. ઉદ્યોતકર કહે છે કે જે બે વસ્તુઓની વચ્ચે કાર્યકારણભાવ ન હોય પણ અવિનાભાવનો સંબંધ હોય તે બેમાંથી એકને જોઈને બીજી વસ્તુનું અનુમાન તે સામાન્યતોદષ્ટ. જેમ કે, બલાકા પક્ષીને જોઈને જલાશયનું અનુમાન કરવું.

જયન્ત ભટ્ટ પ્રાયઃ વાત્સ્યાયન અને ઉદ્યોતકરને અનુસરીને પૂર્વવત્ આદિના અર્થો આપે છે. પરંતુ તેમણે કરેલી કેટલીક સ્પષ્ટતાઓ નોંધપાત્ર છે. તે કહે છે કે કારણ પરથી કાર્યના કે પછી કાર્ય પરથી કારણના અનુમાનમાં ખરેખર તો એક જ ધર્મી, તેના જ અમુક ગુણધર્મના લિંગ પરથી, કોઈક બીજા ગુણધર્મવાળો છે એવું અનુમાન થાય છે. જયન્ત ભટ્ટે ટાંકેલા કુમારિલ ભટ્ટના એક શ્લોકમાં પણ આ જ વાત કહી છે. એક જ ધર્મી ગમ્ય (સાધ્ય) અને ગમક (હેતુ) એમ બે રૂપોવાળો છે. અસિદ્ધ (સાધ્ય) એવા એક રૂપથી તે ધર્મી ગમ્ય (સાધ્ય) બને; અને તેના જ સિદ્ધ રૂપથી તે જ ધર્મી (સાધ્યનો) બોધ કરાવનાર હેતુ બને.[૨૮]

ઉદ્યોતકરની જેમ જયન્ત પણ ભાષ્યકારનું સૂર્યગતિનું ઉદાહરણ સ્વીકારતા નથી. તેમણે કહ્યું કે સૂર્યગતિ એ કારણ છે અને દેશાન્તરની પ્રાપ્તિ એ કાર્ય છે. હવે દેશાન્તર-પ્રાપ્તિ ઉપરથી સૂર્યની ગતિનું અનુમાન એ તો કાર્ય ઉપરથી કારણનું અનુમાન થયું. એટલે કે આ તો શેષવત્ અનુમાન ગણાય, સામાન્યતોદૃષ્ટ નહીં.[૨૯] જ્યાં કાર્યકરણ ભાવનો સંબંધ ન હોય ત્યાં સામાન્યતોદષ્ટના ઉદાહરણ તરીકે જયન્ત ભટ્ટ કપિત્થફળના અમુક રૂપ (રંગ) ઉપરથી તે ફળમાં રહેલા રસના અનુમાનને રજૂ કરે છે.

બીજા પ્રકારનાં અર્થઘટનોમાં જયન્તની એક બીજી સ્પષ્ટતા નોંધવા જેવી છે. તે કહે છે કે જ્યાં નિયત સાધ્યનું જ્ઞાન સંભાવનાઓના નિષેધ દ્વારા થાય તે શેષવત્, જેમ કે શબ્દનું ગુણ-પદાર્થ તરીકે અનુમાન. પરંતુ સામાન્યતોદષ્ટમાં તો સાધ્ય હંમેશાં અદષ્ટ-નિત્ય પરોક્ષ-જ હોય છે જેમ કે છેદન જેવી કોઈ પણ ક્રિયાનું પરશુ જેવું કોઈક કરણ હોય જ. હવે શબ્દનું જ્ઞાન થવું એ ક્રિયા છે. તેના પરથા અપ્રત્યક્ષ એવી શ્રોત્રેન્દ્રિયનું કરણ તરીકે અનુમાન કરવું તે સામાન્યતોદષ્ટ અનુમાન.[૩૦]

હવે અંતમાં, આ પરંપરાગત અર્થઘટનોના અનુસંધાનમાં ભાસર્વજ્ઞનાં અર્થઘટનોને

---

૨૮ परमार्थत: तु धर्मी धर्मवत्त्वेन धर्मवान् अनुमीयते इति स्थितिः । यदाह भट्ट :
स एव चोभयात्मायं गम्यो गमक एव च ।
असिद्धेनैकदेशेन गम्य: सिद्धेन बोधक: ॥ इति ।
—ન્યાયમંજરી, લે. જયન્ત ભટ્ટ, સં. અને અનુ. નગીન છ. શાહ, દ્વિતીય આહ્નિક, પ્ર. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ, ૧૯૭૮, પૃ. ૧૪૮.

૨૯ यत् पुन: भाष्यकारेण भास्करस्य देशान्तरप्राप्त्या गत्यनुमानम् उदाहृतं तद् अयुक्तम्, देशान्तरप्राप्ते: गतिकार्यत्वात् कार्येण कारणानुमानं शेषवद् एव इदं स्यात् ।
—ન્યાયમંજરી, તદેવ, પૃ. ૧૪૯.

૩૦ જુઓ : ન્યાયમંજરી, તદેવ, પૃ. ૧૫૨-૫૩.

વિચારીએ. પ્રથમ પ્રકારનાં અર્થઘટનોમાં પ્રાય: તે ભાષ્યકાર વગેરેને અનુસરે છે. ઉદ્યોતકર અને જયન્તની જેમ ભાસર્વજ્ઞ પણ સામાન્યતોદષ્ટના ઉદાહરણ તરીકે ભાષ્યકારે આપેલું સૂર્યગતિનું ઉદાહરણ સ્વીકારતા નથી. ન્યાયભૂષણમાં તે વિશિષ્ટ ગંધ ઉપરથી વિશિષ્ટ રસના અનુમાનને સામાન્યતોદષ્ટના ઉદાહરણ તરીકે આપે છે. પછી ભાસર્વજ્ઞ કહે છે કે સૂત્રનો च શબ્દ સમાન–ન્યાયને સૂચવે છે. આની સ્પષ્ટતા કરતાં તે નોંધે છે કે બૌદ્ધો કાર્ય પરથી કારણના અનુમાનને જ સ્વીકારે છે. પૂર્વવત્ અને સામાન્યતોદષ્ટ અનુમાનોને શાક્યો સ્વીકારતા નથી.[31] હવે સૂત્રનો च શબ્દ એમ સૂચવે છે કે નિયત લક્ષણવાળો જે ન્યાય કાર્ય ઉપરથી કારણના અનુમાનમાં લાગુ પાડવામાં આવે છે તે જ ન્યાય બીજા બે પ્રકારોને પણ સમાન રીતે લાગુ પડે છે. એટલે કે પૂર્વવત્ વગેરે ત્રણે ય અનુમાનપ્રકારોને સ્વીકારવા જોઈએ.[32]

ભાસર્વજ્ઞ હેતુની ચર્ચાના સંદર્ભમાં પૂર્વવત્ વગેરેનાં જુદાં અર્થઘટનો આપે છે. પૂર્વવત્ એટલે કારણ ન હોવા છતાં જે પૂર્વે નિષ્પન્ન થયું હોય તેના પરથી પછી બનતી ઘટનાનું અનુમાન કરવું તે. કીડીઓને ઈંડાં લઈ જતી જોઈને પછી થનાર વૃષ્ટિનું અનુમાન તે પૂર્વવત્. શેષવત્ એટલે કાર્ય ન હોય તેવા લિંગ પરથી પૂર્વે બનેલી ઘટનાનું અનુમાન કરવું તે. જેમ કે, વૃષ્ટિ થઈ તેથી પહેલાં ઈંડાં સાથે કીડીઓએ સંચરણ કર્યું હશે. આ પૂર્વવત્–શેષવત્ અનુમાનોમાં લિંગ–લિંગીનો કાલ પૂર્વ અને ઉત્તર હોય છે. પરંતુ સામાન્યતોદષ્ટમાં લિંગલિંગીનો કાલ સામાન્ય હોય છે. લિંગના સમાન કાલે જ રહેનારા લિંગને અનુમાનથી જોવું–જાણવું તે સામાન્યતોદષ્ટ અનુમાન કહેવાય.[33] જેમ કે રૂપ ઉપરથી ફલના રસનું અનુમાન.

ન્યાયભાષ્ય (૨–૧–૩૮/૩૯)માં પિપીલિકા (કીડી)ના ઈંડાં સાથેના સંચારથી

---

૩૧ इहापि सिद्धे एव कार्यकारणभावे, कारणे साध्ये कार्यहेतु: वक्तव्य: ।
—ન્યાયબિન્દુ પરિ. ૩/૨૪, લે. ધર્મકીર્તિ, સં. પી. આઈ. તર્કસ, પ્ર. અકોલા (મ.પ્ર.), ૧૯૫૨, પૃ. ૪૯.

સરખાવો : Buddhist Logic, Vol. II, p. 137, Tr. by F. TH. Stcherbatsky, New york New Dover Ed. 1962.

સરખાવો : त्रिरूपाणि च त्रीणि एव लिङ्गानि–अनुपलब्धि: स्वाभाव: कार्यं चेति ।
—ન્યાયબિન્દુ ૨/૧૦–૧૧, ટિપ્પણી ૧, ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૯૦.

૩૨ च शब्द: समानन्यायत्वं सूचयति । एतदुक्तं भवति–शाक्यै: अर्थान्तरस्य कार्यमेव गमकम् इष्यते, न कारणम्, न अपि अकार्यकारणमिति । तत्र कार्यस्य गमकत्वे यो न्याय: तै: अव्यभिचारलक्षणोपदिष्ट: स इतरत्रापि अस्ति इति च–शब्देन सूच्यते ।
—ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૯૦

૩૩ अथवा पूर्ववत् इति अकारणेन अपि पूर्वनिष्पन्नेन उत्तरकालभाविन: अनुमानम् । तद्विपर्ययेण अनुमानं तु शेषवत्...द्वयो: एक: काल: सामान्यम् । तेन दृष्टं सामान्यतोदृष्टम्... पिपीलिकादिना वर्षानुमानं पूर्ववद् एव...सामान्यतोदृष्टोदाहरण तु रूपरसाद्यनुमानम् ।
—ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૩૦૦.

સરખાવો : ન્યાયસૂત્ર ૨–૧–૩૮/૩૯, (વાત્સ્યાયન ભાષ્ય), લે. ગૌતમમુનિ, સં. સ્વામી દ્વારિકાદાસ શાસ્ત્રી, પ્ર. બૌદ્ધભારતી, વારાણસી, બીજું સંસ્કરણ, ૧૯૭૬, પૃ. ૧૪–૧૫.

વૃષ્ટિના અનુમાનનું ઉદાહરણ છે. પરંતુ, પૂર્વવત્ વગેરેનાં ભાસર્વજ્ઞનાં ઉપર આપેલાં અર્થ-ઘટનો તેનાં આગવાં જણાય છે.

ભાસર્વજ્ઞ ત્રીજી રીતે પૂર્વવત્ વગેરેનાં અર્થઘટનો આપે છે. પૂર્વવત્ એટલે જેમાં પૂર્વની વસ્તુ અનુમેય હોય તેવું અનુમાન.[૩૪] જેમ કે નદીના પૂરને જોઈને પહેલાં થયેલી વૃષ્ટિનું અનુમાન તે પૂર્વવત્. અહીં એ ધ્યાનાર્હ છે કે પ્રથમ અર્થઘટનમાં પૂર-વૃષ્ટિના અનુમાનને શેષવત્નું ઉદાહરણ ભાષ્યાદિમાં અને ભાસર્વજ્ઞે પોતે પણ (ન્યાયભૂષણ પૃ. ૩૦૦) કહેલ છે. અહીં તે જ ઉદાહરણને ભૂષણકાર જુદી રીતે પૂર્વવત્ના ઉદાહરણ તરીકે આપે છે.

શેષવત્ એટલે જેમાં શેષને-પછી બનતી ઘટનાને અનુમેય ગણીને રચાતું અનુમાન તે શેષવત્ અનુમાન. ઈંડાં સાથે સંચરતી પિપીલિકા (કીડી)ને જોઈને વર્ષાનું અનુમાન તે શેષવત્ કહેવાય. સામાન્યતોદૃષ્ટનું આગળ આપેલું જ ઉદાહરણ અહીં પણ લેવું.

હવે ભાસર્વજ્ઞે આપેલું ચોથું અને છેલ્લું અર્થઘટન. પૂર્વવત્ એટલે કેવલાન્વયી અનુમાન. પૂર્વ એટલે અન્વય[૩૫] વ્યાપ્તિગ્રહણમાં અન્વય **પહેલાં** નક્કી થાય. તેથી અન્વયને પૂર્વ કહી શકાય. અગ્નિના અભાવમાં ધૂમનો અભાવ ત્યારે જ નિશ્ચિત થાય જ્યારે પહેલાં અગ્નિ હોય ત્યાં ધૂમને જોયો હોય જેમ કે, વિવાદાસ્પદ 'અદૃષ્ટ' વગેરે કેટલાકને પ્રત્યક્ષ છે; કારણ કે 'અદૃષ્ટ' પદાર્થ પ્રમેય છે, હથેળીમાં રાખેલા આંબળાની જેમ.[૩૬] જે પ્રમેય હોય તે કેટલાકને તો પ્રત્યક્ષ હોય જ-આમ અન્વયવ્યાપ્તિ રચાય. જે કેટલાકને પણ પ્રત્યક્ષ ન હોય તે પ્રમેય ન હોય એવી વ્યતિરેકવ્યાપ્તિ રચી શકાતી નથી; કારણ કે કેટલાક અર્થાત્ યોગીને પણ પ્રત્યક્ષ ન હોય તેવો કોઈ પદાર્થ નથી તેથી તેવું ઉદાહરણ મળે જ નહીં.

શેષવત્ એટલે કેવલવ્યતિરેકી અનુમાન. એકના અભાવે બીજાનો અભાવ તે શેષ. આવો શેષ જ જેનો આધાર હોય તે શેષવત્ અનુમાન.[૩૭] જેમ કે, જીવતું શરીર આત્માવાળું છે, કારણ કે તે શરીર પ્રાણાદિવાળું છે; જે સાત્મક ન હોય તે પ્રાણાદિયુક્ત ન હોય; લોષ્ઠ-માટીના ઢેફાની જેમ. અહીં જે પ્રાણાદિયુક્ત હોય તે સાત્મક હોય તેવી અન્વયવ્યાપ્તિ રચી શકાતી નથી, કેમ કે સર્વ પ્રાણાદિમત્ વસ્તુઓ અહીં પક્ષમાં સમાઈ જાય છે.[૩૮]

---

૩૪ अथवा पूर्वं निष्पन्नम् अनुमेयम् यस्यास्ति तत् पूर्ववत् यथा नदीपूरदर्शनात् अभूत वृष्टि: इत्यनुमानम् । पिपीलिकादिना वर्षानुमानं तु शेषवत् । सामान्यतोदृष्टं तु तदेव ।
—ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૩૦૦.

૩૫ पूर्वमेव विद्यते अन्वय एवास्ति यस्यानुमानस्य तत्पूर्ववत् ।
—ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૯૦.

૩૬ विवादास्पदीभूतानि अदृष्टादीनि कस्यचित् प्रत्यक्षाणि प्रमेयत्वात् करतल-आमलकवत् ।
—ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૩૦૨.

૩૭ शेषो व्यतिरेक: स एव अस्ति यस्य तत् शेषवत् ।
—ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૯૦.

૩૮ सात्मकम् जीवत् शरीरम् प्राणादिमत्त्वात यत् न सात्मकं न तत् प्राणादिमत् यथा लोष्ठादि ।
—ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૩૦૪.

અન્વય અને વ્યતિરેકથી જે અનુમાન સામાન્ય રીતે બનતું હોય તે સામાન્યતોદષ્ટ અનુમાન. જેમ કે શબ્દ અનિત્ય છે; કારણ કે તે કાર્યરૂપ છે. જે કાર્યરૂપ હોય તે અનિત્ય, જેમ કે ઘટાદિ. જે અનિત્ય ન હોય–નિત્ય હોય તે કાર્ય ન હોય, જેમ કે પરમાણુ.[૩૯]

અહીં ભાસર્વજ્ઞ પૂર્વવત્ વગેરેનાં અર્થઘટનો પરંપરાથી તદ્દન જુદી રીતે આપે છે. આ અર્થઘટનો આપ્યા પછી તે સૂત્રના च શબ્દનો અર્થ આપે છે. બૌદ્ધો કેવલવ્યતિરેકી અને કેવલાન્વયી અનુમાનોને સ્વીકારતા નથી. તે મતનું ખંડન ભાસર્વજ્ઞે ન્યાયભૂષણમાં સવિસ્તર કરેલું છે.[૪૦] ન્યાયસૂત્રનો च–શબ્દ એમ સૂચવે છે કે અન્વયવ્યતિરેકી અનુમાનની જેમ કેવલાન્વયી અનુમાન અને કેવલવ્યતિરેકી અનુમાનને પણ અનુમિતિ–જ્ઞાનના જનક માનવાં જોઈએ.[૪૧]

અંતે બિમલ કૃષ્ણ મતિલાલના શબ્દોમાં કહીએ તો–ભાસર્વજ્ઞનું ન્યાયભૂષણ એમ નિઃશંક રીતે સિદ્ધ કરે છે કે ભાસર્વજ્ઞ તેના સમયનો એક મહાન વિચારક હતો. ઉદયનથી થોડા સમય પહેલાં તે થઈ ગયો. ન્યાયદર્શનમાં ભાસર્વજ્ઞ એક મહાન નવ–પથ–પ્રદર્શક બની ગયો. ન્યાયપરંપરામાં કેટલીકવાર તેનાં અર્થઘટનોને અને મતોને અ–રૂઢિચુસ્ત અથવા પરંપરાવિરુદ્ધ ગણવામાં આવે છે.

"It proves undoubtedly that Bhāsarvajña was a great thinker of his time. He preceded Udayana by a short time. He was a great innovator in the Nyāya system. Many of his interpretations and views are termed "Unorthodor" in the Nyāya tradition."[૪૨]

---

૩૯ अन्वयव्यतिरेकयो: साधनाङ्गयोः सामान्येन यदनुमानं दृष्टं, तत् सामान्यतो दृष्टम् ।

—ન્યાયભૂષણ, પૃ. ૧૯૦.

જુઓ : अनित्यः शब्दः कार्यत्वात् ।

—ન્યાયભૂષણ, પૃ. ૩૦૧.

૪૦ જુઓ : ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૩૦૨–૩૦૪.

૪૧ च शब्दः अन्वयव्यतिरेकिवत् इतरयोः अपि गमकत्वम् अस्ति इति सूचयति ।

—ન્યાયભૂષણ, પૃ. ૧૯૦.

42 Encyclopedia of Indian Philosophies, ed. by Karl H. Potter, Nyāyabhūṣaṇa, Summary by Bimal Krishna Matilal, Motilal Banarsidass, First Edition, Delhi, 1977, p. 411.

## Journal of the M. S. University of Baroda

The Journal is published every year in three parts. These parts are devoted respectively to topics relating to (1) Humanities, (2) Social Sciences and (3) Science.

Advertisement tariff will be sent on request.

Communications pertaining to the Journal should be addressed to:

**The Editor (Humanities/Social Sciences/Science)**
**Journal of the M. S. University of Baroda**
**Faculty of Arts Compound**
**Baroda-390 002 (India)**

# શાંકરભાષ્ય ૨.૨.૧૦માં દર્શાવેલો સાંખ્ય આચાર્યોનો મતભેદ★

અ. દે. શાસ્ત્રી*

બ્રહ્મસૂત્રના બીજા અધ્યાયનો બીજો પાદ તર્કપાદ તરીકે પ્રસિદ્ધ છે. બધા જ ભાષ્યકારોને મતે એમાં સ્વતંત્ર રીતે અન્ય દર્શનોનું ખંડન કરેલું છે. એના સૂત્ર ૧ થી ૧૦માં સાંખ્યમતનું ખંડન છે. સૂત્ર ૧૦–विप्रतिषेधाश्चासमञ्जसम् । પરના ભાષ્યમાં શંકરાચાર્ય પ્રથમ સાંખ્ય આચાર્યોનો મતભેદ દર્શાવે છે અને પછી તથ્યતાપકસંબંધની ચર્ચા કરે છે. પ્રસ્તુત લેખમાં આપણે માત્ર મતભેદનો જ વિચાર કરીશું.

ભાષ્યકાર કહે છે: क्वचित्सप्तेन्द्रियाण्यनुक्रामन्ति क्वचिदेकादश । तथा क्वचित्महत-स्तन्मात्रसर्गमुपादिशन्ति क्वचिदहंकारात् । तथा क्वचित् त्रीण्यन्तःकरणानि वर्णयन्ति क्वचिदेकम् ।

આ ત્રણ વાક્યોમાં ત્રણ મુદ્દાઓ કહેલા છે:

(૧) ઇંદ્રિયોની સંખ્યા કેટલાકને મતે સાત છે તો કેટલાકને મતે અગિયાર છે.

(૨) એક મત મુજબ મહત્‌માંથી તન્માત્ર પરિણમે છે તો બીજા મત પ્રમાણે અહંકારમાંથી પરિણમે છે.

(૩) અન્તઃકરણો ત્રણ છે એમ કેટલાક માને છે, તો બીજા મત અનુસાર એક છે.

સાંખ્યમતનું ખંડન કરતાં આચાર્ય કયા ગ્રંથનો આધાર લે છે તે કહેવું મુશ્કેલ છે. ડૉ. બેલવલકર લખે છે:

" What Sānkhya texts Śankarācārya actually has in mind we have no means of ascertaining. None of the extant texts drop the immediate step of Ahaṃkāra between Mahat and Tanmātras ".

ઉપર જે ત્રણ બાબતો કહી છે તેમાંથી દરેકમાં એક એક મત સાંખ્યકારિકામાં છે. કારિકા અનુસાર પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને મન એમ અગિયાર ઇન્દ્રિયો છે. મહત્‌માંથી

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૩૦૧–૩૦૪.

★ તા. ૨૪/૨૫–૧૨–૮૫ એ યોજાયેલા ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત શિક્ષકોના અધિવેશનમાં વાંચેલો લેખ.

* એમ. ટી. બી. કૉલેજ, સૂરત.

અહંકાર અને તેમાંથી તન્માત્ર પરિણમે છે; અને બુદ્ધિ, અહંકાર તથા મન એ ત્રણ અન્તઃકરણો છે. હવે દરેકમાંથી જે બીજો મત આપેલો છે તે કોનો છે એ વિચારવાનો પ્રશ્ન છે.

ભાષ્યના ટીકાકારોમાં વાચસ્પતિ મિશ્ર સાત ઇન્દ્રિયો સમજાવતાં લખે છે:

**त्वङ्मात्रमेव हि बुद्धीन्द्रियमनेकरूपादिग्रहणसमर्थमेकं कर्मेन्द्रियाणि पञ्च सप्तमं च मन इति सप्तेन्द्रियाणि ।**

અર્થાત્ ત્વગ્‌ને જ જ્ઞાનેન્દ્રિય માનીને પાંચ કર્મેન્દ્રિયો તથા મન સાથે સાતની સંખ્યા થાય છે. આમ કહેવા માટે ટીકાકાર પાસે કોઈ આધાર હોય તો તે આપણે જાણતા નથી. ત્વચા શરીરને વ્યાપે છે તેથી આમ કહ્યું હોય એ શક્ય છે, પણ એ બહુ સયુક્તિક લાગતું નથી: જેમ કે કાનની અંદર રહેલ અવકાશરૂપી શ્રોત્રેન્દ્રિયને ત્વચા સાથે કેવી રીતે જોડાય? એમ તો કર્મસામાન્યને એક માનીને બધી કર્મેન્દ્રિયોને પણ એક કહી શકાય. ખરેખર તો ઇન્દ્રિયો ત્રિવિધ છે: મન, જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય. એને ગમે તે રીતે સાતની સંખ્યા પર આણી શકાય એ ખરું પણ એમાં ઔચિત્ય કેટલું એ સવાલ છે. ગમે તેમ હોય પણ શંકરાચાર્ય સમક્ષ કયો આધારગ્રન્થ હતો તે અટકળ કરવી મુશ્કેલ છે.

ઉપર આપણે જોયું કે ઈશ્વરકૃષ્ણ અનુસાર, મહત્‌માંથી અહંકાર અને અહંકારમાંથી એકાદશ ઇન્દ્રિયવર્ગ તથા પાંચ તન્માત્ર પરિણમે છે. આચાર્યે આપેલા બીજા મત અનુસાર પાંચ તન્માત્ર અહંકારમાંથી નહિ, પણ મહત્‌માંથી પરિણમે છે. વાચસ્પતિ આ મત સમજાવતા નથી. જુદા જુદા સાંખ્યાચાર્યોના ગ્રન્થો તો આપણે માટે ઉપલબ્ધ નથી પણ એમને નામે કેટલાંક અવતરણો સાંખ્યકારિકા પરની ટીકા યુક્તિદીપિકામાં તથા અન્ય ગ્રન્થોમાં પ્રાપ્ત થાય છે. અને એને આધારે આપણે કાંઈક વધારે કહી શકીએ એમ છીએ.

બધાં અવતરણોનો અભ્યાસ કરતાં આપણે કહી શકીએ કે સાંખ્યદર્શનમાં વાર્ષગણ્ય અને વિન્ધ્યવાસીની એક વિશિષ્ટ વિચારધારા છે. કારિકા ૨૨ પરની યુક્તિદીપિકા ટીકામાં કહ્યું છે:

**अहंकारात्पञ्चतन्मात्राणीति सर्वे । महतः षडविशेषाः सृज्यन्ते पञ्च तन्मात्राण्यहंकारश्चेति विन्ध्यवासिमतम् ।**

આમ આચાર્ય વિન્ધ્યવાસીને મતે મહતમાંથી પંચતન્માત્ર અને અહંકાર એમ છ અવિશેષ પરિણમે છે. તન્માત્ર તો કારિકામાં પણ અવિશેષ છે. અહીં અહંકારને પણ અસ્મિતા–અવિશેષ કહેલો છે.

વાર્ષગણ્ય અને વિન્ધ્યવાસીની વિચારધારા અનુસાર પ્રધાનમાંથી પરિણામ પામતું મહત્ તત્ત્વ લિંગમાત્ર છે અને સાધારણ છે:

**यथा वार्षगणाः आहुः–लिङ्गमात्रो महानसंवेद्यः कार्यकारणरूपेणाविशिष्टो विशिष्टलक्षणेम तथा स्यात् तत्त्वान्तरम् ।** અને **साधारणो हि महान् प्रकृतित्वादिति वार्षगणानां पक्षः ।**

એવા બે સ્પષ્ટ ઉલ્લેખો કા. ૩૨ અને ૪૦ પરની યુક્તિદીપિકામાં મળે છે. આ જ બતાવે છે કે ઈશ્વરકૃષ્ણથી એમનો મત જુદો છે. કારિકામાં મહત્ એટલે બુદ્ધિ અને અધ્યવસાય એનું લક્ષણ છે. પણ એને અન્તઃકરણ તરીકે સ્વીકારતાં એ લિંગમાત્ર કે સાધારણને બદલે લિંગશરીરનું એક ઘટક બને. ખરેખર તો સાંખ્યદર્શનનો મૂળભૂત પ્રશ્ન અહીં આવે છે મહત્માંથી અહંકાર, તેમાંથી તન્માત્ર અને તેમાંથી મહાભૂત ગણાતાં આખું સર્જન સમષ્ટિગત (cosmic) નહિ પણ વ્યક્તિગત (Individual) બની જાય અને એ અભિગમ કારિકામાં દેખાય છે. એને બદલે પ્રથમ પરિણામ એવા મહત્ને લિંગમાત્ર અને સાધારણ ગણીને એમાંથી એકબાજુ અસ્મિતા–અવિશેષ અને બીજી બાજુ તન્માત્રનું પરિણામ સમજીએ તો પ્રધાનના સમષ્ટિસ્વરૂપને વધારે ન્યાય આપી શકાય.

અહીં બીજી પણ એક નોંધવા જેવી બાબત એ છે કે યોગસૂત્રો (૨.૧૯) અને તેના પરના વ્યાસભાષ્ય અનુસાર મહત્માંથી છ અવિશેષ પરિણમે છે. વળી શાંકરભાષ્ય ૨.૧.૩ પરની ટીકામાં વાચસ્પતિ કહે છે:

**अत एव योगशास्त्रं व्युत्पादयिताह स्म भगवान् वार्षगण्यः ।**

આમ વાચસ્પતિને મતે વાર્ષગણ્ય યોગશાસ્ત્રના લેખક છે. સાધારણ રીતે વાર્ષગણ્ય અતિપ્રાચીન સાંખ્યાચાર્ય ગણાય છે. પણ આપણે અહીં યાદ રાખવું જોઈએ કે સાંખ્ય અને યોગ એ બે દર્શનો પરસ્પર ગાઢ સંબંધ ધરાવે છે.

યોગદર્શનના આદ્ય આચાર્યથી જુદા એવા પતંજલિ નામે સાંખ્ય આચાર્યનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. એમને મતે અહંકારનું સ્વતંત્ર અસ્તિત્વ જ નથી. કા. ૩૨ પરની યુક્તિ-દીપિકામાં કહ્યું છે: **करणं द्वादशविधमिति पतञ्जालिः ।** આમ એમને મતે મહત્માંથી જ અગિયાર ઇન્દ્રિયો અને પાંચ તન્માત્ર પરિણમે છે.

શંકરાચાર્ય જ્યારે **महतस्तन्मात्रसर्गमुपदिशन्ति** એમ કહે છે ત્યારે એમની સમક્ષ, વાર્ષગણ્ય–વિન્ધ્યવાસીનો અથવા તો પતંજલિનો ગ્રન્થ આધારરૂપે હોઈ શકે. એમાં પણ વાર્ષગણ્ય અને વિન્ધ્યવાસી વધુ પ્રસિદ્ધ હોવાથી આ બે આચાર્યો શંકરાચાર્યના ખ્યાલમાં હોય એમ માનવું વધારે યોગ્ય લાગે છે.

હવે છેલ્લા મુદ્દાનો વિચાર કરીએ. સાંખ્યકારિકા અનુસાર મન અહંકાર અને બુદ્ધિ એ ત્રણ અન્તઃકરણો છે. બીજા મત પ્રમાણે અન્તઃકરણ એક જ છે. ભામતીમાં આ વાત સમજાવતાં કહ્યું છે: **क्वचिदेकं बुद्धिरिति ।** બુદ્ધિ સૌથી મહત્ત્વનું તત્ત્વ છે એ ખરું પણ એ એક જ અંતઃકરણ છે એમ કયાં અને કોણે કહ્યું છે તથા કઈ રીતે એ સમજી શકાય તે વાચસ્પતિ કહેતા નથી. ઉપર વાર્ષગણ્ય અને વિન્ધ્યવાસીને મતે, જે પરિણામપ્રક્રિયા દર્શાવી છે તે જોતાં મહત્ અને અહંકારને અન્તઃકરણો ગણી શકાય નહિ. મહત્ લિંગમાત્ર અને સાધારણ છે તો અહંકાર અવિશેષ છે. કારિકા–૩૨ પરની યુક્તિદીપિકામાં સ્પષ્ટ કહ્યું છે:

**(करणम्) एकादशविधामिति वार्षगणाः ।**

તે જ રીતે કારિકા ૨૨ પરની ટીકામાં કહ્યું છે:

एकादशमिति विन्ध्यवासी । અને तथान्येषां महति सर्वार्थोपलब्धिर्मनसि विन्ध्यवासिनः ।

संकल्पाभिमानाध्यवसायनानात्वमन्येषामेकत्वं विन्ध्यवासिनः ।

આમ વાર્ષગણ્ય-વિન્ધ્યવાસીને મતે અગિયાર કરણો છે. સંકલ્પ, અભિમાન અને અધ્યવસાય ત્રણે મન સાથે જ જોડાયેલાં છે. આમ મન જ એકમાત્ર અંતઃકરણ છે.

આખી ચર્ચાને અંતે આપણે નીચે પ્રમાણે નિષ્કર્ષ તારવી શકીએ :

(૧) શંકરાચાર્ય સાત ઇન્દ્રિયો વિશેનો કોનો મત આપે છે તે આપણે જાણી શકતા નથી.

(૨) મહત્‌માંથી તન્માત્રની ઉત્પત્તિનો મત વાર્ષગણ્ય-વિન્ધ્યવાસીનો અથવા સાંખ્ય આચાર્ય પતંજલિનો હોઈ શકે, પણ એમાં પહેલાની શકયતા વધારે છે.

(૩) એક અન્તઃકરણ વિશેનો મત વાર્ષગણ્ય-વિન્ધ્યવાસીનો છે. આ પરથી એક મુદ્દો સ્પષ્ટ થાય છે કે સાંખ્યનું ખંડન કરતી વખતે શંકરાચાર્ય સમક્ષ અનેક સાંખ્યગ્રન્થો હતા.

દુર્ભાગ્યે આજે આપણી પાસે માત્ર સાંખ્યકારિકા અને તેની ટીકાઓ જ ઉપલબ્ધ છે, એથી શંકરાચાર્યે કરેલું સાંખ્યનું ખંડન સાચી રીતે સમજાવવા માટે આપણી પાસે પૂરતી સામગ્રીને અભાવે સમગ્ર ચિત્ર સ્પષ્ટ થતું નથી-વિચિત્રતા એટલી જ છે કે વાચસ્પતિ જેવા ટીકાકારો પણ આપણને જરૂરી માર્ગદર્શન આપી શકતા નથી.

# દ્વારકા–શારદાપીઠના તામ્રપત્રને આધારે આદ્યશ્રી શંકરાચાર્યના સમયની વિચારણા

મણિભાઈ ઈ. પ્રજાપતિ*

આદ્યશ્રી શંકરાચાર્યની દૃષ્ટિએ 'પીઠ'નો અર્થ માત્ર 'ગાદીસ્થાન' કે 'ધર્મસ્થાન' એવો સંકુચિત નહોતો.[1] તેમની દૃષ્ટિએ 'પીઠ' એટલે 'વિદ્યાપીઠ'. ભારતવર્ષની ચાર દિશાઓમાં આવી ચાર વિદ્યાપીઠો સ્થાપીને અને પોતાના પ્રમુખ શિષ્યોને તે પીઠોના અધીશ્વરો બનાવીને આદ્યશ્રી શંકરાચાર્યે જગદ્‌ગુરુ–આચાર્ય–પરંપરા પ્રવર્તિત કરી અને એ રીતે તેઓ વાસ્તવિક અર્થમાં જગદ્‌ગુરુ કે વિશ્વગુરુ બની રહ્યા. આમ, આદ્યશ્રી શંકરાચાર્યનો પીઠ–સ્થાપના પાછળનો પ્રમુખ ઉદ્દેશ વાસ્તવિક વિદ્યાના વિતરણ–વિકાસનો હતો.

## પીઠ–સ્થાપનનો પ્રેરણાસ્રોત :

આદ્યશ્રી શંકરાચાર્યે દ્વારકા–પીઠને નામ આપ્યું: 'શારદાપીઠ'. આવું નામાભિધાન દ્વારકાપીઠની સર્વોચ્ચતા અને પ્રાચીનતાની નિર્દેશક એક પ્રસિદ્ધ ઘટના તરફ આપણને દોરી જાય છે. શાસ્ત્રાર્થમાં જ્ઞાનમાર્ગી શંકરાચાર્યનો વિજય થયો. પરાજિત કર્મમાર્ગી મંડનમિશ્રે સંન્યાસી બની આચાર્યશ્રીનું શિષ્યત્વ સ્વીકાર્યું.[2] શંકરાચાર્યે પોતાના આવા સર્વશાસ્ત્ર-વિશારદ શિષ્ય મંડનમિશ્રને 'સુરેશ્વરાચાર્ય' (ઇન્દ્રના ગુરુ બૃહસ્પતિ) એવું નામ આપ્યું. એટલું જ નહિ, મંડનમિશ્રની પત્ની ભારતીની વિદ્વત્તાથી પ્રભાવિત થઈ તેમણે ભારતીને સાક્ષાત્ સરસ્વતી–શારદાસ્વરૂપ ઓળખી. આ ઘટનામાંથી પ્રેરણા મેળવીને ભારતી–વિદ્યાની પ્રતિષ્ઠા માટે શંકરાચાર્યને પીઠ (વિદ્યાપીઠ) સ્થાપવાનો વિચાર આવ્યો હોય એવું સ્પષ્ટ સમજાય છે અને એ રીતે એમણે ગીતાજ્ઞાનદાતા શ્રીકૃષ્ણની પવિત્ર ભૂમિ મોક્ષપુરી દ્વારકામાં સૌથી પ્રથમ પીઠની સ્થાપના કરી અને સર્વ શાસ્ત્રોના આભૂષણસ્વરૂપ મંડનમિશ્ર તેમ જ શારદાસ્વરૂપ ભારતીની મહત્તાની પ્રસ્થાપનાના હેતુથી મંડનમિશ્ર–સુરેશ્વરાચાર્ય (અપરનામ

---

**'સ્વાધ્યાય',** પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૩૦૫–૩૧૨.

* શ્રી દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી ઍન્ડ ઇન્ડોલૉજિકલ રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ, દ્વારકા, (સૌરાષ્ટ્ર).

૧ એક અમેરિકન પ્રોફેસર Dr. William Cenkner પોતાના 'A Tradition of Teachers: Śankar and the Jagadgurus, to-day' નામક ગ્રંથમાં 'પીઠ' માટે સર્વત્ર 'વિદ્યાપીઠ' શબ્દ પ્રયોજે છે એ નોંધપાત્ર છે.

૨ વિદ્યારણ્ય, શ્રી શંકરદિગ્વિજય, સર્ગ ૮, ૯, ૧૦.

વિશ્વરૂપ)ને તે પીઠના અધિપતિ બનાવ્યા અને ભારતીના નામને આધારે પીઠનું નામ રાખ્યું 'શારદાપીઠ' (A seat of Learning).[1]

એમ પણ કહેવાય છે કે પંડિતા ઉભયભારતી સરસ્વતીનાં અવતાર હતાં; તેથી બ્રહ્મલોકમાં જવા તેમણે ઉડ્ડયન કર્યું. તે દ્વારકાના ભગવાન દ્વારકાધીશના ચોથા મજલા જેટલી ઊંચાઈ સુધી આકાશમાં પહોંચ્યાં એટલામાં તો આદ્ય શંકરાચાર્યે ચિન્તામણિ મંત્ર વડે તેમનું આકાશગમન થંભાવી દીધું અને તેટલી જ ઊંચાઈએ એટલે કે દ્વારકાધીશમંદિરના ચોથા મજલે શ્રીચક્ર પર તેમને પ્રસ્થાપિત કર્યાં. આજે પણ મંદિરના ચોથા મજલે સરસ્વતી શ્રીચક્રયંત્ર સ્વરૂપે વિરાજમાન છે.

આમાંથી સૂચવાય છે કે આદ્યશ્રી શંકરાચાર્યે ચાર પીઠો પૈકી પ્રથમ દ્વારકા–શારદાપીઠની સ્થાપના કરી અને તેના પ્રથમાચાર્ય બન્યા સુરેશ્વરાચાર્યે અને અધિષ્ઠાત્રી દેવી થયાં શારદામ્બા. બ્રહ્માના અવતાર મનાતા સુરેશ્વરાચાર્ય (મંડનમિશ્ર) અને સરસ્વતીના અવતારસ્વરૂપ ભારતી બન્નેની એક જ સ્થળે સ્થાપના થાય એમાં સર્વથા ઔચિત્ય છે. વળી મંડનમિશ્ર અને ભારતી બન્નેનો દાંપત્ય–સંબંધ હોઈ તે બન્ને એક જ સ્થળે સ્થપાય એ અત્યંત સ્વાભાવિક છે. આ વસ્તુસ્થિતિના સંદર્ભમાં સુરેશ્વરાચાર્ય શૃંગેરીપીઠના પ્રથમાચાર્ય હતા અને દ્વારકા–શારદાપીઠના હસ્તામલક પ્રથમાચાર્ય હતા એ મત માન્ય રાખી શકાય નહિ.

## શારદાપીઠની સર્વોચ્ચતા અને પ્રાચીનતા સંબંધી અન્ય પ્રમાણ: સુધન્વા રાજાનું તામ્રપત્ર:

દ્વારકા–શારદાપીઠમાં સચવાયેલ પ્રાચીન દસ્તાવેજોમાંથી મળી આવેલ એક તામ્રપત્ર-શાસન શારદાપીઠના ૭૩મા શંકરાચાર્ય (ઈ. સ. ૧૮૮૯–૧૯૦૦) સ્વામી રાજરાજેશ્વર શંકરાશ્રમરચિત 'વિમર્શ'[2] નામના પુસ્તકમાં પ્રકાશિત થયું છે. એ તામ્રપત્રનું લખાણ અક્ષરશઃ આ પ્રમાણે છે :

**ताम्रशासनं सुधन्वनः सार्वभौमस्य ।**

**श्रीमहाकालनाथाय नमः**

**श्रीमहाकाल्यै नमः ।**

**श्रीमत्सदाशिवापरावतारमूर्त्ति चतुष्षष्टिकलाविलासविहारमूर्त्ति बौद्धादिसर्ववादिदानवनृसिंह-मूर्ति वर्णाश्रमवैदिकसिद्धान्तोद्धारकमूर्त्ति मामकीनसाम्राज्यव्यवस्थापनमूर्त्ति विश्वेश्वरविश्वगुरुपदजग-ज्जेगीयमानमूर्त्ति निखिलयोगिचक्रवर्त्ति श्रीमच्छङ्करभगवत्पादपादपद्मयोः भ्रमरायमाणसुधन्वनो मम**

---

૧ શંકરાચાર્યકૃત 'મઠામ્નાયસેતુ'માં પણ જણાવ્યું છે :
द्वारकाख्यां हि क्षेत्रं स्याद्देवः सिद्धेश्वरः स्मृतः ।
भद्रकाली तु देवी स्यादाचार्यो विश्वरूपकः ॥ (વિશ્વરૂપક = સુરેશ્વરાચાર્ય).

૨ વિ. સં. ૧૯૫૫માં રાજરાજેશ્વરી યંત્રાલય, વારાણસીમાં મુદ્રિત અને પ્રકાશિત.

सोमवंशचूडामणियुधिष्ठिरपारम्पर्य्यपरिप्राप्तभारतवर्षस्याञ्जलिबन्धपूर्विकेयं राजन्यस्य विज्ञप्तिः । भगवद्भिर्दिग्विजयोऽकारि । सर्वे वादिनः पराकृताः । सर्वे वर्णा आश्रमाश्च कृतयुगवत्पूर्णं वैदिकाध्वनि नियोजिताः सन्तो यथाशास्त्रमाचरन्ति हि धर्मम् । ब्रह्मविष्णुमहेश्वरमहेश्वरीस्थानाभ्यशेषवर्त्तीन्युद्धृतानि । सर्वं ब्रह्मकुलमुद्धारितम् । विशिष्यास्मद्राज्यकुलमान्वीक्षिक्याद्यशेषराजतन्त्रपरिशीलनेनोन्नीतं भवति । ब्रह्मक्षत्राद्यस्मत्प्रमुखनिखिलविनेयलोकसम्प्रार्थनया चतस्रो धर्मराजधान्यो जगन्नाथ–बदरी–द्वारका–शृङ्गर्षिक्षेत्रेषु भोगवर्धनज्योतिश्शारदाशृङ्गेरीमठापरसञ्ज्ञकाः संस्थापिताः । तत्रोत्तरदिशो योगिजनप्राधान्येन धर्ममर्यादारक्षणं सुकरमेवेति ज्योतिर्मठे श्रीतोटकापरनाम्नः प्रतर्दनाचार्यानथ शृङ्गर्ष्यपिमे शृङ्गर्षिसमस्वभावान्पृथ्वीधराभिधेयहेस्तामलकाचार्यान् भोगवर्धने स्वत एवाभिमतत्त्वेनात्यन्तोग्रस्वभावानपि सर्वज्ञकल्पपद्मपादापरनामसनन्दनाचार्यानथ बौद्धकापालिकादिसकलवादिभूयिष्ठपश्चिमस्यां दिशि वादिदैत्याङ्कुरः पुनर्माभवत्विति शारदापीठे किल द्वारकायां जैनैरुत्सादितवज्रनाभनिर्मितभगवदालयादिदुर्दशां दूरीकृत्य भगवद्भिस्त्रिलोकसुन्दरनाम्ना पुनस्सन्निबद्धभगवदालय श्रीकृष्णादिसकलमर्यादासुसंस्कृतायामधिगताशेषलौकिकवैदिकतन्त्रबिश्वविख्यातकीर्तिसर्वज्ञानमयान्विश्वरूपापरनामसुरेश्वराचार्यांश्चास्मत्सर्वलोकाभिमतिपूर्वकमभिषिच्यैवं चतुर्भ्यं आचार्य्येभ्यश्चतस्रो दिश आदिष्टा भारतवर्षस्य । त एते तत्तत्पीठप्रणाड्या निजनिजमेव मण्डलं गोपायन्तो वैदिकमार्गमुद्भासयन्तु । सर्वे वयं तत्तन्मण्डलस्था ब्रह्मक्षत्रादयस्तत्तन्मण्डलस्यैवाचार्यस्याधिकाराधिकृता वर्तिष्यामहे च । महद्विनिर्णयप्रसक्तौ तु सुरेश्वराचार्य्या एवोक्तलक्षणतः *सर्वत्रैव व्यवस्थापका भवन्तु भगवतामनुशासनाच्च । अस्मद्राजसत्तेव निरङ्कुशगुरुसत्ताप्युक्त*मर्यादया जगत्यविचलं विचलतु । परिव्राजको हि महाकुलीनत्त्ववैदुष्यादिविशिष्टाचार्यलक्षणैरन्वित एव श्रीभगवत्पादपीठानामधिकारमर्हति न तु विनिमयेनेत्येवमादिनियमबन्धो भगवदाज्ञासमवबुद्धस्समस्तैरथास्मदादि ब्रह्मक्षत्रादिवंशोद्भवैः परमप्रेम्णोत्तमाङ्गेनाद्रियत इत्येतां विज्ञप्तिमङ्गीकुर्वन्तु भगवन्त इति स्वस्त्यस्तु लोकेभ्यः । युधिष्ठिरशके २६६३ आश्विनशुक्ल १५ ।

## सुधन्वा सार्वभौमः

આદ્યશ્રી શંકરાચાર્યના જીવન–કવન સંબંધી પ્રમાણભૂત માહિતીનો અભાવ પ્રવર્તે છે. એવી પરિસ્થિતિમાં આ લિખિત દસ્તાવેજ (તામ્રપત્રનું લખાણ)માંથી ફલિત થતી કેટલીક વિગતો આદ્ય શંકરાચાર્ય અને આચાર્યપીઠપરંપરા સંબંધી ઐતિહાસિક અને આધારભૂત ગણાય. એ દૃષ્ટિએ આ તામ્રશાસનનું મૂલ્ય વધી જાય છે. શાંકરપીઠોની વિચારણામાં પ્રસ્તુત તામ્રપત્ર આધારરૂપ માની શકાય.

શાંકરપીઠો અને તત્સંબંધી આચાર્યવ્યવસ્થા સંબંધી ભારે પુરુષાર્થપૂર્વક ગહન ગવેષણા કરી સપ્રમાણ 'શ્રીમજ્જદ્‌ગુરુ શાંકરમઠ વિમર્શ' નામક મૂલ્યવાન્ ગ્રંથના રચયિતા શ્રી જયપુર વિશ્વનાથ રાજગોપાલ શર્મા પ્રસ્તુત તામ્રપત્ર સંબંધી નોંધે છે : "પશ્ચિમામ્નાય દ્વારકામઠમાં આ તામ્રશાસન છે અને ત્યાંના રેકર્ડોથી માલૂમ પડે છે કે આ તામ્રશાસન આચાર્ય શંકરને મળ્યું હતું. પશ્ચિમામ્નાય દ્વારકામઠના કથનનો સ્વીકાર ન કરવો એ ભૂલ ગણાશે. જો કે આ વિષય ઉપર પર્યાપ્ત સંશોધન થયું નથી અને હજુ સુધી કોઈ એવી વિરોધજનક સામગ્રી પ્રાપ્ત નથી થઈ કે આ તામ્રપત્રના વિષયને ન સ્વીકારીએ. આ તામ્રપત્રમાં આપેલા બધા વિષયોને

અંતઃબાહ્ય પ્રમાણ તેમ જ અન્ય પ્રામાણિક ગ્રંથો પુષ્ટિ આપે છે. જો કે કેટલાકનો આક્ષેપ છે કે મહારાજ સુધન્વાએ આપેલું આ તામ્રશાસનપત્ર નથી, તથાપિ એમાં કોઈ સંદેહ નથી કે આ પ્રાચીન તામ્રશાસન છે, જેમાંથી આચાર્ય શંકરની ચારિત્ર–સામગ્રી ઉપલબ્ધ થાય છે.[૧]

## રાજા સુધન્વા અને દ્વારકા–શારદાપીઠના પ્રથમાચાર્ય સુરેશ્વરની પ્રાચીનતા :

પ્રસ્તુત તામ્રપત્ર રાજા સુધન્વાએ આદિશ્રી શંકરાચાર્યને અર્પણ કરેલું. તામ્રપત્રના લખાણ નીચે 'સુધન્વા સાર્વભૌમ' એમ રાજાએ હસ્તાક્ષર કર્યા છે. લખાણમાં પણ 'સોમવંશના ચૂડામણિસ્વરૂપ યુધિષ્ઠરની પરંપરાથી પ્રાપ્ત કરેલ ભારત દેશના રાજા સુધન્વાની (મારી) અંજલિપૂર્વક આ વિજ્ઞપ્તિ છે' એવા મતલબનું વાક્ય છે. આમાંથી સમજાય છે કે સુધન્વા સોમવંશીય ચક્રવર્તી સમ્રાટ છે.

મહારાજ સુધન્વા આરંભમાં બૌદ્ધમતાનુયાયી હતા. કેટલાકનો મત છે કે રાજા સુધન્વા ઉજ્જૈની નગરીના હતા અને કેટલાકની દૃષ્ટિએ તે કર્ણાટકના શાસક હતા. મીમાંસક કુમારિલ ભટ્ટની જીવનચરિત–કથામાં પણ સુધન્વાનો ઉલ્લેખ છે. કુમારિલ ભટ્ટે સુધન્વાના રાજદરબારમાં જઈને બૌદ્ધ પંડિતો સાથે વાદવિવાદ કરીને તેમને પરાસ્ત કરેલા. તત્પશ્ચાત્ સુધન્વા બૌદ્ધ ધર્મ ત્યાગીને કુમારિલના અનુયાયી બન્યા હતા અને બૌદ્ધોને હણવાની પ્રતિજ્ઞા લીધેલી.[૨] 'જિનવિજય' જેવા ગ્રંથોમાં પણ સુધન્વા સંબંધી આવી માહિતી પ્રાપ્ત થાય છે. સુધન્વાએ આદ્ય શંકરાચાર્યનું શિષ્યત્વ સ્વીકારેલું અને ધર્મપ્રચારકાર્યમાં તે શંકરાચાર્યની સાથે રહેતા એવું નિરૂપણ કેટલાક પ્રામાણિક શંકરચરિત–ગ્રંથોમાં થયું છે.[૩] આવી વિગતો સુધન્વાની ઐતિહાસિકતા સિદ્ધ કરે છે.

તામ્રશાસનનો લેખસમય યુધિષ્ઠિર શકે ૨૬૬૩ આશ્વિન શુક્લ પૂર્ણિમાનો દર્શાવ્યો છે. યુધિષ્ઠિર શાકે ૨૬૬૩ એટલે ઈ. સ. પૂર્વે ૪૩૮. આમ રાજા સુધન્વાનો સમય ઈ. સ. પૂર્વેની પાંચમી સદી ગણાય. સુધન્વાના સમકાલીન કુમારિલ ભટ્ટનો સમય 'જિનરત્નકોશ'માં ઈ. સ. પૂર્વે ૫૫૭નો જણાવ્યો છે. ઉપર્યુક્ત બાબતોમાંથી આદ્ય શંકરાચાર્ય, કુમારિલ ભટ્ટ અને સુધન્વા ત્રણેયની સમકાલીનતા સૂચવાય છે. તામ્રપત્રને આધારે સુધન્વાનો સમય ઈ. સ. પૂર્વેની પાંચમી સદી છે, તેથી આદ્યશ્રી શંકરાચાર્યનો સમય પણ ઈ. સ. પૂર્વેની પાંચમી સદી ગણાય. આ સંદર્ભમાં આધુનિક વિદ્વાનોએ શંકરાચાર્યનો સમય ઈ. સ. ૭૮૮–૮૨૦નો જ બતાવ્યો છે.[૪]

---

૧ श्रीमज्जगद्गुरु–शांकर–मठ–विमर्श, पृ. २२८.

૨ વિદ્યારણ્ય, શંકરદિગ્વિજય, સર્ગ ૧.

૩ વિદ્યારણ્ય, શંકરદિગ્વિજય, સર્ગ ૧.

૪ ફ્લીટ, લૌગન, મૅકડોનલ, બુહલર, મૅક્સમૂલર, વેબર, કે. બી. પાઠક વગેરેએ ઈ. સ. ૭૮૮–૮૨૦નો સમય નિશ્ચિત કર્યો છે. અન્ય કેટલાકે આ સમય ભિન્ન ભિન્ન બતાવ્યો છે :

| | |
|---|---|
| મોનિયર વિલિયમ—ઈ. સ. ૬૫૦–૭૪૦. | ટેલર—ઈ. સ. ૯૦૦. |
| રાઈસ—ઈ. સ.—૭૪૫–૭૬૯. | કે. ટી. તેલંગ—ઈ. સ. ૫૯૦. |
| કોલબ્રુક, વિલ્સન—ઈ. સ. ૮૦૦–૯૦૦. | ભંડારકર—ઈ. સ.ની છઠ્ઠી સદી. |

તે ચિંત્ય છે. ઘણા વિદ્વાનો અને ગ્રંથો આદ્ય શંકરાચાર્યનો સમય ઈસ્વીસન પૂર્વેનો પ્રતિપાદિત કરે છે. દ્વારકા–શારદાપીઠની પરંપરા પ્રમાણે શંકરાચાર્યનો જીવનકાળ યુધિષ્ઠિર શક ૨૬૩૧–૨૬૬૩ ( ઈ. સ. પૂર્વે ૫૦૯–૪૭૭ ) બતાવવામાં આવે છે.

'વિમર્શ'ના રચયિતા સ્વામી રાજરાજેશ્વર શંકરાશ્રમે શારદાપીઠના કેટલાક પ્રાચીન દસ્તાવેજોને આધારે આદ્ય શંકરાચાર્યના જીવન–કવન સંબંધી સાલવારી આ પ્રમાણે નિશ્ચિત કરી છે :

| પ્રસંગ | સમય |
|---|---|
| જન્મ | ઈ. સ. પૂર્વે ૫૦૯ ( વૈશાખ શુક્લ પંચમી )[1] |
| યજ્ઞોપવીતવિધિ | ઈ. સ. પૂર્વે ૫૦૪ |
| પિતાનું મૃત્યુ | ઈ. સ. પૂર્વે ૫૦૧ |
| ગૃહત્યાગ | ઈ. સ. પૂર્વે ૫૦૦ |
| સંન્યાસગ્રહણ | ઈ. સ. પૂર્વે ૪૯૯ |
| માતુશ્રીનું અવસાન | ઈ. સ. પૂર્વે ૪૯૩ |
| મંડનમિશ્ર સાથે શાસ્ત્રાર્થ અને મંડનમિશ્રનો પરાજય | ઈ. સ. પૂર્વે ૪૯૧ |
| દ્વારકા શારદાપીઠની સ્થાપના અને સુરેશ્વરાચાર્યનો અભિષેક | ઈ. સ. પૂર્વે ૪૯૧ |

શૃંગેરીપીઠ–પરંપરા પ્રમાણે શંકરાચાર્ય સં. ૧૪ ( ઈ. સ. પૂર્વે ૪૨ )માં જન્મ્યા હતા. માધવકૃત 'શંકરવિજય'માં શંકરનું મૃત્યુ **शरेक्षणाध्वनयन** એટલે કે કલિ ૨૬૨૫ ( ઈ. સ. પૂર્વે ૪૭૭ )માં બતાવ્યું છે. આદ્ય શંકરાચાર્યના બાલસાથી મનાતા ચિત્સુખાચાર્યકૃત 'બૃહત્શંકર-વિજય'માં તેમ જ આત્મબોધ દ્વારા 'સુષમા'માં ઉલ્લેખિત **अब्दे नन्दने दिनमणावुदगध्वभाजि** દ્વારા શંકરના જન્મનું વર્ષ નંદન સંવત્સર એટલે કે ઈ. સ. પૂર્વે ૫૦૯ નિશ્ચિત થાય છે. પાર્જિટર આ સમય ઈ. સ. પૂર્વે પાંચમા સૈકાનો બતાવે છે. ભાષ્યાચાર્ય ઈ. સ. પૂર્વેની છઠ્ઠી સદી બતાવે છે. નિખિલનાથ રાયે ઈ. સ. પૂર્વે ૪૭૬નો સમય આપ્યો છે.

કે. ટી. એસ. નારાયણ શાસ્ત્રી ઈ. સ. પૂર્વે ૫૦૯ થી ઈ. સ. પૂર્વે ૪૭૭ને શંકરાચાર્યનો જીવનકાળ ઠેરવે છે.[2] એ નટરાજ અય્યર અને નરહરિ શાસ્ત્રીએ બધી શાંકર પીઠોમાંથી પ્રાપ્ત પત્રોનો આધાર લઈ ઉપરના કાલનિર્ણયને અનુમોદન આપ્યું છે. પ્રો. વા. ગ. અનંતકરે એકંદરે

---

१ युधिष्ठिरशके २६३१ वैशाखशुक्लपञ्चम्यां श्रीमच्छंकरावतारः ।
( 'વિમર્શ'માં પ્રકાશિત દ્વારકામઠની ગુરુવંશાવલિ ).

2 Age of Śaṅkara.

અઢાર શાંકરદિગ્વિજય ગ્રંથોને ધ્યાનમાં લઈ આ સમયને માન્ય રાખ્યો છે. કોટાવેંકટાચલમે નેપાળના ઇતિહાસની કાલગણના દ્વારા આદિ શંકરાચાર્યની નેપાળ-મુલાકાતનો સમય ઈ. સ. પૂર્વે ૪૮૮થી ઈ. સ. પૂર્વે ૪૮૭ ઠરાવે છે.[1] શંકરાચાર્યે વૃષભદેવની કારકિર્દીવાળા નેપાલની મુલાકાત લીધી હતી. આચાર્યશ્રીની સ્મૃતિ અર્થે નેપાળના રાજવંશના પુત્રનું નામ શંકરદેવ રાખેલું. રાજકુટુંબની વંશાવળી પરથી આ મુલાકાતનો સમય ઈ. સ. પૂર્વે ૪૮૮ નક્કી થાય છે.[૨] સ્વામી નિખિલાનંદ શંકરાચાર્યનો સમય ઈ. સ. પૂર્વેનો હોઈ શકે એવું માનવા પ્રેરાય છે.[૩] 'જિનવિજય'માં શંકરનો નિર્વાણસમય ઈ. સ. પૂર્વે ૪૭૭નો દર્શાવ્યો છે. સર્વજ્ઞ સદાશિવ બોધકૃત 'પુણ્યશ્લોકમંજરી'માં શંકરનો જન્મસમય ઈ. સ. પૂર્વે ૫૦૯ બતાવ્યો છે.

દ્વારકા-શારદામઠમાંથી પ્રાપ્ત તામ્રપત્રમાં નિર્દિષ્ટ સમય (ઈ. સ. પૂર્વે પાંચમી સદી)ની સત્યતા ઉપર દર્શાવેલા સમયોથી સિદ્ધ થાય છે. આ તામ્રપત્રના સમયને આધારે તેમજ જુદી જુદી પીઠોએ પોતાનો જે સ્થાપનાસમય બતાવ્યો છે તેને આધારે કહી શકાય કે દ્વારકાની શારદાપીઠ સૌથી પ્રાચીન અને તેના પ્રથમાચાર્ય સુરેશ્વર છે :

| પીઠનામ | સ્થાપનાવર્ષ | પ્રથમાચાર્ય |
|---|---|---|
| ૧ શારદાપીઠ (દ્વારકા) | ઈ. સ પૂર્વે ૪૯૧ | સુરેશ્વરાચાર્ય |
| ૨ જ્યોતિર્મઠ (બદરીનાથ) | ઈ. સ. પૂર્વે ૪૮૬ | તોટકાચાર્ય |
| ૩ ગોવર્ધનપીઠ (જગન્નાથપુરી) | ઈ. સ. પૂર્વે ૪૮૫ | પદ્મપાદાચાર્ય |
| ૪ શૃંગેરીપીઠ (શૃંગેરી) | ઈ. સ. પૂર્વે ૪૮૪ | હસ્તામલકાચાર્ય |

મઠ કે મઠોના આચાર-વિચાર ઇત્યાદિનું સ્વરૂપ બતાવવા આદ્ય શંકરાચાર્યે 'મઠામ્નાય' અને 'મહાનુશાસન'ની રચના કરી છે. મઠોનો ઇતિહાસ જાણવા 'મઠામ્નાય' મૂળ અને પ્રમાણગ્રંથ છે. 'મઠામ્નાય'માં પણ પશ્ચિમામ્નાય દ્વારકા-શારદાપીઠને પહેલી પીઠ બતાવી છે :

प्रथमः पश्चिमाम्नायः शारदामठ उच्यते ॥ १ ॥

## તામ્રપત્રમાં નિર્દિષ્ટ આદ્યશંકરાચાર્ય અને પ્રાચીન દ્વારકાધીશ-મંદિરનો સંબંધ :

શારદાપીઠ દ્વારકાના દ્વારકાધીશ-મંદિરના પ્રાંગણમાં છે. શંકરાચાર્યો અને દ્વારકાધીશ મંદિરનો સંબંધ પ્રાચીન સમયથી રહ્યો છે. તામ્રશાસનનું લખાણ પણ આદ્ય શંકરાચાર્યનો દ્વારકાધીશમંદિર સાથેનો મહત્ત્વપૂર્ણ સંબંધ નિર્દેશે છે. ઉક્ત તામ્રપત્રમાં દ્વારકાધીશ-મંદિરના નિર્માણ, વિનાશ અને પુનર્નિર્માણ સંબંધી આ પ્રમાણે ઉલ્લેખ છે : શારદાપીઠમાં, દ્વારકામાં

1 Chronology of Nepalese History—Kuppūswāmi, A. Śrī Bhagavatpāda Śaṅkarācārya, p. 30.

૨ જોષી (ડૉ.) અરવિંદ, ગૌડપાદ : એક સમીક્ષાત્મક અધ્યયન, પૃ. ૩૦-૩૧.

3 The Mandukyopanishad, Preface, p. XIII.

વજ્રનાભ[૧] દ્વારા નિર્મિત અને જૈનોએ ખંડિત કરેલ[૨] ભગવદાલયની દુર્દશા દૂર કરીને (જીર્ણોદ્ધાર કરીને) ભગવાન આદ્ય શંકરાચાર્યે તે મુખ્ય મંદિરનું 'ત્રિલોકસુંદર' એવું નામ આપીને અને ભગવાન શ્રીકૃષ્ણની પ્રતિષ્ઠા કરીને સમસ્ત લૌકિક અને વૈદિક તંત્રોમાં વિશ્વપ્રસિદ્ધ કીર્તિવાળા, સર્વજ્ઞાનસંપન્ન વિશ્વરૂપ નામવાળા સુરેશ્વરાચાર્યજીનો સમસ્ત લોકોની સંમતિ લઈ અભિષેક કર્યો. ઈ. સ. પૂર્વે ૪૩૮ના તામ્રપત્રના લખાણથી સમજાય છે કે તે સમયની આસપાસ આદિ શંકરાચાર્યે દ્વારકાધીશમંદિરનો જીર્ણોદ્ધાર કર્યો અને તે સમયે તેમણે સુરેશ્વરાચાર્યને પીઠાધીશ બનાવ્યા.

રાજરાજેશ્વર શંકરાશ્રમલિખિત 'વિમર્શ' ગ્રંથમાં અનેક દસ્તાવેજોને આધારે સ્પષ્ટ કર્યું છે કે યુધિષ્ઠિરવર્ષ ૨૬૪૮ના ૧૩, કૃષ્ણપક્ષ, કાર્તિક અને ૧૦ શુક્લપક્ષ, માઘના સમયગાળામાં આદ્ય શંકરાચાર્યે દ્વારકામાં શ્રીકૃષ્ણના મંદિરનું પુનર્નિર્માણ કર્યું. આ ઉપરાન્ત સિદ્ધેશ્વર-મંદિરનું નિર્માણ અને ભદ્રકાલીયંત્રનો ઉદ્ધાર પણ તે સમયે કરાયો.

શાંકરપીઠોની સપ્રમાણ સમીક્ષા કરનાર શ્રી જયપુર વિશ્વનાથ રાજગોપાલ શર્માએ પણ જણાવ્યું છે કે આચાર્ય શંકરે ભગવાન–કૃષ્ણમંદિરનો જીર્ણોદ્ધાર કર્યો અને મંદિરના પ્રાંગણમાં જ શારદામઠની સ્થાપના કરી.[૩]

આમ, દ્વારિકા–શારદાપીઠના તામ્રપત્રને આધારે આદ્ય શંકરાચાર્યનો સમય ઇ. સ. પૂર્વેની પાંચમી સદી ગણાય.

---

૧ શ્રીકૃષ્ણ પછી એમના પ્રપૌત્ર વજ્રનાભ ગાદીએ આવ્યા હતા અને તેમણે હાલનું દ્વારકા–જગતમંદિર બંધાવ્યું હતું એવું પરંપરાથી મનાય છે.

૨ અશોકના પૌત્ર સંપ્રતિએ જૈનધર્મ સ્વીકાર્યો હતો અને તેણે સૌરાષ્ટ્રમાં આધિપત્ય જમાવ્યું હોવાનું જાણવા મળે છે. કૃષ્ણના પિતરાઈ ભાઈ ગણાતા યાદવ નેમિનાથ જૈનાનુગામી હતા એટલે સંપ્રતિ પહેલાં પણ દ્વારકામાં જૈનધર્મની અસરો હોવાનું જૈનાગમો જણાવે છે. હાલના હરિમંદિરમાં પાર્શ્વ-નાથની જૈન પ્રતિમા એક કાળે વિરાજમાન હતી. તે મૂર્તિ હાલ જામનગરના મંદિરમાં છે. (મથુરેશ પીતામ્બર, દ્વારકા–માહાત્મ્ય, પૃ. ૩૧૫).

—હાલના હરિમંદિરમાં દરેક માળે સ્તૂપ જેવાં ગોળાકાર દ્વાર જોવા મળે છે. દ્વારકાના ડૉ. જયંતિલાલ ઠાકર એને બૌદ્ધકાલની અસર માને છે. વલભીના શાસકો પણ બૌદ્ધોને આદર આપતા હતા, તેથી એ કાળમાં પણ કદાચ આ અસર થઈ હોય આને આધારે પણ સમજાય છે કે દ્વારકાધીશ–મંદિર જૈન–બૌદ્ધો દ્વારા ખંડિત થયેલું. તામ્રપત્રમાં પણ આવી વાત છે.

३ श्रीमज्जगद्गुरु–शांकर–मठ–विमर्श, पृ. ६७.

# આચાર્ય જિનસમુદ્રસૂરિવિરચિત રઘુવંશટીકા

તપસ્વી નાન્દી*

આચાર્ય જિનસમુદ્રસૂરિવિરચિત રઘુવંશટીકાનું સંપાદન લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદના હસ્તપ્રતભંડારમાંથી પ્રાપ્ત થયેલી એકમાત્ર પ્રત નં. ૨૭૭૯ને આધારે કરવામાં આવ્યું છે. અન્યત્ર કયાંક આ ટીકાની બીજી પ્રત હોય તેવું અદ્યાવધિ જણાયું નથી. ટીકાકાર પોતે જ આ ટીકાને 'रघुकाव्यान्वयमात्र' કહે છે જે તેની જુદા જુદા સર્ગોની પુષ્પિકાઓમાંથી અને ટીકાના અધ્યયનમાંથી ફલિત થાય છે. એટલે ટીકા વિદ્વાનો માટે નહિ પણ નવીન વિદ્યાર્થીઓના લાભાર્થે છે એ સ્વયંસ્પષ્ટ છે. તેમ છતાં આ ટીકાના સંપાદન પાછળનો હેતુ આ લેખના અંતે સ્પષ્ટ થશે. આ લેખમાં આખા સંશોધનકાર્યની દિશા સૂચવવાનો હેતુ જ છે. ટીકાકાર, તેમના સમય, સ્થળ, અન્ય કૃતિઓ, શૈલી, લેખકની વિશિષ્ટતાઓ વ. વિષેની વિસ્તૃત નોંધ સંપાદનની પૂર્વભૂમિકામાં અપાશે. અહીં તો ફક્ત આ સંશોધનકાર્યની પદ્ધતિ અને હેતુનો આછો પરિચય કરાવવાનો જ આશય છે.

**પ્રતવર્ણન :** પત્ર ૧૩૦, કર્તા જિનસમુદ્રસૂરિ, સર્ગ ૧૯ પર્યંત, પરિમાણ ૨૭ × ૧૧.૨ સે.મી., પંક્તિ ૧૩–૧૪, અક્ષરસંખ્યા ૪૬, (નાના મોટા હોવાથી વત્તે-ઓછે અંશે), સ્થિતિ શ્રેષ્ઠ.

**आदि :** श्रीमत् परमपार्श्वजिनाय नमः ॥ वागर्थाविव संपृक्तौ० ॥ (માત્ર ૧/૧ શ્લોક સંપૂર્ણ આપ્યો છે. તે સિવાય બધે જ માત્ર પ્રતીકો આપ્યાં છે.)

**अंत :** इति भट्टारकजिनचंद्रसूरिशिष्य आचार्यश्रीजिनसमुद्रविरचिते रघुकाव्यान्वयमात्रे वंशप्रतिबन्धो नाम एकोनविंशतितमः सर्गः ॥ १९ ॥

**લેખકની પુષ્પિકા :** अथ संवत्सराष्टादशशतचतुर्विंशत्यौ भाद्रपदे शुक्लपक्षे त्रयोदश्यां रविदिने चातुर्मासे पट्टालयनामनगरे राघवी टीका संपूर्णा लिख्यते । शुभमस्तु लेखकपाठकयोः ।

હવે દરેક સર્ગને અંતે અપાયેલી ટીકાકારની પુષ્પિકાઓ જોઈશું :

**सर्ग १ :** इति श्रीरघुवंशे महाकाव्ये कविकालिदासकृतौ अन्वयमात्रे वशिष्ठगमनो नाम प्रथमस्सर्गः ।

**सर्ग २ :** इति श्रीभट्टारकजिनभद्रसूरिशिष्याचार्यश्रीजिनसमुद्रविरचिते रघुकाव्यान्वयमात्रे वरलाभो नाम द्वितीयस्सगो[ ऽ ]लमिति । शुभं भवतु ।

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૩૧૩–૩૧૮.

* લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ.

**सर्ग ३ :** इति जिनसमुद्रविरचिते रघुकाव्यटीकान्वयमात्रे आश्रमप्रवेशो राज्यलाभो नाम तृतीयस्सर्गो[ ऽ ]लमिति । श्रीरस्तु ।

**सर्ग ४ :** इति जिनसमुद्रसूरि**विरचिते** रघुकाव्य**टीकायां** चतुर्थः सर्गो[ ऽ ]लम् ।

**सर्ग ५ :** इति जिनसमुद्रसूरि**विरचितो** रघुकाव्यान्वय**टीकायां** स्वयंवरगमनो नाम पञ्चमसर्गः ।

**सर्ग ६ :** इति श्रीभट्टारकश्रीजिनचन्द्रसूरिशिष्य आचार्यश्रीजिनसमुद्रसूरिविरचिते रघुकाव्यान्वयमात्रे स्वयंवरप्रदानो नाम षष्ठस्सर्गः ॥

**सर्ग ७ :** इति श्रीरघुवंशे भट्टारकश्रीजिनचंद्रसूरिशिष्यजिनसमुद्राचार्यविरचिते रघुकाव्यान्वयमात्रे अजस्य कन्यालाभो नाम सप्तमः सर्गः समाप्तः । श्री ।

**सर्ग ८ :** इति श्री**भट्टारक०** रघुकाव्यान्वयमात्रे प्रायोपवेशनो नामाष्टमः सर्गः ।

**सर्ग ९ :** इति श्रीभट्टारकजिनचंद्रसूरिशिष्याचार्यश्रीजिनसमुद्रविरचिते रघुवंशकाव्यान्वयमात्रे मृगयाप्रहारो नाम नवमः सर्गः ॥ ऽ॥ **श्रीजिनाय नमः** । श्रीः ।

**सर्ग १० :** इति भट्टारकश्रीजिनचंद्रसूरिशिष्य आचार्यश्रीजिनसमुद्रविरचिते रघुकाव्यान्वयमात्रे देवावतारो नाम दशमः सर्गः ॥ १० ॥

**सर्ग ११ :** इति श्रीभट्टारकजिनचन्द्रसूरिशिष्य आचार्यश्रीजिनसमुद्रविरचिते लघुकाव्यान्वयमात्रे भार्गवपराजयो नाम एकादशमः सर्गः ॥ ११ ॥

**सर्ग १२ :** इति भट्टारकश्रीजिनचंद्रसूरिशिष्य आचार्यश्रीजिनसमुद्रविरचिते रघुकाव्यान्वयमात्रे रावणवधो नाम द्वादशः सर्गः ।

**सर्ग १३ :** इति भट्टारकश्रीजिनचंद्रसूरिशिष्य आचार्यश्रीजिनसमुद्रविरचिते रघुकाव्यान्वयमात्रे समुद्रवर्णनो नाम त्रयोदशमः सर्गः ॥ १३ ॥

**सर्ग १४ :** इति भट्टारकश्रीजिनचंद्रसूरिशिष्य आचार्यश्रीजिनसमुद्रविरचिते रघुकाव्यान्वयमात्रे सीतापरित्यागो नाम चतुर्दशः सर्गः ॥ १४ ॥

**सर्ग १५ :** इति भट्टारकश्रीजिनचन्द्रसूरिशिष्य आचार्यश्रीजिनचंद्रसूरिशिष्ये रघुकाव्यान्वयमात्रे स्वर्गारोहणं नाम पञ्चदशः सर्गः ॥

**सर्ग १६ :** इति भट्टारकश्री जिनचंद्रसूरिशिष्य आचार्यश्रीजिनसमुद्रविरचिते रघुकाव्यान्वयमात्रे कुमुद्वतीलाभो नाम षोडशः सर्गः ॥

**सर्ग १७ :** इति भट्टारकश्री जिनचंद्रसूरिशिष्य आचार्यश्रीजिनसमुद्रविरचिते रघुकाव्यान्वयमात्रे प्रकृतिसंग्रहो नाम सप्तदशमः सर्गः ॥

**सर्ग १८ :** इति भट्टारक श्रीजिनचंद्रसूरिशिष्य आचार्यश्रीजिनसमुद्रविरचिते रघुकाव्यान्वयमात्रे वंशवर्णनो नाम अष्टादशः सर्गः ॥ १८ ॥

**सर्ग १९ :** ('अंत'नी नोंध ૭૫૨ छे ते जोवी).

આ પુષ્પિકાઓ એકરૂપ નથી એ સ્વયંસ્પષ્ટ છે. સર્ગ ૪ અને ૫ની પુષ્પિકામાં વ્યાકરણદોષ છે. સર્ગ ૧માં ટીકાકારનો નામોલ્લેખ નથી. સર્ગ ૨માં જિનસમુદ્રને જિનભદ્રસૂરિના શિષ્ય કહ્યા છે. વાસ્તવમાં જિનભદ્રસૂરિ ટીકાકારના ગુરુ જિનચંદ્રના પણ ગુરુ હતા. સર્ગ ૮ની પુષ્પિકામાં 'श्री भट्टारक',० એટલું જ લખીને બાકીનું અધ્યાહૃત રખાયું છે. સર્ગ ૯ની પુષ્પિકાને અંતે 'श्री जिनाय नमः' છે જે અન્યત્ર કયાંય નથી. આખી ટીકાને અંતે પણ આ નોંધ નથી. સર્ગ ૧૫ને અંતે ભૂલથી બે વાર 'जिनचंद्र'નો જ ઉલ્લેખ છે. આ બધી ક્ષતિઓ અસાવધાન લેખકની જ છે.

મલ્લિનાથની પુષ્પિકાઓ સાથે મૂકીને વિચારતાં : **प्रथम सर्ग**ને અંતે મલ્લિનાથે '**वसिष्ठाश्रमाभिगमनो नाम**' લખ્યું છે. અહીં '**वशिष्टगमनो**' છે જે લેખકની ક્ષતિ છે. **द्वितीय सर्ग**ને અંતે મલ્લિનાથ '**नन्दिनीवरप्रदानो नाम**' એવી નોંધ મૂકે છે. પ્રસ્તુત ટીકાકાર '**वरलाभो नाम**' એવી નોંધ આપે છે.

**सर्ग ३ :** मल्लिनाथ–'रघुराज्याभिषेको नाम.' પ્રસ્તુત ટીકાકારે 'राज्यलाभो नाम' એવી નોંધ કરી છે.

**सर्ग ४ :** मल्लिनाथ–'रघुदिग्विजयो नाम.' એવી નોંધ આપે છે જ્યારે આ ટીકામાં કોઈ સર્ગવિષયક નોંધ છે જ નહિ.

**सर्ग ५ :** मल्लिनाथ–'अजस्वयंवराभिगमनो नाम'. પ્રસ્તુત ટીકામાં માત્ર 'स्वयंवरगमनो नाम'.

**सर्ग ६ :** मल्लिनाथ–'स्वयंवरवर्णनो नाम.' પ્રસ્તુત ટીકામાં–'स्वयंवरप्रदानो नाम'.

**सर्ग ७ :** मल्लिनाथ–'अजपाणिग्रहणो नाम.' जिन.–'अजस्य कन्यालाभो नाम.'

**सर्ग ८ :** मल्लिनाथ–'अजविलापो नाम.' जिन.–'**प्रायोपवेशनो नाम.**'

**सर्ग ९ :** मल्लिनाथ–'मृगयावर्णनो नाम.'–जिन.–'मृगयाप्रहारो नाम.'

**सर्ग १० :** मल्लिनाथ–'रामावतारो नाम.' जिन.–'देवावतारो नाम.'

**सर्ग ११ :** मल्लिनाथ–'सीताविवाहवर्णनो नाम.'–जिन.–'भार्गवपराजयो नाम.'

**सर्ग १२ :** मल्लिनाथ–'**रावणवधो** नाम.'–जिन.–એ જ.

**सर्ग १३ :** मल्लिनाथ–'दण्डकाप्रत्यागमनो नाम.'–जिन.–'समुद्रवर्णनो नाम.'

**सर्ग १४ :** मल्लिनाथ–'सीतापरित्यागो नाम.'–जिन.–એ જ.

**सर्ग १५ :** मल्लिनाथ–'रामस्वर्गारोहणो नाम.'–जिन.–'स्वर्गारोहणं नाम.'

**सर्ग १६ :** मल्लिनाथ–'कुमुद्वतीपरिणयो नाम.'–जिन.–'कुमुद्वतीलाभो नाम.'

**सर्ग १७ :** मल्लिनाथ–'अतिथिवर्णनो नाम.'–जिन.–'प्रकृतिसंग्रहो नाम.'

**सर्ग १८ :** मल्लिनाथ–' वंशानुक्रमो नाम. '–जिन.–' वंशवर्णनो नाम, '

**सर्ग १९ :** मल्लिनाथ–' अग्निवर्णश्रृङ्गारो नाम. '; जिन.–' वंशप्रतिबंधो नाम. '

ફક્ત સર્ગ ૧૨ અને ૧૪માં વિષયનિર્દેશ એકસરખો છે, જ્યારે સર્ગ ૧૫, ૧૬માં લગભગ સરખો છે. અન્યત્ર જિન. મલ્લિનાથથી જુદા પડે છે અને સર્ગ ૮, ૯, ૧૧, ૧૩, અને કદાચ ૧૯માં વિષયનિર્દેશમાં કાવ્યમય સૂઝ તેઓ બતાવે છે.

★ **જીવન, સમય, કૃતિઓ :** જિનસમુદ્રના જીવન, સમય, કૃતિઓ અંગે અમે પ્રકાશિત અને અપ્રકાશિત સંદર્ભોનો ઉપયોગ કર્યો છે જેમાં **જૈન ધાતુપ્રતિમાલેખસંગ્રહ**ના સાત સંદર્ભો, અપ્રકાશિત **પાટણની પ્રશસ્તિઓમાંથી** એક, **જેસલમેર હસ્તલિખિત ભંડાર કેટલોગ**ના દસ સંદર્ભો, **બિકાનેર જૈન લેખસંગ્રહ**ના છવ્વીસ સંદર્ભો, **પ્રતિમા-લેખસંગ્રહ** (?)ના નવ, **જૈન સાહિત્યપ્રદર્શનપ્રશસ્તિસંગ્રહ**ના ચાર, **જૈન લેખ-સંગ્રહ**ના સાત, **પ્રાચીન લેખસંગ્રહ**નો એક, **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત** ઇતિહાસનો એક, **જૈન ગુર્જર કવિઓ**ના ચાર; **જૈન પરંપરાનો ઇતિહાસ**ના બે; '**खरतरगच्छका इतिहास**'નો એક; મુનિ **પુણ્યવિજયસંગ્રહની** ગુજરાતી હસ્તપ્રતોના કેટલોગનો એક; **પટ્ટાવલી પરાગસંગ્રહ**નો એક; **એમ કુલ મળીને ૭૬ સંદર્ભો**નો વિનિયોગ કર્યો છે. આ સઘળા સંદર્ભોના લેખક, સંપાદક, પ્રકાશન, સ્થળ વગેરેની સંપૂર્ણ નોંધ અમે અહીં આપતા નથી પણ અન્યત્ર તે જાળવી છે. આમાંથી જે માહિતી નિષ્પન્ન થાય છે તે પ્રમાણે એક ૧૫મી સદીના અને એક ૧૭મી સદીના એમ બે જિનસમુદ્રસૂરિઓની જાણ થાય છે. નેવું ટકા સંદર્ભો ૧૫મી સદીના જિન.ની વાત કરે છે એટલે આપણા જિન. તે ૧૫મી સદીના હોવાનું નિર્ધારણ કરવાનું મન થાય છે. જો કે, આ પ્રશ્ન ખુલ્લો જ છે. ટૂંકમાં એમના અંગેની માહિતીનો સાર એ છે કે, તેઓ બાહડમેરના પારેખ ડેકાશાહ અને તેમની પત્ની દેવલદેવીના પુત્ર હતા. તેમનો જન્મ વિ. સંવત ૧૫૦૬માં થયો હતો અને વિ. સં. ૧૫૧૨ અથવા '૨૧માં તેમણે દીક્ષા લીધી. સં. ૧૫૩૩ના મહાસુદી ૧૩ના રોજ પુંજપુરમાં આચાર્ય જિનચંદ્રસૂરિના હાથે તેમને આચાર્યપદ મળ્યું. સં. ૧૫૫૫માં અમદાવાદમાં તેમનો સ્વર્ગવાસ થયો. તેઓ પરમત્યાગી હતા. તેમણે પંચનદીપીરની સાધના કરી હતી. તેમણે જેસલમેરમાં સં. ૧૫૩૬માં તેમજ બીજાં સ્થાનોમાં પ્રતિષ્ઠાઓ કરાવી હતી. જોધપુરના રાજા તથા એક ધનાઢ્ય જાટે સં. ૧૫૪૭માં તેમને મંડોવર નિમંત્રણ આપી માનસન્માન કર્યું. તેમના શિષ્ય આ. જિનસાગર વ. છે. તથા પં. ધર્મચંદ્રે 'સિંદૂરપ્રકર'ટીકા રચી હતી. તેમનાં શિષ્યા સાધ્વી રાજલક્ષ્મી-ગણિની સં. ૧૫૨૦ના માગસર વદી ૧૦ના રોજ પાલનપુરમાં હતાં. તેઓ ખરતરગચ્છના આચાર્ય હતા. જિનસુંદર, ક્ષમાસુંદર વ. તેમના શિષ્યો હતા. વળી, જિનહંસ, જિન-સાગર, ધર્મચંદ્ર વ.નાં નામો પણ મળે છે. જિનચંદ્ર તેમના ગુરુ હતા. મોટી ગુર્વાવલીઓના સંદર્ભ મળે છે જે અન્યત્ર નોંધ્યા છે.

રઘુવંશટીકા ઉપરાંત મનોરથમાલા, ભર્તૃહરિ વૈરાગ્યશતકટીકા, થિરપુરમણ્ડન શાન્તિ-જિનસ્તવન આલોચનાવિનતિસ્તોત્ર, સત્તરભેદીપૂજા, તત્ત્વપ્રબોધ નાટક, શત્રુંજય–ગિરનાર

મંડનસ્તવન, ઉત્તમચરિત્રરાસ વ. કૃતિઓની રચનાનો ઉલ્લેખ છે જે કદાચ જિન. બીજાની રચનાઓ હોવા સંભવ છે.

અમારા સંપાદનની પૂર્વભૂમિકામાં ટીકાકાર તથા લેખકની શૈલીગત વિશેષતાઓની નોંધ કરી છે જે અહીં ઉદ્ધૃત કરી નથી. સંપાદનને અંતે **૧૪ પરિશિષ્ટો** આપ્યાં છે જે નીચે પ્રમાણે છે:

**પરિશિષ્ટ :**

૧ જિન. અને મલ્લિનાથમાં જણાતા શ્લોકક્રમની તુલનાત્મક નોંધ.

૨ જિન. અને મલ્લિનાથમાં જણાતા પાઠફેરની નોંધ.

૩ ફક્ત જિન.માં જ જણાતા પાઠભેદ.

૪ જિન. અથવા મલ્લિનાથમાં ન જણાતા, છતાં નિ. સા. આ. ૧૮૨૨માં પા. ટી.માં નોંધાયેલા પાઠની યાદી.

૫ નિ. સા. આ. ૧૮૨૨માં મલ્લિનાથ નીચે દર્શાવેલા અને જિન.માં જોવા મળતા ક્ષેપક શ્લોકોની નોંધ.

૬ ઉપરની આવૃત્તિમાં દર્શાવેલ ક્ષેપક શ્લોકો જે જિન.માં જણાતા નથી તેની નોંધ.

૭ ઉપરની આવૃત્તિમાં મલ્લિનાથ નીચે પાઠભેદ તરીકે આપેલા કેટલાક શ્લોકો (variant verses) જેને જિને. સ્વતંત્ર શ્લોકો તરીકે આપ્યા છે તેની નોંધ.

૮ ઉપર પ્રમાણેના પાઠભેદરૂપે અપાયેલ શ્લોકો જેની જિને. નોંધ નથી લીધી તેની સૂચના.

૯ જિન.ના એકથી વધારે શ્લોકો જે મલ્લિ.માં એક જ શ્લોકમાં સમાવેલ હોય તેની નોંધ.

૧૦ જિન.ના એકથી વધારે શ્લોકો જે મલ્લિ.ના એકથી વધારે શ્લોકોમાં જણાતા હોય તેની નોંધ.

૧૧ જિન.માં વાંચવા મળતા પણ મલ્લિ.માં ન જોવા મળતા શ્લોકો.

૧૨ મલ્લિ.માં જણાતા અને જિન.માં ન જણાતા શ્લોકોની નોંધ.

૧૩ જિન.માં કેટલાક શ્લોકોનાં ચરણો મલ્લિ.માં જુદા જુદા શ્લોકોમાં વાંચવા મળે છે તેની નોંધ.

૧૪ ફક્ત જિન.માં વંચાતા વધારાના શ્લોકો જેનો મલ્લિ.માં નિયમિત કે ક્ષેપક કે પાઠભેદ દર્શાવતા શ્લોક તરીકે પણ ઉપરની નિ. સા. આ.માં ઉલ્લેખ નથી તેમની નોંધ.

આ પદ્ધતિથી સંપાદનમાં સમાગ્રીનો ઉપયોગ કર્યો છે. આ ટીકા વિદ્વદ્‌ભોગ્ય અથવા સર્વથા મૌલિક સંભાર આપતી નથી પણ અમારે મન એનું મૂલ્ય જુદા દ્રષ્ટિકોણથી છે. અમારે

મતે અદ્યાવધિ કાલિદાસની એકપણ કૃતિનું સમીક્ષિત સંપાદન Critical Edition પ્રાપ્ત થતું નથી એટલું જ નહિ એ વિગતની સભાનતા પણ વિદ્વાનોમાં ઓછી છે. સાહિત્ય અકાદમીની આવૃત્તિઓની અપૂર્ણતા એમના સંપાદક પોતે જાણે છે. વારાણસીના રેવાપ્રસાદજીનો પ્રયત્ન પણ અધૂરો છે. વાસ્તમાં તો સમગ્ર પૃથ્વીના કોઈ પણ ભાગમાંથી પ્રાપ્ત થતી દેવનાગરી કે અન્ય લિપિઓની સઘળી હસ્તપ્રતોને સાથે રાખી 'મહાભારત' અથવા 'રામાયણ'ના સંપાદનની માફક કાલિદાસની કૃતિઓના સમીક્ષિત સંપાદનની તાતી જરૂર છે. એ દૃષ્ટિએ કોઈ પણ પ્રકાશિત કે અપ્રકાશિત મૂલ ગ્રંથ કે ટીકાગ્રંથનું મહત્ત્વ સ્વયંસ્પષ્ટ છે. જિન.માં વંચાતા પાઠની પરંપરા વધુ શ્રદ્ધેય હોવા પણ સંભવ છે. આમ કાલિદાસ અંગેની કોઈ પણ હસ્તપ્રતનું સંપાદનની દૃષ્ટિએ મૂલ્ય અમાપ છે. આમ વિચારી અમે જિન.ની રઘુટીકાનું સંપાદન પૂર્ણ કર્યું છે અને રઘુ.ની વલ્લભદેવકૃત ટીકાના સંપાદનનું કાર્ય ચાલુ છે. પાઠનિર્ધારણમાં પ્રાચીન અલંકારગ્રંથો કે સૂક્તિસમુચ્ચયોમાં ઉદ્ધૃત કાલિદાસના શ્લોકોમાં જણાતા પાઠનું મહત્ત્વ પણ ધ્યાનમાં રખાવું જોઈએ. આ research–tool સંશોધનસામગ્રીના વિનિયોગનું મહત્ત્વ અમે અન્યત્ર બીજા લેખોમાં અધોરેખાંકિત કર્યું છે.

# મહાકવિ શ્રીપાલ, સિદ્ધપાલ, વિજયપાલ અને એમનો ધર્મ

શાંતિકુમાર એમ. પંડ્યા*

સોલંકીકાળમાં (ઈ. સ. ૯૪૨ થી ૧૩૦૪ સુધી[૧] સાહિત્યક્ષેત્રની અનેક નોંધપાત્ર ઘટનાઓમાં મહાકવિ શ્રીપાલ, એના પુત્ર સિદ્ધપાલ અને પૌત્ર વિજયપાલ એમ ત્રણ ત્રણ પેઢીઓ સુધી પ્રાપ્ત થતી રહેલી સરસ્વતીની કૃપાને પણ નોંધપાત્ર ઘટના ગણવામાં આવે છે. શ્રી સાંડેસરા નોંધે છે.[૨]

"It is not frequent occurance in the history of literature that the favour of the muse have been continuously showered in this way on three successive generations."

મહાકવિ શ્રીપાલે સિદ્ધરાજ જયસિંહની રાજસભામાં ભારે ગૌરવ અને માનઅકરામ પ્રાપ્ત કર્યાં હતાં. 'પ્રભાવકચરિત'માંના હેમચંદ્રસૂરિચરિતમાં (શ્લોક ૧૮૨–૩૦૯ અને શ્લોક ૨૦૪ થી ૨૦૬)માં આ શ્રીપાલ કવિ વિશે વિસ્તૃત માહિતી મળે છે.[૩] આ માહિતી પ્રમાણે સિદ્ધરાજ જયસિંહ શ્રીપાલને હંમેશાં 'કવીન્દ્ર' કે 'ભાઈ' કહીને સંબોધતો હતો. 'વડનગરપ્રાકારપ્રશસ્તિ' નામના પોતાના ગ્રંથમાં શ્રીપાલ પોતે પોતાને માટે "श्रीसिद्धराज-प्रतिपन्नबन्धुः" કહે છે. (શ્લોક ૪૩). 'મુદ્રિતકુમુદચંદ્રપ્રકરણ'માં એને માટે 'સિદ્ધભૂપાલ-બાલમિત્ર". એવું વિશેષણ પ્રયોજાયું છે. 'નાભેયનેમિદ્વિસંધાન' કાવ્યમાં પણ એને માટે 'શ્રીસિદ્ધરાજપ્રતિપન્નબન્ધુ' વિશેષણ પ્રયોજાયું છે. કવિ શ્રીપાલ પ્રાગ્વાટવંશમાં જન્મ્યો હતો. પ્રબંધગ્રંથોમાં એને માટે कविचक्रवर्ती, कविकुञ्जर, महाकवि કે कविराज વિશેષણો પ્રયોજાયાં છે. 'પુરાતનપ્રબંધસંગ્રહ' (પૃ. ૪૩) અને कुमारपालचरितसंग्रहः (પૃ. ૧૦૬)માં

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭-ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૩૧૯–૩૨૪.

* અમદાવાદ.

૧ પરીખ, ર. છો. અને શાસ્ત્રી, હ. ગં., 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ ૪, સોલંકીકાલ, અમદાવાદ, ૧૯૭૬.

2 Sandesara, B. J. SHRĪPĀL—The blind Laureate at the Court of Siddharāja Jayasiṃha (1094–1143 A. D.) and Kumārpāl (1143–1174 A. D.) of Gujarat J. O. I., M. S. Uni. Baroda, Vol. XIII, No. 3, March, 1964, Pg. 252.

૩ મુનિશ્રી જિનવિજયજી, (સંપા.) પ્રભાચંદ્રાચાર્યવિરચિત પ્રભાવકચરિત, અમદાવાદ, ૧૯૭૯.

એનો षड्भाषाकविचक्रवर्ती તરીકે ઉલ્લેખ છે. આ મહાકવિ શ્રીપાલ અંધ હતો અને એનો સ્પષ્ટ નિર્દેશ प्रभावकचरित અને मुद्रितकुमुदचन्द्र નાટકમાં છે. આ કવિએ દુર્લભસરોવર (સહસ્રલિંગ સરોવર)ની અને રુદ્રમહાલય (રુદ્રમાલ)ની પ્રશસ્તિ રચી હતી. એ પૈકી સહસ્રલિંગપ્રશસ્તિનો એક ખંડિત અંશ પ્રાપ્ત થયો છે. 'વૈરોચનપરાજ્ય' નામનો એક પ્રબંધગ્રંથ એણે એક જ દિવસમાં રચ્યો હતો એવી પણ 'પ્રભાવકચરિત'માં નોંધ છે.[૪]

આ શ્રીપાલને સિદ્ધપાલ નામે એક પ્રતાપી પુત્ર હતો. તે મહાન દાનેશ્વરી અને કવિશ્રેષ્ઠ પણ હતો. 'પુરાતનપ્રબંધસંગ્રહ' અને 'કુમારપાલપ્રતિબોધ'માં એનો આ પ્રમાણેનો ઉલ્લેખ છે. સિદ્ધપાલની કોઈ પણ કૃતિ અત્યારે ઉપલબ્ધ નથી પણ 'પ્રબંધકોશ' અને સૂક્તિસંગ્રહોમાં એના નામે કેટલાક શ્લોકો મળી આવે છે.[૫] સોમપ્રભસૂરિના 'કુમારપાલ-પ્રતિબોધ'માં પણ એના કેટલાક સંસ્કૃત તેમ જ પ્રાકૃત શ્લોકો મળી આવે છે. આ સોમપ્રભસૂરિ પોતે 'સુમતિનાથચરિત'ના પ્રશસ્તિશ્લોકોમાં નોંધે છે કે એણે આ ગ્રંથ અણહિલવાડમાં સિદ્ધપાલે બંધાવેલા ઉપાશ્રયમાં રહીને પૂર્ણ કર્યો હતો. આ પ્રબંધમાં એવો પણ ઉલ્લેખ છે કે સિદ્ધપાલ કુમારપાલને ઘણો જ પ્રિય હતો.

આ સિદ્ધપાલનો પુત્ર તે 'વિજયપાલ'. એના દ્વિઅંકી નાટક 'દ્રૌપદીસ્વયંવર'ની પ્રસ્તાવનામાં વિજયપાલ પોતે પોતાના પિતા તરીકે સિદ્ધપાલનું નામ નોંધે છે અને સિદ્ધપાલને કવિરાજના પુત્ર તરીકે ઓળખાવે છે. એટલે કવિરાજ દ્વારા એનો સ્પષ્ટ નિર્દેશ પોતાના દાદા શ્રીપાલ માટે છે તે તો સ્પષ્ટ જ છે. આ કવિએ 'દ્રૌપદીસ્વયંવર' નામનું બે અંકનું રૂપક રચ્યું હતું જે ભોળા ભીમદેવ તરીકે જાણીતા ભીમદેવ બીજાના સમયમાં વસંતોત્સવ-પ્રસંગે ત્રિપુરુષપ્રાસાદમાં ભજવાયું હતું અને એણે નગરને ઘેલું લગાડયું હતું એમ તે પોતે આ નાટકની પ્રસ્તાવનામાં નોંધે છે.[૬]

મુનિશ્રી જિનવિજયજી, શ્રી હી. ર. કાપડિયા અને બીજા ઘણા વિદ્વાનો આ કવિઓને પોરવાડવંશના જૈનકવિઓ માને છે. મુનિશ્રી જિનવિજયજી આ કવિઓને વિમલશાહના વંશજ ગણે છે. આ કવિઓને જૈન કવિઓ માનવાને માટે સામાન્યતયા નીચેની બાબતો નિર્ણાયક બની જણાય છે.

(૧) આબુ પર્વતપરના પ્રસિદ્ધ જિનાલય 'વિમલવસહી'ના રંગમંડપમાં એક સ્થંભ પાસે સંગેમરમરની એક પુરુષપ્રતિમા પ્રતિષ્ઠિત છે; જે આ વિજયપાલના પિતામહ 'શ્રીપાલ' કવિની મનાય છે. આ મૂર્તિની બેઠક ઉપર આઠથી દસ પંક્તિઓનો એક લેખ છે જે સ્પષ્ટ રીતે સુવાચ્ય નથી પણ એનો પ્રારંભનો શ્લોક મુનિશ્રી જિનવિજયજી નોંધે છે તેમ આ પ્રમાણે છે :

---

૪ એજન, શ્લોક ૨૦૪.

૫ મુનિશ્રી જિનવિજયજી (સંપા.), વિજયપાલરચિત, द्रौपदीस्वयंवर, ભાવનગર, ૧૯૧૮, પ્રસ્તાવના, પૃ. ૧૯.

૬ प्रमोदिताणहिल्लपाटकं नाटकम् ।—એજન, પૃ. ૧૯.

प्राग्वाटान्वयवंशमौक्तिकमणेः श्रीलक्ष्मणस्यात्मजः
श्री श्रीपालकवीन्द्रबन्धुरमलश्चाशालतामण्डपः ।
श्री नाभेय जिनाङ्घ्रिपद्ममधुपस्त्यागाद्भूतैः शोभितः
श्रीमान् शोभित एव सद्यविभवः स्वर्गौकमासेदिवान् ॥

—પ્રાચીન જૈન લેખસંગ્રહ, નં. ૨૭૧, સંપાદક: મુનિશ્રી જિનવિજયજી.

આ મૂર્તિ અને આ શ્લોકમાં પ્રાપ્ત થતી વિગતોને આધારે મુનિશ્રી જિનવિજયજી શ્રીપાલનું કુટુંબ આ અદ્ભુત મંદિરના નિર્માતા અને ગુર્જરેશ્વર ભીમદેવના પ્રબળ દંડનાયક વિમલશાહની કુટુંબપરંપરામાં ઉતરી આવ્યું હશે એવું અનુમાન કરે છે.

(૨) 'પ્રભાવકચરિત'માં પ્રાપ્ત થતું કવિ શ્રીપાલનું કથાનક.

(૩) એણે રચેલી चतुर्विंशतिजिनस्तुति ।

(૪) કવિ શ્રીપાલના પુત્ર સિદ્ધપાલે અણહિલવાડ પાટણમાં 'જૈન પોષધશાળા' બાંધી હતી એવો સોમપ્રભસૂરિનો 'सुमतिनाथचरित'માં પ્રાપ્ત થતો ઉલ્લેખ.

વિજયપાલના 'દ્રૌપદીસ્વયંવર'ના નાન્દી શ્લોકો અને શ્રીપાલના 'વડનગરપ્રાકાર-પ્રશસ્તિ'ના ઘણા શ્લોકો આપણને વિજયપાલ અને એના પૂર્વજો હિન્દુધર્મી હતા એવું અનુમાન કરવા પ્રેરે છે. 'દ્રૌપદીસ્વયંવર'ના પ્રથમ શ્લોકમાં કવિ વિજયપાલ ભગવાન શિવના ત્રિપુરાન્તકસ્વરૂપનું વર્ણન કરી શિવનો મહિમા ગાય છે.[૭] શિવે જુદા જુદા દેવોની મદદથી કરેલા રાક્ષસોના ત્રણ નગરોના નાશની કથા પુરાણોમાં બહુ પ્રસિદ્ધ છે. દક્ષિણ ભારતમાં તો એનાં શિલ્પો પણ છે. કવિએ શિવના ત્રિપુરાન્તકસ્વરૂપનું જે સુરેખ અને સસંદર્ભ વર્ણન કર્યું છે. તે કવિનો આ પૌરાણિક કથાનક માટેનો ઊંડો આદર અને પરિચય પ્રગટ કરે છે. આ કથા મહાભારતના કર્ણપર્વના ૨૪મા અધ્યાયમાં આપવામાં આવે છે. આ ઉપરાંત 'શિવપુરાણ' અને 'शिवमहिम्नःस्तोत्र'માં પણ તે આપવામાં આવી છે.

બીજા નાન્દી શ્લોકમાં લક્ષ્મીપતિ વિષ્ણુની સ્તુતિ કરવામાં આવી છે. એમાં કવિનો દેવી લક્ષ્મી તથા ભગવાન વિષ્ણુ તરફનો આદર પ્રગટ થાય છે. કવિએ 'દ્રૌપદીસ્વયંવર' નાટકમાં ભગવાન કૃષ્ણને પણ જે રીતે કેન્દ્રસ્થાને મૂકી આપી એમના ચરિત્રને ઉઠાવ આપ્યો છે તે પણ કવિનો કૃષ્ણ તરફનો આદરાતિશય પ્રગટ કરે છે. 'દ્રૌપદીસ્વયંવર'નું વાચન કરતાં કવિ જૈન હશે એમ જરા પણ લાગતું નથી. ઊલટાનું તે હિન્દુધર્મી હોવાનું વિશેષ પ્રતીત થાય છે. વિજયપાલના પિતામહ શ્રીપાલ પણ હિન્દુ હશે એમ એમણે રચેલી 'વડનગરપ્રાકાર-પ્રશસ્તિ'ને આધારે કહી શકાય એમ છે.

શ્રીપાલે રચેલી 'વડનગરપ્રાકારપ્રશસ્તિ'ના પ્રારંભમાં ભગવાન શિવને પ્રણામ કરી

૭ એજન, પૃ. ૧.૧.

પ્રથમ શ્લોકમાં એમની સંકલ્પશક્તિને પ્રણામ કર્યા છે.[૮] આ જ પ્રશસ્તિના અઢારમા શ્લોકમાં ગણેશનો અને શત્રુમંડળનો સંહાર કરનાર દેવીમંડળનો પણ ભાવપૂર્વક ઉલ્લેખ છે. પંદરમાં શ્લોકમાં ચંડીનો રક્ત પીને પ્રસન્ન થતાં દેવી તરીકે ઉલ્લેખ છે. વીસમા અને એકવીસમા શ્લોકમાં અનુક્રમે બ્રહ્માજીએ કરેલા મહાયજ્ઞોને અવસરે ઊભા કરેલા યજ્ઞસ્થંભોનો અને બ્રાહ્મણોના અવિરત વેદઘોષનો ઉલ્લેખ છે. શ્લોક ૧૪મામાં પૃથ્વીનો ઉદ્ધાર કરનાર સિદ્ધરાજ જયસિંહને દેવાધિદેવ મહાદેવની આજ્ઞાથી પૃથ્વીનો ઉદ્ધાર કરનાર ભગવાન વિષ્ણુ સાથે સરખાવ્યા છે; જ્યારે કુમારપાલને સ્વર્ગમાંથી ઉતરેલા હરિ સાથે સરખાવ્યા છે. શ્લોક ૨૩માં વડનગરના બ્રાહ્મણો યજ્ઞો વડે દેવોનું પણ રક્ષણ કરે છે અને શાન્તિક તથા પૌષ્ટિક કર્મ વડે ભુવન અને રાષ્ટ્રની પણ રક્ષા કરે છે એવો બ્રાહ્મણને માટે આદરભર્યો ઉલ્લેખ છે. કવિપ્રશસ્તિમાં વારંવાર બ્રાહ્મણોના વેદઘોષનો ઉલ્લેખ કરે છે અને શ્લોક ૨૪માં આ કિલ્લાની રચના બ્રાહ્મણોના રક્ષણ માટે કરવામાં આવી હોવાની નોંધ કરે છે. "આ કોટ અમર રહો," એવી અભિલાષા પ્રગટ કરતાં કવિ અંતભાગમાં પૃથુ અને સગર રાજાના અક્ષુણ્ણ યશનો ઉલ્લેખ કરે છે જે એનું પુરાણકથાઓનું જ્ઞાન પ્રગટ કરે છે.

આમ સમગ્ર પ્રશસ્તિનું અનુશીલન કરતાં એ સ્પષ્ટ પ્રતીત થાય છે કે કવિને બ્રાહ્મણો માટે ઊંડો આદર છે અને બ્રાહ્મણધર્મ તથા હિન્દુપુરાણો સાથે એને ઘનિષ્ઠ નાતો છે. હિન્દુ-ધર્મનાં દેવદેવીઓનો પણ તે એમના પૌરાણિક સંદર્ભો સાથે સાદર ઉલ્લેખ કરે છે. વારંવાર એનું ધ્યાન બ્રાહ્મણો અને એના વેદઘોષ તરફ વળે છે એટલે કવિ હિન્દુધર્મ પાળતો હોવાનું સબળ કારણ પ્રાપ્ત થાય છે. 'વડનગરપ્રાકારપ્રશસ્તિ' લેખ કુમારપાલે વડનગર ફરતો કિલ્લો બંધાવ્યો તેને લગતો અર્થાત્ નાગરિક સ્થાપત્યને લગતો વિ. પ્રશસ્તિલેખ છે, ધાર્મિક સ્થાપત્યને લગતો નહિ. આથી અહીં નાગરબ્રાહ્મણોનું કે હિન્દુ દેવદેવીઓનું આટલું સંકીર્તન કરવાની કવિને કોઈ અનિવાર્ય આવશ્યકતા ન હતી. દા. ત. સોમેશ્વર પોતે બ્રાહ્મણ પુરોહિત હોવા છતાં આબુ ઉપર તેજપાલે બંધાવેલા નેમિનાથચૈત્યની પ્રશસ્તિ રચતાં મંગલાચરણમાં તથા અંતમાં નેમિનાથની સાદર સ્તુતિ કરે છે તે એ સ્થાપત્ય ધાર્મિક હોઈ ત્યાં આવશ્યક ગણાય. એવી રીતે વસ્તુપાલે રચેલા 'નરનારાયણાનંદ'માં પણ મહાકાવ્યના નાયક તરીકે શ્રીકૃષ્ણની સ્તુતિ હોય તે સ્વાભાવિક છે.

'પ્રભાવકચરિત' કે જ્યાં શ્રીપાલનું વૃત્તાન્ત કંઈક વિસ્તારથી પ્રાપ્ત થાય છે ત્યાં પણ એણે કરેલી પાદપૂર્તિઓમાં એનો હિન્દુધર્મ તરફનો પ્રેમ પ્રગટ થતો જણાય છે. શ્રીપાલ સાથે સ્પર્ધા કરનારા ગર્વિષ્ઠ દેવબોધે પાદપૂર્તિ માટે જે પાદો મૂક્યાં હતાં તેમાં એક પાદ આ પ્રમાણે હતું "पौत्रः सोऽपि पितामहः" કવિ શ્રીપાલે એ પાદની પૂર્તિ આ પ્રમાણે કરી છે :

मूर्तिमेकां नमस्यामः शम्भोरम्भोमयीमिमाम् ।
अब्जोत्पन्नतया यस्याः पौत्रः सोऽपि पितामहः ॥

—પ્રભાવકચરિત : હે. સૂ. ચરિત, શ્લો. ૨૧૮, પૃ. ૧૯૧.

૮ જુઓ 'ગુજરાતના ઐતિહાસિક લેખો,' ભાગ ૨, આચાર્ય ગિરજાશંકર વલ્લભજી, (સં.)–મુંબઈ, ૧૯૩૫, પૃ. ૪૧.

અહીં કવિ શ્રીપાલ ભગવાન શિવનાં આઠ સ્વરૂપો પૈકી જલમયી મૂર્તિને જે ભાવથી પ્રણમે છે તે જોતાં પણ એનો હિન્દુધર્મ અને શિવ તરફનો ભક્તિભાવ પ્રગટ થતો જણાય છે. આમ શ્રીપાલ બ્રાહ્મણધર્મી હોવાનો પૂરો સંભવ છે. કવિ પ્રાગ્વાટવંશનો હતો એટલા માત્રથી એને જૈન માની લેવો તે બહુ પ્રતીતિકર લાગતું નથી કારણ કે બધા જ પ્રાગ્વાટવંશીઓએ પહેલેથી જૈનધર્મ જ અંગીકાર કર્યો હતો એવું કોઈ પણ પ્રમાણ નથી. આ પ્રાગ્વાટવંશના વણિકો જ અત્યારે પોરવાડ તરીકે ઓળખાય છે અને પોરવાડમાં જૈન અને વૈષ્ણવો બન્ને પ્રકારના વણિકો હોય છે.[૯]

કવિએ રચેલી **'चतुर्विंशतिजिनस्तुति'**નો અભ્યાસ કરતાં જણાય છે કે કવિ જૈનોના તીર્થંકરોને સ્તવે છે ખરા પણ એમાં ભાવો કે ભક્તિની કોઈ ઉત્કટતા કે ઊંડાણ જણાતાં નથી. એમાં જૈનધર્મ, પુરાણ કે તત્ત્વજ્ઞાનના સંદર્ભો પણ નથી. ત્રીજા તીર્થંકર સંભવનાથને કવિ 'શંભવ' તરીકે સંબોધે છે. આ સ્તોત્રમાં કવિએ અત્યંત પ્રાસાદિક, સરળ અને ચમકમયી ભાષામાં ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરી છે. તીર્થંકરોના ગુણોનું આલેખન સામાન્ય પ્રકારનું છે, અને કોઈ પણ તીર્થંકરનું વૈયક્તિક મહત્ત્વ કે સંદર્ભ પ્રગટ કરતું નિરૂપણ નથી. કવિ શ્રીપાલને હેમચંદ્રાચાર્ય અને શ્વેતામ્બરવાદી દેવસૂરિ સાથે નિકટનો સંબંધ હતો એટલે એમની સાથેના સંબંધોને કારણે પોતે હિન્દુધર્મી હોવા છતાં તીર્થંકરોની સર્વસાધારણ સ્તુતિ કરતું આ સ્તોત્ર રચી આપ્યું હોય એમ ન બને ? સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલના જૈનધર્મ તરફના આદરને કારણે બ્રાહ્મણ અને જૈનધર્મીઓ વચ્ચેનું ઝનૂન મોટે ભાગે ઓસરી ગયું હતું તે આપણે જાણીએ છીએ એટલે જે રીતે હેમચંદ્રાચાર્યે સોમનાથની સ્તુતિ કરતું સ્તવન રચ્યું હતું તે જ રીતે શ્રીપાલે વેદધર્મી હોવા છતાં એનું ચોવીશ તીર્થંકરોની સ્તુતિ કરતું આ સ્તોત્ર રચ્યું હોવાનો સંભવ છે. બાકી વિજયપાલે બ્રાહ્મણધર્મ અંગીકાર કર્યો હોય એમ પણ માની શકાય એમ નથી કારણ કે એને એ પ્રકારની ફરજ પડી હોય એવું લાગતું નથી. એટલે વિજયપાલનું કુળ પ્રથમથી જ હિન્દુધર્મી હોય અને શ્રીપાલ તથા સિદ્ધપાલે જૈનધર્મીઓ સાથેના ઘનિષ્ઠ સંબંધોને કારણે જૈનધર્મ તરફ આદર અને અહોભાવ રાખ્યાં હોય એમ માનવાને કારણ છે. સિદ્ધપાલે પાટણમાં જૈન પૌષધશાળા બંધાવી હતી તેથી તેને જૈન ગણી શકાય નહિ. એમ તો મૂળરાજ અને સિદ્ધરાજ જયસિંહ જેવા રાજાઓએ પણ જૈન પ્રાસાદો બંધાવી આપ્યા હતા પરંતુ તેઓ પોતે પરમ માહેશ્વર હતા.

મુનીશ્રી જિનવિજયજીએ શ્રીપાલ વિમલશાહનો વંશજ હતો એમ જે અનુમાન કર્યું છે તે 'વિમલવસહી'માં પ્રાપ્ત થતી મૂર્તિને આધારે કર્યું છે પણ મુનિશ્રી જયંતવિજયજીએ

---

9 *Porvads :* With a strength of 45093, including, 33437, Shravakas, are found all over Gujarat. They are said to take their names from Porvad a suburb of Shrimal, the old capital of South Marwar. They are divided in to Visas and Dasas.

They are partly Vaishnavas partly Jaīns.

—Bombay Gazetteer, Vol. IX, p. 72.

એ મૂર્તિ શ્રીપાલની નહિ પણ એના ભાઈ શોભિતની હોવાનું સિદ્ધ કર્યું છે.[૧૦] લક્ષ્મણનો પુત્ર અને શ્રીપાલનો ભાઈ શોભિત તો નાભેય (ઋષભદેવ)નો ભક્ત હતો, એ એની પ્રતિમા પરના લેખમાંથી (શ્લોક ૧) સ્પષ્ટ થાય છે. આમ છતાં શ્રીપાલ અને એના અનુગામી વંશજો તો હિન્દુધર્મી હોવાની સ્પષ્ટ છાપ પડે છે.

---

૧૦ મુનિશ્રી જયંતવિજયજી, આબૂ, ભાગ ૨, श्री अर्बुद-प्राचीन जैनलेखसंग्रहः, ઉજ્જૈન, વીર-સંવત, ૨૪૯૮, પૃ. ૩૪૬.

# જૈન અનેકાંતવાદ—આધુનિક પરિપ્રેક્ષ્યમાં

નીતિન જયંતિલાલ વ્યાસ*

**જૈન તત્ત્વજ્ઞાન :**

જૈન તત્ત્વજ્ઞાન વાસ્તવવાદી છે અને તે ચેતન અને અચેતન એમ બેઉ તત્ત્વોનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારે છે. આ તત્ત્વો અનાદિ અને અનંત છે. અચેતનસત્તાનાં પાંચ તત્ત્વો છે–ધર્મ, અધર્મ, આકાશ, કાલ અને પુદ્ગલ. આ ચેતન અને અચેતન પુદ્ગલસત્તાના સંયોગથી જે જન્મે છે તે સૃષ્ટિ. વિશ્વનું પરિવર્તન પણ આ બેના સંયોગથી થાય છે. વિકાસ અને વિનાશ તેનાં બે મુખ્ય પાસાં છે. આ પરિવર્તન બે પ્રકારનાં છે–સ્વાભાવિક અને પ્રાયોગિક. સ્વાભાવિક પરિવર્તન સૂક્ષ્મ હોઈ દષ્ટિગમ્ય નથી જ્યારે પ્રાયોગિક પરિવર્તન સ્થૂળ હોઈ દષ્ટિગમ્ય છે.

પરિવર્તનનું ઉપાદાન દ્રવ્ય છે, પરંતુ એનું નિમિત્ત કાળ છે. બે પ્રધાન તત્ત્વોમાં સ્વતંત્રપણે જે પરિવર્તન થાય છે તે સ્વાભાવિક છે. પરંતુ જીવ દ્વારા પુદ્ગલમાં અને પુદ્ગલ દ્વારા જીવમાં જે પરિવર્તન થાય છે તે વિભાવપરિવર્તન છે. જીવશરીર આ બંનેના સંયોગનો પરિપાક છે. પુદ્ગલના સંયોગથી જીવના જ્ઞાનને ક્રિયાત્મક રૂપ મળે છે અને જીવ દ્વારા પુદ્ગલને જ્ઞાનાત્મક પ્રવૃત્તિઓ મળે છે.

પરંતુ જીવાત્મા રાગદ્વેષના કષાય તત્ત્વોથી મૂર્છિત હોઈ મિથ્યાત્વમાં રાચે છે. તે 'સ્વ'માં પરદષ્ટિ અને પરદષ્ટિમાં 'સ્વદષ્ટિ' કરે છે. અજ્ઞાનનું આ સ્વરૂપ અનાદિકાળથી છે. આ પદ્ગલકર્મ સૂક્ષ્મશક્તિવાળું છે અને તે જીવાત્માનું આવરણ અને દુઃખનું કારણ છે. તેથી જ ચેતનાની દૈવી વૃત્તિઓ અને કર્મવાસનાની આસુરી વૃત્તિઓનો ગજગ્રાહ સતત જારી છે. જો કે આખરે ચેતનાશક્તિ જ આ અંધ અને જડવૃત્તિઓને ભેદી શકે.

આમ, ચેતન અને અચેતનના દ્વંદ્વાત્મક જગતની સમગ્ર સમજ હોવી એ જ જૈનધર્મમતે પરમસત્ય છે. જગતના આ દશ્ય અને અદશ્ય સ્વરૂપની પૂર્ણ તાર્કિક સમજ એ જ જૈનદર્શનમાં અનેકાંત વિચારધારાનું પ્રયોજન છે. પ્રાણીમાત્રમાં અનંત ચૈતન્ય છે. જ્ઞાનનો વિકાસ બધા જીવોમાં ભલે એકસરખો ન હોય પરંતુ જ્ઞાનશક્તિ જીવમાત્રમાં સમાન છે. ઉત્ક્રાંતિના સંદર્ભે એમાં અનંત સંભાવનાઓ છે. જ્યારે બૌદ્ધિક વિકાસની ચરમસીમા માનવસ્તરે પ્રાપ્ત થાય ત્યારે જ આ તત્ત્વાન્વેષણ થઈ શકે.

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૩૨૫–૩૩૦.

* તત્ત્વજ્ઞાન વિભાગ, ફૅકલ્ટી ઑફ આર્ટ્સ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા–૩૯૦ ૦૦૨.

## અનેકાંતવાદનું સ્વરૂપ :

આત્માનું સ્વરૂપ અમૂર્ત હોઈ તે ઇંદ્રિય અને મનનું પ્રત્યક્ષજ્ઞાન નથી. જો કે તેને અનુભવપ્રત્યક્ષ આગમપ્રમાણ હોવા છતાં તાત્ત્વિક રીતે આ સત્યની વ્યાખ્યા અનેકાંત દૃષ્ટિથી જ થાય, જેમ કે દ્રવ્યની દૃષ્ટિએ આત્મા શાશ્વત છે જ્યારે પર્યાયની દૃષ્ટિએ તે અશાશ્વત છે; સ્વરૂપની દૃષ્ટિએ આત્મા શરીરથી ભિન્ન છે પરંતુ સંયોગની દૃષ્ટિએ અભિન્ન છે; જીવભેદ જે તે વ્યક્તિના પુરુષાર્થથી પણ છે તેમ જ અન્યકૃત ( ક્ષેત્ર, કાલ, સ્વભાવ, નિયતિ વગેરે થકી ) પણ છે. આમ વિવિધ દૃષ્ટિઓનું સમાધાન થવું તે જરૂરી છે.

સત્તા અથવા પરમતત્ત્વને અનંત ગુણો છે. આની યથાર્થ સમજ માટે પ્રમેયના સત્–અસત્, નિત્ય–અનિત્ય, સામાન્ય–વિશેષ, નિર્વચનીય અને અનિર્વચનીય વગેરેને અપેક્ષાભેદે સ્વીકારવાં રહ્યાં. વિવિધ દર્શનોની એકાંતદૃષ્ટિમાં સત્યદર્શન નથી. શ્રી મહાવીરના સમયમાં વિવિધ ધર્મો અને વિચારોમાં પારસ્પરિક મતભેદો તીવ્ર બન્યા હતા. વાદવિવાદ અને વિતંડાવાદ સર્વત્ર વ્યાપક હતા. શ્રી મહાવીરે જોયું કે અહિંસાની પરમ સાધના માટે અનેક મતોનું અનેકાંત દ્વારા નિરાકરણ થવું ખૂબ જરૂરી હતું. અહિંસામાર્ગી કોઈ પણ ચર્ચામાં પ્રતિસ્પર્ધી બન્યા સિવાય પ્રતિજ્ઞા, હેતુ અને ઉદાહરણ દ્વારા પોતાની રજૂઆત કરે તે જરૂરી હતું. આ ઉપલક્ષ્યમાં વિવિધ સાપેક્ષ દૃષ્ટિઓનો સમન્વય થવો આવશ્યક મનાયો અને આથી સમગ્ર જૈનદર્શન પણ અનેકાંતવાદ તરીકે ઓળખાય છે.

જૈનમતે સત્યને અનંત ગુણો છે અને તે સૌ અનંત સત્ય છે. જો કે આ સત્ય એટલે અનંત સત્યોનો સરવાળો નહિ. પરંતુ એ અનંત સત્યોની વિરોધી સત્તાનો સમન્વય સૂચવે છે. આમ, જે જ્ઞાન પદાર્થના અનંત ગુણોને જાણે તે સૌ પદાર્થને જાણે છે. બીજા શબ્દોમાં પદાર્થ વિશેના સૌ દૃષ્ટિકોણ સાપેક્ષ છે અને તે સૌ જે તે સીમામાં સત્ય છે. પદાર્થ સત્તાનાં ત્રણ રૂપો છે–ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ( ગુણો ). આ જુદાં જુદાં સત્યો નથી પરંતુ એક જ સત્યનાં વિભિન્ન રૂપો છે. વળી, આ સત્તા સતત ગતિશીલ હોઈ કોઈ નિશ્ચિત પૂર્વમાન્યતાઓ કે અતીતના દર્શનથી સીમિત થઈ શકે નહિ.

અનેકાંતવાદની આ સાપેક્ષ દૃષ્ટિ ધ્રુવ સત્યોને સ્વીકારતી નથી. આમાં તાત્ત્વિક અને વ્યવહારિક બંને સત્યો છે. બીજી રીતે જોઈએ તો જેમ માનવજીવન વૈયક્તિક છે તો તે એટલું જ સામૂહિક પણ છે. આ બંનેને અલગ અથવા એકાંતિક ગણવા તે વસ્તુસ્થિતિની અવહેલના કરવા બરોબર છે. આ જ સંદર્ભથી ઊંડાણમાં જઈએ તો સમજી શકાય કે જીવનને સ્થૂળ ભૂમિકાથી લઈ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ એવાં અનેકવિધ પાસાંઓ છે. આનું સમ્યક્‌જ્ઞાન સાપેક્ષ દૃષ્ટિથી જ આવે.

## અનેકાંતવાદનું પ્રયોજન :

અગાઉ જોયું તેમ જૈનદર્શન આત્માના અસ્તિત્વ સાથે બાહ્યજગતની પરલક્ષિતા પણ સ્વીકારે છે. એટલું જ નહિ, ભૌતિક જગતનાં વિવિધ તત્ત્વો અસંખ્ય અણુઓનું તેમ જ

ચૈતસિક જગત અસંખ્ય જીવોનું બન્યું છે. આ બે તત્ત્વના બહુત્વવાદનો દરેક વાસ્તવિક પદાર્થ પોતાના સ્વરૂપથી અત્યંત જટિલ છે. આ ભેદનું તર્કશાસ્ત્ર દ્વૈતવાદનું અને આ દ્વૈતવાદ 'અનેકાંત' વિચારસરણીનું પ્રતિપાદન કરે છે જે વાસ્તવવાદની પરાકાષ્ઠા છે.

આમ, માત્ર સત્તાભેદ જ નહિ પરંતુ દરેક વસ્તુને સ્વયં પણ અનેક ભેદ છે. એટલે કે પ્રસ્તુત અર્થમાં અન્ય ભારતીય દર્શનોમાં જેમ પરમ પદાર્થ અવર્ણનીય છે તે રીતે જૈનમતમાં તાત્ત્વિક પદાર્થ અને એના ગુણો વિશે છે. આથી જૈનસત્તા અને જ્ઞાનમીમાંસા અનેકાંતની વાસ્તવિકતાએ પહોંચે એ સ્વાભાવિક છે. વિષયમાં જે ભેદ હોય તદનુસાર જ્ઞાનના વિકલ્પમાં સાપેક્ષ પરિવર્તન જોઈએ છીએ. તેથી કોઈ પણ વસ્તુને પૂર્ણ જાણવી એટલે પૂર્ણ જ્ઞાન હોવું. આ અર્થમાં અનેકાંતવાદી વિશ્વનાં બધાં વાસ્તવિક તત્ત્વો વિશે પારસ્પરિક સંબંધની પૂર્વધારણા છે.

માનવના પારમાર્થિક ધ્યેયમાં અનેકાંતવાદની ઉપયોગિતા જોઈ. પરંતુ માનવના દૈનંદિન અને આજની વ્યવહારિક સમસ્યાઓના સંદર્ભમાં પણ અનેકાંતવાદની ચિંતનશૈલી કેવી મહત્ત્વની છે તે સમજવું રહ્યું. માનવમાત્ર અનુભવે છે કે વ્યવહારનું ક્ષેત્ર વિસ્તરતાં ઉત્તરોત્તર નવા અનુભવો થાય છે અને સમ્યક્‌સમજમાં યથાર્થ સુધારો થતાં જીવન સરળ અને સુસંવાદી બને છે. વ્યક્તિ પોતાના આંતરિક ક્ષેત્રમાં વ્યક્તિ જ રહે છે પરંતુ જેટલો એ બહિર્મુખ બને છે તેટલો એ સામાજિક પણ બને છે. આ પશ્ચાદ્‌ભૂમાં આધુનિક વિજ્ઞાનોની ગતિદિશા જોઈએ.

## આધુનિક સમાજવિજ્ઞાનો અને અનેકાંત :

આધુનિક મનોવિજ્ઞાન અને સમાજવિજ્ઞાનમાં દૃષ્ટાંતરૂપે જોઈએ તો ફ્રોઈડનો અજ્ઞાતવાદ કે માર્ક્સના સમાજવાદ જેવી વિવરણાત્મક વિચારસરણીઓ એકાંતિક રીતે જે તે ક્ષેત્રનું સમગ્રલક્ષી વિવરણ કરે છે. આ તજ્જ્ઞોનું જૂથકાળ સૌ ચર્ચાઓમાં પોતાના પ્રભુત્વનો પ્રયત્ન કરે છે એટલું જ નહિ; પરંતુ ચર્ચાનું વિષયવસ્તુ પણ તેઓ જ નિશ્ચિત કરે છે. આવા સ્થાપિત હિતોવાળા એકદેશીય મતો એક જ ઘટનાનાં વિવિધ અર્થઘટનો સાંખી શકતા નથી અથવા તો વિવિધ અર્થઘટનોને તે અવૈજ્ઞાનિક, વિતંડાવાદી અને અરુચિકર ગણાવે છે. આવી વિવરણાત્મક પદ્ધતિઓની ચોક્કસ પાળ બંધાઈ હોઈ સત્ય નિશ્ચિત પરિધિમાં ગોઠવાય છે અને વૈકલ્પિક વિચારણાને એ ચોક્કસ ઢાંચામાં જ મંજૂરી મળે છે.

પરંતુ આવું બીબાંઢાળ જીવન સર્જનાત્મકતાની સમજને રૂંધે છે. જાગ્રત અને અજાગ્રત મન નિશ્ચિત બંધનોથી સતત લદાયેલું હોઈ પક્ષાપક્ષી અને અલગતા અનુભવે છે. વધુમાં અખંડ સત્યની શોધ એકાંતિક દૃષ્ટિએ થતાં ઘર્ષણ અને વૈમનસ્ય પેદા થાય છે. આજે વિશ્વમાં જે અનેક પ્રકારે સામાજિક, આર્થિક અને રાજકીય કટોકટી અને વિસંવાદ જોઈએ છીએ તે એકાંગી વિચારોને કારણે છે. બીજી બાજુ આપણે વૈશ્વિક ભાઈચારો, આર્થિક સહયોગ, રાજકીય સંવાદો, અરસપરસની સમજ વગેરે વિશે ખૂબ સભાન છીએ. એ કેમ સ્થપાય તે વિશે આપણે અત્યંત ચિંતિત છીએ. આ સંદર્ભમાં માનસપરિવર્તનમાં અનેકાંતવાદ ઉપયોગી બની શકે એમ છે.

આમ, કુટુંબ, જાતિ, ગામ, રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વ વગેરે ક્રમિક વિકાસશીલ સંગઠનો એકમેકની ઉપેક્ષા ન કરે અને સાપેક્ષ રીતે અન્યોન્યને સમજે તો ગૂંચવણ ઊભી થતી નથી. પરંતુ અભેદવૃત્તિના આગ્રહથી જો ખંડની વાસ્તવિકતા અને ઉપયોગિતા ધ્યાનમાં ન લેવાય તેમ જ ભેદપ્રવૃત્તિના એકાંતાગ્રહથી અખંડને ન સમજવામાં આવે તો વ્યવહારમાં અસંતુલના ઊભી થાય છે અને તેના આપણે સૌ સાક્ષી છીએ.

એથી આપણે જો કહીએ કે વિશ્વના બધા પદાર્થો તેમ જ માનવસમાજની વિવિધ વ્યવસ્થાઓ પોતાની સ્થિતિમાં ક્રિયાશીલ છે તે આપણે સૌ માન્ય કરીશું. મૂળ મુદ્દો એ છે કે આ સૌની ઉપયોગિતાના ક્ષેત્રમાં સહજ સામંજસ્ય વર્તાતું નથી. આનું કારણ પક્ષપાતયુક્ત એકાંતબુદ્ધિ છે. બીજાના સ્વત્વને આત્મસાત્ કરવાની ભાવનાથી વિરોધ અને અસમંજસ ઊભું થાય છે. આજે વૈજ્ઞાનિક યુગનો પ્રભાવ છે ત્યારે ઉપર્યુક્ત વર્ણવેલ સમાજવિજ્ઞાનોના સિદ્ધાંતોની કટોકટી બુદ્ધિને પડકારે છે. આ બાહ્યજગતના પ્રશ્નોમાં અનેકાંતવાદદૃષ્ટિ ખૂબ મદદરૂપ થઈ પડે એમ છે.

## વિશ્વના ધર્મો અને અનેકાંત :

વિવિધ ધર્મોના આટલાં વર્ષોના સહઅસ્તિત્વ પછી અને આધુનિક સભ્યતાના આટલા બધા વિકાસ પછી પણ ધર્મ ધર્મ વચ્ચે તીવ્ર મતભેદ અને તેથી મનભેદ અને પારસ્પરિક એખલાસનો અભાવ આપણે આજે ય યથાવત્ જોઈએ છીએ. થોડોઘણો ફેરફાર અવશ્ય થયો છે તેનો નકાર નથી તો પણ ધર્મોના એકાંગી રાગદ્વેષો અને મતાગ્રહો ઝનૂની રહ્યા છે. આ અજ્ઞાની આખલાને શિંગડાથી પકડી ધાર્મિક વિચારમાં બૌદ્ધિક પરિમાણની ક્રાંતિ આવશ્યક છે. વિવિધ સ્થળકાળની મર્યાદાથી ઉત્પન્ન ધર્મનાં સાપેક્ષ મૂલ્યોને અનેકાંતવાદના માધ્યમથી યથાર્થ રીતે સમજાય તો જ ધર્મક્ષેત્રે નિશ્ચિત વ્યવસ્થા અને વ્યવહાર સ્થાપી શકાય.

## અહિંસા અને અનેકાંત :

વિશ્વના ઘણા ધર્મો શરીર, મન અને વચનથી અહિંસાના પાલનની વાત કરે છે. તે સૌ અહિંસા દ્વારા કરુણા કે સ્વકલ્યાણનું સૂચન કરે છે. પરંતુ એથી યે વિશેષ જૈનમતની 'અહિંસા'ને બૌદ્ધિક સંદર્ભ છે અને એમાં અનેકાંતદૃષ્ટિ ઓતપ્રોત છે. હિંસા અને અહિંસાની જડ શરીર અને વાણીમાં નથી પરંતુ મનમાં છે અને મનની પ્રતિક્રિયાઓમાં છે. આચાર–વિચાર અને પરંપરામાં જે ભેદ જોઈએ છીએ તે એક બાબત છે પરંતુ એનો વિરોધ હોવો એ ગંભીર સમસ્યા છે.

માનવસમાજ સેંકડો વર્ષોથી અન્ય પ્રત્યેની ઉપેક્ષા અને દ્વેષભાવના અજ્ઞાની વારસાને વશ રહ્યો છે. એક બાજુ આપણે મોટી સામાજિક, આર્થિક અને રાજકીય પ્રગતિ કરી છે તો બીજી બાજુ અસમાનતા, ગરીબી અને જીવનના અસ્તિત્વની અસલામતી પણ તેટલી જ બલકે તેથી વિશેષ છે. અનેકાંતવાદ દ્વારા સત્યાંશોની સાપેક્ષતા સમજાય અને સમન્વય દ્વારા મન બૃહદ થાય તો જ કુટુંબની, સમાજની અને રાજ્યની અથડામણોનો અંત આવે. અહિંસા અને

સંકીર્ણતા પારસ્પરિક વિરોધી છે. સત્યની પ્રાપ્તિના માર્ગ ભિન્ન ભિન્ન છે. આ સૌનો વ્યાપક દૃષ્ટિએ જીવંત સમન્વય થવો એ સૌ સમજે છે. તેથી જ પોતાના અને પોતાના ગણેલા અને તેથી સમગ્ર વિશ્વના કલ્યાણ અને રક્ષણ માટે સ્વાર્થી અને સંકુચિત માન્યતાઓનું પુનર્મૂલ્યાંકન થવાની તાતી આવશ્યકતા છે.

## ઉપસંહાર :

ચોવીસ તીર્થંકરો અને એમાં ય શ્રી મહાવીરનું આર્ય સંસ્કૃતિના અહિંસા અને આધ્યાત્મિકતાના વિચારને પૂર્ણપણે ચરિતાર્થ કરવો તે ધ્યેય હતું. ત્યાગ અને નિવૃત્તિની એમની દૃષ્ટિ સમગ્રલક્ષી અને ક્રાંતિકારી હતી. તેઓએ તેમના સમયમાં જોયું કે ધર્મના એક અંશને કે નયને પૂર્ણધર્મ કે પૂર્ણ એકાંતરૂપે લેવાથી ઘણી આપત્તિ ઊભી થાય છે. આજે પણ ધ્રુવ સિદ્ધાંતોની સાચી સમજ વિકસે તે માટે ઘણું કરવાનું બાકી છે. સમયાનુસાર સંસ્કૃતિમાં જે ફેરફારો થાય છે, વિચારધારાઓ અને પરંપરાઓ બદલાય છે તેને વિવેકથી સમજવાનાં છે. અનેકાંતવાદની સૂક્ષ્મ દીર્ઘદૃષ્ટિથી ચિત્ત અને જ્ઞાનનો વિસ્તાર થવો તેટલું પર્યાપ્ત નથી પરંતુ એ તત્ત્વશ્રદ્ધાને અનેકાંત વિચારસરણીથી જીવંત અને શક્તિશાળી બનાવવાની છે.

## સંદર્ભસૂચિ

૧ દર્શન અને ચિંતન : પં. સુખલાલજી, ગુજ. વિદ્યાસભા, અમદાવાદ.

૨ અનેકાંતવાદ : એચ. એસ. ભટ્ટાચાર્ય, જૈન આત્માનંદ સભા, ભાવનગર.

૩ જિનવાણી : એચ. એસ. ભટ્ટાચાર્ય, ઊંઝા ફાર્મસી, અમદાવાદ.

# 'વિમર્શિની'કારમાં આચાર્યની પ્રતિભાનો ઉન્મેષ

અજિત ઠાકોર*

રુય્યકરચિત **અલંકારસર્વસ્વ** પર જયરથે **વિમર્શિની** ટીકા રચી છે. રુય્યકના ટીકાકારોમાં શ્રીવિદ્યાચક્રવર્તી શુદ્ધ અને સાચા અર્થમાં ટીકાકાર છે, તો જયરથ આચાર્ય અને ટીકાકારના નૃ–સિંહવત્ વિલક્ષણ મિશ્રણ જેવા છે. ટીકાકારનું કર્તવ્ય પાઠનિર્ણય, સમજૂતિ, વસ્તુલક્ષી અર્થઘટન અને પ્રસ્તુત ચર્ચાને વિશદ કરનારા સંદર્ભોની રચના કરી ગ્રંથકારના નિરૂપણને વિશદ કરી આપવાનું હોય છે. વિમર્શિની વાંચતાં પ્રતીત થાય છે કે જયરથ ટીકાકાર માટે અંકિત થયેલી સીમાનું વારંવાર ઉલ્લંઘન કરે છે. જયરથના આ સીમોલ્લંઘનોમાં જ તેમનામાં રહેલી આચાર્યની પ્રતિભાનો ઉન્મેષ અનેકશઃ નિખરી આવ્યો છે. એમની ટીકાનું વિમર્શિની એવું નામકરણ પણ આ સંદર્ભે સૂચક છે.

વિમર્શિનીકારની પ્રતિભાનો આ ઉન્મેષ મુખ્યત્વે અલંકારોનો સ્વીકાર–અસ્વીકાર, અલંકારોની સ્વરૂપચર્ચા, મૌલિક વર્ગીકરણો તથા ઉદાહરણોમાં અલંકારનિર્ણય એમ અલંકાર-વિચારણાનાં તમામ પાસાંઓમાં મોટેભાગે રુય્યક–શોભાકરનાં ખંડન–મંડન–પરીક્ષણ–શોધન–પરિષ્કરણરૂપે તો ક્યારેક સર્વસ્વના અર્થઘટનના છદ્મવેશે વ્યક્ત કરેલા સ્વાભિપ્રાયોરૂપે પ્રકટ થયો છે.

જયરથ કવિપ્રતિભાપ્રસૂતત્વને અલંકારત્વની કસોટીના માનદંડરૂપે પ્રતિષ્ઠિત કરે છે. રુય્યકે માનેલા કાવ્યલિંગ તથા યથાસંખ્યને તેમણે આ કારણે જ અલંકારો તરીકે અમાન્ય કર્યા છે. તેમના મતે કાવ્યલિંગમાં લોકસિદ્ધ વસ્તુનું નિબંધન થતું હોવાથી તથા યથાસંખ્ય અપક્રમત્વ દોષનો અભાવમાત્ર હોવાથી આ બંનેને અલંકાર માની શકાય નહીં. જગન્નાથ કાવ્યલિંગ-પ્રકરણમાં નવીનોના નામે અભિનિવેશપૂર્વક જયરથનો મત રજૂ કરે છે. (ર. ગં. ભાગ ૨, પૃ. ૯૧૩, ૯૧૪, ૯૧૫) જ્યારે યથાસંખ્યપ્રકરણમાં તો તેઓ તેમનું સમર્થન પણ કરે છે (ર. ગં. ભાગ ૨, પૃ. ૯૪૫).

જયરથ રુય્યકે માન્ય રાખેલા અલંકારો સિવાયના અલંકારોનો પણ સ્વીકાર કરે છે. અલંકાર ભાષ્યકાર તથા શોભાકરના ઉદાહરણ, વિતર્ક, સંસ્કાર જેવા અલંકારોનો તેમણે સ્પષ્ટ સ્વીકાર કર્યો છે.

જયરથ અલંકારોના મૂળમાં રહેલા વૈચિત્ર્યને પારખવા પ્રમાણવાની અદ્ભુત શક્તિ ધરાવે છે. આથી જ તેમણે શોભાકરે સ્વલ્પ ચમત્કારભેદે માનેલા નવા નવા અલંકારોનો મુખ્ય

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૩૩૧–૩૩૬.

* એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સૂરત.

અલંકારોમાં અંતર્ભાવ માન્યો છે. દા. ત. પ્રસંગ તથા અનુષંગનો વિશેષમાં, વર્ધમાનનો સારમાં, કાવ્યલિંગનો અનુમાનમાં, ક્રમનો પર્યાયમાં, નિયમનો પરિસંખ્યામાં આદિ (अ. स. પૃ. ૫૧૦, ૫૩૫, ૫૪૧, ૫૬૭, ૫૮૦). તેઓ અલંકારો વચ્ચેના સ્વલ્પ ચમત્કારભેદને આધારે નવા નવા અલંકારો માનવાના શોભાકરના ઉત્સાહને **नाममात्रनवीकरणरसिकत्व**રૂપ મર્યાદા તરીકે પ્રમાણે છે.

જયરથ સ્વતંત્ર અલંકારોનો અંતર્ભાવ માનવાના શોભાકરના યદચ્છાચારી વલણનું પણ પ્રતીતિકર ખંડન કરે છે. દા. ત. શોભાકર કારણમાલા, એકાવલી આદિ શૃંખલામૂલક અલંકારોને શૃંખલાલંકારમાં અંતર્ભૂત કરે છે. જયરથ શોભાકરના વલણમાં રહેલી અવૈજ્ઞાનિકતા દર્શાવતાં કહે છે કે શૃંખલા જેવી એક અલંકારવર્ગના પાયામાં રહેલી વિચ્છિત્તિને અલંકાર માનવામાં આવે તો ઉપમાદિ અલંકારોને બદલે સાધર્મ્યને જ અલંકાર માનવો પડે. અને જો એવું કરવામાં આવે તો સાધર્મ્ય, વિરોધ, શૃંખલા જેવા સાત-આઠ અલંકારો જ માનવાનો પ્રસંગ આવે (अ. स. પૃ. ૫૨૫). જગન્નાથ પણ જયરથના તર્કોનું સમર્થન કરે છે (र. गं. ભાગ ૨, પૃ. ૯૦૦).

જયરથ કેટલાક અલંકારયુગ્મોમાં સમાન જીવાતુભૂતતત્ત્વ પ્રમાણી તેમનો પરસ્પર અંતર્ભાવ કરે છે. દા. ત. તુલ્યયોગિતા-દીપક, કાવ્યલિંગ-અનુમાન. (अ. स. પૃ. ૨૪૪, ૫૪૧) જગન્નાથ તુલ્યયોગિતા-દીપકના પરસ્પર અંતર્ભાવનું સમર્થન કરે છે. (र. गं. ભાગ ૨, પૃ. ૪૮૩) એથી ઊલટું જે અલંકારોના પ્રકારોમાં રહેલા ચમત્કારના કારણરૂપ એક સમાન તત્ત્વનું આકલન કરવાનું શકય બન્યું નથી કે પછી તેમનામાં એક જ જીવાતુભૂત તત્ત્વને વ્યાખ્યાયિત કરી શકાયું નથી તે અલંકારોના પ્રકારોને તેઓ સ્વતંત્ર અલંકારો માને છે. દા. ત. વ્યાજસ્તુતિ, વિશેષ, પ્રતીપ, ઉત્તર (अ. स. પૃ. ૪૨૦, ૫૧૦, ૬૧૮, ૬૪૩). અલંકારપ્રકારોમાં રહેલા સમાન જીવાતુભૂત તત્ત્વને પારખવા પ્રમાણવાની જયરથની આ મથામણ જગન્નાથમાં પ્રાપ્ત થતા સમુચિત નિરાકરણની પાછળ સુદૃઢ ભૂમિકારૂપે રહેલી પમાય છે.

અલંકારસ્વરૂપવિચારણામાં જયરથ કવિકર્મને અલંકારોમાં પ્રતીત થતા વૈચિત્ર્યના જનકહેતુરૂપે પ્રતિષ્ઠિત કરે છે. તેઓ વિરૂપ આધાર તથા આધેયના સંબંધને અધિકાલંકાર માનતા શોભાકરનું આ જ કારણ આપી ખંડન કરે છે (अ. स. પૃ. ૫૦૨). એ જ રીતે પરિસંખ્યામાં **असंभाव्य** પદની સમજૂતી આપતાં તથા અનુમાન અને અનુમાન અલંકાર વચ્ચેના ભેદક તત્ત્વની ચર્ચા કરતાં તેમણે આ જ તથ્યને દૃઢાવ્યું છે (अ. स. પૃ. ૫૭૯ અને પૃ. ૫૫૨).

જયરથ અલંકારવ્યાખ્યામાં રહેલા દોષ તરફ અંગુલિનિર્દેશ કરે છે. રુય્યકની તુલ્યયોગિતા અને સમાસોક્તિની (अ. स. પૃ. ૨૩૭ અને ૩૧૩) તથા શોભાકરની અપહ્નુતિ, સમાસોક્તિ અને અર્થાન્તરન્યાસની વ્યાખ્યામાં (अ. स. પૃ. ૧૭૧, ૩૧૩ અને ૪૦૧) રહેલા અવ્યાપ્તિ કે અતિવ્યાપ્તિરૂપ દોષો દર્શાવી શોધન કરે છે. તેઓ રુય્યકની રસવદાદિ અલંકારોની વ્યાખ્યા અલંકારવાદી આચાર્યોથી પ્રભાવિત થયેલી હોવાથી શોભાકરની ધ્વનિવાદી દૃષ્ટિકોણથી રચાયેલી વ્યાખ્યા ઉદ્ધૃત કરી વિશદતા આણવા પ્રયત્ન કરે છે.

જયરથ અલંકારોના સ્વરૂપ પરત્વે ઘણીવાર રુય્યક તથા શોભાકરથી જુદા પડે છે. તેઓ સંદેહ તથા અપહ્નુતિની સાદશ્યેતરમૂલકતા, અર્થાન્તરન્યાસમાં કાર્યકારણભાવનું ખંડન, વિનોક્તિમાં કેવળ નિત્યસંબંધનો સ્વાકાર આદિમાં રુય્યકથી જુદા પડી શોભાકરને અનુસરે છે, તો શોભાકરથી જુદા પડી રુય્યકાનુસાર અતિશયોક્તિ વિના પણ તુલ્યયોગિતાની સંભાવના સ્વીકારે છે. તેઓ શોભાકરની આક્ષેપવ્યાખ્યામાં નિષેધાભાસ અને વ્યાઘાતવ્યાખ્યામાં વ્યાઘાતત્વ જ નિષ્પન્ન થતો નથી જેવાં વેધક પરીક્ષણો પણ કરે છે (अ. स. પૃ. ૪૩૨, ૫૧૫).

જયરથ અર્થબોધની સાથે સંકળાયેલ અલંકારવ્યાપારની સૂક્ષ્મ અને નાજુક ચર્ચા કરે છે. અપ્રસ્તુતપ્રશંસામાં દ્વિતીય અર્થની પ્રતીતિ કરાવનાર શબ્દશક્તિની ચર્ચા કરતાં આનંદવર્ધન વ્યંજના અને શોભાકર લક્ષણા તો જયરથ લક્ષણલક્ષણા માને છે (अ. स. પૃ. ૩૮૮). તેમણે પર્યાયોક્ત, વ્યાજસ્તુતિ, આક્ષેપ જેવા અલંકારોને પણ ઉપાદાનલક્ષણા તથા લક્ષણલક્ષણા સાથે સાંકળ્યા છે (अ. स. પૃ. ૩૮૮). જયરથ વ્યાઘાત-૧ના અર્થવ્યાપાર અને અર્થસિદ્ધિની ચર્ચા કરતાં કહે છે કે, વસ્તુની વ્યાહતિ વ્યાપારરૂપ અને વ્યાહતિકારી વ્યક્તિમાં અતિશયની પ્રતીતિ ફળરૂપ છે (अ. स. પૃ. ૫૧૫). જગન્નાથ જયરથના આ **फलं चात्र व्याहतिकारिणस्त्वैल-क्षण्यम् ।** એવા વ્યાઘાતના પ્રયોજનનું સમર્થન કરે છે. એટલું જ નહીં જગન્નાથ આ વિચારને વિકસાવતાં કહે છે કે, વ્યાઘાતનું પ્રયોજન વ્યાહતકારી વ્યક્તિ આગળની વ્યક્તિ કરતાં ચડિયાતી છે, તે દર્શાવવાનું છે (र. गं. ભાગ ૨, પૃ. ૮૭૬). શ્લિષ્ટ પરંપરિતરૂપકમાં સાદશ્ય-પ્રક્રિયાની ચર્ચા તથા પરિવૃત્તિમાં વિનિમય પામતા પદાર્થો વચ્ચે ગમ્યોપમ્ય છે એવું નિરીક્ષણ પણ તેમની મૌલિકતાના દૃઘ ઉદાહરણોરૂપ છે (अ. स. પૃ. ૧૩૨, ૫૭૨).

જયરથ રુય્યક-શોભાકરના વિવાદમાં ઘણીવાર સમુચિત નિષ્કર્ષ પર આવે છે. દા. ત. શોભાકર રુય્યકની ઉલ્લેખની વ્યાખ્યામાં **ग्रहणं**ને સ્થાને **कल्पनं** પદ યોજે છે. જયરથ આની ચર્ચા કરતાં કહે છે કે, **ग्रहणं** પદ સ્વારસિક અને કવિકલ્પિત એમ બંને પ્રકારની પ્રતીતિઓની સંયોજિત અવસ્થાનો નિર્દેશ કરે છે, જ્યારે **कल्पनं** પદ જ્ઞાનાત્મક હોવાથી સ્વારસિક પ્રતીતિમાં સંભવિત નથી. આથી **ग्रहणं** પદ જ ઉચિત છે (अ. स. પૃ. ૧૬૦). એ જ રીતે તેઓ શોભાકરે રુય્યકની વ્યતિરેકની વ્યાખ્યામાં **विपर्यय**ને સ્થાને યોજેલા **प्रतिकूलत्वं वा** તથા સમાસોક્તિની વ્યાખ્યામાં **अप्रस्तुतस्य**ને સ્થાને યોજેલા **अप्रस्तुतधर्म** પદની સમુચિત ટીકા કરી રુય્યકનું સમર્થન કરે છે (अ. स. પૃ. ૨૮૭, ૩૧૩).

જયરથ શોભાકરની વિચારણાના ઉચિત અંશોનો વિનિયોગ કરી રુય્યકની વિચારણાને પરિષ્કૃત પણ કરે છે. દા. ત. રુય્યકની ભાવિકવ્યાખ્યામાં શોભાકર **अतीतानागतयोः** ને સ્થાને **विप्रकृष्टस्य** પદ યોજી દેશ, કાળ કે સ્વભાવતઃ વિપ્રકૃષ્ટત્વની કલ્પના કરી ભાવિનો ક્ષેત્રવિસ્તાર કરે છે. જયરથ રુય્યકને એ જ વસ્તુ અભિપ્રેત છે એવું તેમના ઉદાહરણનો સંદર્ભ આપી જણાવે છે. એવું જ વિકલ્પમાં શોભાકરે યોજેલા **पाक्षिकत्वं** પદ વિશે પણ બન્યું છે (अ. स. પૃ. ૬૮૨, ૫૯૩).

જયરથ અલંકારોના પ્રભેદનિરૂપણમાં અનેક અલંકારોનાં મૌલિક વર્ગીકરણો પ્રસ્તુત કરે છે. તેઓ રુય્યકના સા. ધ.ના અનુગામી, વસ્તુપ્રતિવસ્તુભાવ તથા બિંબપ્રતિબિંબભાવરૂપ

વર્ગીકરણને રૂપક, સંદેહ, ભ્રાન્તિમાન, અપહ્નુતિ, તુલ્યયોગિતા, દીપક, નિદર્શના, વ્યતિરેક અને સહોક્તિ જેવા ઔપમ્યમૂલક અલંકારો તથા વિકલ્પ, પ્રતીપ, સામાન્ય, પરિવૃત્તિ જેવા અન્ય વર્ગોના અલંકારોના વર્ગીકરણ માટે પ્રયોજી તેની શક્યતા તાગે છે. આ કામ સહેલું નથી. બલ્કે અલંકારોના સ્વરૂપ વિશે ઊંડી સમજ માંગી લે તેવું છે. દા. ત. જયરથે રૂપકના સા. ધ.ને આધારે કરેલા વર્ગીકરણની સામે અપ્પય બિંબપ્રતિબિંબભાવરૂપ સા. ધ. રૂપકમાં શક્ય નથી, એવો વાંધો ઊઠાવે છે. (चि. मी. પૃ. ૧૭૧). જગન્નાથ અપ્પયનું ખંડન કરી જયરથના સાક્ષ્ય સાથે कंदर्प. ઉદા.માં આ વર્ગીકરણને પ્રમાણે છે (र. गं. ભાગ ૨, પૃ. ૨૧૩).

જયરથ ઉત્પ્રેક્ષાના સ્વરૂપ, હેતુ અને ફળરૂપ વર્ગીકરણને પ્રયોજીને સંદેહ, ઉલ્લેખ અને અપહ્નુતિનું તથા અતિશયોક્તિના વર્ગીકરણને પ્રયોજીને ઉત્પ્રેક્ષાનું વર્ગીકરણ પ્રસ્તુત કરે છે.

જયરથ વૃત્ત્યનુપ્રાસ (સમસ્તાક્ષર–અસમસ્તાક્ષર), સાર (સ્વરૂપધર્મનો એક–અનેક વસ્તુનો ઉત્કર્ષ), અતિશયોક્તિ–૨, સમાધિ (સુખપૂર્વક, સરળતાપૂર્વક, કાર્યનિષ્પત્તિ), ઉત્તર (પ્રશ્નગત–ઉત્તરગત અનેકતા સભંગઅભંગ શ્લેષ) આદિ અલંકારોનું સ્વતંત્રપણે પણ વર્ગીકરણ પ્રસ્તુત કરે છે.

જયરથ પુરોગામીઓનાં કેટલાંક અલંકારવર્ગીકરણોનો વૈચિત્ર્યનો અભાવ દર્શાવી અસ્વીકાર કરે છે. એમાં એમનામાં રહેલી પરીક્ષણની પ્રતિભાનો ઉન્મેષ પ્રકટ થયો છે. તેમણે પ્રાચીન આચાર્યોનું ઉત્પ્રેક્ષાનું જાત્યાદિ વર્ગીકરણ (अ. स. પૃ. ૧૯૨) તથા શોભાકરના સંદેહ, વિચિત્ર, અર્થાપત્તિ આદિનાં વર્ગીકરણો (अ. स. પૃ. ૧૪૪, ૪૯૯, ૫૮૮) અમાન્ય કર્યાં છે. તેમણે રુય્યકના સંદેહસંકરનું પણ ખંડન કર્યું છે.

જયરથ કવિપ્રતિભાપ્રસૂત ઉદાહરણોમાં જ અલંકારત્વ માન્ય રાખે છે. જે ઉદાહરણોમાં કવિકલ્પનાને બદલે લૌકિક તથ્યનો જ અનુવાદ થયો હોય તેને તેઓ સદોષ માને છે. રુય્યકના અત્યંતવિરૂપસંઘટનામૂલ વિષમનું अरण्यानी અધિકનું द्योरत्र., વિશેષનું निमेषमपि આદિ ઉદાહરણોને તેમણે આ ભૂમિકા પર જ અમાન્ય કર્યાં છે.

જયરથ ઉદાહરણોમાં અલંકારનિર્ણય પરત્વે શોભાકરનું વારંવાર ખંડન કરે છે. આના મૂળમાં મોટેભાગે તો અલંકારોના સ્વરૂપ પરત્વેના વિભાવનાગત મતભેદો રહેલા હોય છે. દા. ત. ભ્રાન્તિમાનનું सा प्रासादे., અપહ્નુતિનું न विषं., નિદર્શનાનું प्रभाते., વ્યાઘાતનું कुलम्. તેમણે મમ્મટના દીપકના स्विद्यति. ઉદાહરણમાં સાદૃશ્ય ન હોવાથી સમુચ્ચયનું ઉદા. સિદ્ધ કર્યું છે (अ. स. પૃ. ૨૪૮). જગન્નાથે પણ આનું સમર્થન કર્યું છે (र. गं. ભાગ ૨, પૃ. ૪૭૯).

જયરથે શોભાકરનાં ઉદાહરણોના કરેલા ખંડન પાછળ કેટલીકવાર કવિને વિવક્ષિત અર્થ પરત્વેના મતભેદો પણ હોય છે. દા. ત. સમુચ્ચયનું सोपानारोह. ઘણીવાર તેઓ શોભાકરે સદોષ ઠેરવેલાં રુય્યકનાં ઉદાહરણોને સ્થાને બીજાં નિર્દોષ ઉદાહરણો આપે છે. દા. ત. દીપકનું संचारपूतानि.

આમ અલંકારવિચારણાના પ્રત્યેક અંગ પરત્વે અર્થઘટન–ખંડન–મંડન–શોધન–

પરિષ્કાર એમ વિવિધ રીતે ને ભાતે વિમર્શિનીકારમાં રહેલી આચાર્યની પ્રતિભાનો ઉન્મેષ પ્રકટ થયો છે. વિમર્શિનીનો અભ્યાસ કરતાં સ્વતંત્ર સિદ્ધાંતગ્રંથ રચવા સમર્થ આચાર્યપ્રતિભાનો ટીકાકારના છદ્મવેશે પ્રકટ થવાનો નિશ્ચય પ્રતીત થાય છે. આચાર્યપદ પ્રાપ્ત કરનારા ટીકાકારોની પરંપરામાં રસ–ધ્વનિમીમાંસક આચાર્ય અભિનવગુપ્તના અનુગામી અલંકારમીમાંસક જયરથ પણ આગવું સ્થાન ધરાવે છે.

## સંદર્ભગ્રન્થો

१ रुय्यक–सं. डॉ. रेवाप्रसाद द्विवेदी–अलंकारसर्वस्व, चौखम्बा (बनारस), १९५५. अ.स.

२ शोभाकर–सं. सी. आर. देवधर–अलंकाररत्नाकर–पूना ओरीएन्टल (पूना), १९४२.

३ मम्मट–सं. डॉ. सत्यव्रतसिंह–काव्यप्रकाश–चौखम्बा (बनारस), १९५५.

४ अप्पय दीक्षित–सं. वासुदेव शर्मा–कुवलयानंद–निर्णयसागर, १९१७.

५ अप्पय दीक्षित–सं. कालिकाप्रसाद शुक्ल–चित्रमीमांसा–वाणीविहार (बनारस), १९६५, चि.मी.

૬ શ્રીવિદ્યાચક્રવર્તીન્–સં. કુ. એસ. એસ. જાનકી, અલંકારસર્વસ્વ ઑફ રુય્યક વીથ સંજીવની કોમેન્ટરી ઑફ વિદ્યાચક્રવર્તીન્–ધ સંસ્કૃત ઍન્ડ એજ્યુકેશન સોસાયટી, (મદ્રાસ), ૧૯૭૦.

૭ જગન્નાથ–સં. આઠવલે, અનુ. નગીનદાસ પારેખ, રસગંગાધર ખંડ ૨, યુનિ. ગ્રંથ-નિર્માણ બોર્ડ, (અમદાવાદ), ૧૯૭૬. र. गं.

# રાઘવભટ્ટની 'અર્થદ્યોતનિકા' ટીકાનો નાટ્યશાસ્ત્રની દૃષ્ટિએ વિમર્શ*

નીલાંજના સુ. શાહ*

સંસ્કૃત નાટકો પર, નાટ્યશાસ્ત્રના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી, વિવેચન કરનારા ગણ્યા-ગાંઠ્યા વિવેચકોમાં, 'અભિજ્ઞાન-શાકુંતલ' પરની અર્થદ્યોતનિકા ટીકાના[1] કર્તા રાઘવભટ્ટ (ઈ.સ. ૧૪૭૫-૧૫૦૦)નું સ્થાન મોખરાનું છે. તેમના જેવા બીજા ટીકાકારોમાં માલવિકાગ્નિમિત્રના ટીકાકાર કાટયવેમ (ઈ. સ. ૧૩૮૧-૧૪૧૬) માલતીમાધવના ટીકાકાર જગદ્ધર (૧૪મી સદી), વિક્રમોર્વશીયના ટીકાકાર રંગનાથ (૧૬મી સદી) અને મુદ્રારાક્ષસના ટીકાકાર ઢુંઢિરાજ (૧૮મી સદી)ને ગણાવી શકાય.

આ બધા ટીકાકારો કરતાં રાઘવભટ્ટે, નાટ્યશાસ્ત્રના ખાસ કરીને, નાટકને લગતા વધારેમાં વધારે સિદ્ધાંતો, મોટેભાગે, તેના મૂળ ગ્રંથના નામ સાથે તે તે સ્થળે દર્શાવ્યા છે. નાટ્યશાસ્ત્રના સિદ્ધાંતોનો રાઘવભટ્ટે એટલો ઊંડો અભ્યાસ કર્યો છે કે તેઓ શાકુંતલ નાટકમાં, સંધિઓ, ઉપરાંત સંધ્યંગો, સંધ્યન્તરો, પતાકાસ્થાનકો, નાટ્યલક્ષણો અને નાટ્યાલંકારો વગેરે પણ દર્શાવી શક્યા છે. આ નાટકને લગતા અગત્યના સિદ્ધાંતોને શાકુન્તલ નાટકના સંદર્ભમાં તે તે સ્થળે વ્યાખ્યા સાથે સમજાવીને, તેમણે ઘણું ઉપયોગી કાર્ય કર્યું છે.

રાઘવભટ્ટે દર્શાવેલા સિદ્ધાંતોને, નાટ્યશાસ્ત્રના ગ્રંથ અનુસાર, જુદા પાડીને આ લેખમાં દર્શાવવામાં આવ્યા છે. જ્યાં રાઘવભટ્ટે મૂળ ગ્રંથનું નામ આપ્યું હોય, ત્યાં તેનું સ્થાન અને જ્યાં મૂળ ગ્રંથનું પણ નામ ન આપ્યું હોય, ત્યાં તે ઉલ્લેખો જે ગ્રંથમાં મળ્યા છે, તેનું નામ તથા સ્થાન બંને કૌંસમાં દર્શાવવામાં આવ્યાં છે, જેથી નાટ્યશાસ્ત્રના અભ્યાસીને આ સામગ્રી કામ લાગે.

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૩-૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭-ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૩૩૭-૩૪૮.

★ ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના વડોદરા મુકામે યોજાયેલા ૧૧મા અધિવેશન (૨૪-૨૫, ડીસેમ્બર ૧૯૮૫)માં વાંચેલો લેખ.

* ગુજરાત કૉલેજ, અમદાવાદ.

૧ આચાર્ય નારાયણરામ, (સં.) અભિજ્ઞાન શાકુંતલ, (રાઘવભટ્ટની અર્થદ્યોતનિકા ટીકા સાથે), દ્વાદશ સંસ્કરણ, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ૧૯૫૮, મારા આ લેખમાં શૃંગારરસના નિરૂપણનો સંદર્ભ આપ્યો છે ત્યાં ત્યાં એમ. આર. કાલે સંપાદિત આવૃત્તિનો ઉપયોગ કર્યો છે. બીજે બધે સ્થળે આ જ આવૃત્તિનાં પાનાં દર્શાવ્યાં છે.

રાઘવભટ્ટે 'ભરતનાટ્યશાસ્ત્ર'ના[2] મોટાભાગના સિદ્ધાંતો 'આદિભરત'ને નામે દર્શાવ્યા છે, જેમની વિગત નીચે પ્રમાણે છે :

પૃ. ૫ નાન્દીનું લક્ષણ (૫.૨૪); પૃ. ૫ નાન્દીનો નિર્દેશ (૫.૫૬); પૃ. ૬ સ્થાપકનું લક્ષણ (૫.૧૬૬); પૃ. ૯ સભ્યનું લક્ષણ (?); પૃ. ૧૨ દ્વિપદી લયનું લક્ષણ (?); પૃ. ૧૫ આરંભનું લક્ષણ (૧૯.૧૦); પૃ. ૧૫ નાયકની ભાષા (૧૭.૩૧); પૃ. ૨૧ ઋષિઓની ભાષા (૧૭.૩૬); પૃ. ૪૦ પ્રથમ પતાકાસ્થાનકની વ્યાખ્યા (૧૯.૩૨); પૃ ૫૪ અંકનું લક્ષણ (૧૮.૧૭); પૃ. ૭૦ બિન્દુનું લક્ષણ (૧૯.૨૪); પૃ. ૧૦૭ મદિરાદષ્ટિનું લક્ષણ (૮.૮૧); પૃ. ૧૧૦ ઉપન્યાસનું લક્ષણ (૧૯.૮૧); પૃ. ૧૧૭ સંધ્યંગોની યોજના (૧૯.૧૦૨); પૃ. ૧૧૯ ગર્ભસંધિનું લક્ષણ (૧૯.૪૧); પૃ. ૧૭૩ ફલપ્રાપ્તિનું લક્ષણ (૧૯.૧૩); પૃ. ૨૫૭ નિર્વહણસંધિમાં અદ્ભુત રસ (૧૮.૯૪); પૃ. ૨૭૨ પ્રશસ્તિ (૧૯.૧૦૧).

નાટ્યશાસ્ત્રમાંના નીચેના મતોનો રાઘવભટ્ટે 'ભરત'ને નામે ઉલ્લેખ કર્યો છે :

પૃ. ૭ નેપથ્યની વ્યાખ્યા (?); પૃ. ૧૨ અષ્ટપદા નાન્દી (૫.૧૦૮); પૃ. ૧૫ બીજની વ્યાખ્યા (૧૯.૨૩); પૃ. ૨૫ નાયિકાની ભાષા (૧૭.૫૧); પૃ. ૨૬ સખીઓને સંબોધન (૧૭.૮૮); પૃ. ૧૦૪ વજ્રનું લક્ષણ (૧૯.૭૯).

આ ઉપરાંત, આ નાટકમાં રાઘવભટ્ટે, પ્રતિમુખસંધિના નર્મ, નર્મદ્યુતિ, વર્ણસંહાર અને પર્યુપાસન એ ચારને બાદ કરતાં સંધિઓનાં ૬૦ અંગને દર્શાવ્યાં છે. આ ૬૦ સંધ્યંગો-માંથી તેમણે વજ્ર અને ઉપન્યાસની વ્યાખ્યા નાટ્યશાસ્ત્રમાંથી, જ્યારે ઉદ્ભેદ, વિધૂત, ઉપન્યાસ, પુષ્પ, અનુમાન, અધિબલ, રૂપ, આક્ષેપ, દ્યુતિ, વિચલન અને પ્રરોચના નામનાં અગિયાર સંધ્યંગોની વ્યાખ્યા 'દશરૂપક' (૧૦.૨૯–૧૪૭)માંથી અને બાકીનાની વ્યાખ્યા નાટ્ય-શાસ્ત્રના ઓગણીસમા અધ્યાયમાંથી (૧૯.૬૩–૧૦૧) આપી છે. આ બાબતમાં એક વસ્તુ નોંધપાત્ર છે કે તેમણે ઉપન્યાસ નામનું પ્રતિમુખસંધિનું અંગ શાકુન્તલના ત્રીજા અંકમાં બંને સ્થળે બતાવ્યું છે, તેટલું જ નહીં, પણ એક સ્થળે (પૃ. ૧૦૯) તેની વ્યાખ્યા દશરૂપક (૧.૩૫) અનુસાર આપી છે, જ્યારે બીજે સ્થળે તેની વ્યાખ્યા (પૃ. ૧૧૦) ભરતનાટ્યશાસ્ત્ર (૧૯.૮૧) પ્રમાણે આપી છે.

નાટ્યશાસ્ત્રના પ્રસિદ્ધ ટીકાકાર અભિનવનો તેમણે આ ટીકામાં, નાન્દીની વ્યાખ્યાના સંદર્ભમાં (પૃ. ૬), નાટ્યલક્ષણોની સ્વતંત્ર આવશ્યકતાના સંદર્ભમાં (પૃ. ૨૦) તથા વીથ્યંગો પ્રથમ સંધિ સાથે મુખ્યત્વે સંકળાયેલાં છે એ સંદર્ભમાં (પૃ. ૬૫) એમ ત્રણ સ્થળે ઉલ્લેખ કર્યો છે.

નાટ્યશાસ્ત્રીઓ માટે રાઘવભટ્ટની આ ટીકાનું સવિશેષ મહત્ત્વ એટલા માટે છે કે તેમણે માતૃગુપ્ત નામના એક પ્રાચીન અને પ્રસિદ્ધ નાટ્યશાસ્ત્રીના કેટલાક મહત્ત્વના મતો આ ટીકામાં નોંધ્યા છે. તેમના મોટાભાગના મતો રાઘવભટ્ટની આ ટીકામાં અને સાગરનંદીના

૨ પંડિત કેદારનાથ, (સં.) નાટચશાસ્ત્ર, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ૧૯૪૩.

'નાટ્યલક્ષણરત્નકોશ'માં નોંધાયા છે. આ સંદર્ભમાં એક વસ્તુ નોંધપાત્ર છે કે તેમણે માતૃગુપ્તને નામે નોંધેલા મતોમાંના કેટલાક 'ભરતનાટ્યશાસ્ત્ર'માં મળી આવે છે. તે પરથી એવું અનુમાન કરવું રહ્યું કે તેમણે પોતાના ગ્રંથમાં ભરતના મતો ટાંકયા હશે. નીચેના મુદ્દાઓ પરના તેમના મત નાટ્યશાસ્ત્રમાં મળી આવે છે.

પૃ. ૫ સૂત્રધારનું લક્ષણ (ના.શા. ૨૪.૯૫); પૃ. ૨૦ ભૂષણનું લક્ષણ (ના.શા. ૧૬.૬); પૃ. ૧૨૭, ૧૫૬ તૃતીય પતાકાસ્થાનકનું લક્ષણ (ના.શા. ૧૯.૨૪); પૃ. ૧૫૬ કંચુકીનું લક્ષણ (ના.શા. ૨૪.૫૬); પૃ. ૨૧૫ પરિચારિકાનું લક્ષણ (ના.શા. ૨૪.૩૭).

આ ઉપરાંત નીચેના માતૃગુપ્તના મતોનો પણ રાઘવભટ્ટે ટીકામાં ઉલ્લેખ કરેલો છે, જેમાના કેટલાક ખાસ નોંધપાત્ર છે:

પૃ. ૭ રસના ત્રણ પ્રકાર (વાચિક નેપથ્ય અને સ્વભાવજ); પૃ. ૮ આર્યાવર્તની જાતિઓ માટે શૌરસેની ભાષા યોજવી; પૃ. ૧૩ વીથ્યંગોની આમુખમાં યોજના; પૃ. ૧૫ નાટકમાં ફલબીજ, વસ્તુબીજ અને અર્થબીજની વિભાવના; પૃ. ૧૫ દેવો, રાજન્ય અમાત્ય વગેરે માટે સંસ્કૃત ભાષા; પૃ. ૨૦ પાંચ સંધ્યન્તરોની વિભાવના; પૃ. ૫૭ સંચારિકાનું લક્ષણ; પૃ. ૧૧૪ પ્રથમ ચાર સંધિઓમાં પતાકાસ્થાનકોના (ચાર) ભેદ યોજવા; પૃ. ૧૩૦ વિદૂષક સ્ત્રીઓ વગેરે માટે મોટેભાગે પ્રાકૃત અને કયારેક સંસ્કૃત ભાષા યોજવી.

માતૃગુપ્તના અમુક નોંધપાત્ર મતો વિશે સિદ્ધેશ્વર ચટ્ટોપાધ્યાયે વિગતે વિચારણા કરી છે.[૩]

ધનંજયરચિત દશરૂપકમાંથી,[૪] રાઘવભટ્ટે અગિયાર સંધ્યંગો ઉપરાંત, નીચેના મુદ્દાઓ વિશેનાં અવતરણો ટાંકયાં છે:

પૃ. ૬ સ્થાપકનું લક્ષણ (૩.૨); પૃ. ૮ પ્રરોચનાનું લક્ષણ (૩.૬); પૃ. ૧૪ પ્રયોગાતિશય લક્ષણ (૩.૧૧); પૃ. ૧૪ ધીરોદાત્ત નાયકનું લક્ષણ (૨.૪); પૃ. ૧૫ આમુખનું લક્ષણ (૩.૨૧); પૃ. ૧૫ મુખસંધિનાં અંગો (૧.૨૪); પૃ. ૧૫ સંધિવિભાગ (૩.૨૫); પૃ. ૧૫ સંધિઓનું લક્ષણ (૧.૨૨); પૃ. ૩૮ જનાન્તિકનું લક્ષણ (૧.૬૬); પૃ. ૫૪ પ્રત્યક્ષાનિર્દેશ્ય વૃત્તાન્ત (૩.૩૪); પૃ. ૫૪ અંકનું લક્ષણ (૩.૨૮–૩૦); પૃ. ૫૪ અંકાન્ત પાત્રનિર્ગમ (૩.૩૬–૩૭); પૃ. ૭૦ પ્રતિમુખ સંધિનાં અંગો (૧.૩૧); પૃ. ૮૬ આકાશભાષિતની વ્યાખ્યા (૩.૬૭); પૃ. ૧૧૩ દ્વિતીય પતાકાસ્થાનકની વ્યાખ્યા (૧.૧૪).

આ ઉપરાંત ટીકાકાર રાઘવભટ્ટે જે ઉલ્લેખો દશરૂપકના ટીકાકાર ધનિકના[૫] કહીને આપ્યા છે, તેમાંના પ્રથમ બે ઉલ્લેખને બાદ કરતાં બાકીના તો દશરૂપકમાં જ મળે છે:

---

3 Chattopādhyāya Siddheśvara, 'Nāṭaka-lakṣaṇa-Ratna-Koṣa' Calcutta, 1974, P. 33, 47, p. 133, P. 141.

૪ પરબ, કે. પી., (સં.) દશરૂપક, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, પાંચમી આવૃત્તિ, ૧૯૪૧.

૫ દશરૂપક, ધનિકની, અવલોક ટીકા સાથે, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ૧૯૪૧.

પૃ. ૬ પૂર્વરંગની વ્યુત્પત્તિ દ.રૂ. ૩.૨ પરની ટીકા; પૃ. ૩૬ મુખસંધિનાં અંગોનું વિધાન દ.રૂ. ૧૨૯ પરની ટીકા; પૃ. ૯ ભારતી વૃત્તિની વ્યાખ્યા દ.રૂ. ૩.૫; પૃ. ૧૩ નાટ્યલક્ષણોનો અલંકારોમાં અંતર્ભાવ દ.રૂ. ૪.૮૪; પૃ. ૫૧ ભેદનું લક્ષણ દ.રૂ. ૧.૨૯; પૃ. ૬૫ ત્રિગતનું લક્ષણ દ.રૂ. ૩.૧૬; પૃ. ૨૫૬ નિર્વહણમાં અદ્ભુત રસ દ.રૂ. ૩.૩૩.

રાઘવભટ્ટે 'નાટ્યદર્પણ'નો ઉલ્લેખ કરી, પત્રાવલી પ્રકારની નાન્દીનું લક્ષણ આપ્યું છે (પૃ. ૬), જે 'નાટ્યદર્પણ'માં મળ્યું નથી.

'રસાર્ણવસુધાકર'ના[૬] કર્તાની જેમ રાઘવભટ્ટ 'ભાવપ્રકાશન'[૭] (ઈ.સ. ૧૧૭૫–૧૨૫૦)નો ભાવપ્રકાશિકા તરીકે ઉલ્લેખ કરી, તેમાંથી નીચેનાં ત્રણ અવતરણો આપે છે:

પૃ. ૭ પૂર્વરંગની વ્યાખ્યા (પૃ. ૧૯૪); પૃ. ૯ કવિનું ગોત્રાદિવિધાન (પૃ. ૧૯૯); પૃ. ૧૭૩ પ્રકરીનું પ્રયોજન (પૃ. ૨૦૨).

સાગરનંદીના 'નાટકલક્ષણરત્નકોશ' (લગભગ ૧૨મી સદી)નું નામ ક્યાંય રાઘવભટ્ટે આપ્યું નથી પણ પ્રકરીની વ્યાખ્યા (પૃ. ૧૭૩), તેમણે તેમાંથી આપેલી જણાય છે.[૮]

રાઘવભટ્ટે વિશ્વનાથનું કે સાહિત્યદર્પણનું (ઈ. સ. ૧૩૦૦–૧૩૪૦) નામ ક્યાંય જણાવ્યું નથી, પણ તેમની ટીકામાંના નીચેના મુદ્દાઓ વિશેનાં અવતરણો તેમણે 'સાહિત્યદર્પણ'માંથી[૯] લીધેલાં જણાય છે:

પૃ. ૨૭ અભિપ્રાય (લક્ષણ) (૬.૧૮૨); પૃ. ૨૯ માધુર્ય (સ્ત્રીઓનો અલંકાર) (૩.૯૭); પૃ. ૩૮ ભાવ (નાયિકાનો અલંકાર) (૩.૯૩); પૃ. ૪૦ હેલા (નાયિકાનો વિકાર) (૩.૯૫); પૃ. ૧૦૯ માલા (લક્ષણ) (૬.૧૮૨).

આ ઉપરાંત રાઘવભટ્ટે સંસ્કૃત નાટકમાં ૩૩ નાટ્યાલંકારોના સ્વતંત્ર સ્થાનની હિમાયત કરી છે અને શાકુન્તલમાં તેમાંથી નીચેના નવ નાટ્યાલંકાર દર્શાવી, તેમની વ્યાખ્યા તેમણે સાહિત્યદર્પણના છઠ્ઠા પરિચ્છેદમાંથી (૬.૧૯૯–૨૧૨) લીધેલી જણાય છે: ઉલ્લેખ (પૃ. ૨૨), નીતિ (પૃ. ૨૪), અનુવૃત્તિ (પૃ. ૩૭), ઉપદેશ (પૃ. ૪૬), આશી (પૃ. ૧૩૭), અર્થવિશેષણ (પૃ. ૧૭૨), અક્ષમા (પૃ. ૧૮૩), ઉત્પ્રાસ (પૃ. ૧૮૫) અને પ્રહર્ષ (પૃ. ૨૬૪).

રાઘવભટ્ટે છઠ્ઠા અંકમાં નિર્દેશ કર્યો છે કે બીજા આચાર્યો પ્રવાસવિપ્રલમ્ભની પણ દસ દશાઓ ગણાવે છે. એમ કહીને તેમણે સાહિત્યદર્પણ (૩.૨૦૫–૨૦૬)માં આપેલી દસ દશાઓ

---

૬ ટી. વેંકટાચાર્ય, (સં.) રસાર્ણવ-સુધાકર, અડયાર લાયબ્રેરી એન્ડ રીસર્ચ સેન્ટર, અડયાર, ૧૯૭૯, પૃ. ૩૭.

૭ યદુગિરી સ્વામી, (સં) ભાવપ્રકાશન, ઓરિએન્ટલ ઈન્સ્ટીટયૂટ, વડોદરા, ૧૯૬૮.

૮ શાસ્ત્રી, બાબુલાલ, (સં.) નાટકલક્ષણરત્નકોશ, ચૌખંબા સંસ્કૃત સીરીઝ, વારાણસી, ૧૯૭૨, કારિકા ૨૬, પૃ. ૨૧.

૯ દ્વિવેદી, દુર્ગાપ્રસાદ, (સં.) સાહિત્યદર્પણ, દિલ્હી, ૧૯૮૨.

ગણાવી છે અને પછી દુષ્યંતના પાત્રમાં ત્યાં (પૃ. ૨૦૪) અસૌષ્ઠવ, કૃશતા, અરુચિ, અધૃતિ અને અનાલમ્બ, એ પાંચ દશા તેમણે (પૃ. ૨૦૪) દર્શાવી છે. તન્મયત્વ (પૃ. ૨૨૩) અને મૂર્છના (પૃ. ૨૨૯) નામની આમાંની બીજી બે દશાઓ પણ છઠ્ઠા અંકમાં તેમણે દર્શાવી છે. આ બધી દશાઓની વ્યાખ્યા પણ 'સાહિત્યદર્પણ'માંથી[૧૦] તેનું નામ આપ્યા વગર લીધી છે.

શિંગભૂપાલના 'રસાર્ણવસુધાકર' (ઈ. સ. ૧૩૪૦–૧૩૬૦)માંથી તેમણે ઘણાં અવતરણો આપ્યાં છે. મોટા ભાગનાં અવતરણો સુધાકર કે રસાર્ણવસુધાકરનું નામ આપીને ટાંક્યાં છે, જ્યારે કેટલાંક અવતરણો એમ જ નામ વગર આપ્યાં છે. તેમાંથી લીધેલાં અવતરણોના મુદ્દા નીચે મુજબ છે:

પૃ. ૮ પ્રરોચનાના બે પ્રકાર (૩.૧૪૩); પૃ. ૧૩ અવલગિતની વ્યાખ્યા (૩.૧૭૪); પૃ. ૧૪ પ્રસ્તાવનાની વ્યાખ્યા (૩.૧૭૬); પૃ. ૧૫ નાયકના ગુણો (૧.૬૧); પૃ. ૨૦ ભૂષણની વ્યાખ્યા (૩.૧૦૨); પૃ. ૩૩ સંધ્યંગોનો ક્રમ (૩.૭૭); પૃ. ૩૭ દંડ (સંધ્યન્તર)ની વ્યાખ્યા (૩.૮૫); પૃ. ૫૬ વિદૂષકનું વર્ણન (૧.૯૨); પૃ. ૫૯ અભિલાષની વ્યાખ્યા (૨.૧૮૨) પૃ. ૭૪ અભિલાષની રૂપની વ્યાખ્યા (૧.૧૮૦); પૃ. ૭૬ મોટ્ટાયિતની વ્યાખ્યા (૧.૨૦૪); પૃ. ૭૬ કન્યાની વ્યાખ્યા (૧.૧૦૮); પૃ. ૮૬ વિષ્કમ્ભકની વ્યાખ્યા (૩.૧૮૪); પૃ. ૧૧૭ સંધ્યંગોનું વૈકલ્ય (૩.૭૭); પૃ. ૧૧૯ પ્રાપ્ત્યાશાની વ્યાખ્યા (૩.૨૫); પૃ. ૧૧૯ પતાકાનું અનિત્યત્વ (૩.૨૮); પૃ. ૧૫૯ ઔત્સુકયની વ્યાખ્યા (૨.૮૧) પૃ. ૧૬૮ લાવણ્યની વ્યાખ્યા (૧.૧૮૧); પૃ. ૧૭૩ અવમર્શ સંધિની વ્યાખ્યા (૩.૫૮); પૃ. ૧૭૮ પ્રત્યુત્પન્નમતિ (સંધ્યન્તર)ની વ્યાખ્યા (૩.૮૬); પૃ. ૧૮૦ હેત્વવધારણ (સંધ્યન્તર)ની વ્યાખ્યા (૩.૯૧); પૃ. ૧૯૫ પ્રવેશકનું લક્ષણ (૩.૨૦૦); પૃ. ૨૩૮ નિર્વહણ સંધિ (૩.૬૮); પૃ. ૨૬૨ વિષાદની વ્યાખ્યા (૨.૧૦); પૃ. ૩૯ હાવની વ્યાખ્યા (૨.સુ. ૧.૧૯૩); પૃ. ૪૩ રૂપની વ્યાખ્યા (૨.સુ. ૧.૧૮૦); પૃ. ૬૫ મૃષ્વ (વીથ્યંગ)ની વ્યાખ્યા (૨.સુ. ૩.૧૮૦); પૃ. ૭૬ હેલાની વ્યાખ્યા (૨.સુ. ૧.૧૯૪); પૃ. ૮૩ વિદૂષકનું હાસ્ય (૨.સુ. ૨.૧૨૪); પૃ. ૧૧૭ ભયની વ્યાખ્યા (૨.સુ. ૨.૧૫૧).

આ ઉપરાંત રાઘવભટ્ટે ૩૬ નાટ્યલક્ષણોમાંથી ૧૬ લક્ષણો આ નાટકમાં દર્શાવ્યાં છે. તેઓ શિંગભૂપાલની માફક આ લક્ષણોને ભૂષણો તરીકે ઓળખે છે, એટલું જ નહીં તેમણે આમાંનાં મોટાભાગનાં લક્ષણો (અભિપ્રાય, માલા અને પદોચ્ચય સિવાયનાં)ની વ્યાખ્યા પણ રસાર્ણવસુધાકરમાંથી (૩–૯૭–૧૨૭) તેમણે આપી જણાય છે. આ ૧૬ લક્ષણો નીચે પ્રમાણે છે:

ભૂષણ (પૃ. ૨૦), અક્ષરસંઘાત (પૃ. ૨૫૬), હેતુ (પૃ. ૨૧૭), પ્રસિદ્ધિ (પૃ. ૨૯), ઉદાહરણ (પૃ. ૪૧), સંશય (પૃ. ૧૭૪), અભિપ્રાય (પૃ. ૨૭), નિદર્શન (પૃ. ૪૩), દાક્ષિણ્ય (પૃ. ૬૬), પદોચ્ચય (પૃ. ૩૧), નિરુક્ત (પૃ. ૩૦), અનુનય (પૃ. ૨૬૧), મનોરથ (પૃ. ૧૧૫), માલા (પૃ. ૧૦૯), મધુર (પૃ. ૨૬૭), અને દૃષ્ટ (પૃ. ૪૯). આ બાબતમાં એક નોંધપાત્ર બાબત એ છે કે તેમણે 'મધુર' નામનું જે ભૂષણ છેલ્લે

---

૧૦ સાહિત્યદર્પણ, ૩.૨૦૫–૨૦૮.

ગણાવ્યું છે, તેના પરથી સ્પષ્ટ થાય છે કે તેઓ નાટ્યલક્ષણોની બાબતમાં રસાર્ણવસુધાકરને ખૂબ અનુસરે છે. આ લક્ષણનું નામ બીજા નાટ્યશાસ્ત્રીઓ પ્રિયવચન આપે છે, જ્યારે શિંગભૂપાલ આને 'મધુર ભાષણ' તરીકે ઓળખે છે.[૧૧] ૩૬માંથી ૧૬ જેટલાં નાટ્યલક્ષણો નાટકમાં ઓળખીને રાઘવભટ્ટે દર્શાવ્યાં છે, તે તેમનું વિશિષ્ટ પ્રદાન છે. જગદ્ધર અને રુચિપતિએ માત્ર બે કે ત્રણ લક્ષણો જ દર્શાવ્યાં છે

આ ઉપરાંત રાઘવભટ્ટે ૨૧ સંધ્યન્તરોમાંથી નીચેનાં જે ૧૧ સંધ્યન્તરો નાટકમાં દર્શાવ્યાં છે, તેની વ્યાખ્યાઓ પણ રસાર્ણવસુધાકર (૩.૮૧–૯૩)માંથી આપેલી જણાય છે: સામ (પૃ. ૧૦૭), દંડ (પૃ. ૩૭), પ્રત્યુત્પન્નમતિ (પૃ. ૧૭૮), ઓજ (પૃ. ૨૩૩), ક્રોધ (પૃ. ૨૩૩), ભય (પૃ. ૨૩૧), સંવૃતિ (પૃ. ૮૪), ભ્રાન્તિ (પૃ. ૨૨૩), હેત્વધારણ (પૃ. ૧૮૦), ચિત્ર (પૃ. ૨૨૪), અને લેખ (પૃ. ૯૨).[૧૨]

વળી સંસ્કૃત નાટ્યશાસ્ત્રમાં વર્ણવેલી દશ કામદશાઓમાંથી નીચેની ૭ દશાઓને નાટકમાં દર્શાવી, તેની વ્યાખ્યા પણ રસાર્ણવસુધાકરમાં (૨.૧૮૨–૧૯૦)થી જ આપેલી છે: અભિલાષ (પૃ. ૫૯), ચિંતન (પૃ. ૫૯), અનુસ્મૃતિ (પૃ. ૬૨), ગુણકીર્તન (પૃ. ૭૪), ઉદ્વેગ (પૃ. ૮૯) અને અનુરાગ (પૃ. ૧૦૨). આ બાબતમાં વિશેષ એ નોંધવાનું કે ભરતનાટ્યશાસ્ત્રમાં છઠ્ઠી અવસ્થા તરીકે વિલાપનું નામ (૨૨.૧૬૨) મળે છે, જ્યારે અહીં એને બદલે અનુરાગને દર્શાવી, તેની વ્યાખ્યા 'રસાર્ણવસુધાકર' (૨.૧૧૧)માંથી લઈને ટાંકી છે.

રાઘવભટ્ટે આ નાટકના અંતભાગમાં, શાકુંતલ નાટકના મુખ્ય રસ સંભોગશૃંગારનું વિગતે નિરૂપણ કર્યું છે.[૧૩] તેમાં તેમણે બીજા અંકમાં દર્શાવેલા પૂર્વાનુરાગવિપ્રલંભની વ્યાખ્યા,[૧૪] ત્રીજા અંકના અંતમાં દર્શાવેલા કાર્યપ્રવાસવિપ્રલંભની વ્યાખ્યા તથા ચોથા અંકના આરંભમાં દર્શાવેલા શાપવિપ્રલંભની વ્યાખ્યા પણ 'રસાર્ણવસુધાકર'માંથી આપી છે.[૧૫] તેમણે પૂર્વાનુરાગવિપ્રલંભના સંચારી ભાવો તથા તેમની વ્યાખ્યા પણ રસાર્ણવસુધાકર અનુસાર જ દર્શાવી છે.[૧૬] આમ 'અર્થદ્યોતનિકા'ના કર્તા રાઘવભટ્ટ પર શિંગભૂપાલરચિત રસાર્ણવસુધાકરની ઊંડી અસર વર્તાય છે.

તેમણે નાટ્યશાસ્ત્રના પ્રસિદ્ધ ગ્રંથો ઉપરાંત બીજા કેટલાક ઓછા જાણીતા ગ્રંથોમાંથી પણ અવતરણો આપ્યાં છે, જેમ કે 'નાટ્યપ્રદીપ' નામના ગ્રંથમાંથી નાન્દીની (પૃ. ૫)

---

૧૧ રસાર્ણવસુધાકર, ૩.૧૦૧.

૧૨ જુઓ લેખ–ની.સુ. શાહ, 'સંધ્યન્તરો–એક અધ્યયન', સ્વાધ્યાય, પુ. ૨૨, અંક ૧, પૃ. ૧–૧૦; અંક ૨, પૃ. ૧૩૭–૧૫૦.

૧૩ નિર્ણયસાગર પ્રેસ દ્વારા પ્રકાશિત આ ટીકામાં અંતે આપેલ રસનિરૂપણનો ભાગ ન હોવાથી, તે અંગેના ઉલ્લેખો નીચેની આવૃત્તિમાંથી લીધા છે, કાલે, એમ. આર., (સં.) અભિજ્ઞાનશાકુંતલ, રાઘવભટ્ટની અર્થદ્યોતનિકા સાથે, મુંબઈ, ૧૯૬૯, પૃ. ૨૯૫–૨૯૮.

૧૪ ૨.સુ. ૨.૧૭૬–૧૭૭.

૧૫ ૨.સુ. ૨.૨૧૫–૨૧૭.

૧૬ ૨.સુ. ૨.૧૭૭; ૨.૯–૮૭.

અને નાન્દીમાંના પદની (પૃ. ૬) વ્યાખ્યા આપી છે. ‘નાટ્યલોચન’ નામના ગ્રંથમાંથી મષીવેષ વિશેનું (પૃ. ૭) અને ‘કદંય’ નામના ગ્રંથમાંથી સ્મરની દસ દશાઓ (પૃ. ૯૭) વિશેનું અવતરણ આપ્યું છે, તો ‘નાગરસર્વસ્વ’ નામના ગ્રંથમાંથી નાયિકાના ભાવ ‘વિલાસ’નું લક્ષણ (પૃ. ૫૦) આપ્યું છે.

નાટ્યશાસ્ત્રના ગ્રંથો જાણે તેમને ઓછા પડતા હોય તેમ રાઘવભટ્ટે સંગીતશાસ્ત્રના ગ્રંથોમાંથી પણ નાટકને લગતા તે તે પ્રસ્તુત મુદ્દા ઉપરનાં અવતરણો ટાંક્યાં છે, જેમ કે ‘સંગીતસર્વસ્વ’માંથી સૂત્રધારની (પૃ. ૬), ‘સંગીતકલ્પતરુ’માંથી નાન્દીની (પૃ. ૬) અને ‘સંગીતરત્નાકર’માંથી ચારણની (પૃ. ૭૯) વ્યાખ્યા આપી છે.

શિંગભૂપાલના ‘રસાર્ણવસુધાકર’ ઉપરાંત, શિંગભૂપાલે જેના પર ટીકા લખી છે તે શાર્ઙ્ગદેવના ‘સંગીતરત્નાકર’ની[૧૭] રાઘવભટ્ટ પર ઘણી અસર છે, તે બાબત નોંધવા લાયક છે. સંસ્કૃત નાટકના આ વિચક્ષણ ટીકાકારે, અભિજ્ઞાન–શાકુન્તલ નાટકને સાચા અર્થમાં નાટક તરીકે વિચાર્યું છે, તેથી એ નાટકની માત્ર નાટ્યશાસ્ત્રીય દૃષ્ટિએ સૈદ્ધાંતિક છણાવટ કરીને સંતોષ નથી માન્યો, પણ તેની અભિનયક્ષમતાનો પૂરેપૂરો વિચાર કર્યો છે. આ નાટકમાં જ્યાં જ્યાં તેને ભજવવા માટે રંગનિર્દેશો આપ્યા છે, ત્યાં ત્યાં, તેમને ‘સંગીતરત્નાકર’માંથી તેમની વ્યાખ્યાઓ આપી સરળ રીતે સમજાવ્યા છે, જેથી ભજવનાર નટોને યોગ્ય માર્ગદર્શન મળી રહે. નાટકમાં મળતા નીચેના રંગનિર્દેશોને તેમણે ‘સંગીતરત્નાકર’ના સાતમા અધ્યાયની મદદ લઈને સમજાવ્યા છે:

પૃ. ૨૭ વૃક્ષસેચનનો અભિનય (નલિનીપદ્મકોશ) (૭.૨૭૩), પૃ. ૩૩ ભ્રમરબાધાનો અભિનય (પતાક) (૭.૧૦૨), પૃ. ૪૦ શૃંગારલજ્જાનો અભિનય (પરાકૃત) (૭.૭૦–૭૧), પૃ. ૫૯ સ્નિગ્ધદૃષ્ટિનો અભિનય (સ્નિગ્ધા) (૭.૩૯૪), પૃ. ૮૬ ‘આકર્ણ્ય’નો અભિનય (પાર્શ્વાભિમુખ) (૭.૭૮), પૃ. ૮૮ મદનબાધાનો અભિનય (કર્કટ) (૭.૨૯૫), પૃ. ૯૧ વિષાદનો અભિનય (ધુન) (૭.૫૨–૫૩), પૃ. ૧૦૩ ભ્રૂના ઉન્નયનનો અભિનય (ઉત્ક્ષિપ્તા) (૭.૪૩૪–૪૩૬), પૃ. ૧૧૩ પરાવર્તનનો અભિનય (પરાવૃત્ત) (૭.૭૦), પૃ. ૧૧૯ કુસુમાવચયનો અભિનય (કરાલ) (૭.૧૨૨), પૃ. ૧૩૩ પ્રસાધનનો અભિનય (સંદંશ) (૭.૨૭૫), પૃ. ૧૪૩ અપક્રાન્તનો અભિનય (અપક્રાન્ત) (૭.૯૪૪), પૃ. ૧૯૬ અવતરણનો અભિનય (ગંગાવતરણ) (૭.૭૪૭), પૃ. ૧૯૮ કપોતહસ્તનો અભિનય (કપોત) (૭.૧૮૬), પૃ. ૨૩૬ રથમાં આરોહણ (ઊર્ધ્વજાનુ) (૭.૯૪૯), પૃ. ૨૧૬ રેખાનું લક્ષણ (૭.૧૨૧૬).

આમ રંગનિર્દેશોને રાઘવભટ્ટે ‘સંગીતરત્નાકર’ની મદદ લઈને સ્પષ્ટ કર્યા તે બરાબર છે, પણ આશ્ચર્ય એ બાબતનું લાગે છે કે તેમણે શૃંગાર સિવાયના જે રસો અંગભૂત રસ તરીકે આલેખાયા છે, તેમની વ્યાખ્યાઓ પણ નામ આપ્યા વગર, ‘સંગીતરત્નાકર’માંથી આપી છે, જેમ કે:

---

૧૭ શાસ્ત્રી, સુબ્રહ્મણ્યમ્, (સં.) સંગીતરત્નાકર વૉ. ૪, અધ્યાય ૭, અડ્યાર લાયબ્રેરી, અડયાર, ૧૯૫૩.

પૃ. ૧૬ ભયાનકરસની વ્યાખ્યા (૧૪૭૮–૮૦), પૃ. ૮૦ યુદ્ધવીરની વ્યાખ્યા (૧૪૬૪–૬૫); પૃ. ૧૩૩ કરુણરસની વ્યાખ્યા (૧૪૩૪–૩૫); પૃ. ૧૮૬ અદ્ભુતરસની વ્યાખ્યા (૧૪૯૪–૯૯); પૃ. ૨૩૨ બીભત્સરસની વ્યાખ્યા (૧૪૮૯–૯૩); પૃ. ૨૩૩ રૌદ્રરસની વ્યાખ્યા (૧૪૪૮–૧૪૫૬).

આ ઉપરાંત 'સંગીતસુધાનિધિ' નામના ગ્રંથમાંથી, શાકુંતલના છઠ્ઠા અંકમાંના 'ઉદ્ભ્રાન્ત' નામના (પૃ. ૨૩૦) અને સાતમા અંકમાંના અધરચેષ્ટા નામના (પૃ. ૨૫૦) રંગનિર્દેશની વ્યાખ્યા આપી છે.

આમ રાઘવભટ્ટે પોતાના સમય સુધી રચાયેલા અને ઉપલબ્ધ નાટ્યશાસ્ત્રના અને સંગીતશાસ્ત્રના ગ્રંથોનું અધ્યયન કરીને તેમનાં અવતરણો આપ્યાં છે. તેમણે આ નાટકમાં પાંચે સંધિઓમાંની પ્રત્યેક સંધિ કયાં સુધી ચાલે છે, તે સ્પષ્ટપણે દર્શાવ્યું છે.[૧૮] એટલું જ નહીં, આ ટીકામાં તેમના કેટલાક સ્વતંત્ર મત પણ રજૂ થયા છે, જે નાટ્યશાસ્ત્રની દૃષ્ટિએ ખાસ નોંધવાને લાયક છે.

શાકુંતલ નાટકની શરૂઆતમાં, ભૂષણ નામના નાટ્યલક્ષણને દર્શાવતાં, રાઘવભટ્ટ જણાવે છે કે ધનિક (ધનંજયને બદલે ધનિક કહ્યું છે) દશરૂપકની ઉપાન્ત્ય કારિકામાં (૪.૪૮) જણાવે છે કે ભૂષણ વગેરે ૩૬ નાટ્યલક્ષણનો અલંકાર વગેરેમાં અંતર્ભાવ થઈ જાય છે માટે તેમને જુદાં કહ્યાં નથી. આ મતનું ખંડન કરતાં રાઘવભટ્ટ (પૃ. ૨૦) જણાવે છે કે ભરતે નાટ્યશાસ્ત્રમાં તેમનાં ઉદ્દેશ અને લક્ષણ સોળમા અધ્યાયમાં જુદાં કહ્યાં છે, અભિનવ ભારતીમાં પણ તેનું જુદું મહત્ત્વ સ્વીકારાયું છે અને ભરતે પોતે આગળ ઉપર નાટકને **षट्त्रिंशल्लक्षणोपेतं गुणालंकारभूषितम्** । (૧૯.૧૧૮) કહ્યું છે તેથી ૩૬ નાટ્યલક્ષણો ઉપરાંત ૩૩ નાટ્યાલંકારોનું પણ ગ્રહણ થાય છે. આમ રાઘવભટ્ટ નાટ્યલક્ષણો અને નાટ્યાલંકારોનું નાટકમાં આગવું મહત્ત્વ સ્વીકારીને તેમને શાકુંતલમાં જે તે સ્થળે દર્શાવે છે.

પ્રથમ અંકમાં, મુખસંધિનાં અંગો દર્શાવતી વખતે તેમણે કહ્યું છે (પૃ. ૩૩) કે નાટકકારથી સંધિનાં અંગો, ઉદ્દેશવાકયના ક્રમ પ્રમાણે ન નિરૂપાય તો તે દોષ ન ગણાય, કારણ કે શિંગભૂપાલે રસાર્ણવસુધાકરમાં (૩.૭૭) કહ્યું છે તેમ ભરત વગેરેએ પણ આ ક્રમનો અનાદર કરેલો છે તેમ જ વિચક્ષણ નાટ્યશાસ્ત્રીઓએ લક્ષ્યનું કથન કરતી વખતે ક્રમમાં ફેરફાર કર્યો છે. અહીં તેઓ કદાચ ધનિકના મતનો[૧૯] તથા અભિનવના આ વિશેના મતનો ઉલ્લેખ કરતા લાગે છે.[૨૦]

આ જ વાત તેમણે ત્રીજા અંકના અંતમાં કહી છે (પૃ. ૧૧૭). આ નાટકની

---

૧૮ મુખસંધિ (પૃ. ૧૫); પ્રતિમુખસંધિ (પૃ. ૭૦); ગર્ભસંધિ (પૃ. ૧૧૯); અવમર્શસંધિ (પૃ. ૧૭૩) અને નિર્વહણસંધિ (પૃ. ૨૩૮).

૧૯ દશરૂપક, ૧.૨૯ પરની ટીકા.

૨૦ નાટ્યશાસ્ત્ર, વૉ. ૩ (ગા. ઓ. સિ.), ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યૂટ, વડોદરા, ૧૯૫૪, પૃ. ૩૬–૩૭.

પ્રતિમુખસંધિમાં, નર્મ, નર્મદ્યુતિ અને ઉપાસના એ ત્રણ અંગો નિરૂપાયાં નથી, એમ દર્શાવીને જણાવ્યું છે કે કેટલાંક અંગો આડાંઅવળાં નિરૂપાયાં છે, તેને દોષ ન ગણવો, કારણ કે નાટ્યશાસ્ત્રમાં (૧૯.૧૦૨) કહ્યું છે કે કવિઓએ સંધિનાં અંગો, કયારેક બે ત્રણ ઓછાં ને આઘાપાછાં પણ રસભાવની અપેક્ષાથી નિરૂપવાં. આ જ બાબત તેમણે ટીકાને અંતે આવેલ શૃંગારરસનું નિરૂપણ[૨૧] કરતાં ચર્ચી છે અને તે માટે આનન્દવર્ધનના 'ધ્વન્યાલોક'માંથી[૨૨] સમર્થન આપ્યું છે કે કવિઓએ સંધિઓ અને સંધ્યંગો વગેરેને રસાભિવ્યક્તિની અપેક્ષાથી, નહીં કે શાસ્ત્રોના સિદ્ધાંતોને સંપાદન કરવાની ઇચ્છાથી, નિરૂપવા. આમ નાટ્યશાસ્ત્રના ગ્રંથોમાં કહેલાં સંધ્યંગોના ક્રમમાં કંઈક ફેરફાર થાય કે એક બે ઓછાં હોય તો તેમાં દોષ નથી એમ તેઓ માને છે.

રાઘવભટ્ટ મુખસંધિનું નિરૂપણ દર્શાવતાં શરૂઆતમાં કહે છે કે પાંચ અર્થપ્રકૃતિઓ અને પાંચ અવસ્થાઓ અનુક્રમે એકબીજા સાથે જોડાવાથી મુખ વગેરે પાંચ સંધિઓ બને છે (પૃ. ૧૫). પછી ચતુર્થઅંકના પ્રારંભમાં ગર્ભસંધિની સમજ આપતાં કહે છે કે પ્રાપ્ત્યાશા તો આ સંધિમાં નિયતપણે હોય જ, પણ ધનિ કે (ધનંજયે) કહ્યું છે (૧.૩૬) તેમ ગર્ભ-સંધિમાં પતાકા હોય કે ન પણ હોય. આમ કહીને રાઘવભટ્ટ પોતે જ આગળ કહેલી બાબતમાં વિસંગતિ ઊભી કરે છે. દશરૂપકકાર (૧.૩૬) અને શિંગભૂપાલે (૨.સુ. ૩.૨૮) પણ કહે છે કે ગર્ભસંધિમાં પતાકા હોય કે ન હોય તો પણ ચાલે. આમ રાઘવભટ્ટના મત પ્રમાણે ગર્ભસંધિમાં પતાકા અને પ્રાપ્ત્યાશાનો સમન્વય અનિવાર્ય નથી.

પાંચમા અંકના અંતભાગમાં (પૃ. ૧૭૩) તેઓ પ્રકરી વિશેની ચર્ચા કરતાં કહે છે કે ભાવપ્રકાશન (પૃ. ૨૦૨)માં આપેલી વ્યાખ્યાને સ્વીકારીને છઠ્ઠા અંકના શરૂઆતમાંના, બે ચેટીઓના પ્રવેશથી માંડીને રાજાના આગમન સુધીના વૃત્તાંતને પ્રકરી કહી શકાય, જ્યારે કોઈએ (નાટ્યલક્ષણરત્નકોશ) આપેલા પ્રકરીના લક્ષણને માન્ય રાખીને, માતલિવૃત્તાંતને કેટલાક પ્રકરી ગણે છે તે બરાબર નથી (પૃ. ૧૭૩)[૨૩] તેનું કારણ આપતાં તે જણાવે છે કે તે વૃત્તાંત અવમર્શસંધિના અંતમાં હોઈ, સંધ્યંગો તેના પછી આવતાં નથી. આમ તેમના મત પ્રમાણે પ્રકરી સંધિની શરૂઆતમાં હોય અને સંધ્યંગોમાંનાં બધાં નહીં તો કેટલાંક તો તેના પછી આવતાં હોવાં જોઈએ.

રાઘવભટ્ટ પતાકાસ્થાનકોના સ્થાનને દર્શાવતાં જણાવે છે કે માતૃગુપ્તે કહ્યું છે કે પ્રથમ ચાર સંધિમાં પતાકાસ્થાનકના (ચાર) ભેદ યોજવા (પૃ. ૧૧૪). તેઓ પોતે પણ મુખસંધિમાં પ્રથમ (પૃ. ૪૦), પ્રતિમુખસંધિમાં દ્વિતીય (પૃ. ૧૧૩) અને ગર્ભસંધિમાં તૃતીય પતાકા-સ્થાનક (પૃ. ૧૨૭, પૃ. ૧૫૬) દર્શાવે છે, તે પરથી લાગે છે કે તેઓ પોતે પણ માતૃગુપ્ત સાથે આ બાબતમાં સહમત થાય છે.

---

૨૧ કાલે, (સં.) એમ. આર, અભિજ્ઞાન-શાકુંતલ પરની અર્થદ્યોતનિકા ટીકા, પૃ. ૨૯૮.

૨૨ શાસ્ત્રી, (સં.) પટ્ટાભિરામ, ધ્વન્યાલોક. પ્ર. જયકૃષ્ણદાસ ગુપ્તા, વારાણસી, ૧૯૪૦, ૩-૧૧-૧૨.

૨૩ નાટ્યલક્ષણરત્નકોશ, કારિકા, ૨૬, પૃ. ૨૧.

રાઘવભટ્ટ બીજા અંકમાં પૂર્વાનુરાગવિપ્રલંભની અભિલાષ, ચિંતન વગેરે દશાઓનો ઉલ્લેખ કરે છે (પૃ. ૫૯), જ્યારે ત્રીજા અંકમાં 'કદ્રય' પ્રમાણે નયનપ્રીતિ ચિત્તાસંગ વગેરે બીજી દસ દશાઓને દર્શાવે છે (પૃ. ૯૭). આ પૂર્વાપર વિરોધને સમજાવતાં કહે છે કે આચાર્યોના મતભેદને લીધે આ અવસ્થાઓ જુદી જુદી આપી છે. પોતાના મતના સમર્થનમાં કોઈનો મત આપે છે (પૃ. ૯૭) કે અભિલાષ વગેરે અવસ્થાઓ નયનપ્રીતિ વગેરેમાં હોવાનો સંભવ હોવાથી, ખરેખર તેમનું ઐક્ય સંભવી શકે, પણ લાંબા સમયથી આમ ચાલતું આવ્યું હોવાને કારણે તેમને જુદી પાડીને કહી છે. આમ તેઓ માને છે કે કામની જુદી જુદી દર્શાવેલી દશાઓ ખરેખર ખાસ જુદી નથી.

તેમણે પાંચમા અંકના બીજા શ્લોક પર વિવેચન કરતાં કહ્યું છે કે આમાં 'ઔત્સુક્ય' નામના વ્યભિચારી ભાવનું આલેખન થયું છે (પૃ. ૧૫૯). એમાંના 'पर्युत्सुकी भवति' શબ્દથી થયેલું આ ભાવનું શબ્દવાચ્યત્વ દોષજનક ગણાય કે કેમ તેની ચર્ચા કરતાં તેમણે જણાવ્યું છે કે વિભાવાદિથી અહીં એટલી ઔત્સુક્યપ્રતીતિ થતી નથી. જેટલી ઔત્સુક્ય-ગ્રહણથી થાય છે, માટે શબ્દવાચ્યત્વ દોષજનક નથી. પોતાના મતના સમર્થનમાં, કોઈનો મત ટાંક્યો છે કે સંચારીભાવો ક્યારેક શબ્દવાચ્ય હોય તો તે દોષ ન ગણાય.

રાઘવભટ્ટ ભરતવાક્ય નટવાક્ય તરીકે સમજાવે છે. તેઓ જણાવે છે કે નાટકના અભિનયની સમાપ્તિ થતાં, નટ સામાજિકોને આ રીતે આશીર્વાદ આપે છે. તેને તેઓ વધારે સ્પષ્ટ કરતાં કહે છે કે, પ્રસ્તાવના પછી નટવાક્યનો અભાવ હોય છે, તેની પૂર્તિ કરવા ભરતવાક્ય અહીં મૂકાયું હોય છે (પૃ. ૨૭૧). ભરતવાક્ય વિશેનો તેમનો આ મત વિચારવા જેવો છે.

આ ઉપરાંત અભિજ્ઞાન-શાકુંતલ નાટકના એક બે મહત્ત્વના મુદ્દાઓ વિશેના તેમના મત, ટીકાના અંતમાં આવેલ રસનિરૂપણનું વિવેચન કરતા ભાગમાં મળે છે. શાપવિપ્રલંભનો ઉલ્લેખ કરતાં તેઓ કહે છે કે દુષ્યંત રાજા પોતે શાપથી અજ્ઞાન હોવાને લીધે, તેના પક્ષે રતિનું અનુસંધાન ન રહે તો, 'અંગીનું સંધાન નથી' એવો પ્રબન્ધમાં દોષ આવે માટે તેનો પરિહાર કરવા હંસપદિકાનું ગીત સાંભળ્યા પછી રાજાની ઉક્તિ આપી છે કે, 'ગીત સાંભળ્યા પછી ઈષ્ટજનવિરહ વિના પણ કોણ જાણે કેમ હું ખૂબ ઉત્કંઠિત થયો છું.' આનાથી રતિનું અનુસંધાન થાય છે.[૨૪] અંગીરસનું અનુસંધાન સતત રહેવું જોઈએ એ પોતાના મતના સમર્થનમાં એમણે 'ધ્વન્યાલોક'નું તે બાબતનું અવતરણ પણ આપ્યું છે.[૨૫] આ પરથી કહી શકાય કે રાઘવભટ્ટની દૃષ્ટિએ હંસપદિકાનું ગીત અંગીરસના અનુસંધાન માટે અગત્યનું છે.

તે જ રીતે ત્યાં તેમણે દર્શાવ્યું છે. દુષ્યંત જેવા મહાપુરુષનો સંમોહ કારણ વિના અનુચિત છે. માટે જ કાલિદાસે દુર્વાસાનો શાપ મૂળમાં ન હોવા છતાં નિરૂપ્યો છે. આમ કહીને તેમણે દુષ્યંત માટેનો પોતાનો આદરભાવ વ્યક્ત કર્યો છે ને દુર્વાસાના શાપપ્રસંગના નાટ્યગત મહત્ત્વ તરફ પણ અંગુલિનિર્દેશ કરી દીધો છે.

---

૨૪ કાલે, (સં.) એમ. આર., અર્થદ્યોતનિકા ટીકા, પૃ. ૨૯૭.

૨૫ ધ્વન્યાલોક, ૩.૧૩.

આમ, અભિજ્ઞાન–શાકુંતલ પરની અર્થદ્યોતનિકા ટીકામાં મળતા નાટ્યશાસ્ત્રના ગ્રંથોમાંના ઉલ્લેખો તથા કેટલેક સ્થાને સીધી કે આડકતરી રીતે વ્યક્ત થયેલા તેમના પોતાના મૌલિક મતોને વિચારતાં કહી શકાય કે તેમણે ટીકાની પુષ્પિકામાં પોતાને માટે વાપરેલ '**नाटचालंकृतिशास्त्रतत्त्वविदुषा**' વિશેષણ સાર્થક લાગે છે. વળી તેમણે, સંધ્યંગો અને સંધ્યન્તરો વચ્ચેનો સૂક્ષ્મ તફાવત પારખીને, નાટકમાં તેમને દર્શાવ્યા છે. ઉપમા, રૂપક વગેરે અલંકારો ઉપરાંત ભૂષણ, અક્ષરસંઘાત વગેરે નાટ્યલક્ષણો પણ ઓળખાવ્યાં છે. રંગનિર્દેશોને સમજાવ્યા છે–આ બધા ઉપરથી નાટ્યશાસ્ત્રની ઊંડી સૂઝ ધરાવતા આ વિવેચકે પોતાના માટે વાપરેલ '**निशातमतिना**' શબ્દ પણ હકીકતનો જ સૂચક બની રહે છે.[૨૬]

ટીકાની પુષ્પિકામાં, રાઘવભટ્ટે જણાવ્યા મુજબ તેઓ પૃથ્વીધરના પુત્ર હતા અને તેમણે આ ટીકા વિશ્વેશ્વરપત્તનમાં રચી હતી.[૨૭] રાઘવભટ્ટે, 'માલતીમાધવ' પર પણ ટીકા લખ્યાનું શ્રી કૃષ્ણમાચારીએ નોંધ્યું છે,[૨૮] પણ તે ટીકા હાલ ઉપલબ્ધ નથી.

રાઘવભટ્ટે ભલે નાટ્યશાસ્ત્રનો એક પણ ગ્રંથ ન રચ્યો હોય, પણ શાકુંતલ પર ટીકા લખીને તેમણે નાટ્યશાસ્ત્રીઓની હરોળમાં સ્થાન મેળવ્યું છે, તે તેમની નાટ્યવિવેચક તરીકેની જેવી તેવી સિદ્ધિ નથી. ટૂંકમાં કહી શકાય કે સંસ્કૃત નાટક પરની આદર્શ ટીકાનો ઉત્તમ નમૂનો તેમણે પૂરો પાડ્યો છે.

---

૨૬ કાલે, એમ. આર. સંપાદિત અર્થદ્યોતનિકા ટીકા, પૃ. ૨૯૮

૨૭ એજન.

28 Krishnamachariar, History of Sanskrit Classical Literature, Benaras, 1974, para 646.

# વૈષ્ણવ રસશાસ્ત્ર—એક દૃષ્ટિપાત

ચિત્રા પી. શુક્લ*

વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈતમાં ભક્તિને ઘણું મહત્ત્વ અપાયું છે. બંગાળાના શ્રીકૃષ્ણ ચૈતન્ય પણ ભક્તિમાર્ગના ઉપાસક હતા, અને વલ્લભાચાર્યના સમકાલીન હતા. તેઓ ખૂબ તીવ્ર, ઉત્કટ અને પ્રબળ ભક્તિના નશામાં તરબોળ થઈ જતા અને વારંવાર ભક્તિના આવેગથી મૂર્છિત થઈ જતા. શ્રીકૃષ્ણ ચૈતન્યે પોતે ખાસ કાંઈ લખ્યું નથી પણ તેમના ઉત્કટ ભાવાવેગની અસર ઘણા ભક્તો ઉપર થઈ જેને પરિણામે બંગાળના વૈષ્ણવ સંપ્રદાયને વિશિષ્ટ અસ્તિત્વ પ્રાપ્ત થયું. વલ્લભાચાર્યના સંપ્રદાય કરતાં આ સંપ્રદાયમાં રાધાને ઘણું વધારે મહત્ત્વ મળ્યું. શ્રીકૃષ્ણ ચૈતન્યની પરંપરામાં સોળમી સદીમાં થઈ ગએલા સનાતન, રૂપ અને જીવ ગોસ્વામીએ ઉત્કટ ભક્તિને શાસ્ત્રનું સ્વરૂપ આપ્યું અને રસશાસ્ત્રમાં ભક્તિરસને વ્યવસ્થિત રૂપે પ્રાધાન્ય આપ્યું. બ્રહ્મવૈવર્ત, પદ્મપુરાણ જેવાં પુરાણો અને ગોપાલતાપિની, નારાયણ, નૃસિંહતાપિની જેવાં ઉપનિષદોને આ રસશાસ્ત્રીઓ આધારભૂત/પ્રમાણ તરીકે ટાંકે છે.

શ્રીરૂપગોસ્વામીના ભક્તિરસામૃતસિન્ધુ, ઉજ્જ્વલનીલમણિ, નાટકચન્દ્રિકા તેમ જ કવિ કર્ણપૂરગોસ્વામીના અલંકારકૌસ્તુભમાં વૈષ્ણવ રસશાસ્ત્રની સ્થાપના થઈ છે. આ રસશાસ્ત્ર ભરતના નાટ્યશાસ્ત્રમાં વ્યક્ત થઈ પરંપરાનું સંતાન છે તો બીજી રીતે એ પરંપરાથી ઘણું ભિન્ન પણ છે. ખાસ કરીને ભાવો અને રસોની સંખ્યામાં તેમ જ નાયકનાયિકાનિરૂપણમાં આ રસશાસ્ત્ર ભરતની પરંપરાથી જુદું પડે છે.

વૈષ્ણવ રસશાસ્ત્ર પ્રમાણે ભક્તિ અથવા મધુરરસ એકમાત્ર રસ છે અને કૃષ્ણવિષયક રતિ તેનો સ્થાયી ભાવ છે. આ રતિના મુખ્ય અને ગૌણ એવા બે વિભાગો પડે છે. શુદ્ધ સત્ત્વથી સંયુક્ત રતિ તે શુદ્ધા રતિ. તેના પાંચ પ્રકાર છે. શાંતિરતિ, પ્રીતિરતિ, સખ્યરૂપા રતિ, વાત્સલ્યભક્તિ અને મધુરા અથવા પ્રિયતારતિ. આ સ્થાયી ભાવોમાંથી અનુક્રમે શાંત, પ્રીતિ, પ્રેયાન્, વત્સલ અને મધુર એવા પાંચ રસો નિષ્પન્ન થાય છે. ગૌણ રતિ વિભાવના ઉત્કર્ષથી ઉત્પન્ન ભાવને પ્રકાશિત કરે છે, અને એના સાત પ્રકાર છે. હાસ, વિસ્મય, ઉત્સાહ, શોક, ક્રોધ, ભય અને જુગુપ્સા. જુગુપ્સા સિવાયના ભાવોનું આલંબન શ્રીકૃષ્ણ છે, જેને આધારે હાસરતિ, વિસ્મયરતિ વગેરે સાત રસો નિષ્પન્ન થાય છે. જુગુપ્સાભાવનું આલંબન મનુષ્યદેહ છે. આમ વૈષ્ણવ રસશાસ્ત્ર અનુસાર રસોની સંખ્યા બાર છે. મધુરરસને આ રસશાસ્ત્રીઓએ ઉજ્જ્વલરસ કહ્યો છે અને તે શૃંગારરસ તરીકે પણ જાણીતો છે. તેના સંભોગ અને વિપ્રલંભ એવા બે

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૩૪૯–૩૫૨.

* સ. પ. યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.

પ્રકારો છે. આ બંને પ્રકારોમાં શ્રી કૃષ્ણ જ કેન્દ્રસ્થાને છે. આ પરંપરા અનુસાર કાવ્યો, ચંપૂ અને રૂપકોની રચના પણ થઈ. લલિતમાધવ, વિદગ્ધમાધવ, દાન-કેલિ-કૌમુદી જેવાં આ પરંપરાનાં રૂપકોમાં મુખ્ય રસ મધુર છે. કૃષ્ણ પ્રત્યેના મુનિઓના ભાવમાંથી શાંત, ભક્તોના શ્રીકૃષ્ણ પ્રત્યેના દાસ્ય ભાવમાંથી પ્રીતિ, સુદામા જેવા મિત્રોના મૈત્રીભર્યા પ્રેમમાંથી પ્રેયાન્, યશોદા કે નંદના કૃષ્ણ પ્રત્યેના વાત્સલ્યમાંથી વત્સલરસની નિષ્પત્તિ થઈ છે.

નાયકનાયિકાવિભાગમાં પતિ ઉપરાંત ઉપપતિ અને પરકીયા સાથેનો પ્રેમ આ રસશાસ્ત્ર માન્ય રાખે છે. સંભોગશૃંગારમાં સંક્ષિપ્ત, સંપન્ન, સમૃદ્ધ જેવા પ્રકારો તેમ જ રાગના નીલિ, કૌસુમ્ભ, માઞ્જિષ્ઠ જેવા પ્રકારો આ રસશાસ્ત્રમાં ગણાવવામાં આવ્યા છે. અલબત્ત, આ પ્રભેદો ચૌદમી સદીના અંતભાગમાં થઈ ગએલા સિંહભૂપાલે પોતાના રસાર્ણવસુધાકરમાં આપ્યા છે; ભોજના સરસ્વતીકંઠાભરણમાં પણ આવા નિર્દેશો મળે છે. રસાર્ણવસુધાકરનો ઉલ્લેખ વૈષ્ણવ રસશાસ્ત્રના લેખકો વારંવાર કરે છે.

આ રસશાસ્ત્રના લેખકો નાટક અને નાટ્યરસો ઉપર વધુ લખે છે. અલંકારકૌસ્તુભના લેખક કવિ કર્ણપૂરગોસ્વામી કાવ્યસ્વરૂપ વિષે લખે છે. કાવ્યની વ્યાખ્યા તેઓ कविवाङ्-निर्मितिः काव्यम् એવી આપે છે. કાવ્યપુરુષનું વર્ણન કરતાં તેઓ શબ્દાર્થને શરીર, ધ્વનિને પ્રાણ, રસને આત્મા, માધુર્યાદિને ગુણ, ઉપમાદિને અલંકાર અને કાવ્યદોષોને દોષરૂપે ગણે છે. પરંતુ કાવ્યની વ્યાખ્યામાં, વક્રોકિતજીવિતકાર કુન્તકની જેમ કવિનો સીધો ઉલ્લેખ અલંકાર-કૌસ્તુભકાર કરે છે તે ખાસ નોંધપાત્ર છે. કવિ શાસ્ત્રકોવિદ, સ-રસ અને પ્રતિભાશાળી હોવો જોઈએ અને પૂર્વજન્મના સંસ્કાર હોય તો જ તે કાવ્ય રચી શકે એવું તેઓ માને છે.

ભરતના આઠ સ્થાયી ભાવો આઠ પ્રકારની ચિત્તવૃત્તિઓને પ્રાધાન્ય આપે છે. મૈત્રી, પ્રેમ, દાસ્ય, વાત્સલ્ય જેવા મનુષ્યજીવનને ઉદાત્ત અને સંતર્પક બનાવતા ભાવોને વૈષ્ણવ રસશાસ્ત્ર સ્થાયી ભાવોનું ગૌરવ આપી રસોની સંખ્યા વધારે છે. માનવમન અત્યંત સંકુલ છે. ભરતે નિર્દેશેલા આઠ સ્થાયીભાવો માનવમનની ગહનતાને માપવા માટે પૂરતા નથી. આને કારણે જ આનંદવર્ધને અસંલક્ષ્યક્રમવ્યઙ્ગ્ય એવા રસધ્વનિમાં માત્ર રસ જ નહીં પરંતુ ભાવ, રસાભાસ, ભાવાભાસ અને ભાવોના ઉદય, સંધિ, પ્રશમ, શબલતા વગેરેના ધ્વનિને પણ સમાવિષ્ટ કર્યા છે. આમ ઊર્મિની સંકુલ દશાઓના નિરૂપણથી ઉદ્‌ભવતા સૌન્દર્યને પૂરેપૂરું પિછાનીને આનંદવર્ધને તેનું સ્થાન નિયત કર્યું છે. રસ અને ભાવોનાં અંગાંગિભાવની આનંદવર્ધને કરેલી ચર્ચા પણ આ સૌન્દર્ય પરત્વેની જાગરૂકતા સૂચવે છે. શાન્તરસને માન્યતા આપતા હોવા છતાં આનંદવર્ધન રસ-ભાવના નિરૂપણમાં ભરતના નાટ્યશાસ્ત્રને પ્રમાણભૂત ગણે છે. મૈત્રી, વાત્સલ્ય કે પ્રભુ પ્રત્યેની પ્રીતિ જેવી લાગણીઓ આનંદવર્ધનને મતે ભાવ થશે તો વૈષ્ણવ રસશાસ્ત્ર અનુસાર તે રસ છે. રાધા, વૃન્દા, ગોપીઓ વગેરેનો કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ ભરત અને આનંદવર્ધનની પરંપરા પ્રમાણે શૃંગારરસનો આભાસ બનશે કારણ કે ઉપપતિને આ પરંપરા માન્ય રાખતી નથી અને નીતિની દૃષ્ટિએ તેમાં અનૌચિત્ય જુએ છે. આ પ્રણયને અપ્રાકૃત ગણતા હોવાથી વૈષ્ણવ રસશાસ્ત્રમાં અનૌચિત્યનો પ્રશ્ન ઊઠતો નથી. પરિણામે વૈષ્ણવ રસશાસ્ત્ર પ્રમાણે રાધા-કૃષ્ણના પ્રણયમાં રસાભાસ નહીં પરંતુ મધુર અથવા ઉજ્જવલ રસની નિષ્પત્તિ થશે. આવી રતિને આ

રસશાસ્ત્ર આધ્યાત્મિક કક્ષાએ લઈ જાય છે. ઉત્કટ અને પ્રબળ ભક્તિભાવ ન ધરાવતા સહૃદય વાચકોને લલિતમાધવ કે વિદગ્ધમાધવ જેવી કૃતિઓ વાંચતાં ઔચિત્યભંગ થતો લાગે, પણ ભારતીય સંગીત, શિલ્પ, નૃત્ય, અને ચિત્ર કલાઓએ આવા પ્રણયને નિર્બંધ રીતે અભિવ્યક્ત કરી પરમ સૌન્દર્યની નિષ્પત્તિ કરી છે.

રૂપગોસ્વામીની પૂર્વે જયદેવે પોતાના ગીતગોવિન્દમાં રાધા અને કૃષ્ણના ઉદ્દામ શૃંગારનું નિરૂપણ કર્યું છે. રાધાકૃષ્ણના પ્રણયની અપ્રાકૃતતા ઉપરનો વૈષ્ણવ રસશાસ્ત્રનો ભાર આ સાહિત્યને romanticismનો ઓપ આપે છે. આ લલિતમાધવ જેવી કૃતિઓના આસ્વાદ વખતે willing suspension of disbelief અનુભવાય છે. આ શૃંગારવર્ણનોમાં ગૂઢ રહસ્યમયતા અનુભવાય છે જેને કારણે remoteness, strangeness જેવાં romanticismનાં લક્ષણો આવી કૃતિઓને લાગુ પડે છે.

ભરતના નાટ્યશાસ્ત્રને અનુસરતા નાટ્યકારોએ શ્રીકૃષ્ણના જીવનવૃત્તાન્તમાંથી વીરરસ, અદ્ભુતરસ અને શ્રીકૃષ્ણની પરિણીત રાણીઓ સાથેના પ્રણયના પ્રસંગોને નિરૂપી નાટકો લખ્યાં છે. ભાસનાં દૂતવાક્ય, બાલચરિત, વત્સરાજનું રુક્મિણીપરિણય, વિશ્વરૂપ ભટ્ટારકનું મુરારિ-વિજય, કૃષ્ણદેવરાયનું જામ્બવતીપરિણય, શેષકૃષ્ણનું કંસવધ, કુમાર તાતાચાર્યનું પારિજાતહરણ, રામવર્મવંચિ યુવરાજનું રુક્મિણીપરિણય જેવાં રૂપકો ભરતના નાટ્યશાસ્ત્રની પરંપરાને અનુસરે છે અને ભાગવતપુરાણ કે હરિવંશને આધારે કથાવસ્તુની ગૂંથણી કરે છે. રૂપગોસ્વામીનાં વિદગ્ધમાધવ, લલિતમાધવ, દાનકેલિકૌમુદી જેવાં રૂપકો વૈષ્ણવ રસશાસ્ત્રને આધારે રચાયાં છે. આ રસશાસ્ત્રની અસર શ્રીકૃષ્ણનું જીવનવૃત્તાન્ત નિરૂપતાં બીજાં ઉત્તરકાલીન નાટકો ઉપર પણ થઈ છે. ૧૮મી સદીના પ્રારંભમાં થઈ ગએલા સામરાજ દીક્ષિતના શ્રીદામચરિત તેમ જ રાઘવેન્દ્રકૃત રાધામાધવ અને વીસમી સદીના યતીન્દ્રવિમલચૌધુરીના આનંદરાધમ્ જેવાં નાટકો ભરતની નાટ્યશાસ્ત્રની પરંપરાને અનુસરે છે છતાં રાસલીલા અને રાધાકૃષ્ણના પ્રણયપ્રસંગોનાં વર્ણનો કરવાના આકર્ષણને રોકી શકતા નથી.

## સંદર્ભગ્રન્થો


१ अलंकारकौस्तुभ by कविकर्णपूर, Ed. R. S. Nagar, Parimal publications, Delhi, 1981.

२ उज्ज्वलनीलमणि by रूपगोस्वामी, (काव्यमाला ९५), निर्णयसागर, मुंबइ, १९३२.

३ कंसवध by शेषकृष्ण, (काव्यमाला ६) (3 rd Ed.), निर्णयसागर, मुंबइ, १९३५.

४ जाम्बवतीपरिणय by कृष्णदेवराय, (Unpublished Ms. no. B 10691, D 4360) T. M. S. S. Tanjore.

५ दानकेलिकौमुदी by रूपगोस्वामी, भारती रिसर्च इन्स्टीटयूट, इन्दौर, १९७६,

६ दूतवाक्य by भास (भासनाटकचक्र Part 1), सं. बलदेव उपाध्याय, चौखम्बा संस्कृत सीरिज़, वाराणसी.

७ नाटकचन्द्रिका by रूपगोस्वामी, सं. बाबूलाल शुक्ल, चौखम्बा संस्कृत सीरिज़, वाराणसी, १९८४.

८ पारिजातहरण by कुमार ताताचार्य, Ed. N. S. Devnathacary, T. M. S. S. 1956.

९ भक्तिरसामृतसिन्धु by रूपगोस्वामी, सं. श्यामनारायण पाण्डेय, साहित्यनिकेतन, कानपुर, १९६५.

१० मुरारिविजय by विश्वरूप भट्टारक, (Unpublished Ms. no 7584) Oriental Institute, Baroda.

११ रसार्णवसुधाकर by सिंहभूपाल Ed. T. Venkatacarya, Adyar Library and Research Centre, 1979.

१२ राधामाधव by राघवेन्द्र, (Unpublished Ms. no. 474, 1895, 1902.) B. O. R. I., Puna.

१३ रुक्मिणीपरिणय by रामवर्मवञ्चि युवराज, (काव्यमाला ४०), निर्णयसागर, मुंबइ, १९२७.

१४ रुक्मिणीपरिणय by वत्सराज, (G. O. S. No. 4), Ed. Chimanlal D. Dalal, Oriental Institute, Baroda, 1932.

१५ ललितमाधव by रूपगोस्वामी, सं. बाबूलाल शुक्ल, चौखम्बा संस्कृत सीरिज़, वाराणसी, १९६१.

१६ विदग्धमाधव by रूपगोस्वामी, सं. रमाकान्त झा, चौखम्बा संस्कृत सीरिज़, वाराणसी, १९७०.

१७ श्रीदामचरित by सामराज दीक्षित, (Unpublished Ms. no. 508, 1891–95), B. O, R. I., Puna.

# શ્રીવલ્લભાચાર્યમત–એક પરિચય*

ભગવત્પ્રસાદ પનાલાલ પંડ્યા*

ભારતના અનેક અમૂલ્ય હસ્તલિખિત ભંડારોમાં હજુ અનેક વિષયોની અપ્રકાશિત પોથીઓનો ભંડાર સચવાયેલો પડ્યો છે. તેમાંથી ઑગ્ઝે યુનિવર્સિટી લાયબ્રેરીના હસ્તલિખિત ભંડારમાંથી 'वल्लभाचार्यमत' નામની (નંબર ૨૧૨૪) એક હસ્તલિખિત પોથી પ્રાપ્ત થઈ છે, જેનો ઉલ્લેખ : **Catalogus Catalogorum, by Aufretch Theodor, Vol. I, II & III.**

અન્ય હસ્તલિખિત ગ્રંથોની સૂચીઓમાં આ ઉપલબ્ધ નથી, જેને કારણે બીજી પ્રત પ્રાપ્ત કરી શકાઈ નથી. તેથી માત્ર એક જ પ્રતના આધારે તેના વિષયને પ્રસ્તુત કરવાનો અને પોથીને પ્રકાશિત કરવાનો અત્રે નમ્ર પ્રયાસ કર્યો છે.

આ પોથામાં શ્રીમધ્વાચાર્ય અને શ્રીવલ્લભાચાર્યના સિદ્ધાન્તોમાંથી ભગવાનની સેવા કરવાનો સિદ્ધાન્ત, તેનું મહત્ત્વ અને તેના દ્વારા જ પ્રભુની પ્રાપ્તિ, મોક્ષની પ્રાપ્તિ એ સિદ્ધાન્તની સુંદર ચર્ચા કરી છે. અંતમાં શ્રીવલ્લભપ્રતિપાદિત શુદ્ધાદ્વૈત સંપ્રદાયમાં નિરૂપિત સેવાપ્રકાર જ શ્રેષ્ઠ છે તેવું પ્રતિપાદન જોવા મળે છે.

પ્રારંભમાં શુદ્ધાદ્વૈતમતપ્રવર્તક જગદ્‌ગુરુશ્રી વલ્લભાચાર્યજીના જીવનચરિત્રને ખૂબ જ સંક્ષેપમાં રજૂ કર્યું છે.

આન્ધ્રપ્રદેશના કાંકરવા (કાંકરપાઢું અથવા કાંકરવાડ) નામના ગામમાં કૃષ્ણયજુર્વેદીય, આપસ્તમ્બ શાખાધ્યાયી, લક્ષ્મણ ભટ્ટ નામે બ્રાહ્મણ રહેતા હતા. તેઓ પત્ની સાથે વારાણસી જતા હતા ત્યારે માર્ગમાં જ પત્ની એલમાગારુએ સંવત ૧૫૩૫ના વૈશાખ (ગુજરાતી ચૈત્ર) વદ એકાદશીના દિવસે (ઈ. સ. ૧૪૭૯) પુત્રને જન્મ આપ્યો.

ત્યાર પછી યોગ્ય સમયે ઉપનયન સંસ્કાર કર્યા બાદ વલ્લભાચાર્યે વિષ્ણુસ્વામીમતાનુસાર પુષ્ટિમાર્ગ એ જેનું બીજું નામ છે તેવા વૈષ્ણવસંપ્રદાયની સ્થાપના કરી.

---

**'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૩-૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭-ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૩૫૩-૩૫૮.**

★ ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના ૧૧મા અધિવેશનમાં તા. ૨૪, ૨૫ ડીસેમ્બર ૧૯૮૫ના રોજ રજૂ કરાયેલો સંશોધનલેખ.

* વ્યાખ્યાતા, સંસ્કૃત, પાલી અને પ્રાકૃત વિભાગ, ફૅકલ્ટી ઑવ્ આર્ટ્સ, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા-૩૯૦ ૦૦૨.

આટલી જ સંક્ષિપ્ત માહિતી આપ્યા બાદ વૈષ્ણવ અને મધ્વસંપ્રદાયના સિદ્ધાન્તોની ચર્ચા કે ઉલ્લેખ પણ કર્યા સિવાય સેવ્ય, સેવક અને સેવાના સિદ્ધાન્તની ચર્ચા રજૂ કરી છે.

જીવનું અણુત્વ, સેવકત્વ અને પ્રપંચભેદ સત્ય જ છે વગેરે સિદ્ધાન્તો શુદ્ધાદ્વૈતસંપ્રદાય અને મધ્વસંપ્રદાયમાં સમાન જ છે. પરંતુ બન્નેમાં વિશેષતા, ભિન્નતા દર્શાવતાં લેખક કહે છે કે મધ્વસંપ્રદાયના મતાનુસાર મુમુક્ષુએ વૈકુણ્ઠાધિપતિ વિષ્ણુને જ સેવવા જોઈએ, જ્યારે વલ્લભમતાનુસાર ગોલોકાધીશ્વર પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ સેવવા જોઈએ. આ મતના સમર્થનમાં લેખક વલ્લભાચાર્યવિરચિત ષોડશગ્રંથોમાંના જ સિદ્ધાન્તમુક્તાવલી[1] નામના ગ્રંથમાંથી ઉદ્ધરણ ટાંકે છે :

"आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् ॥ १६ अब ॥"

આ પંક્તિ ઉપર શ્રીવલ્લભાચાર્યજીના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ લખેલી વિવૃત્તિ અહીં નોંધવામાં આવી છે:

व्याख्यातं चेदं गोस्वामिना श्रीविठ्ठलेश्वरेण "[श्री] कृष्णपदात् पुष्टिमार्गीयभक्ति[क्त] प्रकटितनिरवध्यानन्देषु विहरन्तमित्यर्थः। ते तु ब्रजरत्नात्मकाः इति मन्मतिः। स आनन्दो भगवत्स्वरूपात्मकस्तद्वत्त[एव] अगोत्रात्म [अत आत्म–] पदं भगवत्परमिति ।[2]

આ વિવૃતિમાં आत्म પદનો અર્થ ભગવત્પર અને आनन्द એટલે ભગવત્સ્વરૂપાત્મક આનન્દ જે વ્રજરત્નાત્મક છે અને શ્રીકૃષ્ણ એટલે ભક્તના હૃદયમાં પ્રકટ થયેલો નિરવધિ આનંદ, એમાં મગ્ન રહેનારો એટલે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ.

મધ્વસંપ્રદાય અંકન, નામકરણ અને ભજન એમ ત્રણ સેવાના પ્રકાર તરીકે સ્વીકારે છે. ત્રણેનો અર્થ :

सा च सेवा अङ्कननामकरणभजनभेदात् त्रिविधा। तत्राङ्कनं नारायणायुधादीनां तद्रूपस्मरणार्थमपेक्षितार्थसिद्धयर्थं च ।[3]

नामकरणं पुत्रादीनां केशवादिनाम्ना व्यवहारः सर्वदा तन्नामानुस्मरणार्थम् ।

भजनं दशविधं वाचा, सत्यं, हितं, प्रियं, स्वाध्यायः। कायेन दानं परित्राणं परिरक्षणं मनसा दया स्पृहा श्रद्धा चेति । अत्रैकैकं निष्पाद्य नारायणे समर्पणं भजनम् ।[4]

આ રીતે નારાયણના શંખ, ચક્ર, ગદા, પદ્માદિ આયુધોનાં ચિત્રોની આકૃતિઓ શરીર ઉપર લગાડવી, પુત્રાદિનાં નામો કેશવ વગેરે અર્થાત્ વિષ્ણુના નામોમાંથી જ પાડવાં, અને તેનું

---

१ महाप्रभु श्रीमद् वल्लभाचार्यविरचिताः षोडशग्रन्थाः सिद्धान्तमुक्तावली, भा. १, प्र. श्री वल्लभ विद्यापीठ एण्ड श्री विठ्ठलेश्वर प्रभुचरणाश्रम ट्रस्ट, कोलापुर, वि. सं. २०३६, पृ. ५.

૨ એજન, પૃ. ૬

३ शर्मा उमाशंकर, सर्वदर्शनसंग्रहः, चौखम्बा विद्याभवन, वाराणसी, १९६४, पृ. २६३.

४ शर्मा उमाशंकर, सर्वदर्शनसंग्रहः, એજન, પૃ. ૨૬૫

ભજન બતાવેલા દશ પ્રકારોથી કરવું અને તે ભજન દ્વારા વિષ્ણુમાં આત્મસમર્પણ કરવું એમ ત્રણ પ્રકારની સેવા મધ્વસંપ્રદાયમાં સ્વીકારવામાં આવી છે.

શ્રીવલ્લભાચાર્યના મતે બે પ્રકારની સેવા સ્વીકારવામાં આવી છે. ફલરૂપા અને સાધનરૂપા. મનથી શ્રીકૃષ્ણમાં જ આસક્તિ, તત્પરતા એનું નામ ફલરૂપા, જેને વલ્લભ શ્રેષ્ઠ માને છે :

"कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता" ॥[5]

શરીર દ્વારા અને ધન દ્વારા જે સેવા કરવામાં આવે છે તેને સાધનરૂપા સેવા કહેવામાં આવે છે. વલ્લભ એને तनुजा અને वित्तजा સેવા એવાં નામ આપે છે.

सिद्धान्तमुक्तावलीમાં વલ્લભે વર્ણવ્યું છે કે :

चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धौ तनुवित्तजा ।
ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम् ॥ २ ॥[6]

આમ ત્રણ પ્રકારની માધ્વસેવા અને બે પ્રકારની વલ્લભીય સેવાના પ્રકારો બતાવી લેખક મુક્તિના સિદ્ધાન્તની ચર્ચા કરે છે. માધ્વના મતે વૈકુંઠલોકની પ્રાપ્તિ એનું નામ જ મુક્તિ. જ્યારે વલ્લભના મતે મુક્તિ એટલે ગોલોકમાં જ્યાં પરમાનંદના સમૂહ (ભગવાન) રૂપ વૃન્દાવનમાં ભગવાનના અનુગ્રહથી ગોપીભાવને પ્રાપ્ત કરીને પોતાના સેવ્યસ્વરૂપ શ્રીપુરુષોત્તમજીના અખંડ રાસોત્સવમાં તીવ્ર રસાવેશથી પ્રભુની સેવા કરવી તેનું નામ જ મુક્તિ. ઉદાહરણરૂપે વલ્લભાચાર્યવિરચિત "पुष्टिप्रवाहमर्यादा" ગ્રંથમાંથી—

तस्माज्जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः ।

भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ॥થી આરંભી तथापि यावता कार्यं तावत्तस्य करोति हि ॥.

(શ્લોક ૧૨ થી ૧૪ અબ) શ્લોકો ઉદ્ધૃત કરે છે અને સાથે એના ઉપરની શ્રીકલ્યાણરાયજીની ટીકા પણ નોંધે છે. "यस्मात्सर्वोत्कृष्टात्......युक्तरूपा भवन्तीति ॥ दिक् ॥[7]

શ્રીકલ્યાણરાયજી ઉપર્યુક્ત શ્લોકોની ટીકામાં વર્ણવે છે કે શુદ્ધપુષ્ટિમાર્ગીય જીવો અન્યમાર્ગીય જીવો કરતાં સર્વોત્કૃષ્ટ છે. વિપક્ષોના પ્રત્યુત્તરરૂપે જણાવે છે કે જો ભક્તિમાર્ગીય વૈષ્ણવો સર્વોત્કૃષ્ટ ન હોય તો સાક્ષાત્ ભગવત્સ્વરૂપ શ્રી પુરુષોત્તમની સેવા માટે તે સૃષ્ટિ ન હોત અર્થાત્ ભગવત્સ્વરૂપસેવા એ જ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનું પ્રયોજન છે, નહીંતર આવી સૃષ્ટિ થાય જ નહીં. અહીં મર્યાદામાર્ગમાં સેવા છે, પરંતુ એમાં મનની અંદર જ માત્ર અંગુષ્ઠ જેટલા પ્રભુના સ્વરૂપની કલ્પના કરીને જ સેવા થાય છે. પરંતુ માત્ર આનંદના કર, ચરણ,

---

૫ सिद्धान्तमुक्तावली, એજન, પૃ. ૧

૬ सिद्धान्तमुक्तावली, એજન, પૃ. ૨

૭ पुष्टिप्रवाहमर्यादा, श्रीकल्याणरायजी विवरणसमेता, એજન, પૃ. ૨૯

મુખ, ઉદર વગેરેવાળા સાક્ષાત્ પ્રકટ સ્વરૂપની સેવા નથી એમ સમજાવવા "સ્વરૂપ" શબ્દ પ્રયોજ્યો છે. આ સિવાય પુષ્ટિસૃષ્ટિનું બીજું પ્રયોજન જ નથી.

નામસેવા તો મર્યાદાસૃષ્ટિ પણ કરે છે. પરન્તુ સ્વરૂપસેવા તો પ્રભુની સાક્ષાત્ સૃષ્ટિ વિના થઈ શકતી નથી. માટે આ પુષ્ટીસૃષ્ટિ ભગવત્સેવા માટે જ ભગવાને પોતાના સુખ માટે પ્રકટ કરી છે. આ સૃષ્ટિ લૌકિક કે કર્મ–જ્ઞાનમાર્ગીય મર્યાદા માટે, સાધનો કે ફલ માટે સરજી નથી."[૮] પ્રવાહ અને મર્યાદાથી પુષ્ટિસૃષ્ટિ ભિન્ન છે. પ્રભુ રમણ કરવા સારુ જગદ્રૂપ થાય છે. નહીંતર "तस्मात् एकाकी न रमते स द्वितीयमैच्छत्" એ શ્રુતિવાક્ય વ્યર્થ જાય. તેથી પ્રભુના રમણાર્થે પુષ્ટિસૃષ્ટિ છે તે બધાથી જુદી છે.

ભગવાન જેવા આનન્દમય શ્રીઅંગવાળા છે. તેવી જ પુષ્ટિસૃષ્ટિ ગોપીજન વિગેરેના લીલોપયોગી દેહ છે. પુષ્ટિસૃષ્ટિનું પ્રાકટ્ય પ્રભુ જેવું છે. ભક્ત પણ આનંદરૂપ જ છે. અલૌકિક રીતે શુદ્ધ સત્ત્વમાં જ ભગવાનનો જેમ અવતાર થાય છે તેમ ભક્તનો પણ અવતાર છે. જેમ ધ્વજ, વજ્ર, યવ, અંકુશ, કમલ આદિ ભગવાનનાં ચિહ્ન છે તેમ ભક્તનાં પણ હોય છે. જેમ ભગવાનના સ્વરૂપથી ભક્તના સ્વરૂપમાં, ભગવાનના દેહથી ભક્તના દેહમાં તથા ભગવાનની ક્રિયાથી ભક્તની ક્રિયામાં ન્યૂનાધિકતા નથી અર્થાત્ ભગવાન સમાન જ છે, તો પણ રમણાત્મક સિદ્ધિ માટે ભગવાન ભક્તમાં ન્યૂનાધિકપણું કરે છે.[૯] અને માટે જ બાળલીલા વગેરે યોગ્ય રીતે અનુભવાય છે.

વલ્લભાચાર્ય પણ શંકરાચાર્ય, રામાનુજાચાર્ય વગેરે આચાર્યોની માફક અદ્વૈતને તો સ્વીકારે જ છે છતાં તેમાં શુદ્ધ શબ્દને ઉમેરી શુદ્ધાદ્વૈત શબ્દ સ્વીકારે છે. શુદ્ધ બ્રહ્મ જ, માયા-શબલ બ્રહ્મ નહિ, કાર્યકારણરૂપ છે. બ્રહ્મને માયાનો સંબંધ નથી થતો તેથી તે શુદ્ધ છે. તેથી "શુદ્ધાદ્વૈત" કહેવામાં આવે છે. શુદ્ધાદ્વૈત પદમાં "शुद्धं च तदद्वैतम्" એ પ્રમાણે કર્મધારય અથવા शुद्धयोः कार्यकारणयोः अद्वैतम् એ પ્રમાણે ષષ્ઠી તત્પુરુષ સમાસ સ્વીકારાય છે.

જેમ અગ્નિમાંથી વિસ્ફુલિંગ નીકળે છે તે પ્રમાણે બ્રહ્મમાંથી જીવોનો ઉદ્ગમ થાય છે. અને છતાં અગ્નિ અને વિસ્ફુલિંગનું શુદ્ધ ઐક્ય જ છે. બન્ને એક જ છે તેમ પરમાત્મા બ્રહ્મ અને જીવનું પણ શુદ્ધ ઐક્ય જ છે એમ બતાવવાનું શુદ્ધાદ્વૈતમતનું તાત્પર્ય છે. આમ લેખકે સુંદર રીતે મધ્વ અને વલ્લભ સંપ્રદાયના મુખ્ય સિદ્ધાન્તોનું નિરૂપણ કર્યું છે.

પ્રસ્તુત હસ્તલિખિત પ્રતમાં રચનાસમય કે હસ્તપ્રત લખ્યાસમયનો નિર્દેશ કરવામાં આવ્યો નથી. પોથીમાં બે પ્રકારના હસ્તાક્ષરો મળે છે. પત્રાંક ૧ અને ૨ ઉપર એક પ્રકારના તથા પત્ર ૩ ઉપર મહારાષ્ટ્રીય લહિયાના અક્ષરો જોવા મળે છે. પોથી ઉપરથી પ્રસ્તુત ગ્રંથ આશરે સો વર્ષ જૂનો લાગે છે એટલે કે ઓગણીસમી સદીનો મૂકી શકાય.

---

૮ શાસ્ત્રી, ચીમન, અનુ. ષોડશગ્રંથ, પ્ર. બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા, સૂરત, સં. ૨૦૦૬, પૃ. ૧૪૫

૯ ભટ્ટ, ગોવિન્દલાલ હ., સં. ષોડશગ્રન્થ અને અન્ય ગ્રન્થો (શ્રી વલ્લભાચાર્યવિરચિત) અનુ. હીરાલાલ મોહનલાલ પરીખ, પટવા પ્રિન્ટીંગ પ્રેસ, વડોદરા, ૧૯૫૦, પૃ. ૬૭

**હસ્તલિખિત પોથીનું વર્ણન :** અનુક્રમ ક્રમાંક–૨૧૨૪, પત્ર–૩, ગ્રન્થસંખ્યા–૩૨, લિપિ–દેવનાગરી, ભાષા સંસ્કૃત, પોથીનું માપ–૨૨·૮ × ૧૧·૩ સે.મી. પોથી હાલમાં બૉમ્બે યુનિવર્સિટી લાયબ્રેરી ( કર્મવીર ભાવરાવ પાટીલ માર્ગ, ફૉર્ટ, મુંબઈ–૪૦૦, ૦૩૨ )માં સચવાયેલી છે :

## । अथ वल्लभाचार्यमतप्रारंभः ।

श्रीगणेशाय नमः । अथात्र वल्लभाचार्यमतं प्रदर्श्यते । कश्चित् आंध्रदेशे कांकरवाभिधग्रामे निवसन् कृष्णयजुर्वेदीयापस्तम्बशाखाध्यायीलक्ष्मणभट्टनामा ब्राह्मणः आसीत् । स कदाचिन्निज-पत्न्या सह वाराणसीं प्रतस्थे । तस्य पत्नी एलमागार[ रू ]नाम्नि मार्गे एव विक्रमार्कसमयात् शरवह्निबाणेन्दुमिते १५३५ संवत्सरे वैशाखकृष्णएकादश्यां पुत्रं प्रासूत । ततः प्रोक्तकाले कृतोप-नयनोयं वल्लभाचार्यो विष्णुस्वामिमतानुसारेण पुष्टिमार्गापरनामधेयं वैष्णवसंप्रदायं प्रवर्तयामास । अत्र मते जीवानामणुत्वं सेवकत्वं च प्रपञ्चभेदसत्यत्वमित्यादयः सिद्धान्ताः प्रायेण मध्वमततुल्या एव । परन्तु एतावान् विशेषः वैकुण्ठाधी[ धि ]पते विष्णुर्मुमुक्षुभिः सेव्य इति माध्वाः संगिरन्ते । गोलोकाधीश्वरः पुरुषोत्तमः श्रीकृष्ण एव सेव्य इति तु वल्लभीयाः तथा चोक्तं सिद्धान्तमुक्तावल्यां श्रीवल्लभाचार्येण, "आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत्" इति व्याख्यातं चेदं गोस्वामिना श्रीविठ्ठलेश्वरेण "[ श्री ]कृष्णपदात् पुष्टिमार्गीयभक्ति[ क्त ]प्रकटितनिरवध्यानन्देषु विहरन्तमित्यर्थः । ते तु व्रजरत्नात्मका इति मन्मतिः । स आनन्दो भगवत्स्वरूपात्मकस्तदृत्त एव । अतोत्रात्म [ अत आत्म- ]पदं भगवत्परमिति" ॥ अंकनादिभेदेन त्रिविधा सेवि[ वे ]ति माध्वाः फलरूपा साधनरूपा चेत्येवं द्विविधा सेवेति वल्लभीयाः । तत्र मानसीक श्रीकृष्णौ प्रवणता रूपा सेवा फलरूपा शरीरेण धनादिना वा निर्वर्त्यमाना सेवासाधनरूपा इत्याहुः वैकुण्ठलोकावाप्तिर्मुक्ति इति माध्वाः । गोलोके परमानंदसंदोहे वृंदावने भगवदनुग्रहेण गोपी भावमवाप्स्य स्वसेव्यस्य श्रीपुरुषोत्तमस्याखण्डरासोत्सवे निर्भररसावेशेन सेवेन [ सेवनेन ] सेवैव मुक्तिरिति वल्लभीयाः । तथा चोक्तं पुष्टिप्रवाहमर्याव [ दा ]नामकग्रन्थे श्रीवल्लभाचार्येण ।

तस्माज्जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः ।
भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ॥

स्वस्वरूपेणावतारेण लिङ्गेन च गुणेन च ।
तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा ॥

तथापि यावता कार्यं तावत्तस्य करोति हि ।

इति विवृतं चैतत् कल्याणरायेण यस्मति [ स्मा ] त्सर्वोत्कृष्टात् [ ष्टास्त ] तस्मात् शुद्ध–पुष्टिमार्गीया जीवास्तेभ्योऽअन्य जीवेभ्यो भिन्ना एवेत्यर्थः । विपक्षे बाधकमाहुः भगवदिति । यदि भक्तिमार्गीयाः सर्वोत्कृष्टा न स्युः तदा साक्षात् पुरुषोत्तमस्वरूपसेवार्थं तत्सृष्टिर्न भवेदिति । भगवतो लीलांतःपातिनां भक्तानां च स्वरूपादिभिः तुल्यत्वं न त[ तू ]त्कर्षा[ र्ष ] अपकषा[ र्षा ]विति स्वरूपेणेत्यादि श्लोकस्यार्थः । तथापीति स्वरूपादेस्तुल्यत्वेऽपि भगवान् स्वस्य कार्यं रमणं स्वमत्तानां

च यावता तारतम्येन सिध्[ ध्यति ], तावत् तारतम्यं प्रकटयति । हि युक्तोऽप्यमर्थः । उत्कर्षा-पकर्षवैचित्र्यैर्विना स सम्यक्[ प्र ] रमणासिद्धेः । अत एव बाललीलादयो युक्तरूपा भवन्तीति । किं च वल्लभीयास्तु वस्तुतों[ तोऽ ]द्वैतं प्रतिपाद्यमाना अपि स्वसिद्धान्ते शुद्धाद्वैतं प्रतिपाद्यं वदन्ति । शुद्धावेवजीवात्मपरमात्मानौ यत्तु पराभिमतं तयोर्मायाद्युपाधिवैशिष्टयं तत् सर्वा[ वं ]थानास्त्येव तस्मात् वह्निविस्फुलिङ्गयोरिव शुद्धयोः एव जीवात्मपरमात्मनोः ऐक्यमित्या रीत्या शुद्धाद्वैतमत-तात्पर्यं वर्णयन्तीति दिक् (छ) ॥ छ ॥

॥ इति वल्लभाचार्यमतं समाप्तम् ॥ छ ॥

॥ श्रीराम ॥

# વિશ્વામિત્રીમાહાત્મ્ય: પરિચય*

જયન્ત પ્રે. ઠાકર*

આપણે ત્યાં નદીઓ, નગરો અને તીર્થોના માહાત્મ્યના ગ્રંથો છે. એવા જ એક ગ્રંથની બે હસ્તપ્રતો વડોદરાના પ્રાચ્યવિદ્યા મન્દિરમાં સચવાયેલી છે. તે ગ્રન્થનું નામ છે 'विश्वामित्रीमाहात्म्यम्'. આમાંની એક પ્રત ( સૂચિ અંક ૩૭૦૩ ) અપૂર્ણ છે, જ્યારે બીજી ( સૂ. અં. ૫૭૮૫ ) પૂર્ણ હોઈ તેને અન્તે વિ. સં. ૧૮૪૪ ( ઈ. સ. ૧૭૮૮ )ના પુરુષોત્તમ માસની પૂર્ણિમાએ તે લખાઈ તેવું સ્પષ્ટ વિધાન કરાયું છે.[1] ફાટી ગયેલા તે જીર્ણ પાન ઉપર 'द्रे लखितमस्ति' એવું સ્પષ્ટ વંચાય છે તેથી તે વટપદ્ર અર્થાત્ વડોદરામાં લખાઈ છે તેવું સમજાય છે. પૂનાના ભાંડારકર ઓરીએન્ટલ રિસર્ચ ઈન્સ્ટટ્યૂટમાં પણ આ ગ્રન્થની એક હસ્તપ્રત છે. વળી એક પ્રત વડોદરાના વિદ્વાન પંડિત શ્રી લક્ષ્મીશંકર ગૌરીશંકર શુક્લની પાસે પણ છે. આ સર્વ હસ્તપ્રતો દેવનાગરી લિપિમાં કાગળ ઉપર લખાયેલી છે. ગ્રન્થનો રચનાકાળ તથા રચયિતાનું નામ, આવા ગ્રન્થોમાં સામાન્યતઃ હોય છે તેમ, ઉપલબ્ધ નથી. પરન્તુ મધ્યયુગના પુરાણ–માહાત્મ્યના ગ્રન્થોની કક્ષાનો આ ગ્રન્થ છે એ નિર્વિવાદ છે. તેમાં નિર્દેશેલાં કેટલાંક સ્થળોના સમય તથા તેમાં નહિ નિર્દેશેલાં સ્થળોના સમયને આધારે રચનાકાળનું અનુમાન કરી શકાય.

૨૬ અધ્યાયમાં વિભક્ત આ લઘુગ્રન્થમાં ૬૭૮ શ્લોક છે. સ્તુતિઓમાં, અધ્યાયાન્તે મૂકેલા તથા ઈતર સ્થળે ઉપયુક્ત કેટલાંક લાંબા છન્દોને બાદ કરતાં સમગ્ર ગ્રન્થમાં પ્રવાહી અનુષ્ટુભ્ છંદ જ પ્રયોજાયો છે. તેની પુષ્પિકાઓ દર્શાવે છે કે તે 'સ્કન્દપુરાણ'ના 'ઉત્તરખંડ'માંથી લેવામાં આવ્યો છે. કવચિત્ 'ઉત્તરખંડ'ને બદલે 'રેવાખંડ'નું નામ મૂકયું છે. આ પદ્ધતિ માહાત્મ્યગ્રન્થોમાં સામાન્ય છે, મૂળ પુરાણમાં જોવા જઈએ તો તેનો પત્તો જ ન લાગે !

નામ સૂચવે છે તે પ્રમાણે 'विश्वामित्रीमाहात्म्य' વિશ્વામિત્રી નદીનું અને તેના તટ પર આવેલાં તીર્થોનું માહાત્મ્ય ગાય છે. પ્રસ્તુત નદી પૂર્વ ગુજરાતમાંના પાવાગઢ પર્વતમાંથી

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૩૫૯–૩૭૦.

★ ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના વડોદરામાં યોજાયેલા અગિયારમા વાર્ષિક અધિવેશન ( ૨૪–૨૫ ડિસેમ્બર, ૧૯૮૫ ), સમક્ષ રજૂ થયેલ શોધપત્રનો વિસ્તાર.

* 'વરેણ્યમ્', ૬૯, મનીષા સોસાયટી, જે. પી. રોડ, વડોદરા–૩૯૦ ૦૦૫.

૧ संवत् १८४४ वर्षे पुरुषोत्तम[मा]से शुक्लपक्षे । १५ । द्रे लखितमस्ति ॥– पत्र ४० अ पंक्ति ७–८.

નીકળી વડોદરામાંથી પસાર થઈ ઢાઢર નદીને પિંગલવાડા પાસે મળે છે, જે પશ્ચિમે ખંભાતના અખાતને આલિંગે છે. આજે તો વિશ્વામિત્રી નદી કૃશકાય બની ગઈ છે; તથાપિ ભૂમિતળથી તેની ઊંડાઈ તથા કેટલેક સ્થળે બાંધેલા ઘાટ ઉપરથી તેના ભૂતકાલીન પ્રભાવની પ્રતીતિ થઈ શકે છે, અને પ્રસ્તુત ગ્રન્થમાંની માહાત્મ્યકથાઓ પણ અવશ્ય તેની એક કાળની ભવ્યતા તરફ અંગુલિનિર્દેશ કરે છે.

પુરાણ–માહાત્મ્ય–ગ્રન્થોની પદ્ધતિ અનુસાર અહીં પણ સમગ્ર નિરૂપણ સંવાદો દ્વારા જ કર્યું છે. નૈમિષારણ્યમાં શૌનક આદિ ઋષિઓ સૂતને પ્રશ્ન કરે છે અને સૂત શ્રીકૃષ્ણ તથા યુધિષ્ઠિરની વાતચીત કહી સંભળાવે છે. યુધિષ્ઠિરની પૃચ્છાઓના ઉત્તરમાં શ્રીકૃષ્ણ આમાંની મોટા ભાગની કથાઓ નિરૂપે છે. કેટલીક કથાઓ ઋષિ વિશ્વામિત્ર–કૌશિક–ના મુખમાં પણ મૂકી છે.

આ લઘુગ્રન્થમાં દર્શાવેલ તીર્થોના ધાર્મિક મહિમાની વાત જવા દઈએ તો પણ અત્રનિર્દિષ્ટ ભૌગોલિક સ્થળોને આજના સન્દર્ભમાં ઓળખી શકાય તો યે તેના મહત્ત્વનો ખ્યાલ આવી શકે. આ માટે તે સર્વ સ્થળોની મુલાકાત લઈને તે દરેક વિષેની માહિતી એકત્ર કરવી પડે. હાલ તો મારા વિદ્વાન મિત્ર અને મ. સ. વિશ્વવિદ્યાલયના કલાસંકાય (ફેકલ્ટી ઑફ આર્ટ્સ)નાં નિવૃત્ત અધ્યક્ષ (ડીન) તથા સુપ્રસિદ્ધ પુરાવસ્તુવિદ્યાવિશારદ પ્રા. ડૉ. રમણલાલ નાગરજી મહેતાની સહાયથી પ્રસ્તુત ગ્રન્થમાં નિર્દિષ્ટ સ્થળોને આજના સન્દર્ભમાં પ્રથમ દર્શને ઓળખવાનો પ્રયત્ન અહીં કર્યો છે. જે તે સ્થળે આ નિર્દેશ આપ્યો છે.

ગ્રન્થની પ્રધાન કથા છે અયોધ્યાના મહત્ત્વકાંક્ષી નૃપતિ ત્રિશંકુની. માનવદેહ સાથે જ તે સ્વર્ગમાં જઈ શકયો તે વિષેનું યુધિષ્ઠિર અને તેમના ભાઈઓનું કુતૂહલ શમાવવા શ્રીકૃષ્ણ તે કથા કહે છે.

સદેહે સ્વર્ગે સંચરવાની આ સૂર્યવંશી નૃપતિની સ્પૃહાને પોષે એવો યજ્ઞ કરાવવાની તેના રૂઢચુસ્ત કુલગુરુ વસિષ્ઠે સાફ ના પાડતાં રાજા તેમના શક્તિ વગેરે પુત્રો પાસે ગયો. તેઓએ તો ઊલટું શાપ આપ્યો, જેથી તેનો દેહ તદ્દન વિકૃત અને દુર્ગન્ધયુક્ત બની ગયો. છેવટે રખડતો રઝળતો તે પીડિત છતાં મહત્ત્વાકાંક્ષી રાજા પ્રકૃતિસૌન્દર્યથી સભર પંચવક્ત્ર અર્થાત્ પાવાગઢ પર્વત પાસેના વિશ્વામિત્રાશ્રમે પહોંચ્યો. વસિષ્ઠ સાથેની સ્પર્ધાને કારણે ક્રાન્તિવીર વિશ્વામિત્રે તેને સદેહે સ્વર્ગે મોકલવાનું બીડું ઝડપ્યું અને પર્વતની પૂર્વે બાર યોજનના વિસ્તારમાં પથરાયેલ શાંકરવનથી પ્રારમ્ભ કરી તેને વિશ્વામિત્રીના પૂર્વતટ પરનાં તીર્થોની પાપનાશક યાત્રા કરાવી પાવન કરી સ્વતપના બળે સદેહે સ્વર્ગે મોકલ્યો. પરન્તુ દેવોએ ત્યાંથી પાછો ધકેલતાં પડતો પડતો તે આક્રોશ કરવા લાગ્યો :

"त्राहि त्राहि ऋषे त्वं माम् ।"[૨]

"બચાવો બચાવો ઋષિ તમે મને !"

અને "तिष्ठ तिष्ठ ઊભો રહે, ઊભો રહે" કહેતા ઋષિએ ઘોષણા કરી :

૨ અધ્યાય ૬, શ્લોક ૭ ग.

"स्वर्गमन्यत् करिष्यामि पश्य मे तपसो बलम् ।"[3]

"સ્વર્ગ બીજું કરું છું હું, જોજે મારું તપોબળ !"

ચતુર્ધા સૃષ્ટિ નવી રચાવા લાગી. પરસ્પરની સ્પર્ધા કરતા બેઉ સૃષ્ટિના ગ્રહો અને સપ્તર્ષિઓ યે આકાશે ઊગ્યા ! છેવટે આ અટકાવવા પ્રજાપતિ બ્રહ્માને દોડવું પડ્યું. તેમની સર્વ સમજાવટનો ઋષિનો તો એક જ દૃઢ ઉત્તર હતો :

"एतेनैव स्वदेहेन त्रिशङ्कुस्त्रिदिवं व्रजेत् ।
पितामह ततः सृष्टिं न कुर्यामवधारय ॥"[4]

"આ નિજ દેહની સાથે, ત્રિશંકુ સ્વર્ગમાં જતાં;
નવી સૃષ્ટિ કરું ના હું, પિતામહ સુણો તમે !"

અને પ્રજાપતિને કહેવું પડ્યું: "જેમાં સ્નાન કરવાથી, પાણીમાં મીઠું લય પામે તેમ, સર્વ પાપ લય પામે છે તેવી આ વિશ્વામિત્રીનાં તીર્થની યાત્રા કરાવી યજ્ઞ કરાવો એટલે તે યોગ્યતા પ્રાપ્ત કરશે."[5]

તો વિશ્વામિત્રે શરત મૂકી :

"अस्मिन् स्थेयं गिरौ तावद् यावदागमनं मम ।"[6]

"આવું યાત્રા કરાવી હું, પર્વતે ત્યાં સુધી રહો !"

પછી ઋષિએ બાકી રહેલાં પશ્ચિમ તરફનાં તીર્થોની યાત્રા કરાવી 'યાજ્ઞેશ્વર' તીર્થે યજ્ઞ કરાવ્યો અને આમ પવિત્ર થયેલ ત્રિશંકુને બ્રહ્મા સ્વયં સ્વર્ગે લઈ ગયા !

આ પ્રધાન કથાની અંદર વિવિધ તીર્થોની રોચક આન્તરકથાઓ ગૂંથેલી છે. તેમાંની કેટલીક સારરૂપે આપણે જોઈએ.

હાલ પાવાગઢ છે ત્યાં પ્રાચીનકાળમાં ચમ્પેશ્વરનગરના ચમ્પેશ્વર મહાદેવનું સ્થાનક હતું. એક બ્રાહ્મણે તેમની પૂજા અર્થે પોતાનું મસ્તક વધેર્યું. આથી વિપ્રશોણિતસ્પર્શના ભયથી મહાદેવ ભૂમિમાં છેક પાતાળ પર્યન્ત ઊંડા ઊતરી ગયા. પરિણામે ત્યાં વિશાળ ગર્ત થયો—ખાડો પડી ગયો, જે ઘાસ અને ગુંજાવલ્લિથી છવાયેલો રહેતો. ઋષિ વિશ્વામિત્રની સુરભિ ચરતી ચરતી તેમાં પડી પાતાળમાં કપિલાશ્રમ પર્યન્ત ઊતરી ગઈ. અશરીરિણી વાણીની પ્રેરણાથી ગાયે ગર્તને દૂધથી ભરી દીધો. તેમાં ડૂબતું કપિલેશ્વર મહાદેવનું લિંગ

---

૩ ૬.૯ कख.

૪ ૬.૧૬.

૫ ૬.૧૭–૨૧.

૬ ૬.૨૩ गघ.

વધવા લાગ્યું. તેના ઉપર પગ દઈને ગાય બહાર નીકળી આવી. આ અપરાધના પ્રાયશ્ચિત્ત-રૂપે, વિશ્વામિત્રે ગર્તની બહાર 'નરેશ્વર' રૂપે સ્થિર થયેલ તે લિંગનું, સુરભિને સાથે રાખી, પૂજન–અર્ચન–સ્તવન કર્યું.

અહીં જે ચમ્પેશ્વરનગરનો ઉલ્લેખ થયો છે તે હાલનું ચાંપાનેર હોઈ શકે. ત્યાં એ નામનું શિવમન્દિર પણ છે.

પછી મહર્ષિ નગાધરાજ હિમાલય પાસેથી તેનો એક પુત્ર 'પંચવક્ત્ર' લઈ આવ્યા, તે આ ગર્તને પૂરીને એક યોજન જેટલો ઊંચો રહ્યો. ચાર દિશામાં ચાર અને વચ્ચેનું ઊર્ધ્વમુખ એમ પાંચ મુખ હોવાથી તેનું '**पञ्चवक्त्र**' એવું નામ હતું.[૭] તેનો નાનો ભાઈ ઔષધિસભર 'રત્નમાલ' પણ તેની સાથે આવેલો તેને ઋષિએ શાંકરવનના[૮] પૂર્વ સીમાડે રક્ષાર્થે સ્થાપ્યો. વળી પૂર્વમાં વિન્ધ્યાચળનો પુત્ર અને કાલંજરનો નાનો ભાઈ શૂકરગિરિ પણ રહ્યો.[૯] પુત્ર પાછળ માતા ગૌરી મહાકાલી પણ ત્યાં પધાર્યાં અને પૂર્વમાં પાંચમું શક્તિપીઠ 'કાલિકાપીઠ' ત્યાં સ્થાપીને સ્થિર થયાં.[૧૦] શક્તિરૂપધારી પૃથ્વીએ કામધેનુને દૂધ ઝરતી રોકી તેથી તેણે તેને 'અઝરા' નામે ત્યાં રહેવા કહ્યું. તે મહાકાલીના પર્વતની ઉત્તરે રહ્યાં.[૧૧] કામધેનુ પણ 'નાનાઝરા' નામે ત્યાં પૂર્વમાં સ્થિર થઇ.[૧૨] કાલિકાની ઉત્તરે 'જ્વાલામુખી' માતાજી રહ્યાં.[૧૩] તેમની સાથે આવેલાં 'હિંગુલા' પણ ત્યાં રહ્યાં[૧૪] રેવાતટના ભૃગુક્ષેત્રમાંથી સાડાત્રણમી પીઠની અધિષ્ઠાત્રી શૂલેશ્વરી સિન્ધવા પણ ત્યાં આવીને વસી.[૧૫] ગિરિના મસ્તકે ત્રિનેત્રા ભૂતિ વસ્યાં અને યોગિનીપુરથી આશાપુરી પણ ત્યાં આવ્યાં. પર્વતની ઉત્તરે કાલીએ કાલકુંડ કર્યો.[૧૬]

---

૭ પાવાગઢની ઊંચાઈ ૨૪૦૦ ફૂટ છે. તેનાં પાંચ મુખ તે પાંચ શિખરો, જે ભદ્રકાળી, માચી, હાલોલનો માળ, મોળિયા અને કાલિકાનું શિખર હોઈ શકે. પાવાગઢ પાસે 'પાંચદેવલા' ગામ છે તેનું નામ પણ આ દૃષ્ટિએ સૂચક ગણાય.

૮ આ 'શાંકર વન'ને ૧૨ યોજન વિસ્તારનું કહ્યું છે. તે પાવાગઢની આસપાસનું જંગલ હશે. તેમાં આજે 'ગુપ્તેશ્વર' મહાદેવ છે.

૯ ત્યાં ટેકરા તો આજે પણ છે અને આ પ્રદેશ વિવિધ પ્રકારની ઔષધિઓ માટે જાણીતો છે. વળી નાયકૂવાની ખાણોમાંથી Vindhyan Sandstones તરીકે જાણીતા પથ્થરો મળે છે.

૧૦ આ છેક ઉપરના મન્દિરનો ઉલ્લેખ છે. તે શાક્તોની માન્યતાવાળું પીઠ છે અને વિશ્વામિત્રીની પૂર્વમાં છે.

૧૧ ઉત્તરે 'સરિયા વાંકડિયા'ની ટેકરી છે તેનો ઉલ્લેખ હોઈ શકે.

૧૨ ભદ્રકાળી અને માચી વચ્ચે અનેક ઝરણાં છે, તેમાંથી 'જોરવણ' નદી બને છે.

૧૩ ત્યાં જેને 'Neck of Volcanic' કહે છે તે છે. પરન્તુ તે મંદિરની ઉત્તરે નથી, પગથિયાં ચઢતાં ઉત્તરે લાગે છે.

૧૪ ત્યાં રાયોલાઈટ (Rhyolite)ના લાલ પથ્થર પુષ્કળ છે. 'હિંગુલા' એટલે લાલ.

૧૫ આ ઉલ્લેખ સિંધવાઈ માતાનો હશે. તેના ભૈરવ 'લકુલિશ' છે અને ભૃગુકચ્છ વિષયમાં તેનું આદિસ્થાન છે એવું કારવણ (કાયાવરોહણ)ના એક તામ્રપત્રમાંથી જાણવા મળે છે.

૧૬ મોળિયાના શિખર ઉપર ત્રણ કુંડ છે.

ઈશાનમાં નળરાજાનો સિદ્ધિદાયક નલગિરિ રહ્યો.[17] અગ્નિકોણમાં એકાગ્નિકાચલ રહ્યો. ભૂમિભારથી શેષનાગનું ફણામંડલ નમી પડ્યું અને તેમાંથી ફીણ નીકળ્યાં જે ઘન બનીને પર્વતમાં રૂપાન્તરિત થયાં.[18] અગ્નિકોણમાં વૈષ્ણવી શક્તિ પધાર્યાં અને ત્યાં 'કામપ્રકર' તીર્થ થયું.[19] આ તીર્થમાંથી 'કરટા' નદી ઉદ્ભવી. મસ્તક પર રહેલી ગંગાનું જળ હથેળીમાં લઈને છાંટીને ભસ્મ થયેલ કામદેવને શિવે સજીવન કર્યો અને તેમની આજ્ઞાથી તે ત્યાં તીર્થ થઈ રહ્યો. જળ તથા કરના સંયોગમાંથી ઉદ્ભવેલી નદી 'કરટા' નામથી જાણીતી થઈ.[20]

'પંચવક્ત્ર'નું બીજું નામ છે 'પાવકાચલ'. પાવકાસુર નામનો રાક્ષસ ત્યાં પ્રજાને બહુ રંજાડતો હતો આથી મહર્ષિ વિશ્વામિત્રના મુખમાંથી ઉદ્ગાર નીકળી પડ્યા :

"मया यदि तपस्तप्तं गायत्री यद्युपासिता ।
पतत्वचलखण्डश्च तर्हि दानवमूर्धनि ॥"[21]

"કરી મેં જો તપશ્ચર્યા, ગાયત્રીની ઉપાસના;
પડો તો દૈત્યના માથે, શિલા પર્વતની સહી."

એ જ સમયે, આભ પડવાની બીકે બચ્ચાંને બચાવવા માટે બે પગ ઊંચા રાખી સૂતેલ ટીટોડીનાં બચ્ચાંને ઉપહાસાર્થે લઈ લેનાર સાગરને પૂરવા શિલાઓ લઈ જતા ગરૂડના હાથમાંથી એક શિલા 'પાવકાસુર'ને માથે પડી અને રાક્ષસ હણાયો. આથી આ પર્વત 'પાવકાચલ' તરીકે ઓળખાયો. બીજી કથા અનુસાર સ્વર્ગમાં દડે રમતી દેવવધૂઓનો દડો આ રાક્ષસના મસ્તકે પડતાં તે જડ પર્વત બની ગયો તેથી 'પાવકાચલ' કહેવાયો !

પંચવક્ત્રને ગર્તમાં સ્થાપી વિશ્વામિત્રે તેનો અભિષેક કર્યો. ગર્તમાંથી સુરભિએ ભરેલું દૂધ બહાર નીકળી આવ્યું અને અભિષેકનું જળ પણ રેલાયું. તે બન્ને એક માર્ગે વહ્યાં અને એ રીતે વિશ્વામિત્રી અથવા કૌશિકી નદી ઉદ્ભવી.

કરટાથી આગળ જતાં ઘોરઘણ્ટાખ્યક્ષેત્ર આવ્યું. આ સ્થળ પણ ઓળખી શકાય તેમ છે. 'કરડ' પાસેનાં 'Sandstone out–crops' છે તેમાં 'pot–holes' ઘણાં છે ત્યાં સતત વહેતા પાણીથી આ ઘંટા થાય છે.

પર્વતથી વાયવ્યમાં વૈદ્યનાથનું સ્થાનક આવ્યું. બાદરાયણ નામના બ્રાહ્મણે ત્યાં તપ કરેલું. પોતે વૈદ્ય હોવાથી ત્યાં વૈદ્યનાથની પ્રતિષ્ઠા કરેલી.[22]

---

૧૭ આજે તો ત્યાં ખેતરો છે. કદાચ ઘોઘંબા તરફના ટેકરા વિવક્ષિત હોય.

૧૮ હાલ પૂર્વ તરફ સફેદ રંગના Quartzના out–crop છે તેનો નિર્દેશ હોઈ શકે.

૧૯ કદાચ Pani minesનું વર્ણન હશે.

૨૦ ઈશાન તરફ 'કરડ' નદી છે.

૨૧ ૬.૨૯.

૨૨ મલાવ-ગોમા-કાલોલ-તરફના કોઈ મન્દિરનો ઉલ્લેખ હોઈ શકે.

ત્યાંથી આગળ જતાં ગૌતમેશ્વર તીર્થ આવ્યું જ્યાં ગૌતમી નદી અને ગૌતમનો આશ્રમ હતો.[૨૩] પછી કાલામ્બરગિરિ આવ્યો જે શેષનાગની સાહાય્ય અર્થે શંકરે સ્થાપેલ.[૨૪]

કાયાવરોહણના ભગવાન નકુલેશની કથા પણ અતિ રોચક છે. ઊર્ધ્વખેલા[૨૫] નગરીમાં પોતાના તપથી પ્રસન્ન થયેલ મહેશ્વર પાસે યોગીશ્વર યાજ્ઞવલ્ક્યે વરદાન માગ્યું :

"ब्राह्मणानां महास्थानं स्थापये त्वत्प्रसादतः ॥" ४.३ गघ

"બ્રાહ્મણોનું મહાસ્થાન સ્થાપું પ્રસાદથી તવ."

પછી યાજ્ઞવલ્ક્ય તે જ નગરીમાં દેવશર્મા નામે વેદશાસ્ત્રાર્થદર્શી અગ્નિહોત્રી બ્રાહ્મણ-રૂપે અવતર્યા. તેની પતિવ્રતા પત્ની સુશીલાની કૂખે વૃદ્ધાવસ્થામાં વિષ્ણુ ભગવાને જન્મ લીધો. બાળકનું નામ 'નકુલ' પાડ્યું. એક વખત દેવશર્માને બહારગામ જવાનું થતાં પોતે આવે ત્યાં સુધી રોજ ગામમાંથી બ્રાહ્મણને બોલાવી અગ્નિમાં આહુતિ અપાવવાની સૂચના પત્નીને આપીને ગયો. સવારમાં બધી સામગ્રી તૈયાર કરીને સુશીલા બ્રાહ્મણને બોલાવવા ગઈ. તે વખતે શિશુ નકુલે ઘોડિયામાંથી બહાર નીકળીને બ્રહ્મચારીના રૂપે હોમ આદિ પતાવી દીધું અને પાછો શિશુરૂપે સૂઈ ગયો.

માતા બ્રાહ્મણને લઈને આવી તો પંચાગ્નિને આહુતિ અપાયેલી જોઈ બન્ને વિસ્મય પામ્યાં. રોજ આમ કરતા બાળકને માતાએ બ્રહ્મચારીરૂપે જોઈ લીધો. પાછા ફરેલા પતિને વાત કરી. હોમ કરતા બાળકને જોઈ લઈને દ્વાર ખોલી તે બન્ને દોડી ગયાં ને પુત્રનો હાથ પકડી લીધો. હાથ છોડાવી પલાયન થતા બાળકની પાછળ 'પુત્ર ! પુત્ર !' કરતાં માતાપિતા દોડ્યાં. 'વચ્છદેવમુનિક્ષેત્ર'માં[૨૬] અદૃશ્ય થયેલ પુત્રે ફરી 'મહેશિતૃકશ્યપમુનિક્ષેત્રે' દર્શન દીધાં પછી પિતાની સમક્ષ ત્રિશૂળથી લાંબી દીર્ઘિકા[૨૭] કરી, જે બ્રહ્મા-વિષ્ણુ-મહેશાત્મક ત્રણ કુંડમય થઈ. તેમાં સ્નાન કરી શુદ્ધ થયેલ માતાપિતા પુત્રકૃપાએ લિંગરૂપ થયાં અને 'નકુલ' નામધારી ભગવાન્ વિષ્ણુ આદિ લિંગમાં લય પામી 'નકુલેશ' થયા. તેમને અહીં જટાધારી, દ્વિભુજ, ઘનશ્યામ હરિહરાત્મક ગણાવ્યા છે.

ત્યાં કોટિશઃ સ્વયમ્ભૂ લિંગો છે. નકુલ હરિએ લિંગમાં કાયાનું અવરોહણ કર્યું તેથી તે 'કાયાવરોહણક્ષેત્ર' તરીકે ઓળખાયું. ભગવાન્ વિશ્વનાથ ત્યાં આવી વસ્યા અને મણિકર્ણિકા દીર્ઘિકા થઈ. આથી આ ક્ષેત્ર 'લઘુકાશી' કહેવાયું.[૨૮]

ત્યાં સ્મરણમાત્રથી ત્ર્યમ્બકેશ્વર પધાર્યા અને 'દક્ષિણેશ્વર' થઈને રહ્યા.[૨૯]

---

૨૩ કદાચ કાલોલનો ઉલ્લેખ હોય, કેમ કે 'કાલોલ' એટલે 'ઘાસની ગંજી'.

૨૪ શબ્દસામ્યથી કદાચ કાલોલ તો ન હોય ?

૨૫ આ ઊર્ધ્વખેલા તે શિનોર તાલુકાનું અવાખલ હોય.

૨૬ 'વચ્છદેવમુનિક્ષેત્ર' એ કદાચ 'દેવકુ તળાવ' હોય.

૨૭ આ 'રંગાવ દીર્ઘિકા' હશે. તે સાઠોદ પાસેથી નીકળી પોર પાસે ઢાઢર નદીને મળે છે.

૨૮ કાયાવરોહણને પશ્ચિમનું કાશી પણ કહે છે.

૨૯ કદાચ ત્ર્યમ્બકેશ્વરનું મન્દિર ત્યાં છે.

કુંડલિની શક્તિ વડે આસ્થાપિત તે 'કુંડલેશ્વર'. સ્વયં વાસુદેવની ચોથી મૂર્તિ તે લિંગરૂપધારી 'નકુલેશ્વર'.[૩૦]

આ કાયાવરોહણક્ષેત્ર બે ક્રોશમાં વિસ્તરેલું છે. ગ્રન્થકાર કહે છે કે અહીં 'નકુલ'નું અર્ચન કરનારને સો અશ્વમેધ યજ્ઞનું, હજાર રાજસૂયનું અને લાખ વાજપેયનું ફળ મળે !

પંચવક્ત્ર પર્વતથી અગ્નિ ખૂણામાં 'વાલિખિલ્ય' ક્ષેત્ર છે. ત્યાં તપ કરતા વાલિખિલ્યાદિ મુનિઓએ બ્રહ્મા પાસે આ ક્ષેત્રની પ્રશંસા કરી, આથી પ્રજાપતિ બ્રહ્મા ત્યાં પધાર્યા. ત્યાં પ્રાતઃસન્ધ્યા કરવા બેઠેલા બ્રહ્માએ આચમન માટે હથેળીમાં લીધેલું પાણી જમીન પર પડ્યું તેનો પુત્ર થઈ ગયો અને તેણે કંઈક કામ માગ્યું. તો બ્રહ્મા કહે, 'વાલિખિલ્યો અહીં તપ કરશે તું અહીં નદરૂપ બનીને પૂર્વપ્રદેશને પવિત્ર કરીને પશ્ચિમમાં રેવા અને મહીની મધ્યમાં થઈને સાગરે જજે."

આ સ્પષ્ટ રીતે ઢાઢર નદીનો જ ઉલ્લેખ ગણાય. અહીં તેને 'બ્રહ્મપુત્રોદ્ભવનદ' કહ્યો છે. 'બ્રહ્મપુત્ર' તથા 'વૈરંચી' શબ્દો પણ તેને માટે પ્રયોજેલા છે.

ધનદવાપિકા પાસે સિદ્ધેશ્વર પાસેના સરોવરે બક રાક્ષસે ભોજન કરેલું તેથી તે બકસરસ્ કહેવાયું. આ બાકરોળનો ઉલ્લેખ લાગે છે.

મન્દારણ્યમાં સિદ્ધિનાથ મહાદેવની સ્થાપના કરીને શનિ તથા મંગળે તેની પૂજા કરીને સિદ્ધિ પ્રાપ્ત કરેલી. આ સ્થળ કદાચ 'મંડાળા' હોઈ શકે.

બકાસુરના ભાઈ તથા હેડમ્બ (હિડિમ્બ)ના મિત્ર કિર્મીર સોલ્મુકને જ્યાં ભીમે મારેલો ત્યાં ભીમેશ્વર તથા ભીમે ગદાથી કરેલા કુંડનો 'ભીમગંગા' નામથી ઉલ્લેખ કરાયો છે. આ સ્થાન ઓળખી શકાયું નથી પરન્તુ પાવાગઢની દક્ષિણે આવેલી ગિરિમાળામાં આ 'ભીમગંગા' હોવાનો સંભવ છે.

પાવાગઢથી પશ્ચિમે યાત્રા શરૂ કરતાં પ્રથમ આવ્યા ચમ્પેશ્વર મહાદેવ, જેના વિષે આગળ નોંધ કરી લીધી છે. પછી આવે 'કાલકુંડ', પર્વતની ઉત્તરે. રુક્માંગદ રાજાએ કાલમાર્ગ લોપ્યો ત્યારે નરકો ખાલી જોઈ દુઃખ પામેલ યમરાજે ત્યાં ઉત્તરમુખે કામાખ્યા કાલીનું તપ કરેલું અને સામે આ કુંડ કરીને પૂજા કરેલી તેવું વર્ણન છે. આ કુંડ તે શંકરખાનના રોજાની પાસે આવેલ 'પાતરનું તળાવ' તો નહિ હોય ?

પર્વતથી ૬ ક્રોશ દૂર વિશ્વામિત્રીના દક્ષિણતટે 'સૂર્યચન્દ્ર વડ'નો ઉલ્લેખ આવે છે. હાલોલમાં હાલ 'ચન્દ્રકલા' તથા 'સૂર્યકલા' નામના કૂવા છે એ હકીકત આ સન્દર્ભમાં નોંધપાત્ર છે. અહીંથી અર્ધા યોજનને અન્તરે 'ચન્દ્રેશ્વર' મહાદેવ હતા, જ્યાં રાજ્ય

---

૩૦ કારવણ–કાયાવરોહણ–થી પૂર્વમાં આશરે ત્રણેક કિલોમિટરના અન્તરે ખાનપુરા–કુનપુર છે. ત્યાં નકુલેશની મૂર્તિ પણ છે. આ સ્થળ મંડાળા પણ હોઈ શકે, કેમ કે 'કુંડળ'નું 'મંડળ' અને પછી 'મંડાળા' થઈ શકે.

ગુમાવનાર ચન્દ્રસેન રાજાએ તપ કરેલું અને શિવલિંગ સ્થાપેલું. હાલોલના સ્મશાન 'સોમનાથ'નો આ ઉલ્લેખ હોઈ શકે છે!

ત્યાંથી અર્ધા યોજનના અન્તરે આવે છે 'વ્યાસેશ્વર' તીર્થ. વિશ્વામિત્રે દર્શાવેલ આ સિદ્ધિક્ષેત્રમાં, લંકાથી પાછા ફરતાં પંચવક્ત્ર પાસે રોકાયેલ શ્રીરામના દર્શને આવેલ મહર્ષિ વ્યાસે ત્યાં આ શિવલિંગ સ્થાપી તપ કરેલું અને પોતાની ઇચ્છાનુસાર શુકદેવજી જેવો યોગી અને બ્રહ્મવિત્તમ પુત્ર પ્રાપ્ત કરેલો. આજે પણ આ ક્ષેત્ર આ જ નામથી પ્રસિદ્ધ છે.

ત્યાંથી અર્ધા ક્રોશને અન્તરે વળી વિશ્વામિત્રીનો સૂર્યજા સાથેનો સંગમ આવે છે. આ સૂર્યજા તે આજની સૂર્યા નદી. આ સંગમથી એક ગવ્યૂતિ દક્ષિણે 'રામેશ્વર' તીર્થ છે, જ્યાં શ્રીરામ રોકાયા હતા. ત્યાંથી એક ક્રોશ દૂર 'વીરપુર' છે, જ્યાં વીરોનો વાસ હતો એમ આ ગ્રન્થ કહે છે. તેની પાસે જ 'હરણી' ગામ છે. એક વેદવિદ્ બ્રાહ્મણ કન્યાવિક્રયના પાપને પરિણામે હિરણ્યાક્ષ નામે રાક્ષસ થઈને આ હરણીમાં રહેતો હતો અને પ્રજાને રંજાડતો હતો. તેના નામ ઉપરથી જ ગામનું નામ પણ પડયું એમ અહીં કહેવામાં આવ્યું છે. 'વીરપુર'ના વીરોને પણ તેણે હરાવીને નસાડી મૂકયા હતા. આ હારેલા વીરો અહીં આવેલા શ્રીરામને શરણે જતાં હનૂમાન તેમની મદદે દોડ્યા. સાત દિવસ સુધી મારુતિ અને હિરણ્યાક્ષ વચ્ચે દારુણ યુદ્ધ થયું, પરન્તુ આઠમે દિવસે રાક્ષસનું બળ વધી ગયું. વહારે આવેલ લક્ષ્મણ સાથે તે રાક્ષસ હનૂમાનને બગલમાં રાખીને લડ્યો મોટો હાહાકાર થતાં સ્વયં શ્રીરામ પધાર્યા. તેમના દર્શનમાત્રથી નિષ્પાપ થયેલો હિરણ્યાક્ષ તેમને પગે પડ્યો. અને તેની સ્તુતિથી પ્રસન્ન થઈ શ્રીરામે તેનો ઉદ્ધાર કર્યો.

આ હરણી તે આજના વડોદરાના વિમાનઘર પાસેનું હરણી ગામ. શ્રીરામે તે ગામનું રક્ષણ હનૂમાનને સોંપ્યું હોવાથી, રામ આગળ ગયા ત્યારે હનૂમાન પણ રક્ષણાર્થે પોતાની પ્રતિમા ત્યાં સ્થાપીને તેમની પાછળ ચાલ્યા ગયા. હરણી ગામમાં હનૂમાનની વિશાળ મૂર્તિ આજે પણ છે અને શ્રાવણ માસના શનિવારે વડોદરાવાસીઓ તેના દર્શને જાય છે.

અહીંથી એક ગવ્યૂતિ દૂર રાક્ષસ અને વાનરના યુદ્ધમાં હનૂમાનના પૂંછડાના પ્રહારથી રાક્ષસના દાંત પડી ગયા, ત્યાં ભૂમિ ભેદી મહાદેવ પ્રગટ થયા અને 'દન્તકેશ્વર' નામથી પ્રસિદ્ધ થયા. તેમનાથી લોકો સનાથ થયા તેથી તે 'લોકનાથ' પણ કહેવાયા. હવે વટપુર (વડોદરા)નો વાસી વૈદ્યનો વ્યવસાય કરતો એક વિપ્ર ક્ષય રોગનો ભોગ થઈ પડ્યો અને સર્વના તિરસ્કારનું પાત્ર બની ગયો. આથી પર્વત ઉપરથી પડતું મૂકી પ્રાણ ત્યજવાનો નિર્ધાર કરી તે નગરમાંથી ચાલી નીકળ્યો. તે અચાનક 'દન્તકેશ્વર' પાસે આવી ચડ્યો અને ત્રણ રાત ષડક્ષરમંત્ર વડે આરાધના કરતાં આશુતોષ શમ્ભુ પ્રસન્ન થયા અને તે વૈદ્યની ઇચ્છાનુસાર તેમણે 'વૈદ્યનાથ' નામ ધારણ કર્યું અને વૈદ્ય પણ નીરોગી બની ઘેર ગયો.

હરણીની નજીક દેણાં નામનું પ્રાચીન ગામ છે, જેમાં નાનાં શિવાલયો પણ છે. તે વડોદરાના કોઈ જાગીરદારનું ગામ છે. અહીં તો એક જ શિવલિંગનાં ત્રણ નામ આપ્યાં છે. કદાચ 'દન્તેશ્વર' હોઈ શકે.

રામદર્શને આવેલ ઋષ્યાદિ કરોડોએ 'કોટીશ્વર' તીર્થની સ્થાપના કરી. 'કોટેશ્વર' નામના કોઈ દેવાલયનો આ ઉલ્લેખ હોવો જોઈએ. વળી સ્મશાનભૂમિને પણ 'કોટિતીર્થ' કહે છે. નગરામાં એ નામનું સ્મશાન છે. 'કુમારિકાખંડ'માં પણ એ અર્થમાં 'કોટિતીર્થ' આવે છે.

શ્રીરામના દર્શન અર્થે પધારેલા ઋષિઓ અને દેવોના સમાજે વિશ્વામિત્રીના ઉત્તર તટે એક નગર સ્થાપ્યું, જેનું નામ 'સમાજ' રાખ્યું. આ જ વડોદરાની ઉત્તર સીમાએ આવેલું 'સમા' ગામ હોય. વ્યાસાદિ મુનિઓ સાથે ત્યાં જઈને નદીના ઉત્તર તટે શ્રીરામે 'રામેશ્વર' મહાદેવની સ્થાપના કરી, જ્યાં કુંડ કરીને મુનિઓએ પોતાના કમંડળનું પવિત્ર તીર્થજળ એમાં રેડ્યું. આ ઉલ્લેખ સમા ગામના શિવાલયનો તથા તળાવનો હોવા સંભવ છે.

હરણીના હનૂમાનની ઉત્તરે અને વિશ્વામિત્રી તથા સૂર્યાના સંગમની દક્ષિણે આવેલા 'મોટેશ્વર'ના પુરાતન શિવાલયનો પણ ઉલ્લેખ અહીં કરાયો છે. આજે આ મન્દિર 'મોટનાથ' નામથી પ્રસિદ્ધ છે.

ઉપરિનિર્દિષ્ટ 'રામેશ્વર'થી એક ક્રોશના અન્તરે 'કામેશ્વર' તીર્થ આવેલું છે. રુદ્રના ક્રોધાગ્નિથી બળી ગયેલ કામદેવે છાયારૂપ ધારણ કરીને આ સ્થાને મહેશ્વરની સ્થાપના કરીને ભારે તપ કર્યું અને તેના ફલસ્વરૂપે તેમની કૃપાથી પુરાતન સિદ્ધિ પ્રાપ્ત કરી. ત્યારથી આ તીર્થ 'કામેશ્વર' નામથી વિખ્યાત થયું. અનપત્યા નારી જો આ તીર્થમાં છ માસ સ્નાન કરે તો પુત્ર પ્રાપ્ત કરે એવું વિધાન અહીં કરાયું છે.

આ 'કામેશ્વર' તે વડોદરાના કમાટીબાગ અર્થાત્ સયાજીબાગમાં આવેલ 'કામનાથ' મહાદેવનું પુરાતન સ્થળ જ હોય, જ્યાં આષાઢ શુકલ એકાદશીએ મેળો ભરાય છે. ત્યાં વિશ્વામિત્રી ઉપર સરસ ઘાટ બાંધેલો છે.

આ તીર્થથી માત્ર અર્ધા ક્રોશને અન્તરે જ 'વિમલેશ્વર'નું પાવન તીર્થ આવેલું છે, જ્યાં જગત્પુર (વડોદરા) સમીપે એક કલ્પદ્રુમ સમો વડ હતો. આ 'વિમલેશ્વર'નો પ્રાસાદ આજે વડોદરાના મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના કલાસંકાય (ફૅકલ્ટી ઑફ આર્ટ્સ)ના પ્રાસાદની પાસે જ, તે જ નામથી, ઉપસ્થિત છે. તેની રસપ્રદ કથા ભગવાન શ્રીકૃષ્ણ ધર્મરાજ યુધિષ્ઠિરને આ પ્રમાણે કહે છે:

પ્રાચીન કાળમાં 'સમલ' નામનો એક યથાર્થનામા રાજા હતો. તે અઘકૃષ્ણ અને દુરાચારી વીર રાજા અશ્વારૂઢ થઈને મૃગયા કરવા નીકળેલો. કેટલાય મૃગાદિને મારતો તે ભૂખ અને તરસથી પીડાતો આ સ્થાને પહોંચ્યો ત્યારે સૂર્ય માથે આવી ગયો હતો. રાજાનો ઘોડો પણ થાકી ગયો હતો. તેણે નદીતટે સેંકડો શાખાઓથી સમૃદ્ધ એવો દિવ્ય વડ જોયો. વાદળના દર્શનથી જેમ ચાતક ખુશ થાય તેમ તે પણ આ વટવૃક્ષના દર્શનથી ખુશ થયો. કૌશિકી (વિશ્વામિત્રી)નું જળ પીને આ દિવ્ય વૃક્ષની છાયામાં તેણે વિશ્રાન્તિ લીધી. અકસ્માત્ તેને જ્ઞાન લાધ્યું. આથી પોતે તપ આચરવા ત્યાં જ રહેવાનો નિશ્ચય કરી તેને શોધતા આવી પહોંચેલા

સૈનિકોને પોતાના નગરમાં પાછા મોકલી દીધા. તેના પરમ તપથી પ્રસન્ન થયેલા વિશ્વાત્મા શમ્ભુએ તેને દર્શન દીધાં અને વરદાન માગવા કહ્યું. પ્રત્યુત્તરમાં રાજાએ વડના દર્શનથી પોતાની પાપબુદ્ધિ નષ્ટ થઈ અને અત્યારે જે વડ હેમમય દેખાય છે તે પહેલાં કેમ સોનાનો દેખાતો ન હતો તેનું રહસ્ય પૂછ્યું. મહાદેવે આ પ્રમાણે રહસ્યોદ્ઘાટન કર્યું.

એક વખતે ફરતા ફરતા કૌશિક મુનિ (વિશ્વામિત્ર ઋષિ) થાકેલા અને તાપથી સંતપ્ત થયેલા અહીં આવી ચડયા અને આ વટવૃક્ષ નીચે લાંબા સમય સુધી સૂતા. તેમનો થાક ઊતરી ગયો અને મન પ્રસન્ન થયું. આથી તેમણે આ વૃક્ષને સુવર્ણમય થવાનું વરદાન આપ્યું:

"हे सद्वृक्ष सदा त्वं हि जातरूपमयो भव ।"

"હે સદ્‌વૃક્ષ ! હંમેશાં તું સુવર્ણમય થૈ રહે !"

ઋષિની ચરણરજને સ્પર્શીને મનુષ્યની વાણીથી વૃક્ષે ફરિયાદ કરી, "આ તો આપે ઉપકાર નહિ પણ અપકાર કર્યો ! કેમ કે સોનાના લોભથી લોકો સદા મને છેદ્યા જ કરશે !"

મહર્ષિએ સમાધાન કર્યું, "મારી વાણી વૃથા ન થાય. પરન્તુ કોઈ દુર્બુદ્ધિ તને હેમમય જોઈ શકશે જ નહિ. તારા નામથી અહીં હું 'વટપદ્ર' નામનું નગર વસાવીશ જે વીર પુરુષોનું આયતન બની રહેશે, અને જે દુષ્ટબુદ્ધિ તારી છાયાનો આશ્રય લેશે તે સુમતિ બની જશે."

આ પ્રમાણે શ્રીકૃષ્ણે વટપત્તન (વડોદરા)ના સમ્ભવરૂપ વીરવટનું વ્યાખ્યાન કહ્યું.

સમલ રાજાએ મહાદેવજી પાસે યાચના કરી: "સમલ એવો હું અહીં વિમલ થઈ ગયો તેથી હે મહેશ્વર ! આપ અહીં આ જગત્પુરમાં 'વિમલેશ્વર' નામ ધારણ કરીને સ્થિર થાઓ !"

ત્યારથી 'વિમલેશ્વર' નામથી તે તીર્થ પ્રખ્યાત થયું. ગ્રન્થ કહે છે કે અહીં માત્ર શાકથી પણ બ્રહ્મભોજન કરાવવાથી કોટિભોજ્યફલ પ્રાપ્ત થાય અને વિશ્વામિત્રીમાં સ્નાન કરી વિમલેશ્વરનું વિધિપૂર્વક પૂજન કરનારનો ૬૦૦ વર્ષ પર્યન્ત ગર્ભપુરમાં વાસ થતો નથી !

વિમલેશ્વરથી દૂર નહિ એવા 'ભીમેશ્વર' તીર્થનો પણ અહીં ઉલ્લેખ છે, જે વડોદરાના સયાજીગંજમાં આવેલ 'ભીમનાથ' જ હોઈ શકે.

ત્યાંથી 'બ્રહ્મેશ્વર', 'નાગેશ્વર' અને 'હિમાખ્યાયતન' તીર્થ થઈને 'યાગેશ્વર' તીર્થે જવાય છે. પરાજિત દેવોને વિશ્વામિત્રે આ સ્થળે જ યજ્ઞ કરાવેલો, અને આ પવિત્ર ક્ષેત્રે જ ત્રિશંકુને પણ યજ્ઞ કરાવ્યો, જે પછી તે બ્રહ્માજી સાથે સદેહે સ્વર્ગે જઈ શકયો. આ યાગ કરાવ્યો ત્યારે ભૂમિ ભેદીને સ્વયમ્ભૂ ભગવાન શમ્ભુ પ્રકટ થયા હતા. આથી તેઓ 'યાગેશ્વર' નામથી પ્રસિદ્ધિ પામ્યા. કૌશિકીના પશ્ચિમ તટે આવેલું આ તીર્થ તે વડોદરાથી કલાલી જવાના માર્ગ ઉપર, 'ડોડસાલ'ની સામે રહેલ 'જાગનાથ' મહાદેવનું પ્રાચીન સ્થાન જ હોઈ શકે. અટલાદરાની હદમાં આવેલ આ તીર્થ વિશ્વામિત્રીના પશ્ચિમ કિનારે–તટ ઉપર જ–

રહેલું છે. મન્દિરની જગા વિશાળ છે. ફળફૂલનાં વૃક્ષો ઉગાડેલાં છે. પૂજારીનું કુટુમ્બ ત્યાં રહે છે. વડોદરાના સુરસાગર સરોવર સાથે જેનું નામ સંકળાયેલું છે તે શ્રી સુરેશ્વર દેસાઈએ હાલનું મન્દિર બંધાવેલું અને પૂજાદિ માટે આ બ્રાહ્મણ કુટુમ્બને આપી દીધેલું. લિંગ નાનું છે અને ગોળાકાર જલાધારીમાં સહેજ ઊંડું છે. લિંગના ઉપરના ભાગમાં લાંબો ખાડો પડેલો જણાય છે તેથી તે સ્વયમ્ભૂ જ હોય. તેની સામે, નદીને સામે કાંઠે, મંગલનાથ મહાદેવનું સ્થાનક છે, જેનાથી થોડું દૂર 'કોટનાથ'નું મન્દિર છે. બન્ને તટે થઈને કુલ નવ 'નાથ' છે. પ્રસ્તુત માહાત્મ્યગ્રન્થમાં તે સર્વને 'ઈશ્વર' કહ્યા છે. દા. ત. સામેના 'કોટનાથ' તે પ્રસ્તુત ગ્રન્થમાં નિર્દેશેલ 'કોટીશ્વર' હોઈ શકે.

આ 'યાગેશ્વર' જાગનાથ–થી સાત ક્રોશ દૂર વિશ્વામિત્રી અને બ્રહ્મપુત્ર અર્થાત્ કંજ અર્થાત્ વૈરંચીનો સંગમ થાય છે, જ્યાં 'રક્તબિંદ્વીશ્વર' તીર્થ છે. આ વૈરંચી તે જ ઢાઢર નદી. વિશ્વામિત્રી તેને મળ્યા પછી આગળ વહેતી તે પશ્ચિમે ખંભાતના અખાતને મળે છે. 'પિંગલવાડા' ગામ પાસે વિશ્વામિત્રી–વૈરંચીનો સુભગ સંગમ થાય છે. 'પિંગલ' એટલે લાલ અને 'રક્ત' એટલે પણ લાલ. આથી આ નામ પણ સૂચક છે.

ગ્રન્થને અન્તે–અન્તિમ અધ્યાયમાં–વર્ણવેલાં તીર્થોની નામાવલિ આપી છે જે પછી એક શ્લોકમાં સૂત સમાપ્તિ કરે છે.

આ ગ્રન્થની ભાષા સરળ છે અને વ્યાકરણદોષો તથા છંદોભંગ પણ દષ્ટિગોચર થાય છે. શૈલી આડમ્બરરહિત છે અને અલંકારો અનાયાસે આવી જતા લાગે છે. અન્ય પુરાણમાહાત્મ્ય-ગ્રન્થોના જેવું નિરર્થક લંબાણ અહીં દષ્ટિગોચર થતું નથી. સ્તુતિઓ પણ ટૂંકી જ છે. કથાની અંદર ઉપકથા અને તેની અંદર વળી બીજી લઘુકથા મૂકવાની ભારતની પ્રાચીન પદ્ધતિનો અહીં પણ પરિચય થાય છે. વિશ્વામિત્રીને 'કૌશિકી' તથા 'ઋષિનદી' પણ કહી છે. આ કોઈ વિદગ્ધગ્રન્થ નથી, છતાં કેટલીક ઉક્તિઓ ઉતારવાની લાલચ રોકી શકાતી નથી :

१ 'ततोऽभवद्धनी लोके विश्वामित्रीति विश्रुता ।' ૮.૮ ક્રમ

२ 'ये पिबन्ति जलं नित्यम् ऋषिनद्या समाहिता: ।
तेषां पापानि लीयन्ते हिमं सूर्योदये यथा ॥ ૮.૧૧

३ 'प्रयागे माघमासस्तु नर्मदायां च माधव: ।
यथाषांढस्तपत्यां वै कौशिक्यां श्रावणस्तथा ॥' ૮.૧૫

૪ વીરપુરના ચઢી આવેલા વીરોને હરણીનો હિરણ્યાક્ષ કહે છે :

'भवद्भिरुरग: सुप्तो बोधितो मृत्युहेतवे ।
अद्य मद्वचनैर्गेहं व्रजतोष्टस्वरोपमा: ।
नो चेन्मत्करजाघातै: सूर्यपुत्रं गमिष्यथ ॥' १४.२७–२८ गद्य

૫ મદદ મેળવવા આવેલા વીરોને હનૂમાન કહે છે :

'स्वागतं भो महाभागाः सुप्रभाताद्य शर्वरी ॥' १४.३७ गघ

૬ નાગેશ્વર તીર્થ વિષે કહે છે કે ત્યાં પૂજન કરનારને—

'दष्टस्याशीविषेणापि विषं न क्रमते भुवि ।' २२.६ कख

'न भास्करीं प्रपश्यन्ति नरा नागेश्वरार्चकाः ॥' २२.७ गघ

# સદ્બોધશતકમ્-એક વિહંગાવલોકન

જી. કે. પંડયા*

રાજર્ષિ ભર્તૃહરિનાં નીતિશતક, વૈરાગ્યશતક અને શૃંગારશતક એ આપણે ત્યાં ખૂબ જ પ્રતિષ્ઠિત છે. એ ત્રણ શતકોમાંથી પૂજ્યશ્રી કાકાસાહેબ કાલેલકરે વિદ્યાર્થીઓને લક્ષમાં રાખી સંકલન કર્યું, જે સદ્બોધશતક નામથી ઓળખાય છે. આ સદ્બોધશતકગ્રંથ પૂજ્યશ્રી રંગ અવધૂત મહારાજશ્રીની 'બાલબોધિની' ટીકાથી વિભૂષિત થયેલો છે. પૂજ્યશ્રી રંગ અવધૂત મહારાજશ્રીના જણાવ્યા પ્રમાણે :

> शब्दावरणभेदाय नत्वा देवं पुनः पुनः ।
> सम्यग्बालबोधार्थं तन्यते बालबोधिनी ॥

શબ્દના આવરણને દૂર કરવા માટે તથા દેવને ફરી ફરીને નમન કરીને બાળકોના સમ્યક્ બોધ માટે બાલબોધિનીની હું રચના કરું છું.

સદ્બોધશતકમાં પૂ. શ્રી. કાકાસાહેબ કાલેલકરે પસંદ કરેલ ૧૦૮ શ્લોકો છે. આમાં આવતા જે તે શ્લોકના વિચારતત્ત્વને સરળતાથી સમજાવવા માટે ટીકાકારે પોતાના વિશાળ વાચનમાંથી, વિવિધ શાસ્ત્રગ્રંથોમાંથી ૧૬૩ જેટલા શ્લોકો આપ્યાં છે. સદ્બોધશતકની શરૂઆતમાં ટીકાકાર મંગલાચરણ કરતાં ગણપતિવંદના તથા પોતાના ગુરુ પૂ. શ્રી. કાકાસાહેબને નમસ્કાર કરે છે. ટીકાકાર ભર્તૃહરિનાં કાવ્યોને સમુદ્ર સાથે અને પોતાને વિષયરૂપી કૂવાનો કીડો તરીકે ઓળખાવે છે. પોતાનાં અંગોની મલિનતા ધોવા માટે હું ભર્તૃહરિનાં કાવ્યોરૂપી સમુદ્રમાં ડૂબકી મારું છું. પોતાને જ્ઞાનના દુષ્કાળથી પીડિત તથા અન્યને આપવાને મૂર્ખતા કરું છું. તેનું કારણ આપતાં જણાવે છે કે : **गुरुणां नोदिते कार्ये कथं स्यादवधीरणा.** ગુરુએ સોંપેલા કાર્યનું ઉલ્લંઘન કેવી રીતે કરું ?

સદ્બોધશતકમાં સંકલિત થયેલા શ્લોકોનું વૈવિધ્ય પણ નોંધપાત્ર છે. સદ્બોધશતકમાં પસંદ કરેલા શ્લોકોને નીચે પ્રમાણે દશ વિભાગમાં વહેંચી શકાય :

(૧) વિદ્યાપ્રશસ્તિ અને વિદ્વત્પ્રશંસા, (૨) સ્વમાન-અપમાન, (૩) ભૂષણ-દૂષણ, (૪) યાચનાવૃત્તિની નિંદા, (૫) સંતોષ, (૬) ચારિત્ર્યની શ્રેષ્ઠતા, (૭) સજ્જનપ્રશંસા-દુર્જનનિંદા, (૮) મૂર્ખનિંદા, (૯) મિત્રતા, (૧૦) જીવનનું ધ્યેય.

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૩-૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭-ઑગસ્ટ ૧૯૮૯, પૃ. ૩૭૧-૩૭૪.

* સંસ્કૃત વિભાગ, એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદ.

સદ્બોધશતકના પ્રત્યેક શ્લોકના વિચારને સ્પષ્ટ કરવા માટે ટીકાકારે નીચે જણાવ્યા પ્રમાણેના ગ્રંથોમાંથી શ્લોકો ઉદ્ધૃત કર્યા છે.

ઉત્તરરામચરિત, પ્રસંગરત્નાવલી, સભાતરંગ, હિતોપદેશ, કુવલયાનંદ, મહાભારત, મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કયસ્મૃતિ, મૃચ્છકટિક, શાર્ઙ્ગધરપદ્ધતિ, શ્રીમદ્ભગવદ્ગીતા, કિરાતાર્જુનીય, મેઘદૂત, કલ્પતરુ, માલતીમાધવ, ધમ્મપદ, વિવેકચૂડામણિ, પાંતજલયોગસૂત્ર, પ્રશ્નોત્તરમાલિકા, ચર્પટપંજરિકા, યોગસારાવલિ, કઠોપનિષદ, યોગવાસિષ્ઠ વગેરે.

ઉપરોક્ત શાસ્ત્રગ્રંથોમાંથી લીધેલ શ્લોકો પૂ. શ્રી.નું સંસ્કૃત સાહિત્યનું તલસ્પર્શી જ્ઞાન, સંસ્કૃતગ્રંથોનું પરિશીલન અને તેનું વિસ્તૃત વાચન દર્શાવે છે.

સદ્બોધશતક કાવ્યસંગ્રહ અને તેના પરની પૂ. શ્રી. રંગ અવધૂતની ટીકા એ બન્નેના કેન્દ્રમાં વિદ્યાર્થી છે. સદ્બોધકશતક પાછળનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં પૂ. શ્રી. કહે છે કે :

**तत्र, ब्रह्मचर्यैकादर्शवतां छात्राणां शृङ्गारस्य सर्वथाऽनुपयोगित्वाच्छृङ्गारश्लोकानां प्रायोऽभावः । नीतिवैराग्यश्लोकानां च प्राधान्यम् । तत्रापि, सकलपुरुषार्थमूलस्य धर्मस्य नीतिमूलत्वान्नीतिश्लोकानां बाहुल्यम् ।**

છાત્રોને માટે બ્રહ્મચર્ય જ એક માત્ર આદર્શ હોવાથી તેમ જ શૃંગાર સર્વથા અનુપયોગી હોવાથી આમાં શૃંગાર રસના શ્લોકોનો અભાવ છે. અને નીતિ તેમ જ વૈરાગ્યવિષયક શ્લોકોનું વિશેષ પ્રાધાન્ય છે. અને તેમાંય બધા જ પુરુષાર્થના મૂળ સ્વરૂપ ધર્મનું મૂળ નીતિ હોવાથી નીતિવિષયક શ્લોકોની અધિકતા છે.

સદ્બોધશતક ઉપરની ટીકાનો પ્રારંભ 'વિદ્યા' શબ્દની વિભાવના conceptના સ્પષ્ટિકરણથી થાય છે. સદ્બોધશતક ઉપરની પૂ. શ્રી. રંગ અવધૂત મહારાજશ્રીની ટીકા खण्डान्वय વિદ્યાનું અનુસરણ કરનારી ટીકા છે. 'વિદ્યા' શબ્દની વિભાવના સ્પષ્ટ કરતાં ટીકાકાર સમજાવે છે કે :

**सा विद्या या विमुक्तये । विद्यैव नरस्यमनुष्यस्याधिकं श्रेष्ठं रूपम् । विद्यावन्तः शरीरसौष्ठवहीनाः कुरूपा अपि सर्वत्र मान्या भवन्ति । यथाष्टावक्रसोक्रेटिसादयो ।**

વિદ્યા જ નરનું શ્રેષ્ઠ રૂપ છે. અષ્ટાવક્ર, સોક્રેટિસ વગેરેની જેમ શરીરનો બાંધો કદરૂપો હોવા છતાંય વિદ્યાસંપન્ન માણસ બધે જ માન પામે છે :

**उक्तं च विद्याहीना न शोभन्ते निर्गन्धाः किंशुका इव । यद्वा, अधिकं विशिष्टं, यतो द्विपात्त्वं पुच्छविषाणहीनत्वं च, उराङ्गोटाङ्गरव्ये वानरविशेषेऽपि दृश्येते ।**

અથવા બેપગા હોવું કે પૂંછડી અને શિંગડાં વિનાના હોવું એ જ જો માણસની વિશેષતા હોય તો એ તો ઉરાંગ–ઉટાંગ નામના વાંદરામાં પણ જોઈ શકાય છે. અહીં ઉરાંગ–ઉટાંગ શબ્દ અંગ્રેજી ભાષાનો છે. આ અંગ્રેજી ભાષાના શબ્દના ઉચ્ચારણને સંસ્કૃત ભાષાના

ઉચ્ચારણમાં ફેરવી સંધિના નિયમો લાગુ પાડી ટીકાકારે જે શબ્દરચના કરી છે તે આ ટીકા વિદ્વદ્બોધિની છે તે દર્શાવે છે. વિદ્યાપ્રશસ્તિશ્લોકની ટીકાના અંતે તે શ્લોકનું તાત્પર્ય ખૂબ જ સરળતાથી સમજાવતાં ટીકાકાર કહે છે કે :

**तस्मान्मनुष्येण पशुत्वनिवारणाय मनुष्यत्वसम्पादनाय च सर्वथा विद्यैवोपासितव्येति तात्पर्यम् ।**

તેથી જ તો મનુષ્યે પશુત્વના નાશ માટે અને મનુષ્યત્વનું સંપાદન કરવા માટે વિદ્યાની જ ઉપાસના કરવી જોઈએ એ શ્લોકનું તાત્પર્ય છે.

સદ્બોધશતકની ટીકાની બીજી વિશેષતા એ છે કે તેનો પ્રારંભ અને અંત માનવજીવનના મુક્તિના ધ્યેય પર રહેલો છે. શરૂઆતમાં વિદ્યા શબ્દની વ્યાખ્યા કરતાં ટીકાકાર કહે છે કે :

**विद्या सच्छास्त्रात्मिका, तस्या एव मुक्तिप्रदत्वात् ।**

વિદ્યા મુક્તિ અપાવનારી હોવાથી સત્શાસ્ત્રમયી વિદ્યા. ટીકાના અંતે પંચમહાભૂતોને આમંત્રતાં ભર્તૃહરિ બ્રહ્મમાં લીન થવાની ઈચ્છા જણાવતાં **मातर्मेदिनि, तात मरुत, सखे तेज.........** એ શ્લોકની ટીકામાં **पुत्रैषणावित्तैषणालोकैषणादिसर्वविषयान्परित्यज्य जीवन्मुक्त सन् *विदेहकैवल्यं प्राप्स्यामीति भावः ।*** પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણા જેવા સર્વ વિષયોને ત્યજીને જીવન્મુક્ત થઈ વિદેહકૈવલ્યને પામું છું એ ભાવ છે.

ટીકાકારે પ્રત્યેક શ્લોકની ટીકાના અંતે જે તે શ્લોકનો વૃત્ત દર્શાવ્યો છે તથા પરિશિષ્ટમાં જે તે વૃત્તનું બંધારણ પણ જણાવ્યું છે. લગભગ ૨૨ જેટલા છંદવાળા શ્લોકો સદ્બોધશતકમાં સમાવિષ્ટ કરેલા છે. તદ્ઉપરાંત ટીકામાં વ્યાકરણિક સંદર્ભો, કોષગ્રન્થોના સંદર્ભો વગેરે પણ દર્શાવ્યા છે. સદ્બોધશતક ઉપરની ટીકા ખૂબ જ સરળ અને સરસ ભાષામાં પ્રયોજાયેલી હોવાથી જે તે શ્લોકના હાર્દને સમજવામાં ખૂબ જ સહાયક છે. પ્રત્યેક શ્લોકની ટીકાના અંતે જે તે શ્લોકનું તાત્પર્ય સરલ ભાષામાં દર્શાવ્યું છે. ટીકાકારની ભાષાશૈલી સરલ, સુમધુર અને રોચક છે ભાષા સમાસોથી ક્લિષ્ટ પણ નથી. **गद्यं कवीनां निकषं वदन्ति** એ વિધાનને ટીકાકાર સફળતાથી પાર કરી ગયા એમ આપણને આ ટીકા વાંચતાં જરૂર લાગે.

## શ્રી સયાજી સાહિત્યમાળા

| | | રૂ. પૈ. |
|---|---|---|
| ૩૩૩ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૩=૦૦ |
| ૩૩૪ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—(સ્વ.) શ્રી. કનૈયાલાલ ભા. દવે | ૫=૫૦ |
| ૩૩૫ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—(સ્વ.) શ્રી પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૮=૦૦ |
| ૩૩૬ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૧=૦૦ |
| ૩૩૭ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૬૪) | ૧૦=૫૦ |
| ૩૩૮ | **ભવાઈના વેશની વાર્તાઓ**—(સ્વ) શ્રી. ભરતરામ ભા. મહેતા | ૩=૦૦ |
| ૩૩૯ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ): ભાગ ૧, સ્કંધ ૧-૩**—(સ્વ.) શ્રી નાગરદાસ અમરજી પંડ્યા (૧૯૬૫) | ૮=૦૦ |
| ૩૪૦ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા, ભાગ ૧** (૧૯૬૫) | ૯=૦૦ |
| ૩૪૧ | **આધુનિક ગુજરાતના સંતો ભાગ ૧**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૬૬) | ૯=૦૦ |
| ૩૪૨ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પ્ર. પુરોહિત (૧૯૬૭) | ૭=૫૦ |
| ૩૪૩ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા (૧૯૬૭) | ૧૫=૫૦ |
| ૩૪૪ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર | ૧૭=૦૦ |
| ૩૪૫ | **ઓખામંડળના વાઘેર**—(સ્વ.) શ્રી કલ્યાણરાય ન. જોશી (૧૯૭૦) | ૧૩=૦૦ |
| ૩૪૬ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ (૧૯૭૦) | ૧૩=૦૦ |
| ૩૪૭ | **પંચદશી તાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી (૧૯૭૧) | ૬=૦૦ |
| ૩૪૮ | **અખો અને મધ્યકાલીન સંતપરંપરા**—(સ્વ.) ડૉ. યો. જ. ત્રિપાઠી | ૧૪=૫૦ |
| ૩૪૯ | **શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—(સ્વ.) નાગરદાસ અ. પંડ્યા (૧૯૭૨) | ૧૧=૫૦ |
| ૩૫૦ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૩) | ૨૬=૦૦ |
| ૩૫૧ | **ગુજરાતનો પૉટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પી. પુરોહિત (૧૯૭૫) | ૮=૭૫ |
| ૩૫૨ | **ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫) | ૧૫=૦૦ |
| ૩૫૩ | **ભારતીય વીણા**—(સ્વ.) પ્રો. રસિકલાલ એમ. પંડ્યા (૧૯૭૮) | ૩૧=૦૦ |
| ૩૫૪ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯) | ૯૬=૦૦ |
| ૩૫૫ | **ચાંપાનેર: એક અધ્યયન**—ડૉ. રમણલાલ ના. મહેતા (૧૯૮૦) | ૩૬=૦૦ |
| ૩૫૬ | **દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ**—(સ્વ.) શ્રી ક. ન. જોષી | ૪૪=૦૦ |
| ૩૫૭ | **આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૭૯) | ૪૫=૦૦ |
| ૩૫૮ | **સૂર્યશક્તિ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૮૧) | ૫૨=૫૦ |
| ૩૫૯ | **કવિ ગિરધર: જીવન અને કવન**—ડૉ. દેવદત્ત જોશી | ૫૧=૦૦ |
| ૩૬૦ | **વનૌષધિકોશ**—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૩૫=૭૫ |
| ૩૬૧ | **સહસ્રલિંગ અને રુદ્રમહાલય**—(સ્વ.) શ્રી કનૈયાલાલ ભા. દવે | ૭૯=૦૦ |
| ૩૬૨ | **વૈષ્ણવતીર્થ ડાકોર**—(સ્વ.) ડૉ. મંજુલાલ ર. મજમુંદાર | ૪૮=૦૦ |
| ૩૬૩ | **બૃહત્ત્રયી અને લઘુત્રયી**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય | ૩૩=૦૦ |

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,**
**રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧**

# મધુપર્કમાં માંસ ગ્રાહ્ય કે વર્જ્ય ?

જયંત કે. ભટ્ટ*

'મધુપર્ક' એ સ્વાગત માટે પ્રયુક્ત, દ્રવ્યોથી મિશ્રિત પદાર્થનું નામ છે. વૈદિક યુગથી ભારતમાં સ્વાગતવિધિવેળા મધુપર્કથી અર્ચન કરવાની પ્રથા ચાલી આવે છે. આપણી સંસ્કૃતિ અતિથિને દેવ[1] સમજે છે તથા અભ્યાગત એ બધાનો ગુરુ[2] છે તેવી પૂજ્યભાવના આપણી સંસ્કૃતિમાં સર્વત્ર જોવા મળે છે. તેથી વિશિષ્ટ મહાનુભાવોના આગમનપ્રસંગે મધુપર્કથી સત્કાર કરવામાં આવતો હતો.

## મધુપર્કનો અર્થ :

मधुनः मधुनामकद्रव्यस्य पर्कः सम्पर्कः प्रधानतया यत्र सः मधुपर्कः એમ વિગ્રહ કરીને મધનું જેમાં પ્રાધાન્યેન મિશ્રણ થાય છે તેવી વસ્તુને 'મધુપર્ક' કહેવામાં આવે છે: पृची सम्पर्के (रुधादि गण ૭મો)માંથી કૃદંતમાં पर्कः રૂપ બન્યું છે.

## મધુપર્કમાં દ્રવ્યો :

મધુપર્કમાં મધ એ મુખ્ય દ્રવ્ય છે. તેની સાથે દહીં અને ઘીનું મિશ્રણ થતું હતું.[3] શબ્દકલ્પદ્રુમ, કાલિકાપુરાણના ૭મા અધ્યાયનો એક શ્લોક ટાંકીને દહીં, ઘી, મધ, પાણી અને સાકરનું સંમિશ્રણ એટલે મધુપર્ક એમ કહે છે.[4] આશ્વલાયન પોતાના ગૃહ્યસૂત્રમાં દહીં અને મધના મિશ્રણને મધુપર્ક તરીકે ઓળખાવે છે.[5] વળી, પારસ્કરાચાર્ય પોતાના ગૃહ્યસૂત્રમાં

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૩-૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૩૭૫-૩૮૨.

* મહર્ષિ વેદવિજ્ઞાન અકાદમી, અમદાવાદ-૧૫.

૧ अतिथिदेवो भव ।

(તૈત્તિરીય ઉપનિષદ્, ૧.૧૧.૨); જુઓ નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ઈશાદ્યષ્ટોત્તરશતોપનિષદ્ ૧૯૧૭ની આવૃત્તિ.

૨ सर्वस्याभ्यागतो गुरुः ।

૩ તંત્રસાર, (ચૌ. સં. સિ. વારાણસી, નવેમ્બર ૧૯૩૮, સંસ્કરણ, પ્રથમ પરિચ્છેદ, પૃ. ૫૩).

आज्यं दधिमधुमिश्रं मधुपर्कं विदुर्बुधाः ॥

૪ કાલિકાપુરાણ, અ. ૭ (જુઓ શબ્દકલ્પદ્રુમ-મધુપર્ક શબ્દ)

दधिसर्पिर्जलं क्षौद्रं सितैताभिस्तु पञ्चभिः ।

प्रोच्यते मधुपर्कस्तु सर्वदेवोपतुष्टये ॥

૫ આશ્વલાયન ગૃહ્યસૂત્ર ૧.૨૪.૨૬, સંપાદક એન. એન. શર્મા, ઈસ્ટર્ન બુક લીન્કર્સ, પ્રથમ સંસ્કરણ ૧૯૭૬, દિલ્હી.

दधनि मध्वानीय सर्पिर्वा मध्वलाभे ।

મધુપર્ક વિષે લખે છે કે, દહીં, મધ અને ઘીને કાંસાના પાત્રમાં રાખીને તેના પર બીજું કાંસાનું પાત્ર ઢાંકીને મધુપર્ક તૈયાર કરવામાં આવતો હતો.[૬] ટૂંકમાં, મધુપર્કમાં મધને કેન્દ્રમાં રાખીને તેમાં દહીં, ઘી, સાકર જેવાં દ્રવ્યો ભેળવાને તે દ્વારા સ્વાગતવિધિ થતી હતી.

મધુપર્કમાં 'મધ' એ મુખ્ય દ્રવ્ય રાખેલું છે. તેની પાછળનો એક આયુર્વેદીય હેતુ પણ છે. મધમાં અનેક ગુણો રહેલા છે, જે મનુષ્યના આયુષ્યને વધારીને શરીરસૌષ્ઠવ આપે છે. તે શરીરને રસાયનરૂપ તથા બલપ્રદ પણ છે. મધના આવા અદ્ભુત ગુણો હોઈને, તે અતિથિને આપીને આપણે અતિથિ કે પ્રિયપાત્રની આયુષ્યની કલ્પના કરીએ છીએ તે પણ આથી સ્પષ્ટ પ્રતીત થાય છે.[૭]

સર મોનિયર વિલિયમ્સ તેમના સંસ્કૃત-અંગ્રેજી કોશમાં મધુપર્ક એટલે Mixture of honey મધના મિશ્રણથી બનેલ વસ્તુ–એવો અર્થ આપે છે. ત્યાં બીજા પણ બે અર્થો આપ્યા છે, જે નીચે પ્રમાણે છે :

(૧) અતિથિના સ્વાગતાર્થે વપરાતી વસ્તુ–તથા, (૨) વર કન્યાના પિતાને દ્વારે આવે ત્યારે તેના સ્વાગતાર્થે સમર્પિત વસ્તુ કે જેમાં દહીં, ઘી અને મધનું મિશ્રણ કરેલું હોય તે.[૮]

**મધુપર્કનું પ્રયોજન :**

પારસ્કર ગૃહ્યસૂત્ર ૧-૩-૨માં કહ્યું છે કે, આચાર્ય, ઋત્વિક્, વર, રાજા, અત્યંત પ્રિયજન અને સ્નાતક છ પુરુષો અર્ઘ્યને યોગ્ય છે :

षडर्घ्या भवन्त्याचार्यऋत्विग्वैवाह्यो राजा प्रिय स्नातक इति ।

મનુસ્મૃતિકાર પણ રાજા, ઋત્વિક્, ગુરુ, જમાઈ, સસરા અને મામા ઘેર આવે ત્યારે મધુપર્કથી સ્વાગત કરવાનું કહે છે. જેમ કે:

---

૬ પારસ્કર ગૃહ્યસૂત્ર ૧.૩.૬, સંપા. ડૉ. સુધાકર માલવીય, ચૌ. સં. સંસ્થાન, સંસ્કરણ, ૨૦૩૭.
आहरन्ति विष्टरं पाद्यं पादार्थमुदकमर्घमाचनीयं मधुपर्कं दधिमधुघृतमपिहितं कांस्ये कांस्येन ।

૭ સુશ્રુતસંહિતા સૂત્રસ્થાન અ. ૪૫.૧૩૨, ચૌ. ઓરિઅન્ટાલિયા ૪થી આવૃત્તિ, (ડલ્હણ ટીકોપેત).
मधु मधुरं कषायानुरसं रक्षं शीतमग्निदीपनं वर्ष्यं बल्यं लघु सुकुमारं वाजीकरणं चक्षुः प्रसादनञ्च ।

૮ જુઓ : મોનિયર વિલિયમ્સ-मधुपर्क શબ્દનો અર્થ.
Respectful offering to a guest or to the bridegroom on his arrival at the door of the father of bride. Page 780 SANS. Eng. Dictionary, Motilal Banarsidas, 1981.

राजर्त्विक्स्नातकगुरुन् प्रियश्वशुरमातुलान् ।
अर्हयेन्मधुपर्केण परिसंवत्सरात्पुनः ॥

મનુસ્મૃતિ, અં. ૩, શ્લોક ૧૧૯.

આમ, મધુપર્કથી સ્વાગત કરવાની આપણી વૈદિક પ્રથા ખૂબ જ મહત્ત્વ ધરાવતી હતી એ સ્પષ્ટ થાય છે.

હવે, પ્રસ્તુત વાત એ છે કે, મધુપર્કમાં અનેક સ્થળે મધની સાથે દહીં, ઘી, સાકર, ક્વચિત્ પાણી પણ સંમિશ્રિત કરીને, મધુપર્ક તરીકે વપરાયાનો ઉલ્લેખ મળે છે. પરંતુ કોઈ સ્થળે મધુપર્કમાં માંસનું મિશ્રણ થતું હોય તેવો ઉલ્લેખ મળતો નથી. તો પછી મધુપર્કમાં માંસ દાખલ કયાંથી થયું ?

પારસ્કર ગૃહ્યસૂત્ર (૧.૩.૨૯)[૯] તથા આશ્વલાયન ગૃહ્યસૂત્ર (૧.૨૪–૨૬)માં[૧૦] સમાંસ મધુપર્કની વાત આવી કયાંથી ? 'માંસરહિત અર્ધ્ય હોઈ શકે જ નહિ' એવું વિધાન કરનારા પારસ્કરાચાર્ય અને આશ્વલાયન મધુપર્કમાં માંસ હોવું જ જોઈએ તેવું કેમ કહે છે ? મનુ પણ તેમ જ કહે છે.[૧૧] તદુપરાંત, 'ઉત્તરરામચરિત' અને 'મહાવીરચરિત'માં ભવભૂતિ પણ 'સમાંસ મધુપર્ક'નો ઉલ્લેખ કરે છે.[૧૨]

ઉપરોક્ત વિધાનોથી એવું ફલિત થતું જણાય છે કે, **'મધુપર્ક સમાંસ જ હતો'** પરંતુ ઉપરોક્ત બાબતોની સૂક્ષ્મ ચર્ચા કરતાં, એવું સ્પષ્ટ જણાય છે કે, **'મધુપર્ક સમાંસ હતો જ નહિ;** એથી વિપરીત નિર્માંસ મધુપર્કની પ્રતીતિ થાય તેવાં કેટલાંક પ્રમાણો મળે છે.

---

૯ न त्वेवामांसोऽर्घः स्यात् ।
પા. ગૃ. સૂ. (૧.૩.૨૯), વેંકટેશ્વર પ્રેસ, સંવત્ ૧૯૮૫.

१० नामांसो मधुपर्को भवति भवति ।
આ. શ્રૌ. સૂત્ર ૧.૨૪, ૨૬, સં. એન. એન. શર્મા. સંસ્કરણ ૧૯૭૬.

૧૧ મનુસ્મૃતિ, અ. ૫. શ્લોક ૪૧, કુલ્લૂક ભટ્ટ ટીકોપેત મનુસ્મૃતિ પૃષ્ઠ, ૧૮૯.
मधुपर्के च यज्ञे च पितृदैवतकर्मणि ।
अत्रैव पशवो हिंस्या नान्यत्रेत्यब्रवीन्मनुः ॥

૧૨ જુઓ : ઉત્તરરામચરિત અંક ૪, પૃષ્ઠ ૮૯, સં. પ્રો. પી. વી. કાણે, બીજી આવૃત્તિ, ૧૯૨૧.
दाण्डायनः—'समांसो मधुपर्कः' इत्याम्नायं बहुमन्यमानाः श्रोत्रियायाभ्यागताय वत्सतरीं महोक्षं वा महाजं वा निर्वपन्ति गृहमेधिनः । तं हि धर्मं धर्मसूत्रकाराः समामनन्ति ॥
सौधातकिः—अद्यैव प्रत्यागतस्य राजर्षेर्जनकस्य भगवता वाल्मीकिना दधिमधुभ्यामेव निर्वर्तितो मधुपर्कः । वत्सतरी पुनर्विसर्जिता ।
તથા, મહાવીરચરિત–૩.૨, સંપા. ટી. આર. રત્નમ્, ૧૯૨૬ની ૪થી આવૃત્તિ, પૃષ્ઠ ૮૫.
संज्ञाप्यते वत्सतरी सर्पिष्यन्नं च पच्यते ।
श्रोत्रियः श्रोत्रियगृहानागतो हि जुषस्व नः ॥

અત્રે મધુપર્કમાં માંસ ગ્રાહ્ય નહિ પરંતુ વર્જ્ય હતું અને નિર્માંસ મધુપર્ક જ હતો એ પ્રતિપાદિત કરવાનો આ લેખમાં પ્રયાસ કરવામાં આવ્યો છે.

**વેદોમાં મધુપર્ક :**

વેદોમાં 'મધુપર્ક'નો ઉલ્લેખ ઋગ્વેદ, યજુર્વેદ કે સામવેદ (વેદત્રયી)માં કોઈ સ્થળે જોવા મળતો નથી. ફક્ત એક અથર્વવેદમાં દસમા કાંડના ત્રીજા સૂક્તની એકવીસમી ઋચામાં તેનો ઉલ્લેખ છે :

**यथा यशः सोमवीथे मधुपर्के यथा यशः ।**
**एवा मे वरणो मणिः कीर्ति भूर्ति नि यच्छतु ॥**

—અથર્વવેદ, ૧૦·૩·૨૧.

અથર્વવેદના ઉપરોક્ત વિધાનથી મધુપર્ક તે સમયમાં પ્રચલિત હતો તેવું કહી શકાય પરંતુ તેમાં કયાં દ્રવ્યો વપરાતાં હતાં તેનો ત્યાં ઉલ્લેખ ન હોઈને, 'સમાંસ મધુપર્ક' હતો એવું કહી શકાય તેમ નથી.

શતપથ બ્રાહ્મણ (૪·૧·૨)[૧૩] તથા ઐતરેય બ્રાહ્મણ (૩·૪·૧૫)માં[૧૪] એવાં વિધાનો મળે છે, જે ઉપરથી **સમાંસ મધુપર્કની** કલ્પના જાગી હોવાનો સંભવ ખરો. તે વિધાનો આપણે જોઈએ.

શતપથ બ્રાહ્મણમાં 'આતિથ્યેષ્ટિ'ની વાત આવે છે. તેમાં બ્રાહ્મણ અથવા રાજા અતિથિસ્વરૂપે ઘેર પધારે તો 'મહોક્ષ' કે 'મહાજ' સ્વાગતાર્થે અર્પણ કરવાનું કહે છે. અહીં, **महान्तमुक्षाणं महोक्षं** અને **महान्तमजं वा पचेत्** એ વિધાનમાં સમાંસ મધુપર્કની ગંધ આવતી હોય તેવું જણાય છે.

બીજું વિધાન ઐતરેયબ્રાહ્મણનું છે. તેમાં, સોમરાજા આવે છે ત્યારે અતિથિકર્મનું નિરૂપણ છે. તે વખતે અગ્નિનું મંથન થાય છે. જેમ મનુષ્યલોકમાં રાજા કે અન્ય કોઈ મહાપુરુષ આવે ત્યારે તેમના સ્વાગતાર્થે 'મહોક્ષ' કે 'વેહત્'ને સમર્પિત કરાય છે તે પ્રમાણે અહીં અગ્નિનું મંથન કરાય છે. અગ્નિ એ દેવોનું પશુ છે.

---

१३ अथ यस्मादातिथ्यं नाम । अतिथिर्वा एष एतस्यागच्छति यत्सोमः क्रीतस्तस्या एतद्यथा राज्ञे वा ब्राह्मणाय वा महोक्षं वा महाजं वा पचेत्, तदहमानुषं हविर्देवानामेवमस्या आतिथ्यं करोति ॥

શ. બ્રા. ૪.૧.૨, ભાગ ૨, વેંકટેશ્વર પ્રેસ, મુંબઈ, સંસ્કરણ, ૧૯૪૦, પૃષ્ઠ ૧૨૦.

१४ अग्निं मन्थन्ति सोमे राजन्यागते । तद्यथैवादो मनुष्यराज आगतेऽन्यस्मिन्वाऽर्हत्युक्षाणं वा वेहतं वा अदन्त एवमेवास्या एतत्क्षदन्ते ।

ઐતરેયબ્રાહ્મણ ૩.૪.૧૫, સંપાદક ડૉ. સુધાકર માલવીય, તારા પબ્લીકેશન્સ, વારાણસી, ૧૯૮૦ પૃષ્ઠ ૯૫.

અહીં, 'महोक्षं वेहतं वा क्षदन्ते' એ વિધાનમાં સમાંસ મધુપર્કની ગંધ આવતી જણાય છે.

જૈમિનીય બ્રાહ્મણ ઉપનિષદમાં[૧૫] 'મધુપર્ક' શબ્દનો ઉલ્લેખ છે પરંતુ ત્યાં મધુપર્કનાં દ્રવ્યો વિષે કશો ઉલ્લેખ નથી.

ફક્ત ઉપરનાં બે વિધાનો–ખાસ કરીને, પારસ્કર અને આશ્વલાયનનાં ગૃહસૂત્રો સમાંસ મધુપર્કની વાત કરે છે, અને તેથી પાછળના કાલમાં ભવભૂતિ વગેરેએ પોતાની કૃતિઓમાં મધુપર્કનું સમાંસત્વ રજૂ કર્યું હોય તેમ લાગે છે.

શતપથ બ્રાહ્મણના વિધાનમાં આવતા 'महोक्ष' અને 'महाज' શબ્દ સમજવા જેવા છે.[૧૬] महांश्वासौ उक्षा च महोक्षः तम् महोक्षम् કર્મધારય સમાસ થાય છે. તે પ્રમાણે महान्तमुक्षाणम् पचेत् એ વિધાન તપાસીએ.

સર મોનિયર વિલિયમ્સ દ્વારા સંપાદિત સુપ્રસિદ્ધ સંસ્કૃત–અંગ્રેજી કોશમાં उक्षन् શબ્દના અર્થ નીચે પ્રમાણે આપેલા છે :

૧ A Bull (as impregnating the flock)
સાંઢ (ગાયોને ગર્ભાધાન કરાવવામાં સમર્થ)

૨ A name of 'Soma' (as sprinkling or scattering small drops)
સોમ, (ઝરતો, ટપકતો રસથી સભર)

૩ One of the eight chief medicaments
(ऋषभक:)

અષ્ટવર્ગ ઔષધિઓ પૈકી એક ઔષધિનું નામ 'રૂષભક' છે.

એ જ પ્રમાણે, 'अज' શબ્દના અર્થોમાં 'अज' શબ્દનો એક અર્થ V. S. Apte પોતાની The Students Sanskrit–English Dictionary, page No. 7 ઉપર a sort of corn or grain કરે છે અને મહાભારતના શાંતિપર્વમાં 'अज' એટલે 'સાત વર્ષ જૂના ચોખા' એવો અર્થ આવે પણ છે.[૧૭] એટલે अजનો અર્થ બકરો જ થાય છે તેમ

---

૧૫ જૈમિનીય બ્રાહ્મણ ઉપનિષદ્, ૧૮.૪.
तं होवाच किं विद्वान्नो दाल्म्यानामन्त्र्य मधुपर्कं पिबसीति ।

१६ महान्तमुक्षाणं महोक्षम् । महान्तमजं महाजम् वा पचेत् ।
उक्षा, अज अने पचेत् शब्दो दृष्टव्य, संस्कृत–इंग्लीश–डीक्शनरी–मोनियर विलियम्स पुनर्मुद्रित १९८१, पृष्ठ १७२, पृष्ठ ९ तथा पृष्ठ ५७५.

૧૭ મહાભારત શાંતિપર્વ, ૩૩૭.૪.
बीजैर्यज्ञेषु यष्टव्यमिति वै वैदिकी श्रुतिः ।
अजसंज्ञानि बीजानि नो छागं हन्तुमर्हथ ॥

નથી. વળી, उक्षाનો એક અર્થ સોમરસ પણ થાય છે તે આપણે કોશના આધારે જોયું. 'शब्दानामनेकार्थाः भवन्ति' એ પ્રમાણે સંદર્ભાનુસાર જે યોગ્ય અર્થ હોય તે ગ્રહણ કરવામાં કશો શાસ્ત્રબાધ થતો નથી.

उक्षाનો એક અર્થ સોમ લઈએ ત્યારે આપણી પાસે તેનું પ્રમાણ પણ છે. જેમ કે, ઋગ્વેદ ૧/૧૬૪/૪૩ ઉપરના સાયણભાષ્યમાં सोम उक्षाऽभवत् એવું વિધાન છે અને તેથી સોમ અતિથિને માટે તૈયાર કરવો એવો અર્થ થઈ શકે છે.

તદુપરાંત, उक्षा એટલે ऋषभक નામની અષ્ટવર્ગ પૈકી એક ઔષધિનો ઉપયોગ મધુપર્કમાં થતો હશે, કારણ કે, તે બૃંહણ, શુક્રોત્પાદક અને બલવર્ધક છે એવું ચરકસંહિતામાં કહ્યું છે.[૧૮] વળી, સુશ્રુત–ભાવપ્રકાશ[૧૯] વગેરે ગ્રંથોમાં પણ ऋषभकને અષ્ટવર્ગ પૈકી એક ગણાવેલ છે.

સમ્માનનીય અતિથિના સ્વાગતાર્થે સોમરસ કે આવી જીવનીય ઔષધિનું મધુપર્કમાં સંમિશ્રણ કરીને અપાતું હોવાનો સંભવ નકારી શકાય નહિ.

બીજું, पचेत्નો અર્થ કેવળ પકવવું સિવાય બીજો પણ હોઈ શકે છે. पचि व्यक्तीकरणे (भ्वा. से. आ.) ધાતુ છે; જેનો અર્થ–पचेत्–व्यक्तीकुर्यात् અર્થાત્ પ્રગટ કરે, રજૂ કરે તેવો થાય છે અને તે પ્રમાણે અતિથિના સ્વાગતાર્થે સોમરસ કે અષ્ટવર્ગ પૈકી એક ઔષધિ–ઋષભક મધુપર્ક તરીકે રજૂ કરે એવો શતપથબ્રાહ્મણના વિધાનનો અર્થ સંભવિત છે. તે જ પ્રમાણે, ઐતરેયબ્રાહ્મણમાં 'उक्षाणं वेहतं वा क्षदन्ते' ત્યાં 'क्षद्' ધાતુના અર્થનો વિચાર કરીએ તો પાણિનિના ધાતુપાઠમાં કયાંય 'क्षद्' ધાતુ આવતો નથી. તેથી તેનું અર્થજ્ઞાન બીજી રીતે કરવું પડશે. ઉણાદિસૂત્ર, પંચપાદીમાં ૨.૯૪.૨૫૧માં क्षद् ધાતુનો ઉલ્લેખ છે. तृन्तृचौ शंसिक्षदादिभ्यः संज्ञायां चानिटौ એ સૂત્ર છે. (જુઓ : સિ. કૌ. તત્ત્વબોધિની પૃ. ૬૧૧) જેમાં क्षदिः सौत्रो धातुः शकलीकरणे भक्षणे च એમ લખ્યું છે, એટલે આ સૌત્ર ધાતુ છે.

બીજું, નિઘંટુ (૨.૮)માં अत्ति કર્મવાળા ભક્ષણાર્થક ધાતુઓમાં 'क्षद्' ધાતુનો પ્રયોગ નથી. વધકર્મવાળા (૨.૧૯) ધાતુઓમાં પણ 'क्षद्'નો પ્રયોગ નથી. તેથી વધ કરવો કે ખાવું એવો અર્થ क्षदन्तेનો કરવા યોગ્ય નથી.

પતંજલિના મહાભાષ્યનું વચન છે કે, अनेकार्था अपि धातवो भवन्ति। तद्यथा वपिः प्रकरणे (बीजाधाने) दृष्टः, छेदने चापि वर्तते (પતંજલિ મહાભાષ્ય ૧.૩.૧) ઉપરોક્ત પ્રસંગમાં

---

૧૮ ચરકસંહિતા, ખંડ ૨, અ. ૪. ૧૯, ગુલાબકુંવરબા આયુ. સોસાયટી, જામનગર, પ્રથમાવૃત્તિ ૧૯૪૯, પૃષ્ઠ ૫૬.

जीवकर्षभकौ मेदा महामेदा काकोली क्षीरकाकोली । मुद्गमासपर्ण्यौ जीवन्ती मधुकमिति दशेमानि जीवनीयानि भवन्ति ।

૧૯ ભાવપ્રકાશ, પૂર્વાર્ધ (હરીતક્યાદિ વર્ગ) શ્લોક સંખ્યા ૧૨૦, ચૌ. સં. સંસ્થાન, પંચમાવૃત્તિ, ૧૯૬૯, પૃષ્ઠ ૬૧.

जीवकर्षभकौ मेदे काकोल्यो ऋद्धिवृद्धिके ।

'**स्था**' ધાતુનું પણ દૃષ્ટાંત આપી કહ્યું છે કે, '**स्था**' ધાતુનો અર્થ 'ઊભું રહેવું' છે અને બીજો અર્થ 'ચાલવું' છે. એટલે કે એક જ ક્રિયા પરસ્પર વિરુદ્ધ અર્થ પણ બતાવતી હોય છે.

તે પ્રમાણે, **क्षदन्ते**નો અર્થ ખાવાને બદલે ઉપયોગમાં લેવું, સ્વીકારવું એવો પણ થાય છે. ઋગ્વેદ ૧.૨૫.૧૮ ઉપર સાયણ લખે છે. **हविः क्षदसे-अश्नासि** 'ખાય છે' એવો અર્થ કરીને પછી 'સ્વીકાર કરે છે' એવો તાત્પર્યાર્થ જણાવે છે. એટલે અહીં પણ '**उक्षा**' **वेहत्**નો સ્વીકાર કરે છે એ અર્થ સુસંગત જણાય છે.

અતિથિ આવે ત્યારે સોમ કે ગાયને સમર્પણ કરવી. **महोक्षं वा वेहतं वा पचेत्** એમ અર્થ હોવાની ઘણી શકયતાઓ છે, કારણ કે, ભાષ્યકાર વગેરે આવાં અનેક પ્રમાણો રજૂ કરે છે. અતિથિ આવે ત્યારે બળદ કે ગાયના ટુકડેટુકડા કરવા એવો અર્થ સુસંગત જણાતો નથી વળી, યાજ્ઞવલ્કયસ્મૃતિ ૧.૧૦૯માં **महोक्षं वा महाजं वा श्रोत्रियायोपकल्पयेत् सत्क्रियाऽन्वासनंस्वादु भोजनं सूनृतं वचः ।** કહે છે તે પણ અર્થ ઉપરના અર્થ સાથે સુસંગત થાય છે.

બીજું વિશિષ્ટ અતિથિઓના આગમનપ્રસંગે મધુપર્કમાં માંસ ન આપતાં પાછળથી મધુપર્ક દ્વારા સ્વાગતવિધિ સમાપ્ત થયા બાદ ગોદાન કરવામાં આવતું હતું. એથી **महान्तं उक्षाणं वा महान्तमजं अतिथये पचेत् व्यक्तीकुर्यात्–निवेदयेत्–समर्पयेत्** એવો અર્થ બંધબેસતો આવે છે.

તો પછી, પારસ્કર ગૃહ્યસૂત્ર અને આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં દર્શાવેલાં વિધાનોનો શો અર્થ થશે ? તે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તેનું સમાધાન નીચે મુજબ છે.

અમરકોશમાં **आङीषदर्थेऽभिव्याप्तौ सीमार्थे धातुयोगजे** (૩.૩.૨૩૯) કહ્યું છે, જેનો પદચ્છેદ આ પ્રમાણે થાય છે :

**आङ् इषदर्थे अभिव्याप्तौ सीमा–अर्थे धातुयोगजे ।**

અર્થાત્, '**आ**'નો પ્રયોગ 'થોડા' અર્થમાં, 'અભિવ્યાપ્ત' (વ્યાપક બનવું) અર્થમાં, 'સીમા' અર્થમાં તેમ જ ધાતુયોગમાં થાય છે.

પારસ્કર **न त्वेवामांसोऽर्घः स्यात्** કહે છે ત્યાં **न तु एव आमांसः अर्घः स्यात्** પદચ્છેદ પડે છે. અહીં, '**आमांसः**' પદમાં **आङ्** ઉપસર્ગપૂર્વક 'માંસ' શબ્દ છે. '**आङ्**'નો એક અર્થ વ્યાપકપણું એવો પણ છે. એટલે કે, **आमांसः** = માંસથી વ્યાપ્ત એટલે કે માંસયુક્ત **अर्घः न एव स्यात्** એમ થઈ શકે છે : **न तु एव आमांसः (मांससहितः–मांसयुक्तः) अर्घः स्यात् ।**

તે જ પ્રમાણે, આશ્વલાયન ગૃહ્યસૂત્રના **नामांसो मधुपर्को भवति**માં પણ **आमांसः–मांससहितः** મધુપર્ક ન હોઈ શકે તેમ અર્થ કરવામાં કશી હરકત જણાતી નથી.

બીજું, આપણાં ધર્મશાસ્ત્રો, રામાયણ, મહાભારત વગેરે બધા ગ્રંથો હિંસાના વિરોધી છે. તેઓ ગાય કે બળદ કે બકરાનું માંસ ખાવાની આજ્ઞા કરે જ નહિ.

ભગવાન મનુ કહે છે કે જે વ્યક્તિ પોતાના સુખ માટે જીવોની હિંસા કરે છે તે આ લોક અને પરલોકમાં સુખ પ્રાપ્ત કરી શકતા નથી.[૨૦]

મહાભારતકાર[૨૧] કહે છે કે, સુરા, આસવ, મધુ, મદિરા, માછલી, તલ, કૃચ્છ્રાન્ન–આ બધી વસ્તુઓ ધૂર્તોએ યજ્ઞમાં પ્રચલિત કરી છે. વેદોમાં તેનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવી છે.

અહિંસાને પરમધર્મ તરીકે સ્વીકારનારા મહર્ષિઓ કદી માંસ ગ્રહણ કરે જ નહિ. તેથી મધુપર્કમાં માંસ વર્જ્ય જ છે, ગ્રાહ્ય નથી. એટલે **निर्मांसः एव मधुपर्कः** એ સ્પષ્ટ ફલિત થાય છે.

---

૨૦ મનુસ્મૃતિ, ૫.૪૫.

योऽहिंसकानि भूतानि हिनस्त्यात्मसुखेच्छया ।
स जीवंश्च मृतश्चैव न क्वचित्सुखमेधते ॥

૨૧ મહાભારત-શાંતિપર્વ, ૨૬૫.૯.

सुरामत्स्यामधुमांसमासवं कृसरौदनम् ।
धूर्तैः प्रवर्तितं ह्येतन्नैतद् वेदेषु कल्पितम् ॥

# અનંત પંડિતનું સ્વાનુભૂતિનાટક*

ઉમા દેશપાંડે*

મહારાષ્ટ્રના પુણતાંબે ગામના વિખ્યાત વિદ્યાસેવી પંડિત કુળમાં અનંત પંડિતનો જન્મ થયો હતો (ઈ. સત્તરમી સદી). ભગવાન શંકરના ઉપાસક અને આદ્ય શંકરાચાર્યની કેવલાદ્વૈત તત્ત્વપ્રણાલીને અનુસરનાર અનંત પંડિતે પોતાના જીવન દરમ્યાન કેટલાક રસપ્રદ અને વિદ્વતાપૂર્ણ ગ્રંથોની રચના કરી. તે ગ્રંથોનાં નામ આ પ્રમાણે છે.

(૧) મુદ્રારાક્ષસપૂર્વસંકથાનક.

(૨) રસમંજરી પરની ટીકા.

(૩) રસમંજરીનું મરાઠી ભાષાંતર.

(૪) આર્યાસપ્તશતી પરની ટીકા.

(૫) સ્વાનુભૂતિનાટક.

સ્વાનુભૂતિનાટકની બે હસ્તપ્રતો છે. એક અહીંના પ્રાચ્યવિદ્યા મંદિરમાં (ક્રમાંક ૧૧૬૭૭) અને બીજી જયપુરના મહારાજા સવાઈ માનસિંગ સંગ્રહાલયમાં (ક્રમાંક ૯૧) સંગ્રહિત છે.

પ્રસ્તુત લેખિકાએ પહેલી જ વખત આ હસ્તલિખિત નાટકની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરીને તેનો સાંગોપાંગ, સંશોધનાત્મક અભ્યાસ પોતાના મહાનિબંધમાં આપેલો છે.

## સ્વાનુભૂતિનાટકનો વિષય :

સ્વાનુભૂતિનાટકના પાંચ અંકોમાં અનંત પંડિતે મુખ્યત્વે પ્રસ્થાનત્રયીનાં કેટલાંક વાક્યોની સમજૂતિ આપીને શંકરાચાર્યની કેવલાદ્વૈત ફિલસૂફીનુ વિગતવાર વિવેચન કરેલુ છે. પાત્રોના સંવાદોમાં યોગવાસિષ્ઠ, સંક્ષેપશારીરક, અષ્ટાવક્રગીતા, સ્કંદપુરાણ ઈ. ગ્રંથોમાંની 'પંક્તિઓ ટાંકી 'ને તેમનું વિશ્લેષણ કરેલું છે.

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૩૮૩–૩૮૬.

★ વડોદરા મુકામે તા. ૨૪–૨૫ ડિસેંબર ૧૯૮૫ના રોજ યોજાયેલ, ગુજરાત રાજ્ય યુનિ. અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના અગિયારમા અધિવેશનમાં રજૂ થયેલો લેખ.

* સંસ્કૃત, પાલિ, પ્રાકૃત વિભાગ, મ. સ. વિદ્યાપીઠ, વડોદરા.

અનંત પંડિતના મત પ્રમાણે આ દુઃખમય સંસારમાંથી મુક્ત થવું હોય તો માણસે આત્મતત્ત્વનું જ્ઞાન મેળવવું જોઈએ.[1] આત્મતત્ત્વને, પોતાને ન જાણનાર માણસ ગર્દભ સમાન છે.[2] આત્મજ્ઞાનથી ઉદ્ભવતો આનંદ અદ્વિતીય અને પરમોચ્ચ છે. તેની તુલના બીજા કોઈ ભૌતિક સુખ અથવા સત્કર્મ સાથે થઈ શકે નહિ.[3] આ પરમાનંદની અથવા મોક્ષની પ્રાપ્તિ કરવા માટે મુમુક્ષુએ પરમતત્ત્વની પ્રપત્તિ સ્વીકારીને સતત તેનું સ્મરણ, નિદિધ્યાસન અને અનુશીલન કરવું જોઈએ.[4]

તત્ત્વચિંતક દાર્શનિક હોવા ઉપરાંત અનંત પંડિત એક શબ્દસ્વામિ, રસિક કવિ હતા. મનોવેધક અર્થવાળી લલિત પદાવલિમાં એમણે સરસ કાવ્યરચના કરી છે.

નદીમાતા ગંગાની કરેલી પ્રસંશા અને દેવી લલિતામ્બાની કરેલી પ્રાર્થના અનંત પંડિતની કવિત્વશક્તિની સાક્ષી આપે છે.[5]

## સ્વાનુભૂતિનાટકનું ઐતિહાસિક અને સામાજિક દૃષ્ટિએ મહત્ત્વ :

વારાણસી નગરી—ખાસ કરીને ગંગા નદીના કિનારે વસેલો તેનો રમણીય પ્રદેશ અને મોગલ સમ્રાટ અકબરના મંત્રી રાજા ટોડરમલની મદદથી નારાયણ ભટ્ટે ઈ. સ. ૧૫૮૫માં બંધાવેલા

---

१ विना स्वात्मारामोत्कटपरिचितिं नैव लभते ।
सुखं कारागाराधिकविषमसंसारसदने ॥ १.१६ क, ड

२ स्वात्मानं च न जानाति नरो नासौ स गर्दभः ॥ ५.३८ क

३ नानातीर्थजलावगाहनरतिं यज्ञक्रियासम्भृतिं
प्राणायामपरम्परापरिणतिं नासाग्रलक्ष्ये रतिम् ।
सर्वेषामथ सङ्गमेऽपि विरतिं कुर्वन्तु नैतावता
ब्रह्माद्वैतसुखैकदेशकणिकालाभो भवेन्निश्चितम् ॥ १.१९

४ ब्रह्माणं विदधाति पूर्वमखिलं वेदं च तस्मै ददा-
त्येकः स्वीयमतिप्रकाशपरमस्तं देवमाद्यं विभुम् ।
मोक्षेच्छुः शरणं गतोऽस्मि सततं यः सर्वविद्यस्य च
ज्ञानं तच्च तपो यतश्च निखिला सृष्टिः समुज्जृम्भते ॥ २.२४

५ त्वत्तीरे किल पञ्चतां गतवतो ब्रह्मैकतां चेत्ततः
को लाभः किमुवा स्मयास्पदमिदं गङ्गे चिदेकद्रवे ।
चित्रं किन्त्विदमेव यत्परतरब्रह्मैकतां गच्छतो
नो गत्यादिकमस्ति किञ्च परमानन्दोऽपि निर्हेतुकः ॥ ५.५

અને

तवामारद्वारे निवसति सदा सिध्दिनिवहो
विहारस्थाने ते विलसति सचिन्तामणिगणः ।
तवोद्यानेऽप्यास्ते कमलमुखि कल्पद्रुमततिः-
र्वरं कं याचेऽहं बत तव विहायाङ्घ्रिकमलम् ॥ ५.१४

વિશ્વનાથમંદિરનું સુંદર, સચોટ અને આબેહૂબ વર્ણન આ નાટકમાં મળે છે. ગંગા નદીના કિનારે વૃક્ષ નીચે બેઠેલા ગુરુ-શિષ્યનો શાસ્ત્રાર્થ, વહેલી સવારે નદીમાં સ્નાન કરી શુચિભૂત થઈ ઈશ્વરના ધ્યાનમાં નિમગ્ન થયેલો ઉપાસક અને મણિકર્ણિકા ઘાટ પર આળોટતા વૃદ્ધ અને રોગપીડિત લોકોનું તાદૃશ વર્ણન નાટકકારે કરેલું છે.

ભગવાન વિશ્વનાથનું મંદિર ચોરસ આકારનું હતું અને તેની લંબાઈ ૧૨૪'ની હતી. પ્રમુખ શિવાલય મંદિરની બરાબર વચમાં હતું અને તેની આજુબાજુ ચાર મંડપો હતા—મુક્તિમંડપ, શૃંગારમંડપ, ઐશ્વર્યમંડપ અને જ્ઞાનમંડપ. આ મંડપોમાં ધાર્મિક અને દાર્શનિક ચર્ચાવિચારણાઓ થતી હતી.[૬]

સવારસાંજ શિવજીની સાગ્રસંગીત પૂજા, આરતી થાય[૭] અને મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, કર્ણાટક, વિગેરે પ્રદેશોમાંથી આવતા દર્શનાર્થીઓનો મોટો ધસારો જોવા મળે. મર્ત્ય લોકોની જેમ અમર્ત્ય, દિવ્ય એવા દેવો અને સૂરેશ્વરો પણ શિવજીની સમારાધના કરતા.[૮]

## સ્વાનુભૂતિનાટકનું વિશિષ્ટ મહત્ત્વ :

કાશીનગરીની પવિત્ર અને રમણીય ભૂમિ ઉપર અદ્વૈતવેદાંતની તત્ત્વપ્રણાલીનું વિવેચન કરવાને માટે મુખ્યત્વે લખાયેલું આ નાટક વિવિધ દૃષ્ટિએ મહત્ત્વનું છે.

(૧) ભારતીય તત્ત્વજ્ઞાનનાં અનેક સમુદાત્ત તત્ત્વોની સમજૂતિ આપતું આ નાટક આપણો પ્રાચીન અને સર્વશ્રેષ્ઠ એવો દાર્શનિક અને સાંસ્કૃતિક વારસો સમુચિત રીતે જાળવી રાખે છે.

(૨) તે વખતની કાશીનગરી તેમ જ વિશ્વનાથમંદિરનું વર્ણન અને નાટકમાંની પ્રમુખ પાત્રવરણી દ્વારા નાટકકાર આપણને સત્તરમી સદીમાં પ્રવર્તતી ધાર્મિક, સામાજિક તથા શૈક્ષણિક પરિસ્થિતિનું ઠીક ઠીક દર્શન કરાવે છે.

(૩) મુસલમાન સુલતાનોના શાસન દરમ્યાન જ્યારે સંસ્કૃત ભાષાના અધ્યયન,

---

૬ वितण्डामार्तण्डेन समं शैववैष्णवादिविविध–
जनावेष्टितस्य पाण्डितस्य सविधे मुक्तिमण्डपे ।

અંક ૨, પૃ. ૨૯

૭ भगवतो भूतपतेः सपर्यासमारम्भसमयः सम्भाव्यते यतो विविधवाद्यनिनादाः श्रूयन्ते ।

અંક ૧, પૃ. ૨૬

૮ इदानीमेव पूजां सम्पाद्य वासुदेवः सनकसनन्दन–सनातनादिऋषिवर्गसमन्वितो वैकुण्ठमगात् । संप्रति तु पूजोपकरणग्रहणव्यग्रहस्ताः समस्ताः सौराष्ट्र–महाराष्ट्रकर्णाटद्रविडप्रभृतयः पूजकजनाः पूर्व–दक्षिणदिग्द्वारतोऽनिवारिता गच्छन्ति ।

અંક ૨, પૃ. ૨૮

અધ્યાપન અને સર્જન માટેનો રાજ્યાશ્રય બંધ થયો ત્યારે તે વિપરીત રાજકીય અને સાંસ્કૃતિક પરિસ્થિતિમાં અન્ય ગ્રંથો સાથે જ સ્વાનુભૂતિનાટક જેવું સમુચિત સાહિત્યિક સર્જન કરીને અનંત પંડિત લુપ્તપ્રાય થતી ભારતીય નાટ્યપરંપરાને નવપલ્લવિત કરે છે.

આમ સત્તરમી સદીમાં લખાએલા આ નાટકનું સાહિત્યિક, દાર્શનિક અને ઐતિહાસિક ક્ષેત્રમાં આગવું અને અદ્વિતીય પ્રદાન છે.

# “ ગદ્યચિન્તામણિનાં કથાઘટકો ”★

જે. એસ. પટેલ*

કાવ્યકલા ઉપરાંત સંગીત, ચિત્ર, શિલ્પ વગેરે સર્જનાત્મક કલા તેમજ કેટલીક પ્રયોજિત કલાઓમાં કૃતિગત કોઈ મહત્ત્વના વિશિષ્ટ અંશને અને વળી તેથી જ દેશકાલ અબાધિત એવા પરંપરાથી પુનરાવૃત્ત થતા અંશને ઘટકાંશ કહી શકાય. કૃતિમાં આવતા કોઈ કથાનક કે પ્રસંગમાંનો અંગભૂતઅંતર્ગત મહત્ત્વનો આ અસાધારણ અંશ અથવા ખંડ છે. આ ઘટકાંશ અથવા રૂઢ કથાઘટક પરંપરાથી અનેક વાર્તાઓમાં પુનરાવર્તન પામતો ટકી રહે છે. દા. ત. સ્વપ્ન, પિછાન વગેરે. કથાઘટક એ કલાકૃતિનો એક પ્રકારનો કલા કસબ–કલાયુક્તિ છે.[૧]

પશ્ચિમના વિવેચકોએ આ તત્ત્વ વિશે સારો એવો વિચાર કર્યો છે. જુદા જુદા સંદર્ભ-ગ્રંથોમાં કથાઘટક શબ્દનો વ્યવહાર સામાન્ય અર્થ, માનસશાસ્ત્રીય અર્થ, કલાસામાન્ય અર્થ, કાવ્ય સમગ્ર સંબંધે અર્થ પરત્વે વિચારવામાં આવ્યો છે. વેબસ્ટર[૨] તેનો સામાન્ય અર્થ–મુખ્ય તત્ત્વ, વિચાર, લક્ષણ અને તેની સાથે એક બીજો કલાનુસારી અર્થ “કલાકૃતિમાં પુનરાવર્તિત અલંકૃતિ” આપે છે. અને માનસશાસ્ત્ર[૩] પ્રભાવોત્પાદક લક્ષણ અથવા વિષય એવો અર્થ આપે છે.

ઑક્સફર્ડ ઇંગ્લીશ ડીક્ષનરી[૪] કથાનકની પરિભાષા બે પ્રકારની આપે છે :

(૧) ‘ચિત્રકલા, શિલ્પ, સ્થાપત્ય, અલંકૃતિ વગેરેમાં : કલાકૃતિનું મૂળભૂતતત્ત્વ ( લક્ષણ ),

---

‘**સ્વાધ્યાય**’, પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૩૮૭–૩૯૪.

★ મ. સ. યુનિ. વડોદરાના ઉપક્રમે તા. ૨૪–૨૫ ડિસે. ૧૯૮૫ના રોજ વડોદરા મુકામે યોજાયેલ ગુ. રા. યુનિ. અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના ૧૧મા અધિવેશનમાં પઠિત શોધપત્ર.

* એમ. પી. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર.

૧ પાઠક, હીરાબેન ‘કાવ્યમાં Motive ( રહસ્ય ), Motif ( ઘટકાંશ ) અને Motivation ( કાવ્યપ્રયોજન )–એનો આંતર સંબંધ વિદ્યાપીઠ, નવે. ડિસે. ૧૯૭૧, પૃ. ૩૭૧.

2 Webster : New World Dictionary of the American literature ( Revised Edition, Editor–in–chief : David B. Guralnik ) : ( 1 ) a main element, idea, feature. ( 2 ) a repeated figure in a design.

3 A Comprehensive Dictionary of Psychological and Psychoanalytical Terms [ Horace B. English and Ava Champney English ] David Mckay Co : A dominating feature or theme.

4 Oxford English Dictionary ( Vol. VI Motif ) :

કલાકૃતિના વિશિષ્ટ તત્ત્વને રચનારું ધ્યેય અથવા તો ધ્યેયસમૂહ, વિશિષ્ટ પ્રકારના વિષય માટે વપરાતી કલાપૂર્ણ યોજના. કૃતિના સ્વરૂપનો સૈદ્ધાંતિક અથવા મુખ્યવર્તી વિચાર.

(૨) સાહિત્યકૃતિમાં : પ્રસંગનો પ્રકાર, અમુક પ્રકારની પરિસ્થિતિ, નૈતિક કે કોઈ એવા પ્રકારની સમસ્યા જેનો કલ્પનાયુક્ત કૃતિમાં સમાવેશ થયો હોય.

'કરન્ટ લીટરરી ટર્મ્સ–એ કોન્સાઈઝ ડીક્ષનરી'માં એ. એફ. સ્કોટ[5] આ શબ્દનો અર્થ કલાકૃતિના મુખ્ય વિષયને આવરી લેતો કોઈ એક વિચાર અથવા મધ્યવર્તી તત્ત્વ' એ રીતે આપે છે.

લોકવાર્તામાંના કથાઘટક તત્ત્વનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં સ્ટીથ થોમસન[6] તેમના ગ્રંથ 'ધ ફોકટેલ'માં જે સમર્થ વર્ણન કરે છે તે કાવ્ય સમગ્રમાં પ્રયોજાતા કથા ઘટકના મૂળભૂત સ્વરૂપને ઘણી કુશળતાથી સ્પષ્ટ કરે છે. વાર્તામાં રૂઢિનો આગ્રહ રાખનારું નાનામાં નાનું તત્ત્વ. એ માટે તેમાં કંઈક અસામાન્ય ચમત્કૃતિયુક્ત હોવું જોઈએ. રૂઢ કથાઘટકમાં કશીક કૌતુકભરી ચમત્કૃતિ અવનવીન અસાધારણતાનો જે ઉલ્લેખ સ્ટીથ થોમસન ઉપરના મંતવ્યમાં કરે છે તેને સમજાવતાં કહે છે કે "તે યાદ રાખવું જોઈએ કે, રૂઢિ સાચું અંગ બને તે માટે કથાતત્ત્વમાં કંઈક એવું હોવું જોઈએ કે જેને લોકો યાદ કરે અને તેનું પુનરાવર્તન કરે. તે સર્વસાધારણ કરતાં વિશેષ હોવું જોઈએ. આમ માતાએ કથાઘટક કહી ન શકાય. ક્રૂર માતા આવું કથાઘટક બની શકે કારણ કે ઓછામાં ઓછું તેનું ઘાતકીપણું અસાધારણ બાબત છે. જીવનની રોજબરોજની પ્રક્રિયાઓ કથાઘટકો નથી.[7]

---

"(a) In painting, sculpture, architecture, decoration etc.—A Constituent feature of a composition :—an object or group of objects forming a distinct element of a design; a particular type of subject for artistic treatment also used for : The structural principle or the dominant idea of a work."

(b) In literary composition : A type of incident, a particular situation, on ethical problem, or the like, which may be treated in a work of imagination.

5 Scott, A. F. current literary Terms :

A concise Dictionary : "A particular idea or dominant element running through a work of art, forming part of the main theme.

6 Thompson, stith—The folktale, Vol. 1, P. 415 : "A motif is the smallest element in a tale having a power to persist in tradition. In order to have the power it must have something unusual and striking about it."

7 Ibid. P. 415-416 : "It must be remembered that in order to become a real part of tradition an element must have something about it that well make people remember and repeat it. It must be more than commanplace. A mother as such in not a motif. A cruel mother becomes one because she is atleast thought to be unusual The ordinary processes of life are not motifs.

સ્ટીથ થૉમસનના મતાનુસાર લોકવાર્તામાં આવતા રૂઢ કથાઘટકોના ત્રણ વિભાગ પડે છે :

(૧) કાર્ય કરનારાં લાક્ષણિક પાત્રો (દા. ત. પરી, રાક્ષસ, અપરમા, ડાકણ, વંતરીઓ, ગણિકા, પોપટ કે અન્ય પ્રાણી, માનીતી, અણમાનીતી સ્ત્રીઓ વગેરે.)

(૨) કથાની ભૂમિકામાં રહેલાં કેટલાંક વિલક્ષણ, અગમ્ય, આધિદૈવિક તત્ત્વો. (જેવાં કે અસામાન્ય રૂઢિ, વહેમ, માન્યતાઓ, એંધાણીરૂપ વીંટી કે અલંકાર, ઊડતી ચટાઈ, જાદુઈ ફાનસ, મુખમાંથી મોતી ખરવાં વગેરે).

(૩) કોઈક એક છૂટી વિલક્ષણ ઘટના–આ ઘટકાંશનું એક ઉદાહરણ જોઈએ. "વિખૂટાં પડેલાં સ્વજનોનું મિલન–પિછાન પૂર્વેનું અજ્ઞાતપણે ખેંચાણ". દા. ત. ઉત્તરરામચરિત લવકુશની પિછાન થાય તે પહેલાં કુટુમ્બીજનો અને વડીલોને લવકુશ વિશે અજાણપણે મમત્વ–હેત ઊભરાય છે. તેવું જ તે બાળકોને પણ થાય છે.

આવાં અનેક કથાઘટકો વાદીભસિંહસૂરિકૃત ગદ્યચિન્તામણિમાં પણ દૃષ્ટિગોચર થાય છે. તે નીચે પ્રમાણે છે.

(૧) નાયક–નાયિકાનો ઉદ્યાનમાં આનંદપ્રમોદ, (૨) ભાવિ પુત્રજન્મની એંધાણી આપતું સ્વપ્ન, (૩) પ્રતિનાયક દ્વારા નાયકના પિતાનું ખૂન, (૪) સ્મશાનમાં પુત્રજન્મ, (૫) ભવિષ્યમાં ઓળખાણ પડવા માટેની વીંટી, (૬) પુત્રજન્મ વખતે પતિને યાદ કરીને શોક, (૭) ધાત્રીવેષધારિણી દેવતાનો પ્રવેશ, (૮) જિન–સ્તવન, (૯) રાજકુમારની નગરયાત્રાને જોવા માટે નગરજનોની સ્ત્રીઓની ઉત્કંઠા, (૧૦) એક કોળિયાથી ભૂખ પૂરી થવી, (૧૧) ઊંટ ઉપર બેસીને આકાશમાં ઊડવું, (૧૨) જૈન દીક્ષાથી દૈવી આયુષ બંધાવવું, (૧૩) પુરુષદ્વેષિણી કુમારિકા, (૧૪) પોપટને પ્રિય સાથેના સંગમ માટે ઉપાય પૂછવો, (૧૫) પ્રિયતમાનું ચિત્ર આલેખવું, (૧૬) ઊંઘતી પત્નીને છોડીને ગૃહત્યાગ કરવો, (૧૭) વર્ષાઋતુનું વર્ણન, (૧૮) તપસ્વીને લોભાવતી સ્ત્રી, (૧૯) કન્યાનું મનહરણ કરવાની શક્તિનું બીડું ઝડપવું, (૨૦) ઘડપણે પૂરા ઘેરાયેલા માણસના ભૂત જેવો વેષ ધારણ કરવો, (૨૧) કુમારીતીર્થના સ્નાનથી વૃદ્ધાવસ્થા દૂર કરવી, (૨૨) બ્રહ્મહત્યાના પાપથી ડર લાગવો, (૨૩) પૃથ્વીતલને અત્યંત મોહિત કરનારું ગાન ગાવું, (૨૪) સ્ત્રીજન સંબંધી ચપળતા અને ભવિતવ્યતાની પ્રબળતા, (૨૫) પહેલાંથી બેસાડેલ મનુષ્ય દ્વારા બોલવું, (૨૬) કપિક્રીડાનું વર્ણન કરવું, (૨૭) સર્વજ્ઞમુનિ દ્વારા પૂર્વજન્મનો ભેદ પ્રગટ કરવો.

વાદીભસિંહે પોતાની કથામાં કથાઘટકોનો સુંદર રીતે પ્રયોગ કર્યો છે. કથાઘટકોદ્વારા કથામાં અસામાન્ય ચમત્કૃતિ પેદા કરવામાં આવે છે.

'નાયક અને નાયિકાનો ઉદ્યાનમાં આનંદ પ્રમોદ'એ કથાઘટકને લોકકથાઓમાં રંગીન વાતાવરણ સર્જવા માટે કવિઓ પ્રયોજે છે. કથામાં રોમાંચ પ્રગટ કરવા માટેનો તેનો હેતુ હોય છે. પ્રણયકથાના એક મહત્ત્વના તત્ત્વ તરીકે તેને આવકાર્ય માનવામાં આવે છે. શૃંગારરસની અનુભૂતિ આનાથી શક્ય બને છે. ગદ્ય પ્રણયકથાના બધા સર્જકો આ કથાઘટકને

અનિવાર્ય રીતે પોતાની કથામાં સમાવે છે. અહીં પણ તે હેતુ સિદ્ધ થયો છે. સત્યંધર અને જીવંધરનો પોતાની રાણીઓ સાથેનો વિલાસ એ તેમના સ્વભાવના સૂચક બની રહે છે. કથામાં રંગીન વાતાવરણ સર્જે છે.

'ભાવિ પુત્રજન્મની એંધાણી આપતું સ્વપ્ન'એ કથાઘટકનો પ્રયોગ કથાનાયકના પ્રાદુર્ભાવની પૂર્વભૂમિકા સર્જે છે. આનો ઉપયોગ બાણે કાદંબરી અને ધનપાલે તિલકમંજરીમાં કર્યો છે. લોકકથાઓમાં સ્વપ્નનો ઉલ્લેખ અત્યંત ઉપકારક નીવડે છે. તે દ્વારા ભાવિ પ્રસંગોનું સૂચન થઈ જાય છે અને કથામાં ચમત્કૃતિ સર્જી શકાય છે. અહીં વિજ્યા રાણીને સ્વપ્નમાં અશોકવૃક્ષ પડતું અને તેમાંથી નવું વૃક્ષ અંકુરિત થતું તેમજ તેના પર આઠ માળાઓ લટકતી દેખાય છે. તેના દ્વારા રાજા સત્યંધરનું પતન, જીવંધરની ઉત્પત્તિ અને ભવિષ્યમાં આઠ પત્નીઓના તે સ્વામી બનશે એની સૂચના પ્રાપ્ત થાય છે.

'પ્રતિનાયક દ્વારા નાયકના પિતાનું ખૂન' આ કથાઘટક દ્વારા પ્રતિનાયકના દુર્ગુણો અને નાયકના ગુણોના આવિષ્કારની તક કવિ ઝડપી લે છે. પ્રતિનાયક તરફ વાચકનો અનાદર અને નાયક તરફ વાચકની સહાનુભૂતિ દર્શાવી શકાય છે. આ કથામાં પ્રતિનાયક કાષ્ઠાંગાર દ્વારા જીવંધરકુમારના પિતા સત્યંધર પર આક્રમણ અને મૃત્યુ દર્શાવીને અધર્મી પર મૂકેલો વિશ્વાસ અને સ્ત્રી તરફની આસક્તિ અનર્થકારી હોય છે તે સ્પષ્ટ કર્યું છે. કાષ્ઠાંગારની ક્રૂરતાથી વાચકનો અનાદર અને જીવંધર તરફ વાચકની સહાનુભૂતિ પ્રગટ કરવામાં આવી છે.

'સ્મશાનમાં પુત્રજન્મ' એ કથાઘટક દ્વારા મનુષ્યના ભાગ્યચક્રની વિષમતા દર્શાવવામાં આવે છે. કથામાં કરુણરસનું વાતાવરણ આનાથી સર્જી શકાય છે. સુખવૈભવમાં રહેનારી રાણી સ્મશાનમાં પુત્રને જન્મ આપે છે. તેમાં વિધિની ક્રૂર વિચિત્રતા જ જણાઈ આવે છે. લોકકથાઓમાં પ્રવર્તમાન ભાગ્યવાદ–નિયતિની લોકમાન્યતા અહીં રજૂ કરવામાં આવી છે. સુખ અને દુઃખની છાયા દરેક મનુષ્યના જીવનમાં ઓછાવત્તા પ્રમાણમાં પડ્યા વિના રહેતી નથી. એ ખ્યાલને પણ સિદ્ધ કરવામાં આવે છે. અહીં કારુણ્યપૂર્ણ દશ્ય ખડું કરવામાં આવ્યું છે.

'ભવિષ્યમાં ઓળખાણ પાડવા માટેની વીંટી' આ કથાઘટકનો પ્રયોગ કથાકાર પોતાના કથાતંતુને અખંડિત રાખવા માટે બતાવે છે. એક પ્રસંગમાંથી બીજો પ્રસંગ જન્મે અને બંને વચ્ચે એકસૂત્રતા જળવાય તે પણ જરૂરી હોય છે. સ્મશાનમાં કુમારને રાણી રાજાના નામથી અંકિત થયેલી વીંટી પહેરાવે છે જેથી ભવિષ્યમાં તેની ઓળખાણ પડી શકે. મુનિઓનાં વચનોમાં વિશ્વાસ રાખીને આવેલો ગંધોત્કટ રાજકુમારને ઓળખીને તેને લઈ જઈ સારી રીતે તેનું સંવર્ધન કરે છે. બૃહત્કથામાં દ્વિતીય લંબકમાં મૃગાવતી સહસ્રાનીકના નામથી અંકિત કંકણ ઉદયનના હાથે પહેરાવે છે. અને ભવિષ્યમાં તેની રાજકુમાર તરીકે જાણ થાય છે. આ કથાઘટકનો કાલિદાસે શાકુન્તલમાં પ્રયોગ કર્યો છે. ધનપાલે ચંદ્રાતપ નામના દૈવી હારનો ઉપયોગ કર્યો છે, જે મિલન માટે ઉપકારક બની રહે છે.

'પુત્રજન્મ વખતે પતિને યાદ કરીને શોક કરવો' એ કથાઘટક દ્વારા વાદીભસિંહે કથામાં કરુણરસનું વાતાવરણ સર્જ્યું છે. પાત્રો વાચકની સહાનુભૂતિ મેળવી શકે છે.

'ધાત્રી વેષધારિણી દેવતાના પ્રવેશ' દ્વારા કથામાં અલૌકિક તત્ત્વની સહાય લેવામાં આવી છે. માનવજીવનના વિકાસમાં દૈવી તત્ત્વોનો ફાળો લોકકથામાં મહત્ત્વનું તત્ત્વ છે. આવું દૈવી તત્ત્વ કથામાં પ્રયોજાનાં રાણી વિજયાને આશ્વાસન આપીને જીવન જીવવાનું બળ પૂરું પાડે છે. ભવિષ્યમાં પોતાના પુત્રને રાજ્યપ્રાપ્તિ થતાં સુખમય પરિસ્થિતિના આગમનની સૂચના આપી જાય છે. અહીં અતિપ્રાકૃતિક તત્ત્વનો પ્રયોગ કથામાં ચમત્કૃતિ સર્જે છે. કાદંબરીમાં પણ નાયકના મૃત્યુ પછી નાયિકાને દિવ્યતત્ત્વ કે આકાશવાણી દ્વારા આશ્વાસન આપવામાં આવે છે.

'જિનસ્તવન' કથાઘટકનો પ્રયોગ જૈન કથાઓમાં પ્રધાનપણે ઉપલબ્ધ થાય છે. દૈવી-કૃપા દ્વારા પાત્રો પોતાનો વિકાસ સાધે છે. આ કથામાં જીવંધરના મુખે જિન–સ્તવનો યોજવામાં આવ્યાં છે. વીણાવાદનપ્રસંગે, જિનાલયનું દર્શન થતાં, રાજ્યાભિષેક વખતે જિનસ્તવન રચવામાં આવે છે. તે દ્વારા તેમની ભગવદ્‌ભક્તિ પ્રગટ થઈ છે. અને તેમની સતત કૃપા તેમના જીવનમાં વરસતી રહે છે. આમ તેમના ઉદાત્ત જીવનના પરિચાયક તરીકે બની રહે છે.

'રાજકુમારની નગરયાત્રાને જોવા માટે નગરજનોની સ્ત્રીઓની ઉત્કંઠા' આ બૃહત્કથાથી ચાલ્યો આવતો કથાઘટક છે. તૃતીય લંબકમાં વત્સરાજ ઉદયનનું દિગ્વિજયયાત્રા માટે કૌશામ્બીમાં પુનરાગમન થતાં તેને જોવા માટે નગરની નારીઓ એકત્રિત થાય છે.' અશ્વઘોષે બુદ્ધચરિતમાં, કાલિદાસે રઘુવંશમાં, બાણે કાદંબરીમાં આ કથાઘટકનો ઉપયોગ કર્યો છે. ગદ્ય-ચિન્તામણિમાં પણ ભીલો પર વિજય મેળવનારા જીવંધરને જોવા માટે નગરની નારીઓ એકઠી મળે છે. એના દ્વારા કથાનાયકના વ્યક્તિત્વનો પરિચય થાય છે અને શૃંગારમય ચેષ્ટાઓના નિરૂપણ દ્વારા કથામાં પ્રેમનું વાતાવરણ સર્જવામાં આવે છે.

'એક કોળિયાથી ભૂખ પૂરી થવી' એ કથાઘટકમાં દૈવી અંશો નિહિત છે. તે દ્વારા કથામાં ચમત્કૃતિ સર્જવાનો કવિનો હેતુ પ્રતીત થાય છે. 'ઊંટ ઉપર બેસીને આકાશમાં ઊડવું' એ કથાઘટકમાં અદ્‌ભુત તત્ત્વનાં દર્શન થાય છે. વાદીભસિંહે અદ્‌ભુત પ્રસંગો દ્વારા કથામાં ચમત્કૃતિ અને અદ્‌ભુત રસનું વાતાવરણ સર્જ્યું છે. આ કથાઘટક અવાસ્તવિકતાની લાગણી રજૂ કરતો હોવા છતાં તત્કાલીન લોકમાનસનું એમાં પ્રતિબિંબ પડયું છે. આશ્ચર્યકારક ઘટના દ્વારા કથાકૌતુકનું નિર્માણ થયું છે.

'જૈન દીક્ષાથી દૈવી આયુષ બંધાવા'ને લગતો કથાઘટક જૈન કથાઓમાં ઉપલબ્ધ થાય છે. એના દ્વારા ધાર્મિક રુચિનો ખ્યાલ બંધાય છે. બ્રાહ્મણોના મારથી મરણોન્મુખ થયેલ કૂતરાના જીવને જીવંધર મૂળમંત્રનો ઉપદેશ આપતાં સુદર્શન યક્ષપણું પ્રાપ્ત કરે છે. આમ અહીં જૈની દીક્ષાથી દૈવી આયુષ પ્રાપ્ત થાય છે. તેમાં ચમત્કાર તત્ત્વનો ઉમેરો થયો છે. અદ્‌ભુત અને ચમત્કારિક પ્રસંગો દ્વારા કવિ કથામાં અદ્‌ભુત રસનું નિર્વહણ કરે છે.

'પુરુષદ્વેષિણી કુમારિકા'ના કથાઘટકનો પ્રયોગ બૃહત્કથામાં થયો છે. સાતમા લંબકમાં પૂર્વજન્મમાં પોતાના પતિથી દુઃખી હંસી રાજકુમારી તરીકે અવતરતાં પોતાના પતિની ક્રૂરતા વિચારીને એનું મન પુરુષો તરફ આકૃષ્ટ થતું નથી. વાદીભસિંહે પણ ગુણમાલાના ચૂર્ણને જીવંધર ઉત્કૃષ્ટ બતાવતાં સુરમંજરી રીસાઈને ચાલી જાય છે. અને પોતાના અંતઃપુરમાં પુરુષ–

પ્રવેશનો નિષેધ કરાવે છે. અહીં સ્ત્રીસહજ દ્વેષના ભાવને વ્યક્ત કરવામાં આવે છે. આ કથા-ઘટક દ્વારા સુરમંજરી કોઈ અન્ય પુરુષના સંસર્ગમાં આવતી નથી. પણ પોતાના હૃદયમાં સંગોપી રાખેલા જીવંધરકુમારને મેળવવા માટે તેની તીવ્ર ઝંખના જાગે છે. પ્રેતવેશધારી જીવંધર તેના મહેલમાં જતાં તેની ઉત્કંઠા વધી જતાં તેમના ગાનથી લોભાઈને તેમના કહેવા મુજબ કામદેવના મંદિરમાં જઈ વંચના પામે છે અને પોતે જીવંધરનુ સાચું સ્વરૂપ પ્રગટ થતાં તેમને પ્રાપ્ત કરે છે. અહીં કથાનાયકના સામર્થ્યને પ્રગટ કરવા માટેની કવિએ તક ઊભી કરી છે.

'પોપટને પ્રિય સાથેના સંગમ માટે ઉપાય પૂછવાનો' કથાઘટક 'વાસવદત્તા'માં પ્રયોજાયો છે. વાદીભસિંહ પણ તેનો ઉપયોગ કરે છે. નાયક નાયિકાના મિલનમાં શુક-પક્ષીનો સહયોગ લેવામાં આવ્યો છે. અહીં વાચકને કંઈક વિચિત્ર લાગણીનો અનુભવ થાય એ માટે ક્રીડાશુકમાં માનવી ગુણોનો અધ્યાસ કરીને કવિ લોકકથાનાં અનેક લક્ષણોમાંના એકને ચરિતાર્થ કરે છે. શુકદ્વારા જીવંધરને ગુણમાલાનો પ્રેમસંદેશ જણાવવો તે અદ્ભુતને તેથી કૃત્રિમ હોવા છતાં રોચક લાગે છે.

'પ્રિયતમાના ચિત્રનું આલેખન'એ કથાઘટક દશકુમારચરિતમાં પ્રયોજાયેલ છે. રાજકુમારીનું અપહારવર્મા ચિત્ર દોરે છે. કાલિદાસે પણ શાકુન્તલમાં આનો પ્રયોગ કર્યો છે. વાદીભસિંહ પણ પોતાના ગ્રંથમાં પ્રયોજે છે. જીવંધર ગુણમાલાનું ચિત્ર દોરીને પોતાના હૃદયમાં રહેલી વેદનાને દૂર કરવા પ્રયત્ન કરે છે. આ કથાઘટક દ્વારા તત્કાલીન ચિત્રકલાનો સાંસ્કૃતિક સંદર્ભ સૂચિત થાય છે. વિરહની દશાને હળવી કરવા માટે, મનોવિનોદ માટે આનો ઉપયોગ થયો છે.

'ઊંઘતી પત્નીને છોડીને ગૃહત્યાગ કરવો' આ કથાઘટક અશ્વઘોષે બુદ્ધચરિતમાં પ્રયોજેલો છે. જીવંધર પણ પોતાની પત્નીઓ પદ્મા અને ક્ષેમશ્રીને છોડીને ચાલ્યા જાય છે. તે બંનેને તેઓ આશ્વાસન આપી શાંત કરે છે. કર્તવ્યપાલન માટે પોતાના પ્રિયજનનો ત્યાગ દર્શાવી નાયકની ઉદાત્તતા પ્રગટ કરવામાં આવે છે.

'વર્ષાઋતુ'ના કથાઘટક દ્વારા પ્રકૃતિદર્શનનો કવિનો હેતુ સિદ્ધ થાય છે. પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપો કથામાં ઉપકારક બની રહે છે.

'તપસ્વીને લોભાવતી સ્ત્રી'નો કથાઘટક રામાયણમાં વર્ણિત છે. રામના વનવાસ દ્વારા શૂર્પણખા તેમને લોભાવવા આવે છે પણ તેઓ પોતાના ઉદાત્ત સ્વભાવનો પરિચય કરાવે છે. અશ્વઘોષના બુદ્ધચરિતમાં પણ સિદ્ધાર્થના ચિત્તને ભોગવિલાસમાં આસક્ત કરવા માટે પદ્મષંડ વનમાં સુંદર સ્ત્રીઓ ખૂબ જ પ્રયત્ન કરે છે છતાં તેમનામાં કોઈ વિકૃતિ થતા નથી. કવિએ પોતાની કથામાં જંગલમાં પસાર થતા જીવંધરને કોઈ વિદ્યાધરી પોતાના મનોરથ પૂર્ણ કરવાની માગણી કરે છે. જીવંધર તેને દેહવિષયક ઉપદેશ આપી પોતાની ઇન્દ્રિયનિગ્રહતાનો પરિચય કરાવે છે. આમ કવિએ જીવંધરની ઉદાત્તતા પ્રગટ કરી છે.

'કન્યાનું મનહરણ કરવાની શક્તિનું બીડું ઝડપવું' આ કથાઘટક દ્વારા નાયકના સામર્થ્યની સિદ્ધિનો ખ્યાલ આવી જાય છે. પોતાના મિત્રોના કહેવાથી જીવંધરે સુરમંજરીને

આધીન કરવા પ્રયત્ન કર્યો અને પોતાની બુદ્ધિશક્તિથી તેમજ મંત્રના સામર્થ્યથી તેને પ્રાપ્ત કરે છે. કથામાં આ ઘટક પણ ઉપકારક બની રહે છે.

'પ્રેત જેવા વેષ'ને ધારણ કરવાના કથાઘટક દ્વારા કવિએ શૃંગારરસથી આચ્છાદિત કથાનકમાં પરિવર્તન કરવા પ્રયત્ન કર્યો છે. અહીં વાસ્તવિક વિગતોનું દર્શન થઈ શકે છે. અહીં મંત્રવિદ્યાથી સ્વરૂપપરિવર્તનનો કથામાં ઉપયોગ કરી ચમત્કૃતિ સાધવા પ્રયાસ કર્યો છે. આ કથાઘટક દ્વારા રૌદ્ર રસની અનુભૂતિ થાય છે. ચોથા લંભના ચૂર્ણ પરીક્ષાના વૃત્તાન્તને પૂર્ણ કરવામાં અહીં આ કથાઘટક સહાયભૂત બની રહે છે.

'કુમારીતીર્થના સ્નાનથી વૃદ્ધાવસ્થા દુર કરવી' એ કથાઘટકના પ્રયોગ દ્વારા કવિએ રોમાંચ ઉપજાવનારી ઘટનાનું વર્ણન કર્યું છે. એના દ્વારા હાસ્યરસ ઉત્પન્ન થાય છે અને સૂચક રીતે યોજનાબદ્ધ રીતે જીવંધર સુરમંજરીની પ્રાપ્તિ કરે છે.

'બ્રહ્મહત્યાના પાપનો ડર' આ કથાઘટક બૃહત્કથામાં પ્રયોજાયો છે. નવમા લંબકમાં બલસેન ક્ષત્રિયને બ્રહ્મહત્યાનો ડર લાગતાં પોતાની પુત્રી અશોકમાલાને હઠશર્માને આપી દે છે. વૃદ્ધ બ્રાહ્મણવેશધારી જીવંધર સુરમંજરીના મહેલમાં અનુમતિ વગર પ્રવેશતાં અંતઃપુરની સેવિકાઓ બ્રહ્મહત્યાના ભયથી તેમને અટકાવતી નથી. અહીં તત્કાલીન સમાજમાં બ્રાહ્મણોના સ્થાનને રજૂ કરવાનો આશય જણાઈ આવે છે. આના પ્રયોગથી વિના સંકોચે કથાનાયક જીવંધરનો મહેલપ્રવેશ થાય છે અને સુરમંજરીની પ્રાપ્તિ અત્યંત સુલભ બની રહે છે. ભાસે પણ આ કથાઘટકનો મધ્યમવ્યાયોગમાં પ્રયોગ કર્યો છે.

'મોહિત કરનારા ગાન' અંગેના કથાઘટકનો પ્રયોગ બૃહત્કથામાં થયો છે. નવમા લંબકમાં નરવાહનદત્ત શિકાર માટે ગાઢ જંગલમાં જતાં દિવ્યગીતનું શ્રવણ કરે છે. બાણની કાદંબરીમાં ચંદ્રાપીડ પણ મૃગયા માટે જતાં મહાશ્વેતાનું જીવન સાંભળે છે. ધનપાલની તિલકમંજરીમાં પણ દિવ્ય સંગીતનો ઉપયોગ કર્યો છે. ગદ્યચિંતામણિના નવમા લંભમાં કવિએ જીવંધરના દિવ્ય ગાનનો પ્રયોગ કર્યો છે. તેનાથી સુરમંજરીના હૃદયમાં અદ્ભુત આકર્ષણ જાગે છે અને પોતાના હૃદયની વાત જીવંધર આગળ પ્રગટ કરે છે અને વંચના દ્વારા તેની પ્રાપ્તિ સુલભ બની જાય છે.

સ્ત્રીઓના ચંચળ સ્વભાવ અને ભવિતવ્યતાની પ્રબળતા' એ કથાઘટક દરેક કથાઓમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કથાલેખકો આ બંને કથાઘટકોનો અનિવાર્યપણે આશ્રય લે છે. સુબંધુ, દંડી, બાણ, ધનપાલ વગેરેએ પણ આનો ઉપયોગ કર્યો છે. ગદ્યચિંતામણિમાં જીવંધરના વચનમાં વિશ્વાસ મૂકીને સુરમંજરી અન્ય વિચાર કર્યા વગર કામદેવના મંદિરમાં જાય છે. વંચનાને લીધે તે શરમિંદી બની જાય છે. જીવંધર તેને પોતાનું યથાર્થ સ્વરૂપ દર્શાવીને પ્રાપ્ત કરે છે. કથામાં ભવિતવ્યતાનું પ્રાબલ્ય અત્રતત્ર સર્વત્ર દષ્ટિગોચર થાય છે. એના દ્વારા કવિની લોકોમાં પ્રવર્તતી પ્રારબ્ધવાદની માન્યતા પ્રસ્તુત થાય છે.

'પહેલાંથી બેસાડી રાખેલ મનુષ્ય દ્વારા બોલવું' એ કથાઘટક દ્વારા કવિએ યુક્તિપ્રયુક્તિઓથી કથામાં ચમત્કૃતિ સર્જેલી છે. રહસ્યવાદનાં પોષક તત્ત્વોનો અહીં ઉલ્લેખ થયો છે.

'કપિક્રીડા' એ કથાઘટક દ્વારા જીવંધરના સંસારના વૈરાગ્યભાવનું સૂચન કરવામાં આવ્યું છે. વાનર–વાનરીના કથાઘટકનો પ્રયોગ બૃહત્કથામાં થયો છે. કથામાં આ પાત્રો અત્યંત ઉપકારક બની રહે છે. બૃહત્કથાના અઢારમા લંબકમાં વાનર ચંદ્રસ્વામી નામના વિપ્રને વાનરીને બચાવવા બદલ દિવ્ય ફળ આપે છે. જેથી તે પોતાની પત્નીસહ વૃદ્ધાવસ્થા અને રોગમાંથી મુક્ત થાય છે. ગદ્યચિંતામણિના અગિયારમા લંભમાં ઉદ્યાનમાં વિહાર કરતા જીવંધર વાનર–વાનરીની ક્રીડાને જુએ છે. ત્યારે તેમને સંસારની અસારતાનો ખ્યાલ આવી જાય છે અને તેમના ચિત્તમાં સંસાર તરફ વૈરાગ્યનો ભાવ જાગૃત થાય છે. જીવંધર સંસારત્યાગ શાંતરસની અનુભૂતિ કરાવે છે. આ કથાઘટક પણ કથામાં રસનિર્વહણ કરી શકે છે. જીવંધરની મોક્ષની પૂર્વભૂમિકા પણ સર્જે છે.

'સર્વજ્ઞ મુનિદ્વારા પૂર્વજન્મનો ભેદ પ્રગટ કરવો ' આ કથાઘટક અનેક કથાઓમાં ઉપલબ્ધ થાય છે. બાણે કાદંબરીમાં અને ધનપાલે તિલકમંજરીમાં પણ આનો પ્રયોગ કર્યો છે. ગદ્યચિંતામણિમાં માનવજીવનના વિકાસમાં દિવ્ય શક્તિઓનો સહયોગ નામની લોકકથાની રૂઢિને લક્ષમાં રાખીને દિવ્ય મુનિરાજોની કલ્પના કરી છે. તેઓ જીવંધરને ધર્મોપદેશ કરી નારકીય યંત્રણાઓ વર્ણવી પૂર્વજન્મ વિશે કહે છે. તેમના ઉપદેશમાં ચિંતનાત્મક અંશોની પ્રાપ્તિ થાય છે. અદ્ભુત પ્રસંગોની કલ્પના દ્વારા કથામાં રોમાંચકતામાં વધારો કરવામાં આવ્યો છે.

આમ કવિએ વિવિધ કથાઘટકોનો પોતાની કથામાં વિનિયોગ કરીને તેને અદ્ભુત, ચમત્કારપૂર્ણ, રસમય, સરળ છતાં રમણીય બનાવી છે.

# ભારતીય સંસ્કૃતિ અને વિજ્ઞાન

રમેશ જી. શાહ*

[ ૧ ]

## ભારતીય સંસ્કૃતિનું વેદમૂલક સ્વરૂપ :

ભારતીય સંસ્કૃતિ એટલે વૈદિક સંસ્કૃતિ. ભારતીય સંસ્કૃતિ એટલે ધર્મપ્રધાન સંસ્કૃતિ. ભારતીય સંસ્કૃતિ એટલે અધ્યાત્મપ્રધાન સંસ્કૃતિ. આ સંસ્કૃતિ સનાતન, શાશ્વત, અને નિત્ય છે; કારણ કે તેનું મૂળ–આદિસ્રોત વેદોમાંથી પ્રગટેલું છે. વેદો પરમાત્માનો નિઃશ્વાસ છે **तस्य निःश्वसितं यद्वेदा:** । તેથી તે અપૌરુષેય મનાય છે. વેદો માનવસર્જિત નથી, ઈશ્વરની જ વાણી છે. વેદો સનાતન, શાશ્વત છે, તેથી વેદોમાંથી પ્રગટેલી સંસ્કૃતિ પણ સનાતન શાશ્વત જ હોય એ નિર્વિવાદ છે, ભારતીયોએ આ સનાતન ધર્મપ્રધાન સંસ્કૃતિ આર્ષવાણી–ઋષિઓની દિવ્યવાણી–ભાગવતીવાણીમાંથી પ્રાપ્ત કરી. સ્વામી વિવેકાનંદે પણ આ જ રહસ્ય પ્રગટ કરતાં કહેલું **'The Hindus have received their religion through revelation–the Vedas'**[૧]

ભારતીય સંસ્કૃતિ વેદમૂલક હોવાથી તેનું વાસ્તવિક સત્યસ્વરૂપ આધ્યાત્મિક છે. તેનો પ્રાણ આત્મતત્ત્વની અજરતા–અમરતામાં રહેલો છે, ક્ષણભંગુર, વિનાશી શરીર–દેહમાં રહેલો નથી. હિંદુઓને આત્માના સાક્ષાત્કારમાં રસ છે, સિદ્ધાંત કે મતમાં નહિ. **आत्मा वा अरे दृष्टव्य:** । (बृ. ૨–૪–૫) આત્માને જોવો જોઈએ અર્થાત્ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવો જોઈએ. યદ્યપિ ભારતીયોએ મુખ્યતઃ આત્મતત્ત્વ બ્રહ્મતત્ત્વની ઉપાસના, સાધના યા શોધ કરી, તેમ છતાં તેમણે ઐહિક જીવનવિષયક વિદ્યાઓની ઉપેક્ષા કરી નથી, વ્યાવહારિક સાધન-સામગ્રીને તિરસ્કારી નથી. તાત્પર્ય એટલું જ કે ભારતીયોએ માનવમાત્રને ઉપયોગી વિદ્યાઓ, કલા, વિજ્ઞાન એવી કલ્યાણકારી દૃષ્ટિએ પ્રગટાવ્યાં, જે સમગ્ર માનવજાતને શનૈઃ શનૈઃ તેના અંતિમ ધ્યેય આત્મસાક્ષાત્કાર તરફ લઈ જાય.

ભારતીય સંસ્કૃતિમાં "**कृण्वन्तो विश्वमार्यम्**"ની ઉદાત્તભાવના, "**सत्यं शिवं सुन्दरम्**"ની સમન્વયાત્મક ભાવના તેમ જ "**वसुधैव कुटुम्बकम्**" વિશ્વપરિવારની ભાવના રહેલી છે. ભારતીય સંસ્કૃતિમાં '**स्व**'ના સ્થાને '**पर**'ની સ્થાપના થયેલી છે. આ સંસ્કૃતનાં દિવ્ય

---

'**સ્વાધ્યાય**', પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૩૯૫–૪૦૮.

* સંસ્કૃત મહાવિદ્યાલય, મ. સ. યુનિવર્સિટી, વડોદરા.

૧ કલ્યાણ વર્ષ ૩૭, અંક ૪, "विवेकानंद और भारतीय धर्म तथा संस्कृति" લેખ (૧૯૬૩).

અંગો શ્રદ્ધા તેમ જ વિશ્વાસ છે. **श्रद्धा हि जगतो धात्री।** શ્રદ્ધા જ જગતને ધારણ કરનારી છે. તર્ક, બુદ્ધિ કે વિચારનો શ્રદ્ધા સાથે સમન્વય છે. ભારતીય સંસ્કૃતિમાં માનવના અબાધ તર્ક કે લાગણીઓ પર શાસ્ત્રનિયંત્રણ છે. ઉપનિષદો કહે છે–" **नैषा मतिः तर्केनापनेया** " આ ઔપનિષદ આત્મવિષયક જ્ઞાન (બુદ્ધિ)ને તર્કથી દોરવી નહિ. **अलौकिका हि वेदार्थाः**–વેદના અર્થો અલૌકિક છે. તે તર્કથી પામી શકાય નહિ. વૈદિક યુક્તિ કે ભગવત્કૃપાથી જ પામી શકાય.[2] ભારતીય સંસ્કૃતિ સનાતન–શાશ્વત હોવાથી ભારતમાં અનેક આક્રમણો થવા છતાં વિરોધી પરિબળો એનો વિનાશ કરી શકયાં નથી. અલબત્ત, ભારતીય રીતરિવાજો, જાતિ, ભાષા, રાજનૈતિક બંધારણ, સામાજિક પરંપરાઓ બદલાતાં રહ્યાં છે, છતાં ભારતીય સંસ્કૃતિ અખંડ આકર્ષણનો વિષય બની છે. પાશ્ચાત્ય વિદ્વાનોના અભિપ્રાયો આ બાતની સાક્ષી પૂરે છે. ડૉ. ગોકુલચંદ નારંગે ' Real Hinduism 'માં નોંધ્યું છે–" મેક્સમૂલર વગેરે વિદ્વાનોએ સ્વીકાર કર્યો છે કે પ્રાચીન વિશ્વનાં બધાં રાષ્ટ્રોની સભ્યતાનો મૂલ સ્રોત ભારત જ છે."[3] મેક્સમૂલર નોંધે છે– " વેદની સમાનતામાં વિશ્વસાહિત્યે આજસુધી કંઈ પણ આપ્યું નથી......હિંદુજાતિ દાર્શનિકોની જાતિ છે."[4] આમ ભારતીય સંસ્કૃતિ સનાતન છે, ચેતનવંતી છે. ભલે ભારતનાં બાહ્ય આચાર–સભ્યતા બદલાતાં રહ્યાં. સંસ્કૃતિ અને સભ્યતા–બન્ને વિભિન્ન તત્ત્વો છે. સંસ્કૃતિ અખંડ–સ્થિર છે, સભ્યતા જડ–પરિવર્તનશીલ છે. ડૉ. રાધાકુમુદ મુકર્જીના શબ્દોમાં કહીએ તો :

" हिन्दुसंस्कृति निष्प्राण वस्तुओं का या ईट–पत्थरो का अजायब–घर नही बल्कि प्राणवान मानवजाति और आध्यात्मिक विचारोका, जो अपने अपने ढंगसे विकसित होते रहे है, महान् कोष है।"[5]

## [ २ ]

## ભારતીય સંસ્કૃતિમાં વિજ્ઞાનનું સ્થાન :

ભારતીય સંસ્કૃતિના પ્રાણભૂત ગ્રંથો વેદો તેમ જ વેદાનુસારી અન્ય રામાયણ–મહાભારત ગીતા ઇત્યાદિ શાસ્ત્રો છે. વેદસંમત સમગ્ર સાહિત્યનો સમાવેશ વૈદિક સાહિત્યમાં જ થઈ શકે. ઉપનિષદોમાં આદેશ છે–" **द्वे विद्ये वेदितव्ये विद्या अविद्या च** " બે વિદ્યાઓ જાણવી જોઈએ : (૧) વિદ્યા અને (૨) અવિદ્યા. વિદ્યા એટલે અધ્યાત્મવિદ્યા અને અવિદ્યા એટલે સમગ્ર ભૌતિક જીવનનિર્વાહક વિદ્યાઓ–ભૌતિક વિદ્યાઓ પણ કલ્યાણકારી હોવી જોઈએ. ભગવદ્ગીતાની દૃષ્ટિએ દ્વિવિધ પ્રકૃતિઓ પરા અને અપરા, ચેતન અને જડ એવા વિભાગો છે. પરા પ્રકૃતિ એટલે જીવાત્મા અને અપરા પ્રકૃતિ એટલે પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ, અને

---

२ अलौकिका हि वेदार्था न युक्त्या प्रतिपद्यते तपसा वेदयुक्त्या च प्रसादात्परमात्मनः ॥ ( ब्रह्मसूत्राणुभाष्यम् १–१–१ )

૩ કલ્યાણ વર્ષ ૨૪, અંક ૨, (૧૯૫૦) " જગદ્ગુરુ હિંદુ " લેખ.

૪ એજન.

૫ ' हिन्दू सभ्यता ' ગ્રંથમાં લખ્યું છે. જુઓ—કલ્યાણ વર્ષ ૩૭, અંક ૧૧, " હિંદુ સંસ્કૃતિમેં ધર્મ ઔર રાષ્ટ્ર " લેખ.

અહંકાર. ચેતનવિષયક ચર્ચાને અધ્યાત્મવિજ્ઞાન સાથે સંબંધ છે, જ્યારે જડપદાર્થ અર્થાત્ અપરા પ્રકૃતિનો સંબંધ અવિદ્યા-ભૌતિક વિજ્ઞાન સાથે છે. આધુનિક વૈજ્ઞાનિકો વિજ્ઞાનના ત્રિવિધ પ્રકારો પાડે છે: (૧) ભૌતિકવિજ્ઞાન-પદાર્થવિજ્ઞાન, (૨) જીવવિજ્ઞાન અને (૩) મનોવિજ્ઞાન. આધુનિક વિજ્ઞાન માનવબુદ્ધિ પર આધારિત હોવાથી અપૂર્ણ છે, જ્યારે ભારતીય વેદમૂલક વિજ્ઞાન આર્ષબુદ્ધિ પર આશ્રિત હોવાથી વ્યાપક અને સૂક્ષ્મ છે. આધુનિક વિજ્ઞાન સ્થૂલપરિણામલક્ષી સ્થૂલદષ્ટિગોચરનો જ સ્વીકાર કરે છે (આધુનિક વિજ્ઞાનમાં સ્વીકારાતું સૂક્ષ્મ દર્શન પણ ઇન્દ્રિયગોચર હોવાથી સ્થૂલ જ કહેવાય), જ્યારે વૈદિકવિજ્ઞાનનું રહસ્ય સૂક્ષ્માતિસૂક્ષ્મ પરોક્ષ અનંત-અસીમના ગર્ભમાં નિહિત હોય છે. ભારતીય ઋષિઓએ દીર્ઘ ત્રિકાલજ્ઞ દષ્ટિથી હિતાહિતનો વિચાર-સંશોધન કરીને વૈજ્ઞાનિક સત્યો રજૂ કર્યાં છે.

## [ ૩ ]

## ભારતીય વૈદિકસાહિત્ય અને વિવિધ વિજ્ઞાનો :

ભારતના વૈદિક ઋષિઓ મહાન વૈજ્ઞાનિકો હતા. વેદોમાં વિવિધ વિદ્યાઓ સંબંધી વૈજ્ઞાનિક સત્યો અદ્ભુત રીતે નિરૂપાયાં છે, જેનું જ્ઞાન આજકાલના મોટા મોટા ધુરંધર વિજ્ઞાનવેત્તાઓને પણ નથી. જગદ્ગુરુ શ્રીશંકરાચાર્યે વેદાન્તદર્શનની '**शास्त्रयोनित्वात्**' સૂત્રની ટીકામાં '**ऋग्वेद्याख्यस्य सर्वज्ञानाकरस्य**' એ શબ્દોમાં ઋગ્વેદ આદિ વેદોને સર્વજ્ઞાનનો ભંડાર કહ્યો છે.[૬] દયાનંદ સરસ્વતીએ ઋગ્વેદાદિભાષ્યની ભૂમિકામાં લખ્યું છે કે 'વેદમાં સર્વ વિજ્ઞાન છે.[૭] વેદોમાં તથા વેદાનુસારી શાસ્ત્રોમાં ભૌગોલિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, જ્યોતિષવિજ્ઞાન, ધનુર્વિદ્યા, અદ્ભુતરથો અને વિમાનો, યન્ત્રકલા, કલા-કૌશલ આદિ સર્વ પ્રકારની વિદ્યાઓનું વર્ણન છે. જેઓ વેદોને અશ્રદ્ધાથી કલ્પિતગીત તરીકે બતાવતા હતા, એવા પાશ્ચાત્ય વિદ્વાનો પણ હવે શનૈ: શનૈ: એ વાતને માનવા લાગ્યા છે કે પ્રાચીન ભારત ખૂબ ઉન્નત હતું, એણે જ યુરોપ આદિ દેશોમાં વિદ્યા, કલા આદિનો પ્રચાર કર્યો હતો. ન્યૂયોર્કવાસી ડેલમારસાહેબ "ઇન્ડિયન રિવ્યૂ"માં પોતાના લેખમાં સિદ્ધ કરે છે કે "પશ્ચિમને જે વાતોનું અભિમાન છે તે વાસ્તવમાં ભારતવર્ષથી જ ત્યાં ગઈ હતી. જાતજાતનાં ફલફૂલ, વૃક્ષ, લતાઓ, જે હાલ યુરોપમાં પેદા થાય છે, તે હિંદુસ્થાનથી જ લાવીને ત્યાં રોપ્યાં હતાં. મલમલ, રેશમ, ઘોડા, ટીન, લોઢું અને સીસાનો પ્રચાર પણ યુરોપમાં હિંદુસ્થાન દ્વારા થયો હતો એટલું જ નહિ પણ જ્યોતિષ, વૈદ્યક, ચિત્રકારી અને કાયદાશાસ્ત્ર પણ ભારતવાસીઓએ જ યુરોપવાળાને શીખવ્યાં હતાં."[૮]

પ્રો. મેક્સમૂલરના મતે 'સંપૂર્ણ આર્યજાતિ જ વૈજ્ઞાનિકોની જાતિ હતી'.[૯] મિ. ડફ

---

૬ **ब्रह्मसूत्रशांकरभाष्यम् १-१-३.**

૭ **यद्यत् किंचित् भूगोलमध्ये पुस्तकान्तरेषु हृदयान्तरेषु वा सत्यविद्याविज्ञानमभूत् भवति भविष्यति च तत्सर्वं वेदादेव प्रसृतमिति ज्ञेयम् ।** (**ऋग्वेदादिभाष्यभूमिका**)

જુઓ 'વેદ ઔર વિજ્ઞાન' (પ્રેમચંદ શાસ્ત્રીકૃત) પાન ૩૭ તથા પાન ૭૮.

૮ 'વેદ ઔર વિજ્ઞાન', પાન ૮૧.

૯ કલ્યાણ વર્ષ ૨૪, અંક ૨, (૧૯૫૦) 'જગદ્ગુરુ' લેખ તથા 'વેદ આર વિજ્ઞાન' પાન ૮૫.

લખે છે–' હિંદુઓનાં વિજ્ઞાન એટલાં વિસ્તૃત છે કે યુરોપીય વિજ્ઞાનનાં સર્વ અંગો ત્યાં મળે છે'.[૧૦] મિ. હન્ટરે પ્રગટ કરેલા વિચારો આ મુજબ છે–' બ્રાહ્મણોના વિજ્ઞાને સર્વ સૂક્ષ્મ વાતોના સર્વ સૂક્ષ્મ જવાબો આપ્યા છે.'[૧૧] આમ પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય અભિપ્રાયો ભારતીય સંસ્કૃતિ અને સાહિત્ય વિવિધ જ્ઞાન–વિજ્ઞાનથી ભરપૂર હતાં તેનો સ્પષ્ટ નિર્દેશ કરે છે.

વેદો તથા અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં નિરૂપિત વિવિધ વૈજ્ઞાનિક સિદ્ધાંતો તથા સિદ્ધિઓ અવલોકીએ :

## (अ) વેદોમાં ભૂગોળ તથા જ્યોતિષ એવં વનસ્પતિવિજ્ઞાન :

યજુર્વેદમાં ' પૃથ્વી સૂર્યના આકર્ષણથી સ્થિત છે. ' એ ભૌગોલિક સત્યનું કથન થયેલું છે. જેમ કે **' वृषभो दाधार पृथ्वीम् ।'** ભાષ્યકારોએ ' બળદ પૃથ્વીને ધારણ કરે છે ' એવો અર્થ આપ્યો; પરંતુ યાસ્કાચાર્ય નિરૂક્તમાં **' वृषभ '**ની વ્યુત્પત્તિ આપતાં કહે છે–**' वृषभः कस्मात् वर्षयिता अपाम् '** અર્થાત્ જે પાણી વરસાવે તે. પાણી શું બળદ વરસાવે છે? ના, એ તો સૂર્ય વરસાવે છે. આમ ઉપર્યુક્ત વાક્યનો અર્થ થયો સૂર્ય પૃથ્વીને ધારણ કરે છે અર્થાત્ સૂર્ય પોતાની ઉષ્ણતા દ્વારા પૃથ્વી ઉપરનાં પ્રાણીઓ અને વનસ્પતિઓનું પોષણ કરે છે. યજુર્વેદમાં અન્યત્ર પણ આનું વર્ણન મળે છે. જેમ કે, **' सहस्रशृङ्गो वृषभो उदघीत '** પ્રાથમિક અર્થ છે–હજાર શિંગડાવાળો બળદ નીકળ્યો '. આ અર્થ ઈષ્ટ નથી. મહર્ષિ યાસ્ક **' श्रृङ्ग '**ની વ્યુત્પત્તિ આપે છે–**' श्रृङ्गः कस्मात् श्रृणातेः ।** જે વિશ્લેષણ ( Disection ) કરે. સૂર્ય કિરણો દ્વારા તમામ પદાર્થોનું વિશ્લેષણ કરે છે અર્થાત્ તમામ પદાર્થોને અલગ અલગ કરે છે. હવે અર્થ નીકળ્યો–' હજારો કિરણોવાળો સૂર્ય ઉદય પામ્યો '.

પાશ્ચાત્યો કહે છે કે ' સૂર્યમાં સાતરંગોનાં કિરણો છે.' તેઓ કહે છે કે ૧૬મી સદીમાં ન્યૂટને આ સિદ્ધાંતની શોધ કરી, પરંતુ ઉપર્યુક્ત સાત રંગોના કિરણોનું ચમત્કારિક વર્ણન તો સૌ પ્રથમ વેદોમાં જ થયેલું છે. દા. ત. :

**" सप्त त्वा हरितो रथे वहन्ति देव सूर्य । शोचिष्केशं विचक्षणः "** (ऋ. १–५०–९)

હે સૂર્ય ! રથમાં જોડેલી સાત ઘોડીઓ ( કિરણો ) તમને લઈને જઈ રહી છે.

**" एको अश्वो वहति सप्तनामा "** (ऋ. २१–१६४–२)

સૂર્યને એક ઘોડો લઈ જાય છે, પરંતુ એનાં સાત નામો છે :

**" अव दिवस्तारयन्ति सप्त सूर्यस्य रश्मयः । "**

સૂર્યનાં સાત કિરણો દિવસને ઉત્પન્ન કરે છે. આ વેદમંત્રોથી એ સ્પષ્ટ થઈ ગયું કે સૂર્યનાં સાત રંગનાં કિરણો છે, સંસ્કૃતમાં સૂર્યનું **' सहस्ररश्मि '** એવું નામ છે, તેથી સૂર્યનાં સાત જ

---

૧૦ ' વેદ ઔર વિજ્ઞાન ', પાન ૮૫.

૧૧ એજન, પાન ૮૬.

કિરણો હોય એ અસંભવિત છે. અહીં સાત કિરણો એટલે સાત રંગનાં કિરણો ઉદ્દિષ્ટ છે. કિરણોમાં ઘોડીઓનો આરોપ કરીને રૂપક અલંકાર દ્વારા વર્ણન કર્યું છે. સૂર્યને એક ઘોડો લઈ જાય છે, પરંતુ એનાં સાત નામો મળે છે એનું તાત્પર્ય એ છે કે સૂર્યનાં કિરણોનો પ્રકાશ આપાતતઃ એક જ દેખાય છે, પરંતુ એમાં સાત રંગો મળેલા હોય છે. એક ગોળ કાગળ ઉપર સાત રંગો ચીતર્યા હોય, પછી એને ખૂબ વેગથી ફૂલકણીની માફક ઘુમાવવામાં આવે તો સાતેય રંગો માત્ર એક સફેદ રંગમાં દેખાય છે. આ જ રીતે સૂર્ય વેગથી ભ્રમણ કરી રહ્યો છે. આ રંગોનાં કેટલાંક નામો છાંદોગ્યોપનિષદ્‌માં આપ્યાં છે :

"असौ वा आदित्यः पिंगल एष शुक्ल एष नील एष पीत एष लोहितः ।"
(छा. ८–६–१)

સૂર્યનો રંગ શ્વેત છે, પરંતુ વાસ્તવમાં તે ભૂરો, પીળો અને લાલ છે. અન્ય રંગો આ ત્રણના મેળથી બને છે. આકાશમાં આ સપ્તરંગી કિરણો ગોળાકાર દેખાય છે, ત્યારે આપણે એને 'ઈન્દ્રધનુષ્ય' કહીયે છીએ. આ જ રીતે વેદોમાં સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ, શુકલપક્ષ, કૃષ્ણપક્ષ, ખરતો તારો, ધૂમકેતુ (પૂછડિયો તારો) આદિનાં વર્ણનો પણ મળે છે.[૧૨]

વેદોમાં વનસ્પતિવિજ્ઞાન પણ દૃષ્ટિગોચર થાય છે. તમામ ઋતુઓ અગ્નિશક્તિની ન્યૂનાધિકતાને કારણે પરિપુષ્ટ થાય છે એ સિદ્ધાંત ઋગ્વેદના પ્રથમ મંત્ર 'अग्निमीडे पुरोहितम् यज्ञस्य देवमृत्विजम्'માં આવતા ऋत्विजम्–ઋતુઓને બનાવનાર એ અગ્નિના વિશેષણ દ્વારા સ્પષ્ટ થાય છે. યજુર્વેદમાં પણ અગ્નિસ્તુતિના એક મંત્રમાં આ જ સિદ્ધાંત નિરૂપાયો છે–
'गर्भोऽस्योषधीनाम् गर्भो वनस्पतीनाम् । (यजु. १२–३७)

હે અગ્નિ, તમે ઔષધીઓના ગર્ભમાં છો, વનસ્પતિઓના ગર્ભમાં છો. 'સૂર્ય ભૂમિના જલને ઉપર ખેંચે છે, જલની સાથે રહેલો ભૌતિક અગ્નિ પણ ઉપર સરકે છે અને વૃક્ષ–લતાઓ વૃદ્ધિને પામે છે' આ વિજ્ઞાનનો સિદ્ધાંત ઋગ્વેદના એક મંત્રમાં જોવા મળે છે. જેમ કે :

प्रमातु; प्रेतरं गुह्यमिच्छन्, कुमारो न वीरुधः सर्पदुर्वी"... (ऋ. १०–७२–३)

માતા પૃથ્વીની લતાઓમાં અને એમના ગુહ્યસ્થાન–મૂલમાં ઈચ્છા કરતો અગ્નિ બાળકની માફક સરકે છે. સૂર્યના લાલ અને પૃથ્વીરસના શ્યામ વર્ણના મિશ્રણથી વનસ્પતિનો રંગ લીલો બને છે એ રહસ્ય પણ 'पिशङ्ग द्रापि प्रतियुज्यते कविः ।' (ऋ. ४–५३–२) મંત્રમાં નિહિત છે.

---

१२ "यत्त्वा सूर्यं स्वर्भानुस्तमसा विध्यदासुर" ऋ. ६–४०
"स्वर्भानुर्वा असुरः सूर्यं तमसा विव्याध, स तमसा विद्धो न व्यरोचत ।"
(शतपथ ब्रा.)

चन्द्रमा अप्स्वन्तरा सुपर्णो धावते दिवि ॥ (अथर्व. १८–४–८४)
शन्नो भूमिर्वेप्यमाना शमुल्का निर्हतञ्च यत् । (अथर्व. १९–९–७)
शन्नो मृत्युर्धूमकेतुः शं रुद्रास्तिग्मतेजसः । (अथर्व. २९–९–१०)

## (ख) વેદોમાં ધનુર્વિદ્યા, તોપ, બંદુક આદિનાં વર્ણનો :

ભારતીય સંસ્કૃતિમાં રાષ્ટ્રની રક્ષા માટે–બહુજનહિતાય ક્ષાત્રધર્મ નિરૂપાયો છે. ક્ષાત્રધર્મમાં યુદ્ધ–ધર્મયુદ્ધ અને તે માટેનાં આયુધોના ઉલ્લેખો મળે છે :

जिह्वा ज्या भवति कुड्मलं वाङ्‌ नालीका दन्तास्तपसामिदाग्धाः ।
तेभिर्ब्रह्मा विध्यति देवपीयून् हृद्‌बलैर्धनुभिर्देवजूतैः ॥ (अथर्व. ५–१८–८)

દેવવિરોધીઓ–શત્રુઓને માટે જ્ઞાની વિદ્વાન બ્રાહ્મણોની જિહ્‌વા ધનુષની દોરી (પ્રત્યંચા)નું કામ કરે છે, વાણી ધનુષની કોટિનું, દાંત બંદૂકના છરા કે ગોળીનું અને હૃદયબલ ધનુષ્યનું કામ કરે છે.

આ મંત્ર દ્વારા સ્પષ્ટ થાય છે કે વૈદિક આર્યોને ધનુષ્ય અને બંદૂક–તોપ (नालीका)નું જ્ઞાન હતું. મહાભારત અને શુક્રનીતિમાં બંદૂકનું નામ ' लघुनालिका ' અને તોપનું નામ ' बृहन्नालीक ' તરીકે ઉલ્લેખાયેલું છે.[૧૩] ઉપર્યુક્ત મંત્રમાં ' બ્રાહ્મણો મંત્રશક્તિ દ્વારા શત્રુઓ પર વિજય મેળવતા ' એ હકીકત પણ મંત્રવિજ્ઞાનની દૃષ્ટિએ નોંધપાત્ર છે. બીજા એક અથર્વવેદીય મંત્રમાં ' સીસાની ગોળી 'નો પણ ઉલ્લેખ થયેલો છે :

" यदि नो गां हंसि यद्यश्वं यदि पूरुषम् ।
तं त्वा सीसेन विध्यामो यथा नोऽसो अवीरहा ॥ " (अथर्व. १–१६–४)

" જો તું અમારી ગાયને મારે છે, જો ઘોડાને અને જો અમારા માણસને મારે છે તો તને સીસાથી વીંધીએ છીએ, જેથી તું અમારા વીરોને મારનારો ન બને. "

આ સીસાની ગોળી ફેંકવાનો પ્રયોગ દૂરથી કરવાનો હોય છે, જેથી શત્રુને જોરથી એનો પ્રહાર થઈ શકે. પાસેથી વીંધવાનો પ્રયોગ બંદૂકથી જ થઈ શકે.

તરકસ તેમજ તલવારની મ્યાનનું વર્ણન પણ યજુર્વેદમાં મળે છે.[૧૪]

## (ग) વેદોમાં યાત્રાનાં સાધનો :

વિકાસવાદીઓનું કથન[૧૫] છે કે ઈ. સ. ૧૭૮૨માં હવામાં ઊડવા માટે ફ્રાંસમાં ગુબ્બારો બનાવવામાં આવ્યો, તે પહેલાં હવામાં ઊડવા માટે કોઈ સાધન હતું જ નહિ. આગગાડી, મોટર વગેરે આધુનિક વાહનો પણ વિકાસયુગની જ ભેટ છે. એ પહેલાં તત્સંબંધી જ્ઞાન કોઈને હતું જ નહિ. પરંતુ વેદોના અભ્યાસથી જ્ઞાત થાય છે કે બધી જ સવારીઓ–વાહનો વેદોના જ્ઞાનથી જ સંસારમાં પ્રચલિત થયાં. વેદમંત્રોનાં પ્રમાણોથી સિદ્ધ થશે કે વિકાસવાદીઓની દલીલો કેટલી યુક્તિહીન છે. વેદોમાં ત્રણ પ્રકારની સડકોનું વર્ણન વેદકાલીન વિકાસનું ચિત્ર રજૂ કરે છે :

---

૧૩ ' વેદ ઔર વિજ્ઞાન ', પાન ૩૨.

૧૪ विज्यं धनुः कपर्दिनो विशल्यो बाणवान् उत अनेशन्नस्य या इषव आभुरस्य निषंगधिः । (यजु. १६–१०)

૧૫ ' વેદ ઔર વિજ્ઞાન ', પાન ૩૮.

ये ते पन्थानो बहवो जनायना रथस्य वर्त्मनिसश्च यातवे । (अथर्व. १२–१–४७)

આ મંત્રમાં जनायन, रथवर्त्म અને अनोवर्त्म એવી ત્રણ સડકોનાં નામો છે. માણસો, રથ અને બળદગાડી–આ ત્રણેની અવરજવર માટે ઉપરની ત્રણે સડકો અનુક્રમે દર્શાવી છે. અકસ્માત ન સંભવે માટે ત્રણ પ્રકારની સડકો અલગ અલગ નિર્માણ કરવામાં આવી છે. અથર્વવેદમાં અન્યત્ર અંતરિક્ષ માર્ગમાં રહેલી સડકોનું અદ્દભુત વર્ણન છે.

ये पन्थानो बहवो देवयाना...આ મંત્રમાં આકાશમાર્ગના વેપારીઓ માર્ગમાં–અંતરિક્ષ-માર્ગોમાં ઘી અને દૂધથી તૃપ્તિ મેળવતા, જેથી યાત્રાનો શ્રમ દૂર થતો. યજુર્વેદના "वातरंहा भव वाजिन् युज्यमान...... । (यजु. ९, ८)

મંત્રમાં વાયુના વેગથી ચાલનારા અને વિદ્યુતની દીપ્તિથી ચમકતા રથનું વર્ણન છે, જે આજકાલની મોટર જ પ્રતીત થાય છે. આ વર્ણન આશ્ચર્યકારક છે.

ઋગ્વેદના क्रीडं वः शर्धो...(ऋ. १–३७–२) મંત્રમાં ક્રીડારથનું વર્ણન છે. આ ક્રીડારથ વાયુના વેગથી ચાલે છે (मारूतं) અને એમાં ઘોડા વગેરેની જરૂર નથી. (अनर्वाणं) मारूत– मा + रूत શબ્દથી સૂચવાય છે કે આ ક્રીડારથ અવાજરહિત છે. આ પણ મોટર–સમકક્ષ જ છે. ફોર્ડની મોટર તો અવાજવાળી છે, જ્યારે આ વેદની મોટર શાંતિથી પસાર થઈ જાય છે. અથર્વ-વેદના "त्रिशोकः रथः कृत्सेन शतं नृन् आवहत्" (अथर्व. २–७६–२) મંત્રમાં સેંકડો માણસોને લઈ જનારા રથનું વર્ણન છે, જેને આજની આગગાડી સાથે સરખાવી શકાય અથવા કહી શકાય કે વેદસમયમાં એવો રથ હતો કે જેનું નિર્માણ કોઈ વૈજ્ઞાનિક આજ સુધી કરી શક્યો નથી.

વેદોમાં અનેક પ્રકારનાં વિમાનોનાં વર્ણનો મળે છે. वि + मान= વિમાન. સંસ્કૃતમાં "વિ"નો અર્થ પક્ષી થાય છે અને 'માન' અર્થ સદૃશ–સમાન થાય છે. જે પક્ષીઓના સમાન છે તે વિમાન. વેદમાં વિમાનો બનાવવાની વિધિ બતાવતાં કહ્યું છે કે જે આકાશમાં પક્ષીઓના ઊડવાની સ્થિતિ જાણે છે તે સમુદ્ર–આકાશના નૌકા–વિમાનને જાણે છે.[૧૬] વિમાનની રચના પક્ષીઓના સિદ્ધાંત પર થઈ છે. વિમાનો પક્ષીઓની આકૃતિનાં બનાવાય છે. પંચ-તંત્રમાં 'ગરુડાકૃતિ' અને 'ગયા ચિન્તામણિ'માં 'મયૂરાકૃતિ' વિમાનોના ઉલ્લેખો મળે છે.[૧૭] ઋગ્વેદના 'ता भुज्युं विभिरद्भ्यः' મંત્રમાં 'वि' 'पतत्रि' શબ્દો હવાઈ જહાજ–વિમાનનો જ નિર્દેશ કરે છે. વેદમાં એવા હવાઈ જહાજોનાં વર્ણનો છે, જે ૭૨ કલાકમાં પૃથ્વીના સમસ્ત જલ–સ્થલને પાર કરી શકે, વળી જે રાત્રે પણ ઉડે છે. ત્રણ દિવસ અને ત્રણ રાત્રિમાં પૃથ્વી અને ચંદ્રની યાત્રા કરનારું વિમાન ઋગ્વેદના નીચેના સૂક્તમાં વર્ણવ્યું છે:

त्रयः पवयो मधुवाहने रथे सोमस्य वेनामनु विश्व इद्विदुः त्रयः स्कम्भासः स्कभितास आरभे त्रिर्नक्तं याथस्त्रि–र्वश्विना दिवा । (ऋ. १–३४–२)

---

૧૬ 'વેદ ઔર વિજ્ઞાન', પાન ૪૩.

૧૭ એ જ.

"હે અશ્વિ–શક્તિઓ, પેટ્રોલ જેવા દ્રવ પદાર્થથી ચાલનારા તથા હલકી એલ્યુમિનિયમ જેવી ધાતુ વડે બનેલા (**मधुवाहने रथे**) વિમાનમાં ત્રણ વજ્રતુલ્ય કલાચક્ર (પૈંડાં) હો, તથા થાંભલા સ્થાપિત હો. આવા વિમાનને ચંદ્રલોકની યાત્રા તરફ આરંભ કરવા યોગ્ય ગમનાગમનમાં બધાં નિશ્ચયપૂર્વક જાણો કે ત્રણ રાત અને ત્રણ દિવસમાં તમે લઈ જઈ શકો છો અર્થાત્ સમસ્ત ભૂગોળની પરિક્રમા કરાવી શકો છો અને ચંદ્રલોક સુધી પહોંચાડી શકો છો."

આધુનિક રોકેટ, જેમાં ત્રણ ખંડ હોય છે તથા પ્રત્યેક ખંડમાં વિશેષ યંત્ર હોય છે, તેનું મૂલરૂપ ઉપર્યુક્ત વિમાનવર્ણનમાં જોઈ શકાય છે. ઋગ્વેદમાં જલ, સ્થલ અને આકાશમાં ઉડનારાં વિમાનોનાં વર્ણનો મળે છે :

**वेदा यो वीनाम् पदमन्तरिक्षेण पतताम् । वेद नावः समुद्रियः ॥** (ऋ. १–२५–७)

વરુણ (સેનાપતિ) અંતરિક્ષમાંથી જનારા વિમાનોની સ્થિતિ અને સમુદ્રમાં ચાલનારા જહાજોને જાણે છે અને પાસે રાખે છે.

**तिस्रक्षपस्त्रिरहाति व्रजद्भिः......** એ ઋગ્વેદીય મંત્રમાં જલ, સ્થલ અને આકાશમાં ઊડનારા સો પૈંડાવાળા રથ (વિમાન)નું વર્ણન છે. એમાં સેંકડો યંત્રો હોય છે તથા અગ્નિ, જલ, વિદ્યુત, ચુંબક આદિ ૬ શક્તિઓ હોય છે.

વાલ્મીકિ રામાયણમાં પુષ્પક વિમાનનું વર્ણન નીચે મુજબ આવે છે :

**ब्रह्मणोर्थे कृतं दिव्यं दिवि यद्विश्वकर्मणा ।**
**विमानं पुष्पकं नाम सर्वरत्नविभूषितम् ॥** (સુંદરકાંડ સર્ગ ૯)

બ્રહ્માને માટે વિશ્વકર્મા દ્વારા રચિત દિવ્ય સર્વરત્નવિભૂષિત પુષ્પક નામનું વિમાન હતું.

**अह्ना त्वां प्रापयिष्यामि तां पुरीं पार्थिवात्मज ।**
**पुष्पकं नाम भद्रं ते विमानं सूर्यसन्निभम् ॥** (યુદ્ધકાંડ ૧૨૧–૮૯)

હે રાજન્! તમારે માટે સૂર્ય સમાન તેજસ્વી, ભદ્ર પુષ્પક વિમાન છે તેના દ્વારા હું તમને તે અવધપુરીમાં એક દિવસમાં જ પહોંચાડી દઈશ.

આ શ્લોકમાં વિમાનની ગતિ સૂચવાઈ છે. (એક કલાકમાં ૨૦૦ માઈલ જેટલી ગતિ હોઈ શકે) ભાગવતમાં શાલ્વરાજાના વિમાનનું વર્ણન મળે છે.

**क्वचिद् भूमौ क्वचिद् व्योम्नि गिरिशृङ्गे** (પાઠભેદ **गिरिमूर्ध्नि**) **जले क्वचित् ॥**
(ભાગવત ૧૦–૭૬–૨૨)

આ વિમાન સ્થલ, આકાશ, પર્વત અને જલમાં ઊડી શકનારુ હતું. કર્દમઋષિનું વિમાન સૌથી મહાન હતું, જેનું વર્ણન ભાગવતમાં મળે છે.[૧૮] ભરદ્વાજ ઋષિના 'અંશુબોધિની'

---

૧૮ ભાગવત ૩–૨૩, ૧૨ થી ૨૧.

ગ્રંથમાં વિમાનાધિકરણમાં વિમાનસંબંધી માહિતી મળે છે તેમાં 'शक्त्युद्गमोद्यष्टौ' સૂત્ર છે તેના પર બૌદ્ધાયન ઋષિની વૃત્તિ છે તેમાં વિજળીથી ચાલનાર (शक्त्युद्गम), અગ્નિ, જલ, વાયુ વગેરે દ્વારા ચાલનાર (भूतवाह) વગેરે આઠ પ્રકારનાં વિમાનો ગણાવ્યાં છે.[૧૯]

તદ્દુપરાંત શ્રીમદ્ભાગવતમાં મહારાજ પૃથુનો રથ પર્વતો, નદીઓ, જંગલો, સમુદ્ર અને આકાશમાં અબાધગતિએ વિહરી શકતો એવું વર્ણન મળે છે.[૨૦] રાજા પુરુરવાનો રથ આકાશમાં ઊડી શકતો હતો એવું વર્ણન કાલિદાસના વિક્રમોર્વશીયમ્‌માં પ્રાપ્ત થાય છે.[૨૧] મહારાજા પ્રિયવ્રત રથમાં બેસીને એક દિન-રાતમાં સપ્તદ્વીપવતી પૃથ્વીની પ્રદક્ષિણા કરી શકતો એવો ઉલ્લેખ શ્રીમદ્ભાગવતમાં મળે છે.[૨૨] ઉપર્યુક્ત વાહનોની સહાય વગર પણ યોગશક્તિઓ દ્વારા યોગસિદ્ધ મહાત્માઓ ઊડી શકતા હતા. દા. ત. હનુમાનજી લક્ષ્મણજીની સારવાર માટે ઔષધિ-જડીબુટ્ટીની જરૂર હતી ત્યારે આખા પર્વતને ઉપાડીને ઊડતા ઊડતા આવ્યા હતા.[૨૩] પુરાણોમાં નારદજીની સર્વત્ર ગતિ હતી એવાં અનેકવાર વર્ણનો મળે છે.[૨૪] શંકરાચાર્ય પ્રયાગથી કાશીમાં મંડન-મિશ્રને ત્યાં ઊડીને પધાર્યા હતા[૨૫] યોગવિજ્ઞાનના બળે મેળવેલી ભારતીયોની સિદ્ધિઓની સરખામણીમાં સ્ફુટનિક-અગ્નિબાણ જેવી શોધો તો હજી પ્રારંભિક સ્થિતિમાં જ મૂકાય.

## (ड) ભારતીય યંત્રકલા એવં કલાકૌશલ :

ભારદ્વાજના 'યન્ત્રાર્ણવ' નામના ગ્રંથમાં મંત્ર, તંત્ર અને યંત્ર વિષે માહિતી પ્રાપ્ત થાય છે. એમાં યંત્ર વિષેનો શ્લોક આ મુજબ છે :

दण्डैश्चक्रैश्च दन्तैश्च सरणिभ्रमकादिभिः ।
शक्तेस्तु बर्द्धकं यत्तच्चालकं यन्त्रमुच्यते ॥

દંડ, ચક્ર, દાંતાઓની યોજના, સરણિ, ભ્રામક વગેરે દ્વારા જે શક્તિનું વર્ધન અને સંચાલન કરવામાં આવે છે તેને યંત્ર કહે છે. આ ગ્રંથમાં યંત્ર, તંત્ર, મંત્ર વિષે અનેક પ્રમાણો પ્રસ્તુત છે જે ભારતીય વિજ્ઞાનનો ઉત્કૃષ્ટ પરિચય આપે છે.[૨૬]

---

૧૯ शक्त्युद्गमो भूतवाहो धूमयान विशंखोग्दमः अंशुवाहस्तारामुखा मणिवाहो मरुत्सखः इत्यष्टकाधिकरण वर्गाण्युक्तानि शास्त्रतः ।
બૌદ્ધાયનવૃત્તિસહિત અંશુબોધિની, વિમાનાધિકરણ, ('વેદ ઔર વિજ્ઞાન', પાન ૪૪)

૨૦ सिन्धवो पर्वता नद्यो रथवीथीर्महात्मनः । (भा. ४–१५–२०)

૨૧ विक्रमोर्वशीयम्–अंक १

૨૨ ભાગવત ૫–૧–૩૦, ૩૧.

૨૩ રામાયણ-લંકાકાંડ, સહસા કપિ ઉપારિ ગિરિ લીન્હા, ગહિ ગિરિ નિસિ નભ ધાવત ભયઉ (રામચરિતમાનસ, લંકા, પાન નં. ૫૪૧)

૨૪ त्वं पर्यटभर्क इव त्रिलोकीम् । (भा. १–५–७)

૨૫ શંકરદિગ્વિજય.

૨૬ ભારદ્વાજરચિત 'યન્ત્રાર્ણવ' 'વેદ ઔર વિજ્ઞાન', પાન ૪૫.

વેધચક્ર, દૂરબીન, ચુંબકીય, સોય, થર્મોમીટર, બેરોમીટર આદિ બનાવવાનું જ્ઞાન પણ ભારતવાસીઓને હતું. ગુજરાતના અણહિલપુરના જૈન ગ્રંથાલયમાં "શિલ્પસંહિતા" છે, જેમાં થર્મોમીટર અને બેરોમીટર બનાવવાની વિધિઓનો ઉલ્લેખ છે.[૨૭] 'સિદ્ધાંતશિરોમણિ' ગ્રંથમાં 'સ્વયંવહ' યંત્રનો ઉલ્લેખ છે.[૨૮] યુદ્ધસંબંધી યંત્રોના ઉલ્લેખો પણ ભારતીય સાહિત્યમાં મળે છે. 'ભોજપ્રબંધ'માં ભોજ રાજાના યંત્રથી ચાલનારા લાકડાના ઘોડાનો નિર્દેશ છે, જે એક ઘડીમાં ૧૧ કોસ જઈ શકતો.[૨૯] ભાસના પ્રતિજ્ઞાયૌગન્ધરાયણમાં યંત્રચાલિત લાકડાનો નીલગજ આવે છે, જેમાં રાજા ઉદયન ફસાઈ ગયો.[૩૦] ધમ્મપદની કથા 'વાસવદત્તા'માં આવો જ હસ્તી શ્વેત વર્ણનો હતો તથા તેમાં ૬૦ વ્યક્તિઓ બેસી શકતી હતી એવું વર્ણન મળે છે.[૩૧]

પ્રદ્યોત દ્વારા ઉદયનને કેદ કરવા માટેની આ યોજના હતી. મહાભારતમાં આદિપર્વમાં ઉદયનના અશ્વનું વર્ણન છે, જે યંત્રની મદદથી ચાલતો હતો.[૩૨] શહબાજગઢી (પેશાવર)માં એક પત્થર પર પ્રાચીન રેલ્વેનો ઇશારો પ્રાપ્ત થયો છે.[૩૩]

વૈદિક સમયમાં આર્યો ગૃહનિર્માણ અને ચિત્રકારીકલામાં કુશળ હતા. ઋગ્વેદના **शतमश्मन्मयीनां पुरामिन्द्रो व्यास्यत् । दिवो दासाय दाशुषे ।** (ऋ. ४–३०–२०)માં પત્થરોના બનેલાં સેંકડો નગરોનાં વર્ણન છે.

દિલ્હીનો લાલકિલ્લો એની કંઈ જ સમાનતા કરી શકે તેમ નથી. ઋગ્વેદના **यथा व: स्वाहाऽग्नये** (ऋ. ७–३–७) મંત્રમાં લોઢાની બનેલી સુંદર નગરીઓનાં વર્ણન છે. અથર્વવેદમાં આર્યોની વસ્ત્રનિર્માણકલાનાં પણ દર્શન થાય છે.[૩૪] આર્યો ગૃહિણીઓએ વણેલાં વસ્ત્રો જ પહેરતા. ઉપર્યુક્ત વર્ણનો દ્વારા આપણે જોયું કે ભારતીય સંસ્કૃતિ અનુસાર વિવિધ વિજ્ઞાનો બ્રહ્માંડના સનાતન નિયમો, પંચભૂતાદિ તત્ત્વો, યોગદર્શન, રાષ્ટ્રધર્મ, સમાજધર્મ ઇત્યાદિ બાબતોના અંગભૂત સાધનો હતાં. ભારતીયોના જીવનનિર્વાહવિષયક સમગ્ર જ્ઞાનવિજ્ઞાન ગૌણસ્વરૂપે વિદ્યમાન હતાં. ભારતીયોએ માત્ર જડવિજ્ઞાન જ નહિ, પરંતુ અધ્યાત્મવિજ્ઞાન વિશે પણ અનેક સંશોધનો કર્યાં હતાં. ભગવદ્ગીતાની ભાષામાં કહી શકાય કે તેમણે જડ–અપરાપ્રકૃતિ, ચેતન–પરાપ્રકૃતિ–ઉભયવિધ પ્રકૃતિ ઉપરાંત ઉભયના સંચાલક મૂલપુરુષ પરમાત્મતત્ત્વ (કૃષ્ણ) વિશે પણ ઊંડી વિચારણા કરી હતી.

---

૨૭ 'શિલ્પસંહિતા', 'વેદ ઔર વિજ્ઞાન', પાન ૫૦.

૨૮ 'સિદ્ધાંતશિરોમણિ', 'વેદ ઔર વિજ્ઞાન', ૫૦.

૨૯ ભોજપ્રબંધ.

૩૦ પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ. અંક ૧.

૩૧ ધમ્મપદ, 'વેદ ઔર વિજ્ઞાન', પાન ૫૦.

૩૨ મહાભારત આદિપર્વ, 'વેદ ઔર વિજ્ઞાન', પાન ૫૧.

૩૩ 'વેદ ઔર વિજ્ઞાન', પાન ૫૧.

૩૪ અથર્વવેદ : ये अन्ता: यावती सिचो य ओतवो ये च तन्तव: ।
वासो यत् पत्नीभिरुतं तन्न स्योनमुपस्पृशात् ॥
(अथर्व. १४–२–५१)

[૪]

## ભારતીય વિજ્ઞાનનું વ્યાપક અને સૂક્ષ્મ સ્વરૂપ :

ભારતીય સંસ્કૃતિ અધ્યાત્મપ્રધાન હોવાના કારણે ભારતીયોના આચાર-વિચાર, જ્ઞાન-વિજ્ઞાન, વ્યવહારપરમાર્થ-સર્વ અધ્યાત્મની આધારશીલા પર આધારિત હતાં. ભારતીયોએ માનવજીવનના મૂલભૂત પુરુષાર્થો-ધર્મ, અર્થ, કામ અને મોક્ષને અનુલક્ષીને સર્વ જ્ઞાન-વિજ્ઞાનો પ્રગટ કર્યાં હતાં. તેથી ભારતીય વિજ્ઞાનનું સ્વરૂપ આર્ષદૃષ્ટિએ પરમહિતને લક્ષ્યમાં રાખી, અભ્યુદય અને નિઃશ્રેયસ્‌નો સમન્વય કરી વ્યાપક ક્ષેત્રો અને સૂક્ષ્મ પરિણામોને આધારે રચાયું.

ભારતીયોએ સ્વ-વ્યવહારજીવનમાં કેટલાક આચારવિચારો સ્વસંસ્કૃતિના આધારે વણી લીધા. આપણા તત્ત્વદર્શી ઋષિઓએ કહ્યું કે '**आहारशुद्धौ सत्त्वशुद्धिः ।**' આહારશુદ્ધિ દ્વારા અંતઃકરણની શુદ્ધિ થાય છે. આર્યો શુદ્ધ શાકાહારી, નીતિ-ઉપાર્જિત સંપત્તિવાળા, પરસ્પર આદાન-પ્રદાન-યજ્ઞની ભાવનાથી જ અન્ન ગ્રહણ કરનારા બન્યા, કારણ કે આત્મશુદ્ધિના હેતુપુરઃસર જ સાત્ત્વિક આહાર-વિહાર કરતા. આની પાછળ અધ્યાત્મવિજ્ઞાનના સિદ્ધાંતો રહેલા છે.

ભારતીયો મૂર્તિપૂજક બન્યા. આની પાછળ પણ સૂક્ષ્મ મનોવિજ્ઞાન તેમજ અધ્યાત્મ-વિજ્ઞાનના સિદ્ધાન્તો જ કાર્યશીલ છે. મૂર્તિદર્શન કે ચિત્રદર્શનની મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા થતી હોય છે. દા. ત. રોનાલ્ડ નિકશન જર્મનના યુદ્ધ પછી અસંત વ્યગ્ર બની ગયા. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં બુદ્ધની પ્રતિમાનાં દર્શન કર્યાં, તેમાંથી પ્રેરણા મળી, શાંતિ મેળવી અને અંતે બુદ્ધના અનુયાયી બન્યા.[૩૫] ઋગ્વેદ કહે છે તેમ '**अग्निना अग्निः प्रजायते ।** અગ્નિથી અગ્નિ પ્રજ્વલિત થાય છે અર્થાત્ મહાન્ આત્મા કે પરમાત્માના દર્શનના પ્રભાવથી માનવનો આત્મા જાગ્રત બને છે. ભારતીયો વ્રતો, ઉપવાસ આદિ કાર્યોમાં વ્યસ્ત હોય છે, એમાં પણ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ જ હોય છે. વ્રત-સંયમથી મન-બુદ્ધિ કેળવાય છે, સ્થિરતા પ્રાપ્ત થાય છે અને અંતે વિશુદ્ધ મોક્ષપદને પમાય છે. શારીરિક વિજ્ઞાન, મનોવિજ્ઞાન તેમજ અધ્યાત્મવિજ્ઞાન-ત્રિવિધ દૃષ્ટિએ ભારતીયોના ધાર્મિક આચાર-વિચાર હોય છે. ભારતીય આયુર્વેદિક ઔષધો પણ પરિણામે હિત કરનારાં હોય છે, તેથી આયુર્વેદની મૂલદૃષ્ટિ પરમાર્થગામી હતી.

**अच्युत, आनंद, गोविन्द** ઇત્યાદિ નામોચ્ચારણરૂપ ભેષજથી પણ રોગશમન થાય એવા આયુર્વેદિક ઉલ્લેખો[૩૬] દર્શાવે છે કે ભારતીય સંસ્કૃતિની ધર્મશ્રદ્ધા, ઇશ્વરશ્રદ્ધા એ આયુર્વેદ-વિજ્ઞાન ( Medical Science )ની આધારશીલા હતી. સંગીતશાસ્ત્ર-સંગીતવિજ્ઞાનનો સંબંધ નાદબ્રહ્મની ઉપાસના સાથે રહેલો છે. એ માત્ર ભારતીય સંસ્કૃતિમાં જ જોવા મળશે.[૩૭]

---

૩૫ 'કલ્યાણ', વર્ષ ૩૭, અંક ૪, "ભારતીય મૂર્તિયાઁ ઔર ચિત્ર આપકો પ્રેરક શાંતિસંદેશ દેતે હૈ", લેખ, પાન ૮૩૪.

३६ **अच्युतानंदगोविंदनामोच्चारणभेषजात् ।**
**नश्यन्ति सकला रोगा सत्यं सत्यं ब्रवाम्यहम् ॥**
'કલ્યાણ', વર્ષ ૪૨, ઉપાસના અંક, પાન ૬૬૩.

३७ स्वरेण सल्लयेत योगी । (त्रिपुरातापिन्युपनिषद्) ५-७

ભારતીય સંસ્કૃતિનાં ધાર્મિક પ્રતીકો જેમ કે સ્વસ્તિક એ પ્રણવ ઓમ્‌નું સૂચક છે તેમ જ ગણેશજીનું યંત્ર છે, તેથી મંગલસૂચક છે.[૩૮] રંગપ્રતીકોનો સંબંધ ભાવ સાથે બતાવનાર ભારતીય સંસ્કૃતિ જ છે. જેમ કે સાત્ત્વિકનો શ્વેત રંગ, રજોગુણનો લાલ રંગ અને તમોગુણનો શ્યામ રંગ ઇત્યાદિ.[૩૯] શંખ એ પવિત્રતાનું પ્રતીક છે. શંખનાદ દ્વારા કીટાણુઓ દૂર થાય છે. આ જ રીતે હવન કરવાથી પણ કીટાણુઓ દૂર થાય છે. જગદીશચંદ્ર બસુ પોતાની વિજ્ઞાનશાળામાં શંખ રાખતા.[૪૦] ગાય એ ક્ષમા તથા ધારણ–પોષણનું પ્રતીક છે. સ્વામી ભક્તિવેદાંતે 'ભારતીયોનાં સંશોધનો આત્મતત્ત્વ, અનંત બ્રહ્માંડો અને પરમાત્મપ્રાપ્તિ સુધી વિસ્તરેલાં છે, જે ઇન્દ્રિયાતીત વિજ્ઞાનનો વિષય છે' તેનું શાસ્ત્ર–યુક્તિ પ્રમાણોથી નિરૂપણ કર્યું છે.[૪૧] રામાયણ તથા ભાગવતમાં કાલની સાપેક્ષ ગતિ–એક ક્ષણમાં અનેક યુગો વીતી જાય તેવા વિષયનું નિરૂપણ કરનારાં દૃષ્ટાંતો મળે છે. જેમકે–કાકભુશુણ્ડીજીએ પૃથ્વીની બે ઘડીમાં સો કલ્પો સુધીના અનંત બ્રહ્માંડનો અનુભવ કર્યો.[૪૨]

સત્યયુગના રૈવત રાજા રેવતીને માટે વર શોધવા બ્રહ્માજી પાસે ગયા ત્યાં સુધીમાં યુગો વીતી ગયા. બ્રહ્માના કહેવાથી દ્વાપરના બલરામ સાથે રેવતીનાં લગ્ન કર્યાં[૪૩] આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદનો સિદ્ધાંત અહીં દૃષ્ટિગોચર થાય છે. ચતુર્યુગીના સમયની ગણત્રી તથા માનવીઓના શરીરોની ઊંચાઈ આદિ ભારતીય પ્રમાણો હવે પુરાતત્વખાતાનાં સંશોધનો દ્વારા પણ સાચાં ગણાવા લાગ્યાં છે.[૪૪] અંગન્યાસ–કરન્યાસની તેમજ યૌગિક મુદ્રાઓ પણ વૈજ્ઞાનિક રહસ્યોવાળી હોય છે એ બાબત પણ ધ્યાનાસ્પદ બની રહે છે.[૪૫]

[૫]

## ભારતીય સંસ્કૃતિ અને આધુનિક વિજ્ઞાન :

આધુનિક વિજ્ઞાનનો ઇતિહાસ અરબદેશના 'એલકૈમી'ના સ્વરૂપે શરૂ થયો. યુરોપમાં એણે કેમેસ્ટ્રીનું રૂપ લીધું. ત્યાંથી ભારતમાં પ્રવેશ્યો. અરબીઓએ મસ્જિદો ન તોડી, યુરોપીયનોએ દેવળો ન છોડ્યાં પણ હિંદુઓ મંદિરોના વિરોધી બન્યા. આધુનિક વિજ્ઞાને તર્કવાદિતાના પાયા પર યન્ત્રની ઉન્નતિ અને પ્રકૃતિ પરના વિજયનો દાવો કરવા માંડ્યો. જેમ

---

૩૮ 'કલ્યાણ', વર્ષ ૨૮, અંક ૫, પાન ૧૦૪૭, 'ચિહ્નપ્રતીક' 'હિંદુ સંસ્કૃતિકે પ્રતીક' લેખ.

૩૯ એ જ, પાન ૧૦૪૮ 'રંગપ્રતીક'.

૪૦ 'કલ્યાણ', વર્ષ ૩૫, અંક ૩, 'વિજ્ઞાન કે ઉચ્ચ અધ્યયનમેં દેવભાષા સંસ્કૃતકા મહત્ત્વ' લેખ, પાન ૮૧૦.

૪૧ 'Easy Journey to other Planets' by Bhaktivedanta, Published–Hare Krishna mission, Iskon.

૪૨ ભ્રમત મોહિ બ્રહ્માંડ અનેકા બીતે મનહુ કલ્પ સત એકા—રામચરિતમાનસ, ઉત્તરકાંડ પાન ૬૪૨.

૪૩ ભાગવત ૯–૩–૩૩, ૩૪.

૪૪ 'કલ્યાણ', વર્ષ ૨૪, અંક ૨, 'યુગભેદસે માનવદેહકા અપકર્ષ' લેખ, પાન ૯૧૯.

૪૫ 'કલ્યાણ', વર્ષ ૩૦, અંક ૮ તથા અંક ૫ "ભારતીય મુદ્રાઓકા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ", લેખ.

રાવણે પણ પ્રકૃતિતત્ત્વો પર વિજય મેળવેલો અને પ્રજાપીડનની પ્રવૃત્તિમાં પરોવાયેલો, તેમ આધુનિક વૈજ્ઞાનિકો પણ વિધ્વંસકારી આયુધો (બોમ્બ–હાઈડ્રોજન આદિ), વિષયુક્ત ઔષધો, ઈન્જેકશનો આદિ શોધો દ્વારા પ્રજાને મોહજાળમાં ફસાવી વિનાશના માર્ગે દોરી રહ્યા છે. આજનું Medical science એક ઈન્દ્રજાળ છે. સર રેમ્બોલ્ડે શોધ કરી કે 'આંતરડાનો એક ભાગ' નકામો છે અને તેનું ઑપરેશન કરવું જોઈએ–શિક્ષિત મૂર્ખાઓ સર્જન પાસે જઈ આંતરડાનું ઑપરેશન કરાવવા લાગ્યા. પ્રચારની બોલબાલા હોવાથી અસત્ય વાત પણ સત્ય મનાવા લાગી.

આશ્ચર્યની વાત તો એ છે કે સર રેમ્બોલ્ડે સ્વયં આંતરડાનું ઑપરેશન કરાવ્યું ન હતું[૪૬] ડૉ ક્રાનિને કહેલું કે–'ડૉકટરી ધંધો એ પૈસો કમાવાનો નિર્દય ધંધો છે.[૪૭] બીજા એક વૈજ્ઞાનિકે મનુષ્યની પ્રકૃતિ વિરુદ્ધ બની જાય એવા ઈન્જેકશનની શોધ કરી છે. તેનો પ્રયોગ બિલાડી પર કર્યો. બિલાડી ઉંદરને જોઈને નાશી ગઈ–પછી બીજો પ્રયોગ ડૉકટર પર કર્યો. ડૉકટરને પૂછવામાં આવ્યું–જમણા હાથે ઘા હોય તો ડાબો હાથ કાપી નાખવો જોઈએ ને? ડૉકટરે 'હા' કહી. અન્ય પ્રાણીઓના યાતનાજન્ય રક્તપાતોથી પણ દવાઓ બનવા માંડી છે. સંક્ષેપમાં આધુનિક વિજ્ઞાન આસુરીમાર્ગે પ્રયાણ કરી રહ્યું છે; કારણ કે એણે ધર્મ અને ઈશ્વર સાથેનો સંબંધ છોડી દીધો છે. આવા સંજોગોમાં રાષ્ટ્રના અને વિશ્વના કલ્યાણને ઉદ્દેશીને ભારતીય સંસ્કૃતિના આધ્યાત્મિક વિજ્ઞાન પર આધારિત જ્ઞાનવિજ્ઞાન તરફ દૃષ્ટિપાત કરવાની આવશ્યકતા ઊભી થઈ છે. ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યમાં છૂપાયેલા પ્રત્યેક વૈજ્ઞાનિક સત્યનું સંશોધન કરી આધુનિક વિજ્ઞાનનું ધાર્મિકીકરણ કરવાની જરૂર છે. પૂર્વ અને પશ્ચિમ, પ્રાચીન અને અર્વાચીન ઉભયનો સુભગ સમન્વય કરી દેશકાલાનુરૂપ લોકશક્તિ અને લોકરુચિને અનુરૂપ એવી અધ્યાત્મમૂલ પદ્ધતિએ ભારતીય સંસ્કૃતિને વૈજ્ઞાનિક પરિવેશમાં પામીએ.

---

૪૬ 'કલ્યાણ', વર્ષ ૩૩, અંક ૬, 'વૈજ્ઞાનિક અંધવિશ્વાસ', પાન ૧૦૦૧.

૪૭ એજન.

# JOURNAL
# OF THE
# ORIENTAL INSTITUTE

## M. S. UNIVERSITY OF BARODA, BARODA

*Editor:* **R. T. Vyas**

The JOURNAL OF THE ORIENTAL INSTITUTE, BARODA is a Quarterly, published in the months of September, December, March and June every year.

SPECIAL FEATURES :

Articles on Indology, Vedic studies, textual and cultural problems of the Rāmāyaṇa, Epics & Purāṇas, notices of Manuscripts, reviews of books, survey of contemporary Oriental Journals and the rare works forming the Maharaja Sayajirao University Oriental Series, are some of the special features of this Journal.

CONTRIBUTORS TO NOTE :

1. Only typewritten contributions will be accepted. A copy should be retained by the author for any future reference, as no manuscript will be returned.

2. In the body of the article non-English stray words/Sanskrit/Prakrit line/verse must be written either in *Devanāgari* or in transliteration with proper diacritical marks.

3. The source of citations/statements of any authority quoted should be invariably mentioned in the footnotes which must be written in the following order : (1) surname, initials of the author or editor, (2) title of the work, (underlined), (3) publisher, (4) place and year of publication and (5) page No.

4. Whenever an abbreviation is used in an article, its full form should be stated at the first occurrence and should not be repeated.

5. Give running foot-note numbers from the beginning to the end of the article.

6. The copyright of all the articles published in the Journal of the Oriental Institute will rest with the M. S. University of Baroda, Baroda.

SUBSCRIPTION RATES : ANNUAL :

Inland Rs. 30/- ( Post-free ), Europe £ 3.00 ( Post-free )
U.S.A. $ 10.00 ( Post-free )

Subscription is always payable in advance. The yearly subscription is accepted from September to August every year. No subscription will be accepted for less than a year. Subscription/Articles may be sent to :—

**The Director, Oriental Institute, Tilak Road, Opp. Sayajigunj Tower, Vadodara-390 002, Gujarat, India.**

# ગુજરાતના વિદ્વાન શિવરામ શુક્લની સામવેદીય કૃતિઓ*

પુરુષોત્તમ હ. જોષી*

પ્રાચીન સમયથી સંસ્કૃત વાઙ્મયભંડારમાં ગુજરાતનો સારો એવો ફાળો છે. સંસ્કૃતના જુદા જુદા વિષયો પર ગુજરાતના વિદ્વાનોએ ગ્રંથરચનાઓ કરેલી છે. સંસ્કૃત અખિલ ભારતવર્ષની એક જ સર્વમાન્ય એવી સાધારણ (Common) ભાષા હોવાથી ભારતના જુદા જુદા પ્રાંતોમાંથી સંસ્કૃતના ગ્રંથો પર ટીકા, ભાષ્ય તથા સ્વતંત્ર ગ્રંથરચનાઓ થયેલી છે. એમાં વિશેષતા એ છે કે આપણા દૈનંદિન જીવનમાં ઉપયોગી એવા આપણા પ્રાચીન ગ્રંથો જેવા કે વેદ અને ધર્મપ્રયોગો તેમ જ પ્રયોગપદ્ધતિઓ ઉપર પણ ગુજરાતના વિદ્વાનોએ સ્વતંત્ર ગ્રંથો જેવા કે ધર્મશાસ્ત્રના નિબંધો તેમજ વેદ અને કલ્પસૂત્રો ઉપર લખેલાં ભાષ્યો, વ્યાખ્યાઓ કે ટીકાઓ લખીને ગુજરાતના સાહિત્યમાં સારો એવો ફાળો આપેલો છે.

આપણા પ્રાચીન શ્રૌત અને ગૃહ્યપ્રયોગો તેમ જ પ્રયોગોપદ્ધતિઓ ભારતમાં એક જ સ્વરૂપમાં દરેક વેદ અને શાખા મુજબ દેખાય છે, જે આપણી પ્રાચીન ધાર્મિક અને સાંસ્કૃતિક એકતાનું પ્રતીક છે. એમાંનું ઘણું તો હજુ હસ્તપ્રતરૂપમાં હોવાથી કેટલુંક તો વિદ્વાનોની જાણબહાર હશે.

એમાંના કેટલાક વિદ્વાનોનો નામનિર્દેશ અહીં કરીએ તો વધારે સ્પષ્ટતા થશે. ઋગ્વેદ તેમ જ નિરુક્તના ટીકાકાર સ્કંદસ્વામી, જંબુસરમાં નિરુક્તટીકા લખનાર ભવદુર્ગ, વેદભાષ્યકાર ઉવટના સમકાલીન દ્યાદ્વિવેદી, જેમણે નીતિમંજરી નામક ગ્રંથ રચેલો છે, કાત્યાયનશ્રૌત અને પારસ્કરગૃહ્યસૂત્રના ભાષ્યકાર ભર્તૃયજ્ઞ, કાત્યાયનશ્રૌત સૂત્ર ભાષ્યકાર પિતૃભૂતિ, આનંદપુરના ઉવટ, માધ્યંદિનસંહિતાના ભાષ્યકાર મહીધર, નાગરબ્રાહ્મણ લક્ષ્મીધરના પુત્ર અનંતાચાર્ય જેમણે માધ્યંદિનસંહિતા ઉપર વેદાર્થદીપિકા નામક ભાષ્ય અને પોતાના પિતાએ રચેલી ભગવન્નામકૌમુદી ઉપર પ્રકાશ નામક ટીકા રચેલી છે તેમજ વેદાર્થચંદ્ર નામક મીમાંસાગ્રંથ દ્વિવેદી ગંગ જેમણે બૃહદારણ્યક ઉપર મુખ્યાર્થપ્રકાશિકા નામક ભાષ્ય, ગણપતિ રાવલ જેમણે

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૪૦૯–૪૧૪.

★ ગુજરાત રાજય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના વડોદરામાં યોજાયેલા ૧૧મા વાર્ષિક અધિવેશન (૨૪–૨૫, ડીસેમ્બર ૧૯૮૫)માં રજૂ કરાયેલો સંશોધનલેખ.

* પ્રાચ્યવિદ્યા મંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા–૩૯૦ ૦૦૨.

પર્વનિર્ણય નામક ગ્રંથ લખેલો, એવા બીજા પણ વિદ્વાનોનો ઉલ્લેખ સંશોધકોએ તેમના સંશોધનલેખોમાં અને પુસ્તકોમાં કરેલો છે. તેનો અહીં કેવલ નિર્દેશ કરેલો છે.[૧]

શિવરામ શુક્લ એ એક એવા જ ગુજરાતના વિદ્વાન થઈ ગયા અને તેમણે સામવેદ ઉપર અનેક ગ્રંથરચનાઓ કરેલી છે. સામવેદના ધર્મપ્રયોગો, પદ્ધતિઓ તથા ધર્મશાસ્ત્રના નિબંધોની તેમની કઈ કઈ રચનાઓ છે, તે કેવા પ્રકારની છે, તેની વિગતો શું શું છે તે જાણવા માટેનો પ્રયત્ન પ્રસ્તુત લેખનું પ્રયોજન છે. ગુજરાતના વિદ્વાન તરીકેનો શિવરામ શુક્લનો ઉલ્લેખ ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહે ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૪મા અધિવેશનના એમના ભાષણમાં[૨] (મુદ્રિત પુસ્તિકામાં ૧૯૬૭)માં કરેલો છે. એમણે એમની એક કૃતિ કર્મપ્રદીપવૃત્તિનો જ ઉલ્લેખ કરેલો છે. શુક્લના બીજા કેટલાક ગ્રંથો પ્રાચ્યવિદ્યામંદિરના સંગ્રહમાં સચવાએલા છે અને તેમના બીજા ગ્રંથોનો ઉલ્લેખ મ. મ. પાંડુરંગ વા. કાણેએ લખેલા ધર્મશાસ્ત્રના ઇતિહાસમાં છે.

## લેખકનો પરિચય :

શિવરામ શુક્લએ જે ગ્રંથો લખેલા છે તેમાં એમણે પોતાનો પરિચય આપતાં જણાવેલું છે કે તે મોઢ જ્ઞાતિના હતા. તેમના પિતાનું નામ વિશ્રામ શુક્લ હતું. ગ્રંથનો પ્રારંભ કરતાં તે કહે છે :

**प्रणम्य तातं विश्रामं विघ्नेशं जगदम्बिकाम् ।**[૩]

પુષ્પિકામાં ઉલ્લેખ આવે છે તે આ રીતે :

**इति विद्वन्मुकुटमाणिक्यनीराजितचरणकमलशुक्ल-**
**श्रीविश्रामात्मजशिवरामविरचितायां......**[૪]
**मोढज्ञातीयविश्रामशुक्लस्य तनयेन हि ।**
**शिवरामेण रचिता विवृतिर्विदुषां मुदे ॥**[૫]

ઉપરના શ્લોકમાં તે મોઢ જ્ઞાતિના હતા એ જણાવેલું છે. મોઢ જ્ઞાતિના બ્રાહ્મણો ગુજરાતમાં વસેલા છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. તેવી જ રીતે પોતાની કૃતિના પ્રારંભે તે '**छन्दोगानां हिताय वै**' '**शिष्याणामुपकाराय तथा**' એવો કૃતિનો ઉદ્દેશ બતાવે છે. આ ઉપરથી તે પોતે સામવેદી હોવા જોઈએ એવું લાગે છે કારણ કે બીજી શાખાના હોય તો પણ પરશાખાના ગ્રંથોની રચના ન કરે એવું પણ કહી ન શકાય છતાં વધારે શક્યતા તો એ સામવેદી જ હોવા

---

૧ શાહ ઉમાકાન્ત પ્રે.: ઇતિહાસ પુરાતત્ત્વ વિભાગના પ્રમુખ તરીકેનું વ્યાખ્યાન, ગુજરાતી સાહિત્ય પરિષદ, દિલ્હી, ૨૪મું અધિવેશન, ઑક્ટો. ૧૯૮૭, પૃ. ૨૮–૩૬.

૨ એજન, પૃ. ૩૫.

૩ આહ્નિકમ્ હ. પ્ર. ક્ર. ૫૮૨૫ પ્રા.વિ. મં. (પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરા), પત્ર નં. ૧.

૪ કૃત્યચિન્તામણિ હ. પ્ર. ક્ર. ૮૯૧૯ પ્રા.વિ. મં. વડોદરા, પત્ર નં. ૨૭૭ બ (આવી જ પુષ્પિકા દરેક કૃતિને અંતે હોય છે).

૫ કર્મપ્રદીપવ્યાખ્યા હ. પ્ર. ૧૦૨૯૫ પ્રા.વિ. મં. વડોદરા, પત્ર ૪૯ બ.

જોઈએ એવી છે. તેમણે આ ગ્રંથોની રચના ગુજરાતના કયા વિશિષ્ટ સ્થળે કરેલી છે તેનો નામનિર્દેશ અથવા તે અંગે અનુમાન કરી શકાય એવો પુરાવો તેમના ગ્રંથોમાં મને મળ્યો નથી. વિશેષ અભ્યાસ પછી કદાચ કંઈ અનુમાન થઈ શકશે પણ અત્યારે તો એ બાબતમાં આપણે અજ્ઞાત છીએ. તેમણે તેમના પિતાનું નામ બતાવેલું છે પણ માતાનું નામ માત્ર મળતું નથી. ઉપરના શ્લોકમાં જગદામ્બિકામ્ એવો નિર્દેશ પાર્વતીજગદમ્બા માટે કરેલો છે કારણ કે તે પહેલા ગણેશનું સ્મરણ છે. કદાચ એ દ્વારા પણ માતાના નામનો નિર્દેશ ન કરેલો હોય એ પણ નક્કી કહી શકાતું નથી. આ સિવાય લેખકે પોતાને વિશે વિશેષ માહિતી આપેલી નથી.

**સમય :**

લેખકે એમના વિસ્તૃત નિબંધગ્રંથ કૃત્યાચિંતામણિની સમાપ્તિમાં ગ્રંથરચના સમયનો જે શ્લોક આપેલો છે તે આ પ્રમાણે :

पक्षत्तुंशरचन्द्रैश्च मिते शाके तु वत्सरे ।
मुन्यङ्कसमिमे(ते) नभो मासि पक्षे सितेतरे ॥
जन्माष्टम्यां गुरोर्वारे शुक्लविश्रामसूनुना ।
शिवरामेण रचितः कृत्यचिन्तामणिः शुभः ॥[१]

ઉપરની પુષ્પિકામાં જણાવ્યું છે તે પ્રમાણે લેખકે આ ગ્રંથની સમાપ્તિ શક ૧૫૬૨ અને વિ સં. ૧૬૯૭માં કરેલી હતી. એટલે કે ઈ. સ. ૧૬૪૦માં આ ગ્રંથ રચેલો. આના ઉપરથી લેખકનો સમય ઈ. સ.ના ૧૬૦૧ એટલે ૧૭મા સૈકાની શરૂઆત હોવી જોઈએ. એ કાળ દરમિયાન એમણે એમના બીજા ગ્રંથોની રચના કરેલી હોવી જોઈએ. એમણે લગભગ ૧૦–૧૨ કૃતિઓ રચેલી છે.

**કૃતિઓ :**

એમણે લગભગ ૧૦–૧૨ સામવેદના કર્મકાંડની તથા ધર્મશાસ્ત્ર નિબંધના રૂપમાં, ટીકારૂપે કૃતિઓ રચેલી છે તે આ પ્રમાણે :

(१) कृत्यचिन्तामणिः (२) शान्तिचिन्तामणिः (३) रुद्रचिन्तामणिः (४) श्राद्धचिन्तामणिः, (५) कर्मप्रदोषव्याख्या–छन्दोगपरिशिष्टनी विवृति, (६) सुबोधिनीपद्धति–गोभिलगृह्यव्याख्या, (७) कारिकार्थबोधिनी–गोभिलगृह्यसूत्रटीका, (८) नवग्रहशान्तिपद्धति–शान्तिग्रन्थ, (९) छन्दोगानीयाह्निकम्–नित्यकर्मग्रन्थ, (१०) मण्डपकर्तव्यतापूजापद्धति, (११) आह्निकसाममानाम्, (१२) ऋषिच्छन्दोदेवता.

લગભગ ૧૨ જેટલા ગ્રંથો એમના નામ પર આપણને પ્રાપ્ત થાય છે. આના કરતાં પણ વધારે હોય તો તેની તપાસ કરવાની જરૂર છે.

---

૧ કૃત્યચિન્તામણિ હ. પ્ર. ક્ર. ૮૬૧૯, પ્રા.વિ. મં. વડોદરા, પત્ર ક્ર ૨૭૭ અ.

## કૃત્યચિન્તામણિ :

શિવરામ શુક્લની જે કૃતિઓ છે એમાંની મોટી અને વિસ્તૃત કૃતિ કૃત્યચિન્તામણિ છે. નીલકંઠ ભટ્ટે જેમ બાર મયૂખોની રચના કરેલી ( સમયમયૂખ, શ્રાદ્ધમયૂખ, વ્યવહારમયૂખ વ.) બલ્લાલસેને જેવી રીતે સાગર જેવી કે અદ્ભુતસાગર, દાનસાગર ઈ.ની રચના કરેલી તે જ પ્રકારે શિવરામ શુક્લએ ચિન્તામણિની રચના કરેલી હોય એવું લાગે છે. એકંદર ચાર ચિન્તામણિ નામવાળી કૃતિઓ આપણને પ્રાપ્ત થયેલી છે.

(૧) કૃત્યચિન્તામણિ, (૨) શ્રાદ્ધચિન્તામણિ, (૩) રુદ્રચિન્તામણિ અને શાન્તિ-ચિન્તામણિ. કૃત્યચિન્તામણિ એ ગોભિલગૃહ્યસૂત્રો પર આધારિત વિસ્તૃત ધર્મશાસ્ત્રગ્રંથ છે. તે સામવેદીય શાખાના સૂત્રોની વ્યાખ્યાનરૂપમાં રચના છે. વ્યાખ્યા હોવા છતાં પણ વિસ્તૃત હોવાથી એને એક સ્વતંત્ર નિબંધગ્રંથ જ કહી શકાય.

આમાં સામવેદીય પ્રયોગપદ્ધતિનું વિવરણ હોવાથી સામવેદીય બ્રાહ્મણોને તેમના પ્રયોગોમાં અત્યંત ઉપયોગી અને માર્ગદર્શનરૂપ છે. સાથે આ પહેલાં લખાયેલા ગ્રંથોના આધારરૂપે ટાંકેલા જુદા જુદા વિદ્વાનોનાં મતમતાંતરો પણ દેખાય છે. પાંચ પ્રકાશમાં વિભાજિત આ ગ્રંથની એકંદર ત્રણ હસ્તપ્રતો[૭] પ્રાચ્યવિદ્યામન્દિરના સંગ્રહમાં છે.

પ્રથમ પ્રકાશ આધાનપ્રકાશ છે. ગણપતિપૂજન, નાન્દીશ્રાદ્ધ, અગ્ન્યાધાન વગેરે વિષયોની વિગતવાર શાસ્ત્રચર્ચા કરેલી છે. આધાનપ્રકરણ હોવાથી એ બાબતમાં જુદા જુદા ગ્રંથકારોનાં ઉદાહરણો ટાંકીને લેખકે વિષય સમજાવેલો છે.

દ્વિતીય પ્રકાશ આહ્નિકપ્રકાશનો છે. એમાં યજ્ઞોપવીતકરણવિધિથી માંડીને શૌચ, સ્નાન, સન્ધ્યા, તિલક, વૈશ્વદેવ, ભોજન સાયંપ્રાતર્હોમ ઈત્યાદિ નિત્યના આહ્નિકનો વિસ્તૃત વિચાર કરેલો છે.

તૃતીય પ્રકાશ સ્થાલીપાકપ્રકાશ છે. એમાં દશપૂર્ણમાસ, પિન્ડપિતૃયજ્ઞ, શ્રાદ્ધ–વસિષ્ઠ-શ્રાદ્ધકલ્પ પ્રમાણે, અમાવાસ્યાશ્રાદ્ધનિર્ણય, પક્ષાદિસ્થાલીપાક, પ્રવાસકૃત્યનિર્ણય, પુનરાધાન વગેરે વિષયોની સાધાર ચર્ચા કરેલી છે.

ચતુર્થ પ્રકાશ સંસ્કારપ્રકાશનો છે. એમાં દારપરિગ્રહથી શરૂ કરીને સમાવર્તન સુધીના ષોડશસંસ્કારોનું વિવેચન કરેલું છે.

પાંચમો પ્રકાશ પાકસંસ્થાપ્રકાશ છે. એમાં ઉપાકર્મ, અશ્વયજ્ઞ, ગોયજ્ઞ, શ્રવણાકર્મ, અશ્વયુજી, આગ્રયણકર્મ, આગ્રહાયણ, સ્રસ્તરારોહણ, અષ્ટકા, અન્વષ્ટકા, સોમયજ્ઞ, ઈન્દ્રયજ્ઞ, કામ્યકર્મો વગેરે વિષયોનો સમાવેશ થયેલો છે. એનો અંતિમ શ્લોક છે :

यावल्लवणसमुद्रो यावन्नक्षत्रमाण्डितो मेरु ।
यावच्चन्द्रादित्यौ तावदिदं पुस्तकं जयतु ॥

---

૭ હ. પ્ર. ક્ર. ૧૧૩૨, ૮૦૧૯, ૧૨૮૪૨, પ્રા.વિ. મં., વડોદરા.

પુષ્પિકામાં ગ્રંથરચનાનો સમયનિર્દેશ કરેલો છે તેની ચર્ચા આ પહેલાં થયેલી છે. એકંદરે આ કૃતિ ધર્મશાસ્ત્રની એમની વિસ્તૃત કૃતિ હોવાથી એમણે સારાં એવાં ઉદ્ધરણો ટાંકીને જુદા જુદા ગ્રંથકારોનો ઉલ્લેખ કરેલો છે. આ ઉપરથી જે ગ્રંથકારોના સમય વિશે શંકા હોય તેમનો સમયનિર્ણય કરવામાં પણ મદદરૂપ થાય.

**શ્રાદ્ધચિન્તામણિ :**

આ કૃતિની ત્રણ હસ્તપ્રતો[૮] પ્રા.વિ. મં.માં છે. એક સુબોધિનીટીકા સાથે છે. એમાં ત્રણ પ્રકાશ છે.

પ્રથમ પ્રકાશમાં અન્ત્યેષ્ટિપદ્ધતિ સપિણ્ડીકરણ સુધી આપેલી છે.

દ્વિતીય પ્રકાશમાં જુદાં જુદાં વિધાનો–રજસ્વલામરણ, સૂતિકામરણ વગેરેનો નિર્ણય બતાવેલો છે.

તૃતીય પ્રકાશમાં બાકી રહેલા નિત્યનૈમિત્યક શ્રાદ્ધોનું નિરૂપણ છે.

**શાન્તિચિન્તામણિ :**

ગોભિલીય પરિશિષ્ટના વ્યાખ્યાનરૂપમાં આ ગ્રંથ છે. 'આ ગ્રંથની બે હસ્તપ્રતો[૯] પ્રા.વિ. મં.માં છે. આમાંની એક વસ્તુશાંતિપ્રયોગની છે. બીજી હસ્તપ્રતમાં પ્રથમાધ્યાયમાં નવગ્રહમંડલ, સ્થાપન, પૂજન વગેરે વિષય આવે છે. એમાં નવગ્રહસ્વરૂપ, મંડળસ્થાપન, મૂર્તિદ્રવ્ય, ગ્રહજાતિ, જન્મભૂમિ વગેરે બાબતોની વિસ્તૃત માહિતી આપેલી છે. દ્વિતીયાધ્યાયમાં હોમ–ગ્રહશાંતિ, હોમક્રમ, હોમદ્રવ્ય વગેરેનો સમાવેશ થાય છે. તે પછીના ભાગમાં નક્ષત્રોની શાંતિ, કુહૂસિનિવાલી, કુયોગશાંતિ વગેરે ધર્મશાસ્ત્રોક્ત શાંતિઓનું નિરૂપણ કરેલું છે. સામવેદી કર્મકાંડના પંડિતોને બહુ ઉપયોગી એવો આ ગ્રંથ છે.

**રુદ્રચિન્તામણિ :**

આમાં રુદ્રપદ્ધતિ આપેલી છે. એકરુદ્રાતિરુદ્રાણાં પ્રયોગ આપેલો છે. આની એક હસ્તપ્રત[૧૦] પ્રા.વિ. મં.માં છે.

**કર્મપ્રદીપવ્યાખ્યા :**

શિવરામ શુક્લએ કર્મપ્રદીપની, જે છન્દોગપરિશિષ્ટ નામથી પણ ઓળખાય છે, તેની વ્યાખ્યા લખેલી છે. એ કેવળ સામવેદીઓનો જ ગ્રંથ છે એવું નહિ પણ એકંદરે સર્વસામાન્ય બધાને ઉપયોગી એવાં કર્મોમાં માર્ગદર્શન મળે એવો ગ્રંથ છે. આ ગ્રંથને ગોભિલસ્મૃતિ કે કાત્યાયનસ્મૃતિ પણ કહેવાય છે. આમાં સર્વસાધારણ સામાન્ય નિયમોનું પરિગણન કરેલું

---

૮ હ. પ્ર. ક્ર. ૧૧૨૮, ૧૨૬૦૯, ૧૧૨૭, (વ્યાખ્યા સાથે) પ્રા.વિ. મં., વડોદરા.

૯ હ. પ્ર. ક્ર. ૮૧૦૯, (વસ્તુશાંતિ), ૧૦૯૭૭.

૧૦ હ. પ્ર. ક્ર. ૮૦૧૮, પ્રા.વિ. મં., વડોદરા.

છે. યજ્ઞોપવીત પ્રમાણ, કર્મ માટે દિશા, સમિત્ પ્રમાણ, વગેરે વિષયોનું વ્યાખ્યાન કરેલું છે. કાત્યાયને લખેલું હોવાથી એને કાત્યાયનસ્મૃતિ કહેવાય છે. છન્દોગપરિશિષ્ટ હોવાથી શિવરામ શુકલે એના પર વ્યાખ્યા લખેલી છે. આની બે હસ્તપ્રતો[૧૧] પ્રા.વિ. મં.ના સંગ્રહમાં છે.

**આહ્નિકમ્ કે આહ્નિકસંક્ષેપ :**

આમાં પ્રાતઃસ્મરણ, દન્તધાવન, સ્નાન, તર્પણ, સંધ્યાવન્દન, બ્રહ્મયજ્ઞ વિષ્ણુપૂજન, પંચમહાયજ્ઞ, વૈશ્વદેવ, ભોજનવિધિ, સાયંસંધ્યા વગેરેનું સંક્ષેપમાં વિવરણ છે. આની એક હસ્તપ્રત[૧૨] પ્રા.વિ. મં.માં છે. ગ્રંથના પ્રારંભમાં લેખક **છન્દોગાનાં હિતાય, શિષ્યાણાં ઉપકારાય** લખે છે.

**ઋષિછન્દોદેવતા :**

આ સામવેદના ઋષિછન્દ, દેવતા વગેરેની અનુક્રમણિકા છે. આની એક હસ્તપ્રત[૧૩] પ્રા.વિ. મં.માં છે.

આ સિવાયની કૃતિઓ સુબોધિનીપદ્ધતિ (ગોભિલગૃહ્યસૂત્ર પર લખેલી ટીકા), કારિકાર્થબોધિની નામની ટીકા, નવગ્રહશાંતિપદ્ધતિ (જે કદાચ શાન્તિચિન્તામણિમાં સંગ્રહિત થયેલી હોય), છન્દોગાનીયાહ્નિક (જે આહ્નિકસંક્ષેપ કરતા વિસ્તૃત હશે), મંડપકર્તવ્યતાપૂજાપદ્ધતિ (મંડપસિદ્ધિ વિશેની વિગતો આપેલી હોય એવું અનુમાન થઈ શકે.) આ ગ્રંથોની હસ્તપ્રતો હજુ સુધી જોવા મળી નથી. તે કયાં કયાં છે તેની તપાસની આવશ્યકતા છે પણ આ બધી કૃતિઓ હજુ અપ્રકાશિત છે. આ બધી કૃતિઓમાં લેખકે ગ્રંથકારોનાં ઉદ્ધરણો ટાંકીને વિષય વિગતવાર સમજાવવાનો સ્તુત્ય પ્રયત્ન કરેલો છે. જે સામવેદીય કર્મકાંડના પંડિતોને બહુ જ ઉપયોગી છે. અને એ વેદની ગુજરાતમાં પ્રચલિત એક જુની પરંપરા શું હતી તે દર્શાવતી આ કૃતિઓ છે. ગુજરાતના આ વિદ્વાનનું સામવેદ ઉપરનું યોગદાન ખરેખર પ્રશસ્ય છે.

---

૧૧ હ. પ્ર. ક. ૧૬૫, ૧૦૨૯૫, પ્રા.વિ. મં., વડોદરા.

૧૨ હ. પ્ર. ક. ૫૮૨૫, પ્રા.વિ. મં., વડોદરા.

૧૩ હ. પ્ર. ક. ૧૦૮૦૮, પ્રા.વિ. મં., વડોદરા.

# व्याकरणनौका–એક દુર્લભ અને અપ્રકાશિત ગ્રન્થ

સિદ્ધાર્થ યશવન્ત વાકણકર*

ભારતીય પરંપરામાં જ્ઞાનની સરખામણી અપાર સાગર સાથે કરેલી છે, જ્ઞાનસાગર કહેવાય છે. એનો મુખ્ય અર્થ એવો છે કે જેવી રીતે સાગર પાર કરવો ઘણું કપરું કામ છે તેવી જ રીતે જ્ઞાનસાગરમાં પ્રવેશીને તેને પાર કરવો પણ દુષ્કર છે. માટે આ સાગરને ગાગરમાં સમેટવાનો પ્રયત્ન ઘણા વિદ્વાનોએ કર્યો છે. સાગર પાર કરવા માટે નાનકડી નૌકા અથવા તરી જે કાર્ય કરી શકે છે એવું જ કાર્ય આ જ્ઞાનરૂપી નૌકા કરી શકશે એવી ધારણાથી ઘણા વિદ્વાનોએ જ્ઞાનસાગરના વિવિધપ્રવાહોનો સાર, નિચોડ આપવાનો પ્રયત્ન કર્યો છે. તે તે વિશિષ્ટશાસ્ત્રનાં મૂળ તત્ત્વોનો સામાન્ય પરિચય કરાવવા માટે ઘણા નાના મોટા ગ્રંથો રચાયા. સંસ્કૃતમાં આ પ્રકારના ગ્રંથોને તરી, નૌકા વગેરે અન્વર્થક નામોથી ઓળખવામાં આવે છે. આવી જ એક દુર્લભ અને અપ્રકાશિત કૃતિ **व्याकरणनौका**, વિદ્વાનો સમક્ષ રજૂ કરવાનો પ્રયત્ન આ લેખમાં કર્યો છે.

**व्याकरणनौका**—વડોદરાના પ્રખ્યાત પ્રાચ્ય વિદ્યામન્દિરના હસ્તલિખિત સંગ્રહમાં ૨૧૩૭૮ ક્રમાંક ધરાવતી આ ગ્રંથની એક જ હસ્તપ્રત અત્યાર સુધી ઉપલબ્ધ થઈ છે. આ પોથીનાં કુલ ૧૬ પત્ર છે અને એમાં ૧૨૩ શ્લોક છે. એમાં પાણિનીય પરંપરાનાં પ્રમુખ પ્રકરણોનું ટૂંકમાં વિવરણ કર્યું છે.

પહેલા શ્લોકમાં જ લેખકે આ નૌકારચના પાછળનો હેતુ સ્પષ્ટ કર્યો છે. તેઓ કહે છે શબ્દરૂપી સાગર ઝડપથી તરી જવા માટે (**ततुं शब्दमहोदधिं झटिति**), સંસ્કૃત બોલવામાં પ્રાવીણ્ય મેળવવા માટે (**प्राप्तुं संस्कृतभाषणे निपुणतां**), શબ્દાર્થનું જ્ઞાન થવા માટે (**ज्ञातुं तदर्थान्**), અને નાનાં બાળકોનાં (**अज्ञोनां–अनधीतशास्त्रः बालः न तु स्तनन्धयः**) જ્ઞાનમાં વૃદ્ધિ કરવા માટે (**बालानां मतिवृद्धये**) લક્ષ્મણ આ નૌકા રચે છે. આ રીતે પોતાની ગ્રંથરચનાનાં પ્રમુખ પ્રયોજનો ગણાવ્યા પછી આ લેખક બીજા શ્લોકથી જ સંસ્કૃત વ્યાકરણના પ્રમુખ પારિભાષિક શબ્દોનું અને પ્રમુખતત્ત્વોનું વિવરણ ક્રમશઃ આ રીતે કરે છે.

સ્વર અને તેના પ્રકારો, સન્ધ્યક્ષર, વ્યંજન, સન્ધિ (સન્ધિ શબ્દ પુંલિંગ અને સ્ત્રીલિંગમાં પણ વાપર્યો છે.) સ્વરસન્ધિ, વ્યંજનસન્ધિ અને વિસર્ગસન્ધિ, ત્રણેય લિંગના પ્રાતિનિધિક શબ્દ અને તેના રૂપાખ્યાન, સર્વનામરૂપ, પ્રાકૃત (મરાઠી) અને સંસ્કૃત વ્યાકરણનો પરસ્પર સંબંધ, સામ્યસ્થળો, વિભક્તિ અને ક્રિયાપદોનો અર્થ, **युष्मदस्मद्**નાં સર્વ-નામ રૂપો, **तिङन्त** પ્રક્રિયા, દશલકાર, પરસ્મૈપદી, આત્મનેપદી ધાતુ, ઉપસર્ગ, અકર્મકધાતુ,

---

'**સ્વાધ્યાય**', પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૪૧૫–૪૩૬.

* પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા–૩૯૦ ૦૦૨.

વિવિધ ધાતુ અને તેના અર્થ, કારક, સપ્તવિભક્તિયુક્ત શ્લોકનું ઉદાહરણ, સમાસ, તદ્ધિત, કૃદન્ત, સર્વસંગ્રહ, સ્ત્રીપ્રત્યય અને છેવટે લિંગાનુશાસન. આ ઉપરથી એવું સ્પષ્ટ દેખાય છે કે આવા નાનકડા ગ્રંથમાં પણ આ કવિએ વ્યાકરણશાસ્ત્ર સંબંધી બધાં જ પ્રમુખ પ્રકરણોનો વિચાર કરેલો છે. એટલે જ શ્લોક ૮૨માં કવિ એવું કહે છે કે આ વ્યાકરણશાસ્ત્ર અપાર છે છતાં પણ મેં અહીં સર્વ વિષયોનું માત્ર દિગ્દર્શન–સહેલું વિવરણ જ કરેલું છે જેથી વિષય સમજવામાં મુશ્કેલી ઓછી થાય. કવિનો પોતાના ગ્રંથ ઉપર એટલો વિશ્વાસ છે કે છેવટે શ્લો. ૧૨૨માં એ અભિમાનથી કહે છે કે જો કોઈ આ શાસ્ત્રનું અધ્યયન ગુરુમુખેથી (શ્રવણથી) કરશે તો તેઓ આ પુરાણશ્રુતિમાં નિપુણ થશે. કવિનું આ મન્તવ્ય કેટલું સાર્થ છે એની ખાત્રી માટે જિજ્ઞાસુ વાચકો સમક્ષ સંપૂર્ણ **व्याकरणनौका** ગ્રંથ પ્રસ્તુત કરું છું.

**લેખક/કવિ :**—આ નૌકાકાર મહારાષ્ટ્રીય બ્રાહ્મણ હતા. એવું નીચે આપેલી વિગતો પરથી લાગે છે. આ કૃતિઓની પુષ્પિકામાં એનું પૂર્ણનામ લક્ષ્મણ ભટ્ટ પાટીલ એમ લખેલું મળે છે. ભટ્ટ ઉપનામ એમના બ્રાહ્મણત્વનું દ્યોતક છે. એમના અન્ય ગ્રંથોની પુષ્પિકામાં એઓ ઘણા મરાઠી શબ્દોનો ઉપયોગ કરે છે. **व्याकरणनौका**માં લેખક/કવિ ફક્ત મરાઠી શબ્દો જ નહીં પણ મરાઠી શ્લોક પણ આપે છે. અને સંસ્કૃત અને મરાઠી વ્યાકરણનાં સામ્યસ્થળો બાબત ચર્ચા કરે છે. લેખકના અક્ષરમરોડથી પણ એઓ મહારાષ્ટ્રીય હશે એ વાતને પુષ્ટિ મળે છે.

આ લેખક વિશે બીજી કોઈ જ માહિતી મળી શકતી નથી. કારણ કે અત્યાર સુધી આ લેખક અને એમની કૃતિઓ અજ્ઞાત જ રહી છે. એમની એક નોંધપાત્ર ખાસિયત છે કે જ્યારે પણ તક મળે ત્યારે તેઓ ગણપતિનું વર્ણન કરે છે અને ગણેશજી વિશે એમની સવિશેષ લાગણી વ્યક્ત કરે છે. એનું ઉદાહરણ એમના નમન શ્લોકમાં, આ **व्याकरणनौका**ના ૮૯ શ્લોકમાં અને પુષ્પિકામાં પણ મળે છે. આ પરથી આપણા લેખક ગાણપત્ય–ગણપતિના ભક્ત–હશે એવું અનુમાન કરી શકાય.

આપણા લેખકની જન્મભૂમિ, કર્મભૂમિ, સમય ઇત્યાદિ માહિતી મેળવવાનું આપણી પાસે એક જ સાધન છે—એમના ઉપલબ્ધ સાત ગ્રંથમાંથી ત્રણની પુષ્પિકાઓમાં ઘણી વિગતો મળી આવે છે. **व्याकरणनौका** અને **ज्ञाननौका**ની પુષ્પિકામાંથી તેઓ વાઈનગરીમાં રહેતા હતા અને શકે ૧૭૪૭માં આ ગ્રંથોનું લેખન પૂરું કર્યું એમ જાણવા મળે છે. જુઓ :

(१) इति श्रीलक्ष्मणभट्टपाटीलविरचितायां व्याकरणनौका समाप्तम् । शाके १७४७ पार्थिवनामसंवत्सरे श्रावणमासे शुक्लपक्षे चतोर्द्दश्यां तिथौ मन्दवासरे ते दिनि वाईक्षेत्रे कृष्णासन्निधौ लेखनं समाप्तम् ।

(२) शाके १७४७ पार्थिवनामसंवत्सरे श्रावण शु. ५ गुरौ गणेशेन लिखिता ज्ञाननौका । भा. इ. सं. मं. ग्रंथक्र. ६५०.

(३) शाके १७४७ पार्थिवनामसंवत्सरे पौष शु. ६ तिथौ मन्दवासरे दिनि लेखनीयं समाप्ता । (भा. इ. सं. मं. ग्रंथक्र. ६८८).

શકે ૧૭૪૭ એટલે ઈ. સ. ૧૮૨૫નો સમય. એના ઉપરથી પ્રસ્તુત નૌકાકાર અઢારમી સદીના ઉત્તરાર્ધ અને ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં થઈ ગયા અને એઓ વાઈક્ષેત્રમાં રહેતા હતા એવી માહિતી મળે છે.

**લેખકની અન્ય કૃતિઓ**:–આપણા લેખકે **व्याकरणनौका**ની સાથે અન્ય ૭ નૌકાઓ રચી છે અને તેનાં નામ આ પ્રમાણે છે :

(१) ज्ञाननौका—વેદાન્તદર્શન, (२) मूहूर्तनौका–ज्योतिष અને ધર્મશાસ્ત્ર ઉપર બીજી ચાર નૌકાઓ લખી છે—(३) व्रतनौका, (४) शुद्धिनौका (५) सम्भारनौका અને कालनिर्णयनौका. ज्ञाननौका સિવાય બધી જ નૌકાઓની એકેક જ પ્રત ઉપલબ્ધ છે એ આ ગ્રંથોની એક વિશેષતા છે. વળી **व्याकरणनौका** સિવાય બધી જ નૌકાઓ ફક્ત પુનાના પ્રસિદ્ધ ભારત ઇતિહાસ સંશોધન મંડળના સંગ્રહમાં જ ઉપલબ્ધ છે. આ સાતે સાત (બધી જ) નૌકાઓ અત્યાર સુધી અપ્રકાશિત છે. જિજ્ઞાસુઓ માટે આ ७ નૌકાઓનો આદિ, અંત, પુષ્પિકા વગેરે મહત્ત્વની વિગતો આપીએ છીએ. જેથી આ ગ્રંથોનું સ્વરૂપ સ્પષ્ટ થશે :

(१) ज्ञाननौका—(अ) भा. इ. सं. मं. पुणे ग्रं.क्रमाङ्क ६५०, पत्रसङ्ख्या ९, માપ १०.२″ × ५.२″ श्लोक सङ्ख्या १०५, दर्शन.

(ब) भा. इ. सं. मं. पुणे ग्रं.क्रमाङ्क ६८८, पत्रसङ्ख्या ८, માપ ૯.૩″ × ૪.૭″ श्लोकसङ्ख्या १०५. दर्शन.

વેદાન્ત વિશેનો આ ગ્રન્થ ત્રણ અધ્યાયમાં લખાયેલો છે :

(१) भक्तिरहस्य–श्लोक ४५, (२) ज्ञानरहस्य–श्लोक ३१, (३) वैराग्यरहस्य श्लोक १२७.

પહેલા જ શ્લોકમાં કવિ આ કાવ્યરચનાનું મુખ્ય પ્રયોજન બતાવતાં કહે છે આ સંસારબંધનમાંથી મુક્તિ મેળવવી એ જ મુખ્ય ધ્યેય છે, અને તે માટે જરૂરી ત્રણ માર્ગોનું (ત્રિવિધ) વર્ણન કરે છે.

આ ગ્રંથનો आदि अन्त અને पुष्पिका નીચે પ્રમાણે છે :

आदि—श्रीगणेशाय नमः । अथ ज्ञाननौकाप्रारम्भः ।

दत्तात्रेय गुरुं नत्वा हेरम्बं कुलदेवताम् ।
विरच्यते ज्ञाननौका भवबन्धविमुक्तये ॥ १ ॥

श्लोक ४५, पत्र ४ अ–इति श्रीलक्ष्मणभट्टपाटीलविरचितायां ज्ञाननौकायां भक्तिरहस्यम् ।
श्लोक १–३१ पत्र ७ अ–इति ज्ञाननौकायां ज्ञानरहस्यम् ।

श्लोक १–२७, पत्र ९ अ–इति श्रीमद्गणेशदासस्य लक्ष्मणस्य त्विदं वचः ।
अस्तु सङ्क्षेपतोषाय यथामति विनिर्मितम् ॥ १८ ॥ इति वैराग्यम् ।

पत्र ९ ब–आदौ भक्तिस्ततो ज्ञानं वैराग्यं च क्रमात् पृथक् ।
त्रीणि प्रकरणान्यत्र कथितानि समासतः ॥ २९ ॥

इति श्रीलक्ष्मणभट्टपाटीलविरचिता ज्ञाननौका समाप्ता ।

श्रीलक्ष्मीनारायणार्पणमस्तु । शके १७४७ पार्थिवनामसंवत्सरे श्रावण शु. ५ तिथौ गुरौ गणेशेन लिखिता ज्ञाननौका । श्रीकृष्णार्पणमस्तु ।

(२) व्रतनौका—भा. इ. सं. मं. पुणे ग्रं.क्रमाङ्क १४, पत्र ६, માપ ८·२″ × ४·४″ श्लोक ५१; धर्म.

ધર્મશાસ્ત્રમાં મળી આવતાં વ્રતોનું વિવરણ એ આ ગ્રંથનું પ્રયોજન છે. પહેલા શ્લોકમાં જ કવિ કહે છે કે આ નૌકા એટલે વિવિધ ધર્મશાસ્ત્રગ્રંથોનો સાર છે. सकलव्रतपरिभाषाकथन અને व्रतोद्यापनविधिकथन એમ આ ગ્રંથ બે પરિચ્છેદમાં વહેંચાયેલો છે. એમા કુલ ૫૧ શ્લોક છે. અંતમાં કવિ એમ કહે છે કે માનવીના ઉદ્ધાર માટે શિવજીએ ગોરીને અને ભગવાન શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને જે વ્રતો વર્ણવ્યાં હતાં તે જ વ્રતો મેં અહીં વર્ણવ્યાં છે :

आदि—श्रीगणेशाय नमः । अथ व्रतनौकाप्रारम्भः ।

नानाग्रंथमहोदधिं व्रतमयं चालोड्य सम्यग्पुरा
किञ्चित्सारमिदं प्रगृह्य हि ततः श्रीलक्ष्मणेनाधुना ।
नौकेयं रचिता प्रपञ्चजलधेः शीघ्रं तरीतुं यथा
नत्वा श्रीगणनायकं कविवरान् श्रीसद्गुरुं भारतीम् ॥ २ ॥

श्लोक ३३, पत्र ४ अ–इति श्रीलक्ष्मणभट्टपाटील इत्युपनामेकन विरचितायां व्रतनौकायां सकलव्रतपरिभाषाकथनं प्रथमपरिच्छेदः ।

पत्र ४ ब–अथ संकष्ट्यादिव्रतोद्यापनविधिमाह । श्लोक ३४–५०.

पत्र ६ अ–उद्धर्तुं च पुरा शिवेन मनुजान् गौर्यै व्रतानीति वै
प्रोक्तान्याचरितानि तानि हि तया ख्यातानि लोके ततः ।
श्रीकृष्णेन युधिष्ठिराय हि तथा चैतानि सर्वाण्यतो
ग्रन्थे तान्यपि लक्ष्मणेन हि जपद्वारा कृतान्यत्र वै ॥ ५१ ॥

इति लक्ष्मणभट्टपाटीलविरचितायां व्रतनौकायां व्रतोद्यापनविधिकथनं
नाम द्वितीयपरिच्छेदः समाप्तः ॥

(३) कालनिर्णयनौका—भा. इ. सं. मं. पुणे ग्रं.क्रमाङ्क ३४·६२६, पत्र ८ श्लोक ५८; धर्म.

विविधकालविवरणात्मक અને मासनिर्णयात्मक એમ બે પરિચ્છેદમાં વહેંચાયેલી આ નૌકામાં કુલ ૫૮ શ્લોકો છે. એમાં કાલનું મહત્ત્વ અને કાલના વિવિધ પ્રકાર, વિભાગોનું

વર્ણન છે. આ વર્ણન હેમાદ્રિ અપરાર્ક માધવ ઇત્યાદિ પૂર્વસૂરીઓના આધારે લખ્યું છે એમ લેખક સ્પષ્ટપણે કહે છે:

श्रीगणेशाय नमः । अथ कालनिर्णयनौकाप्रारम्भः ।

कालेनैव च जायते जगदिदं संव्याप्य यत्र स्थितः
कालो म हृदि दृश्यते गणपतिः प्रागस्तु तस्मै नमः ।
हेमाद्याद्यपरार्कमाधवमुखान्नत्वाऽत्रिमन्वादिकान्
संतोषाय हि लक्ष्मणेन च तरिः कालाभिधा तन्यते ॥ १ ॥

पत्र ४ अ श्लोक ३०–इति श्रीलक्ष्मणभट्टपाटीलविरचितायां कालनिर्णयनौकायां विविध-कालविवरणात्मकः प्रथमः परिच्छेदः ।

अथ तिथिदर्शनात्मको द्वितीयपरिच्छेदप्रारम्भः ।

पत्र ८ अ श्लोक २८–इति श्रीलक्ष्मणभट्टपाटील इत्युपनामकेन विरचितायां कालनिर्णय-नौकायां मासनिर्णयात्मको द्वितीयः परिच्छेदः समाप्तः ।

(४) शुद्धिनौका—भा. इ. सं. मं. पुणे ग्रं.क. ४२६, पत्र ३, માપ ८·२″ × ४·४″ श्लोक २६.

ફક્ત ૨૬ શાર્દૂલવિક્રીડિત શ્લોકોમાં શુદ્ધિક્રિયાસંબંધી વિવેચન કરનારી આ નૌકા સૌથી નાની છે. કવિ એમાં હેમાદ્રિ વગેરેનું ઋણ સ્વીકારે છે. અંતમાં કવિ એમ કહે છે કે પંડિતોએ ઘણાં ઊલટાસુલટા અને ભ્રાન્તિકારક વિધાનો કર્યાં છે પણ આ ગ્રંથમાં આવી ભૂલોને સ્થાન નથી. જે બહુ પ્રસિદ્ધ છે એનું વિવરણ નથી પણ જે સહેલું અને સ્પષ્ટ છે એનું જ વિવેચન વિદ્વાનો માટે કર્યું છે:

श्रीगणेशाय नमः । अथ शुद्धिनौकाप्रारम्भः ।

तर्तुं धर्ममहोदधिं गणपतिं नत्वा गुरुं भारतीं
स्वच्छां लक्ष्मणनामकः प्रकुरुते संशुद्धिनौकामिह ।
आशौचं द्विविधं प्रसूतिमृतिजं प्रोक्तं नृणां शुद्धये
हेमाद्रिप्रभृतीर्निबन्धरचनाः संवीक्ष्य नानास्मृतीः ॥ १ ॥

पत्र ३ अ–न दोषो ग्रहणे घृतस्य पयसो दध्नश्च तैले गुडे
वस्त्रस्यैव नवस्य धान्यविषये शुष्के पदार्थेऽखिले ।
यद्वक्त्रे प्रविराजते स सदसि ह्याशुद्धिनौका त्वियं
लोके लक्ष्मणनामकेन रचिता शार्दूलवृत्तेन च ॥ २५ ॥

अन्यद्भ्रान्तिकरं बहु प्रगदितं ग्रन्थान्तरे पण्डितैः
तत्त्यक्त्वा मलिनं यतः प्रवचनं यश्चैकदेशस्थितम् ।
न प्रोक्तं त्वथ यत्प्रसिद्धवचनं सर्वत्र मान्यं सदा
स्पष्टं यत्सुगमं तदत्र लिखितं विद्वज्जनप्रीतये ॥ २६ ॥

इति लक्ष्मणभट्टपाटील इत्युपनामकेन विरचिता शुद्धिनौका समाप्ता ।

(५) सर्वसम्भारनौका—(सर्वसाधारणपरिभाषा) भा. इ. सं. मं. पुणे ग्रंथक्र. ३९७, પત્ર ૭, માપ ૮·૬" × ૪·૪" श्लोक ६४.

૬૪ શ્લોકો ધરાવતી આ નૌકા યજ્ઞને લગતી બધી સામગ્રીનું વર્ણન કરે છે. કવિ કહે છે કે પૂર્વસૂરીઓએ રચેલા અનેક ગ્રંથો પર આ નૌકા આધારિત છે અને યજ્ઞસંબંધી બધી આવશ્યક માહિતી આમાં સંગ્રહિત કરેલી છે એ આ નૌકાનું વૈશિષ્ટ્ય છે :

श्रीगणेशाय नमः । अथ सर्वोपयोगी सम्भारनौकाप्रारम्भः ।

सन्तोषाय हि लक्ष्मणेन रचिता सम्भारनौका त्वियं
श्रेष्ठत्वं समवाप्नुयात् सदसि यद्वक्त्रे स्थितं राजते ।
प्राग्ग्रन्थान् विविधान् विलोक्य लिखितं यत्रत्र यज्ञाञ्जिके
साहित्यं ह्युपयोगि यत्र विषये चैकत्र सत्सङ्ग्रहः ॥ १ ॥
तत्रादौ मुहूर्तज्ञानम् ॥ श्लोक ६ ॥

पत्र १ ब—अथ सम्भारः ।

साहित्यं प्रतिमा तदाकृति कृता सा काञ्चनी कार्षिकी
दूर्वादर्भसमित्घृतं त्वहिवलैः धान्यं च मृत् सप्तधा ।
होमद्रव्यसु पञ्चपल्लवघटा रत्नानि सर्वौषधि—
त्वक्पंचामृतपूर्णपात्रवसनं पूगानि गौर्दक्षिणा ॥ ८ ॥

पत्र ७ ब—न्यासान्ते सकलात्मिकां हृदि गिरं प्राणेश्वरीं देवतां
ध्यात्वा कर्मनिवेदनं कुरु सदा यद्भवद्भवेद्देहतः ।
भक्त्या यः प्रपठेदिदं प्रतिदिनं स्तोत्रं जपादौ तथा
सर्वेषां हितकारकं झटिति वै तन्मन्त्रसिद्धिर्भवेत् ॥ ६४ ॥

इति लक्ष्मणभट्टपाटीलविरचिता सर्वसाधारणपरिभाषा समाप्ता ॥

(६) मुहूर्तनौका—भा. इ. सं. मं. पुणे ग्रं.क्रमाङ्क ३४·४२४, शक १७३८, धाता फाल्गुन व. ३० ज्योतिष्.

ત્રણચાર વખત પ્રયત્ન કરવા છતાં આ પોથી જોવા મળી નથી. એટલે પ્રત વર્ણન કરવું શક્ય નથી.

અંતમાં ભારત ઇતિહાસ સંશોધક મંડળ પુણે અને પ્રાચ્ય વિદ્યામંદિર વડોદરા, બન્ને સ્થળોની હસ્તપ્રત જોવા અને અભ્યાસવા માટે ત્યાંના સંચાલકો અને કાર્યકરોએ જે સહયોગ આપ્યો છે તેમનો હું આભાર માનું છું.

* * *

श्रीः

**अथ व्याकर्ण(रण)नौकाप्रारम्भः ॥**

श्रीविघ्नेशाय निर्विघ्नाय नमः ॥

ततुं शब्दमहोदधिं झटिति, तत् विघ्नेशपादाम्बुजं
ध्यात्वा व्याकरणाभिधां प्रकुरुते नौकामिमां लक्ष्मणः ।
प्राप्तुं संस्कृतभाषणे निपुणतां, ज्ञातुं तदर्थानतो
बालानां मतिवृद्धयेऽपि न ययुः यस्यान्तमिन्द्रादयः ॥ १ ॥

बोधार्थेऽत्र अचः स्वराः प्रकथिताः तेषां व्यवस्थां(स्था) यथा
तत्रादौ अइउ स्वरा ऋसंहिता ह्रस्वाश्च दीर्घाः प्लुताः ।
उउंऊं इति चाषकाकशिखिनश्चामी वदन्ति क्रमात्
एकद्वित्रिकमात्रकाश्च, कथितो वर्णो तृकारः प्लुतः ॥ २ ॥

ए ओ ऐ त्वपि औ वि(इ)मानि सततं सन्ध्यक्षराणि, स्वराः
दीर्घाः सन्ति तथा प्लुताः क्रमतया, तत्कार्यमग्रे ह्यपि ।
स्पष्टोच्चारणकारणेऽत्र विषये सन्धिः स्वरे नो कृतः
चापेक्षा यदि तस्य सन्धिकरणे, कार्यो, न बालस्य वित् ॥ ३ ॥

उच्चैर्यश्च उदात्त, एव, अनुदात्तो यः स नीचैः समा–
हाराख्यः स्वरितः स्वरो निगदितः शिक्षाख्यवेदाङ्गके ।
स्यात् कानेन च मात्रया सह गुरुः दीर्घोऽप्यनुस्वारयुक्
संयोगात्प्रथमो, विसर्गसहितो यो ह्यन्तिमोऽर्णो लघुः ॥ ४ ॥

कादि व्यञ्जनसंज्ञकानि च इह प्रोच्चारणार्थे स्वरः
*त्वज्झीनं च परेण योज्यमिति तत्स्यात् पञ्चसन्धिष्विह ।
**संज्ञाख्यं** कथितं त्विदं प्रकरणं **सन्धिः** स्वराख्यो यथा
तत्राद्यो दधि आनयेति कथितः स्पष्टाः क्रमाच्चापरे ॥ ५ ॥

कार्यं चोक्तवदत्र यन्मतिमता संवीक्ष्य स बन्धुरा ×
स्यात् दध्यत्र चू + के स्वरे स्वरपरे यत्वं च धद्वित्वता ।
सन्धौ स्यादइए द्वयोश्च अउओ एचः स्वरे अय्परे
ओ अव् स्यात् क्रमशश्च ऐ इह च आय् औ आव् च दीर्घेष्विति ॥ ६ ॥

द्वौ ह्रस्वौ स्वसमौ तयोर्युतिरतो दीर्घो भवेन्ना(त्ता)दृशो
विज्ञेयो अ अ आ तथाहि इ इ ई उ ऊ ऋ इत्यादयः ।
यत्वं स्यात् इ उ ऋस्वरेष्वचि परे, वत्वं च, रेफः क्रमात्
तत्रोदा[ह]रणानि सन्ति शतशः स्पष्टानि वक्ष्ये यथा ॥ ७ ॥

---

* त्वज्झीनं = तु + अच् + हीनम् । × अस्पष्टम् । + अस्पष्टम् ।

रत्वं व्यञ्जनरूपकं स्वरपरेणैवान्वितं कारयेत्
सोऽप्यूर्ध्वं व्रजतीति रेफसदृशो भूत्वाऽक्षरे तिष्ठति ।
यद्वद् गो अजिनं गवाजिनमतो मध्वत्र वध्वासनं
गौरी अत्र वियोजने भवति वै गौर्यत्र, संभो अति ॥ ८ ॥

अक्षौहिण्यपि तत्र अक्ष उहिणी प्रौढः प्रऊढे स्मृतः
प्रौक्तस्तौ इहितावितिहैव च पटोऽत्रातः पटो अत्र च ।
ते अत्रैव च तेऽत्र हे सख इति प्रोक्तं सखेऽपीत्यथो
यद् गङ्गा उदकं तदेव सततं गङ्गोदकं कीर्तितम् ।
येन स्या भव ऋद्धिरेव गदिता तस्मात्तर्षिस्त्वलं
सीतार्तः स तथैव सीत ऋतके स स्थूल ओतुस्तथा ॥ ९ ॥

गो इन्द्रश्च गवेन्द्रकस्तव इदं प्रा(प्रो)क्तं, तवेदं जगत्
श्रद्धा अत्र दधीह सद्दधि इह श्रद्धात्र बिम्बोष्ठकः ।
बिम्बोष्ठस्त्वपि बिम्ब ओष्ठ इति वै पूर्वं परं योजयेत्
पर्यङ्कः परि अङ्क एव कथितः पल्यङ्क एवं त्वपि ॥ १० ॥

गो अक्षेऽत्र गवाक्ष एव पितृ अर्थेऽप्यत्र पित्रर्थकः
तद्वत् ने अयनं त्विहैव नयनं यो नै अको नायकः ।
इत्थं स्यात् **स्वरसन्धिरित्यथ हलन्ताख्यं** प्रवक्ष्यामि वै
वाङ्मात्रं च षडत्र षण्मम पृथङ्नेत्रं तथा षण्णव ॥ ११ ॥

वाक्छूरस्त्वथ वाग्यथा च समिदाधानं तथा वाग्घरिः
कश्शूरश्च भवांस्तनोति च तनुं प्राक् त्रीन्त्समुद्रान् क्षितौ ।
तच्छास्त्रं किल चिन्मयं पठति वै देहोऽस्ति यावच्चिरं
राजंश्चित्रमिदं सुगण्णिह बृहत्तट्टीकते तद्धविः ॥ १२ ॥

तद्राजन्निह अम्भरः प्रतिदिनं ह्लीच्छ्रश्च सन्त्सः स्मृतः
त्वित्थं **व्यञ्जनसन्धिरेव** गदिता, वक्ष्ये **विसर्गाभिधाम्** ।
वर्तन्ते पुरतो यदा शषसहाः पश्चादनुस्वारके
छन्दस्यपि रे परे यजुषि वै रङ्गाः स्वरेऽग्रे ऋचि ॥ १३ ॥

एवेदं सकलं यजूंषि गदितं शम्भुं हरिः स्तौत्यथो*
कश्शेते मम कस्तनोति च तनुं साधुश्च नैतादृशः ।
देवा अत्र मनोरथो दिविसदा:(दः)कार्येऽस्तु कः षण्ढवत्
शुक्ती रूप्यसमा पुना रचित वै स प्रातरन्तर्गतः ॥ १४ ॥

---

* एवेदँ सकलं यजूँषि गदितँ शम्भुँ हरिः स्तौत्यथो–मूले एवं लिखितम् ।

सूर्यश्चात्र पटुर्यजेत्स च हरिर्देव: पुरात्रैष स
प्राग्वर्णस्य च दीर्घतापि रपरे लोपो विसर्गस्य वा ।
रेफान्तस्य पदस्य कश्चन परे वर्णे विसर्गस्य र:
स्यादीचश्च विसर्गकस्य अमुखे रेफोऽत्र वर्णे परे ॥ १५ ॥

लोप: स्यान्न कदा परे कखपफे पूर्वं विसर्गस्य वै
तद्वत् स्यात् शषसे परे तु च तयो: स्त: प्राग्विसर्गे शसौ ।
कादौ वर्गयुतिस्थले गजडदा योग्या: सबा:* स्यु: तथा-
नुस्वारस्य च मत्वकं स्वरयुतौ स्यात् वाऽप्यनुस्वारता ॥ १६ ॥

एतेषां ङकगां मिथश्च छजञां तद्वत् टडो: स्तो दधो:
स्त: सर्वत्र ननो: पबो: ङञणमां वर्णेषु कार्या युति: ।
प्राग्दीर्घेऽप्यरो लघु: प्रथमवत्, दीर्घे परे दीर्घवत्
श्रद्धात्रैव पटोऽत्र तेऽत्र च तवैश्वर्यं तवैषा यथा ॥ १७ ॥

स्त्रीपुंक्लीबमजन्तकं त्रिविधकं लिङ्गं हलन्तं तथा
षड्लिङ्गान्युदितानि चेति मुनिभिर्ज्ञेयं सुबन्तं यथा ।
स्वौजस्त्रिश्च अमौशसा: क्रमश भा भ्यां भिश्च ङे भ्यां भ्यसो
ङस्भ्यां भ्यश्च ङसोस्तु आम थङि ओस् सुप्स्युश्च रूपाण्यथ ॥ १८ ॥

रामो भानुरयं हरिश्च भगवान् विद्वान् भवांश्चन्द्रमा-
मासोमाश्च सखार्यमा कति गुणी ग्लौरैविराट् वृत्रहा ।
चत्वारश्च पितात्मभूश्च सुमना: क्रोष्टा मरुत् द्वौ त्रय:
सर्वोना क्रतुभुग्घसान्तसहिता: पुल्लिङ्गशब्दा अमी ॥ १९ ॥

गौर्वाग्गीश्च सरस्वती च गिरिजा स्रग्धीश्च लक्ष्मीश्शची
चिद्भीरुश्चमूर्मतिश्च रजनी स्त्रीलिङ्गके स्युस्त्वसौ ।
चित्तं शर्म मनोऽम्बु पर्व च वपुश्चक्षुश्शिरो वारि वार्
नामायुश्च जगद्दधिप्रमुखका: क्लीबेऽप्यदो यत्वि(त्वि)दम् ॥ २० ॥

यस्यान्तैस्त्यपि य: स्वर: प्रगदित: शब्दस्तु तन्नामक:
चाकारान्त इति प्रयोज्य पुरत: पुल्लिङ्ग एवं परे ।
चेकारान्त उकारकान्त उतये त्वीनं द्वसान्ता: स्त्रियाम्
आबन्ताश्च नपुंसका: पुरुषवत्तत्तच्च शब्दं प्रति ॥ २१ ॥

रामोऽयं गिरिशौ मृडाजलधरं रामौ च रामा: सुरान्
रामं नाथ हरिर्हरी च हरयो राज्ञ(मां)श्च रामेण च ।
रामाभ्यां च हरिं हरींश्च हरिणा भानु: हरिभ्यां सुधी
रामै: स्यात् हरिभि: तथैव हरये रामाय रामात् हरे: ॥ २२ ॥

---

* बासहिता: गजडदा: ।

रामेभ्यश्च हरिभ्य एव सुधियौ रामस्य हर्यों हरौ
रामाणामपि रामयोश्च सुधियो रामे हरीणां करी ।
दण्डी गौः करिणौ हरीषु [ह]रिणो भानू करिन् भानवो
ग्लौर्ग्लावौ कति दण्डिनौ त्वथ पतिः ग्लावापती दण्डिना ॥ २३ ॥

ग्लावा ग्लौभिरथो पिता च पितरौ गावौ च गावश्च गां
भानुं गाः पितरो गवा कति गवे गोभ्यां च पितॄंश्च गोः ।
गोनां स्युश्च गवां तथा गवि गवो पित्रा पितृभ्यां पितुः
पित्रोः वै पितृणां च गोषु करिणा सर्वः पितृणां पुमान् ॥ २४ ॥

चत्वारश्चतुरश्चतुर्भिरपि वै राजा चतुर्भ्यस्ततो
राजानावपि चन्द्रमाश्च मधुलिट् सर्वौ चतुर्णां च ना ।
श्वा श्वानौ च शुनः शुना मधुलिहौ श्वाभ्यां च राज्ञा शुने
ह्यष्टाष्टावपि चाष्टभिर्मधुलिहश्वाष्टाभिरेवाष्टसु ॥ २५ ॥

सान्तश्चन्द्रमसाविमावपि इमे चानेन आभ्यामतः
चैभिश्चन्द्रमसो विपश्चिदपि ते तस्मै च तस्मान्नरौ ।
कः कौ केऽपि च कांश्च केन खलु कैः सम्राट(ड)कस्मा अपि
सम्राजौ च मरुत् भवांश्च मरुतौ पन्था भवान् विट्विशौ ॥ २६ ॥

दोर्दोषौ मरुतश्च दोष इति वै दोष्णोऽपि दोषः सजूः
दोष्णा वै सजुषौ तथैव सजुषो दोर्भ्यां च दोषामपि ।
प्रोक्तोऽसौ च अमू अमी च अमुनाऽमूभ्याममीभिर्यथा
[चा]मुष्मै च अमुष्य चाथ अमुकश्चैवामुकौ चामुके ॥ २७ ॥

सखा सखायौ च तथा सखायः सखींश्च सख्या सखिना सखिभ्याम् ।
सख्ये च सख्युर्गणपस्य सख्याः सख्यौ सखि छ(ह्य)त्र च हे सखेऽपि ॥ २८ ॥

पत्या पतिभ्यां पतिभिश्च पत्ये पत्युश्च पत्योः पतिभिः पतीनाम् ।
शीघ्रं प्रबोधे पतिशब्दरूपाण्युक्तानि पत्यौ किल हे पतोप(पते च) ॥ २९ ॥

सर्वस्मै हरये तथा बहुषु वै सर्वे द्विजा वादिताः
सर्वस्माच्च हरेरयं च सुरवत् शेषं तु सर्वस्मिन् उ ।
ऐकारान्त इहैव रैस्त्वपि धने रायौ सुरायः स्मृता
रायानेन सुराभिरेभिरपि वै रायां सुरायि क्रमात् ॥ ३० ॥

सोमपाः सोमपौ सोमपाः सोमपा सोमपौ सोमपः सोमपा सोमपे ।
सोमपः सोमपोः सोमपां सोमपि स्यात् द्वितयो विशेषो द्वितीयाय च ॥ ३१ ॥

सेनानीः सेनान्यौ सेनान्यः सेनान्याम् ।
सेनान्या सेनान्ये सेनान्योः सेनान्याम् ॥ ३२ ॥

स्वयम्भूश्च स्वयम्भुवौ स्वयम्भुवा स्वयम्भूभ्याम् ।
स्वयम्भुवः स्वयम्भुवोः स्वयम्भुवां स्वयम्भूनाम् ॥ ३३ ॥

देवासः प्रथमा स्मृता बहुषु ते [ते] ब्राह्मणासस्तथा
सर्वस्मिंश्च गणे विशेष उभयोर्नित्यं तु यत्रोच्यते ।
नास्त्यत्रैव कदोभयद्विवचनं पूर्वे च पूर्वाः सुराः
पूर्वस्मादपि ना नरौ नरः इतः पूर्वाच्च पूर्वेऽत्र नॄन् ॥ ३४ ॥

त्रा नृभ्यामपि नुः नृणां क्रमतया नृणां च हे नः ततो
नित्यं स्यात् बहुषु त्रयश्च कतिभिः सुश्रीः कतीनां कति ।
सर्वाद्यो गण ईरितः सम उभान्यस्वोभयैका वरा
विश्वदव्यन्तरपूर्वनेमकतमत्यत्सीमतद्दक्षिणा ॥
अस्मद्युष्मद एतदन्यतरकिं यत्तूद्भवन्तूत्तर-
त्रिष्वेते कतरेतराधरपरैदं चापरादस्क्रमात् ॥ ३५ ॥

स्त्रीलिङ्गे गिरिजा मतिश्च कमले जाया रमामम्बिके
जाये(य)यो रमया मती च मतयो धेनुः प्रियाभ्यां मतिम् ।
जायाभिश्च मती-मतीश्च तरुणी मत्या मतिभ्यां नदी
जायायै मतिभिस्त्वियं च मतये मत्यै च धेनू मतेः ॥ ३६ ॥

जायाया अपि धेनवश्च रमयोः मत्याश्च धेनू स्त्रियं
जायानां च इमे इमाश्च अनया आभ्याममुष्यै च धीः ।
जायायामपि जाययोरथ धियौ धीभ्यां च धीभिर्धियो
धेनूः द्यौश्च दिवौ दिवस्त्वपि दिवं वान्तस्तृतीयादि वा ॥ ३७ ॥

द्युभ्याँ भूश्च भुवौ भुवस्त्वथ च गी रेफान्त गीर्भ्यां गिरौ
तिस्रश्चाथ चतस्रकश्चतसृभी रेफान्तशब्दः समित् ।
धान्तस्यात्समिधौ चमूश्च समिधश्चमौ(म्वौ) समिद्भ्यामतो
भान्तस्याच्च ककुत्त(भ्‌त)थैव ककुभौ जान्तस्तथा स्रक्स्रजौ ॥ ३८ ॥

सा ते तास्त्वथ यापि ये बहुषु या दान्ताश्च एषा त्रिषु
शान्तो दिक् च दिशौ दिशस्त्वपि दिशा त्वक् चान्तसंज्ञस्त्वचौ ।
त्वग्भ्याम् ऋक् च ऋचौ त्वचो दिशि दिशोस्त्वापस्त्वपो भूम्न्यपि
ह्यद्भिर्दिक्षु असावमू त्वपि अमूः सर्वा च सर्वेऽमुया ॥ ३९ ॥

सर्वाः स्युः किल सर्वया च सरितौ सर्वाभिरेवं सरित्
चाबन्तादिहसान्तकाश्च सरितः क्लीबाख्यरूपाण्यथ ।
निर्वाणं हृदये शुभानि च पुनः शेषं तु पुंवद्दधि
स्यादेवं दधिनी दधीनि च पुनः दध्ना दधिभ्यां तथा ॥ ४० ॥

दध्ने दध्न इति स्म दध्नि दधनि प्रोक्तं च दध्नोर्मधु
तद्वत् स्यात् मधुनी मधूनि च पुन:, शेषं स्मृतं भानुवत् ।
अह्नोऽह्नी(ह्नि) त्वहनी त्वहानि च पुनस्त्वह्ना त्वहोभ्यां तथा
अह्नेऽह्नस्त्वपि षष्ठिकाद्विवचनेऽह्नोरह्नि चात्राहनि ॥ ४१ ॥

वर्म ब्रह्म च वर्मणी इदमिमे वर्माणि वै वर्मणा
वर्मभ्यामपि वर्मणेऽप्यथ धनु: स्यात् वर्मणी वर्मणाम् ।
तत्ते तानि इमानि यच्च धनुषी ये यानि किं के जगत्
कान्येतच्च धनूंष्यनेन धनुषा चैते तथैतानि च ॥ ४२ ॥

तेज: स्यादपि तेजसी च पन्यसाऽदोऽमू तथाऽमून्यथो
वार्वारी बहुवारि तच्च जगती वारा जगन्ती(न्ति) तत: ।
अर्थं प्राकृतभाषया क्षितितले पद्यस्य लोकान्प्रति
भाषन्ते विबुधा यतोऽत्र लिखितं बोधाय तत्प्राकृतम् ॥ ४३ ॥

॥ अथ प्राकृतभाषया विभक्त्यर्थमाह ॥

तो जो तो प्रथमा स एकवचनं रामो विभक्तिस्तत:
त्यातें त्याप्रति राममेव सकलं ज्ञेया द्वितीया यथा ।
रामेणेति तृतीयका समुदिता त्याणें च तेणें करून्
रामायेति तदर्थमेव चवथी त्याकारणें पञ्चमी ॥ ४४ ॥

त्यापासूनि तयाहुनी गणपते: सम्बन्धिषष्ठी यथा
त्याचे ष्ठायि च सप्तमी गणपतौ सम्बोधनं हे हरे ।
दैवात् त्यास्तव पञ्चमी दिविसदां मध्येऽत्र षट्सप्तमी
तस्मिंस्त्याविषयीं नियोजयत नौस्त्याचें तथा त्यासहि ॥
एवं भानुहरी इदं द्विवचनं जे ते प्रयोज्या: सुरा:
तीं जीं तीं च नपुंसके बहुषु ती जे ते च जात्या प्रिया: ॥ ४५ ॥

॥ अथ क्रियापदार्थमाह ॥

तो होता भवति प्रयोगरचना होतास होतोंच मीं
तो होणार पुढें तथाहि भवता कालान्तरीं तुं च मी ।
कल्याणं प्रभवेच्छिवं भवतु ते कल्याण होउ तुझे
तें होयील भविष्यतीति सततं तैसेंच माझें तुझें ॥ ४६ ॥

होते ते भवतो भवन्त्यपि च तेऽथास्मत्क्रियेत्युत्तमो
मीं होतोच भवाम्यहं भवसि तुं होतास युष्मत्स्मृता ।
विज्ञेया: प्रथमस्तिङस्त्रिपुरुषास्ते मध्यमश्चोत्तम:
चैकैकस्य च तस्य तत्र वचनानि त्रीण्यपि त्रीणि हि ॥ ४७ ॥

॥ अथ कायांविभक्तीनां रूपसमता भवति तदाह ॥

आद्यायाश्च पराख्यया द्विवचनं सर्वां विभक्तेः समं
मध्यत्रीणि तृतीयतस्त्वपि तथा षष्ठाह्वसप्ताख्ययोः ।
तुल्यं पञ्चमतुर्यकान्त्यवचनं ईनन्तके द्व्याद्ययोः
तुल्यं भूम्नि हसान्तकेऽपि च तथाऽद्यं पञ्चषष्ठाख्ययोः ॥ ४८ ॥

स्त्रीलिङ्गे प्रथमाद्विकान्त्यवचनं त्वाबन्तके तत्समं
ग्लौवत् नौश्च वधूश्च गौः पुरुषवन्माता सदा पितृवत् ।
आदेशाश्च भवन्ति पूर्ववचने धेन्वादिमत्यादिषु
स्युः तुर्यादिविभक्तिषु क्रमतया स्त्रीलिङ्गशब्देष्वपि ॥ ४९ ॥

ह्रीधीश्रीषु विसर्ग एव सततं तन्त्रीश्च लक्ष्मीः तरीः
नो गौर्यादिसरस्वतीप्रभृतिषु ब्राह्मीनदीस्त्रीष्वसौ ।
धीवत् श्रीश्च धियं स्त्रियं ह्रियमिमां श्रीः प्राग्द्वितीयान्तिमे
श्रीं ह्रीं स्त्रीं च धियः श्रियाः श्रियि धियां श्रीणां श्रियां हे श्रिधि ॥ ५० ॥

पुल्लिङ्गे भगवन् करिन् भव हरे ब्रह्मंश्च भानो पितर्
हे धेनो वनिते स्त्रियामपि रुचे लक्ष्म्यम्ब सम्बोधने ।
क्लीबे कुण्ड मधु स्मृतं दधिसमाः शब्दा यथा कीर्तिताः
चैतद्रूपकनिस्वनानिति पठेत् शेषा यथा स्युः तथा ॥ ५१ ॥

क्लीबाख्ये प्रथमाविभक्तिसदृशा प्रोक्ता द्वितीया तथा
तस्यान्याश्च विभक्तयस्तु निखिलाः पुंवत् तृतीयादितः ।
श्रेष्ठा यूयमतो गुरोऽग्रग इतो यत्रेति सम्भाषणे
नो दोषाय भवेन् भवे ननु वयं धन्याश्च वो दर्शनात् ॥ ५२ ॥

ईबन्तेऽपि समं द्विकान्त्यवचन(नै)श्चाद्यं तु षट्पञ्चयोः
चाबन्तरे सपञ्चयोः प्रथमकं साङ्केतिकं भाषणम् ।
सर्वत्र प्रथमं विभक्तिरहितं नामैव सम्बोधने
यत्रामन्त्रणकारणं निगदितं तत्रैव सम्बोधनम् ॥
हे प्राग्योज्ये हरेऽथ भो गणपते रे नीचसम्बोधने ।
सर्वत्र प्रथमा विभक्तिरुदिता यावद्विवक्षा तथा ॥ ५३ ॥

॥ अथ युष्मदस्मच्छब्दरूपाण्याह ॥

त्वं युष्मत्त्वहमस्मदेव च युवामावां च यूयं वयं
त्वां मां प्राक्सममध्यमद्विवचनं युष्मांस्तथास्मांस्त्वया ।
सर्वं चैव मया विधाय हृदि वाऽवाभ्यां युवाभ्यां शिवं
युष्माभिश्च दिने दिने तु नमितोऽस्माभिश्च तुभ्यं तथा ॥ ५४ ॥

मह्यं श्रीगणपः प्रसन्न इति वै जातोऽधुना सेवया
युष्मभ्यं च चतुर्थिकान्त्यवचनेऽस्मभ्यं तथा त्वच्च मत् ।
युष्मत्ते तव चास्मदेव युवयोः शब्दा ममाप्यावयोः
युस्मा(ष्मा)कं त्वयि सप्तमी मयि तथाऽस्माकं च युष्मासु च ॥ ५५ ॥

ईशस्ते मेऽपि रामोऽविरतमतितरां दातु ते मेऽपि सौख्यं
*वित्तं वां नौ अपीदं हरिचरणयुगं दातु वां नौ अपि स्वः ।*
अव्यात् वां नौ अपीशः शरणमिह हितो नोऽपि वो नोऽपि भद्रं
देयात् वो नोऽपि सुज्ञा तव मम सुखयत्त्वेषये त्वाऽपि माऽपि ॥ ५६ ॥

सुबन्तरूपमीदृशं तिङन्तिकं क्रियापदं
वदन्ति कारकेऽन्वयं समासकेऽर्थपुष्टता ।
पदार्थकः कृदन्तकेऽस्य तद्धिते विवेचनं
तथा तदत्र वर्णितं समासतो ( = सङ्क्षेपतः ) विलोकने ॥ ५७ ॥

**॥ इति सुबन्तप्रक्रिया ॥**

**॥ अथ तिङन्तमाह ॥**

दिक् लट् लिट् लुट लृट् च लोट लङ लिङ् लुङ लृङ लकारा इमे
वेदे लेट् गदितो यतो न लिखितो लिङ पद्यमत्र द्विधा ।
भूते लुङ लिट लङ ततो भवति लट् विध्याशिषोः लोट् च लिङ
लृङ लुट् लृट् च भविष्यति क्रमतया रूपाणि तेषां वदे ॥ ५८ ॥

भू सत्तायां च धातोः स भवति, भवतः तौ, भवन्ति क्रमात्ते
रूपाणि स्युः परस्मैपदि इति भवसि त्वं च युष्मत्तिङन्ते ।
त्रीणि त्रीण्येक(कै)कस्य स्म भवथ इति नुः मध्यमोऽयं युवां हि
सम्प्रोक्तान्यत्र यूयं नव भवथ भवाम्युत्तमोऽहं यथाऽस्मत् ॥
सर्वत्रावां भवावोऽत्र वचननियमः सम्भवावो वयं यत्
चैकं तद्वद्द्वितीयं बहुवचनमयं वर्तमाने लडर्थे ॥ ५९ ॥

पूर्वं बभूव स बभूवतुरुद्बभूवुः ते त्वं बभूविथ ब[ भू ]वथुरेव नित्यम् ।
यूयं बभूव च बभूव अहं तथाऽवाम् इत्थं बभूविव बभूविम लिट परोक्षे ॥ ६० ॥

**आर्या** लुट् भविता भवितारौ भवितारो भवितासि भवितास्थः ।
भवितास्थ भवितास्मि वै भवितास्वो भवितास्मः कृ(क)ल्क्यवतारः ॥ ६१ ॥

स भविष्यति भविष्यतो भविष्यन्ति भविष्यसि भविष्यथः च ।
भविष्यथ भविष्यामि प्रभविष्यावो लृट् च भविष्यामः ॥ ६२ ॥

स भवतु भवतात् भवतां भवन्तु भव भवतात् भवतं भवत ।
भवामि भवाव भवाम ह्याशिषि कथितानि च लोट्रूपाणि ॥ ६३ ॥

अभवदभवतामभवन् अभवोऽभवतमभवतमभवम् ।
अभवाव ह्यभवाम लङनद्यतनभूतार्थवृत्तेश्च ॥ ६४ ॥

श्लोकः भवेत् भवेतां किल ते भवेयु: भवेः भवेतं च भवेत यूयम् ।
लिङ स्यात् भवेयं च भवे भवेम त्वामन्त्रणे प्रार्थनके त्वभीष्टे ॥ ६५ ॥

लिङ भूयात् भूयास्ताम् भूयासुश्च भूया: भूयास्तम् ।
भूयास्त च भूयासं भूयास्व भूयास्माशिषि संकथित: ॥ ६६ ॥

अभूदभूतां च तथा अभूवन्नभूरभूतं च तथाप्यभूत ।
अभूवं चाभूव सदा अभूम भूतार्थके लुङ कथितो मुनीन्द्रैः ॥ ६७ ॥

आर्या अभविष्यदभविष्यतामभविष्यन्नभविष्येऽभविष्यतम् ।
अभविष्यत अभविष्यं त्वभविष्यावाभविष्याम लृङिति ॥ ६८ ॥

प्रभवति पराभवति वै सम्भवत्यनुभवत्यभिभवत्युद्भवति ।
परिभवति प्रतिभवति धातो: प्राक् प्रणिभवन्तीत्युपसर्गा: ॥ ६९ ॥

॥ अथोपसर्गानाह ॥

सम्प्रोक्ता उपसर्गका अपसुनिर्दुर्योज्यधातुं पुरा
संविम्यध्यतिदुस्परान्ववपरिप्राप्याभ्युपाङिनश्र (स्व) तिम् ।
तस्योदाहरणानि सन्ति शतशो ग्रन्थान्तरेऽन्यत्र वै
पादः सम्परिपूरणेऽत्र तु ह वै स्म ह्यव्ययानीति च ॥ ७० ॥

॥ अथाकर्मकधातूना (ना) ह ॥

वृद्धिक्षयभयजीवितमरणं लज्जासेजास्थितिजागरणम् ।
शयनक्रीडारुचिदीप्त्यर्थं धातुगणं तमकर्मकमाह ॥ ७१ ॥

॥ इति परस्मैपदिनः ॥

॥ अथात्मनेपदिक्रियापदान्याह ॥

लट् रूपाणि स एधते क्रमतयैधेते यथा तौ च तेऽ
प्येधन्तेऽपि च एधते (से) त्वमपि वैधेथे तु यूयं तथा ।
एधध्वे बहुषु प्रयोगरचना एधे ह एधावहे,
हेरम्बस्य दयाऽत्मनेपदिन इत्येधामहे चेद्वयम् ॥ ७२ ॥

*धात्वर्थो बहुधा स्मृतोऽपि उपसर्गेणैव सोऽनेकशः*
संहारश्च विहार एव उपहारोऽन्यः प्रहारो यथा ।
भूतार्थे *यजति स्म धर्मनृपति: ज्ञेयं स्मयोगे यथा*
धात्वर्थस्य विदा विना न च कदा तोषो भवेत् पूर्णता ॥
धात्वर्थ: किल स क्रिया बहुविधाऽसौ यादृश: सा तथा
तत्तत्कारकयोजनं क्रमतया प्रोक्तोऽन्वय: सक्रियम् ॥ ७३ ॥

### ।। अथ विविधधातूनाह ।।

दाण् दाने सृ गतौ च चर्व अदने प्रोक्ताः परस्मैपदे
पद्र् प्रस्रवणे वदि प्रन(ण)मने इत्यात्मनेधातवः ।
स्यात् डुक्ति(कृ)ञ् करणे करोति कुरुते श्रिञ् सेवने चोभयो
रूपे दोग्धि दुह् प्रपूरण इतो धातुर्द्विकर्मा यथा ॥ ७४ ॥

तद्वत् वृञ् वरणे वृणोति वृणुते ईडे तथैड स्तुतौ
धातुः मन्थ विलोडनेऽपि ऋ गतौ स्यात् भ्रस्ज पाके ततः ।
शीङ स्वप्ने, वृतु वर्तने, पद गतौ, प्रीञ् तर्पणेऽथो चुरः
स्तेये हृञ् हरणे, ञिभी भय, इतो या, प्रापणेऽमी स्मृताः ॥ ७५ ॥

ओहाक् त्यागे, दम उपशमे, ण(णु) स्तुतौ, रङ्ग रागे,
कृञ् हिंसायां, स्फुट विकसने, क्षि क्षये, वक्ष रोषे ।
ह्री लज्जायां, दिह उपचये, दीञ् क्षये, गर्व माने,
कै गै शब्दे, व्रज वज गतौ, धातवो दाशृ दाने ॥ ७६ ॥

स्खल सञ्चलने, चकासृ दीप्तौ, दद दाने, जि जये. च शुल्ब माने ।
सह मर्षणके, डुधाञ् च दाने, लिह् आस्वादनकेऽत्र धातवः स्युः ॥ ७७

पीङ पाने, तडि ताडने, पडि गतौ, दैप् शोधने धातवः,
माङ माने, यभ मैथुनेऽप्यय गतौ, सश्लश्लेष्मणक्रीडयोः ।
गौ शब्दे, मिह सेचने, कस गतौ, प्रोक्ताः तृप प्रीणने
मूत्र प्रस्रवणे, घृष प्रसहने, धूञ् कम्पने, इण् गतौ ॥ ७८ ॥

अस्ति स्तोस् भुवि सन्त्यसिस्थ उदितः स्थास्मिस्व उस्मस्ततो,
रूपाण्यस्य पराणि वै भवति तत् स्तात्स्तां यथा सन्तु च ।
स्तात्स्तंस्तेति असान्यसाव च असामासीत्तथास्तां क्रमात्
आसन्त्स्यादिह नोदितानि च इतः स्यास्तांस्युः एवंविधः ॥ ७९ ॥

स्तेये चोरयते च चोरयति वा द्वे चोरयामास वै
स्वार्थे णिच् गदितस्तु चिन्तयति सः स्मृत्यां यथा चिन्तति ।
एवं तर्पयतीति वा तृपतृपौ धातुर्यथा तर्पति
मूत्रप्रस्रवणे च मूत्रयति वा रूपे यथा मूत्रतिः ॥ ८० ॥

रूपे भावयते च भावयति वा लट् निर्णिजन्तं यथा
भावेऽप्यत्र लटादयो निगदिता लट् भूयते पश्यति ।
तद्वत् दर्शयते च दर्शयति वा प्रोक्तं कृती छेदने
हेतुर्यत्र नियोजको निगदितः कर्ता स्वतन्त्रो यथा ॥ ८१ ॥

किञ्चित्किञ्चिदिहैव सर्वविषयः प्रोक्तः सुबोधाप्तये
स्यात् दिग्दर्शनवत् मयाऽत्र लिखितं शास्त्रस्य पारं कुतः ।
यत्रान्ते परिवर्तते यदभिधो वर्णः स्वरः प्रत्ययोऽ-
सौ रूपे वदतां पुरैतदखिलं ह्यानीय लिङ्गं हृदि ॥ ८२ ॥

**॥ अथ कारकं निरूपयति ॥**

कर्ता कर्म च कारकाणि करणं षट् सम्प्रदानं क्रमात्
चापादानमथान्वयेऽधिकरणं ज्ञात्वा पदं योजयेत् ।
कर्तादिप्रथमं प्रयोगरचनां छन्दोरसालङ्कृतिं
श्लोकार्थं प्रवदेत्ततोऽस्ति सकलं चादाय सम्यक् हृदि ॥ ८३ ॥

युङ्क्त्वादौ सति सप्तमीं गणपतौ जातेऽनुकूले यदा
सर्वं स्यात्सकलं तदेति पुरतः सम्बोधनाख्यं पदम् ।
कर्ता स प्रथमा च कर्म करणं प्रान्ते क्रियां योजयेत्
दैवत्वं गणनायक क्षितितले लोकांस्तथा रक्षसि ॥ ८४ ॥

रामो गच्छति कर्तरि द्विविधके ज्ञेयो यथाऽकर्मको
भक्तान् याति सकर्मको गणपतिः श्लोके त्वयं प्रायशः ।
भावेऽसौ गदिता प्रयोगरचना श्रीविष्णुना स्थीयते
संस्कारः क्रियते महांश्च हरिणाऽप्येवंविधः कर्मणि ॥ ८५ ॥

यच्छब्दस्य यतः प्रयोगरचना ज्ञेया तटस्था यथा
तच्छब्दस्य च लक्षणानिगदिते मे द्वे स्वरूपाभिधा ।
तत्तद्योज्यविशेषणं प्रथमकं पश्चात् विशेष्यं क्रमात्
सर्वैश्वर्यसमन्वितो गणपतिः देवाधिदेवो विभुः ॥ ८६ ॥

कर्तादौ प्रथमा नृपो भवति वै, वक्ष्ये द्वितीयां यथा–
प्युक्ते कर्मणि भास्करं प्रभजते, प्रोक्ता तृतीयाप्यतः ।
हेरम्बस्तु छिनत्ति वै परशुना दैत्यांस्तु नानाविधान्
एवं कर्तरि चे(प्रे)रितात्र करणे रामेण वाली हतः ॥ ८७ ॥

त्यद्विप्राय च गां ददाति नृपतिः, दाने चतुर्थी यथाऽ–
पादाने तदि पञ्चमी पतति वै पत्रं च वृक्षादधः ।
सप्तम्यर्थे इतीरितोऽधिकरणे विप्रः कटे तिष्ठति
सम्बन्धे किल षष्ठिका गणपतेः भक्तश्च, पर्णं तरोः ॥ ८८ ॥

**॥ अथास्मिन्श्लोके सप्तविभक्तयः सन्ति तदाह ॥**

देवो नित्यं गणेशो जयति, सुखकरं श्रीगणेशं भजेऽहं
दैत्यास्त्रस्ता गणेशेन च युधि, च नमः श्रीगणेशाय तस्मै ।
सेव्योऽप्यस्मादगणेशात् इह नहि च परः श्रीगणेशस्य पादौ
सेवेऽहं, श्रीगणेशे मम वसतु मनः, श्रीगणेशाऽव भक्तम् ॥ ८९ ॥

कृत्वा पुण्यमिहार्पयेत् भगवति क्त्वाप्रत्ययान्तं भवं
सन्ततुं जलधिं क्षितौ किल गुरुः सेव्यः तुमुन्प्रत्ययः ।
तस्मात्तं भज शं भवेत्तव सदा सम्बन्धको यत्तदो:
गच्छ त्वं शरणं प्रमील्य हि करौ ज्ञेयं ल्यबन्तं यथा ॥ ९० ॥

सैष (स एष) श्रीगणपस्त्वयाऽपि च मया सेव्यः पुरा सर्वदा
वाञ्छां ते मम पूरयिष्यति विभुः तुभ्यं ददातु श्रियम् ।
पूर्णा तस्य कृपा सदा त्वयि मयि ह्यास्तां महच्च ह्वदो
दासावस्य भवाव एव च उभौ त्वां मां सदा पातु वै ॥ ९१ ॥

॥ अथ समासानाह ॥

द्वन्द्वस्तत्पुरुषः समास इति वै प्रोक्तोऽव्ययीभावको
मुख्योऽत्रैव चतुर्विधोऽस्य च भिदा नाना बहुव्रीहिकः ।
पूर्वं यत्र पदं प्रधानमुदितं ज्ञेयोऽव्ययीभावको
यद्भेदा बहवो, यदुत्तरपदार्थोऽग्र्यः स्मृतस्तत्पुमान् ॥
द्वन्द्वो यत्र पदं प्रधानमुभयं नानैव संविग्रहः
चान्यं यत्र पदं प्रधानमुदितं प्रोक्तो बहुव्रीहिकः ॥ ९२ ॥

सोऽयं तत्पुरुषः सदा वृकभयं स्यादक्षशौण्डस्तथा
देयो भूतबलिश्च राजपुरुषः कृष्णश्रितः सर्वदा ।
आबालं च यथार्थमित्यपदिशं दत्तं सुधान्यं प्रियं
निर्दुःखं ह्युपकृष्णकं त्वधिहरि प्रोक्तोऽव्ययीभावकः ॥ ९३ ॥

द्वित्राः संशयनामकोऽप्युपदशा आसन्नविंशाः ततः
स्यात् पीताम्बरधृक् स वीरपुरुषः चक्षुश्रवाः शूलभृत् ।
अद्रव्यं शशिशेखरस्त्रिनयनो द्व्यक्षो बहुव्रीहिकः
सूर्याचन्द्रमसौ रवीन्दुभृगुजं द्वन्द्वोऽङ्घ्रिप्रसिन्ध्वद्रयः ॥ ९४ ॥

भेदस्तत्पुरुषस्य वै द्विगुरयं सप्तर्षयोऽनेकवत्
त्रिशृङ्गं त्विति चैकवत् द्विविधकोऽसौ सङ्ख्यकः षट्कवी ।
शीतोष्णं त्वपि कर्मधारय इतः प्राक् शङ्खपाण्डूपमा
नोर्ध्वं स्यान्नरः(र)सिंहको गुणघ(घृ) तं स्यात् कृष्णसर्पो यथा ॥ ९५ ॥

नञ्त्वब्राह्मण एव विग्रह इतः पञ्चाङ्गमेषा द्विगुः
नीलाश्वोऽत्र हि कर्मधारय इति, द्वन्द्वो गजाश्वोरगाः ।
इत्थं तत्पुरुषः खगो वृकभयं, ज्ञेयो बहुव्रीहिकः
दीर्घास्यः कलहप्रियस्त्वपि, यथाशक्त्यव्ययीभावकः ॥ ९६ ॥

संवक्ष्ये त्वथ तद्धितं हि मथुराया आगतो माथुरः
वासिष्ठस्त्वथ गौतमस्त्वजगवं गार्ग्यश्च षाण्मातुरः ।
आत्रेयस्त्वथ वैष्णवं च जगता गाङ्गेयकः श्रैधरिः
कानीनो मतिमन् गुणी ग्रहपतिः स्रग्वी तपस्वी कियान् ॥ ९७ ॥

तत्रत्यश्च पुरातनस्त्वथ समीचीनश्च कार्नाटकः
चौरः स्यादपि चोर एव शतशो धुर्यस्तु धौरेयकः ।
अस्माकीन इतश्च चन्द्रवदयं हंसीव तुल्योपमा
ब्राह्मण्यं धनवान् धनी पुरुषमात्रं स्यात् दितीयो द्वयम् ॥ ९८ ॥

छत्री कृष्णतरः शमी सिततमः चायं प्रकर्षे(र्षो)त्तमो
पापिष्ठोऽतिशयेन यस्तु सततं त्रैधं लघीयान् किल ।
प्राचुर्ये तु मयट् यथाऽमृतमयः चन्द्रो, घटो मृन्मयः
सौभाग्यं त्वथ मामकं च विदुषो भाऽस्तु(भावस्तु) वैदुष्यकम् ॥ ९९ ॥

त्वान्तं चैव नपुंसकं प्रगदितं यत्सुन्दरत्वं सदा
तद्वत् सुन्दरता तलं तु दयिता लिङ्गं च भावे भवेत् ।
श्रद्धालुः स च लज्जितश्च मतिमान्त्स्यात्तुन्दिलो दन्तुरः
चैतावांश्च इयांश्च जानुपरिमाणं जानुदघ्नं जलम् ॥ १०० ॥

स्यात् सङ्ख्यापरिपूरणे च दशमे द्वैधं द्विरुक्तं ततः
षोढा षट् कति योऽष्टमः कतिपयः चैकादशो द्वादशः ।
विंशो विंशतिरेकविंशतितमो द्वैधा द्विधा पञ्चमः
त्रेधा विंशतिमः शतं शततमः चानेकशो लक्षशः ॥ १०१ ॥

॥ अथ कृदन्तमाह ॥

कर्ता पाठक एधिताथ अततीत्यात्मा कृदन्तं वदे
सुप्तो ब्रह्म युवा महश्च रमणो ग्राही द्विपः संस्कृतः ।
क्षीणः स्तम्बकरिः सुधीः कुरुचरी कीदृक् कृतो मोदितः
कीदृक्षः स च ईदृशश्च विदितः श्रीवर्धमानो नृपः ॥ १०२ ॥

गोघ्नो नन्दयतीति नन्दन इतः पश्योधयः श्रावकः
श्रोतव्यो नमनीय एव विहगो व्रीहिर्विहङ्गो भिदः ।
सर्वज्ञः पटुदेश्य एव उरगः पान्थः कुमारो द्विजः
चाहूतः क्षुधितः तुदत् च तुदती ग्लानः पठन्ती वदः ॥ १०३ ॥

**।। अथास्मिन्प्रकरणे सर्वसङ्ग्रहः ।।**

अत्रास्मिन्नितरत्र तत्र च यथा सर्वत्र यत्रार्थतः
तत्रार्थे त्रल् सप्तमी निगदिता क्वेहात्र स्त्र(स्त) प्रत्ययः ।
थाल् प्रोक्तेतरथा यथा त्वपि तथा येन प्रकारेण च
इत्यस्माच्च इतस्ततस्त्वपि कुतोऽर्थे पञ्चमी स्यात्तसिल ॥ १०४ ॥

त्यक्त्वा प्राप्य तृतीयका त्वथ चतुर्थ्यन्तं तु कर्तुं ततः
चोध्दर्तुं च तथा तुमेव पुरतो वक्तुं तरीतुं यथा ।
यष्टुं प्रष्टुमिहाव्ययानि बहुधा नाना कथं प्रायशो
वक्ष्येऽथात्र **निपातसंज्ञकगणं** नानास्ति दोषा मृषा ॥ १०५ ॥

नूनं स्वस्ति पृथग्विनाऽथ ह मिथः प्रातः नमस् चान्तरा
मिथ्या वा अथवा अथो पुनरहोऽलं स्विच्च यत्तत्स्वराः ।
एवंश्चित्तसहाह्न एव खलु वै दूराच्च आरात् भृशं
उच्चैरीषदुतान्तरेण च ऋते ह्यः श्वः च भूयस्कृतम् ॥ १०६ ॥

सर्वत्रैव पदं वरं द्विविधकं चैकं सुबन्ताभिधं
त्वन्यं चैव तिङन्तिकं प्रभवति प्रोक्तं द्विधाऽथाव्ययम् ।
लिङ्गेषु त्रिषु यत्समं हि सततं सर्वाविभक्तिष्वपि
नव्यं स्यादुपसर्गिकं निगदितं दृष्टं यथाऽप्यागमे ॥ १०७ ॥

पुल्लिङ्गे खल एव सोऽपि खलकः स्वार्थेऽत्र कप्रत्ययः
क्लीबे पद्म च पद्मकं सलिलकं, धेनुः स्त्रियां धेनुका ।
चन्द्रं वा विधुना विनापि गगनं नो राजते तत्कदा
यः पुत्रेण सह प्रगच्छति नृपो योगे तृतीया सह ।। १०८ ।।

एत्तर्हिरिति (एतर्हीति) यदा तदाथ च यथा यस्मिन्प्रयोगे तथा
यस्मिंश्चैव यतस्तथो यदपि तद्यावच्च यावानपि ।
सम्बन्धः किल यत्र तत्र गदितः स्त्री यावती तावती
काचित् कश्चन किञ्चन त्रिषु यथा काचित्तथा केचन ॥ १०९ ॥

विघ्नेशाय नमोऽलमेव खलु ते यागाच्चतुर्थ्यग्नये
स्वाहेन्द्राय, वषट् च ते क्षितिपतेऽस्तु स्वस्ति पित्रे स्वधम् ।
पुत्रौ स्तः दुहिता सुतश्च, पितरौ माता पिता, दम्पती
जाया चैव पतिश्च, विग्रह इतो, भ्राता स्वसा भ्रातरौ ॥ ११० ॥

पूर्वस्यां च पुरः पुरादय इतः प्राच्याः पुरस्ताच्च दिक्
प्राची प्राक् परतस्तथा ह्यवरतोऽधस्तादधश्चाधरात् ।
एवं चोत्तरतोऽप्युदक् प्रगदिताऽतो दक्षिणादुत्तरात्
यद्वत् दक्षिणतस्तथोत्तरत उः स्याद्दक्षिणा चोत्तरा ॥ १११ ॥

एतर्हीरिति (एतर्हीति) यदा च यर्हि च तदा तर्हीति कर्ह्येकदा
आयुष्मान् भव भो भवानथ कथं केन प्रकारेण च ।
कालेऽस्मिन्नधुनोभयेद्युरपि चेदानीं तदानीं तदा
सर्वस्मिन्निति सर्वदापि समये चेत्थं प्रकरणे (प्रकारेण) हि ॥ ११२ ॥

॥ अथ स्त्रीप्रत्ययानाह ॥

नाम्नोऽन्तेऽत्र च टाप् स्त्रियां भवति ङीप् स्त्रीप्रत्ययाः स्युः यथा
तद्व्याप्तिर्बहुधाऽखिलान्यपि पुरो ज्ञेयानि रूपाण्यतः ।
मङ्गाजा द्विपदी बला चटकिका माया कुशी गङ्गिका
सर्वेन्द्री नदिका नदी च तलुनी तन्वी नकीका तनुः ॥ ११३ ॥

वासिष्ठी गणिका जया च गणिकी ज्येष्ठा रमा ब्राह्मणी
वेणीकाऽपि च वेणिकेति गदिता श्रद्धा च मेधादिका ।
इन्द्राणीन्द्रगणे भवान्यपि भवे ङीप स्यात् मृडानी मृडे
कर्त्री चौपगवी शुनी त्वथ च ङीष् गौरी सखी गौतमी ॥ ११४ ॥

शूद्री चाङ्गुलिरङ्गुली च सुमुखी भूतिः मृगाक्षी कृतिः
तन्वङ्गी युवती च पद्मवदना वैश्या तथा क्षत्रिया ।
मत्स्या जानपदी चिरं ह्यनडुही कुण्डी कुमारी स्थली
कुण्डान्या परिखा त्रयी च शकटी सूर्या च सूरी मृदुः ॥ ११५ ॥

अग्नायी पृथिवी द्विपात्यतिमती रात्रिश्च रात्री बहु
गङ्गा काऽपि च मातुली द्विपुरुषी गोपी च गोपालिका ।
धूली धूलिरियं च कञ्जनयना पत्नी त्वशिश्वी बहु
ज्ञात्वेत्थं परिकल्पयेच्च पुरतो रूपाणि सर्वाण्यतः ॥ ११६

॥ अथ लिङ्गानुशासनमाह ॥

लिङ्गानामनुशासनं त्वथ वदे तत्रेह पुंक्लीबयोः
यद्रूपाणि समानि तानि च यथा भिन्नानि संक्षेपतः ।
बाणो बाणमिदं शरण्यचमसौ सङ्ग्रामचक्राङकाः
शृङ्गार्ध्यप्रयुता युताः शतधृतौ गाण्डीवपद्मार्बुदाः ॥ ११७ ॥

पुत्रः छत्रकबन्धदेहककुदाः पत्रः सहस्रः कुशः
दण्डः सैन्धवखण्डगोमयगृहा वप्रः पटाहश्च्छदः ।
द्रोणोऽष्टापदशूर्पजृम्भपटकाः पात्रः पवित्रस्ततो
युद्धः क्ष्वेडितभूतपुच्छकुलिशाः शीलोऽङ्कुशश्चौषधः ॥ ११८ ॥

यश्चाकाशनिदाघमुस्तसहिताश्चैरावतो लोहितः
स्त्रीपुंसोरिषुधिश्च योनिररणिः श्रोणिस्त्विषुदुन्दुभिः ।
बाहूर्मीतरणीश्च नाभिरशनिश्चेयं द्वयोर्गौरयं
मुष्टिः पाटलिवस्तियष्टिमणयः शब्दा मरीचिस्त्रुटिः ॥ ११९ ॥

याञ्चा द्यौश्च कुहुस्तनुश्च सरयू रज्जुः प्रियङ्गुश्च भाः
कोटिश्चाप्सरसाश्च दीधितिरियं लक्षाकरेणुः स्त्रियाम् ।
पौरोहित्यमिदं हविस्त्रिभुवनं सङ्ख्यैकरात्रं तथा–
ह्योरात्रं त्वपथं तथेश्वरसभं शौल्यं (क्ल्यं) च कार्ष्यं(र्श्यं)वपुः ॥ १२० ॥

ब्राह्मण्यं त्रपुजानुतालुचिबुकं स्वाद्वस्तु कापेयकं
पौरौहित्यमदोऽशुकं वसुधनं शुक्लत्वशौर्ये जतु ।
कौमार्यं त्वपि शालुकं त्रिभुवनं क्लीबे यथा श्मश्रु वै
स्थूणा स्थूणमियं त्विदं क्रमतयोर्णोऽर्णं च षण्ढस्त्रियोः ॥ १२१ ॥

शब्दाः स्युः त्रिषु सर्वदा कति पटुः कर्तव्यमेवं तटः
कृत्वाऽस्मत्सकलाव्ययानि च पटो युष्मत्तु शुक्लादयः ।
नौकान्तर्गतविद् गुरोर्वदनतः प्राक्पठ्य संश्रूयतां
अग्रे स्यान्निपुणः शनैः परिभवेत्पूर्णं पुराणे श्रुतौ ॥ १२२ ॥

व्याख्येयं ननु षड्विधा निगदिताऽप्यन्तं विभक्तेः पदं
शास्त्रे विग्रहकः समास इति वा उक्तिः पदार्थोऽन्वयः ।
श्लोकेऽप्यस्खलितं यदेव पठनं सा संहिता चालना
पूर्वश्चोत्तरपक्ष एव करणं तत्प्रत्यवस्थानकम् ॥ १२३ ॥

इति श्रीलक्ष्मणभट्टपाटीलविरचितायां व्याकरणनौका समाप्तम् ।

शके १७४७ पार्थिवनाम संवत्सरे, श्रावणमासे शुक्लपक्षे चतोर्दश्यां तिथौ मन्दवासरे, ते दिनि श्रीवाईक्षेत्री कृष्णासन्निधौ लेखनं समाप्तम् ।

श्रीसद्गुरुनाथार्पणमस्तु । श्रीमङ्गळमूर्त्तये नमोऽस्तु ते ॥ छ ॥ ॥ छ ॥

॥ श्री ॥ ॥ छ ॥ ॥ श्री ॥ ॥ छ ॥ ३०० ॥ श्री ॥

# સત્યની ખોજ★

ઉમાકાન્ત પી. શાહ*

હિન્દુ સંસ્કૃતિનું એક અગત્યનું અંગ છે ભારતની મૌલિક, અંતઃપ્રેરિત વિચારધારા–આપણું તત્ત્વજ્ઞાન–આપણી ઈશ્વરની ખોજ. એ ક્યાંથી અથવા ક્યારે અને કેમ અટકી ગઈ? આપણે કેમ પાછા પડ્યા?

શ્રીમદ્ શંકરાચાર્યજીનો કેવલાદ્વૈતવાદ એ આ વિચારધારાની પરાકાષ્ઠા હતી. પણ જે અને જેવી રીતે ભગવદ્ પૂજ્યપાદ શ્રીમદ્ આદ્યશંકરાચાર્યે રજૂ કર્યું તેથી વધુ આગળ આપણે ખોજ કરવી જરૂરી હતી. આપણે માયાવાદને કે શંકરને બરાબર સમજ્યા નહિ. જે અસ્પષ્ટ હતું તે સ્પષ્ટ કરી શક્યા નહિ. ઈશ્વર અનંત છે એનું સ્વરૂપ પણ અનંત છે એની ખોજ ક્યાંય છોડી દેવાય નહિ. ઈશ્વર સત્યસ્વરૂપ છે. આપણી ખોજ વાસ્તવમાં સત્યની ખોજ હોવી જોઈએ. આ સૃષ્ટિનું પરમસત્ય–પરમતત્ત્વ પામવાનું છે. સત્ય એ જ ઈશ્વર છે. **What is the ultimate Reality behind this Universe-behind this multiplicity ?** એ પરમસત્યની ખોજ અટકવી જોઈએ નહિ.

હાલની વિજ્ઞાનની કૂચ પણ આ ખોજ માટે–આ સત્યને પામવા માટે જ–શરૂ થઈ છે. યોગમાર્ગમાં જેમ જુદી જુદી સિદ્ધિઓ આ પરમ તત્ત્વને પામવાની સાધનામાં incidental results–આડફળ રૂપે હોઈ એ તત્ત્વને પામવાના રસ્તામાં રૂકાવટરૂપ પડ નીવડે છે તેમ હાલની વિનાશક યુદ્ધ–સામગ્રીની બનાવટો પણ વિજ્ઞાનને તેની આગેકૂચમાં વિરોધ કરવા ઊભી થઈ છે છતાં સાચો વિજ્ઞાની એની સત્યની શોધમાં આગેકૂચ કરતો રહ્યો છે. ઈશ્વરને પામવાના અનેકાનેક રસ્તા છે. બધા માર્ગ અંતે તો ત્યાં જ લઈ જાય છે **यत्र तत्सत्यस्य परमं निधानम् ।** જ્યાં આ પરમસત્યનો વાસ છે.

આધુનિક વિજ્ઞાને એક મહાન હરણફાળ ભરી છે. એણે પુરવાર કરી આપ્યું છે કે energy can be transformed into matter અને matter can be transformed into energy. તો મૂળ તત્ત્વ કયું? matter કે energy ? All energy is one. આ પરમશક્તિનું સ્વરૂપ કેવી રીતે જોવું કે સમજવું? એટલું તો હવે વિજ્ઞાનને સ્પષ્ટ છે કે જે matterની multiplicity દેખાય છે તે વાસ્તવમાં એક જ energy છે. આ જ માયાવાદ અને શંકરના અદ્વૈતને સમજાવે છે. છતાં આધુનિક વિજ્ઞાન હજુ ભારતીય તત્ત્વજ્ઞાનની પાછળ છે. આ જે

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૪૩૭–૪૪૪.

★ અધ્યક્ષીય પ્રવચનને આધારે.

* જૂના પાદરા રોડ, વડોદરા.

Energy છે તે જડ નથી પણ ચૈતન્યવંતી છે, ચૈતન્યરૂપ છે, Consciousness યુક્ત છે એ હજુ બધા વિજ્ઞાનીઓને સ્વીકાર્ય નથી પણ વિજ્ઞાન એ સિદ્ધિની લગોલગ આવી ગયું છે. આ Energy કોઈ શૂન્ય નથી એ હસ્તિ ધરાવતું તત્ત્વ—સત્ છે—સત્ય છે. એ સત્ય તે જ ઈશ્વર. એ પરમ તત્ત્વ સતની શક્તિને આપણે સત્ય તરીકે ઓળખીએ છીએ. આપણે ભારતીય સંસ્કૃતિના પાયા ફરી દૃઢ કરવા સત્યનું શિક્ષણ આપવું જોઈએ.

રામ, કૃષ્ણ, શિવ, જગદંબા, ક્રાઈસ્ટ, મહમ્મદ, કબીર, નાનક, રામકૃષ્ણ પરમહંસ, અરવિંદ અને બીજા અનેકાનેક સંતો બધા આ પરમતત્ત્વ—સત્યસ્વરૂપ જ છે. એમને આપણે સત્યથી જ પિછાની શકીએ,—પ્રાપ્ત કરી શકીએ.

આપણે અહીં ચૂકયા. ભારતીય દર્શનનું મૂળ હતું સત્ય પણ આપણે ધીરે ધીરે સત્યને Absoluteને બદલે Relative ગણતા થયા. સત્યના અપવાદ શોધતા થયા. શ્રીકૃષ્ણે પણ અસત્યનો ઉપદેશ આપ્યો હતો એમ મનાવતા થતા અને આપણું સત્યાનાશ વળી ગયું. જુઓ આપણી સંસ્કૃતિની પરિભાષામાં Destruction, ruin, downfall માટે આપણો શબ્દ છે સત્યાનાશ—સત્યનો નાશ. સત્ય છોડવાથી જ વિનાશ થાય છે, અધોગતિ થાય છે. Gentleman માટે આપણો શબ્દ સજ્જન—સત્ + જન સાચો જન. કાલિદાસની પેલી ઉક્તિ યાદ હશે—**सतां हि संदेहपदेषु वस्तुषु प्रमाणमन्तःकरणप्रवृत्तयः ।** સત્યાચરણ કરનાર સત્ + જનનું અંતઃકરણ શુદ્ધ થાય છે એને એના અંતરનો અવાજ જ સાચો માર્ગ—સારાસાર વિવેક—બતાવતો જાય છે.

• આપણા મહન્તો, આચાર્યોએ, પંડિતોએ, મૌલવીઓએ, પાદરીઓએ, શાબ્દિક ખેંચાખેંચ કરીને, સરળ, સાચા અર્થને બદલે અનર્થો ઊભા કરી પોતાનું પેટ ભરવાનું, પોતાની દુકાન ચલાવવાનું કામ કરી સમગ્ર વિશ્વને વિનાશને આરે આણી મૂકર્યું છે. ધર્મને નામે મારામારી કાપાકાપીને જ ધર્મ માની મનાવી બેઠા છે. એક પંડિત મને કહેતા હતા સત્ શું, અસત્ શું ? અર્થાત્ આ તો relative છે. વાસ્તવમાં સત્ અસત્ એવું કાંઈ નથી—એના આધાર તરીકે કહે **नासदासीत् नो सदासीत्.** મેં નમ્રભાવે એઓને કહ્યું કે આ ઋચાનું બીજું ચરણ છે **सदेव सौम्य इदमग्र आसीत्** Ultimate Reality તો સત્ છે અને એક જ છે. તેથી નીચે ઉતરીએ. આ સૃષ્ટિના સર્ગની સાંખ્યે બતાવેલી પ્રક્રિયા મુજબ **महत्** પછી **अहंकार** અથવા **द्वैत**ની ભાવના પેદા થયા પછી જ આ relative truths ઊભાં થાય છે.

જે શ્રીકૃષ્ણને આપણે જૂઠનો ઉપદેશ આપતા ગણાવ્યા છે ખાસ કરીને **अश्वत्थामा हतः** એવું અર્ધસત્ય કહેવા યુધિષ્ઠિરને પ્રેરણા આપતા કહ્યા છે એમણે ખરેખર અસત્યનો ઉપદેશ આપ્યો હતો ? મહાભારત, ઉદ્યોગપર્વમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે શ્રીકૃષ્ણનું બીજું નામ **सत्य** છે. શ્રીકૃષ્ણ સત્યમાં પ્રતિષ્ઠિત છે તેમજ સત્ય શ્રીકૃષ્ણમાં પ્રતિષ્ઠિત છે અર્થાત્ સત્ય એ જ કૃષ્ણ છે, કૃષ્ણ સત્યસ્વરૂપ છે :

**सत्ये प्रतिष्ठितः कृष्णः सत्यमत्र प्रतिष्ठितम् ।**
**सत्यात्सत्यं तु गोविन्दः तस्मात्सत्योऽपि नामतः ॥**

મહાભારત, ઉદ્યોગપર્વ, ૭૦, ૧૨

सत्यस्य सत्यं ऋतसत्यनेत्रं सत्यात्मकं त्वां शरणं प्रपन्नाः ।

મહાભારતમાં અન્યત્ર કહ્યું છે :

त्वं हि केशव धर्मात्मा सत्यवान्सत्यविक्रमः ।
स तां वाचं ऋतां कर्तुमर्हसि त्वमरिंदमः ॥

મહાભારત, ૧૪, ૬૭, ૧૬

ભગવાન વાસુદેવ માટે મહાભારત કહે છે:

स हि सत्यं ऋतं चैव पवित्रं पुण्यमेव च ॥

મહાભારત, ૧, ૧, ૨૫૬

આ ભગવાન્ શ્રીકૃષ્ણના જીવનનો મહિમા જેમાં ગાયો છે તે વૈષ્ણવોનો અતિપ્રિય અન્ય માન્ય ગ્રન્થ તે શ્રીભાગવત પુરાણ. એનો પહેલો શ્લોક મંગલનો શ્લોક–તેમાં શ્રીકૃષ્ણની સ્તુતિ–શ્રીકૃષ્ણ નામથી નથી કરી. ભાગવતકારના મનમાં આ વાત સ્પષ્ટ હતી કે શ્રીકૃષ્ણ સત્યસ્વરૂપ છે. ગ્રન્થકર્તાને સત્યનો મહિમા–સત્યના અવતારકૃત્યનો મહિમા ગાવો છે. તેથી પ્રથમ શ્લોકમાં એ સત્યની પ્રાર્થના કરે છે :

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः ।
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥

ભાગવત, ૧, ૧

હિંદુઓના–વૈષ્ણવોના–ઈષ્ટદેવ ભગવાન વિષ્ણુ માટે એક પુરાણ કહે છે :

त्वं धर्मस्त्वं ऋतं सत्यं त्वं यज्ञोऽखिलयज्ञभुक् । Bhp. 9, 5.

અશ્વત્થામા મહાભારતના યુદ્ધને અંતે પાંડવોનો પણ વંશ ના રહે તે માટે ઉત્તરાના પેટમાં ગર્ભને પણ મારી નાંખે છે ત્યારે શ્રીકૃષ્ણ પોતાની સત્યક્રિયાથી–સત્યાચરણથી પ્રાપ્ત થતી શક્તિથી, સત્ય પ્રતિજ્ઞાથી જીવિત કરે છે. મહાભારતમાંના આ શ્લોકો જાણવા જેવા છે :

नोक्तपूर्वं मया मिथ्या स्वैरेष्वपि कदाचन ।
न च युद्धात्परावृत्तस्तथा संजीवतामयम् ॥

× × ×

यथा सत्यं च धर्मश्च मयि नित्यं प्रतिष्ठितौ ।
तथा मृतः शिशुरयं जीवतादभिमन्युजः ॥

મહાભારત, ૧૪, ૬૯, ૧૮ આદિ

મહાભારતની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરનાર વિદ્વાનોએ પ્રાચીન પાઠ તરીકે સ્વીકારેલા પાઠોમાં, શાન્તિપર્વમાં, જ્યારે ભીષ્મને પૂછવામાં આવે છે ધર્મ શું છે? ધર્મની વ્યાખ્યા કરતાં ભીષ્મ ઉત્તર આપે છે:

तत्र यत्सत्यं स धर्मो यो धर्मः स प्रकाशो यो प्रकाशस्तत्सुखमिति ॥ १ ॥

तत्र यदनृतं सोऽधर्मो योऽधर्मस्तत्तमो यत्तमस्तदुःखमिति ॥ २ ॥

મહા. શાન્તિ. મોક્ષધર્મ, સમીક્ષિત આવૃત્તિ, ૧૨.૧૮૩. ૧–૩, પૃ. ૧૦૨૮

મહાભારતમાં સત્યનો મહિમા અનેક રીતે ગાયો છે–દાખલા તરીકે, શાન્તિપર્વમાં, મોક્ષધર્મપર્વમાં:

न मृत्युसेनामायान्तीं जातुकश्चित्प्रबाधते ।
ऋते सत्यमसंत्याज्यं सत्ये ह्यमृतमाश्रितम् ॥ २६ ॥
तस्मात्सत्यव्रताचारः सत्ययोगपरायणः ।
सत्यारामः समो दान्तः सत्येनैवान्तकं जयेत् ॥ २७ ॥

બૃહદારણ્યક ઉપનિષદ્ પણ કહે છે–**सत्यं वै धर्मः** । પ્રશ્નોપનિષદ્ તો આગળ વધી કહે છે:

समूलो वा एष परिशुष्यति योऽनृतमभिवदति, तस्मान्नार्हामि अनृतं वक्तुम् ।

પ્રશ્ન. ૬

શતપથ બ્રાહ્મણ કહે છે–**सत्यमेव ब्रह्म** ।

શતપથ, ૨, ૧, ૪, ૧૦

તૈત્તરીય ઉપનિષદ્ આત્મા વિષે કહે છે **तत्सत्यमिति आचक्षते** । તૈ. ઉ. ૨, ૬. છાન્દોગ્ય ઉપનિષદ્ આ જ વાતની પુષ્ટિ કરે છે–**एतस्य ब्रह्मणो नाम सत्यमिति** । શતપથ બ્રાહ્મણ કહે છે બ્રહ્મ એ જ ઋત અર્થાત્ ઋત તે જ બ્રહ્મ–**ब्रह्म वा ऋतं ब्रह्म हि मित्रो** ઈત્યાદિ (શતપથ, ૪, ૧, ૪, ૧૦) ઋત એટલે Cosmic order વિશ્વવ્યાપી કાયદો, વિશ્વનું સંચાલન જે અનુસાર ચાલે છે તે **ऋत**–સત્યવ્યવસ્થા. **ऋत**નું opposite આપણે કહીએ છીએ **अन् + ऋत = अनृत** = અસત્ય. યજુર્વેદ (૧૧, ૪૭) પણ કહે છે–**ऋतं सत्यं अमृतं सत्यं...** **तैत्तिरीय उपनिषद्** (૨, ૧) આગળ સ્પષ્ટીકરણ કરે છે:

**सत्यं ज्ञानमनन्तं ब्रह्म यो वेद निहितं गुहायां परमे व्योमन्...** ।

હૃદયની ગુહામાં અને પરમ વ્યોમમાં વસેલ જ્ઞાનસ્વરૂપ અનન્ત બ્રહ્મ–અનન્ત જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ સત્યસ્વરૂપ છે.

ઉપનિષદ્કારોને મન, પ્રાચીન ઋષિઓને મન, જે સત્યવાદી છે તે જ સાચો બ્રાહ્મણ છે એનાં માતાપિતા ગમે તે હોય. સત્યકામ જાબાલની કથા એ બતાવે છે કે પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં સત્યને જ Highest Value ગણવામાં આવતી.

છાન્દોગ્ય ઉપનિષદ્‌માં જ્યાં અગ્નિદિવ્યની વાત આવે છે તે ભાગ સૂચવે છે કે સત્યને કોઈ આંચ આવતી નથી, અગ્નિ પણ બાળી શકતો નથી :

स सत्याभिसन्धः सत्येनात्मानमन्तर्धाय परशुं तप्तं प्रतिगृह्णाति स न दह्यतेऽथ मुच्यते । २ । स यथा नादाह्येतैदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो इति तद्धास्य विजज्ञाविति विजज्ञाविति ॥ ३ ॥

છાન્દોગ્ય, ૪, ૧૬, ૨–૩

ગીતામાં શ્રીકૃષ્ણ પોતે કહે છે આસુરીવૃત્તિવાળા લોકો સત્યાચરણી નથી હોતા. એટલે સત્યને જે આચરતો ના હોય તેને આસુરીવૃત્તિવાળો ગણવો જોઈએ :

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ।
न शौचं नाऽपि चाऽचारो न सत्यं तेषु विद्यते ॥ ગીતા, ૧૬, ૭

રામાયણનો પણ આદર્શ સત્ય જ છે. શ્રીરામ જેને નારદજી કહે છે: एष विग्रहवान्धर्मः તેમને તેઓ सत्यपराक्रमः, सत्याभिसन्ध કહે છે.

વાલ્મીકિના રામાયણનો આદર્શ જ સત્ય છે. જુઓ–વાલ્મિકી કહે છે કે દશરથના રાજ્યમાં કોઈ નાસ્તિક નહોતું, કોઈ અનુતવાદી નહોતું :

न नास्तिको नानृतको न कश्चिदबहुश्रुतः ।

બાલકાંડ, ૬, ૧૪

नासीत्पुरे वा राष्ट्रे वा मृषावादी नरः क्वचित् ।

બાલકાંડ, ૭, ૧૫

શ્રીરામ પોતે પણ દશરથ બાબતમાં કહે છે કે, દશરથ પોતે, सत्यः सत्याभिसन्धश्च नित्यं सत्यपराक्रमः છે.

અયોધ્યા, ૨૨, ૯

શ્રીરામ પોતે કૈકેયીને ખાત્રી આપે છે કે : रामो द्विर्नाभिभाषते ।

અયોધ્યા, ૧૮, ૩૦

અને સીતાજીને પણ શ્રીરામ કહે છે: सत्यमिष्टं हि मे सदा ।

अप्यहं जीवितं जह्यां त्वां वा सीते सलक्ष्मणाम् ।
न तु प्रतिज्ञां संश्रुत्य ब्राह्मणेभ्यो विशेषतः ॥ ઇત્યાદિ

રામાયણ, અયોધ્યા., ૧૮, ૩૦

રામાયણમાં એક ઠેકાણે કહ્યું છે :

उद्विजन्ते यथा सर्पान्नरादनृतवादिनः ।
धर्मः सत्यं परो लोके मूलं सर्वस्य चोच्यते ॥ १२ ॥

सत्यमेवेश्वरो लोके सत्ये पद्मा प्रतिष्ठिता ।
सत्यमूलानि सर्वाणि सत्यान्नास्ति परं पदम् ॥ १३ ॥

રામાયણ, અયોધ્યા, ૧૦૯, ૧૨–૧૩

આ સત્યને કેવી રીતે જાણી શકાય ?

सूक्ष्मः परमदुर्ज्ञेयः सतां धर्मः प्लवङ्गम ।
हृदिस्थः सर्वभूतानामात्मा वेद शुभाशुभम् ॥

રામાયણ, કિષ્કિન્ધાકાંડ, ૧૮, ૧૫

સત્યધર્મ સર્વને માટે છે. ન્યાત, જાત કે વર્ણના ભેદભાવ વિના સર્વ કોઈ એ આચરી શકે છે અને સર્વએ આચરવો જોઈએ. સર્વધર્મો સત્યનો ઉપદેશ આપે છે અને પ્રાણીમાત્રના કોઈ પણ ધર્મો હોય તેની વિરૂદ્ધ જતો આ ધર્મ નથી. આ ધર્મ પ્રયત્નસાધ્ય છે. મહાભારત કહે છે :

चातुर्वर्ण्यस्य धर्माणां संकरो न प्रशस्यते ।
अविकारितमं सत्यं सर्ववर्णेषु भारत ।। ३ ॥

सत्यं सत्सु सदा धर्मः सत्यं धर्मः सनातनः ।
सत्यमेव नमस्येत सत्यं हि परमा गतिः ॥ ४ ॥

××× सत्यं नामाव्ययं नित्यमविकारि तथैव च ।
सर्वधर्माविरुद्धं च योगेनैतदवाप्यते ॥ ५ ॥

મહાભારત, શાન્તિપર્વ

नास्ति सत्यात्परो धर्मो नानृतात्पातकं परम् ।
स्थितिर्हि सत्यं धर्मस्य तस्मात्सत्यं न लोपयेत् ॥

મહાભારત, શાન્તિ૦, આપદ્ધર્મ૦, ૧૫૬, ૧૧

સત્ય નિરભિમાનપણે અને છલરહિતપણે મન, વાણી, કર્મથી આચરવાનું હોય છે–મહાભારતમાં કહ્યું છે :

न सा सभा यत्र न सन्ति वृद्धाः
न ते वृद्धाः ये न वदन्ति धर्मम् ।
नाऽसौ धर्मो यत्र न सत्यमस्ति
न तत्सत्यं यच्छलेनानुविद्धम् ॥

મહા૦ ઉદ્યોગપર્વ, ૩૫, ૪૯

સત્ય જ સર્વ ગુણોનું મૂળ છે. બીજા બધા Virtues એ સત્યની species છે, સત્યમાંથી જ ઉદ્ભવે છે. સત્ય ના હોય ત્યાં બીજા કોઈ ગુણ ટકી રહેતા નથી :

आकारानिह सत्यस्य यथावदनुपूर्वशः ।
लक्षणं च प्रवक्ष्यामि सत्यस्येह यथाक्रमम् ॥ ६ ॥

प्राप्यते हि यथा सत्यं तच्च श्रोतुं त्वमर्हसि ।
सत्यं त्रयोदशविधं सर्वलोकेषु भारत ॥ ७ ॥

सत्यं च समता चैव दमश्चैव न संशयः ।
अमात्सर्यं क्षमा चैव ह्रीस्तितिक्षानसूयता ॥ ८ ॥

त्यागो ध्यानमथार्यत्वं धृतिश्च सततं स्थिरा ।
अहिंसा चैव राजेन्द्र सत्याकारास्त्रयोदश ॥ ९ ॥

सत्यं नामाव्ययं नित्यमविकारि तथैव च ।
सर्वधर्माविरुद्धं च योगेनैतदवाप्यते ॥ १० ॥

× × ×

एते त्रयोदशाकाराः पृथक सत्यैकलक्षणाः ।
भजन्ते सत्यमेवेह बृंहयन्ति च भारत ॥ २२ ॥

नान्तः शक्यो गुणानां हि वक्तुं सत्यस्य भारत ।
अतः सत्यं प्रशंसन्ति विप्राः सपितृदेवताः ॥ २३ ॥

नास्ति सत्यात्परो धर्मो नानृतात्पातकं परम् ।
स्थितिर्हि सत्यं धर्मस्य तस्मात्सत्यं न लोपयेत् ॥ २४ ॥

अश्वमेधसहस्रं हि सत्यं च तुलया धृतम् ।
अश्वमेधसहस्राद्धि सत्यमेवातिरिच्यते ॥ २६ ॥

મહા૦ શાન્તિ૦, આપદ્ધર્મ, સમીક્ષિત આવૃત્તિ, ૧૨·૧૫૬, ૧·૨૬; પૃ. ૮૫૭–૮૫૮

# નિવાપાંજલિ

## પ્રો. ચારુદેવ શાસ્ત્રી

જન્મ : ૮ મે, ૧૮૯૬      મૃત્યુ : ૯ એપ્રિલ, ૧૯૮૭

મહાન સંસ્કૃત પંડિત, નિસર્ગદત્ત લેખક, છટાદાર વક્તા, નામાંકિત દાનવીર, સુપ્રતિષ્ઠિત શિક્ષણશાસ્ત્રી જેવા વિરલ સમન્વયવાળા પ્રો. ચારુદેવ શાસ્ત્રી તેમના સમકાલીનોમાં ધ્યાનાર્હ વ્યક્તિઓમાંના એક બની રહ્યા હતા. સંસ્કૃત વ્યાકરણ પરના એમના અસાધારણ કાબૂએ ખાસ કરીને પાણિનિવિચારધારાના અભ્યાસે એમને લોભામણો ખિતાબ 'અભિનવપાણિનિ' તેમના અસંખ્ય મિત્રો અને પ્રશંસકો દ્વારા સંપડાવી આપ્યો.



એમના શુદ્ધ સંસ્કૃત અને સંસ્કૃત રૂઢિપ્રયોગો પરના પ્રભુત્વે એમને ભારતીય અને વિદેશી પંડિતોનું માન સંપડાવ્યું. જીવનની મુખ્ય ખોજ જ્ઞાનની ખોજમાં સદા ય રત એમણે ૯૦ વર્ષની ઉંમરે જ્યારે ઉંમરનો થાક લાગતો હતો ત્યારે પણ ૮ થી ૯ કલાકનો કાર્યક્રમ જારી રાખેલો. શરીરે નાજુક એવા એમની પાસે અવિશ્રાંત મન હતું. એમના સ્વભાવમાં નિયમિતતા, કઠોર પરિશ્રમ અને સૂક્ષ્મ વિગત પ્રત્યેનું વલણ તથા જે ન જાણતા હોય તે ગમે તે વસ્તુનું જ્ઞાન મેળવી લેવાની ઉત્કટ ઈચ્છા એ આશ્ચર્યનો અને ઘણા માટે ઈર્ષ્યાનો વિષય હતો. એમનાં પ્રકાશનોમાં ૨૧ પુસ્તકો, ૧૮ લેખો અને પાંચ ગ્રંથોની એક એવી બે શ્રેણી; પહેલી 'વ્યાકરણચંદ્રોદય' ૨૩૩૨ પાનની અને બીજી 'ઉપસર્ગાર્થચંદ્રિકા' ૧૨૦૦ મુદ્રિત પાનમાં.

પ્રો. શાસ્ત્રી ઘણી બાબતોમાં અગ્રેસર હતા. વ્યાકરણ–તત્ત્વજ્ઞાનના ગ્રંથ 'વાક્યપદીય' (કાંડ ૧ સંપૂર્ણ અને કાંડ ૨ ખંડમાં)ને પહેલીવાર પ્રકાશમાં લાવનાર એઓ હતા. મહાત્મા ગાંધીનું પહેલીવાર સંસ્કૃતમાં ચરિત્ર લખનાર એ હતા. એમના ગદ્યગ્રંથ 'શ્રીગાંધીચરિતમ્'ને એમાંના શૈલીમાધુર્ય અને સંસ્કૃતના વૈશિષ્ટ્યની દૃષ્ટિએ હજી સુધી કોઈ આંબી શક્યું નથી. એમનાં 'વાગ્વ્યવહારાદર્શ'–કે જે પહેલીવાર ૧૯૭૬માં પ્રકાશિત થયો અને તે પછી એમાં પાછળથી બે પૂર્તિઓ ઉમેરી; પહેલી ૧૯૭૮માં અને બીજી ૧૯૮૨માં–દ્વારા સંસ્કૃત રૂઢિપ્રયોગો તરફ વિદ્વાનોનું ધ્યાન ખેંચનાર એ પહેલા હતા.

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૪૪૫–૪૫૪.

પ્રો. શાસ્ત્રીનાં બીજા નોંધપાત્ર પ્રકાશનોમાં 'શ્રીમદ્ભાગવતભાષાપરિચ્છેદ' દળદાર શ્રીમદ્ભાગવતપુરાણનું ભાષાશાસ્ત્રીય મૂલ્યાંકન; 'શ્રીમહાભારતવચનામૃતમ્' મહાભારતના એક હજાર ઉપદેશાત્મક શ્લોકોનો સંચય–હિંદી સમજૂતી સાથે; રામાયણમાંથી શ્રીરામના ચરિત્રને લગતા શ્લોકોનો સંગ્રહ અને પદ્મ, નારદીય અને વિષ્ણુધર્મોત્તર જેવાં પુરાણોના વિસ્તૃત સંસ્કૃત પ્રવેશકોનો સમાવેશ થાય છે.

પ્રો. ચારુદેવ શાસ્ત્રી પંજાબના હોશિયારપુર જિલ્લાના દસયૂ તેહસીલમાંના એક ગામ અહીયાપુરમાં ૮ મે ૧૮૯૬માં શ્રીરામકૃષ્ણ પિતા અને માતા શ્રીમતી ભગવંતીદેવીને ત્યાં જન્મ્યા હતા. એમણે એમનું પ્રાથમિક શિક્ષણ નજીકના ગામ તંડાની એંગ્લો વર્નાક્યુલર મિડલ સ્કૂલમાં લીધું હતું:

મિડલ સ્કૂલની પરીક્ષા પસાર કરી પ્રો. શાસ્ત્રી જલંધર આવ્યા અને ત્યાં એસ.ડી.એ.એસ. હાઈસ્કૂલમાં જોડાયા. માધ્યમિક શિક્ષણ પૂરું કરી તેઓ લાહોરની ડી.એ.વી. કોલેજમાં જોડાયા અને સંસ્કૃતમાં પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમ સાથે એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી અને એ શ્રેષ્ઠતા બદલ એમને સુવર્ણચંદ્રક એનાયત થયો. આ પહેલાં એમને ઇન્ટર અને બી.એ.માં સંસ્કૃતમાં વિશેષ યોગ્યતા મેળવવા બદલ શિષ્યવૃત્તિઓ આપવામાં આવી હતી.

એમનું એમ.એ.નું પરિણામ બહાર પડે તે પહેલાં તેઓ જલંધરની ડી.એ.વી. કોલેજમાં ૧૯૨૧માં નોકરીમાં જોડાયા. ત્યારબાદ કેટલાક મહિનાઓ પછી (દરમ્યાનમાં એમનું પરિણામ જાહેર થઈ ગયું હતું) લાહોરની ડી.એ.વી. કોલેજમાં જોડાયા અને ૧૯૪૭માં દેશના ભાગલા પડ્યા ત્યાં સુધી ત્યાં જ નોકરીમાં રહ્યા. એ જ કોલેજ ૧૯૪૮માં અંબાલા (હરિયાણા)માં ફરીથી શરૂ થઈ ત્યારે ત્યાં નોકરીમાં હાજર થયા. ૫૫ વર્ષની ઉંમરે ૧૯૫૭માં નિવૃત્ત થયા. એ પછી અંબાલાકેન્ટમાં નવી શરૂ થયેલી ગાંધી મેમોરિયલ નેશનલ કોલેજમાં બે વર્ષ અને ન્યૂ દિલ્હીમાં પંજાબ યુનિવર્સિટી કેમ્પ કોલેજમાં એક વર્ષ નોકરી કરી.

પ્રો. શાસ્ત્રી એક મહાન દાનવીર હતા. કોઈ પણ માણસને દુઃખમાં મદદ કરવા તેઓ તત્પર રહેતા. પંજાબ અને દિલ્હી યુનિવર્સિટીમાં દશદશ હજારની બે નિયત રકમ ફાળવી; અનુક્રમે એમ.એ. સંસ્કૃતમાં જનાર બી.એ.માં શ્રેષ્ઠ વિદ્યાર્થિનીને શૈક્ષણિક વેતન માટે અને સંસ્કૃતના પ્રકાશન માટે.

એમના વતનમાં માધ્યમિક શિક્ષણને યોગ્ય સગવડના અભાવે એમને તે વિભાગના મુખ્ય શહેર જલંધરમાં જવાની ફરજ પડી હતી તે હકીકતે તેમને ૧૯૨૫માં ત્યાં ડી.એ.વી. મિડલ સ્કૂલ ખોલવા તત્પર કર્યા. ૧૯૪૪માં એ સ્કૂલ હાઈસ્કૂલ કક્ષાએ લઈ જવામાં આવી. નાનાં બાળકો માટે એમણે ધ દયાનંદ મૉડેલ સ્કૂલ શરૂ કરી કે જે પાછળથી એમ.સી. જોલી ડી.એ.વી. મૉડેલ સ્કૂલ અને કન્યાઓ માટે ડી.એ.વી. હાઈસ્કૂલ ફૉર ગર્લ્સ એમ નામાભિધાન પામી.

પૈસા જ માત્ર નહિ, પ્રો. શાસ્ત્રી શૈક્ષણિક ઉદ્દેશ માટે પોતાની માનદ સેવાઓ પણ આપતા. હોશિયારપુરની ધ વિશ્વેશ્વરાનંદ વેદિક રિસર્ચ ઇન્સ્ટિટયૂટને થોડા સમય માટે તેમણે માનદ સેવા આપી હતી.

સંસ્કૃત ઉપરાંત પ્રો. શાસ્ત્રી હિંદી, પંજાબી, ગુજરાતી અને મરાઠી જેવી ભારતીય ભાષાઓ અને જર્મન, રશિયન, ફ્રેન્ચ અને ફારસી જેવી પરદેશી ભાષાઓ પણ જાણતા હતા. આમાંની મોટા ભાગની ભાષાઓનું તો નિવૃત્તિ બાદ જ્ઞાન મેળવ્યું હતું. એમણે પંજાબ યુનિવર્સિટીની જર્મન સાથેની બી.એ. પરીક્ષા ૫૭ વર્ષની વયે ઉત્તીર્ણ કરી.

પ્રો. શાસ્ત્રીને ભારતીય શાસ્ત્રીય સંગીતમાં ઊંડો રસ હતો અને તેનો શરૂઆતનાં વર્ષોમાં પદ્ધતિસરનો અભ્યાસ કરેલો.

સંસ્કૃતમાં મૂલ્યવાન પ્રદાનથી તેમને રાષ્ટ્રીય માન્યતા મળી. એમને ૧૯૬૫માં ઑલ ઇન્ડિયા સંસ્કૃત સાહિત્ય સંમેલનના સુવર્ણજયંતી અધિવેશનમાં તે વખતના ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્ દ્વારા 'વિદ્યાવાચસ્પતિ'નો ખિતાબ આપવામાં આવ્યો. ૧૯૭૧માં રાષ્ટ્રપતિ શ્રી. વી. વી. ગિરિએ એમને 'સર્ટિફિકેટ ઑફ ઑનર'થી નવાજ્યા. ૧૯૭૩માં એઓશ્રીના ૭૫મા જન્મદિને લગભગ એક હજાર પાનનો અભિનંદન ગ્રંથ બે ભાગમાં પ્રસિદ્ધ થયો. જાન્યુઆરી ૧૧, ૧૯૭૪માં તેમના વતન ખાતે લોકસભાના તે વખતના અધ્યક્ષ શ્રી ગુરુદયાલસિંઘ ધિલોનના હસ્તે ભવ્ય સમારંભમાં તેમને વિધિપુરઃસર તે અર્પણ કરવામાં આવ્યો.

૨૬, ઑક્ટોબર, ૧૯૮૧માં ધ બનારસ હિન્દુ યુનિવર્સિટીએ તેમને ડિ. લિટ્.ની માનદ પદવીથી નવાજ્યા. ઉત્તર પ્રદેશ સંસ્કૃત ઍકેડેમીએ ઑક્ટોબર ૩૧, ૧૯૮૧માં સંસ્કૃતમાં તેઓશ્રીની પ્રદાન માટે રૂ. ૧૫૦૦૦/- આપી તેમનું બહુમાન કર્યું. માર્ચ ૨૭, ૧૯૮૩ના દિને પંજાબ સરકારના ભાષાખાતા તરફથી એઓશ્રીને 'શિરોમણિસંસ્કૃતસાહિત્યકાર' એ ખિતાબ આપવામાં આવ્યો. એ જ ખાતા તરફથી સુવર્ણચંદ્રક તથા રૂ. ૫૧૦૦/–પણ અર્પણ કરવામાં આવ્યા

૯ એપ્રિલ, ૧૯૮૭ એ આ મહાન પંડિતનું નિધન થયું અને તે સાથે જ સંસ્કૃતના અભ્યાસના ક્ષેત્રે સમર્પિત વિદ્વત્તાનો યુગ પૂરો થયો.

## ग्रन्थ

(मौलिक एवं सम्पादित)


१ विक्रमोर्वशीय, काट्यवैम की टीका (१४०० शताब्दी ईसा पश्चात्) के साथ सम्पादित, प्रॉ. चारुदेव शास्त्री, लाहौर, १९२९.

२ श्रीगान्धिचरितम् (मौलिक संस्कृत गद्य ग्रन्थ), प्रॉ. चारुदेव शास्त्री, लाहौर, १९३०.

३ मालविकाग्निमित्र, काट्यवैम तथा नीलकण्ठ की टीकाओं के साथ सम्पादित, प्रॉ. चारुदेव शास्त्री, लाहौर, १९३३.

४ वाक्यपदीय (ब्रह्मकाण्ड एवं द्वितीय काण्ड का एक भाग), भर्तृहरि की स्वोपज्ञ वृत्ति तथा वृषभदेव की टीका के साथ प्रकाशित, रामलाल कपूर ट्रस्ट, लाहौर, १९३४.

५ कुन्दमाला (सम्पादित), प्रॉ. चारुदेव शास्त्री, लाहौर, १९३७.

6 A Manual of Sanskrit translation, Prof. Charu Deva shastri, Lahore, 1939.

७ अनुवादकला, मोतीलाल बनारसीदास, वाराणसी, १९५०, द्वितीय संस्करण, दिल्ली, १९५६.

८ प्रस्तावतरङ्गिणी, चौखम्बा संस्कृत सीरिज आफिस, वाराणसी, १९५१, द्वितीय संस्करण, १९६३.

९ शब्दापशब्दविवेकः, भारतीय संस्कृत भवन, जालन्धर, १९५४, द्वितीय परिबृंहित संस्करण, नाग प्रकाशन, दिल्ली, १९८२.

१० वाक्यमुक्तावली, भारतीय संस्कृत भवन, जालन्धर, १९५४.

११ महाभाष्य, आह्निक १–३, मोतीलाल बनारसीदास, दिल्ली, १९६२.

१२ महाभाष्य, आह्निक १–६, मोतीलाल बनारसीदास, दिल्ली, १९६८.

१३ वाग्व्यवहारादर्शः, मोतीलाल बनारसीदास, दिल्ली, १९७६.

१४ वाग्व्यवहारादर्शोऽनुबन्धः, स्वयंप्रकाशित, दिल्ली, १९७८.

१५ महाभारतवचनामृतम् ( उपदेशसाहस्री ), परिमल प्रकाशन, दिल्ली, १९८३.

१६ वाग्व्यवहारादर्शे द्वितीयोऽनुबन्धः, स्वयंप्रकाशित, दिल्ली, १९८२.

१७ रामचरितामृतम्, राष्ट्रिय संस्कृत संस्थान, नई दिल्ली, १९८४.

१८ श्रीमद्भागवतभाषापरिच्छेदः, विश्वेश्वरानन्द वैदिक शोध संस्थान, होशियारपुर, १९८४.

१९ नारदपुराण ( भूमिका ), नाग पब्लिशर्स, दिल्ली, 1984.

२० पद्मपुराण ( भूमिका ), नाग पब्लिशर्स, दिल्ली, 1984.

२१ विष्णुधर्मोत्तरपुराण ( भूमिका ), नाग पब्लिशर्स, दिल्ली, 1985.

## ग्रन्थमालाएं

१ व्याकरणचन्द्रोदय, खण्ड 1–5, मोतीलाल बनारसीदास दिल्ली, 1969, 1970, 1971, 1972, 1973.

२ उपसर्गार्थचन्द्रिका, खण्ड 1–3, भारतीय विद्या प्रकाशन, दिल्ली, 1976, 1978, 1979.

३ उपसर्गार्थचन्द्रिका, खण्ड 4, स्वयंप्रकाशित, दिल्ली, 1981.

४ उपसर्गार्थचन्द्रिका, खण्ड 5, स्वयंप्रकाशित, दिल्ली, 1982.

## शोध–लेख

1 Bhartṛhari—A Critical study with Special reference to the Vākyapadīya and its Commentaries, Proceedings and Transactions of the All India Oriental Conference, V Session, Lahore, 1928.

2 Aryan Culture in the Light of Sanskrit Language, D.A.V. College Silver Jubilee Commemoration Volume, Jullunder, 1944.

३ किमुपकारा उपसर्गा किमर्थकाश्च, सारस्वती सुषमा, वाराणसी, वर्ष ५, अङ्क २, संवत् २००७, परिवर्धित रूप में Journal of the Department of Sanskrit, University of Delhi, Vol. I, No. 2, 1972 में पुनः प्रकाशित

४ वाग्व्यवहारः, सारस्वती सुषमा, वाराणसी, वर्ष ५, अङ्क ४, संवत् २००७.

५ किंनिबन्धना पुण्यपापयोर्व्यवस्था, सारस्वती सुषमा, वाराणसी, वर्ष ६, अङ्क २, संवत् २००८.

६ विश्वविद्यालयेऽध्यापनविधिः, सारस्वती सुषमा, वाराणसी, वर्ष ७, अङ्क २, संवत् २००९.

७ पर्यायवचनविवेकः, Proceedings and Transactions of the All India Oriental Conference, XVI Session, Lucknow, 1951.

८ पाणिनीये धातुपाठेऽर्थनिर्देशः, Journal of Oriental Research, Madras, Vol. XXVII, Nos. 1–4, 1957–58.

९ श्रीमद्भागवतभाषापरिच्छेदः, Vishveshvaranand Indological Journal, Hoshiarpur, Vol. 2, No 2, 1964.

१० संस्कृतवाग्व्यवहारः, विश्वसंस्कृतम्, होशियारपुर, वर्ष १, अङ्क ४, अगस्त १९६४.

११ दयार्द्रचेताः श्रीलाजपतः, विश्वसंस्कृतम, होशियारपुर, वर्ष १, अङ्क ४, अगस्त १९६४.

१२ भट्टिकाव्यविमर्शः, विश्वसंस्कृतम्, होशियारपुर, वर्ष ३, अङ्क ३, मई १९६६.

१३ पाणिनीयाष्टके काश्चिद् व्यवहारदिशः, विश्वसंस्कृतम्, होशियारपुर, वर्ष ४, अङ्क २, फर्वरी १९६७.

१४ कविरभिनन्दः, Journal of the Department of Sanskrit, University of Delhi, Delhi, Vol. I, No. 1, December, 1971.

१५ किंस्विद्वेदाः पौरुषेया उतापौरुषेयाः ? read at the All India Oriental Conference, XXVI Session, Ujjain.

१६ विवक्षातः कारकाणि भवन्ति, संस्कृतरत्नाकरः, दिल्ली, १९७२.

१७ लिङ्गविमर्शः, Vishveshwaranand Indological Journal, Acharya Vishwa Bandhu Commemoration Volume, Vol. XII, Nos. 1 & 2, Hoshiarpur, March and September 1974.

१८ कविर्हरिचन्द्रः, Dr. K. V. Sarma Felicitation Vol., Indological Journal, Hoshiarpur, 1980.

Faculties of Arts and Social Sciences,
University of Delhi, Delhi.

Satya Vrat Shastri
અનુવાદક : દેવદત્ત જોશી

* * *

## પદ્મશ્રી ડૉ. વિષ્ણુ શ્રીધર વાકણકર

(૪-૫-૧૯૧૯ થી ૩-૪-૧૯૮૮)

**क्रियासिद्धिः सत्त्वे भवति महतां नोपकरणे ।**

આ સૂક્તિ પ્રસિદ્ધ પુરાતત્ત્વવિદ્ પદ્મશ્રી કે. ડૉ. વિષ્ણુ ઉર્ફે હરિભાઉ શ્રીધર વાકણકરને સંપૂર્ણ રીતે લાગુ પડે છે. ઉજ્જૈનના આ બહુશ્રુત માનસપુત્ર સર્વસ્પર્શી વ્યક્તિત્વ ધરાવતા હતા.



નીમચ (મધ્ય પ્રદેશ)માં જન્મેલા હરિભાઉનું પ્રાથમિક શિક્ષણ પ્રસિદ્ધ વિદ્યાકેન્દ્ર ધારાનગરીમાં એમના કાકા, પ્રા. અનંત વામન વાકણકરની દેખરેખ હેઠળ થયું હતું. એમના કાકા ધાર કૉલેજમાં ભૂગોળ વિષયના પ્રાધ્યાપક હોવા છતાં અનેક વિષયોમાં એમની સારી ગતિ હતી. ભોજરાજાની ધારાનગરી અને વિક્રમાદિત્યની ઉજ્જયિની—આ બે ઐતિહાસિક નગરીઓનું સાન્નિધ્ય અને કાકાની પ્રખર રાષ્ટ્રભક્તિ અને જ્ઞાનોપાસનાએ એમના જીવન-ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

વિદ્યાર્થીકાળ દરમ્યાનના કાકા સાથેના ગાઢ સંબંધને કારણે પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ અને અનેકવિધ જ્ઞાનશાખાઓ તરફ એમનું ધ્યાન દોરાયું. સંસ્કૃત અને સંસ્કૃતિ વિશેનો પ્રેમ વાકણકરકુટુંબનું વૈશિષ્ટ્ય છે. એમની તીવ્ર સ્મરણશક્તિને કારણે લાંબા શિલાલેખો પણ એમને મુખોદ્ગત હતા. બાળપણથી જ એમને ચિત્રકળા અને રંગકળામાં ઘણો રસ હતો. એમણે ઉજ્જૈનમાં પોતાના ઘરમાં જ ભારતી કલાભવનની સ્થાપના કરી હતી. રંગકળાની એમની આગવી સૂઝને કારણે તેઓ શૈલચિત્રકળાના ક્ષેત્રમાં એક અધિકારી વ્યક્તિ તરીકે ગણાતા હતા.

ધારથી પ્રકાશિત થયેલો એમનો પહેલો (હિન્દી) શોધપત્ર **'धारके कुछ अप्रकाशित ताम्रपत्र'** પ્રાચીન ભારતીય ઇતિહાસ-સંશોધનક્ષેત્રમાં પ્રમાણભૂત ગણાય છે. બડવાની તામ્રપટ્ટિકા, ભોજના તામ્રલેખ અને મહુડીતામ્રપત્ર વગેરેના અભ્યાસથી એમણે એમનું સંશોધનક્ષેત્ર વિસ્તૃત બનાવ્યું હતું.

એમનો અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ થયેલો પહેલો શોધપત્ર 'Glimpses of the Pre-Historic Malwa' અખિલ ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના ગ્વાલિયર અધિવેશનમાં (૧૯૫૨) રજૂ થયો હતો. વિક્રમ વિદ્યાપીઠના પુરાતત્ત્વવિભાગના વડા તરીકે તેઓએ ઘણે

સ્થળે ઉત્ખનનો હાથ ધર્યાં હતાં. એમાંથી કેટલાંક નીચે આપ્યાં છે. મહેશ્વર (૧૯૫૪), નવડાતોલી (૧૯૫૫), ઇન્દ્રગઢ (૧૯૫૯), ઔરા–મનોતી (૧૯૬૦), કાયથા (૧૯૬૧), વેરોમિઅમ રોમન સાઈટ (ઇંગ્લેન્ડ, ૧૯૬૧), ઇનકોલાર્ઝવ (ફ્રાન્સ, ૧૯૬૨), ભીમબેટકા (૧૯૭૧–૭૮) મંદસોર (૧૯૭૪, ૭૬), આઝાદનગર (૧૯૭૪), દંગવાડા (૧૯૪૭, ૮૨) અને રુનિજા (૧૯૮૦).

એમના શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન તેઓએ ગુપ્ત, મૌખરી, ઔલીકર, પરમાર અને બુંદેલસમયના શિલાલેખોના વાચનમાં સફળતા મેળવી હતી. એમણે જુદા જુદા સમયના અને વિવિધ રાજવંશોના લગભગ દસ હજાર સિક્કાઓનું અધ્યયન કરી તેનો સંગ્રહ કર્યો હતો.

સંશોધનની સાથે સાથે તેઓ રેખાચિત્રો દોરવામાં પણ ઘણા કુશળ હતા. એમના પીએચ.ડી.ના પ્રબંધમાં (**Painted Rock Shelters of India**) એમણે પોતે રેખાચિત્રો દોર્યાં છે. ભારતમાં મુંબઈ, વડોદરા, જયપુર, ઉજ્જૈન, ઇન્દોર, ખૈરાગઢ અને પરદેશમાં રોમ, પૅરીસ, ઑસ્ટ્રીયા, ફ્રૅંકફૂર્ટ અને અમેરીકાના ઘણાં શહેરોમાં એમનાં ચિત્રોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ફ્રેંચ સરકારની શિષ્યવૃત્તિ મેળવીને તેઓ ૧૯૬૧–૬૩માં સંશોધન-કાર્ય માટે ફ્રાન્સ ગયા હતા. ૧૯૬૩માં દોરાબજી ટાટા ટ્રસ્ટ પ્રવાસ અનુદાન યોજના હેઠળ એમણે યુરોપનો પ્રવાસ ખેડ્યો હતો. ૧૯૬૬માં અમેરીકન સરકારે એમને ત્યાંના શૈલ-ચિત્રોના અભ્યાસ માટે અને ભાષણો માટે આમંત્ર્યા હતા. ત્યાંનાં પ્રાગૈતિહાસિક શૈલચિત્રોનો અભ્યાસ પૂરો કરીને તેઓ ઇટાલીમાં **Kopo De Ponte**ના એક અધિવેશનમાં હાજરી આપવા માટે ગયા હતા. ૧૯૮૪માં એમણે '**India's contribution to the world**' નામના પ્રદર્શનનું અમેરીકામાં આયોજન કર્યું હતું.

પુરાતત્ત્વક્ષેત્રમાં અનોખું સ્થાન અપાવનાર ભીમબેટકાના શૈલચિત્રના સંશોધને એમની યશકલગીમાં એક વધુ પીછું ખોસ્યું છે. ડૉ. મોતીચંદ્ર જેવા નામાંકિત વિદ્વાનોએ એમને પુરાતત્ત્વની આ શાખામાં એક નવી ક્ષિતિજ નિર્માણ કરનાર સંશોધક તરીકે ઓળખાવ્યા છે. ભારત એ દુનિયામાં સૌથી પ્રાચીન શૈલચિત્ર ધરાવનાર એક દેશ છે એવું એમણે સબળ પુરાવાઓ દ્વારા સાબિત કરી બતાવ્યું.

એમના વિષયને લોકભોગ્ય બનાવવા માટે એમણે હિન્દી અને મરાઠીમાં પણ ઘણા સંશોધનલેખો લખ્યા. એમના પ્રકાશિત ગ્રંથોમાંથી કેટલાકનાં નામ આપણે જોઈએ.

1 **Peinture Rupestre Indien, objet et Monde, Musse de, homme, Paris, 1963.**

2 **Painted Rock Shelters of India, Revista** di Scienze Preistoriche, **Florance, Italy, 1963.**

3 **Bhimbetka Excavations, Indian Historical Quarterly, Trivandrum, Vol. I–II, 1973.**

4 Marg, Bhimbetka Number, Dr. V. S. Wakankar and Mulkraj Anand, Tata Press, Bombay, 1974.

5 Indian Rock Paintings, R. R. Brookes and Dr. V. S. Wakankar, Smithsonian Institute, Washington D. C. 1974.

6 Bhimbetka, the Prehistoric Paradise, Prachya Pratibha, Birla Institute, Bhopal, 1975.

7 Stone Age Paintings in India, Dr. V. S. Wakankar and R. R. Brookes, Yale Uni. Press, U.S.A. 1976.

8 Bhimbetka, the Prehistoric Paradise, Jahrbuch Der GE. F. BJ, Graz, Austria, 1976.

9 Dawn of Indian Art, Dr. V. S. Wakankar, V. Bhatnagar, Akar Vol. Ujjain, 1978.


પોતાના વિષયમાં ઊંડો આત્મવિશ્વાસ ધરાવતા હોવાથી તેઓ વિદ્યાર્થીઓને જે તે વિષયમાં સહજ પ્રવેશ કરાવી શકતા હતા. સંશોધનમાં વ્યસ્ત હોવા છતાં તેઓએ ઘણા વિદ્યાર્થીઓને પીએચ.ડી.ના શોધપ્રબંધ માટે અમૂલ્ય માર્ગદર્શન આપ્યું છે. એમના વિષયોની વિવિધતા નીચેની યાદી પરથી ધ્યાનમાં આવશે.

१ प्राक्मौर्य मालवा (1977) डॉ. जगदीशचन्द्र जोशी.

2 Some Aspects of the Cultural Contribution to Malwa under the Maratha rule 1983 डॉ. श्रीमती प्रभा श्रीनिवासुल.

३ मालवाकी शैलोत्कीर्ण गुफाए 1984–85 डॉ. भारती जोशी श्रोती.

४ दाशेरक प्रदेशकी मूर्तिकला 1985–86 डॉ. रवीन्द्र भारद्वाज.

5 A Critical Study of Andhra–Satavahans in Malwa, 1986, डॉ. बी. मुरलीधर रेड्डी.

६ नरसिंहगढ क्षेत्रकी शैलाश्रीय चित्रकला 1986–87 डॉ. जितेन्द्रदत्त त्रिपाठी.

દરેક વિષયના તલસ્પર્શી અભ્યાસનો આગ્રહ સેવનાર આ જ્ઞાનભિક્ષુએ પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ, પુરાતત્ત્વ, નાણુકશાસ્ત્ર, શિલાલેખ જેવા વિવિધ વિષયોમાં પોતાના અવિરત શ્રમદ્વારા અધિકાર પ્રાપ્ત કર્યો હતો. એમની આ સિદ્ધિઓને કારણે સ્વાભાવિક રીતે જ ભારત સરકારનું એમના તરફ ધ્યાન દોરાયું અને વિક્રમ વિદ્યાપીઠને ગૌરવરૂપ બનેલા આ નિષ્ઠાવાન્ કર્મયોગીનું ૧૯૭૫માં ભારત સરકારે તે સમયના રાષ્ટ્રપતિ શ્રી ફક્રુદ્દીન અલીઅહમદના હસ્તે પદ્મશ્રી ઉપાધિ અર્પણ કરીને ઉચિત સન્માન કર્યું.

એમના અત્યંત નિખાલસ અને ઉમદા વ્યક્તિત્વથી તેઓ 'विद्या विनयेन शोभते' એ ઉક્ત સાર્થક કરતા હતા.

હિન્દુધર્મના તેઓ ખાસ અભિમાની હતા, દુરભિમાની ન હતા. એમના જ્ઞાનયજ્ઞમાં એમણે કદાપિ કોઈજાતના ભેદભાવને અવકાશ આપ્યો નથી. મહમ્મદ કુરેશી, જલાલુદ્દીન જેવા એમના પ્રિય વિદ્યાર્થીઓ એની સાક્ષી પૂરે છે.

ભારતીય સંસ્કૃતિ પ્રત્યેના એમના ગાઢ પ્રેમને કારણે તેમણે 'સરસ્વતી શોધ અભિયાન' જેવી મહત્ત્વાકાંક્ષી યોજના સફળતાપૂર્વક પાર પાડી. એ અભ્યાસને છેલ્લો ઓપ આપવાનું તેઓનું કામ ચાલુ હતું. ૧૯૮૭માં સાઉથમ્પટન જઈ આવ્યા બાદ ૧૯૮૮ના માર્ચના અંતે નેપાળની વિશ્વહિન્દુપરિષદમાં જવાના હતા પરંતુ અસ્વસ્થ પ્રકૃતિને કારણે જઈ ન શક્યા. તેઓ એપ્રીલની શરૂઆતમાં સાઉથ ઇસ્ટએશિયાની હિન્દુ પરિષદમાં ભાષણ આપવા ગયા અને દુર્ભાગ્યે ૩ એપ્રીલના દિવસે સિંગાપુર હોટેલમાં અચાનક દેવલોક પામ્યા.

એમના આકસ્મિક નિધનથી એમના અભ્યાસીમિત્રો અને સ્નેહીજનો અનાથ બન્યા છે!

લેખક : **શ્રી સિદ્ધાર્થ યશવંત વાકણકર**
અનુવાદ : **શ્રીમતી વિજયાબેન લેલે**

* * *

# ગ્રન્થાવલોકન

**અષ્ટછાપીય ભક્તિસંગીત : ઉદ્‌ભવ ઔર વિકાસ, ખંડ ૧–૨ :** લેખક : ચમ્પકલાલ છબીલદાસ નાયક, પ્ર. અષ્ટછાપ સંગીત કલા કેન્દ્ર, ૬૦, નાયકનગર, અમદાવાદ, ૧૯૮૩, ખંડ ૧, પૃ. ૮ + ૨૨૩, ખંડ ૨, પૃ. ૧૪૦ (ખંડ ૧–૨ સંયુક્ત), મૂલ્ય રૂા. ૫૦ = ૦૦ (હિન્દી ભાષામાં).

આ પુસ્તકના રચયિતા શ્રી ચંપકલાલ નાયક પુષ્ટીમાર્ગીય સંગીતના પરંપરાગત કીર્તનકાર છે અને સંગીતના અભ્યાસ, મનનચિંતન તથા તેના શિક્ષણમાં નિજી જીવન ગાળ્યું છે. કીર્તન-ગાયન કેવળ એમના વ્યવસાયનો વિષય નથી રહ્યો; એ વ્યવસાયને યોગ્ય એમણે વિશાળ ફલકનો સંગીતનો સતત અભ્યાસ પણ કર્યો છે.

આ ગ્રંથ હિન્દીમાં છે, પરંતુ લેખકે આ પહેલાં પણ કીર્તન વિષય પર એક પુસ્તક લખ્યું છે : તે, "સંગીતકીર્તન પદ્ધતિ અને નિત્યકીર્તન", જે પ્રકાશિત થયેલું. એ પુસ્તક ગુજરાતીમાં હતું અને હવે તો તે અપ્રાપ્ય છે. એ પછી પણ એમણે આ જ વિષયનાં અન્ય પ્રકાશનો પણ કર્યાં છે અને બહોળા અનુભવ પછી આ પુસ્તક હિંદીમાં પ્રગટ કર્યું છે. હિન્દીમાં હોવાથી પુસ્તકનો પ્રચાર–પ્રસાર સંપ્રદાયની બહાર પણ, ઘણો વધારે થશે.

આપણું રાગદાત કલાસંગીત–'શાસ્ત્રીય' સંગીત–વૈષ્ણવ પદ–સંગીત સાથે ઘનિષ્ટ સંબંધ ધરાવે છે; અનેક વૈષ્ણવ પદો ધ્રુવપદ–ધમાર–ખ્યાલ–ઠુમરીમાં દાયકે–દાયકે રૂપાંતર પામેલાં હજી ગવાતાં મળે છે. ઉત્તર હિન્દુસ્તાની સંગીત વ્યવસાયી મુસ્લિમ ગાયકો અને તેમનાં કુટુંબોમાં સ્થગિત થતાં એક બાજુ તેનું સંરક્ષણ થયું છે. તો બીજી બાજુ તેનો હ્રાસ પણ થયો. આ ઐતિહાસિક પ્રક્રિયામાં પદની શુદ્ધિને ઘણું સહન કરવું પડ્યું છે. પં. ભાતખંડેજીનું પ્રચંડ કાર્ય રાગ અને 'બંદીશ'ને સંરક્ષવાનું હતું, અને "બંદીશ" અને સ્વરમાં બંધાયેલી 'ચીજ'–ની પરંપરાની જાળવણીના લક્ષ્યમાં ચીજના શબ્દો–કાવ્ય–ની અર્થવાહકતા પ્રત્યે, એમણે દુર્લક્ષ્ય સેવવું પડ્યું હતું. 'શુદ્ધ' કે સંસ્કારેલી 'ચીજ' 'પરંપરા'ના માળખામાં અસ્વીકાર્ય પણ થાય. એ પણ દહેશત હતી. પરંતુ અદોષ કાવ્યના–ચીજના તેઓ આગ્રહી હતા તે તો એમની પોતાની રચેલી બંદીશો પરથી સહેજે વરતાય છે. રાગના ચલનની પરંપરા બંદીશોને આધારે રહી છે એટલે બંદીશની પ્રાથમિકતા રહી હતી–અને રહી છે. આમાંથી શબ્દ-દોષ, અર્થદોષ, સંદર્ભ–દોષ વગેરે દોષો ટાળવાના કાર્ય પ્રત્યે હજી સંગીતકારો પૂરતા સજાગ થયા છે એમ કહી શકાય એમ નથી. આવા કાર્યમાં અને મૂળ પદોના શોધ–કાર્યમાં વૈષ્ણવ મંદિરોમાં સૈકાઓથી ગવાતાં પદોની સહાય લેવાનું અત્યંત જરૂરી છે.

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૩–૪, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૭–ઑગસ્ટ ૧૯૮૭, પૃ. ૪૫૫–૪૮૦.

આ ગ્રંથના પ્રથમ ખંડમાં પુષ્ટીમાર્ગે અને વૈષ્ણવઆચાર્યોએ સંગીતના સંરક્ષણ-સંવર્ધનમાં આપેલા પ્રદાનની ચર્ચા-વિચારણા કરી છે. અને બીજા ખંડમાં સંગીતના ઘરાનાઓના સંગીતમાં હવેલીસંગીતના પ્રચાર વિષે વિસ્તાર કર્યો છે. સાત પરિશિષ્ટોમાં, પુષ્ટીમાર્ગીય સંગીતને કેન્દ્રમાં રાખી, કીર્તન-મર્મજ્ઞ ગોસ્વામી મહારાજોનો, તથા, મંદિરોમાં ધ્રુપદ-ધમાર ગાયન સાથે ગાયન જેટલા જ મહત્ત્વના વાદ્ય મૃદંગના વાદક-આચાર્યોનો પરિચય, લોકનાટ્ય ભવાઈ સાથેનો હવેલી-સંગીતનો સંબંધ, પારિભાષિક શબ્દો, ષડ્ઋતુના કીર્તન સાથે ભક્તોનો લીલા-સંબંધ, વગેરે અનેક આનુષંગિક વિષયો લઈ તદ્વિષયક ઘણી ઉપયોગી માહિતી આપી પુસ્તકને વિશેષ ઉપયોગી બનાવ્યું છે.

લેખકે પ્રસ્તાવનામાં જ આ જ સંપ્રદાયમાં કીર્તન-સંગીતની થયેલી અવદશા પ્રત્યે ગ્લાનિ દર્શાવી છે. પ્રણાલિના રાગો ઢાળો છોડી, પાછળથી પ્રદેશોના રાગો-જેવા કે શુદ્ધસારંગ, શ્યામ-કલ્યાણ, ભીમપલાસ જેવા રાગો-માં કીર્તનો ગવાતાં થયાં છે, અને પં. ભાતખંડેજીનો આધાર લઈ મૂળ પરંપરા પ્રત્યે દુર્લક્ષ્ય થઈ રહ્યું છે એ પ્રત્યે સર્વનું ધ્યાન દોર્યું છે. આ પરિસ્થિતિ કઈ હદે વણસી છે તે જણાવતાં લેખકે કહ્યું છે કે: "અતઃ ચૌતાલ, સૂરતાલ, ચર્પટી, ધમાર ઇત્યાદિ તાલોં મેં ગાયે જાને વાલે પદોં કી માત્રાઓં કી ગિનતી કા હિસાબ ધ્યાન મેં રખ કર ગાને વાલે આજ કદાચિત હી હોંગે" (પૃ. ૬).

ગીતગોવિંદના કર્તા, ૧૧મી સદીના જયદેવથી માંડી ૧૬મી સદીના સ્વામિ હરિદાસ સુધીના આપણા સંગીતને વિહંગાવલોકનમાં લઈએ તો રાગ-સંગીત-શાસ્ત્રીય સંગીત-ભક્તિ-સંગીત એવાં કોઈ જુદાં સ્વરૂપો, જુદી જુદી રીતે યા અભિગમે ખેડાયેલાં મળતાં નથી. આ કાળનું બધું જ સંગીત,-વિષ્ણુપદ, ચર્યાગાન,-પ્રબંધગાન-પદ અને રાગની એકાકારિતામાં ઓતપ્રોત રહ્યું. આજે, ૧૯મી, ૨૦મી સદીમાં ભક્તિ-પદો, કાવ્ય-સાહિત્યની વિકાસયાત્રામાં પ્રવેશ્યાં છે. આ દૃષ્ટિએ "અષ્ટછાપીય ભક્તિસંગીત"-તેની સ્થાપનાથી માંડી લગભગ તાનસેન સુધી આપણું ઉચ્ચાંગ રાગ-સંગીત/કલા-સંગીત રહ્યું છે. ભારતીય સંગીતના ઇતિહાસમાં, તેના "શાસ્ત્રીય" સંગીતના ઇતિહાસમાં આ પુષ્ટીસંપ્રદાયનું, વૈષ્ણવ દેવાલયનું, વૈષ્ણવ કીર્તનાચાર્યોએ વિકસિત કરેલું સંગીત તે જ આપણી શાસ્ત્રીય સંગીતની વિકાસકથામાં સમયના મોટા ગાળામાં પ્રવર્તમાન, કલાની પરંપરાની આધારશિલા રહેલું સંગીત છે. દેવાલય ને દરબારની નવી પ્રણાલિકાઓ તે પછી બંધાયેલી છે. ઇતિહાસની દૃષ્ટિએ, પુષ્ટીમાર્ગીય સંગીત તે પદ-ગાન ને રાગગાન બંને રહ્યું છે. સૈકાઓ સુધી;-અને એટલે જ, 'અષ્ટછાપીય ભક્તિસંગીત' ગ્રંથ ભારતીય સંગીતના રાગ-સંગીતના ઇતિહાસનો પણ ગ્રંથ સમજવો જોઈએ. આ સમીક્ષાકારે આ ગ્રંથને આ વિશેષ-સંદર્ભમાં વિચાર્યો છે, અને ભારતીય સંગીતના ઇતિહાસકારોને પણ આ સંદર્ભ વિચારવાનું મારું આમંત્રણ છે.

અષ્ટછાપની સ્થાપના ઈ. સ. ૧૫૪૬; રાગ-ભોગ-શૃંગારની સેવાવિધિમાં ક્રમશઃ વૃદ્ધિ થતાં છપ્પનભોગ, છપ્પન રાગ અને છપ્પન ઉત્સવો પ્રચારમાં ને સેવાક્રમ-નિત્યક્રમમાં આવ્યા, ને તે પછી, વૃદ્ધિ થતાં, સંપ્રદાયમાં ૮૪ સેવકો અને ૮૪ રાગોની ભાવાત્મકતા પ્રતિષ્ઠિત થઈ અને ભોગસામગ્રીમાં સાત્ત્વિકતાની મર્યાદા સાથે રાગોમાં પણ 'સાત્ત્વિક' રાગો પર પસંદગી

ઊતરી. સંગીતશાસ્ત્રોમાં 'ઉત્તમ' 'મધ્યમ' 'અધમ, એવી કોટિઓ–ઉલ્લેખવામાં આવી છે. આની પાછળ શુદ્ધ–સંપૂર્ણ રાગો, મિશ્ર રાગો, પ્રાદેશિક રાગો વગેરે રાગોના વર્ગીકરણ–વિનિયોગનો ઇતિહાસ પડેલો છે. ૫૬ પરથી ૮૪ રાગોમાં હવેલીસંગીત પ્રતિષ્ઠિત રહ્યું છે–જેનો સમુચિત ઇતિહાસ લેખકે આપ્યો છે,–જે આપણા રાગ–ગાયનના પ્રચાર–વિકાસ–વિલાસ સાથે પૂરો સંબંધ ધરાવે છે.

ગ્રંથના દ્વિતીય ખંડમાં "ભારતીય–સંગીત કે ઘરાનોં મેં હવેલી–સંગીત કા પ્રચાર"નું પ્રકરણ લેખકના આ વિષયના તુલનાત્મક અભ્યાસના પરિપાકરૂપ છે–અને આજના ઘરાનાઓમાં ગવાતા ધ્રુપદ–ધમાર–ખ્યાલ આદિ પર હવેલીસંગીતનો કેટલો પ્રભાવ રહ્યો છે અને તેનું કેટલું મોટું પ્રદાન રહ્યું છે તેની ઝાંખી કરાવે છે.

કાલક્રમે દેવાલય યા હવેલીસંગીત વધુ ને વધુ પદાશ્રિત–કીર્તનપ્રદાશ્રિત બનતાં, નિત્ય-સેવામાં 'વિધિ'નું મહત્ત્વ રહેતાં, કલાપક્ષને વિશેષને વિશેષ સહન કરવું પડયું છે. અપવાદો બાદ કરતાં, હવેલીસંગીતના પદોની રમણીયતા–ભક્તિરસમયતા સદાય આકર્ષે એવી હોવા છતાં તેના રાગ–કલાપક્ષ અંતરધ્યાન થયો છે. એમાં પ્રાણ પૂરવા સંપ્રદાયમાં કોઈ સૂરદાસ, ગોવિન્દસ્વામી, નંદદાસનો પુનર્જન્મ થવાની શકયતા, આજનો યુગ જોતાં, કલ્પી શકાતી નથી. પરંતુ આ હવેલીસંગીતની પુનઃપ્રતિષ્ઠા કરવામાં આજના 'ભક્તિસંગીત'માં આ ભક્તિસંગીત તેની સર્વ સાત્ત્વિકતા સાથે તેની પરંપરાની ઉચ્ચ રસિક્તા સાથે પુનઃજીવિત કરવામાં આ ગ્રંથ જરૂર સહાયરૂપ બનશે. લેખકને અભિનંદન.

જંબૂબેટ, દાંડિયા બજાર,
વડોદરા.

**ર. છો. મહેતા**

* * *

**ઇમ્પ્રેશન્સ :** લે. સુરેશ દલાલ, પ્ર. કમલિની ભણસાલી–શ્રી. ના. દા. ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, મુંબઈ–૨૦; પૃ. ૨૯૮, કિં. રૂ. ૫૦ = ૦૦.

સાહિત્ય–કળાકૃતિઓ, સાહિત્યસ્વરૂપો કે એના સર્જકો વિશેના વિવેચનના લેખો કે એની નોંધો સમાવતો આ સંગ્રહ લેખકનાં વિદ્વત્તા અને રસિકતાનો સૂચક છે. એને અહીં 'છાપ'–ઇમ્પ્રેશન્સ કહી છે, પણ સારા પ્રમાણે એમાં તત્ત્વસ્પર્શ પણ છે. 'મારી સર્જન–પ્રક્રિયા' કે પોતાની લેવાએલી સાહિત્યક મુલાકાત જેવા લેખો યે અહીં છે. પોતાની પોતા પર પડેલી છાપ એમાં અભિપ્રેત હશે.

'કવિતા' કે 'ઊર્મિકાવ્ય અને મોટા ગજાનો કવિ' જેવા વ્યાપક રૂપના લેખોમાં અધ્યાપકનો અભિગમ તથા રુચિર લખાવટ પ્રતીતાય છે. કવિતા–સંગીતના સંબંધે એમાં પશ્ચિમના વલણ પ્રત્યેના હવેના આપણા વલણનો પુરસ્કાર છે, છતાં સંબંધ કઈ હદે તે સ્પષ્ટ કરાયું છે. 'મોટા ગજાના કવિ'નાં લક્ષણો ડબલ્યુ. એચ. ઓડનને ટેકે વિચારાયાં છે અને

ત્યાં તો ભારતીય દૃષ્ટિ પ્રા. સુરેશભાઈ જેવા અભ્યાસી પાસેથી અપેક્ષિત રહે જ. કવિતાથી જ કવિતાને જાણીએ, કે વિવેચકની સૌથી મોટી મૂડી સહૃદયતા સમાં વિધાનો આ લેખોની યે સમગ્ર તાસીર સૂચવે છે.

ન્હાનાલાલ કવિની કૃતિ ‘વીરની વિદાય’માં મધ્યકાલીન સંદર્ભ રોપાયો છે તે કાવ્યોપકારક છે, જેવી મર્મસૂઝ અહીં લક્ષ દોરે છે. તે સાથે દલપતરામ–બોટાદકર–પ્રજારામ–પેટલીકર કે હેમન્ત (‘ઇંગિત’ પરત્વે)ના અર્પણ વિશેની ‘છાપ’ માત્ર ચિંત્ય નહીં, ઉતાવળે અનુદાર–એકાંગી યે લાગે. ઉમાશંકરની ઊર્મિકવિતા પરના લેખમાં વધુ અપેક્ષા રહે અને ‘સુન્દરમ્’ની વાતે ‘રુચિભેદ’ કહી વાત વળાઈ જણાય છે. ચેખોવના કલાકાર વિશેના ઉદ્ગાર ભેગો ડૉ. આનંદશંકરનો એવો ઉદ્ગાર (જે વધુ સુરેખ છે) યાદ કરાયો હોત તો સારું થતે, એમ તરત સૂઝે. આવા કવિ વિવેચકની ‘ઇમ્પ્રેશન્સ’ પરામર્શપૂર્ણ હોય એ જોતાં ત્રણસો જેટલાં પૃષ્ઠોનું કદ કંઈક સંકોચાયું હોત તો યાદ કરવા જેવી સામગ્રી અહીં ઠીક પ્રાપ્ત થાત.

આ સંગ્રહ સમગ્રપણે સુસજ્જ ભાવકની રસજ્ઞતાની પ્રતીતિ કરાવે છે. એની શૈલીમાં યે વિચારશીલ કલાભાવકની નસ સળંગ ધબકે છે. તેથી વાચકને અલિપ્તતાનો ભાર નડી શકતો નથી. આપણા કવિઓનું વિવેચનક્ષેત્રે કાર્ય ધ્યાન–દાદ માગે એવું રહ્યું છે અને પ્રા. સુરેશ દલાલની યે એવી કામગીરી એમાં મહત્ત્વની છે. વિવિધ ભાષા–સાહિત્યનો સંપર્ક એમની મહત્ત્વની વિશેષતા છે. ‘ઇમ્પ્રેશન્સ’નો તેથી આવકાર સહજ છે.

બી. ૧૯, પારસિક સોસાયટી,
મકરપુરા રોડ, વડોદરા–૩૯૦ ૦૦૯.

**હસિત હ. બૂચ**

* * *

**ઓચ્છવ :** લે. હસિત બૂચ, પ્ર. જ્યોત્સનાબેન હ. બૂચ, બી-૧૯, ‘હરિકિરણ’ પારસિક સોસયટી, ઇન્દુલાલ યાજ્ઞિક માર્ગ, વડોદરા–૩૯૦ ૦૦૯, પ્રથમ આવૃત્તિ (૧૯૮૭), પૃ. ૧૨૦, કિં. રૂા. ૨૦ = ૦૦.

‘ઓચ્છવ’ એ કવિશ્રી હસિત બૂચનું ‘સૈયર’ અને ‘હલક’ના (૧૯૮૫) પ્રકાશન પછીનું છેલ્લું ૧૯૮૭નું પ્રકાશન છે; એમના એકાધિક કાવ્યસંગ્રહો સૂચવે છે કે એ ૧૯૪૭ પછી ય દરેક દાયકે સક્રિય કવિ તરીકે પ્રગટતા રહ્યા છે; ‘ઓચ્છવ’ શીર્ષક પણ પૂરું સૂચક છે કે ૧૯૮૭માં ય તેમનું જીવનદર્શન હજી મંગલ ને આશાવાદી જ નહીં, ‘ઉત્સવ’ નામને ધારણ કરનારુ છે; જે અવાજ છેક ૧૯૪૭માં ‘બ્રહ્મઅતિથિ’માં પ્રથમ પ્રગટ્યો હતો તે હજી ચાર દાયકાને અંતે પણ નિરાશાવાદી ને આધુનિક રીતે સાવ કલાન્ત શ્રાન્ત નથી. આમ તો હસિતભાઈની કવિતા અનુગાંધીયુગની જ ગણાય છતાં તે એમની રીતે સ્વાતંત્ર્યોત્તર ગ્લાનિને પણ વિષય બનાવી આધુનિકોની જેમ કટાક્ષપૂર્ણ કારુણ્યમાં ક્યારેક સ્રવે છે, દ્રવે છે; આમ જોઈએ તો ‘ઓચ્છવ’માં હસિતભાઈના અગાઉના બધા જ વિષયોમાં કવન છે માત્ર આરંભનો સ્વાતંત્ર્યોત્તર ઉત્સાહ મ્લાન થયો છે એ ખરું; બાકી તો પ્રણય, દેશાભિમાન, ગાંધીજી, ગૂઢાનુભૂતિ,

ગુજરાતપ્રીતિ વગેરે, અહીં છે અને કવિની અભિવ્યક્તિની રીતરસમમાં પણ ઝાઝો ફેર પડ્યો નથી; છંદ, અછાંદસ, ગીત, ગઝલ, મુક્તક, સોનેટ, પરંપરિત બધું જ અહીં હાજર છે. કાવ્યસંગ્રહનો ઉપરણો ડૉ. મધુ કોઠારીએ લખ્યો છે તે કવિના કાવ્યરસનો દ્યોતક છે; આ ઉપરણાંનું પ્રથમ વાક્ય છે; " 'ઓચ્છવ'માં કવિ હસિત બૂચની તાદૃશ છવિ ઉપસી આવે છે". આમ તો કોઈ પણ કવિના કાવ્યસંગ્રહ વિશે આમ કહી શકાય; છતાં 'ઓચ્છવ'માં હસિત બૂચની કવિછવિ કેવી ઊપસી આવી છે તે જોવું રસપ્રદ થશે. ડૉ. કોઠારીએ આ છવિની વ્યાવર્તક રેખા આમ તારવી છે, "અગાઉની તરલતા વિકસતી રહી હતી તે 'ઓચ્છવ'માં પરિપકવતામાં પરિણમે છે. કવિની ભાવસબલતા પ્રણયકાવ્યોની સાથે સાથે ચિંતનાત્મક કાવ્યોમાં નીખરી ઊઠે છે", ને અભિપ્રાય આપતાં કહે છે "કવિની આ એક ધ્યાનાર્હ ઉપલબ્ધિ છે" (ડૉ. કોઠારીને કદાચ 'ભાવશબલતા' શબ્દ અભિપ્રેત હશે તો આ એક મુદ્રણદોષ જ હોઈ શકે) કવિનું ચિંતનાત્મક વલણ એ જ જો પરિપકવતાનું લક્ષણ હોય તો 'ઓચ્છવ'માંનો કવિ કંઈક સમયની સાથે સાથે 'સમજ'માં ઠરતો આવે છે એમ કહેવું જોઈએ; કવિની જીવનસંબંધી સમજ 'પરિપકવ થતી આવે છે તેમ તેમ તે જીવન સાથે કોઈ સમજૂતી કરી લેતા લાગે છે. પ્રથમ જ કૃતિ એનું ઉત્તમ નિદર્શન છે "એવું તો ભઈ, બન્યા કરે" એ કૃતિમાં કેટલીક પરિપકવ પંક્તિઓ સહજ લયાન્વયમાં રચાઈ છે :

"સરલ મારગે પહાડ અચાનક ઊભો થાય".
"પહાડ પડ્યા રે પગને ફૂટે પાંખો".

વગેરે કવિ નિયતિના ક્રમને સ્વીકારે છે ખરા પણ 'કાંટા ઉપર...રમે આપણી આંખો' એ પળને રટચા ન કરીએ પણ "વિતથ કેમ એને કહેવાય?" એ ક્ષણની એ વાસ્તવિકતાનો ઓછો મહિમા કરતા નથી; આવી જ પરિપકવતા "વન આખુંય"માં છે : કવિને તરત અનાયાસ પંક્તિઓ પ્રાપ્ત થાય છે ત્યારે આવી પરિપકવ ચિંતનાત્મકતાનો સ્પર્શ અનુભવાય છે :

"તણખે ઝરતાં જોયાં–જોયાં ઝાડ,
અજવાળે જોયાં ખાસ્સો અંધાર."

પણ ત્યારે ય 'કોઈ માત્ર પડખે રહ્યું હતું તે કોણ?' એવો પ્રશ્ન પણ આવી સમજનો જ પરિપાક છે એવા અગોચર તત્ત્વ પ્રત્યે કવિ આવો પ્રશ્ન કરે છે :

"આ હાથ કરે જે ઉપર–તળે અંગાર, એ તું?"

કયારેક આ પરિપકવતા આવી સરલ સહજ પંક્તિ રચી આપે છે :

"તારો હાથ ફરે છે ત્યારે,
સુકી ડાળે ડાળે ફૂટે ઝીણાં ઝીણાં પાન".

પછી કૃતિ સાયાસ યાદીમાં ચાલી જાય છે, ને સમથલ બની રહે છે.

હસિતભઈ ગાંધીયુગના કવિ છે; તે વલણ પણ કયાંક પરિપકવતા સાથે પ્રગટ થયું છે "જાત વિના જે કયાંય નથી, એ મશાલ તું પેટવજે" તે પરમ આસ્વાદ્ય બની રહે છે; કવિ

હસિત બૂચના 'ઓચ્છવ'માં આવી પરિપકવતા અત્રતત્ર પંક્તિઓમાં ઠેરઠેર જરૂર પ્રાપ્ત થાય છે; છતાં કૌતુકની તાજગીભરી ઉક્તિ પણ કયારેક કવિની બીજી બાજુને પણ પ્રગટ કરી દે છે :

"ઊગ્યો જુઓ, છે પીપળો આ ફાટમાં, ઓ ફાટમાં" તથા

"મોગરાના ફૂલોનાં.

આપણે પામ્યાં મૂગો કલશોર" જેવી પંક્તિઓ એમને પરિપક્વ પ્રાજ્ઞ સમજની બહાર પણ એ કયારેક કેવા સહજ કુતૂહલના કવિ છે તે દર્શાવે છે ખેર આવું 'ઓચ્છવ'માં છે ખરું પણ તે હજી વધારે હોત તો કેવું ? એવી ઝંખના જાગે છે. 'ઓચ્છવ'માં જયાં આવું સુભગ વલણ છે ત્યારે ભાવ, ભાષા ને લય બધું કલારસિત થઈને પ્રગટે છે; નહીં તો કૃતિઓને હાનિ થઈ છે. સરસ ઊપડેલી કૃતિ ઢીલી દોદળી પડી જાય છે; ગીતમાં ય પ્રાસની પૂરી તાળી વાગતી નથી; અપુષ્ટ પ્રાસ પ્રત્યે કવિને સાવધાન રહેવાની જરૂર છે; હસિતભાઈની છેક ૧૯૮૭માં પ્રગટતી આવી કૃતિઓમાં પ્રાસશક્તિનો ઝાઝો વિકાસ નથી તે એક ગીતગઝલકવિ તરીકે પંકાનાર આ કવિના કાનને કેમ કઠતું નહીં હોય ?

આમ "ઓચ્છવ" હસિતભાઈની શક્તિનો (તેમજ મર્યાદા બન્નેનો) નકશો આંકતી પ્રતિનિધિરૂપ રચના બની રહે છે ને એ રીતે તે અભ્યસનીય છે. તેમાંથી થોડુંક આસ્વાદીએ. હસિતભાઈ ગીત સાથે ગઝલોમાં પણ સક્રિય રહ્યા છે; પણ બધી જ ગઝલો એકસરખી વિકસિત નથી લાગતી; છતાં 'પ્યાલી' (પૃ. ૮૪)નો આ શેર આસ્વાદ્ય બન્યો છે :

"ગઝલ જુઓ તો
રંગતુફાની,
ગઝલ કળો તો
મરમી પ્યાલી."

જીવનના પરિપકવ દર્શનમાં થોડીક ગ્લાનિનો અનુભવ કવિ કરે છે પણ એમાં કેવી ગૌરવપૂર્ણતા છે !

"મારી આ પ્રાર્થનાનો જો ધ્વનિ ધીમો પડી રહ્યો
જો મારો જલતો દીપ હવે કંપી–ડગી રહ્યો." (પૃ. ૧૧૫)

એવી જ આ છાંદસ પંક્તિ પણ આસ્વાદ્ય છે :

"કયાં છે પેલું શિખર મુજ કાજે રહ્યું વાટ જોતું ?" (પૃ. ૧૧૬)

પૃ. ૧૧૮નું 'ઓચ્છવ !' તો ગીતરૂપે જ પ્રગટયું છે જેણે સંગ્રહનું શીર્ષક અપાવ્યું છે જે કવિના દઢ આશાવાદને ઉચ્છવ રીતે પ્રગટ કરે છે :

"લીલાછમ મુજ આ એકાન્તે,
ઓચ્છવ કો ઉજવાય."

અંતમાં આવા લીલાછમ 'ઓચ્છવ'માં કોકવાર એ અગોચર પ્રીતમનું આગમન થશે. એ કવિના દૃઢ આશાવાદી સૂરને આસ્વાદી વિરમીએ. 'ઓચ્છવ' એ જ સૂર વધુ આસ્વાદ્ય બન્યો છે.

"એકલું લાગે જ્યારે મને એકલું લાગે
મનમાં મારે કોઈ છે ત્યારે આવતું લાગે." (પૃ. ૧૨૦)

મદનવાડ, લક્ષ્મી શેરી,
વલસાડ–૩૯૬ ૦૦૧. ઉશનસ્

* * *

**'જૈન ગુર્જર કવિઓ' ભાગ ૧:** સંગ્રહક અને સંપ્રયોજક: મોહનલાલ દલીચંદ દેસાઈ, સંશોધિત–સંવર્ધિત આવૃત્તિ (૧૯૮૬)ના સંપાદક: જયંત કોઠારી, પ્રકાશક: શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ–૪૦૦ ૦૩૬, કિંમત: રૂ. ૧૦૦/–

સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈ સંપ્રયોજિત 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૧, ૨, ૩ની આ સંશોધિત–સંવર્ધિત આવૃત્તિ તૈયાર કરવાનો પ્રામાણિક અને નિષ્ઠાવંત પુરુષાર્થ કરવા માટે પ્રા. જયંત કોઠારીને અભિનંદન આપવાં ઘટે. 'જૈન ગૂર્જર કવિઓ'નો ગ્રંથ ઘણા સમયથી ઉપલબ્ધ ન હતો, અપ્રાપ્ય બન્યો હતો. ઈ. સ. ૧૯૨૬ના વર્ષમાં આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઈ ત્યારે એકી અવાજે તે સમયના આપણા પ્રતિષ્ઠિત સાક્ષરોએ એની પ્રશંસા કરીને ગ્રંથને સાભાર આવકાર્યો હતો. એ ઘટનાનું આજે પુનરાવર્તન કરવાનો આ પ્રસંગ છે. સ્વ. મોહનલાલ દલીચંદ દેશાઈએ જે સમયગાળામાં આ પ્રકારનો સંદર્ભગ્રંથ તૈયાર કર્યો તે પછી તો ઠીક ઠીક સંદર્ભગ્રંથની રચના વિશે તેમજ સંદર્ભગ્રંથની સામગ્રીઓ વિશે નવો પ્રકાશ પથરાયો છે. પ્રા. જયંત કોઠારીને શિર 'ગુજરાતી સાહિત્ય કોશ'ના સંપાદનની જવાબદારી ગુજરાતી સાહિત્ય પરિષદે મૂકી અને 'કોશ' માટે તેમણે મહાકાલીન સાહિત્ય પરનાં અધિકરણો તૈયાર કરાવવા માટે હસ્તપ્રતગ્રંથોના સૂચિગ્રંથોનો સૂક્ષ્મદૃષ્ટિથી પરિચય કેળવ્યો ને એના શુભ પરિણામ–રૂપે 'જૈન ગૂર્જર કવિઓ'ની ગ્રંથાવલિઓ તેના નૂતન સ્વરૂપમાં પ્રસ્તુત કરવાની તેમને સ્ફુરણા થઈ. 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૧, એમની એ શુભ સ્ફુરણાને મળેલું મૂર્તરૂપ છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયે આર્થિક જવાબદારી ઉપાડી લઈ આ ગ્રંથને અભ્યાસુઓ માટે સુલભ કરી આપ્યો, એ માટે સારસ્વતો સંસ્થા પ્રત્યે સદ્ભાવ દાખવશે જ.

પ્રા. જયંત કોઠારીએ પ્રસ્તુત સંવર્ધિત આવૃત્તિમાં ૪૩૭ કવિઓ અને તેમની કૃતિઓની વર્ણનાત્મક સૂચિ સમાવ્યાં છે. 'જૈન ગૂર્જર કવિઓ'ની પ્રથમ આવૃત્તિના પહેલા ભાગમાં વિ. સં. સત્તરમી સદી સુધીની સામગ્રીનો સમાવેશ થતો હતો. અહીં વિ. સં. સોળમી સદી આગળ ભાગ ૧ને પૂરો કરવામાં આવ્યો છે. આવો ફેરફાર કરવામાં તો ગ્રંથનું કદ સમાલી શકાય તેવું રહે એટલું જ રહ્યું છે. પરંતુ મહત્ત્વનો ફેર પ્રથમ આવૃત્તિ અને આ આવૃત્તિમાં જે રહ્યો છે, તેની વિશદ અને વીગતે નોંધ પ્રા. જયંત કોઠારીએ 'બીજી આવૃત્તિના

સંપાદકનું નિવેદન 'માં મૂકી છે. 'જૈન ગૂર્જર કવિઓ 'ની પ્રથમ આવૃત્તિની કોઈ પણ સામગ્રી છોડ્યા વિના અહીં તેની પુનર્વ્યવસ્થા કરવામાં આવી છે. ઉદા. તરીકે કર્તા-કૃતિની વીગતો પરત્વેનાં પ્રથમ આવૃત્તિમાં થયેલાં પુનરાવર્તનો અહીં દૂર થયાં છે; વળી વીગતોની રજૂઆતમાં પણ એકધારી પદ્ધતિનો આગ્રહ અહીં ચૂસ્તપણે અમલમાં મૂકાયો છે. પ્રથમ આવૃત્તિમાં પ્રાપ્ત સામગ્રીનાં અર્થઘટનોમાં જ્યાં ક્ષતિઓ થવા પામેલી જણાઈ છે, ત્યાં આ આવૃત્તિના સંપાદકે તે સુધારવાનો શ્રમ લીધો છે.

જૈન ગુજરાતી સાહિત્યની વિપુલ સામગ્રી હજી સંશોધકોની પ્રતીક્ષામાં છે. એ સ્થિતિમાં એ પ્રદેશમાં પ્રથમ પ્રવેશ કરવા માટે અત્યંત અનિવાર્ય એવી વર્ણનાત્મક ગ્રંથસૂચિ સ્વરૂપનો આ સંદર્ભગ્રંથ હૃદયપૂર્વક આવકારીએ અને એના અનુગામી ગ્રંથોનું પ્રકાશન ત્વરિત થતું રહે એવી અપેક્ષા રજૂ કરીએ.

ગુજરાતી વિભાગ, ફેકલ્ટી ઑફ આર્ટ્સ,
મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા-૩૯૦ ૦૦૨.

**સુભાષ મ. દવે**

* * *

**ઍરિસ્ટોટલનું કાવ્યશાસ્ત્ર :** લેખક : ગો. વિ. કરંદીકર : અનુવાદિકા જયા મહેતા અને જશવંતી દવે, **પ્રકાશક :** શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી, મહિલા વિદ્યાપીઠ નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ, **પ્રથમ આવૃત્તિ**, ૧૯૮૫; પૃ. ૧૬ + ૨૫૫, **મૂલ્ય** રૂા. ૪૦ = ૦૦.

સાહિત્યના કોઈ પણ અભ્યાસીને માટે કાવ્યશાસ્ત્રનો અભ્યાસ આવશ્યક અને ઉપયોગી છે. પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્રના સંદર્ભમાં પ્લેટો અને ઍરિસ્ટોટલનાં નામ યાદ આવે, એ સ્વભાવિક છે; વળી ઍરિસ્ટોટલનું "કાવ્યશાસ્ત્ર" પાશ્ચાત્ય સાહિત્યવિવચનાનો પાયાનો ગ્રંથ છે. ઍરિસ્ટોટલના "કાવ્યશાસ્ત્ર"નાં અંગ્રેજીમાં ભાષાન્તરો વિવિધ વિદ્વાનોએ આપ્યાં છે; વળી તે "કાવ્યશાસ્ત્ર" વિષયક વિવેચનાત્મક અને ચિન્તનાત્મક ઘણું લેખન થયું છે. "**अरस्तुका काव्यशास्त्र**" શીર્ષક હેઠળ "કાવ્યશાસ્ત્ર"નો ભૂમિકાસહ અનુવાદ નગેન્દ્ર અને મહેન્દ્ર ચતુર્વેદીએ હિન્દીમાં આપ્યો છે. (ભારતી ભંડાર, લીડર પ્રેસ, ઈલાહાબાદ, સંવત ૨૦૧૪). "ઍરિસ્ટોટલનું કાવ્યશાસ્ત્ર" શીર્ષક હેઠળ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે ભૂમિકા અને નોંધસહિત ગુજરાતી અનુવાદ આપ્યો છે. (નવભારત સાહિત્ય મંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૧૯૬૯). ગો. વિ. કરંદીકર મરાઠી ભાષાના વિખ્યાત સર્જક અને વિવેચક છે; તેમણે ઈ. સ. ૧૯૫૭માં "**ॲरिस्टोटल चें काव्यशास्त्र**" શીર્ષક હેઠળ "કાવ્યશાસ્ત્ર"નો મરાઠી અનુવાદ આપ્યો (મૌજ પ્રકાશન, મુંબઈ, ૧૯૫૭) અને ઈ. સ. ૧૯૭૭માં કેટલાક સુધારા, વધારા અને ફેરફારો સાથે તેમણે તે ગ્રંથની બીજી આવૃત્તિ સાહિત્યરસિકો અને વિવેચકોને આપી. મરાઠી ભાષાન્તર બુચરના અંગ્રેજી ભાષાન્તર ઉપરથી તેમણે કર્યું છે. ડૉ. જયા મહેતા અને ડૉ. જશવંતી દવેએ આ મરાઠી અનુવાદનો આ ગ્રંથમાં ગુજરાતી અનુવાદ આપ્યો છે. આ અનૂદિત ગ્રંથના વર્ણ્ય વિષયોનેબે મુખ્ય વિભાગમાં વહેંચી શકાય : (૧) પ્રસ્તાવના અને (૨) અનુવાદ. પ્રસ્તાવનામાં નીચેના વિષયોની ચર્ચા કરવામાં આવી છે (પૃ. ૩-૬૫).

કાવ્યશાસ્ત્ર તરફ જોવાનો દૃષ્ટિકોણ, કાવ્યશાસ્ત્રના અર્થઘટનની પદ્ધતિ, ઍરિસ્ટોટલના વ્યક્તિત્વનું ઘડતર, ગ્રીક સાહિત્યનું સ્વરૂપ, લલિતકળા અને સાહિત્ય વિશેની પ્લેટોની ભૂમિકા, ઍરિસ્ટોટલની વિચારપદ્ધતિ, ઍરિસ્ટોટલના ઉપલબ્ધ કાવ્યશાસ્ત્રનું સ્વરૂપ, કાવ્યશાસ્ત્રનો વિચાર-વિસ્તાર, લલિતકળાનાં વ્યવચ્છેદક લક્ષણો; સર્જનાત્મક અનુકૃતિશીલતા, કાવ્યાત્મક સત્ય, અપરિહાર્યતાની અથવા સંભવનીયતાની પ્રતીતિ, કાવ્યાનંદનું સ્વરૂપ, ટ્રૅજેડીનો આદ્યઘટક-કથાનક કે સ્વભાવદર્શન, ટ્રૅજેડીની ભાવાત્મક અસર : કેથાર્સિસ, કાવ્યાત્મક ભાષાની વિશિષ્ટતા, ટ્રૅજેડી અને મહાકાવ્ય : તુલનાત્મક વિચાર, કાવ્યશાસ્ત્રનું સાપેક્ષ મૂલ્ય ( પૃ. ૩–૬૫ ).

પૃ. ૬૯–૧૧૩ સુધી અનુવાદ આપવામાં આવ્યો છે. પૃ. ૧૧૭–૨૧૫ સુધી ભાષ્ય આપવામાં આવ્યું છે. " ભાષ્યમાં......જૂના અને નવા વિદ્વાનોનાં પર્યાયી અંગ્રેજી ભાષાન્તરો આપીને અને જરૂર જણાઈ ત્યાં વિદ્વાનોએ કરેલી અર્થશોધની ચર્ચા " ( એજન, પૃ. ૧૦ ) કરવામાં આવી છે. " પ્રસ્તાવના "માં પ્રતિપાદ્ય વિષયોની સુંદર ચર્ચાવિચારણા કરવામાં આવી છે. આ ગ્રંથમાં નીચે જણાવેલાં ચાર ઉપયોગી પરિશિષ્ટો આપવામાં આવ્યાં છે :

(૧) ઍરિસ્ટોટલ અને સંગીત, (૨) ઍરિસ્ટોટલનો નૈતિક આદર્શ, (૩) ઍથેન્સની ગ્રીક રંગભૂમિ અને (૪) કેટલીક પ્રતિજ્ઞા ( પૃ. ૨૧૯–૨૫૦ ). ગ્રંથને અંતે સંદર્ભગ્રંથોની એક સુન્દર સૂચિ આપવામાં આવી છે. ( પૃ. ૨૫૧–૨૫૫ ). ગ્રંથારંભે પરિચાયક તરીકે નીચેની બાબતો આપવામાં આવી છે.

ડૉ. જ્યોતિ ત્રિવેદીની " શુભેચ્છા સાથે ", પ્રો. શુરેશ દલાલને । " અનુવાદયજ્ઞ ", ગો. વિ. કરંદીકરનું " નિવેદન પહેલું " અને " નિવેદન બીજું ", ડૉ. જયા મહેતાનાં અને ડૉ. જશવંતી દવેનાં પ્રકાશનોની સૂચિ.

બંને પ્રાધ્યાપિકા અનુવાદિકાઓનો " અનુવાદયજ્ઞ વર્ષોથી અખંડ ચાલુ છે. આ બંને અનુવાદિકાઓને વર્ષોથી કાર્યશીલતાને કારણે અનુવાદની એક આગવી હથોટી પ્રાપ્ત થઈ છે ". ( એજન, પૃ. ૪–૫ ) અને તેથી તેમણે કરેલ આ અનુવાદ સુંદર અને સુવાચ્ય છે. વળી " કોઈ પણ ભાષામાં સાહિત્યને સમૃદ્ધ અને સભર રાખવું હોય, તો મૌલિક સર્જન–વિવેચન ઉપરાંત અનુવાદની આદાન–પ્રદાન પ્રવૃત્તિ સતત થતી રહેવી જોઈએ " ( એજન, પૃ. ૪ ) અને આ દૃષ્ટિએ આ ભાષાન્તર અનૂદિત સાહિત્યમાં એક આગવું સ્થાન પ્રાપ્ત કરશે, એવી આશા અસ્થાને ગણાશે નહિ. આ અનુવાદ માટે બંને વિદુષી પ્રાધ્યાપિકાઓને હાર્દિક અભિનંદનો ઘટે છે અને આશા રાખીએ છીએ કે તેમની પાસેથી વધુ ગ્રંથો ભવિષ્યમાં પ્રાપ્ત થતા રહેશે. આ ગ્રંથના પ્રકાશન માટે પ્રકાશકસંસ્થા–શ્રીમતી ના. દા. ઠા. મહિલા વિદ્યાપીઠને હાર્દિક અભિનંદનો ઘટે છે.

કલાસંકાય, મ. સ. વિશ્વવિદ્યાલય,
વડોદરા–૩૯૦ ૦૦૨.

**સુરેશચંદ્ર કાંટાવાળા**

* * *

**યૌવનનું પ્રભાત :** સંપાદક : મનુ પંડિત, પ્રકાશક : જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિર, ૧૭, વસંતનગર, ભૈરવનાથ માર્ગ, મણિનગર, અમદાવાદ–૩૮૦ ૦૦૮, **પ્રથમ આવૃત્તિ,** સં. ૨૦૪૧, વિજ્યાદશમી : ૨૨–૧૦–૧૯૮૫, પૃ. ૩૦ + ૨ + ૩૨૦, કિં. : ત્રીસ રૂપિયા.

'યૌવનનું પ્રભાત' વડોદરાના પ્રૌઢ સમાજહિતચિંતક અને સામાજિક કાર્યકર શ્રી વિઠ્ઠલભાઈ પટેલની યુવાવસ્થાનું મુખ્યત્વે રોજનીશીનું પુસ્તક છે. કિન્તુ યથાર્થ રીતે જ એને અભ્યાસકાળની નોંધપોથી કહેવામાં આવી છે કારણ કે એમાં રોજનીશી ઉપરાંત અન્ય વિશિષ્ટ સામગ્રીનો પણ સંચય કરવામાં આવ્યો છે. એ રીતે ગુજરાતી સાહિત્યક્ષેત્રે આ એક વિશિષ્ટ કૃતિ બની રહે છે જેનું સંપાદન સમર્થ વિચારક શ્રી મનુ પંડિત દ્વારા થયું છે. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ જેવા સામાજિક કાર્યકરને શોભે અને રોજનીશીમાંથી ઊપસતા એમના વ્યક્તિત્વને સાર્થક કરે એમ આ પુસ્તકની સઘળી આવક વિકલાંગ યુવકોને પ્રોત્સાહન અર્થે ઉપયોગમાં લેવાશે એવો સ્તુત્ય નિર્ણય કરવામાં આવ્યો છે.

સેવેલા આદર્શોને વ્યવહારજીવનમાં મૂર્ત કરવાની મથામણ કરતા એક યુવાનની રોજનીશીને કેન્દ્રવર્તી રાખતા વૈવિધ્યપૂર્ણ લેખનકાર્યના એક વિશિષ્ટ સંચયરૂપ 'યૌવનનું પ્રભાત' પુસ્તક આંતરરાષ્ટ્રીય યુવાવર્ષમાં પ્રસિદ્ધ થાય તેમાં ઘણું ઔચિત્ય છે. એ પુસ્તકમાં પ્રથમ ખંડમાં વિશ્વભરના મહાપુરુષોનાં વિચારરત્નો, દ્વિતીય ખંડમાં ૧૯૪૨ થી ૧૯૪૮નાં વર્ષોની રોજનીશી અને તેને અંતે ગાંધીજીને વિશ્વના ખ્યાતનામ પુરુષોએ આપેલી અંજલિ તથા લેખકે લખેલા કેટલાક સંક્ષિપ્ત નિબંધો, તૃતીય ખંડમાં લેખકે એ વર્ષો દરમિયાન નામાંકિત વ્યક્તિઓના મેળવેલા પત્રો અનુક્રમે પ્રેરણા, પ્રકાશ અને પ્રેરણાપ્રદ પત્રપીયૂષને નામે સંકલિત કરી અંતે છ પુરવણીઓમાં ક્રમાનુસાર ગાંધીજીના મૃત્યુસમયના પ્રત્યાઘાતો, પોતાના જીવનવિકાસની વિચારેલી યોજના અને વાંચેલાં પુસ્તકોની યાદી, અભ્યાસ બાદની વિચારેલી પ્રવૃત્તિ, મેળવેલાં પ્રમાણપત્રો, પારિવારિક જમીન એકવાયરના પ્રશ્નમાં થયેલો ખાસ પત્રવ્યવહાર, 'પાટીદાર'ના તંત્રીને સાથીની પસંદગી વિશે લખાયેલ પત્રની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. પુસ્તકના આરંભે શ્રી બબલભાઈ મહેતા, સંપાદક શ્રી મનુ પંડિત, શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ, શ્રી રામુ પંડિતનાં પુરોવચનો અને ફાધર વાલેસના મૂકાયેલ આશીર્વચનથી આ નોંધપોથીનું મહત્ત્વ અને તેની પ્રસિદ્ધિની પ્રસ્તુતતા સ્પષ્ટ થાય છે.

આ નોંધપોથીના સંચયમાં પ્રથમ ખંડમાં વિશ્વના મહાન પુરુષોનાં ૨૦૫ ઉત્તમ વિચારરત્નોનો, વિવિધ વિષયો હેઠળ સંગ્રહ થયેલો છે જેના અંતભાગે થોડી કહેવતો પણ છે. એથી મહાપુરુષોના વિચારો પ્રત્યે એમનું આકર્ષણ પ્રતીત થાય છે અને એમના વિશાળ વાંચનનું નિર્દેશન પણ થાય છે. વિષયની દૃષ્ટિએ વૈવિધ્ય ધરાવતી આ વિચારકણિકાઓમાં ચુસ્ત વિભાગો સ્વભાવિક રીતે જ રહેતા નથી. વિદ્યાર્થીકાળમાં ઘણી નામીઅનામી વ્યક્તિઓ આ પ્રમાણે વિચારરત્નોની નોંધ કરતી હોય.છે પણ આ વિચારસંગ્રહની વિશિષ્ટતા એ છે કે એમાં રજૂ થયેલા વિચારોને લેખકે પોતાના જીવનમાં ઉતારવાનો પરમ પુરુષાર્થ કર્યો છે એવું અનુગામી ખંડોમાંથી વર્તાય છે.

બીજા ખંડની રોજનીશી લેખકના અભ્યાસકાળની, ૧૯૪૨ થી ૧૯૪૮ સુધીની, ૧૮ વર્ષની ઉંમરથી ૨૪ વર્ષની ઉંમરના ગાળાની છે. ૧૯૪૨ની સાલના ગાંધીજન્મદિવસથી

(૨-૧૦-૪૨) એ શરૂ થાય છે અને ગાંધીજીના મૃત્યુ સાલના જન્મદિવસે (૨-૧૦-૪૮) એ પૂર્ણ થાય છે. એ વર્ષોમાં લેખકે ૧૯૪૨ની સાલની ત્રણ દિવસની, ૧૯૪૩ની સાલની બાવીસ દિવસની, ૧૯૪૪ની સાલની અઢાર દિવસની, ૧૯૪૫ની સાલની સાડત્રીસ દિવસની, ૧૯૪૬ની સાલની બાસઠ દિવસની ૧૯૪૭ની સાલની છપ્પન દિવસની અને ૧૯૪૮ની સાલની તેર દિવસની, એમ કુલ સાત વર્ષની બસો અગિયાર દિવસની રોજનીશી આપી છે. આખા પુસ્તકમાં મોટો અંશ રોજનીશીનો છે અને એ એમના અભ્યાસકાળની ઘડતરકથારૂપ છે. લેખકના યૌવનકાળના માનસનો એમાં પૂર્ણ પરિચય થાય છે. રાષ્ટ્રીય લડતના સમયની પશ્ચાદ્ભૂમિકામાં આ દિવસ-નોંધમાં લેખકે ડાયરી રાખનારને આવશ્યક એવી પ્રામાણિકતા અને તટસ્થતા જાળવી છે અને એમાંથી લેખકના રાષ્ટ્રપ્રેમ, સત્યનિષ્ઠા, સદાચાર આદિ ઉમદા ગુણોનું દર્શન થાય છે. રોજનીશીમાં એમણે અનુભવેલાં મનોમંથનો, પોતાને વરેલી નબળાઈ અને તેને દૂર કરવાના પુરુષાર્થની સફળતા-નિષ્ફળતા અને સતત વિકાસશીલ રહેવાની તમન્નાનું થતું દર્શન, તેમને આદર્શ યુવક તરીકે સ્થાપે છે. દિવસનોંધ ઉપરાંત વર્ષને અંતે સરવૈયારૂપે કરેલી નોંધ પણ એમની પ્રવૃત્તિના આઘાત-પ્રત્યાઘાતો, આશા-નિરાશાઓ, સફળતા-નિષ્ફળતાનો આલેખ બની રહે છે. વળી કૉલેજકાળ દરમિયાન પ્રામાણિક વિદ્યાર્થી તરીકે જોયેલો કલબનો કથળેલો વહીવટ અને તેને નિઃસ્વાર્થવૃત્તિથી સુધારવાનો સફળ પ્રયાસ, વિદ્યાર્થીઓ અને મિત્રોમાં રહેલા દુર્ગુણો, રાષ્ટ્રપ્રેમની પ્રવૃત્તિમાં અને જાહેરજીવનના થયેલા સુખદદુઃખદ અનુભવો, કેળવણી, સમાજ, ચારિત્ર્ય આદિનાં દૂષણો, વ્યક્તિગત શોખો અને મહત્ત્વાકાંક્ષાઓ, લગ્નજીવનની સમસ્યા પ્રત્યે સજાગતા, વાંચનપ્રેમ, આરોગ્ય જાળવવાનાં પ્રયાસો અને મનની નબળાઈઓ-આદિના નિરૂપણથી આ રોજનીશીમાં લેખકે વ્યક્તિગત તેમજ સામૂહિક જીવનનો, રાષ્ટ્રીય ચળવળનાં અંતિમ વર્ષોનો વિશિષ્ટ દસ્તાવેજ પૂરો પાડ્યો છે. વળી એક યુવાન હૃદયની વારંવાર થતી આંતરનિરીક્ષણવૃત્તિ તેમના વિકાસોન્મુખ વ્યક્તિત્વની દ્યોતક બની રહે છે.

રોજનીશીમાં કેટલાક દિવસોની નોંધ માત્ર વિચારપોથી બની રહે છે અને તે નિબંધલેખન જેવું બની જાય છે. સામાન્ય રીતે રોજનીશીમાં બનતા બનાવોની આજુબાજુ વિચારનિરૂપણ આવશ્યક છે, આમ છતાં જે વયે એ લખાઈ છે તે દૃષ્ટિએ એ દોષપાત્ર ન લેખાવી જોઈએ. એમાં વિચારોનું પુનરાવર્તન પણ થયા કર્યું છે. વળી ઘણીવાર બનાવ કે પરિસ્થિતિના બયાનની આજુબાજુનું વાતાવરણ પણ સ્પષ્ટ થતું નથી. અભ્યાસ દરમિયાન સંસ્થાઓની સ્થળવિષયક માહિતી પણ ઊપસતી નથી. કયારેક અમુક દિવસની નોંધ બીજા દિવસની નોંધ જેવી પ્રતીત થાય છે, કોઈવાર અનેક દિવસોની નોંધ એક સાથે કરવામાં આવી છે, વાર તારીખ આપવાની પદ્ધતિ એક સરખી જળવાઈ નથી. વળી પિતાના મરણપ્રસંગની કે ગાંધીજીના મરણપ્રસંગની નોંધ, જીવનના ગંભીર બનાવો તરીકે, જેવી લેવાવી જોઈએ તેવી લેવાઈ નથી. લેખકનું સંવેદન-શીલ માનસ વિશિષ્ટ આઘાતપ્રત્યાઘાત દાખવી શકયું હોત. ગાંધીજીવિષયક અંજલિ અને કેટલાક ટૂંકા નિબંધોનો અલગ વિભાગ કરી વિશેષ શાસ્ત્રીયતા લાવી શકાત.

ત્રીજા ખંડમાં લેખકે મેળવેલા મહાપુરુષો કે દેશનેતાઓના પત્રો સંગ્રહાયેલા છે. એમાં નરહરિ પરીખ, દાદાસાહેબ માવળંકર, પુરુષોત્તમ માવળંકર, રાવજીભાઈ પટેલ, શિવાભાઈ પટેલ, બબલભાઈના પત્રો છે. એમાં પણ ચારિત્ર્યઘડતરના અભિલાષી અને શ્રેયાર્થી લેખકના

વ્યક્તિત્વનો ઘનિષ્ઠ પરિચય થાય છે. સૌથી વિશેષ પત્રવ્યવહાર મગનભાઈ તથા બબલભાઈ સાથે લેખકને થયો છે. લેખકે લખેલા પત્રો પણ જો એ સાથે પ્રગટ કરી શકાયા હોત તો વિશેષ મહત્તા જળવાત (અપવાદરૂપે ગાંધીજી પર લખાયેલો પત્ર સંગ્રહાયેલો છે). આમ છતાં માત્ર પ્રત્યુત્તરો પણ લેખકના પારદર્શક અને જિજ્ઞાસુ સ્વભાવને પ્રગટ કરે છે અને 'ચારિત્ર્ય-ઘડતર એ મારું રચનાત્મક કાર્ય છે', એ લેખકની ઉક્તિને સાર્થક કરે છે. પરંતુ આવા સમૃદ્ધ પત્રવ્યવહારની છાપ રોજનીશીમાં ઊપસતી નથી.

પુરવણીમાં બીજી અને પાંચમી સૌથી અગત્યની છે એ નોંધ્યા વગર રહી શકાય નહીં. ત્રીજી પુરવણીમાં અભ્યાસ બાદ શું કરવું તે વિશે લખ્યું છે તેવા વિચારો તો કદાચ ઘણાએ કર્યા હશે પણ બીજી પુરવણીમાં ત્રિવર્ષીય જીવનવિકાસની યોજના રજૂ કરી છે તે નોંધપાત્ર છે. યુવાન પદ્ધતિસરના વ્યવસ્થિત વિકાસ માટે ચોક્કસ નકશો ધરાવે છે એની એ સાક્ષીરૂપ છે. એથી પણ વિશેષ મહત્ત્વની લેખકે વાંચેલ પુસ્તકોની યાદી છે. પોતાના જમાનાની કેળવણીથી અસંતુષ્ટ છતાં તેની અવેજી ન હોવાથી ભણતો યુવાન કેટલું સમૃદ્ધ વાંચન ધરાવે છે એ ખરેખર મુગ્ધકર છે. પૂર્વે સંપાદકીયમાં ઉલ્લેખ્યા પ્રમાણે લેખકે આ પુસ્તકો ખરીદ્યાં છે એમ પણ દર્શાવ્યું છે એ વિશેષ મુગ્ધકર છે. કોઈ પણ યુવાન માટે આ વાંચન અત્યંત પ્રશંસાપાત્ર છે અને આજના યુવાનોને માર્ગદર્શક છે.

એકંદરે આવા પ્રતિષ્ઠિત સામાજિક કાર્યકરના યૌવનકાળની આ રોજનીશી સમાવતી નોંધપોથી ગુજરાતી સાહિત્યમાં જ નહીં પણ વિશ્વસાહિત્યમાં પણ કદાચ વિરલ કહી શકાય એવી અવશ્ય છે. એનું સાહિત્યક મૂલ્ય ભલે વિશેષ નહીં કહી શકાય પણ શ્રી મનુ પંડિતના કહેવા પ્રમાણે 'આવું સાહિત્ય યુવકો અને વિદ્યાર્થીઓ આગળ મૂકવું જોઈએ' અચૂક.

ગણેશનિવાસ, અમૃત શેરી, વલસાડ–૩૯૬ ૦૦૧. **મનોજ દરૂ**

* * *

**માણગાંવથી ગરુડેશ્વર :** (પ્રથમ ખંડ) લેખક : શ્રી રમેશચંદ્ર કૃષ્ણરાવ પટ્ટણકર, પ્રકાશક : શ્રી ર. કૃ. પટ્ટણકર (વિજયા પબ્લિકેશન્સ) ૬૮, રાજધાની સોસાયટી, વારસીયા, વડોદરા–૩૯૦ ૦૦૬, પૃ. ૧–૫૩, કિંમત : રૂા. ૯ = ૦૦.

પરમહંસ પરિવ્રાજકાચાર્ય બ્રહ્મલીન શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામિ મહારાજનું આ જીવનચરિત્ર શ્રી પટ્ટણકરજીએ અનેક મુસીબતોનો અને સંકટોનો સામનો કરીને સરળ, સુબોધ ભાષાશૈલીમાં લખ્યું છે.

પુસ્તકના પ્રારંભમાં જ ભગવાન શ્રી દત્તાત્રેય, શ્રીપાદશ્રીવલ્લભ, શ્રીનૃસિંહસરસ્વતી, પ. પ. શ્રી સ્વામિ મહારાજ, ઈ. દત્તાવતારી મહાપુરુષોની સુંદર છબીઓ આપેલી છે.

'संभवामि युगे युगे' એ ગીતોક્તિ પ્રમાણે શકે ૧૭૭૬, શ્રાવણ વદિ ૫ (રવિવાર, ૧૩–૭–૧૮૫૪)ના રોજ પરદુઃખભંજક ધર્મમૂર્તિ શ્રી દત્તાત્રેયાવતાર વાસુદેવ ગણેશ ભટ ટેંબે સ્વામિનું ધરાતલ પર અવતરણ થયું.

નાનપણમાંજ મેધાવી અને તેજસ્વી વાસુદેવે વેદ, વ્યાકરણ, જ્યોતિષ સહિત અનેક શાસ્ત્રોનું યથાવિધિ સાંગોપાંગ અધ્યયન કર્યું.

માત્ર પંદર વર્ષની ઉંમરથી જ એમણે પોતાના માટે કડક બંધનો લાદી દીધાં હતાં, દા. ત. મુસાફરી માટે કોઈપણ વાહન વાપરવું નહીં, માથા પર ટોપી કે છત્રી અને પગ માટે પાદત્રાણ વાપરવા નહીં, કોઈપણ વસ્તુનો સંગ્રહ કરવો નહીં ઈ. (પા. ૬ અને ૩૭). શકે ૧૭૬૭માં અન્નપૂર્ણા સાથે શ્રી દત્તપ્રભુના આદેશ મુજબ પરણ્યા પછી અવારનવાર તેઓશ્રી નરસોબાની વાડીમાં જઈ રહેતા કારણ માતુશ્રી અને પત્ની વચ્ચેનો વિસંવાદ એમનાથી સહન થતો નહીં.

નચિકેતાની જેમ શાસ્ત્રીબુવા પણ યમદેવ સાથે વાતચીત કરતા એટલું જ નહીં પણ તેના પર નિયંત્રણ રાખતા. પત્ની અન્નપૂર્ણા સાથે તેઓ ગંગાખેડ રહેતા હતા ત્યારે અન્નપૂર્ણાબહેનની તબિયત ઘણી બગડી ગઈ. એક રાત્રે શાસ્ત્રીબુવાના કાને ગંભીર અવાજ આવ્યો–"આપ બન્નેને તેડવા આવ્યો છું". બુવાએ શાંતિપૂર્વક પણ મક્કમતાથી કહ્યું–"સંન્યાસ લઈને ધર્મપ્રચાર કરવો છે. હું નહીં આવું. તેને (પત્નીને) લઈ જશો તો વાંધો નથી." (પા. ૩૭)

થોડા જ વખતમાં પત્નીનું દેહાવસાન થયા પછી તેઓશ્રીએ સંન્યાસ ગ્રહણ કર્યો. ઉજ્જયિનીમાં શ્રી નારાયણાનંદસ્વામિશ્રી પાસેથી દંડ ધારણ કર્યો અને પ. પ. શ્રી વાસુદેવાનંદ–સરસ્વતી સ્વામિમહારાજ એવું એમનું નામાભિધાન થયું.

ત્યાર પછી લોકકલ્યાણ, ધર્મજાગૃતિ અને દત્તભક્તિપ્રસાર કરવા માટે હિમાલયનાં તીર્થ-સ્થાનોની પગપાળા યાત્રા કરીને શ્રીદત્તપ્રભુની પ્રેરણાથી નર્મદાકિનારે તપઃસાધના, યોગાનુષ્ઠાન કરવા તેઓશ્રી શકે ૧૮૨૦ના વૈશાખ શુ. ૧૦ના દિવસે ગુજરાતના તિલકવાડામાં આવી પહોંચ્યા.

આ ધર્મયાત્રા દરમ્યાન એમણે અનેક લોકોને સન્માર્ગે વાળ્યા, શાસ્ત્રગ્રંથો પર પ્રાસાદિક પ્રવચનો કર્યાં અને શ્રીદત્તપુરાણ, શ્રીદત્તલીલામૃત જેવા વૈદુષ્યપૂર્ણ ભક્તિરસભરપૂર ઔપાસનિક ગ્રંથોનું લેખન કર્યું. અહીં પ્રથમ ખંડ પૂર્ણ થાય છે.

લેખક શ્રીપટ્ટણકરજીએ સ્વામિશ્રીના અને બીજા અનેક તત્સમ ગ્રંથોનું સંપૂર્ણ અધ્યયન કરીને, ગ્રંથલેખનની બાબતમાં વર્ષો સુધી ચિંતન, નિદિધ્યાસન કરીને ભક્તિભાવપૂર્વક તેનું નિર્માણ કર્યું છે. તેથી જ સ્વામિશ્રીના સુદિવ્ય ચરિત્રનો આ પ્રથમખંડ ખરેખર સંગ્રહયોગ્ય અને મનનીય થયો છે. તે માટે લેખકશ્રીને અભિવાદન સાથે અભિનંદન !

સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત વિભાગ,
મ. સ. વિદ્યાપીઠ, વડોદરા–૩૯૦ ૦૦૨.

ઉમા દેશપાંડે

* * *

**સંતસાગર ભા. ૧–૨ :** લે. રમણલાલ સોની, પ્ર. શ્રીમતી રસિકબાળા રમણલાલ સોની, ૭/૧ કર્મયોગ ફ્લેટ, સરદાર પટેલનગર, અમદાવાદ–૬, ડિસેમ્બર '૮૫, આ. ૧, કુલ પૃ. ૧૧૦૦, કિંમત : રૂ. ૮૦ = ૦૦.

જુદે જુદે સમયે સાઠ સિત્તેર સંતચરિત્રો લેખકે લખેલા તેમાં નવાં ઉમેરી ભાગ ૧માં ૫૯ અને ભાગ ૨માં ૪૨ એમ કુલ ૧૦૧ સંતોનાં ચરિત્રો લેખકે આપ્યા છે જેમાં બ્રહ્મવાદિની મૈત્રેયી, યાજ્ઞવલ્કય, ગાર્ગીથી માંડીને જે. કૃષ્ણમૂર્તિ સુધીના સંતોનો સમાવેશ કર્યો છે.

સંતના જીવનની આછી રૂપરેખા, કેટલાક મહત્ત્વના પ્રસંગો, વિશિષ્ટ જીવનદર્શન, તેમના ઉપદેશામૃતના કેટલાક અંશ એવો સામાન્ય ઉપક્રમ રાખેલો જણાય છે. ઐતિહાસિક કાળક્રમ પ્રમાણે ચરિત્રોની ગોઠવણી કરી નથી તેમજ સાંપ્રદાયિક દૃષ્ટિએ વર્ગીકરણ કર્યું નથી તે સાથે અમુક પ્રદેશના સંતોને સાથે લઈ લીધા હોય એવું પણ નથી. જે તે સંત સાથે સંબંધિત સંતની વાત પછીના પ્રકરણમાં કહેવાઈ હોય એવું બન્યું છે ખરું, છતાં એકંદરે 'વૃક્ષ ચલે નિજ લીલા'નું ધોરણ અનુક્રમમાં જણાય છે.

સંતો અંગે અહીં વિશાળ દૃષ્ટિકોણ જોવા મળે છે. સંત એટલે સંસારનો ત્યાગ કરી વેરાગી પરિવ્રાજક જીવન જીવનાર એકાંતવાસી એકાકી નહિ પણ સાંસારિક વ્યાવહારિક પ્રવૃત્તિમાં રહેવા છતાં પ્રકૃતિએ જે સંત છે તે. એવા માણસોનું ચરિત્ર જેમની પાસે દર્શન છે, અનુભૂતિ છે. એટલે જ અહીં રાજભક્તિ અને કવિત્વ એ બે ગુણોનું જેના જીવનમાં પ્રાધાન્ય છે એવા ભક્ત વિદ્યાપતિને તથા રાજ્યવહીવટકર્ત્રી ભક્ત અહલ્યાબાઇને સ્થાન અપાયું લાગે છે.

યોગિની લલ્લેશ્વરીનો જે ઉપદેશ છે તે જ લગભગ બધા સંતોનો ઉપદેશ છે–જેમ પાણીને બરફ જુદાં દેખાય છે, પણ તત્ત્વે કરીને એ જુદાં નથી અને સૂરજનો તડકો પડતાં એ બેઉ એક થઈ જાય છે, તેમ સાચા જ્ઞાનનો પ્રકાશ થતાં બધું એકરૂપ દેખાય છે. બધા જ ધર્મો તેના પાયાના સિદ્ધાંતોમાં એક છે, અને નાતજાત ઊંચનીચના ભેદો બધા ખોટા છે વગેરે. મધ્યકાલના સંતોનું મુખ્ય કર્તવ્ય સહજ રીતે આ જ બની રહ્યું હતું. હિંદુ અને ઈસ્લામ વચ્ચે, હિંદુધર્મના અનેક સંપ્રદાયો વચ્ચે સમન્વય સાધવો, હિંદુસમાજ અનેક નાતજાતમાં વહેંચાયેલો હતો તેમાં એકતા સ્થાપવી.

સંત તિરૂવલ્લુવરનો ઉપદેશ અન્ય સંતોના ઉપદેશ કરતાં વધુ વિગતે છે. બાળ સંત સંબંધર, સુંદરમૂર્તિ અને બસવેશ્વરની ઉપદેશવાણી આપી નથી.

સંતોના જીવનપ્રસંગોમાં સામ્ય જણાય છે. શંકરાચાર્યને કસોટી કરનાર ચાંડાળ મળ્યો હતો. રામાનુજાચાર્યને હરિજનબાઈ મળી હતી. સંઘર્ષ એ સંતના જીવનનું એક સમાન તત્ત્વ જણાય છે. એ સંઘર્ષમાંથી એમણે કેવો સિદ્ધાંત સારવ્યો અને એની સામે કેવી રીતે ટકી શકયા એ આપણે માટે પ્રેરણાનો વિષય બની શકે એમ છે. રાષ્ટ્રીય સ્વતંત્ર્ય દ્વારા ધર્મસ્વાતંત્ર્યનો વિદ્યારણ્યનો આદર્શ સ્પૃહણીય છે.

પ્રસંગથી જ્યાં ચરિત્રનો પ્રારંભ થાય છે ત્યાં ચરિત્રનાયકનું જીવનકાર્ય વધુ અસરકારક રીતે ઉપસી આવે છે, દ. ત. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય. કેટલેક ઠેકાણે કૃતિથી પ્રારંભ થાય છે, દ. ત. ભક્ત રૈદાસ.

સૂરદાસના જીવનચરિત્રમાં બિલ્વમંગળ તે સૂરદાસ નહિ ? એવો એક ચર્ચાસ્પદ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. અહીં સૂરદાસ જન્મથી અંધ છે એવું નિરૂપણ છે જ્યારે સૂરદાસ, તે

બિલ્વમંગળે વાસનાઓને રોકવા સ્વેચ્છાએ વહોરી લીધેલા અંધાપા પછીનું નામ છે એવી પણ એને વિષેની વાત છે. આધારભૂત માહિતી ન મળતાં દંતકથાઓ પર આધાર રાખ્યાનો લેખકે એકરાર કર્યો છે, દ. ત. સંત તુલસીદાસ. કુરૂર અમ્માનું ચરિત્ર અતિસંક્ષિપ્ત છે. કોઈક ઠેકાણે સહજ રીતે તુલના થઈ ગઈ છે, દ. ત. 'દાદૂ દયાળ'માં કબીરજી સાથે.

પ્રસ્તુત પુસ્તકમાં અનેક ચમત્કારી ઘટનાઓનું નિરૂપણ છે. આવાં પુસ્તકો વાંચતાં બુદ્ધિ કે તર્કને વચ્ચે આવવા દેવાનાં ન હોય. આ પ્રકારનાં પુસ્તકોમાં એવી ઘટના વાસ્તવિકતા-રૂપે જ હોય છે. આ અંગે યોગી કૃષ્ણપ્રેમ (પૂર્વાશ્રમના પ્રો. રોનાલ્ડ નિકસન જેઓ ભારતીય સંસ્કૃતિથી આકર્ષાઈ ભારતમાં આવી લખનૌમાં પ્રોફેસર થયેલા)નું મંતવ્ય સ્મરણીય છે. એઓ સાધુ થયા ત્યારે ભણેલાઓ ટીકા કરી એમને પૂછવા લાગ્યા કે તમે આવા બુદ્ધિશાળી થઈને નહિ માનવા જેવા બુદ્ધિહીન વહેમોમાં માનતા કેવી રીતે થઈ ગયા? કૃષ્ણપ્રેમે જવાબમાં કહ્યું, દોસ્તો, નહિ માનવા જેવું માનવા કરતાં માનવા જેવું નહિ માનવામાં વધારે જોખમ છે એ હું તમને ખાતરીપૂર્વક કહું છું (સંતસાગર, ભા. ૨. પૃ. ૧૧૭). ચમત્કારોનું સૌએ સ્વીકારવું પડે એવું અર્થઘટન 'સ્વામી મુક્તાનંદ'માં આપતાં લેખકે કહ્યું છે—"તેમણે કોઈ 'ચમત્કાર' કર્યો નથી, પરંતુ સામાન્ય જીવનને દિવ્ય જીવનમાં પરિણત કરવું એ જેવોતેવો ચમત્કાર નથી" (ભાગ ૨, પૃ. ૩૨૨). 'યશોદામા'ના ચરિત્રમાં રામકૃષ્ણ પરમહંસ આગળ રામની પ્રતિમા જીવંત બની જતી અને બાળસ્વરૂપે પરમહંસ સાથે પ્રતિમાના આ રામ કંઈ કંઈ રમતો રમતા એવી વાત છે. શ્રીરંગ અવધૂતના ગુરુદેવ શ્રીવાસુદેવાનંદજી સાથે પંચધાતુની દત્તમૂર્તિ વાતો કરતી અને આદેશો આપતી. એ મૂર્તિ હજી પણ સ્વામીશ્રીના સમાધિસ્થાન ગરુડેશ્વરમાં છે. 'યશોદામા' અને 'યોગી કૃષ્ણપ્રેમ' વિષે વાંચતાં શ્રીકરસનદાસ માણેકે શ્રીરંગ અવધૂતના સંદર્ભમાં કહેલા શબ્દો યાદ આવે છે—"નવા જમાનાની આબોહવામાં ઉછરેલ અને અદ્યતન વિદ્યાકલાથી મંડિત આત્માઓ વૈરાગ્ય તરફ આકર્ષાય, તો સમાજને સાચા સેવકો મળી રહે એવી મારી માન્યતા છે." ('રેવાનો યોગી'—પ્ર. અ. ના. મોદી, પ્રમુખ, અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ', નારેશ્વર, ૧૯૭૨, પૃ. ૨૮) જેના જીવનનું જે મહત્ત્વનું પ્રદાન હોય તે તરફ લેખકનું લક્ષ્ય રહ્યું છે એની પ્રતીતિ 'રવિશંકર મહારાજ'માં થાય છે. અન્ય ચરિત્રોમાં વર્ણાઈ નથી એવી યોગની અનુભૂતિની વાતો 'સ્વામી મુક્તાનંદ'માં મળે છે. ગુરુ દ્વારા શિષ્યની સુષુપ્ત દિવ્ય શક્તિને જાગૃત કરવાની ક્રિયા કુંડલિનીજાગૃતિ કહેવાય છે. એ શક્તિનો જિજ્ઞાસુને પૂરતો પરિચય થાય એવા ઉદ્દેશથી પ્રેરાઈ મુક્તાનંદ બાબાના એ ક્ષેત્રના અનુભવનું બયાન યોગ્ય રીતે જરા વિસ્તારથી આપ્યું છે, સાધકના ઘડતરકાળની મનઃસ્થિતિનો અચ્છો ચિતાર 'સ્વામી રામ'માં મળે છે. પુસ્તકમાં અપાયેલા ચિત્રો ચરિત્રનાયકના વ્યક્તિત્વ અને જીવનકાર્યને સમજવામાં ઉપકારક નીવડે છે.

દત્તભક્તિપરંપરાના સંતોમાં એક રંગ અવધૂતનું જ ચરિત્ર મળે છે. રંગ અવધૂતને કારણે ગુજરાતમાં ફેલાયેલી દત્તભક્તિને લીધે દત્તભક્તોમાં જાણીતા થયેલા મહારાષ્ટ્ર-કર્ણાટકના સંતો શ્રીપાદવલ્લભ, નૃસિંહસરસ્વતી, માણિકપ્રભુ, અક્કલકોટના સ્વામી, વાસુદેવાનંદ સરસ્વતી (ટેમ્બે સ્વામી), ગાંડામહારાજ વગેરેનો પરિચય ગુજરાતની પ્રજાને અપાયો હોત તો ગુજરાતમાં ફેલાયેલી દત્તોપાસનાને સમજવાની એક સારી ભૂમિકા પ્રાપ્ત થાત.

બુદ્ધ અને મહાવીર જેવા ધર્મ-પ્રવર્તકોને સ્થાન મળે એવી અપેક્ષા રહે પણ અહીં હિંદુ-ધર્મના સંતોને લક્ષ્યમાં રાખ્યા છે એમ સમજાય છે. પ્રારંભમાં આપેલ 'પંચપ્રતીક'ની સમજ અનિવાર્ય નથી લાગતી. જ્ઞાનદેવના ચરિત્રમાં જ્ઞાનદેવ, નિવૃત્તિનાથ, મુક્તાબાઈની મહાસમાધિ અંગે માહિતી મળે છે. સોપાન અંગેની માહિતીની અપેક્ષા રહે છે. વિદ્યારણ્યના ગ્રંથોનો ઉલ્લેખ તેમના ચરિત્રમાં થયો હોત તો વધુ ઉચિત લાગત. એ ઉલ્લેખ સાયણાચાર્યના ચરિત્રને અંતે આવે છે. ભક્તકવિ જયદેવનો જન્મ "આજથી આઠસો વર્ષ પહેલાં થયો હતો, આજે પણ કેન્દુલીમાં 'જયદેવઠાકુરનું પુકુર' નામે મોટું તળાવ છે, જયદેવ ઠાકુરનું ખંડેર ઘર પણ છે અને આઠસો વર્ષથી દર વર્ષે ત્યાં જયદેવ ઠાકુરના નામે વૈષ્ણવોનો મોટો મેળો ભરાય છે" (ભાગ ૧ પૃ. ૨૯૦). જન્મને આઠસો વર્ષ થયાં અને તેમના નામે ભરાતા મેળાનેય આઠસો વર્ષ થયાં એ વિગતમાં વિસંગતિ જણાય છે. બહિણાબાઈના ચરિત્રમાં પુંડલિકનો સંદર્ભ આવે છે. "તેઓ પંઢરપુરમાં તપસ્યા કરતા હતા. એમની ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાન શ્રીકૃષ્ણ બાળકનું રૂપ લઈને તેમની આગળ પ્રગટ થયા ત્યારે પુંડલિકે એમને બેસવા માટે એક ઈંટ ધરી દીધી." (ભાગ ૧ પૃ. ૩૧૯) પુંડલિક વિષેની પ્રચલિત માહિતી કરતાં આ જુદી પડે છે. પુંડલિક માબાપની સેવા કરતો હતો. એથી ભગવાન પ્રસન્ન થઈ પ્રગટ થયા પણ માતાપિતાની ચરણસેવા ચાલતી હતી તેથી ભગવાનને વાટ જોવા સૂચવી પુંડલિકે ભગવાન તરફ ઈંટ ફેંકી એના પર ઊભા રહેવા કહ્યું હતું એવી પ્રચલિત કથા છે. શ્રી સમર્થ રામદાસના મોટા ભાઈનું નામ એક વખત ગંગાધર અને પછી ગદાધર છે. 'જલારામ બાપા અને ભોજો ભગત' એક જ પ્રકરણમાં સમાવિષ્ટ છે. એટલે ભોજાની વાત કરતાં ફરી પાછું જલારામચરિત્રનું અનુસંધાન મળે છે, જે જલારામચરિત્ર સાથે જ અપેક્ષિત છે. ભોજાની "પ્રાણિયા ભજી લે ને કીરતાર" જેવી કેટલીક જાણીતી કૃતિઓનાં અવતરણો આપી શકાયાં હોત. ભોજાનું ચરિત્ર આનુષંગિક જેવું બની ગયું છે. 'વિશુદ્ધાનંદ પરમહંસ'માં ભોળાનાથ અને તેના ગોઠિયા હરિપદ, બન્નેને આંખે પાટા બાંધી સ્વામી નીમાનંદ એમને તિબેટના ગુપ્ત 'જ્ઞાનગંજ યોગાશ્રમ'માં લઈ જાય છે. ત્યાં ગુરુદેવ મહર્ષિ જ્ઞાનતપા બન્નેના મસ્તક પર હાથ મૂકી તેમનામાં શક્તિસંપાત કરે છે, બીજમંત્રથી દીક્ષા આપે છે, તેમને ભૃગુરામ પરમહંસ અને શ્યામાનંદ પરમહંસના હવાલામાં મૂકે છે. ત્યાર પછી ભોળાનાથ (વિશુદ્ધાનંદજી)ની યોગસાધનાની વિગત મળે છે પણ બીજા છોકરાનું શું થયું તે અંગે કંઈ વિગત મળતી નથી. એ અંગેનું કુતૂહલ એમનું એમ રહી જાય છે. કેટલીક છાપભૂલોમાં સાલસંવતની છાપભૂલો ગેરસમજ ઊભી કરે છે દા. ત. બ્રહ્મર્ષિ રામમોહનરાયનું મૃત્યુ ઈ. સ. ૧૭૩૩માં, વિનોબાનો ગૃહત્યાગ ૧૯૫૬માં, રામકૃષ્ણ પરમહંસનો જન્મ ૧૯૩૬માં, ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ મુંબઈ આવ્યા ૧૮૭૦માં વગેરે.

લેખકની વિદ્વતા અને તેમનું ભક્તહૃદય પુસ્તકના પાનેપાને જણાય છે. આવાં ચરિત્રોનો ભા. ૩ લેખક પાસેથી મળે એવી અપેક્ષા રહે છે. બે ભાગની કિંમત રૂ. ૧૩૬/-ને બદલે ઘટાડીને રૂ. ૮૦/-કરી તે અનુકરણીય ગણાય.

પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, ટિળક રોડ,
સયાજીગંજ ટાવર સામે, વડોદરા-૩૯૦ ૦૦૨.

દેવદત્ત જોશી

* * *

**'મહેક'** : લેખક : પ્રા. મહેબૂબ યુ. દેસાઈ, પ્રકાશક : પોતે, રૂવાપરી રોડ, સાંઢિયાવાડ નાકા સામે, ભાવનગર–૩૭૦ ૦૦૧, આવૃત્તિ ૧, ૧૯૮૬, પૃષ્ઠ ૮ + ૬૪, કિંમત : લખી નથી.

ઇતિહાસના અધ્યાપક લેખકે થોડામાં ઘણું કહીને નવી પેઢીને પ્રેરક વાચન પૂરું પાડવાના ઉદ્દેશથી આ પુસ્તક લખ્યું છે. ઢેબરભાઈ, રવિશંકર મહારાજ, ડૉ. જીવરાજ મહેતા, ભાઈકાકા, ઠક્કરબાપા, અઝીમુલ્લાખાં, મીરાંબહેન અને રામપ્રસાદ બિસ્મિલ વગેરે આઠ દેશભક્તોનાં રેખાચિત્રોમાં તથ્યોની રસપ્રદ રજૂઆત કરી તેમના જીવનની સુવાસ વાચક સુધી પ્રસરે એવા આશયથી તેમણે સંગ્રહનું સાર્થક નામ 'મહેક' રાખ્યું છે. વાર્તાના પ્રચાર અને પ્રસારના જમાનામાં વાર્તારૂપે પ્રેરક વાચન જીવનચરિત્રો પૂરાં પાડી શકે. એ હેતુસર વાર્તારસ સાથે જીવનરસ સંમિલિત કરી આવાં પુસ્તકો લખાય તે ઇચ્છનીય છે. આમાંના ઢેબરભાઈ, રવિશંકર મહારાજ જેવાં ચરિત્રો અન્ય લેખકોએ પણ આપ્યાં છે. પરંતુ મહેબૂબ દેસાઈ પોતાની દૃષ્ટિથી પ્રસંગોને પસંદ કરી પોતાના ઉદ્દેશને વફાદાર રહી ચરિત્રનું અંતમાં પ્રેરણાત્મક વાક્યથી સમાપન કરે છે.

ચરિત્રોનું આલેખન ઐતિહાસિક ક્રમમાં ન આપતાં ચરિત્રનાયકના વ્યક્તિત્વને ઉપસાવી આપે એવા કોઈ પ્રસંગથી શરૂઆત કરીને લેખક ચરિત્રનાયક પ્રત્યે આકર્ષણ પેદા કરી શક્યા છે. સામાન્ય માણસમાં રહેલી અસામાન્યતા જેવી ગાંધીજીમાં છે તેવી જ ઢેબરભાઈમાં દૃષ્ટિગોચર થાય છે. વકીલ તરીકે સત્યના આગ્રહી ઢેબરભાઈના વિદ્યાર્થી તરીકેની તેમની મર્યાદાઓના પ્રસંગોમાં ગાંધીજીના જીવનપ્રસંગોનું સ્મરણ થાય છે. એ રીતે ઢેબરભાઈ સાચા અર્થમાં ગાંધીજીના અનુયાયી હતા. પોતાની પત્નીના અવસાનસમયે ઢેબરભાઈ સરકારે મૂકેલ શરતની સામે અડગ રહ્યા એ પ્રસંગ પણ ગાંધીજીના જીવનમાં કસ્તુરબાના મરણપ્રસંગનું સ્મરણ કરાવે છે.

રવિશંકર મહારાજના ચરિત્રની વાત સ્થૂળ વ્યક્તિત્વથી કરીને લેખકે આ ચરિત્ર-નિરૂપણને બીબાંઢાળ બનતું અટકાવ્યું છે. અહીં તેમણે મેઘાણીના 'માણસાઈના દીવા'માંના પ્રસંગોનો આધાર લીધો હોય તેમ જણાય છે. રાષ્ટ્રીય ચળવળમાં મહારાજે ઝંપલાવ્યું તેની વિગતમાં મહારાજના વ્યક્તિત્વ સાથે ગાંધીજીનું વ્યક્તિત્વ વણાતું જાય છે. 'માણસાઈના દીવા'માંથી જે નથી મળતી એવી કેટલીક બાબતો આ પુસ્તકમાંથી જાણવા મળે છે. વ્યક્તિત્વના મૂલ્યાંકન માટે લેખક અન્યના અભિપ્રાયો ટાંકે છે. મૂલ્યાંકન લેખક પોતે કરતા નથી.

જીવરાજભાઈના વ્યક્તિત્વનું સૌથી ઉપર તરી આવતું લક્ષણ 'માનવતા' અનેક પ્રસંગ દ્વારા લેખક પ્રગટાવી શક્યા છે. ભાઈકાકાના વ્યક્તિત્વનાં અનેકવિધ પાસાંઓમાં ઇજનેર તરીકેની બાહોશી અને વહીવટદાર તરીકેનું દૂરંદેશીપણું જોવા મળે છે. મુસ્લિમ યુવાનો સાથેના પ્રસંગમાં એમની સ્વસ્થતા અને અભ્યાસ તથા સામાને વશ કરવાની આવડતનો પરિચય થાય છે. અનેક મુશ્કેલીઓનો સામનો કરી શૂન્યમાંથી સર્જન કરનાર ભાઈકાકા સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યાપીઠના વિશ્વકર્મા હતા. આ કાર્ય કરવાની પ્રેરણા આપનાર સરદારશ્રી પોતે હતા. એ પ્રસંગનું લેખકે નિરૂપણ કર્યું હોત તો ચિત્રણ વધુ સચોટ બનત. અહીં જે ચરિત્રો લેખકે

પસંદ કર્યાં છે તે સર્વેનાં અનેકવિધ પાસાંઓ છે. તેમની શક્તિઓ વિવિધ ક્ષેત્રે ખીલી છે. સ્વ–હૃદયની કોઈક ગૂઢ શક્તિ જ અન્ય શક્તિઓના વિકાસમાં કારણભૂત હોય છે એવી છાપ સમગ્ર પુસ્તક વાંચતાં પડે છે. ઠક્કરબાપા વ્યકિત તરીકે પ્રામાણિક છે. કદાચ એ શક્તિમાંથી જ લોકોપયોગી સંસ્થાઓમાં, કેળવણીના ક્ષેત્રે અને તાતા કંપનીના મજૂરો માટેના આયોજનમાં આયોજક તરીકે તેઓ સફળ થઈ શકયા છે.

આ ચરિત્રોમાં લગભગ અજાણ્યું વ્યક્તિત્વ કહી શકાય એવા અઝીમુલ્લાખાં પણ સામેલ છે. મોટાભાગનાં ચરિત્રો આધુનિક છે. તેમાં અઝીમુલ્લાખાં ગત સમયના ગણાય. ગાંધીજીની પુત્રીસમાન મીરાંબહેન મેડેલીન સ્લેડ એક અંગ્રેજ અમલદારની પુત્રી હતાં. મીરાંબહેન અંગ્રેજ-શાસન સામે જેહાદ જગાડનાર ગાંધીજીનાં અંતેવાસી શી રીતે બન્યાં એ બાબતના નિરૂપણને લેખક હૃદયસ્પર્શી બનાવી શકયા છે. અલ્પ શબ્દોમાં લેખક ગાંધીજીની પ્રતિભાની વિરાટતાને આ રેખાચિત્રમાં પ્રગટ કરી શકયા છે. ગાંધીજીની અહિંસક ક્રાંતિમાં જોડાનાર અન્ય વ્યક્તિઓની સાથે રામપ્રસાદ બિસ્મિલ જેવા હિંસક ક્રાંતિકારીનું ચરિત્ર આલેખીને લેખકે સમતુલા સાચવી છે. લેખકના મનમાં દેશભક્તિ કેન્દ્રમાં છે એવું સ્પષ્ટ થયા વિના રહેતું નથી. લેખક આ સંગ્રહમાં હજી વધારે રેખાચિત્રો આપી શકયા હોત તો વધુ ઉપકારક બનત.

પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ.
યુનિવર્સિટી, વડોદરા.

ઉષા બ્રહ્મચારી

* * *

**ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ ૮ :** બ્રિટિશકાલ (ઈ. સ. ૧૯૧૪ સુધી) સંપાદકો : હરિપ્રસાદ ગં. શાસ્ત્રી અને પ્રવિણ ચિ. પરીખ, પ્રકાશક : ભો. જે. અધ્યયન–સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃતિ; ઈ. સ. ૧૯૮૪, પૃ૪; ૬૩૫, કિંમત : રૂ. ૨૦ = ૪૦ પૈ.

"ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ"ની ગ્રંથમાલામાં પ્રકાશિત થયેલ ગ્રંથોમાં આ ૮મો ગ્રંથ છે. ગુજરાત રાજ્યની સહાયથી આ ગ્રંથમાલા પ્રગટ થતી રહી છે.

આ ગ્રંથના સંપાદકો હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવિણભાઈ પરીખ ગુજરાતના જાણીતા ઇતિહાસવિદો છે. તેઓ ઇતિહાસસંશોધનમાં ચોકસાઈ અને ઝીણવટના ખૂબ આગ્રહી છે. તદ્‌ઉપરાંત સાધનોની મર્યાદાઓને ખ્યાલમાં રાખી નિષ્પક્ષ ઇતિહાસલેખન માટે તેઓ જાણીતા છે. તેઓની સેવાઓ આ ગ્રંથમાલાના લખાણમાં અને પ્રકાશનમાં મળી છે તેને હું ગુજરાતનું અહોભાગ્ય ગણું છું.

ચાર ખંડો અને ત્રણ પરિશિષ્ટોમાં વહેંચાયેલા આ બહુપૃષ્ઠ ગ્રંથમાં અનેક વિદ્વાનોનાં સંશોધન અને રસવિષયો પર આધારિત લેખો છે. પ્રત્યેક પ્રકરણના વિભાગોમાં વિવિધ લેખકોનાં લખાણોનો સમાવેશ થયેલો છે.

પ્રથમ ખંડમાં આ ગ્રંથના લેખન માટે જે ઐતિહાસિક સામગ્રી ઉપયોગમાં લેવાયેલી છે તેની છણાવટ થયેલી છે. એક રીતે આ ખંડમાં સામાન્ય વાચકને ખ્યાલમાં રાખીને આધુનિક કાલના ઇતિહાસલેખનમાં કયાં ઐતિહાસિક સાધનો ઉપલબ્ધ છે એટલું જ નહિ પણ તેનો ઉપયોગ કઈ રીતે થાય છે તેનો ખ્યાલ રખાયેલ છે. આ ઉપરાંત નવા સંશોધનકારને પણ ઐતિહાસિક સાધનો અંગેનું આ ખંડના વાચનથી માર્ગદર્શન મળે તેવી દૃષ્ટિ રખાઈ છે. સરકારી દફતર-ભંડારો, સાહિત્યિક સામગ્રી, પુરાતત્ત્વીય સામગ્રી વગેરે વિવિધ સામગ્રી અંગે અહીં છણાવટ થયેલી છે. ઇતિહાસઅધ્યયન અને સંશોધનમાં હમણાં હમણાં આપણે તત્કાલીન સાહિત્યને મહત્ત્વ આપતા થયા છીએ. સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય કે ધાર્મિક બાબતો પર સાહિત્ય પરોક્ષ રીતે તેનો પ્રતિભાવ પાડતું હોય છે, અને આ દૃષ્ટિએ ઇતિહાસના અધ્યયનમાં તેનું ઉચિત મૂલ્ય આંકવું જોઈએ. આ ખંડમાં તેની યોગ્ય માવજત થઈ છે.

બીજા ખંડમાં રાજકીય ઇતિહાસની છણાવટ થયેલી છે. અંગ્રેજોના આગમનની પૂર્વ-ભૂમિકા સાથે છેક ઈ. સ. ૧૯૧૪ સુધીના ગુજરાતમાં બ્રિટિશશાસનના વિકાસની તેમાં માહિતી છે. અનેક દેશી રાજ્યો ધરાવતો આપણો પ્રદેશ બ્રિટિશ ગુજરાત કરતાં ભિન્ન રહ્યો છે. આથી ઐતિહાસિક દૃષ્ટિએ તેની અલગ મૂલવણી જરૂરી બને છે. આ ખંડમાં આપણાં દેશી રાજ્યોના રાજકીય ઇતિહાસની અલગ રજૂઆત થઈ છે તે ઉચિત છે. રાજકીય ઇતિહાસની છણાવટ ઉપરાંત બ્રિટિશ રાજતંત્રને સમજાવતું અલગ પ્રકરણ અહીં લખાયેલું છે. ગુજરાતમાં બ્રિટિશ તાબા હેઠળના પ્રદેશનો અહીં ખ્યાલ આપ્યો છે. દેશી રાજ્યોના રાજ્યવહીવટનો પણ અહીં અલગ ઉલ્લેખ થયેલો છે. રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદના ઉદ્ભવ અને વિકાસનું નિરૂપણ થયેલું છે. થોડાં પૃષ્ઠોમાં ઘણીબધી માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. ટૂંકમાં ગુજરાતના ૧૯૧૪ સુધીના ઇતિહાસની વિકાસગાથાની અહીં રજૂઆત થઈ છે.

ત્રીજો ખંડ સાંસ્કૃતિક ઇતિહાસ બાબતે છે. ગુજરાતનાં સમાજજીવન, આર્થિક પરિસ્થિતિ, કેળવણી તેમ જ ભાષા અને બોલી વિશેની વિસ્તૃત માહિતી વિવિધ પ્રકરણોમાં આપવામાં આવી છે. આ ખંડ એક રીતે ઘણો મહત્ત્વનો છે કારણ કે ઔદ્યોગિક ક્રાંતિના પગલે જે આર્થિક વિષમતાઓ ઊભી થઈ હતી તે સામે ગુજરાતે શો પ્રતિભાવ પાડ્યો હતો તે જાણવું રસપ્રદ થઈ પડે. *આર્થિક વિકાસના ક્ષેત્રે ગુજરાત સમગ્ર ભારતમાં આગવું સ્થાન ધરાવે છે.* તેનો સદીઓનો ઇતિહાસ આ બાબતની સાક્ષી પૂરે છે. આધુનિક કાલમાં પણ ઔદ્યોગિક ક્રાંતિ દ્વારા નિર્માણ થયેલી નવી આર્થિક પરિસ્થિતિને ગુજરાતે સમજીને અપનાવી. પરિણામે સમગ્ર ભારતને અર્થઉપાર્જનના ક્ષેત્રે તેણે આ દ્વારા નવો રાહ ચીંધ્યો. આમ આ ખંડનાં પ્રકરણો રસપ્રદ છે. તેના લેખકો ગુજરાતના આર્થિક ઇતિહાસના તજ્જ્ઞો છે અને તેમણે આ બાબતે પૂરતો ન્યાય આપ્યો છે. કેળવણીવિષયક પ્રકરણ જૂની અને નવી કેળવણી અંગે વિસ્તૃત માહિતી આપે છે. ગુજરાતી ભાષાના વિકાસમાં પરંપરાનું સાહિત્ય, ભાષા અને બોલી વગેરે બાબતોનો ઉલ્લેખ થયો છે. કોઈપણ પ્રજાના સંસ્કારોને સમજવા માટે તેની ભાષા એક મહત્ત્વનો માપદંડ છે. ગુજરાતી સાહિત્યના અને ભાષાના અધ્યયનથી ગુજરાતના સાંસ્કૃતિક જીવનનો ખ્યાલ આવે છે. આમ આ પ્રકરણોને અહીં સમાવિષ્ટ કરીને સંપાદકોએ ગુજરાતના સાંસ્કૃતિક જીવનને સમજવા માટે નક્કર ભૂમિકા પૂરી પાડી છે.

આ પુસ્તકનું સંપાદન કરવામાં સંપાદકોએ ઘણી જહેમત ઉઠાવી છે એ સ્પષ્ટ દેખાય છે. અનેક લેખકોએ પોતાના અધ્યયનના આધારે આ ગ્રંથમાં પ્રકરણો લખ્યાં છે. આ લેખકોની અભ્યાસપદ્ધતિ, હેતુ અને ઐતિહાસિક સાધનસામગ્રીનો ઉપયોગ કરવાની દૃષ્ટિમાં વિવિધતા રહે એ સ્વભાવિક છે. આને કારણે ઘણી વખત સંપાદિત થયેલા ગ્રંથોમાં અનેક પ્રકારની ક્ષતિઓ જોવા મળે છે. સરલતા અને એકવાકયતાનો ખાસ કરીને આવા ગ્રંથોમાં અભાવ વર્તાય છે. આ ગ્રંથના સંપાદકોએ આ બાબતનો પૂરતો ખ્યાલ રાખ્યો છે અને શકય તેટલી ક્ષતિઓ તેઓ નિવારી શક્યા છે. આથી આ ગ્રંથ વાચકો અને વિદ્યાર્થીઓ માટે રસપ્રદ બનશે એમાં શંકા નથી.

ઇતિહાસ વિભાગ, મ. સ.
વિશ્વવિદ્યાલય, વડોદરા–૩૯૦ ૦૦૨.

એસ. કે. દેસાઈ

* * *

**બેતાલીસમાં ગુજરાત :** લેખક : ડૉ. જયકુમાર ર. શુકલ, પ્ર. : ડૉ. જયકુમાર ર. શુકલ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ફેબ્રુઆરી ૧૯૮૫, પાન ૯૬, કિં. : રૂા. ૧૫=૦૦.

ડૉ. જયકુમારનું આ લઘુપુસ્તક આમ તો તેમણે લખેલ, "હિંદછોડો લડતમાં અમદાવાદનું પ્રદાન" એ વિષય પર લખેલ મહાનિબંધ (Thesis)નું વિસ્તૃત અધ્યયન છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સંશોધનસહાયથી તેમણે આ દિશામાં સંશોધન કરી જુદાં જુદાં સામયિકોમાં લખેલા વિવિધ લેખોનો અહીં સંગ્રહ કરીને પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરેલ છે.

આઠ સંશોધનલેખોમાં વહેંચાયેલા આ લઘુ પુસ્તકમાં તેમણે સૌરાષ્ટ્ર ઉપરાંત અમદાવાદ, ભરૂચ, સૂરત, ખેડા તેમ જ પંચમહાલ જિલ્લાઓમાં થયેલ ચળવળનો ખ્યાલ આપ્યો છે.

"હિંદછોડો લડતનાં પરિબળો" આ લેખમાં તેમણે ગાંધીજીના મનોવલણનું સુંદર વિશ્લેષણ કર્યું છે. અહિંસાના જોરે સ્વાતંત્ર્યપ્રાપ્તિનો દૃઢ સંકલ્પ ગાંધીજીએ કર્યો હતો. સમગ્ર લડતને ગાંધીજીએ કેવી રીતે નેતૃત્વ પૂરૂં પાડ્યું તેનો તેમણે ઉલ્લેખ કર્યો છે. નૈતિક હિંમત, અડગતા અને ધ્યેયપ્રાપ્તિ માટે બલિદાન જરૂરી છે આ બાબત આપણી પ્રજાને ગાંધીજીએ શીખવી હતી. આને હું સમગ્ર રાષ્ટ્રના ચારિત્ર્યઘડતરના એક અભિયાન તરીકે ગણું છું. ગાંધીજીએ આમાં ઉલ્લેખનીય સિદ્ધિ હાંસલ કરી હતી. અને તેથી સ્વાતંત્ર્યપ્રાપ્તિના સંગ્રામમાં રાષ્ટ્રીય ચારિત્ર્ય એક મહત્ત્વનું પરિબળ બને છે. ડૉ. શુકલે ગાંધીજીએ મહાસમિતિ આગળ આપેલ ભાષણના એક ફકરાનો ઉલ્લેખ કર્યો છે (પાન–૪) અને આમ આ ફકરા દ્વારા લેખકે પરોક્ષ રીતે આ બાબત સ્પષ્ટ કરી છે.

અમદાવાદ, પંચમહાલ, ખેડા, સૂરત અને ભરૂચ જિલ્લાઓમાં પ્રસ્તુત ચળવળનાં મૂળ વિકાસ અને સ્થાનિક નેતાગીરીના ઉદય ઉપરાંત હિંસક અને અહિંસક લડતના મિશ્રણનું સુંદર આલેખન થયું છે. ગાંધીજીએ સમગ્ર રાષ્ટ્રીય ચળવળમાં નેતાગીરીની બીજી હરોળ (Second line of leadership)ને વિકસાવી હતી અને પરિણામે સગ્રમ દેશ રાષ્ટ્રાભિમાનથી એક રહ્યો. કમનસીબે આજે સ્થાનિક નેતાગીરીનો અભાવ છે અને રાષ્ટ્રીય ચારિત્ર્યનો લોપ થયો છે. આને

કારણે રાષ્ટ્ર ખંડનાત્મક પ્રવૃત્તિઓનું ભોગ બન્યું છે. દેશ સમક્ષ આજે રાષ્ટ્રીય ઐક્ય જાળવવાનો મહત્ત્વનો પ્રશ્ન છે. ડૉ. જયકુમાર શુકલે આ બાબતનો સ્પષ્ટ ખ્યાલ આપ્યો હોત તો પુસ્તક વધુ રસપ્રદ બનત. ખેર ! આમ છતાં ડૉ. શુકલે એક નિષ્પક્ષ સંશોધકનાં અહીં દર્શન કરાવ્યાં છે એની ખાસ નોંધ લેવી ઘટે.

"સૌરાષ્ટ્રમાં હિંદછોડો આંદોલન" એ શોધલેખમાં તેમણે સમગ્ર સૌરાષ્ટ્રના પ્રદેશને આવરી લીધો છે. લેખકે આમ કરવાનાં સબળ કારણો આપ્યાં છે. સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યો સ્વાતંત્ર્યચળવળના અધ્યયન માટે વિપુલ ઐતિહાસિક માહિતી ધરાવે છે. આમ છતાં આ દેશી રાજ્યોનાં એકમોને બદલે લેખકે સમગ્ર સૌરાષ્ટ્રનો ખ્યાલ રાખીને બેંતાલીસની ચળવળનું અધ્યયન કર્યું છે. તેમના મતે વિશિષ્ટ સામાજિક લક્ષણ અને સમાન બહારવટિયાની પરંપરા (પાન ૨૪) સૌરાષ્ટ્રના જુસ્સા (Spirit)ને સમજવા માટે તેમનું અધ્યયન જરૂરી છે. આ પૂર્વભૂમિકાના સંદર્ભમાં તેમણે સૌરાષ્ટ્રની ચળવળનું અધ્યયન કર્યું છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં કેવી રીતે નવી નેતાગીરીનો ઉદ્‌ભવ થયો તેની લેખકે છણાવટ કરી છે. અને આ જ નેતાગીરીએ સમયકાલે દેશી રજવાડાંઓ સામે ટક્કર ઝીલી પ્રજાને લડત માટે સજ્જ કરી હતી. આમ જૂજ પૃષ્ઠમાં લખાયેલા આ નિબંધમાં રાષ્ટ્રીય ચળવળમાં સૌરાષ્ટ્રના ફાળાનું સફળતાપૂર્વક નિરૂપણ થયેલું છે.

છેલ્લે, ઇતિહાસનું સંશોધન, કેવી સામગ્રી પર સંશોધક આધાર રાખે છે અને આ સામગ્રીનો તે કેવો ઉપયોગ કરે છે, તેના પર નિર્ભર છે. ઇતિહાસમાં સાતત્ય એ મૂળભૂત હેતુ છે. ડૉ. શુકલ આ બાબતે અભિનંદનને પાત્ર છે. તેમણે આ લેખો લખવામાં વિપુલ ઐતિહાસિક સામગ્રીના ઉપયોગ સાથે oral Historyનો પણ કાળજીપૂર્વક ઉપયોગ કર્યો છે. અનેક સ્વાતંત્ર્ય-સેનાઓની મુલાકાત લઈ તેમની પાસેથી માહિતી એકઠી કરીને અહીં તેમણે સંકલન કર્યું છે.

આમ આ લઘુ પુસ્તિકા ગુજરાતી વાચકો માટે ઉપયોગી વાંચન પૂરું પાડશે અને આશા રાખીયે કે લેખક સ્વાતંત્ર્યચળવળ પર વધુ ને વધુ લેખો લખીને આપણી નવી પેઢીને માર્ગદર્શન આપશે.

ઇતિહાસ વિભાગ, એમ. એસ.
યુનિવર્સિટી, વડોદરા.

**એસ. કે. દેસાઈ**

* * *

**ભટ્ટિકાવ્ય : એક અધ્યયન :** લેખિકા ડૉ. નીલાંજના સુ. શાહ, પ્રકાશક : સંવિદ સુ. શાહ, ૧૮, સ્વૈરવિહાર સોસાયટી, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ૧૯૮૭, પૃ. ૨૨૮+૨, કિંમત રૂા. ૪૫=૦૦.

પ્રા. ડૉ. નીલાંજનાબહેન સુ. શાહનું આ પુસ્તક સુજ્ઞ વિદ્વાનો માટે ખૂબ જ આવકાર્ય છે. ભટ્ટિકાવ્ય કે જે કાવ્યની રીતે ઉત્કૃષ્ટસર્જન તો છે જ ઉપરાંત તેમાં કવિએ વ્યાકરણશાસ્ત્ર તથા કાવ્યશાસ્ત્રના કેટલાક નિયમો, સૂત્રો ઈત્યાદિનું તાણાવાણાની જેમ કાવ્યબદ્ધ ગ્રથન કર્યું છે.

વ્યાકરણ તથા સાહિત્યશાસ્ત્રના સુભગ સમન્વયના ઉત્તમ નમૂનારૂપ આ કૃતિનું વિવેચન કરવા માટે બુદ્ધિની પરિપકવતા તથા અથાગ પરિશ્રમ અનિવાર્ય છે. ડૉ. નીલાંજનાબહેને આ કાર્ય પાર પાડી તે પુરવાર કર્યું છે તેની પ્રસ્તુત પુસ્તકનું પ્રત્યેક પૃષ્ઠ સાક્ષી પૂરે છે.

આ ગ્રન્થમાં આઠ પ્રકરણો તેમ જ પાંચ પરિશિષ્ટમાં કવિ, તેમની કૃતિ તથા તેમાં આવતા વિષયોની સમીક્ષા તથા વિશદ અધ્યયન રજૂ કરેલ છે.

પ્રથમ પ્રકરણ 'કૃતિ તથા કર્તા'માં લેખકે ગુજરાતની વિદ્યાકીય પરમ્પરાનો પરિચય ભૌગોલિક સ્થિતિ તથા ઐતિહાસિક ઉલ્લેખોને ઉદ્ધૃત કરી આપેલ છે. 'રાવણવધ' આ શીર્ષક કવિભટ્ટિને અભિપ્રેત હોવા છતાં કવિની નામનાને કારણે આ કાવ્ય ભટ્ટિકાવ્યના નામથી લોકપ્રિય બન્યું છે. આ વાત હસ્તપ્રતો તથા ટીકાકારોનો અભ્યાસ કરી દર્શાવેલ છે. તદુપરાંત કર્તાનું જીવન, વતન, સમય ઈત્યાદિ વિષયો અંગે વિવિધ મતમતાંતરો; તેમ જ પૌર્વાત્ય તથા પાશ્ચાત્ય વિદ્વાનોનાં મન્તવ્યોનો ઉલ્લેખ કરી પ્રસ્તુત વિષયને પૂર્ણ કસોટીના ધોરણે ચઢાવી અંતે એ નિષ્કર્ષ ઉપર આવ્યાં છે કે કવિશ્રી ભટ્ટિ છઠ્ઠી સદીના છેલ્લા ચરણથી સાતમી સદીના પૂર્વાર્ધ સુધીમાં થઈ ગયા હોવા જોઈએ. આમ લેખકે ગ્રંથના પ્રથમ પ્રકરણમાં જ આશરે ૨૫થી વધારે ગ્રન્થોનાં ઉદ્ધરણો લઈ પ્રસ્તુત ગ્રન્થવિવેચનના પાયાને મજબૂત બનાવ્યો છે.

પ્રકરણ ૨ ભટ્ટિકાવ્યના કથાનકનો સાર તથા રામાયણકથા સાથેની તુલના એ શીર્ષક હેઠળ કાવ્યનું કથાવસ્તુ તથા મૂળ કથાવસ્તુની તુલના કરી, કવિએ જે ફેરફારો કર્યા છે તે દર્શાવ્યા છે. તેમ જ કાવ્યના પ્રત્યેક સર્ગમાં આગળ વધતા કથાવસ્તુનો સર્ગ પ્રમાણે સાર સરળ ભાષામાં આપ્યો છે, જેનું વાંચન, વાચકને સંપૂર્ણ કાવ્ય વાંચ્યાની ગરજ સારે તેમ છે. તદુપરાંત કવિએ કરેલા મહત્ત્વના ઘટાડા, ફેરફાર તેમ જ ઉમેરાઓ દર્શાવી લેખિકાએ સંતોષ ન માનતાં તેવા ફેરફાર કરવાનું કારણ અને તેના પરથી અન્ય અનુમાનો પણ વ્યક્ત કર્યાં છે.

પ્રકરણ ૩ 'ભટ્ટિની વિદ્વતા'માં કવિનું વિવિધ શાસ્ત્રોનું જ્ઞાન તેમ જ વિશાળ દષ્ટિકોણનો સુંદર રીતે પરિચય આપ્યો છે, જેમાં કાવ્યમાં કવિએ કરેલા વિવિધ ઉલ્લેખોને આધારે અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે, જે લેખિકાના વિશદ જ્ઞાન સિવાય પ્રકાશમાં ન લાવી શકાયો હોત. છતાં કયાંક અતિશયોક્તિ જણાય છે, જેમ કે વિવિધ પ્રકારના અપશુકન ઈત્યાદિનો ઉલ્લેખ મળે અથવા તો કયાંક સામુદ્રિકશાસ્ત્રની વાત આવે તેના આધારે એવું અનુમાન કરવું કે કવિ આ શાસ્ત્રના પૂર્ણ નિષ્ણાત છતા એ અતિશયોક્તિભરેલું જણાય છે.

પ્રકરણ ૪માં ભટ્ટિકાવ્યનું મહાકાવ્ય તરીકેનું પરીક્ષણ નિરૂપવામાં આવ્યું છે. પ્રસ્તુત કાવ્ય મહાકાવ્ય તરીકે સાંગોપાંગ નિયમબદ્ધ છે તે ચકાસી, નાયક, રસનિરૂપણ, આરંભ ઈત્યાદિ મહાકાવ્યનાં લક્ષણોને અહીં નિરૂપ્યાં છે. વળી કાવ્યમાં આવતા છંદોનું પણ સલક્ષણ તથા ઉદાહરણસહિત વિસ્તારપૂર્વકનું વિવેચન અહીં દષ્ટિગોચર થાય છે, જે લેખિકાની વિવેચનકાર્ય પ્રત્યેની સંપૂર્ણ વફાદારીની પ્રતીતિ કરાવે છે.

પ્રસ્તુત ગ્રંથના હાર્દસમાન પ્રકરણ ૫ અને ૬માં ભટ્ટિકાવ્યનો શાસ્ત્રકાવ્ય તરીકે સૂક્ષ્મેક્ષિકયા અવલોકન કરી બરાબર સમીક્ષા પ્રસ્તુત કરવામાં આવી છે. અહીં લેખિકાએ

જુદા જુદા આલંકારિકોના મત વ્યક્ત કરી શાસ્ત્રકાવ્યની વિભાવનાનો સંપૂર્ણ વિચાર કરી, સાહિત્યકૃતિઓમાં વ્યાકરણ મહદ્અંશે કયાં કયાં જોવા મળે છે તેનું પણ સંક્ષેપમાં નિરૂપણ કર્યું છે. ત્યારબાદ પ્રસ્તુતકાવ્યમાં આવતા વિવિધ કાંડોમાં ઉદાહૃત થયેલાં સૂત્રો તથા તેનું વિવરણ સુંદર રીતે કર્યું છે. તેમ જ ટીકાકાર જયમંગલ તથા મલ્લિનાથનાં વિવરણો પણ રજૂ કરી તેની સમીક્ષા પ્રસ્તુત કરી છે. કેટલેક ઠેકાણે પાણિનીય વ્યાકરણના ક્રમથી વિપરીતક્રમ કાવ્યમાં જોવા મળે છે તે અંગે લેખિકા ખુલાસો આપે છે કે આમ થવાનું કારણ કથાપ્રવાહ વિસંગત ન થાય તે હોઈ શકે અને કવિશ્રી ભટ્ટિ આ બાબતમાં હઠાગ્રહી નથી તે દર્શાવ્યું છે.

પ્રકરણ ૬માં શાસ્ત્રકાવ્ય તરીકે ભટ્ટિકાવ્યની સમીક્ષા કરતી વખતે લેખિકાએ આ કાવ્યના દસમાં સર્ગમાં ઉદાહૃત અલંકારોનું વિવેચન કરેલ છે, જે પાંડિત્યપૂર્ણ છે. અહીં અલંકારોનો ક્રમ પ્રકાર, પેટાપ્રકારનો નિર્દેશ કરી ભરત, ભામહ, ભોજ ઇત્યાદિ સાથે ભટ્ટિકાવ્યમાં ઉદાહૃત અલંકારોની તુલના કરી છે. અલંકારોની તુલના અને વિવેચન લેખિકાનું અલંકાર અંગેનું વિશદ જ્ઞાન પ્રગટ કરે છે.

'ભટ્ટિકાવ્યની લોકપ્રિયતા' એ શીર્ષક નીચેના પ્રકરણ–૭માં લેખિકાએ ૨૩ જેટલી ભટ્ટિકાવ્ય ઉપરની વિવિધ ટીકાઓનો ઉલ્લેખ કરી જણાવ્યું છે કે "ટીકાઓની સંખ્યા જોતાં ખ્યાલ આવે છે કે આ મહાકાવ્ય ભારતના લગભગ બધા જ પ્રદેશોના વિદ્વાનોની ચાહના મેળવી શક્યું હતું." આ પ્રકરણમાં ભટ્ટિકાવ્ય જેવાં અન્ય કાવ્યોની નોંધ લેવાનું પણ લેખિકા ચૂકયાં નથી.

ઉપસંહાર ઉપરાંત પાંચ પરિશિષ્ટોમાં લેખિકાએ પ્રસ્તુતકાવ્ય તથા કવિશ્રી ભટ્ટિ સાથે સંકળાયેલ ગ્રંથો, તેમના સમકાલીન કવિઓ, પ્રાચીન જાવાઈ રામાયણ સાથે તુલના કરી તેમ જ અન્ય આવા નાના મોટા વિષયોને આવરી લઈ સમીક્ષણ–વિવેચનના નિયમોને નજર સમક્ષ રાખી પ્રસ્તુત ગ્રંથને એક મહાનિબંધ તરીકે સુસજ્જ કર્યો છે.

એક બાબત તરફ લક્ષ જાય છે. તે એ છે કે લેખકે પાન નં.–૮૫ તથા પાન નં.–૧૯૧ ઉપર "કવિનો પ્રસ્તુત કાવ્યરચના પાછળનો ઉદ્દેશ વ્યાકરણ ભણાવવાનો છે. એમાં કાંઈક તથ્ય જણાય છે" આ મત પ્રગટ કર્યો છે. જે પ્રથમ પ્રકરણમાં 'કાવ્યરચનાનો હેતુ' એ શીર્ષક હેઠળ વ્યક્ત નથી કર્યો. જો ત્યાં આ વસ્તુનો ઉલ્લેખ વ્યક્ત કર્યો હોત તો પેટા શીર્ષક "કાવ્ય રચનાનો હેતુ" એને વિશેષ ન્યાય મળ્યો ગણાત.

સંક્ષેપમાં કહીએ તો ધ્યાનચૂક કારણે થયેલ એકાદ ભૂલ તેમ જ અનિવાર્ય મુદ્રણદોષોને બાદ કરતાં પ્રા. ડૉ. નીલાંજનાબહેનનું પુસ્તક એક ઉચ્ચકોટિનું સંશોધનાત્મક પુસ્તક હોઈ ખૂબ જ આવકાર્ય છે. વળી ગુજરાતમાં જ થઈ ગયેલા કવિ શ્રી ભટ્ટિની શ્રેષ્ઠકૃતિ ઉપર ગુજરાતનાં જ એક વિદુષીબહેનનું વિવેચનાત્મક અધ્યયન પ્રકાશિત થાય તે સર્વ ગુજરાતીઓએ ગૌરવ લેવા જેવી વાત છે. ડૉ. નીલાંજનાબહેનને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન.

સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત વિભાગ,
ફેકલ્ટી ઑફ આર્ટ્સ, વડોદરા–૩૯૦ ૦૦૨.

લાભશંકર એમ. જોશી

* * *

## સાભાર સ્વીકાર

૧ **સંસ્કારલક્ષી શિક્ષણ : ગ્રન્થ ૨ : નોંધપોથીઓ, ખંડ ૧ થી ૩ :** લેખક : કરુણાશંકર કુબેરજી ભટ્ટ, **પ્ર.** મંત્રીઓ, શ્રી કરુણાશંકર શતાબ્દી સમિતિ, C/o. ભો. જે. વિદ્યાભવન, ર. છો. માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૯, પૃ. ૬ + ૪૧૪, કિંમત : રૂા. ૨૪ = ૦૦.

૨ **સંસ્કારલક્ષી શિક્ષણ ગ્રંથ ૨ : નોંધપોથીઓ, ખંડ ૪ થી ૭ :** લે. અને **પ્ર.** ઉપર મુજબ, પૃ. ૭ + ૫૫૨, કિંમત : રૂા. ૩૫ = ૦૦.

૩ **ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ-ગ્રંથ (બ્રિટિશકાલ ઈ. સ. ૧૯૧૪ સુધીનો) :** લે. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, અને **પ્ર**વીણચંન્દ્ર ચિ. પરીખ, **પ્ર.** અધ્યક્ષ, ભો. જે. અધ્યયન–સંશોધન વિદ્યાભવન, ર. છો. માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૯ પૃ. ૩૧ + ૬૮૪ + ૨૪ ચિત્રો, કિંમત : રૂા. ૨૦ = ૪૦.

૪ **જૈન ગૂર્જર કવિઓ–ભાગ ૩ :** લે. સંગ્રાહક અને પ્રયોજક : મોહનલાલ દલીચંદ દેશાઈ, સંશોધિત સંવર્ધિત બીજી આવૃત્તિના સંપાદક જયંત કોઠારી, **પ્ર.** મંત્રીઓ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ–૪૦૦ ૦૩૬, પૃ. ૧૧ + ૩૯૫, કિંમત : રૂા. ૭૫ = ૦૦.

૫ **ભટ્ટિકાવ્ય : એક અધ્યયન :** લે. નીલાંજના સુ. શાહ, પ્ર. સંવિદ સુ. શાહ, ૧૮, સ્વૈર વિહાર સોસાયટી, ડૉ. વિક્રમ સારાભાઈ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૧૫, પૃ. ૮ + ૨૩૦, કિંમત : રૂા. ૪૫ = ૦૦.

૬ **મહામાનવ રોમારોલાં :** લે. ભોગીલાલ ગાંધી, પ્ર. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, એ–૩, જ્યુપિટર એપાર્ટમેન્ટસ, વડોદરા–૩૯૦ ૦૦૫, પૃ. ૩૬, કિંમત : રૂા. ૪ = ૦૦.

૭ **મા : મેકિસમ્ ગોર્કીની નવલકથા ‘મધર’નો સારાનુવાદ :** લે. અને પ્ર. ઉપર મુજબ, પૃ. ૨૮ + ૪, કિંમત : રૂા. ૪ = ૦૦.

૮ **નીતિશાસ્ત્ર :** લે. હરસિદ્ધ મ. જોષી, પ્ર. ઉપર મુજબ, પૃ. ૬૨, કિંમત : રૂા. ૧૦ = ૦૦.

૯ **રણનું પુષ્પ :** સારાનુવાદ : માવજી કે. સાવલા, **પ્ર.** ઉપર મુજબ, પૃ. ૪૪, કિંમત : રૂા. ૬ = ૦૦.

૧૦ **હોળીગીતો :** લેખક અને પ્ર. જયાનંદ જોષી, ૧૦/૬૧, રાયચંદ રોડ, નવસારી–૩૯૬ ૪૪૫, પૃ. ૬ + ૧૭ + ૧૦૨, કિંમત : રૂા. ૧૮ = ૦૦.

૧૧ **યાદે અથામ :** લે. મૌલાના હકીમ સૈયદ અને અબ્દુલ હય હસની (રહ.), પ્રવેશક: પ્રોફેસર ખલીફ અહમદ નિઝામી સાહેબ, અનુવાદ: અબ્દુલ કાદિર ફાતીવાલા, 'મજલિસે તહકીકાત વ નશ્રીયાતે ઈસ્લામ', (ઈસ્લામી સંશોધન અને પ્ર. અકાદમી) પો. બો. નં. ૧૧૯, (નદવતુલ ઉલમા) લખનૌ (યુ. પી.), પૃ. ૨૨૪, કિંમત: છાપેલ નથી.

૧૨ **ગરબો ઘૂમે ઘર ઘર આંગણુ :** લે. વાસુદેવ વિ. પાઠક, શ્રી રતિલાલ મો. પંચાલ શ્રી પુસ્તક મંદિર, કૃષ્ણ સિનેમા સામે, કલ્યાણ ભવન, તિલક માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૧૬ + ૪૦ + ૨૪, કિંમત: રૂ. ૫ = ૦૦.

૧૩ **रसबोध :** લે. ઉપર મુજબ, બાબુભાઈ એમ. શાહ, પાર્શ્વ પ્રકાશન, નિશા પોળ, ઝવેરીવાડ, તિલક માર્ગ, અમદાવાદ–૧, પૃ. ૧૨ + ૬૮, કિંમત: રૂ. ૧૫ = ૦૦.

૧૪ **પક્ષીતીર્થ :** લે. ચંદ્રકાન્ત ટોપીવાળા, ઉપર મુજબ, પૃ. ૮ + ૮૪, કિંમત: રૂ. ૨૦ = ૦૦.

૧૫ **શ્રીમાન વિજયજી કૃત ચોવીશી :** વિવેચક: પૂ. આચાર્યદેવ, શ્રીમદ્ વિજય–કુંદકુંદસુરીશ્વરજી મહારાજ, પ્ર. ઉપર મુજબ, પૃ. ૮ + ૩૧૨, કિંમત: રૂ. ૧૦ = ૦૦.

૧૬ **ક્ષિતિજ :** લે. દિનેશ શાહ, નર્મદા પ્રકાશન, ૨૦૧, વિહાર ફ્લેટસ, નવરોજી હોલ પાસે, ડફનાળા શાહીબાગ, અમદાવાદ–૩૮૦ ૦૦૪. પૃ. ૪૦, કિંમત: રૂ. ૭ = ૦૦.

૧૭ **ધરાગીત :** લે. અને પ્ર. ઉપર મુજબ, પૃ. ૩૭, કિંમત: રૂ. ૫ = ૦૦.

૧૮ **આકાશગીત :** લે. અને પ્ર. ઉપર મુજબ, પૃ. ૩૨, કિંમત: રૂ. ૫ = ૦૦.

૧૯ **રૂપાંકિત :** લેખક: પ્રકાશક: કૃષ્ણકાન્ત કડકિયા, એમ–૮૨–૩૮૫, સરસ્વતીનગર, અમદાવાદ–૩૮૦ ૦૧૫, પૃ. ૫૩ + ૧૭૬, કિંમત: રૂ. ૪૫ = ૦૦.

૨૦ **કન્યાદાન દાતા પ્રતિગ્રહીતા :** લે. કલાસ ડબ્લ્યુવાન ડરવીન, અનુ. મગનભાઈ નાયક, પ્ર. મંત્રી, દક્ષિણ ગુજરાત અનાવિલ યુવાસંગઠન, C/o. દયાળજી વિદ્યાર્થી આશ્રમ, મજુરાગેટ, સૂરત, પૃ. ૧૫ + ૨૫૭ + ૨, કિંમત રૂ. ૬૦ = ૦૦.

૨૧ **અમેરીકાના આદિમ વસાહતીઓ :** લે. કેશવરામ કા. શાસ્ત્રી, પ્ર. હરિપ્રસાદ ગિરિજાશંકર રાવળ, સિન્સિયર પબ્લિકેશન્સ, મ્યુનિસિપલ શાળા સામે, જુના વાડજ, અમદાવાદ–૩૮૦ ૦૧૩, પૃ. ૧૨ + ૨૮૦, કિંમત: રૂ. ૨૫ = ૦૦.

૨૨ **नूतन गीतांजलि :** લે. ધનશ્યામ મા. ત્રિવેદી, સુરેશચંન્દ્ર જ. દવે, પ્રધાનમંત્રી, શ્રી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ, શેઠશ્રી રતિલાલ મો. ભા. સંસ્કૃત ભવન, દિનેશ હોલ, અમદાવાદ–૩૮૦ ૦૦૯, પૃ. ૮ + ૧૨૦, કિંમત: રૂ. ૬ = ૦૦.

૨૩ *Śriśantināthacaritra Citrapattikā* : લે. પં. શીલચન્દ્ર વિજયગણિ, પ્ર. નગીન જે. શાહ, કાર્યકારી અધ્યક્ષ, એલ. ડી. ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ડોલૉજી, અમદાવાદ-૩૮૦૦૦૯, પૃ. ૩૦ + ૮૨ + ચિત્રો (પૃ. ૧૨), કિંમત : રૂા. ૮૦ = ૦૦.

૨૪ **માણગાંવથી ગરુડેશ્વર (प्रथमखण्ड) :** લે. તથા પ્ર. રમેશચંદ્ર કૃષ્ણરાવ પટ્ટણકર, ૬૮, રાજધાની કો. ઓ. હા. સોસાયટી, તલાવ પાસે, વારસીયા રોડ, વડોદરા-૬, પૃ. ૧૩ + ૫૩, કિંમત : રૂા. ૯ = ૦૦.

૨૫ **કવિતાની બારીએથી :** લે. શ્રી સુરેશ દલાલ, પ્ર. મિહિકા પબ્લિકેશન્સ, ૧૩૩, હંસામહાલ, દલામલ પાર્ક, પ્રેસીડન્ટ હૉટલની પાસે, કફપરેડ, મુંબઈ-૪૦૦ ૦૦૫, પૃ. ૪૮, કિંમત : રૂા. ૧૨ = ૦૦.

૨૬ **પ્રવાહદીપ (૪) :** સં. જયન્ત પ્રે. ઠાકર, સહ. સં. કલ્પના મોહન બારોટ, પ્ર. ગ્રંથગોષ્ઠિ વતી, નરેન્દ્રરાય ભ ધોળકિયા, ૨૮, જવાહર સોસાયટી, ૨. વ. દેસાઈ માર્ગ, વડોદરા-૩૯૦ ૦૦૧, પૃ. ૮ + ૯૨, કિંમત : રૂા. ૧૦ = ૦૦.

## રજિસ્ટ્રાર, શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ ૧, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ-૪૦૦૦૨૦નાં પ્રકાશનો :

૨૭ **જ્યાં જ્યાં નજર મારી ઠરે (કવિપરિચય ભાગ ૨) :** લેખક : સુરેશ દલાલ, પૃ. ૩૯૫, કિંમત : રૂા. ૯૫ = ૦૦.

૨૮ **નાટકનો જીવ :** લે. ઉત્પલ ભાયાણી, પૃ. ૧૨૯, કિંમત : રૂા. ૨૫ = ૦૦.

૨૯ **કયું ફૂલ લઉં ? :** સં. કલ્લોલિની હઝરત, પૃ. ૧૨ + ૨૨૪, કિં. : રૂા. ૫૦ = ૦૦.

૩૦ **ગાંધીજી : (કેટલાક સ્વાધ્યાય લેખો) :** લે. નગીનદાસ પારેખ, પૃ. ૧૨ + ૨૧૬, કિંમત : રૂા. ૫૦ = ૦૦.

૩૧ **એક દિવસ તને...કલકત્તા (બંગાળી કાવ્યો) :** અનુવાદક નલિની માડગાંવકર, પૃ. ૧૨ + ૯૬, કિંમત : રૂા. ૨૦ = ૦૦.

૩૨ **કિમપિ દ્રવ્યમ્ :** લે. જયન્ત પાઠક, પૃ. ૨૮૫, કિંમત : રૂા. ૬૦ = ૦૦.

૩૩ **હૉસ્પિટલ પોએમ્સ :** લે. જયા મહેતા, પૃ. ૪૪, કિંમત : રૂા. ૧૫ = ૦૦.

**Statement about the ownership and other particulars about newspapers**

**SVĀDHYĀYA ( स्वाध्याय )**

( To be published in the first issue every year after the last day of February )

FORM IV

( See Rule 8 )

| | |
|---|---|
| 1 *Place of the Publication* : | Oriental Institute, M. S. University of Baroda, Baroda |
| 2 *Periodicity of its Publication* : | Three Months–Dipotsavī, Vasantapañcamī, Akṣayatṛtīyā and Janmāṣṭamī |
| 3 *Printer's Name* : | Dr. R. T. Vyas |
| ( *Whether citizen of India ?* ) | Yes |
| (*If foreigner, state the country of origin*) | |
| *Address* : | A/4, Vrundavan Estate, Opp. Abhishek Colony, Racecourse Circle, Baroda–390 015 |
| 4 *Publisher's Name* : | Dr. R. T. Vyas |
| ( *Whether citizen of India ?* ) | Yes |
| ( *If foreigner, state the country of origin* ) | |
| *Address* : | A/4, Vrundavan Estate, Opp. Abhishek Colony, Racecourse Circle, Baroda–390 015 |
| 5 *Editor's Name* : | Dr. R. T. Vyas |
| ( *Whether citizen of India ?* ) | Yes |
| (*If foreigner, state the country of origin*) | |
| *Address* : | A/4, Vrundavan Estate, Opp. Abhishck Colony, Racecourse Circle, Baroda–390 015 |
| 6 *Names & addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital* | The M. S. University of Baroda, Baroda |

I, R. T. Vyas, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**R. T. Vyas**
*Signature of Publisher*

**લેખકોને :**

૧ પાનની એક જ બાજુએ, ટાઈપ કરેલા અને એ શક્ય ન હોય તો શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા. ટાઈપ નકલમાં ટાઈપકામની ભૂલોને સુધાર્યા પછી જ લેખ મોકલવો. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણે જોડણી રાખવી આવશ્યક છે. લેખની મૂળ પ્રત જ મોકલવી. લેખની કાર્બન નકલ મોકલો ત્યારે તે અંગેનું સ્પષ્ટ કારણ જણાવવું.

૨ લેખમાં અવતરણો, અન્ય વિદ્વાનોનાં મંતવ્યો ટાંકવામાં આવે તો તે અંગેનો સંદર્ભ પૂરેપૂરી વિગત સાથે આપવો અનિવાર્ય છે. પાદટીપમાં એ સંદર્ભની વિગત આપતાં લેખક અથવા સંપાદક/સંશોધક (અટક પહેલી) ગ્રંથ, પ્રકાશક, પ્રકાશનવર્ષ, આવૃત્તિ, પૃષ્ઠ, એ ક્રમ જાળવવો જરૂરી છે.

૩ 'સ્વાધ્યાય'માં છપાયેલ સર્વ લેખોનો કૉપીરાઈટ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા હસ્તક છે. લેખકે અથવા અન્ય કોઈએ લેખમાંનો કોઈ અંશ લેખિત પરવાનગી વગર પુનર્મુદ્રિત કરવો નહીં.

૪ સંક્ષેપશબ્દો પ્રયોજતા પહેલાં એ શબ્દો અન્ય સ્થાને પૂરેપૂરા પ્રયોજેલા હોવા જોઈએ.

૫ પાદટીપોનો ક્રમ સળંગ રાખી જે તે પૃષ્ઠ ઉપર તે તે પાદટીપોનો નિર્દેશ જરૂરી છે.

---

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક : **રામકૃષ્ણ તુ. વ્યાસ**

વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

**લવાજમ :**

—ભારતમાં...રૂ. ૨૦=૦૦ પૈ (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં...યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે...૬ ડૉલર (ટપાલખર્ચ સાથે)

—યુરોપ અને અન્ય દેશો માટે...પૌં. ૨·૫૦ (ટપાલખર્ચ સાથે)

આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા ગ્રંથ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ વર્ષ નવેમ્બરથી ઑક્ટોબર સુધીનું ગણાય છે, જે આ સરનામે મોકલવું-- **નિયામકશ્રી, પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨.**

**જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મંદિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨




પ્રા. વિ.મં. હ. પ્ર. ૫૬૭, ભગવદ્ગીતા




પ્રા. વિ.મં. હ. પ્ર. ૫૬૭, ભગવદ્ગીતા